ॐ

શ્રી વીતરાગાય નમઃ

# અનુભવપ્રકાશના કિરણો

## (ભાગ–૪)

(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'અનુભવપ્રકાશ' ગ્રંથ
ઉપરના સળંગ પ્રવચનો)

પ્રકાશક

**વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**

ભાવનગર

**પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન**

**વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭

અન્ય પ્રાપ્તિ સ્થાન :
- શ્રી કુંદકુંદ કહાન જૈન સાહિત્ય કેન્દ્ર, 'ગુરુ ગૌરવ', સોનગઢ
- શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧, મો. ૦૯૮૨૦૩૬૫૬૮૩
- શ્રી ડોલરભાઈ હેમાણી (કલકત્તા) : (033) ૨૪૭૫૨૬૯૭, મો. ૦૯૭૪૮૭૧૨૩૬૦

પ્રથમાવૃત્તિ : ૨૮–૯–૨૦૧૫ (ઉત્તમ ક્ષમાવણી દિવસ)
પ્રત : ૧૦૦
પૃષ્ઠ સંખ્યા : ૪૩૬ + ૮ = ૪૪૪
પડતર કિંમત : ૯૬૬/–
મૂલ્ય : ૨૦/–

લેસર ટાઈપ સેટિંગ :
**પૂજા ઈમ્પ્રેશન્સ**
૧૯૨૪/, ૬, શાંતિનાથ બંગલોઝ,
શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે
ભાવનગર–૩૬૪૦૦૧
ફોન : ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક :
**બુક પબ**
અમદાવાદ
ફોન : ૯૮૨૫૦૩૦૩૪૦

# પ્રસ્તાવના

અનંત કાળથી આ જીવ જન્મ-મરણ તથા તેના અંતર્ગત રહેલા અનેક પ્રકારના દુઃખ ભોગવી રહ્યો છે. અનાદિથી અનેક પ્રકારના સુખપ્રાપ્તિના ઉપાય કર્યા છતાં વર્તમાન દુઃખ વિદ્યમાન છે તે અનુભવગોચર છે. સુખ તથા દુઃખની તાત્ત્વિક સમજણ જીવને નહિ હોવાથી દુઃખમાં જ સુખનો અનુભવ કરી રહ્યો છે. પરંતુ ક્ષણિક, પરાધીન માનેલા સુખમાં તેને ક્યાંય તૃપ્તિ થઈ નથી તથા થતી નથી. અનેક પ્રકારના શુભાશુભ વિકારીભાવમાં પ્રત્યક્ષપણે આકુળતાનો અનુભવ થઈ રહ્યો છે છતાં અજ્ઞાનવશાત્ જીવ ભ્રાંતિથી જ સુખ કલ્પી રહ્યો છે. દોષિત ભાવમાં આકુળતા, મલિનતા, વિપરીતતા હોવા છતાં તેમાં સુખનો અનુભવ મિથ્યાભ્રાંતિથી થઈ રહ્યો છે. ધર્મના નામે અનેક પ્રકારના ધર્મસાધન કર્યા છતાં આજ દિન પર્યંત જીવ ધર્મ નામ સુખથી વંચિત જ રહ્યો છે. આ પ્રત્યેક સંસારીજીવની પરિસ્થિતિ રહી છે. આજે પણ જીવ ધર્મસાધન કરી રહ્યો છે પરંતુ ધર્મ નામ સુખ પ્રાપ્ત થાય છે કે નહિ તેની તપાસ, અંતર ખોજ નહિ હોવાને કારણે ઓઘે ઓઘે ધર્મસાધન કરી ધર્મ કર્યાનું અભિમાન સેવે છે. આવી વિષમ સ્થિતિમાં શ્રીગુરુ એક જ આ જીવને માર્ગદૃષ્ટા બનીને માર્ગ-ઉપાય દર્શાવી શકે છે.

આ કળિકાળમાં અધ્યાત્મયુગ પ્રવર્તક, માર્ગપ્રકાશક, આત્મદૃષ્ટા દિવ્ય વિભૂતિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી ભવ્ય જીવોના તારણહાર બની મહાવિદેહ ક્ષેત્રથી ભરતમાં પધાર્યા. મહાવિદેહમાં પ્રત્યક્ષપણે વિચરી રહેલ શ્રી સીમંધરસ્વામીની ધર્મસભાના એક અદ્વિતીય પુરુષ તથા ભાવિ તીર્થંકરદ્રવ્યે ભરતભૂમિમાં જન્મ લઈને સર્વ ભવ્યોને મોક્ષનો માર્ગ અર્થાત્ સત્ય સુખનો પંથ દર્શાવ્યો. પૂજ્ય ગુરુદેવશ્રીએ સુખ તથા દુઃખનું સ્વરૂપ સમજાવ્યું. દુઃખના કારણો તથા સુખના કારણો દર્શાવ્યા. ૪૫ વર્ષ સુધી દિવ્યદેશનાનો અવિરત પ્રવાહ વહાવી ભવ્ય જીવોને પ્રવચનઅમૃતનું પાન કરાવ્યું. તેઓશ્રીનો આ દિવ્યદેશનાનો અનંત ઉપકાર અવિસ્મરણીય છે.

વીતરાગતા એ તેઓશ્રીનો જીવનમંત્ર હતો. ભેદજ્ઞાન એ તેઓશ્રીનો અખંડ જાપ હતો. સમ્યક્ત્વરૂપ અમૃતનું પાન કરીને તેઓશ્રીના શ્રીમુખેથી વહેતી વાણી સાંભળનાર જીવોને અમૃતપાન કરાવી અજરઅમર કરે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ સોનગઢ-સુવર્ણપુરીમાં નિવાસ કરી અનેક સત્શાસ્ત્રો ઉપર

પ્રવચન કરી વીતરાગસુખામૃત કઈ રીતે પ્રગટ થાય તે રહસ્ય ખોલ્યું છે. પોતે તો સત્શાસ્ત્રના રહસ્યને ઘૂંટડા ભરી ભરીને પાન કર્યું જ છે પરંતુ જેઓને પ્રત્યક્ષ દેશનાનો મંગળ અવસર પ્રાપ્ત થયો છે તે સર્વ જીવોએ આ રહસ્યામૃતના ઘૂંટડા ભરી ભરી પીધા છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની ધર્મસભાના વિરલ વ્યક્તિત્વના ધારક શાંત તથા ગંભીર એવા પૂજ્ય ભાઈશ્રી શશીભાઈએ તેઓશ્રીની દિવ્યદેશનાનો લાભ વર્ષો સુધી લીધો. પૂજ્ય ગુરુદેવશ્રીના અનુભવપ્રધાન પ્રવચનોને આત્મસાત કરી પ્રત્યેક વચનમાંથી નીતરતી વીતરાગતાને તથા તદાશ્રિત્ પ્રવાહિત સુખના ઘૂંટડા ભરી ભરી પીધા. તેઓશ્રીને પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના પ્રત્યક્ષ સમાગમનો અપૂર્વ લાભ પણ પ્રાપ્ત થયો તથા એકાવતારી પુરુષાર્થમૂર્તિ પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીના પરિચયમાં રહી તેઓશ્રીના પ્રગાઢ પુરુષાર્થની પરિણતિના દર્શન કર્યા છે. પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના હૃદયમાં પેસી તેમના અંતરંગ ભાવોનો સ્પર્શ કર્યો છે.

આમ આવા નિકૃષ્ટ કાળમાં જ્યાં એક સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માનો યોગ થવો દુર્લભ છે તેવા કળિકાળમાં આ વિરલ પુરુષને ત્રણ-ત્રણ ધર્માત્માઓનો પ્રત્યક્ષ સમાગમ પ્રાપ્ત થયો. આજીવન સંતચરણમાં રહી તેઓશ્રીના અંતેવાસી થઈને રહ્યા. તેઓશ્રીએ ભાવનગર સ્થિત શ્રી સીમંધરસ્વામી દિગંબર જિન મંદિરમાં અનેક સત્શાસ્ત્રો ઉપર ધારાવાહી પ્રવચન કર્યા છે. જેમાં તેઓશ્રીને સ્વયંને સ્વાનુભવ થવામાં નિમિત્ત થયેલ, શ્રી દીપચંદજી કાસલીવાલ રચિત ગ્રંથ શ્રી 'અનુભવ પ્રકાશ' ગ્રંથ ઉપર પણ પ્રવચનો કર્યા છે.

શ્રી દીપચંદજી સાધર્મી તરીકે પ્રસિદ્ધ છે. તેઓ આમેરના રહીશ હતા. પૂજ્ય ભાઈશ્રીના શબ્દોમાં કહીએ તો શ્રી દીપચંદજી સિદ્ધાંતજ્ઞાનના મર્મજ્ઞ હતા. તેઓશ્રીનું અનુભવ સંબંધીનું જ્ઞાન અતિ સ્પષ્ટ, સૂક્ષ્મ તથા નિર્મળ હતું. તેઓશ્રીએ અનુભવ પ્રકાશ, ચિદ્વિલાસ, અધ્યાત્મ પંચ સંગ્રહ, આત્માવલોકન આદિ ગ્રંથોની રચના કરી છે. પ્રસ્તુત ગ્રંથમાં શ્રી અનુભવ પ્રકાશ ગ્રંથ ઉપર થયેલા પૂજ્ય ભાઈશ્રીના પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. અનુભવ પ્રકાશ ગ્રંથમાં પૂજ્ય શ્રી દીપચંદજીએ અનુભવ સંબંધિત અનેક માર્મિક વાતો સરળ ભાષામાં સ્પષ્ટ કરી છે. સ્વાનુભવ કઈ રીતે થાય તે વાત તેઓશ્રી ફેરવી ફેરવીને કહે છે. સચોટ હૃદયસ્પર્શી સિદ્ધાંતને સમજાવવા અપાયેલ દૃષ્ટાંત, તેઓશ્રીની અનુભવકુશળતાને પ્રસિદ્ધ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી અનેક વાર ઇડરમાં નિવૃત્તિ અર્થે ગયેલ છે. ત્યાં જઈ તેઓશ્રીએ અનુભવ પ્રકાશ ગ્રંથ ઉપર પ્રવચનો કરી અનુભવરસપાન પોતે તો કર્યું, સાથે સાથે જે તેમના સમાગમ અર્થે આવ્યા તેઓ પણ પોતાને ધન્ય

અનુભવવા લાગતા. આત્મ-અનુભવ કઈ રીતે થાય, તેની ખોજ કઈ રીતે કરાય, આત્મ-અનુભવ નહિ થવામાં કયા પ્રકારની ભૂલો રહી જાય છે, તે કઈ રીતે દૂર થાય ઇત્યાદિ અનેક સૂક્ષ્મ વાતોને પ્રવચનમાં સ્પષ્ટ કરી મુમુક્ષુજીવો ઉપર અનુપમ ઉપકાર કર્યો છે. અનુભવ પ્રકાશ ગ્રંથ ઉપર પ્રવચનો આપતાં તેઓશ્રીનો આત્મા ખીલી ઉઠતો. અનેક રહસ્યને લઈને આવતી વાણીનો પ્રત્યક્ષ અનુભવ કરનાર મુમુક્ષુજીવોના હૃદયપટમાં આજે પણ એ દશ્યો તાદૃશ્ય થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રીના અનુપમ ઉપકારને વ્યક્ત કરવા શબ્દો ઓછા પડે છે. એક મરણથી બચાવનાર પ્રત્યે પણ ઉપકારવૃત્તિ જીવોને થઈ આવે છે તો આ તો અનંત જન્મ-મરણથી બચાવનાર મહાપુરુષ, તેમના ઉપકારો કઈ રીતે વિસ્મૃત થાય ! ન જ થાય. પૂજ્ય ભાઈશ્રી દ્વારા થયેલ આ પ્રવચનોનો મુમુક્ષુજીવ ઊંડાણથી સ્વાધ્યાય કરે એવી ભાવના સાથે આ ગ્રંથનું પ્રકાશન કરવામાં આવેલ છે. કુલ આઠ ભાગમાં આ પ્રવચનો પ્રકાશિત થશે, જેમાં બહારગામ થયેલા પ્રવચનો પણ સમાવિષ્ટ કરવામાં આવશે.

આ મંગલ અવસરે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન, પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી, પુરુષાર્થમૂર્તિ પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની તથા શ્રી દીપચંદજીના ચરણકમળમાં કોટિ કોટિ વંદન હો !

પ્રસ્તુત ગ્રંથના પ્રવચનોને સી.ડીમાંથી અક્ષરશઃ ઉતારી લેવામાં આવેલ છે. જ્યાં જ્યાં અવાજ ખરાબ છે ત્યાં ડોટ મૂકી છોડી દેવામાં આવેલ છે, જરૂર લાગે ત્યાં વાક્ય રચનાની પૂર્ણતા કરવા કૌંસ ભરવામાં આવેલ છે. સંકલન કાર્યમાં પૂર્ણ ચીવટતા રાખવાનો યત્કિંચિત્ પ્રયત્ન કરવામાં આવેલ છે. તેમ છતાં કોઈ જગ્યાએ ત્રુટી રહી જવા પામેલ હોય તો શુદ્ધ અંતઃકરણપૂર્વક વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની ક્ષમા યાચીએ છીએ. ગ્રંથના ટાઈપ સેટિંગ બદલ મે. પૂજા ઈમ્પ્રેશન્સ, ભાવનગરનો તથા સુંદર મુદ્રણ કાર્ય માટે મે. બુક પબ, અમદાવાદનો આભાર માનવામાં આવે છે.

અંતતઃ સર્વ જીવો પ્રસ્તુત ગ્રંથનો સ્વાધ્યાય કરી અનુભવ-કાળ સંપ્રાપ્ત કરી જન્મ-મરણથી મુક્ત થાઓ, એ જ ભાવના.

તા. ૩૧-૮-૨૦૧૫, પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો
૧૦૨મો જન્મ જયંતિ મહોત્સવ.

ટ્રસ્ટીગણ
વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગર

## 'અનુભવપ્રકાશના કિરણો' ભાગ-૪ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

| | |
|---|---|
| શ્રી વીતરાગ મુમુક્ષુ મંડળ, હૈદ્રાબાદ, હ. કમલભાઈ દેવચંદભાઈ શાહ | ૪૫,૦૦૦/- |
| ચિ. ઋતાના સ્મરણાર્થે, હ. ડો. રાજેન્દ્રભાઈ શાહ, સુરત | ૨૦,૦૦૦/- |
| શ્રીમતી વંદનાબહેન રણધીરભાઈ ઘોષાલ, કોલકાટા | ૧૧,૦૦૦/- |
| શ્રીમતી લક્ષ્મીબહેન ખીમજીભાઈ ગંગર, મુંબઈ | ૫,૦૦૦/- |
| ડો. બી.એમ. સુથાર, કમ્પાલા, યુગાન્ડા | ૫,૦૦૦/- |
| સ્વ. ગુલાબભાઈ જીવનદાસ ભાટીયા, કમ્પાલા, યુગાન્ડા | ૫,૦૦૦/- |
| સ્વ. કાલિંદીબેન બૈજુભાઈ જોષી, હ. ડો.બી.એમ. સુથાર, કમ્પાલા | ૫,૦૦૦/- |
| શ્રીમતી મીનાબેન ઝવેરીભાઈ સાવલા, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રી ધર્મેન્દ્રભાઈ વોરા, ભાવનગર | ૨,૫૦૦/- |
| શ્રી હેમંતભાઈ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રી રસીકભાઈ નાનાલાલ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રીમતી તરુલતાબેન આર. શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રીમતી મીનાબેન વી. શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| મનીષા ઋષભ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| પૂજા વિપુલભાઈ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રી પિયૂષભાઈ નગીનદાસ ભાયાણી, કોલકાટા | ૨,૧૦૦/- |
| શ્રી હીરાલાલ જૈન, ભાવનગર | ૧,૧૦૦/- |
| શ્રી પરિચંદજી ઘોષાલ, કોલકાટા | ૧,૦૦૦/- |
| શ્રીમતી ચારુબહેન નિલેષભાઈ જૈન, ભાવનગર | ૧,૦૦૦/- |
| શ્રીમતી બેલાબહેન જૈન, ભાવનગર | ૧,૦૦૦/- |
| શ્રીમતી સ્નેહલતાબહેન જયેન્દ્રભાઈ શાહ, ભાવનગર | ૨૫૧/- |
| સ્વ. કસ્તુરીબહેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| ધારા ઋષભ શાહ, , ભાવનગર | ૧૫૧/- |

## પ્રવચન અનુક્રમણિકા


| પ્રવચન નં. | અનુભવપ્રકાશ પૃષ્ઠ સંખ્યા | પાના નં. |
|---|---|---|
| ૮૫. | ૪૨ | ૦૦૧ |
| ૮૬. | ૪૨ | ૦૨૦ |
| ૮૭. | ૪૩ | ૦૪૦ |
| ૮૮. | ૪૩ | ૦૫૯ |
| ૮૯. | ૪૪ | ૦૭૬ |
| ૯૦. | ૪૪, ૪૫ | ૦૯૪ |
| ૯૧. | ૪૫ | ૧૧૩ |
| ૯૨. | ૪૫ | ૧૨૯ |
| ૯૩. | ૪૬ | ૧૪૬ |
| ૯૫. | ૪૬ | ૧૬૫ |
| ૯૬. | ૪૬ | ૧૮૫ |
| ૯૭. | ૪૭ | ૨૦૧ |
| ૯૮. | ૪૭ | ૨૧૯ |
| ૯૯. | ૪૭ | ૨૩૬ |
| ૧૦૦. | ૪૭ | ૨૫૩ |
| ૧૦૨. | ૪૯ | ૨૬૮ |
| ૧૦૩. | ૫૦ | ૨૮૬ |
| ૧૦૪. | ૫૧ | ૩૦૫ |
| ૧૦૫. | ૫૨ | ૩૨૫ |
| ૧૦૬. | ૫૨ | ૩૪૪ |
| ૧૦૭. | ૫૩ | ૩૬૪ |
| ૧૦૮. | ૫૪ | ૩૮૩ |
| ૧૦૯. | ૫૪ | ૪૦૪ |


**પ્રવચન નં. ૮૩, ૮૪, ૯૪, ૧૦૧ ઉપલબ્ધ નહિ હોવાથી લેવામાં આવેલ નથી.**

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# અનુભવપ્રકાશના કિરણો
## (ભાગ-૪)
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના અનુભવપ્રકાશ ગ્રંથ
ઉપરના સળંગ પ્રવચનો

**નોંધ :- પ્રવચન નં. ૮૩ તથા ૮૪ ઉપલબ્ધ નહિ હોવાથી લેવામાં આવેલ નથી.**

**તા. ૩૧-૧૨-૧૯૮૫, પાના નં. ૪૨, પ્રવચન નં. ૮૫**

સાધકના અનેક પ્રકારના પડખા છે. એટલે પૂર્વ ઉત્તર પર્યાયો વચ્ચે સાધકપણાનો ઉપચાર કરી શકાય અથવા કેટલાક અવિનાભાવી ભાવોમાં સાધ્ય-સાધકપણું સાધી શકાય, એવો પ્રકાર જોઈને અહીંયાં એનું વર્ણન છે.

'**એકદેશ સ્વરૂપમાં શુદ્ધત્વ સર્વદેશને સાધે છે.**' એટલે કે સ્વરૂપમાં એકદેશ શુદ્ધત્વ થાય તે સ્વરૂપના સર્વદેશ શુદ્ધત્વને સાધે છે. એમ કહેવું છે. એકદેશ સ્વરૂપ શુદ્ધત્વ મોક્ષમાર્ગની શરૂઆતમાં થયું. એકદેશ એટલે કોઈપણ અંશે. જે જીવને સ્વરૂપની શુદ્ધતા જઘન્ય અંશે પણ શરૂ થાય, મોક્ષમાર્ગમાં જેનો પ્રવેશ થાય તેને સર્વ શુદ્ધતા, સંપૂર્ણ શુદ્ધતા ક્રમે કરીને પ્રગટે છે એવો નિયમ છે, એવો સિદ્ધાંત છે.

મોક્ષમાર્ગ જેને પ્રગટ થાય તેને મોક્ષ થાય જ થાય. એકદેશ શુદ્ધત્વ છે એ મોક્ષમાર્ગ છે. અશુદ્ધત્વ રાગ છે તે મોક્ષમાર્ગ નથી. પણ વીતરાગભાવ, આંશિક વીતરાગભાવ ઉત્પન્ન થતા તે વીતરાગભાવ ક્રમશઃ સાધકદશામાં વૃદ્ધિગત થાય છે અને એ વૃદ્ધિગત થતો વીતરાગભાવ, પરિપૂર્ણ વીતરાગભાવરૂપે આખરમાં પરિણમિત થાય છે. તેથી એમ કહ્યું કે એકદેશ સ્વરૂપમાં શુદ્ધત્વ. પોતાના સ્વરૂપમાં અંતર્મુખ થઈને અંશે પણ શુદ્ધત્વ થાય તો સર્વદેશને સાધે, પૂર્ણ શુદ્ધતાને, પૂર્ણ

વીતરાગતાને એ સાધે જ સાધે. એવો અનાદિઅનંત પરિણામ સંબંધીનો સિદ્ધાંત છે.

‘**શુદ્ધનિશ્ચયનયથી શુદ્ધ સ્વરૂપ જાણ્યું, પરિણતિમાં શુદ્ધ નિશ્ચય થયો, ત્યારે તેવો જ વેદ્યો (અનુભવ કર્યો). શુદ્ધનો નિશ્ચય શુદ્ધ પરમાત્માનું કારણ છે...**’ એ પણ એ જ વાત છે. બીજી ભાષામાં બીજી પરિભાષા કરે છે. જે આત્માએ ‘**શુદ્ધનિશ્ચયનયથી શુદ્ધ સ્વરૂપ જાણ્યું,...**’ એટલે શ્રુતજ્ઞાનના અંશને અંતર્મુખ કરીને જેણે પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કર્યો, વેદ્યો-અનુભવ કર્યો ત્યારે તેવો જ વેદ્યો, તેવો જ અનુભવ કર્યો. અને પરિણામમાં શુદ્ધનિશ્ચય થયો. પરિણામમાં પણ જેવું સ્વરૂપ હતું, નિશ્ચય સ્વરૂપ જેવું હતું એવો જ ભાવ પ્રગટ થયો.

એ ‘**શુદ્ધનો નિશ્ચય...**’ એવો જે શુદ્ધનો નિશ્ચય. અનુભવપૂર્વકના, શુદ્ધ સ્વરૂપના અનુભવપૂર્વકનો શુદ્ધનો નિશ્ચય. અહીંયાં નિશ્ચય પણ કહેવાય છે. તે શુદ્ધ પરમાત્માનું કારણ છે. તે અવસ્થામાં પરિપૂર્ણ શુદ્ધ પરમાત્મ દશા પ્રગટ થવાનું કારણ થાય છે. જે પરમાત્માઓએ પરમાત્મ દશામાં રહીને આ પ્રકાશ કર્યો કે અમારી દશાનું બીજ, મૂળભૂત બીજ પ્રથમ શુદ્ધોપયોગમાં રહેલું છે. જો શુદ્ધોપયોગ થાય તો આ પરમાત્મ દશા થાય. અન્ય કારણ બીજું થયું નથી, અન્ય કારણ બીજું થશે પણ નહિ.

મોક્ષમાર્ગમાં આગળ વધતા, વીતરાગભાવ વધતા રાગભાવ તૂટે છે. અનેક વિષયના રાગ ઉત્પન્ન થતાં બંધ થાય છે. ઉત્પન્ન જ થતા નથી. જેમ આર્ય માણસને અભક્ષ્યનો વિચાર જ આવતો નથી. વિચાર જ ન આવે. માંસ, દારૂ કે એનો વિચાર સુદ્ધા ન આવે. એમ સ્વરૂપસ્થિરતા વીતરાગભાવમાં સાધકદશાની રમણતા એવી છે કે અનેક વિષયોના રાગ વિકલ્પની ઉત્પત્તિ થતી બંધ થઈ જાય છે. ત્યારે એને લોકો સંયમદશા સમજે છે. ત્યાં પરમાર્થ સંયમ પણ છે અને વ્યવહારસંયમ પણ છે. કેમકે રાગ ઉત્પન્ન થતો નથી તે વ્યવહાર સંયમ છે.

સ્વરૂપમાં પરિણામ સંયમિત થઈને, નિયમિત થઈને લીન થાય છે, એકાગ્ર થાય છે તે પરમાર્થ સંયમ છે. એવા સંયમની વૃદ્ધિનું કારણ

સમ્યગ્દર્શનું નિર્મલત્વ છે. સમ્યગ્દર્શનમાં જે નિર્મળતા પ્રગટ થઈ એ સંયમને પ્રગટ કરશે. એમ કહેવું છે. જો મૂળમાં સમ્યગ્દર્શન નથી તો માત્ર વ્યવહાર સંયમથી પરમાર્થ સંયમ તો પ્રગટતો નથી. અને તેથી તેને વ્યવહાર સંયમ નહિ કહેતા શાસ્ત્રમાં આચાર્યોએ એને સંયમનો આભાસ કહ્યો છે.

એ '**શુદ્ધનો નિશ્ચય શુદ્ધ પરમાત્માનું કારણ છે...**' તેથી એમ ફલિત થાય છે. '**માટે...**' એમ કરીને લીધું છે કે '**શુદ્ધોપયોગ સાધક, પરમાત્મા સાધ્ય છે,...**' અથવા શુદ્ધોપયોગમાં અનુભવ સાધક છે અને પરમાત્મા સાધ્ય છે. અનુભવથી પરમાત્મા થવાય છે એ વાત આગળ કહેશે કે અનુભવથી જ પરમાત્મા થવાય છે. અન્ય કારણ કોઈ પરમાત્મ દશાનું નથી. 'નિર્જરા અધિકાર'માં ૧૪૨મો કળશ 'મુંબઈ' વાંચ્યો. એમાં એ વિષય લીધો છે. નિર્જરાનો અધિકાર છે ને ?

જગતમાં અનેક પ્રકારે મિથ્યાદષ્ટિ તપનું સ્વરૂપ અને નિર્જરાનું સ્વરૂપ કલ્પના કરે છે અને ત્યાં એટલું બધું લીધું કે મહાવ્રત પણ પાળે છે, જૈનાગમનો પણ અભ્યાસ કરે છે. એવા બધા બોલ લીધા છે. અન્યમતની વાત તો ખેર શું કરવી ? છે 'કળશટીકા' ? 'સમયસાર કળશ' છે. '**વિશુદ્ધ શુભોપયોગરૂપ પરિણામ,...**' ક્લેશના પરિણામનું વર્ણન કરે છે. '**कर्मभिः क्लिश्यन्तां**' 'અમૃતચંદ્રાચાર્ય' આ શબ્દની ટીકા કરે છે. '**कर्मभिः क्लिश्यन्तां**' અનેક કર્મો, અનેક કાર્યોથી ક્લેશ પામે છે. એમાં લે છે. કે '**વિશુદ્ધ શુભોપયોગરૂપ પરિણામ,...**' આ ક્લેશના પરિણામ લીધા.

'**વિશુદ્ધ શુભોપયોગરૂપ પરિણામ, જૈનોક્ત સૂત્રોનું અધ્યયન, જીવાદિ દ્રવ્યોના સ્વરૂપનું વારંવાર સ્મરણ,...**' છ દ્રવ્યનું, આત્માનું સ્મરણ, ક્લેશના પરિણામ લીધા. '**પંચ પરમેષ્ઠીની ભક્તિ ઇત્યાદિ છે જે અનેક ક્રિયાભેદ તે વડે બહુ આક્ષેપ (આડંબર) કરે છે તો કરો, તથાપિ શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ થશે તે તો શુદ્ધ જ્ઞાન વડે થશે.**' શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ થશે તે તો શુદ્ધજ્ઞાન વડે થશે. '**કેવા છે કરતૂત અર્થાત્ ક્રિયાભેદ ? સહજપણે કષ્ટસાધ્ય છે.**' એટલે કે '**જેટલી ક્રિયા છે તે બધી દુઃખાત્મક છે,...**' વિકલ્પાત્મક છે એટલે દુઃખાત્મક છે.

**'શુદ્ધસ્વરૂપ-અનુભવની માફક સુખસ્વરૂપ નથી.'** જે અનુભવમાં નિરાકૂળતા પ્રગટે છે, સુખ પ્રગટે છે એવો અહીંયાં અનુભવ થતો નથી. **'સકળકર્મક્ષયથી ઉન્મુખ છે...'** સકળકર્મક્ષયથી ઉન્મુખ છે **'અર્થાત્ તેઓ પરંપરાએ આગળ મોક્ષનું કારણ થશે એવો ભ્રમ ઊપજે છે તે જૂઠો છે.'** કેટલું લખ્યું છે ? **'વળી કેવા છે મિથ્યાદૃષ્ટિજીવ ? હિંસા, અનૃત, સ્તેય, અબ્રહ્મ, પરિગ્રહથી રહિતપણું,...'** પંચમહાવ્રત. **'મહા પરીષહોનું સહવું, તેના ઘણા બોજા વડે ઘણા કાળપર્યન્ત મરીને ચૂરો થતા થકા...'** **'भग्नाः'** **'મરીને ચૂરો થતા થકા ઘણું કષ્ટ કરે છે તો કરો, તથાપિ એવું કરતાં કર્મક્ષય તો થતો નથી.'** આ 'નિર્જરા અધિકાર'નો કળશ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- આ તો **'भग्नाः'** નો અર્થ કર્યો છે. **'क्लिश्यन्तां भग्नाः'** ક્લેશ પામી પામીને ચૂરો થઈ જાય, ભાંગી જાય. ભગ્ન એટલે ભાંગવું. એના ઉપરથી ગુજરાતી શબ્દ આવ્યો છે ભાંગવું. સંસ્કૃત ભગ્ન શબ્દ છે.

૧૮૧ કળશ છે એ 'મોક્ષ અધિકાર'નો. આ 'નિર્જરા અધિકાર' છે. એમાં એવી વાત લીધી છે કે કદાપિ અન્ય કારણ નથી. ભેદજ્ઞાનનો વિષય લીધો છે. **'इयं प्रज्ञाच्छेत्री'** આ જે ભેદજ્ઞાનરૂપી, પ્રજ્ઞારૂપી, જ્ઞાનરૂપી છીણી છે. **'શુદ્ધસ્વરૂપ-અનુભવસમર્થપણે પરિણમેલો જીવનો જ્ઞાનગુણ,...'** તેને અહીંયાં પ્રજ્ઞા કહેવામાં આવે છે. તે બંને **'જીવ-કર્મને છેદીને...'** છેદવા માટે તે સમર્થ છે. સ્વરૂપઅનુભવ સમર્થ એ જ્ઞાનછીણી છે. એટલે એ જ્ઞાનથી જ સ્વરૂપનો અનુભવ થાય છે. **'અન્ય તો બીજું કારણ થયું નથી, થશે નહીં.'** આમ લઈ લેવું. ત્રણે કાળે સ્વરૂપ અનુભવનો, મોક્ષમાર્ગનો અને મોક્ષનો આ એક જ સાધનનો પ્રકાર છે. બીજું કોઈ સાધન થયું નથી અને થશે પણ નહિ. એ પ્રજ્ઞાછીણી કઈ રીતે કામ કરે છે પછી એનો વિસ્તાર લીધો છે.

અહીંયાં સાધક-સાધ્યમાં પણ અનુભવનો વિષય લીધો છે કે **'શુદ્ધનો નિશ્ચય શુદ્ધ પરમાત્માનું કારણ છે માટે શુદ્ધોપયોગ સાધક, પરમાત્મા સાધ્ય છે,...'** સકળ કર્મક્ષય લક્ષણ મોક્ષ અથવા

પરમાત્મદશા, એનો સ્વીકાર અનેક દર્શનો કરતા હોવા છતાં અથવા જૈન સંપ્રદાયમાં પણ એનો સ્વીકાર હોવા છતાં એના સાધનમાં મતાંતરો પ્રવર્તે છે. અનેક મતભેદો છે, અનેક વિચારભેદો છે. સાધ્ય-સાધકભેદથી અહીંયાં એનું સ્પષ્ટીકરણ છે કે કોઈ બીજા સાધનને વળગવા જઈશ તો રાગની ઉત્પત્તિ થશે. જે મોક્ષમાર્ગમાં, વીતરાગમાર્ગમાં રાગથી રહિત થવું છે તે જ વીતરાગમાર્ગમાં રાગની ઉત્પાદક ક્રિયાને તું અવલંબે તો વીતરાગભાવ કેવી રીતે થાય ?

મુમુક્ષુ :- મતભેદ નહિ પણ દિશા જ ઊલટી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. વિચારભેદ છે ને ? કોઈ એમ કહે છે આનાથી પણ થાય, કોઈ કહે છે આનાથી પણ થાય, કોઈ કહે છે આનાથી થાય.

મુમુક્ષુ :- એ જે કહે છે એ તો ઊલટી જ દિશા છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ઉન્મુખ એ તો કહ્યું. ઉન્મુખ છે. મોક્ષમાર્ગથી એ ઉન્મુખ છે. જૈનોક્ત શાસ્ત્રોનું અધ્યયન લીધું એની અંદર. પાછું એમ નથી લીધું કે વ્યવહાર બાહ્ય ક્રિયા લીધી અને વ્યવહાર બાહ્ય જ્ઞાન નથી લીધું. શાસ્ત્રોનું અધ્યયન એ વ્યવહારજ્ઞાન છે. વિશુદ્ધ ઉપયોગરૂપ ક્રિયા છે એ વ્યવહારક્રિયા છે. તો એને સાધન ન લીધું. પણ ઉન્મુખ છે એમ કહી દીધું. પણ મોક્ષમાર્ગી જીવો તો કરતા જોવામાં આવે છે. એમને પંચ મહાવ્રત હોય છે, સાચા મુનિને પંચ મહાવ્રત હોય છે, સાચા મુનિ જિનોક્ત સૂત્રોનું અધ્યયન કરે છે અને તમે એને વિમુખ કેમ કહો છો ? કે એટલું પણ એ ટાળી નાખશે. એટલું એ રાખશે નહિ પણ એટલું એ છોડી દેશે.

મુમુક્ષુ :- એનો અભ્યાસ તો ક્યારે આમાંથી છૂટીને આમાં જવાનો જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- આમાં જવાનો વીતરાગતાનો જ એનો પ્રયત્ન છે. આ બધા કાર્યોનો પ્રયત્ન નથી. પણ એટલી સ્થિરતા નથી, એટલો પુરુષાર્થ નથી એટલે તે વચ્ચે આવી જાય છે. વચ્ચે આવી જાય છે એ દર્શાવવામાં પણ હેતુ છે કે એ મર્યાદિત સ્વરૂપની જે કાંઈ વ્યવહારક્રિયા છે એ વ્યવહારની મર્યાદાનું પણ ઉલ્લંઘન ન હોવું જોઈએ એટલી એમાં સૂચના છે. જેને વીતરાગભાવ પ્રગટ્યો, જેનો કેટલોક રાગ નાશ પામ્યો

અને કેટલોક રાગ રહ્યો, તો એ રાગની પણ ચોક્કસ મર્યાદા થઈ ગઈ. એ નિર્ગળ રાગ નથી. મોક્ષમાર્ગની અંદર રાગ ઉત્પન્ન થાય છે એ નિર્ગળ રાગ નથી-આગળિયા વિનાનો રાગ નથી-અમર્યાદિત રાગ નથી. મર્યાદિત રાગ થાય છે તે પણ મોક્ષમાર્ગી જીવ ટાળવા માગે છે. અને મોક્ષમાં જવાનો એનો પુરુષાર્થ ચાલે છે. એટલે એને એની પક્કડ નથી અને બીજાને પણ એની પક્કડ કરવા યોગ્ય નથી. એમ લીધું છે.

**'માટે શુદ્ધોપયોગ સાધક, પરમાત્મા સાધ્ય છે,...'** તરત જ આ બોલ લીધો છે કે **'વ્યવહારરત્નત્રય સાધક છે, નિશ્ચય સાધ્ય છે.'** તો વ્યવહારરત્નત્રય સાધક છે માટે વ્યવહારરત્નત્રયનો આરંભ કરી દ્યો, નિશ્ચય રત્નત્રય પ્રગટ થશે. એમ અહીંયાં કહેવા માગે છે, એમ નથી. એ ભૂલ નહિ થવી જોઈએ.

મુમુક્ષુ :- ચોખ્ખા શબ્દો પડ્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :- શબ્દો પડ્યા છે પણ એને સમજવાનું કઈ પદ્ધતિથી ? એ ગુરુગમે સમજવાનો વિષય છે. એટલે તો 'ગુરુદેવે' એ વિષય સ્પષ્ટ કર્યો કે એવી રીતે તો અમે પણ શરૂ કર્યું હતું. પોતે દીક્ષા લીધી હતી કે નહિ ? બહુ સંયમ પાળતા હતા. વ્યવહારસંયમમાં સંપ્રદાયના સર્વ સાધુમાં એમની તોલે કોઈ ન આવે. છતાં અનુભવની શુદ્ધિ નહોતી પ્રગટી. અને એ બધું કરતાં કરતાં પણ એ અનુભવની શોધમાં હતા. સ્વાનુભૂતિ કેમ ઉત્પન્ન થાય એની શોધમાં હતા એ. એ એમને 'સમયસાર'માંથી ઉપાય મળ્યો, 'સમયસાર'માંથી એમને એ રીત, પદ્ધતિ સૂઝી ગઈ. અને એમને રાગ શું અને વીતરાગતા શું એનો ભેદ સમજાયો.

જ્યાં સુધી સ્વભાવનું અવલંબન થઈને વીતરાગ સ્વભાવી નિજ સ્વરૂપ અનુભવગોચર થતું નથી, ત્યાં સુધી રાગ અને વિભાવનું સ્વરૂપ પણ સમજાતું નથી. આ નિયમ છે. તેથી મિથ્યાદૃષ્ટિ જીવને કોઈને કોઈ પ્રકારે વિભાવમાં સ્વભાવનો ભ્રમ થાય છે. કેમકે એને વિભાવ પણ સમજાયો નથી. એટલે કોઈ એક પ્રકારના કોઈ ને કોઈ વિભાવમાં એ સ્વભાવ નામ આત્માનું ગ્રહણ કરે છે. આ જ કર્તવ્ય છે. એ કર્તવ્ય છે એ એનો આત્મા થઈ ગયો. કેમકે કર્તા-કર્મનું અનન્યપણું છે. કર્તા-કર્મમાં અનન્યભાવની સિદ્ધિ થાય છે, અનન્યભાવ થઈ આવે છે.

અન્યઅન્ય ભાવ નથી રહેતો. આ નિયમ છે. એટલે કોઈપણ રાગમાં એનો કર્તા થયો, અભેદબુદ્ધિ થઈ, એકત્વબુદ્ધિ થઈ ત્યાં એને કર્તા-કર્મપણું થયું, ત્યાં એનું સર્વસ્વ ઉપાદેયપણું થઈ ગયું. એ એનો આત્મા થઈ ગયો. તો એણે વિભાવને સ્વભાવ માન્યો છે. કેમકે સ્વભાવ આથી જુદો છે એવી ઓળખાણ એને નથી.

પરિપૂર્ણ પરમાત્મપદ શુદ્ધ ચેતનારૂપ, એવું જે આત્માનું સ્વરૂપ છે એનાથી અજાણ હોવાને લીધે કોઈને કોઈ વિભાવને જ એ સ્વભાવ માનીને એનું સાધન પકડે છે. એને સાધન તરીકે પકડે છે. શાસ્ત્રમાં આવા બોલ પણ આવે. અહીંયાં આવ્યા નહિ, બીજા શાસ્ત્રોમાં પણ આવા બોલ આવે છે કે વ્યવહારરત્નત્રય સાધક છે અને નિશ્ચયરત્નત્રય સાધ્ય છે. એનો અર્થ એમ કે વ્યવહારમાં પણ મર્યાદા બહાર જાય તો નિશ્ચય ત્યાં હોય એ વિચારવા જેવું નથી. એમ લેવું છે.

જેનો વ્યવહાર યથાયોગ્ય હોય એનો નિશ્ચય યથાયોગ્ય હોવા યોગ્ય છે. પણ જો વ્યવહાર ઠેકાણે ન હોય તો નિશ્ચયનો વિચાર કરવાનો પ્રશ્ન રહેતો નથી. એટલી સૂચના છે. પણ એ કરે તો એ થાય, આ કરે તો આ થાય, એમ હોય તો તો દ્રવ્યલિંગીને થાય અભવ્યને પણ ભવ્યત્વપણું થઈ જાય. અભવ્ય પણ પંચ મહાવ્રત પાળે છે અને અગિયાર અંગ અને નવ પૂર્વ સુધી જ્ઞાનનું પણ સાધન કરે છે. ક્રિયાનું સાધન પણ ચોખ્ખા મુનિના વ્રત હોય, સાચા મુનિના, ભાવલિંગીના જેટલા વ્રતાદિ હોય એજ પ્રમાણે વ્રત, સમિતિ, ગુપ્તિ, અઠ્યાવીશ મૂળગુણ શુદ્ધ પાળે, ચોખ્ખા પાળે. છતાં ત્યાં શુદ્ધિનો અંશ જ હોતો નથી અને અનંત સંસારી આત્મા હોય છે. તો એક અંદરમાં શું રહ્યું ?

આ વાત જે ગુપ્ત તત્ત્વ જગતનું હતું, એ 'ગુરુદેવે' બહાર મૂક્યું. કેમકે પોતે પણ શોધ બહુ ચલાવી. નાનપણથી છૂટવું-છૂટવું-છૂટવું હતું એટલે વૈરાગ્ય અને ભક્તિ ને એ બધું બહુ હતું. સાધુઓ આવે. દુકાન છોડીને અપાસરામાં ચાલ્યા જાય. દુકાને બેસતા પણ ખબર પડે કે ગામના અપાસરામાં સાધુ આવ્યા છે. એટલે દુકાન પડતી મૂકીને જાય અપાસરે. સત્સમાગમ કરવો, વૈરાગ ઘણો. એટલે ગૃહસ્થમાં ન આવ્યા. ગૃહસ્થની સ્થિતિનો સ્વીકાર ન કર્યો. દીક્ષા અંગીકાર કરી. ૨૧ વર્ષની ઉંમરે. પણ શોધ જે અંતર શોધ વર્તતી હતી એ ગુરુ પાસેથી પણ

એમને એ વિષય મળ્યો નહિ. ફરતા ફરતા દિગંબર આચાર્યનું આ મહાશાસ્ત્ર હાથમાં આવ્યું. અને એમાંથી એમણે શુદ્ધાત્મા કેવો હોય અને એ શુદ્ધાત્માનું અંતર અવલંબન અનુભવ કેમ થાય ? આ વિષયનો પત્તો એમને ત્યાંથી મળ્યો. ત્યારે આ બધું સમજાય. શાસ્ત્રો તો પડ્યા છે. સમજવું એ બીજી વાત છે. કઈ દૃષ્ટિકોણથી એને સમજાય છે ?

અર્થ ખોટો કરે કે વ્યવહારરત્નત્રય કરતા કરતા નિશ્ચયરત્નત્રય થાય. એનો તો પ્રશ્ન નથી. પણ અર્થ સાચો કરો તો હજી, સાચો અર્થ કરનારને પણ હજી કયા દૃષ્ટિકોણમાં એનો વિકાસ થશે એ હજી બીજો પાછો પ્રશ્ન ઊભો રહે છે. છીછરું તત્ત્વ નથી, બહુ ઊંડું તત્ત્વ છે. સવળો અર્થ કરે એટલે પામી ગયો એમ નહિ પાછું. અર્થ તો સવળો કર્યો ને ? માટે એનું જ્ઞાન સાચું છે એમ પણ નથી.

અર્થ ખોટો કરે એનું તો જ્ઞાન સાચું છે એ ક્યાં વિચારવું રહ્યું ? પણ અર્થ સાચો કરે તોપણ જ્ઞાન સાચું હોવા માટે હજી એક બીજી વાત બાકી રહે છે. પણ એને અવકાશ છે. સાચો અર્થ કરે એને સાચું જ્ઞાન થવાનો અવકાશ છે. સાચું જ્ઞાન ન કરે, અર્થ પણ ખોટો કરે એ તો વ્યવહારજ્ઞાનમાંથી ગયો. એમ થયું. એનું વ્યવહારજ્ઞાન બરાબર છે. તો એને અવકાશ છે. પણ એથી કાંઈ એ જ્ઞાનનું સ્વરૂપ છે એમ નથી. જ્ઞાનનું સ્વરૂપ બીજું છે.

જ્ઞાનનું સ્વરૂપ તો જ્ઞાન પોતે સ્વસંવેદનમાં આવે, શુદ્ધ નિશ્ચય પરિણમન એનું થાય, શુદ્ધસ્વરૂપ અનુભવ પરિણમન થાય ત્યારે એ જ્ઞાન સાચું છે. જ્ઞાનનો સ્વભાવ તો સ્વરૂપને અનુભવ કરવાનો છે. એ જ્ઞાનનો સ્વભાવ છે. સ્વરૂપ અનુભવ કરવો-સ્વરૂપને વેદવું એ જ્ઞાનનું સ્વભાવિક કાર્ય છે.

મુમુક્ષુ :- અગિયાર અંગ અને નવ પૂર્વ ક્ષયોપશમજ્ઞાન માત્ર ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ બધું બહિર્લક્ષી.

મુમુક્ષુ :- એમાં અંશે શુદ્ધિનો નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. શુદ્ધિનો અંશ પણ નહિ. બહિર્લક્ષી અને લબ્ધિથી પ્રગટે પાછો. અગિયાર અંગ અને નવ પૂર્વ ભણવા બેસે તો કોઈના એવા આયુષ્ય ન હોય કે પૂરા કરી શકે. પણ સાથે તપશ્ચર્યાદિ

હોય, બાહ્યમાં વ્યવહાર તપશ્ચર્યાદિ હોય અને વિશુદ્ધ ઉપયોગ ઘણો થાય તો લબ્ધિ પ્રગટે. એમાં અગિયાર અંગ અને નવ પૂર્વનું જ્ઞાન (પ્રગટે). હવે એને જ્ઞાન નથી થયું એમ કેવી રીતે માને એ ? જેને લબ્ધિથી અંગ પૂર્વનું જ્ઞાન પ્રગટે એને જ્ઞાન નથી પ્રગટ થયું એ કેવી રીતે માને ? અહીં તો હજી એવું નથી એટલે એમ સમજે કે ભાઈ ભૂલ થાય તો આપણે સુધારી લ્યો. ઓલાને તો એ ખ્યાલ જ ન આવે. કેમકે લબ્ધિથી પ્રગટ થયેલું છે. એ ખ્યાલ એને આવવો બહુ મુશ્કેલ છે. પણ આટલો બધો જ્ઞાનમાં આગળ વધી ગયો ? તો કહે છે, એ આગળ વધી ગયો પણ દીશા ફેર છે. એને તો ખ્યાલ આવવો મુશ્કેલ છે. અહીંયાં તો હજી ખ્યાલ આવવાની જગ્યા છે. એટલે ક્ષયોપશમ પણ નડે છે. પરમાર્થ માર્ગમાં જેમ કષાયની મંદતા થાય અને એ બાધક થઈ જાય છે. તીવ્રતા તો સાધક થવાનો સવાલ જ નથી. પણ મંદતા બાધક થઈ જાય છે, એમ જ્ઞાનનો ક્ષયોપશમ પણ બાધક થઈ જાય છે.

મુમુક્ષુ :- ... એક જ વિષય આમ પકડી રાખ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- બહુ ગુપ્ત તત્ત્વ છે. એવું સૂક્ષ્મ તત્ત્વ છે. એક ચકલા-દેડકાને અનુભવ થાય તો એ સમ્યગ્દષ્ટિનો ઉપયોગ અત્યંત સૂક્ષ્મ છે એમ કહે છે. અને અંગ પૂર્વધારીનો દ્રવ્યલિંગીનો ઉપયોગ ? તો કહે, સ્થૂળ છે. કેમ સ્થૂળ છે ? કે પોતાનો જ જે સૂક્ષ્મ સ્વભાવ એનું ગ્રહણ એને નથી થઈ શકતું નથી. અથવા જે રાગથી ભિન્ન પોતાનું શુદ્ધ સ્વરૂપ છે એની ભિન્નતા એને એના જ્ઞાનમાં લક્ષમાં નથી આવતી. તો ઉપયોગ સ્થૂળ થયો કે ન થયો ?

કહે એમ કે જ્ઞાનથી રાગ ભિન્ન છે, શુદ્ધાત્માથી રાગ ભિન્ન છે, પણ તને અનુભવમાં તો અભિન્ન છે એનું શું ? તારી સમજણ અને તારા પરિણમન વચ્ચેનું અંતર કાં ન તૂટ્યું ? તો તારું અર્થઘટન છે એ યથાર્થ નથી. સાચું દેખાતું હોવા છતાં, રાગથી જ્ઞાન ભિન્ન છે એ વાત સાચી હોવા છતાં તારા માટે સાચી નથી. પોપટ બે ને બે ચાર બોલે તો એનું ગણિત ખોટું છે. કે સાચું છે ? ખોટું છે. કેમકે એને બે ને બે ચારના ગણિતના આંકડાનું ભાવભાસન નથી. એમ અહીંયાં રાગ અને જ્ઞાનની ભિન્નતા, ભિન્ન ભિન્ન ભાવોનું એને ભાસન નથી. શાસ્ત્રથી સંમત કર્યું છે કે રાગ અને જ્ઞાન ભિન્ન છે. છતાં પણ એને એ સમજણ

અને પરિણમન વચ્ચેનું અંતર કાં તૂટતું નથી ? અહીંયાં ઊંડા ઉતરવાની જગ્યા છે અને અહીંયાં ઊંડા ઉતરવું જોઈએ. તો કાર્ય થાય.

મુમુક્ષુ :- 'સમયસાર' શાસ્ત્રમાંથી માર્ગ મળ્યો એમ કહેવું એ વ્યવહાર કથન છે ? ખરેખર તો પોતાના આત્માંથી માર્ગ મળ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- વ્યવહાર કથન છે. (માર્ગ) અંદરથી મળ્યો, અંદરથી મળ્યો. પણ વાચ્ય-વાચક નિયોગ શું છે ? આમ કહેવા માગે છે એમાં અંદર ઉતરી જાય છે. અહીંયાં કાંઈક અંતર્મુખ થવા માટે આવું કહેવા માગે છે ત્યાં એ આ બાજુ ઉતરી જાય છે. લક્ષ તો છૂટી જાય છે. શાસ્ત્ર તરફનો ઉપયોગ ફરી જાય છે. દિવ્યધ્વનિ સાંભળતા હોય તો અનુભવ કાળે ઉપયોગ ફરી જાય છે. પણ એમ કહેવાય કે દિવ્યધ્વનિમાં જે કહેનારનું કથનમાં વાચ્યભાવ હતો તે અહીંયાં અંદરથી એ વાચ્યને પકડી લીધું. કેમકે વાચક ત્યાં છે અને વાચ્ય અંદર છે એનું. એ વાચક નિમિત્ત પડે છે ત્યાં. એમાં પણ મર્યાદા છે. ગમે તેનું વચન નિમિત્ત પડતું નથી. ગમે તે શાસ્ત્ર નિમિત્ત પડતું નથી. મિથ્યાદષ્ટિનું શાસ્ત્ર એવું જ લખાણ કર્યું હોય તો નિમિત્ત ન પડે. એમાં એવી સૂક્ષ્મતા છે, વાણીમાં પણ એવી સૂક્ષ્મતા છે. એનો રસ અને એનો ભાવ એ જ વાણીમાં છે.

જે વાણીને સ્વાનુભવના રસનું બેકિંગ છે, બેકગ્રાઉન્ડ છે જેનું એની વાત જુદી છે. એમાં નિમિતતત્ત્વ છે. એ કરતું નથી કાંઈ પણ નિમિત્તપણું છે એની અંદર. બીજાની વાણીમાં એ પણ નથી. એટલે વ્યવહારને વ્યવહારના સ્થાનમાં, નિમિત્તને નિમિત્તના સ્થાનમાં ત્યારે માન્યું કહેવાય કે અહીંયાં નૈમિત્તિક ભાવ ઉત્પન્ન કરે ત્યારે એને એનું જ્ઞાન થાય. ત્યારે ઉપચાર પડે. ત્યાં સુધી ઉપચારનો પણ વિષય રહેતો નથી.

મુમુક્ષુ :- નિજ સ્વરૂપના અનુભવ કરવાના અર્થે પુરુષાર્થ કરવાનો અને એવા પુરુષાર્થની નબળાઈ હોય ત્યારે સત્શાસ્ત્રને સેવવું, એમ ?

પૂજ્ય ભાઈશ્રી :- ત્યારે સત્શાસ્ત્ર ઉપર સહેજે લક્ષ જાય. વિષયકષાય ઉપર એનું લક્ષ ન જાય, એમ કહેવું છે. કેમકે એને પામવું છે. અકષાયભાવ એને પ્રગટ કરવો છે. એટલે એને અકષાય ભાવ પ્રગટ કરવા માટે કહેનારા જે શાસ્ત્રો, કહેનારા જે સંત મહાત્માઓ, સત્પુરુષો

એના સમાગમની વૃત્તિ જાય. કેમકે એને કામ કરવું છે ને ?

'સોગાનીજી' લખે છે. બહુ એકદમ નિશ્ચયમાં, ખૂબ નિશ્ચયની અંદર યથાર્થપણે જોરથી આવી ગયા હતા. તોપણ સત્સમાગમનો ભાવ એવો આવે છે. એક પત્રમાં લખે છે કે ત્યાંનો-ગુરુદેવનો સત્સમાગમ સાંભરે છે ત્યારે આ લખતા-લખતા આંસુ પડે છે. એવો ભાવ આવે. એવો જ ભાવ આવે. અહીંયાં આવે તો એમને એમ થાય કે અંદર અને બહાર એક જ વિષય છે. બહાર સાંભળીએ તો 'ગુરુદેવ' એકલો આત્મા, એકલો આત્મા જ સંભળાવે છે. બીજી તો ઘણી વાતો થતી હોય. તો કહે ના, એકલો આત્મા જ સંભળાવે છે. અંદર ધ્યાનમાં બેસીએ તો એકલો આત્મા જ છે. એટલે એ અંતર-બાહ્ય એક વિષયની સાનુકૂળતા જોઈને રાગ આવે તો આવો આવે એમ કહ્યું. રાગ આવે તો આવો રાગ આવે એમ કહ્યું. પણ તેથી એ રાગને લઈને અંદરમાં વીતરાગતાનું કાર્ય સધાય છે એ વાત તો એ અનુભવથી ના પાડે છે કે એમ તો નથી. પણ આવું થાય છે. એવા એના કેટલાક લક્ષણો પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.

કેમકે એવા લક્ષણથી બહાર જઈને પણ કેટલાક એમ કહે છે, એમને તો વાંધો નહિ. સત્સમાગમની ઉપેક્ષા કરે, સત્પુરુષના યોગની ઉપેક્ષા કરે તોપણ એમ કહે કે ના, એ તો રાગ છે. રાગથી કાંઈ સધાતું નથી. એમ કરીને કોઈ ઊંધું લ્યે. (એ) ન લ્યે એને માટે એમ કહેવામાં આવે છે કે આ સાધક છે અને આ સાધ્ય છે. એવું નહિ લેવા માટે વાત છે.

**'તે કેવી રીતે ? તત્ત્વશ્રદ્ધાનમાં પરનું હેયશ્રદ્ધાન, અને નિજ તત્ત્વનું ઉપાદેયશ્રદ્ધાન છે.'** તત્ત્વશ્રદ્ધાનમાં પરનું હેયશ્રદ્ધાન એટલે પરથી લાભ, રાગથી લાભ એવું શ્રદ્ધાન તત્ત્વશ્રદ્ધાન કહેવાય નહિ. અને નિજ તત્ત્વનું ઉપાદેયશ્રદ્ધાન છે. એક નિજ તત્ત્વના આશ્રયથી જ, નિજ તત્ત્વને શ્રદ્ધવાથી જ પોતાને લાભ થાય છે એમ એની ઉપાદેયતા શ્રદ્ધાનમાં આવે છે. **'તત્ત્વજ્ઞાનમાં પરતત્ત્વનું રૂપ હેય જાણ્યું, નિજતત્ત્વને ઉપાદેય જાણ્યું,...'** આવો બધો વિસ્તાર વ્યવહારમાં આવે છે. વ્યવહારમાં શું આવે છે ?

**'તત્ત્વજ્ઞાનમાં પરતત્ત્વનું રૂપ હેય જાણ્યું, નિજતત્ત્વને ઉપાદેય જાણ્યું,...'** પછી આચરણની વાત લ્યે છે કે **'ભવભોગાદિ વિરતિ**

**કાર્યકારી જાણી,...**' ભવ અને ભવ સંબંધિત જે કાંઈ ભોગ-ઉપભોગ છે એની વિરતિ એટલે ત્યાગ કાર્યકારી જાણ્યા. અને '**સમ્યક્ત્વ-આચરણરીતિ ઉપાદેય જાણી,...**' જુઓ ! આચરણમાં સમ્યક્ત્વ આચરણ લીધું. અંતર્મુખ થવું એવી જે આચરણની રીત છે, સમ્યક્ત્વ એટલે સ્વદિશા અભિમુખ થવું, અંતર્મુખ થવું એવું જે પરિણામનું આચરણ છે, શ્રદ્ધાનનું આચરણ, જ્ઞાનનું આચરણ, સ્થિરતા થવી. એવી રીતે ઉપાદેય જાણી '**એવા વ્યવહાર તત્ત્વથી મળેલા વિચારો...**' એવા વ્યવહારતત્ત્વથી મળેલા વિચારો '**હેય-ઉપાદેયના સમ્યક્ ભેદ સહિત હોય છે.**' આવા જે વિચારો છે એની અંદર સમ્યક્પણે શું હેય છે અને સમ્યક્પણે શું ઉપાદેય છે એના ભેદ સહિત હોય છે.

પરમાગમોમાં પણ જ્યાં પરમાર્થનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે ત્યાં સ્વરૂપનો આશ્રય કરવા માટે, એ સ્વરૂપનો અનુભવ કરવા માટે રાગનો, શુભરાગનો વિશુદ્ધ ઉપયોગ, ઉપયોગ શુભરાગ છે. શુભોપયોગરૂપ વિશુદ્ધતા ત્યાં છે એમ કહ્યું છે. એનો પણ નિષેધ કર્યો છે. આ તો પરમાગમોની અંદર આ વિષય સ્પષ્ટ રહ્યો છે. સ્પષ્ટ રહ્યો છે આ વિષય. શુભાશુભ પરિત્યાગી ભક્તિ. એ શુભાશુભનો પરિત્યાગ છે. એટલું તો 'ગીતા'માં લીધું છે. શુભાશુભ પરિત્યાગી ભક્તિમાન સમીપ્ય. એવો બોલ આવે છે. બીજા અધ્યાયમાં. શુભાશુભ પરિત્યાગી ભક્તિમાન્ય સમીપ્ય. 'શ્રીકૃષ્ણ'ના મુખથી બોલાવેલી વાત છે. શુભાશુભનો પરિત્યાગ કરનારો એવો ભક્ત છે તે મને પ્રિય છે. એવો બોલ લીધો છે.

મુમુક્ષુ :- આપણે ભ્રમમાં પડી જઈએ એવા બોલ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- બરાબર છે ઈ ?

પૂજ્ય ભાઈશ્રી :- ઈ બીજી વાત છે. બરાબર તો ત્યારે કહેવાય કે સાંગોપાંગ અવિરુદ્ધપણું આવે ત્યારે. ક્યાંક પાછી બીજી વિરોધવાળી વાત આવે કે, ભાઈ ! તું શું કર ? કે બધું છોડી દે અને એક મારા આશ્રયે આવ. તો હું તને મુક્ત કરી દઈશ. એ વાત તો કાંઈ બરાબર નથી. કોઈ કોઈને મુક્ત કરે એ તો પરિસ્થિતિ નથી. પાછી આગળ એમ વાત આવે કે બધું છોડી એક મારા શરણે આવી જા. મામ એકં શરણમ્

.. અહંમ તમ્ .. કાંઈ વિચાર કરીશ નહિ, હું તને મોક્ષમાં લઈ જઈશ. મારા શરણે આવી જા, હું તને મોક્ષમાં લઈ જઈશ.

મુમુક્ષુ :- એટલે આત્માના શરણે આવી જા એમ કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- જે લોકો અધ્યાત્મ ઉતારે છે એ એમ જ ઉતારે છે કે અંતર પરમાત્માના (શરણે આવી જા). એમાં પણ અધ્યાત્મ ઉતારનારા કેટલાક વક્તાઓ હોય છે, વિદ્વાનો હોય છે, એ એમ પણ ઉતારે છે કે અંદર પરમાત્મા છે એને શરણે જવાની વાત છે. એવું પણ લ્યે છે. એવું પણ કરે છે લોકો. નથી કરતા એમ નથી. પણ એ લોકોનું ત્યાં શું છે કે વસ્તુ સ્વરૂપનું, સ્વપર પદાર્થનું, જડ-ચેતનપદાર્થના ગુણધર્મો, દ્રવ્ય-ગુણ-પર્યાય, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, ગુણ-ગુણી ભેદ એ વિષયનું સ્પષ્ટીકરણ નથી. એટલે ક્યાંક ને ક્યાંક તો પાછો છબરડો આવી જાય. એટલે કાંઈક મળતું આવે, કાંઈક ભળતું આવે માટે બરાબર છે એવી ભ્રમણામાં પણ પડવા યોગ્ય નથી. આ વિચારવાનું છે.

શ્વેતાંબર શાસ્ત્રોમાં તો ઘણી વાત આવે. એનું કારણ કે આમાંથી ને આમાંથી જુદા પડ્યા છે. આપણા જ સંપ્રદાયમાંથી જુદા પડે તો ઘણી વાતો આવે કે નહિ ? માટે બધું બરાબર છે ? કોઈ એક જગ્યાએ વિરોધ આવે છે એટલે સોએ સો ટકાની ભૂલ થઈ ગઈ. ૯૯ વાત સાચી અને એક વાત ખોટી તો એક ટકાની ભૂલ અને ૯૯ સાચી. એમ ગણવું ? નહિ. સોએ સોની ભૂલ ગણવી જોઈએ. આ પરીક્ષાનો વિષય છે.

શું કહે છે ? '**તત્ત્વશ્રદ્ધાનમાં પરનું હેયશ્રદ્ધાન, અને નિજ તત્ત્વનું ઉપાદેયશ્રદ્ધાન છે. તત્ત્વજ્ઞાનમાં પરતત્ત્વનું રૂપ હેય જાણ્યું, નિજતત્ત્વને ઉપાદેય જાણી,...**' ચારિત્ર અપેક્ષાએ '**ભવભોગાદિ વિરતિ કાર્યકારી જાણી,...**' વ્યવહારથી. નિશ્ચયથી '**સમ્યક્ત્વ-આચરણરીતિ ઉપાદેય જાણી, એવા વ્યવહાર તત્ત્વથી મળેલા વિચારો...**' વ્યવહાર અને નિશ્ચય. '**વ્યવહારતત્ત્વથી મળેલા વિચારો હેય-ઉપાદેયના સમ્યક્ભેદ સહિત હોય છે. આ વ્યવહાર થતાં મન-ઇન્દ્રિય-ઉપયોગને નિરોધી નિજ સમ્યક્ સ્વરૂપને શુદ્ધ અનુભવે.**'

હવે અહીંયાં શું છે કે એક પ્રકાર એવો છે કે જ્યારે એ જીવ યથાર્થ વ્યવહારમાં આવે, પછી જો નિશ્ચયનો પુરુષાર્થ કરે તો પામે અને નહિતર ન પામે. પણ ગૃહીત મિથ્યાત્વમાં ઊભો રહે અને વ્યવહારમાં

પણ ન આવે તો એ નિશ્ચયનો પુરુષાર્થ કરી શકે એવું પણ એનું શુદ્ધ સ્વરૂપને અનુભવવાનું સામર્થ્યપણું એની અવસ્થામાં પ્રગટ થતું નથી. એમ લેવું છે. શુદ્ધ સ્વરૂપને અનુભવવાનું જે સામર્થ્ય છે એની પાછળ એને વિભાવ સંબંધીનો મમત્વરસ તૂટવો જોઈએ. હવે વ્યવહારમાં આવવાના બહાને જો રાગનું મમત્વ તીવ્ર થાય તો એ ખરેખર બહારથી વ્યવહારમાં આવેલો દેખાય તો અંતરથી તો એને એ મમત્વ નહિ તૂટવાની પરિસ્થિતિમાં મજબુત થઈ ગયો છે. એ નિશ્ચયમાં નહિ આવી શકે. આ વિષય પણ જરા સૂક્ષ્મતાથી સમજવા જેવો છે

જે જીવ યથાયોગ્ય વ્યવહાર જેને કહેવાય એવા વ્યવહારમાં આવે. દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર આદિ. કષાય મંદ થયો. તો કષાય મંદ થયો ત્યારે જો એ શુદ્ધ સ્વરૂપના આશ્રયનો પુરુષાર્થ કરે તો એને ત્યાં શુદ્ધ સ્વરૂપનો આશ્રય થવાનો સંભવ છે. પુરુષાર્થ કરે તો. પણ એ કષાયની મંદતામાં આવ્યો અને એના મમત્વમાં પણ જો સાથે સાથે આવ્યો, એની રુચિ પણ જો સાથે સાથે રહી તો કષાય મંદ દેખાશે પણ એને શુદ્ધ સ્વરૂપનો પુરુષાર્થ જ પ્રગટ નહિ થાય. એ અંદરનો ભેદ જ્ઞાની પકડે છે.

બાહ્ય દૃષ્ટિ જીવ માત્ર કષાયની મંદતાને સાધક માને છે અને નિશ્ચયને સાધ્ય માને છે. પણ કષાયની મંદતા થઈ ત્યાં હવે શું કરવું બાકી રહ્યું ? કે ત્યાં બે વાત કરવી બાકી રહી. એક તો એ મંદતાનું મમત્વ ન થવું જોઈએ અને બીજી બાજુ શુદ્ધ સ્વરૂપનો પુરુષાર્થ થવો જોઈએ. અને એ બંને એકસાથે થાય. શુદ્ધ સ્વરૂપનો પુરુષાર્થ થાય તેને થયેલ કષાયની મંદતાનું મમત્વ ન વર્તે. જેને કષાયની મંદતા થવા છતાં એનું મમત્વ ન વર્તે એને શુદ્ધતાનો પુરુષાર્થ થાય. આ સાથે છે. એ વિષય જરા ગૂઢ છે. એ વિષય ગુપ્ત રહ્યો છે. એટલે બાહ્ય દૃષ્ટિ જીવોએ એટલું જ પકડ્યું કે કષાયની મંદતા નહિ કરો તો પામવાના નથી અને વિષય કષાયમાં રહ્યા રહ્યા પામવું છે તમારે ? એ તો સામાન્ય બુદ્ધિમાં પણ બેસે એવી વાત નથી. એ તો બનવાનું જ નથી. કષાયાદિ તો મંદ થવા ઘટે જ છે. પણ કષાયાદિ મંદ થઈ ગયા એટલે એ સાધન થઈ ગયું અને એનું સાધ્ય પ્રગટી જાય, એ વસ્તુસ્થિતિ નથી. કેમકે ત્યાં એક આખો તબક્કો બીજો છે કે એની રુચિ ને એનું મમત્વ ત્યાં પણ જવું

જોઈએ. તો જ ત્યાંથી ફસાયેલો નીકળે. કારણ કે એકત્વબુદ્ધિ છે હજી તો. ત્યાં એકત્વબુદ્ધિ છે એને છોડવી કેવી રીતે ? કષાય મંદ થયો પણ એકત્વ છૂટવાનું શું કારણ છે ? એકત્વબુદ્ધિ તો છૂટવી જોઈશે ને ? કે એનું સ્વરૂપ જાણીને.

એટલે 'કુંદકુંદાચાર્યદેવે' 'આસ્રવ અધિકાર'માં આ વાત લીધી કે

**અશુચિપણું વિપરીતતા એ આસ્રવોના જાણીને,**
**વળી જાણીને દુઃખકારણો, એથી નિવર્તન જીવ કરે.**

આસ્રવથી કોણ નિવર્તશે ? કે એ આસ્રવભાવનું અશુચિપણું, મલિનપણું, એનું સ્વભાવથી વિપરીતપણું અને એ દુઃખસ્વરૂપ છે એવું જ્યારે એ જાણશે ત્યારે એનાથી નિવર્તશે. અને નહિતર તીવ્ર કષાયમાં આકુળતા વિશેષ હોવાથી અને મંદ કષાયમાં આકુળતા ઓછી થયેલી હોવાથી એની પક્કડ ત્યાં જામી જશે. તો એ નિશ્ચયમાં પરિણમિત નહિ થઈ શકે.

મુમુક્ષુ :- અગિયાર અંગ અને નવ પૂર્વવાળા કષાયની મંદતાવાળા હોય તોપણ એને દૃષ્ટિ સંયોગ ઉપર જ હોય ?

પૂજ્ય ભાઈશ્રી :- દૃષ્ટિ સંયોગ ઉપર કરતાં કષાયની મંદતા ઉપર (હોય છે). બીજા સંયોગો તો મુનિ છે એટલે એને કાંઈ છે નહિ. સર્વસાવદ્યયોગનો ત્યાગ કરીને નગ્ન દિગંબર રૂપ ધારણ કરીને જંગલમાં વિચરે છે એવા મુનિ છે. પણ જે કષાયની મંદતા થઈ, એની પક્કડ જે છોડવાની છે કે જે પક્કડ છૂટતા હજી અહીંયાં પ્રથમ શુદ્ધોપયોગ અને ચોથું ગુણસ્થાન પ્રગટે, હોં ! બહારમાં ભલે વેષ છઠ્ઠા-સાતમાનો હોય. પણ અંદરમાં ચોથું પણ ન પ્રગટ્યું હોય, પહેલે જ ગુણસ્થાને હોય. તો એ જે મમત્વ છે એ ન છૂટે ત્યાં સુધી અંતર્મુખનો પુરુષાર્થ ન આવે. અંતર્મુખનો પુરુષાર્થ આવે તો મમત્વ છૂટી ગયું હોય તો જ આવે. આ અવિનાભાવી છે. એટલે એમ કહે છે કે રાગ છૂટવા પહેલા રાગની રુચિ છૂટવી આવશ્યક છે. અથવા શુદ્ધોપયોગ થયા પહેલા શુદ્ધ સ્વરૂપની રુચિ થવી આવશ્યક છે. રુચિ ઉપર ઘણું વજન છે.

'પૂજ્ય બહેનશ્રી'એ વચનામૃતમાં એ કહ્યું કે અનેક જીવો સ્વભાવની રુચિ પ્રગટાવ્યા વિના શુદ્ધોપયોગ કરવા માગે છે. તો જેને હજી સ્વભાવની રુચિ નથી પ્રગટ થઈ એનો ઉપયોગ શુદ્ધ થઈને

અંતર્મુખ થઈને ક્યાંથી અનુભવ થશે ? એને શુદ્ધોપયોગ થઈ શકે નહિ. રુચિને વાળ્યા વગર ઉપયોગને અંતર વાળવા માગે છે. બેસી જાવ ધ્યાનમાં, બેસી જાવ એકાગ્રતાના પ્રયોગ કરવા. એ એકેય પ્રયોગ નહિ સફળ થાય. તને હજી જ્યાં સુધી રાગનો કણ રુચે છે ત્યાં સુધી તને મલિનતા, દુઃખ અને વિપરીતપણું પણ રુચે છે. તારો ઉપયોગ ત્યાંથી પાછો નહિ વળી શકે. જે ઠીક લાગ્યું છે ત્યાંથી પાછા વળવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- એણે હેય કરવાનું છે ત્યાં ઉપાદેય કર્યું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ થઈ ગયું. એ ભૂલ થઈ જાય છે.

'**આ વ્યવહાર થતાં...**' કેમકે આ વાત આવી ને ? '**આ વ્યવહાર થતાં મન-ઈન્દ્રિય-ઉપયોગને નિરોધી નિજ સમ્યક્‌સ્વરૂપને શુદ્ધ અનુભવે.**' એ પુરુષાર્થ કરે એમ કહેવું છે. એટલે આવી કષાયની મંદતા થતાં તે સ્થાનમાં સમ્યક્ શુદ્ધ સ્વરૂપને અનુભવવાનો પુરુષાર્થ કરે, એ પુરુષાર્થ કરે ત્યારે થાય. એ પુરુષાર્થ કરવો એ પાછી નવી વાત છે ત્યાં. એ નવી જાત છે અને નવી વાત છે આખી. કષાય મંદ થયો એ અનંત વાર થયો છે. નથી થયો એવું નથી. પણ કષાયનો અભાવ નથી પ્રગટ થયો. વીતરાગતા પ્રગટ નથી થઈ. એના માટેની વાત જુદી છે આખી. પણ અહીં સુધી ન જ આવે તો તો ઓલો પ્રશ્ન ઉપસ્થિત નથી થતો અને આવે માટે થઈ જાય એવો પણ પ્રશ્ન નથી.

મુમુક્ષુ :- પુરુષાર્થ છે એ નિશ્ચયના પ્રકરણમાં જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ પરિણામની આખી જુદી જાત પ્રગટ થઈ એમ કહે છે. અને એ જાત પ્રગટવા માટે જે કષાયની મંદતાવાળી સ્થિતિ ઊભી થઈ એની પક્કડ છોડવી રહે છે. એની પક્કડ છૂટે ત્યારે એને એકત્વબુદ્ધિ છૂટે. પણ આ ઠીક થયું, ખલાસ થઈ ગયું. એ ત્યાં બરાબર પકડાય જાય છે. પછી ત્યાંથી છૂટીને શુદ્ધના પુરુષાર્થમાં એ આવી શકતા નથી. અંદરના રહસ્યનો વિષય આ છે. ઓલું તો પકડાય છે. અને એ તો સામાન્ય ન્યાયનો વિષય છે. તીવ્ર કષાય અને મંદ કષાયનો ભેદ ન સમજે એને કષાયના અભાવનો વિષય ક્યાંથી સમજાય ? પણ એ ભેદ સમજીને આ અઠીક છે અને આ ઠીક છે (એમ થાય) તો ત્રીજી વાત રહી જાય છે. આ ત્રીજી વાત ન રહી જવા માટે ક્યાંક એવું

વજન દેવું પડે છે કે કષાયની જાત તીવ્રતાની હોય કે મંદતાની હોય, પણ જાત તો તેની તે છે ને. મલિનતા થોડી હોય, ગંદકી થોડી હોય કે ગંદકી જાજી હોય પણ છે તો ગંદકીની જાત ને ? એમ સમજી લે એકવાર. પણ તું ત્યાંથી વજન ઉઠાવી લે.

એમ એટલા માટે કહ્યું કે જેને વીતરાગ સ્વરૂપ અનુભવ કરવો છે પોતાને અને જેને વીતરાગતામાં આવવું છે એ સ્વચ્છંદી નહિ થાય. એને તો પરિપૂર્ણ નિર્દોષ થવાનું ધ્યેય લઈને આવ્યો છે, એને પછી આ સ્વચ્છંદતાનું કારણ નહિ થાય એવો વિશ્વાસ રાખીને કહેવામાં આવે છે. કેટલોક વિશ્વાસ રાખવામાં આવે છે ને. ઓહો..! આને પરિપૂર્ણ શુદ્ધ થવું છે ! પૂર્ણ શુદ્ધતાનું ધ્યેય બાંધીને નીકળી પડ્યો છે. હવે આ ઊંધુ નહિ લે. ઊંધુ તો ક્યારે લેવાય છે ? કે જીવની બુદ્ધિમાં વક્રતા ઘણી હોય ત્યારે એ સ્વચ્છંદને રસ્તે ચડી જાય છે. એ અત્યંત વક્રતાનું પરિણામ છે. કહેવા માગે છે કાંઈક અને પકડે છે કાંઈક. અને તે પણ પકડતા એને પોતાનું અહિત થાય છે એ પણ સમજાતું નથી. સ્વચ્છંદમાં તો કષાય તીવ્ર થાય. કષાય તીવ્ર થાય ત્યારે આકુળતા પણ તીવ્ર થાય. તો આકુળતા વધે એ પણ એને સમજાતું નથી. તો આકુળતા ઘટે એ ક્યાંથી સમજાય ? અને અભાવ થવાની તો એને વાત જ ક્યાં રહી ? એટલે એવા જીવને કહેવા માગે છે. પાત્ર જીવની વાત છે.

'**સિદ્ધ સમાન નિજ સ્વરૂપનું શ્રદ્ધાન કરે.**' શ્રદ્ધાનનો વિષય આટલો જ છે. બહુ ઈમ્પોર્ટન્ટ વાત છે. શ્રદ્ધાન અપેક્ષાએ તો.. ઓલું તો વ્યવહાર શ્રદ્ધાનમાં નાખ્યું. તત્ત્વ શ્રદ્ધાનમાં પરનું હેય શ્રદ્ધાન અને નિજ તત્ત્વનું ઉપાદેય શ્રદ્ધાન, એમાં સ્વ અને પર બે વાત આવી એટલે વ્યવહારનો વિષય થઈ ગયો. નિશ્ચય શ્રદ્ધાનમાં તો સિદ્ધ સમાન નિજ સ્વરૂપનું, નિજ નિશ્ચય સ્વરૂપનું શ્રદ્ધાન કરે. એને જ શ્રદ્ધે કે આ હું. આવો હું. બસ. '**સિદ્ધ સમાન નિજ સ્વરૂપનું...**' શુદ્ધોપયોગના કાળમાં, નિર્વિકલ્પ ઉપયોગના કાળમાં, નિર્વિકલ્પ પ્રતીતિ (થાય) એને નિજ શ્રદ્ધાન કહેવામાં આવે છે. એ નિજ શ્રદ્ધાન છે.

તેમાં '**સાત તત્ત્વનો ભેળ નથી.**' સાતેય તત્ત્વથી નિરપેક્ષ છે. સાતેય તત્ત્વોના ભેદોથી નિરપેક્ષ છે, દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદોથી નિરપેક્ષ છે, અને એ જે છે તે છે. જેવું છે તે છે. શુદ્ધ ચેતનારૂપ લેવું

છે. કેમકે નવ તત્ત્વમાં છુપાયેલી એ ચૈતન્યજ્યોતિ છે. 'સમયસાર'ની તેરમી ગાથા છે. નવ તત્ત્વમાં છૂપાયેલી એ ચૈતન્યજ્યોતિ છે. એ નવે તત્ત્વમાંથી એને જુદી પાડીને. એની અંદર ભેળ નથી કરવો. સંવરના ભેદ નહિ, નિર્જરાના ભેદ નહિ, મોક્ષના ભેદ નહિ, જીવના ભેદ નહિ. બધા ભેદ ઉડાડ્યા.

'શ્રીમદ્‌જી'એ 'આત્મસિદ્ધિ'માં લીધું છે.

**સર્વ અવસ્થાને વિષે ન્યારો સદા જણાય,**
**પ્રગટરૂપ ચૈતન્યમય એ એંધાણ સદાય.**

કેવી કેવી વાતો લીધી છે ! '**સર્વ અવસ્થાને વિષે...**' અને પાછો ન્યારો. આ સમજાવું મુશ્કેલ. એના વિષે અને એનાથી ન્યારો. એટલે કે અવસ્થાના ભેદરૂપ નહિ. આ જ અનેકાંતપણું છે. જૈનદર્શનનું કોઈ અનેકાંતપણું હોય તો આ છે. સૂક્ષ્મ અનેકાંતના એવા એવા ભેદો છે કે સ્વરૂપને જાણતા પર જણાય જાય કે મારામા તો પર નથી. પોતાના કેવળ સ્વરૂપને જાણતા પર નથી એવું જણાયું તે પર સંબંધીનું જ્ઞાન છે. પણ પર સામે જોઈને નહિ. તો એ રીતે એનું અનેકાંતિક સ્વપરપ્રકાશક જ્ઞાન લીધું. અનેકાંતિક જ્ઞાન છે.

એવું અહીંયાં છે. એકસાથે બેને જાણે. એકને જાણવામાં બીજું જણાય જાય એવું અનેકાંતપણું છે. સાત તત્ત્વનો ભેળ નથી. અવસ્થામાં, જ્ઞાનમાં સ્વભાવ છે. જુઓ ! જ્ઞાન અવસ્થામાં જ્ઞાન સ્વભાવ પ્રગટ છે. પ્રગટ છે. તો સ્વભાવનું ગ્રહણ કરતાં પર્યાયત્વ ગ્રહણ થતું નથી. અને પર્યાયત્વ ગ્રહણ થતાં સ્વભાવ ગ્રહણ થતો નથી. આ એની સૂક્ષ્મતા છે. આ અનેકાંત છે. ત્યાં સ્વભાવ પકડે તો પર્યાય હાથમાં ન આવે અને જ્ઞાનની પર્યાયને હાથમાં રાખે તો સ્વભાવ હાથમાં ન આવે. એટલે કહે છે કે અવસ્થાને વિષે અવસ્થાથી ન્યારો. હવે એમાં ને એમાંથી ન્યારો ! આ તે (શું) ! પરસ્પર વિરુદ્ધ વાત કેમ કરો છો ? આ જ અનેકાંત છે. એટલે જ લોકો કહે છે, આ તો 'શંકરાચાર્ય' જેવા વિદ્વાન. 'આદ્ય શંકરાચાર્ય' થયા. એનું શાંકરભાસ્ય અત્યારે કહેવાય છે. સંસ્કૃતની અંદર આવડું મોટું વોલ્યુમ છે. શાંકરભાસ્ય. બહુ વિદ્વાન હતા, પ્રખર વિદ્વાન હતા.

જૈનદર્શનના શાસ્ત્રો વાંચ્યા એમણે. એ કહે કે આમાં વસ્તુના

સ્વરૂપનો કોઈ નિર્ણય જ નથી. શું કીધું એણે ? સ્યાદ્વાદ હૈ સો સંશયવાદ હૈ. વસ્તુકા સ્વરૂપકા કોઈ ઠિકાના નહિ હૈ. વિષય એવો છે. હજી તો સ્વાદ્વાદમાં, હોં ! અનુભવનો વિષય તો એથી સૂક્ષ્મ છે પાછો. સ્યાદ્વાદમાં તો નિશ્ચય-વ્યવહારની અનેક વાતો છે. અનુભવનો વિષય, અનુભૂતિ તો એથી સૂક્ષ્મ છે. ઉઘાડ શું કરે એમાં ? ઉઘાડનો વિષય છે ? એ તો ઘણા ઉઘાડવાળા હતા. બહુ મોટા વિદ્વાન હતા. એ ઉઘાડ આમાં કામ નહિ કરે. આમાં એક જુદી એની ખાસ પ્રકારની લાઈન અને ખાસ પ્રકારની પદ્ધતિ છે. એટલે ગુરુગમ લીધો છે. ભાઈ ! બધું તું કરી ચૂક્યો. ‘બિન ગુરુગમ કોઈ ન ભેદ લહે.’ એમ કહી દીધું ત્યાં. આ કર્યું, તે કર્યું, ‘યમ સંયમ નિયમ આપ કિયો, સબ શાસ્ત્રન કે નય ધારિ હિયે’ શાસ્ત્રના નય પણ તને આવડ્યા. શાસ્ત્ર અનુસાર, હોં ! ‘બિન સદ્‌ગુરુ કોઈ ન ભેદ લહે.’ એમ કહેવાનો (આશય) કે આવી સૂક્ષ્મતા છે એ અહીંયાંથી સમજાય છે. કેમકે અનુભવની વાત છે. એ ચેષ્ટા એની માગે છે. એકલા શબ્દોની ઝાળમાંથી સૂઝવું એ સહેલું નથી. એટલે એ વાતો નાખી છે એની પાછળ કારણ એ છે. તેથી ઠામ ઠામ સત્સમાગમના વિષે પ્રશંસા કરવામાં આવી છે. એનું એ કારણ છે. ટાઈમ થઈ ગયો છે...

જ્ઞાનમાત્ર, સદાય અસ્ખલિત, એક વસ્તુનું નિષ્કંપ ગ્રહણ કરવાથી, મુમુક્ષુને તત્ક્ષણ જ ભૂમિકાની (સાધકપણાની) પ્રાપ્તિ થાય છે, અર્થાત્ જ્ઞાનમાત્ર એવા પોતાના સ્વરૂપનો આશ્રય કરે છે. તે સાધક થયા થકા સિદ્ધ થાય છે, અને જે જ્ઞાનમાત્રનો આશ્રય કરતા નથી, તેનું સંસાર પરિભ્રમણ મટતું નથી. આમ આખા ‘સમયસાર’નો સાર ‘જ્ઞાનમાત્ર’ પણે પોતાને ગ્રહણ કરવો - અનુભવવો તે છે. મોક્ષ ઉપાયનો આ સંક્ષેપ છે. તે સુગમ હોવા છતાં, કોઈ વિરલ જીવ જ પામે છે, તે કુદરતની કોઈ અદ્‌ભુત નિયતિ છે. તે વિરલા ધન્ય છે.

(અનુભવસંજીવની - ૭૬૨)

**તા. ૧-૧-૧૯૮૯, પાના નં. ૪૨ પ્રવચન નં. ૮૯**

વિકલ્પમાત્રનો અભાવ થવાનો છે ત્યાં તે પહેલા સમુચિત વ્યવહારના પરિણામમાં જીવ આવી જાય, તેથી એવો વ્યવહાર થતાં એમ લીધું છે. વ્યવહાર તો યથાયોગ્ય થઈ જ જાય, સાથે સાથે મન અને ઈન્દ્રિય તરફનો ઉપયોગનો વ્યાપાર છે એ પણ સહજ અટકી જાય છે. ત્યારે જે શુદ્ધ સ્વરૂપનો સમ્યક્ પ્રકારે, અંતર્મુખ થઈને અનુભવ થાય તેમાં '**સિદ્ધ સમાન નિજ સ્વરૂપનું શ્રદ્ધાન કરે.**' એ અનુભવ થતાં પોતાનું જે નિજ સ્વરૂપ છે એ જેવા સાક્ષાત્ સિદ્ધ પરમાત્મા છે એવું જ અંતરંગમાં પોતાનું એવું જ બિલકુલ સ્વરૂપ છે, રંચમાત્ર પણ એમાં ફેર નથી એવો અનુભવ કરે. નિર્ણયમાં પણ એવો જ નિર્ણય કર્યો હતો કે હું સિદ્ધ સમાન છું. અનુભવ પણ એવું જ આવે છે કે જેવો એને નિર્ણયમાં પોતાનો આત્મા નિશ્ચિત થયો હતો.

'**સિદ્ધ સમાન નિજ સ્વરૂપનું શ્રદ્ધાન કરે. સાત તત્ત્વનો ભેળ નથી.**' તેમાં સાત તત્ત્વનું ભેળસેળપણું થતું નથી. સાત તત્ત્વના ભિન્ન ભિન્ન ભેદો છે, એ ભેદોમાં ક્યાંય સાત પ્રકાર આવતા નથી. એકાકાર જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે, સિદ્ધ સમાન, એમાં કોઈ સાત તત્ત્વના ભેદો પણ નથી. એ એટલા માટે કહે છે કે વ્યવહાર સમ્યગ્દર્શનમાં સાત તત્ત્વનું શ્રદ્ધાન અથવા નવ તત્ત્વનું શ્રદ્ધાન એને સમ્યગ્દર્શન કહેવામાં આવ્યું છે. જોકે અધ્યાત્મ શાસ્ત્રમાં અપેક્ષા ત્યાં સ્પષ્ટ કરે છે.

'સમયસાર'ની તેરમી ગાથા. ભૂતાર્થ આશ્રિત સાત તત્ત્વોનું શ્રદ્ધાન સમ્યગ્દર્શન છે. ખાલી સાત તત્ત્વોનું શ્રદ્ધાન સમ્યગ્દર્શન છે એમ નથી લીધું ત્યાં. પણ ભૂતાર્થ આશ્રિત સાત તત્ત્વોનું શ્રદ્ધાન સમ્યગ્દર્શન છે. એ જે ભૂતાર્થ આશ્રિતપણું છે એ ખરેખર નિશ્ચય સમ્યગ્દર્શન છે અને સાત તત્ત્વોની જે વ્યવહાર શ્રદ્ધા છે તેને વ્યવહાર સમ્યગ્દર્શન ત્યાં કહેવામાં આવ્યું છે. ત્યાં પણ વ્યવહારે પણ અન્ય તત્ત્વનો અન્ય તત્ત્વમાં અધ્યાસ થતો નથી, ભેળસેળ થતો નથી. ભેળ એટલે અધ્યાસ. સાત તત્ત્વોનો પરસ્પર કોઈ અંદરોઅંદર અધ્યાસ થાય, શુભભાવ

આસ્રવભાવ હોવા છતાં એમાં સંવરનો અધ્યાસ થાય, મલિનતામાં શુદ્ધિનો અધ્યાસ થાય. હેય તત્ત્વમાં ઉપાદેયપણાનો અધ્યાસ થાય, એ વગેરે જે પ્રકાર છે એને ભેળ કહેવામાં આવે છે. સાત તત્ત્વની અપેક્ષા જ હેય-ઉપાદેયનો નિશ્ચય કરવા માટે છે. એટલા માટે સાત ભેદ પાડ્યા. આસ્રવમાં શુભાશુભ આસ્રવ, બંધ અને અજીવ તત્ત્વો છે એ ક્યાંય ઉપાદેય નથી.

સંવર, નિર્જરા, મોક્ષ કથંચિત્ ઉપાદેય છે. અને શુદ્ધાત્મા શુદ્ધ સ્વરૂપ સર્વથા ઉપાદેય છે. પેલા તો જ્યારે ઉપાય કરતા હોય ત્યારે ઉપાદેય છે. આનું તો સર્વથા ઉપાદેયપણું છે. એવો જે વ્યવહારનો વિષય છે તે યથાતથ્ય હોય અને તે પૂર્વક અંતર્મુખ થઈને ભૂતાર્થનો-સત્યાર્થ સ્વરૂપનો આશ્રય કરે ત્યારે એને સિદ્ધ સમાન નિજ સ્વરૂપનું શ્રદ્ધાન થયું. ત્યાં પછી સાતના વિકલ્પ નથી અને સાતના વિકલ્પ નથી તો એ સાતની વ્યવહાર શ્રદ્ધામાં ઊલટી સુલટી ગડબડ હોય તે પ્રશ્ન પણ રહેતો નથી.

**'નિજ શુદ્ધતત્ત્વ અનુભવગોચર કરે.'** પોતાના શુદ્ધ તત્ત્વને અનુભવવા સ્વ સ્વરૂપે અનુભવે. અનુભવગોચર કરે એટલે સ્વ સ્વરૂપે, પોતા સ્વરૂપે અનુભવે. પોતે સિદ્ધપદસ્વરૂપ છે, સિદ્ધસ્વરૂપ છે એવો અનુભવ કરે છે. પ્રથમમાં પ્રથમ. એવા અનુભવથી જ મોક્ષમાર્ગ શરૂ થાય છે. એવો અનુભવ આવે ત્યારે મોક્ષમાર્ગનો પ્રારંભ થયો કહેવાય અથવા મોક્ષમાર્ગની શરૂઆતમાં જ આવો પૂર્ણ તત્ત્વનો અનુભવ કરે. માર્ગમાં જઘન્યપણું છે, પણ અનુભવમાં, શ્રદ્ધાનના વિષયમાં કોઈ જઘન્યપણું છે, પોતાનું સ્વરૂપ ઓછું-વત્તું ત્યાં અનુભવમાં આવે છે એવું તો કાંઈ નથી. પરિપૂર્ણ તત્ત્વ છે તે પરિપૂર્ણ તત્ત્વ જ અનુભવગોચર થાય છે.

**'નિશ્ચયથી શ્રદ્ધાનમાં પોતાનો પરમાત્મા શુદ્ધ છે.'** આ શ્રદ્ધાનનો વિષય છે. શ્રદ્ધાનના વિષયમાં શ્રદ્ધાપ્રધાન ગ્રંથ છે એમાં આ વિષય બહુ સ્પષ્ટ છે. અહીંયાં તો અનુભવપ્રધાન ગ્રંથ છે. પણ અનુભવને અવિનાભાવી જે શ્રદ્ધાન છે,... જ્યાં અનુભવ હોય ત્યાં સમ્યક્ શ્રદ્ધાન હોય જ. જ્યાં સમ્યક્ શ્રદ્ધાન હોય ત્યાં સમ્યક્ અનુભવ હોય જ. અથવા જ્યાં સમ્યક્ શ્રદ્ધાન હોય ત્યાં અનંત ગુણનું શુદ્ધ

પરિણમન હોય જ. ન હોય એવું કદિ બને નહિ. એ વગેરે જે પ્રકાર છે એમાં શ્રદ્ધાનમાં પોતાનો શુદ્ધ પરમાત્મા શ્રદ્ધાય છે. આ નિશ્ચય શ્રદ્ધાન છે. ખરેખર તો અહીંયાં નિશ્ચય શ્રદ્ધાનની પરિભાષા છે કે પોતાના પરમાત્મ સ્વરૂપનું, શુદ્ધ સ્વરૂપનું, શુદ્ધ પરમાત્મસ્વરૂપનું અભેદ શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે, તે નિશ્ચય સમ્યગ્દર્શન છે.

સંપ્રદાયમાં તો નિશ્ચય સમ્યગ્દર્શનની પરિભાષા પણ ભૂલાઈ ગઈ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર અને નવ તત્ત્વનું શ્રદ્ધાન એટલે સમ્યક્ થઈ ગયું. અથવા તો કુળમાં જન્મ થયો, જૈનકુળમાં જન્મ થયો એટલે જૈનપણું થઈ ગયું. પછી તો વ્રત ને સંયમ જેટલો લે એટલો મોક્ષમાર્ગમાં આગળ વધે. આ એક સામાન્ય શ્રદ્ધા થઈ ગઈ. પણ મૂળ જે શ્રદ્ધાનનો વિષય છે, જેમાં પોતાનો પરમાત્મા, થોડીઘણી વાત નહિ, ..ના ભેદ નહિ, પરમાત્મા પરિપૂર્ણ સ્વરૂપ છે એ જ પોતે છે એવું શ્રદ્ધાય છે અને એવું અનુભવાય છે. પોતે જ પરમાત્મસ્વરૂપે છે, સિદ્ધસ્વરૂપે છે, સાક્ષાત્ છે, મોજૂદ છે, હયાત છે. એને પ્રગટ કરવાનો કોઈ વિકલ્પ પણ બેકાર છે. એ તો અનાદિથી પ્રગટ જ છે. એને પ્રગટ કરવો એ પ્રશ્ન રહેતો નથી. એવું જે શ્રદ્ધાનમાં પોતાનો પરમાત્મા શુદ્ધ છે (એમ શ્રદ્ધાય છે).

**'નિશ્ચયથી જ્ઞાન, પરમાત્માનું જાણપણું કેવલજ્ઞાનજાતિથી જાણે;...'** 'દીપચંદજી'ની એમની પોતાની બહુ આગવી શૈલી છે. વાસ્તવિકપણે જ્ઞાન ત્યાં પરમાત્માનું જાણપણું એટલે નિજ પરમાત્માનું જાણપણું-આ નિશ્ચયજ્ઞાન પોતાનું, જેમાં પોતે નિજ પરમાત્મસ્વરૂપે અનુભવાય અને જણાય. અનુભવીને જણય. એમ ને એમ જણાય નહિ. અનુભવીને જણાય. અને તે પણ કેવા જ્ઞાનમાં ? કે કેવળજ્ઞાનની જાતિથી જાણે. જે ત્યાં મતિ-શ્રુતજ્ઞાન છે એનો ભેદ ભલે મતિ-શ્રુતજ્ઞાનનો છે પણ એની જાત કેવળજ્ઞાનની છે. ઠીક ! ક્વોલિટી બદલાણી. ક્વોન્ટિટી હજી નથી ફરી એટલી. પણ ક્વોલિટી બદલાઈ ગઈ છે. એમ લીધું. કેવળજ્ઞાનની જાતિથી જાણે.

જે જ્ઞાનની કેવળજ્ઞાનની જાતિ છે તે જ્ઞાનની અહીંયાં ક્ષયોપશમજ્ઞાનની જાતિ છે. લ્યો, ઠીક ! આ ક્ષયોપશજ્ઞાનનો વિષય આવ્યો. મતિ-શ્રુત તો ક્ષયોપશમભાવે હોય છે. મતિ-શ્રુત તો સદાય ક્ષયોપશમભાવે હોય છે. નિગોદના જીવને પણ ક્ષયોપશમભાવે છે અને

બારમાં ગુણસ્થાનવાળા જીવને પણ હજી મતિ-શ્રુતજ્ઞાન છે એ ક્ષયોપશમભાવે છે. ચોથાનું જ નહિ, હોં ! બારમા ગુણસ્થાન પર્યંત. પણ ચોથા ગુણસ્થાનથી એની જાતિ છે એ કેવળજ્ઞાનની જાતિ છે. એ પહેલાની જાત જુદી અને એ પછીની જાત જુદી. આમ ફેર છે. એમ વિચારવા યોગ્ય નથી કે મને પણ ક્ષયોપશમજ્ઞાન છે અને કેવળી ન થાય ત્યાં સુધી બધાયને ક્ષયોપશમ જ છે. એમાં બીજું શું છે ? મતિ-શ્રુતનો તો બધાને ક્ષયોપશમ જ છે ને. બધા સરખા. એવું બિલકુલ છે નહિ. બહુ મોટો ફેર છે.

'શ્રીમદ્જી'એ તો સ્પષ્ટ લખ્યું છે ને કે, હે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શન ! તારા સદ્ભવામાં પહેલા જે જ્ઞાન ભવહેતુરૂપ થતું હતું તે જ જ્ઞાન એટલે મતિશ્રુતનો જ ક્ષયોપશમ ભવ નિવૃત્તિરૂપ થવા લાગ્યું. જે પહેલા ભવનું કારણ થતું હતું. નવા નવા આયુષ્ય અને દેહ ભરે એવો બંધ પડવામાં નિમિત્ત થતું હતું. કેમકે જાણીને જ રાગ-દ્વેષ કરે. જાણતા રાગ કરે, જાણતા દ્વેષ કરે. એ રાગ અને દ્વેષમાં ક્ષયોપશમ નિમિત્ત હતો. તે જ જ્ઞાન પલટીને, જાતિ પલટાણી એટલે હવે ભવના અભાવનું કારણ થવા લાગ્યું. તે અર્થે હે સમ્યગ્દર્શન ! તને નમસ્કાર હો. ઠીક ! કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શન, એવા શબ્દો વાપર્યા છે.

અહીંયાં પોતાની પદ્ધતિથી એ વાત લીધી છે કે '**નિશ્ચયથી જ્ઞાન, પરમાત્માનું જાણપણું...**' છે. અનુભવ થતાં. પ્રથમ અનુભવ થતાં જે જ્ઞાનમાં નિજ પરમાત્મતત્ત્વનો અનુભવ થયો, જ્ઞાન થયું, તે નિશ્ચય એટલે ખરેખર વાસ્તવિકપણે તે '**પરમાત્માનું જાણપણું કેવળજ્ઞાન-જાતિથી...**' જણાય છે. એ જ્ઞાન કેવળજ્ઞાનની જાતિનું થયું. આટલો મોટો ફેર લીધો છે. જાતિમાં બદલાણું. મિથ્યાજાતિનું જે મતિ-શ્રુત હતું તે અહીંયાં કેવળજ્ઞાન જાતિનું સમ્યક્ મતિ-શ્રુત થયું. ત્યાં સમ્યક્ મતિ-શ્રુત થયું એ કેવળજ્ઞાનની જાતિ પ્રગટ થઈ. એટલી ક્વૉલિટી બદલાઈ ગઈ. એટલું અહીંયાં કેવળજ્ઞાનનું બીજ છે અથવા કેવળજ્ઞાન આગળ વધીને ત્યાં પ્રગટ થઈ જશે. એ વાત ત્યાં પ્રતીતિ થઈ અને પ્રતીતિમાં આવી જાય છે.

મુમુક્ષુ :- બેયની સરખામણીમાં જાતિનો ભેદ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એની જાતિનો ભેદ જણાતો નથી. જાતિભેદ

એને નથી જણાતો. એમ છે. અથવા જે ઉઘાડજ્ઞાન થયું એનો એટલો મહિમા આવ્યો, એ જીવને મિથ્યા ઉઘાડનો અથવા પરલક્ષી, બહિર્લક્ષી ઉઘાડનો (એટલો મહિમા આવ્યો) કે એને એમ થાય છે કે મારા ઉઘાડ આગળ તો જ્ઞાનીઓ એકવાર પાછળ રહી જાય એવું છે. એવો ઉઘાડ છે. આવો કરણાનુયોગમાં અમારી સામે. આવો અનેક પ્રકારના નયના ચક્કરમાં આવો. નયને ચક્કર કહેવાય છે. કેમકે એમાં જીવ ઘૂંચવાય જાય છે. નયચક્રનો વિસ્તાર બહુ છે. એ તો આચાર્યોએ એટલો વિસ્તાર કર્યો છે. એ તો અનંત નયો છે. અને એમાં એવા અટપટા નયો છે કે એક નય ને બીજા નયમાં વિરુદ્ધ ધર્મનો વિષય થતો હોય.

સંસ્કાર પડે એવો પણ આત્મા છે અને સંસ્કાર ન પડે એવો પણ આત્મા છે. બધી રીતે આવે. પુરુષાર્થથી સિદ્ધિ થાય એવો પણ આત્મા છે અને સહજપણે સિદ્ધિ થાય. બેય નયનો વિષય (આવે). પુરુષાર્થનયનો પણ વિષય આવે છે. એકસાથે પરસ્પર (વિરૂદ્ધ). આ ૪૭ નયમાં બીજા કેટલાય જોડકા વિરુદ્ધ નયના લીધા છે. વિરુદ્ધ વિષયને વિષય કરનારા બધા નયો છે. એ વિરુદ્ધ ધર્મો જ છે. આત્મામાં એવા વિરુદ્ધ ધર્મો છે. એટલે તો અન્યમતમાં નથી સમજાતું એનું કારણ એ છે કે જે જૈનાગમની અંદર જે વિરુદ્ધ ધર્મોને વિષય કરનારા જે બધા સ્ટેટમેન્ટ આવે છે, કથનો આવે છે, તો એને એમ થાય છે કે ઘડીક આત્માને આવો કહે છે ને ઘડીક આત્માને આવો કહે છે. જે એક છે તે અનેક છે, એમ કહે. અને જે અનેક છે તે એક જ છે. જે અનેકમાં એકને જુએ છે તે યથાર્થ જુએ છે. એકમાં અનેકને જુએ છે તે યથાર્થ જુએ છે. એક ને અનેક તો પરસ્પર વિરુદ્ધ હોય. એક હોય ત્યાં અનેક ન હોય અને અનેક હોય ત્યાં એક ન હોય. પણ એવા વિરુદ્ધ ધર્મો છે એની અંદર અને એવું જ આત્માનું સ્વરૂપ છે. અનાદિનો અજાણ્યો છે પોતે. કેવી રીતે એને જેવો છે એવો લક્ષમાં-જ્ઞાનમાં લે. આ એક મોટો કોયડો થઈ પડે છે.

મુમુક્ષુ :- 'સોગાનીજી' ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ નિશ્ચયનય ઉપર એનું એટલું વજન હતું ને. અમારે તો એક જ નય છે, બીજો નય જ નથી એમ કહેતા. તો પછી નયાભાસ થઈ જાય. એક નયવાળાને તો નયાભાસ થઈ જાય. તો

કહે છે, અહીંયાં એ નયાભાસ થાય એ વાત નથી. એવું 'નિયમસાર'માં લીધું છે કે આવો જે શુદ્ધ પરમાત્મા છે-પરમપારિણામિકભાવ, એ જે નયથી જણાય છે ત્યાં પછી બીજા નયનો ક્યાં અમારે પ્રશ્ન રહે છે ? એટલે બીજા નયથી પરિણમિત થવું એ એને કોઈ ઉપાદેયતાની વાત રહેતી નથી. કેમકે વ્યવહારને, ભેદને, રાગ અને પર્યાયને, અન્ય દ્રવ્યને બધાને વિષય કરવા જાય છે તો એ પ્રત્યે એને જવાની રુચિ થતી નથી. ત્યાં વ્યવહારનયનો ઉપહાસ કર્યો છે. કયા નયથી હું આમ જાણું ? બીજો કયો નય છે કે હું કાંઈ જાણું ? એવું છે.

કળશ છે ટીકાકાર મુનિરાજનો. શુદ્ધભાવ અધિકાર છે ને ? મુક્તિ માટે અને સંસાર માટે હેય-ઉપાદેયપણાનો વિષય ખૂબ વિસ્તારથી ચાલે. પાછું શુદ્ધનયનું કથન આવે કે આ તો બે પર્યાય છે. '**શુદ્ધ નિશ્ચયનયથી મુક્તિમાં તેમજ સંસારમાં તફાવત નથી.**' લ્યો ઠીક ! ૭૩મો શ્લોક છે.

**शुद्धनिश्चयनयेन विमुक्तौ,**
**संसृतावपि च नास्ति विशेषः**
**एवमेव खलु तत्त्वविचारे**
**शुद्धतत्त्वरसिकाः प्रवदन्ति।।७३।।**

'**આમ જ ખરેખર, તત્ત્વ વિચારતાં...**' તત્ત્વ વિચારતાં એટલે પરમપારિણામિકભાવ, '**(પરમાર્થ વસ્તુસ્વરૂપનો વિચાર અથવા નિરૂપણ કરતાં), શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો કહે છે.**' કોણ કહે છે ? સ્વચ્છંદી નથી કહેતા. '**શુદ્ધતત્ત્વના રસિક પુરુષો આમ કહે છે.**' તકલીફ પડી જાય એવો વિષય છે. ૭૧માં છે. ૭૨માં નહિ.

'**જે સુબુદ્ધિઓને તેમ જ કુબુદ્ધિઓને...**' જે સુબુદ્ધિઓને તેમજ કુબુદ્ધિઓને. સંસારમાં બે પ્રકારના જીવો હોય છે. તેને '**પ્રથમથી જ શુદ્ધતા છે,...**' અનાદિઅનંત જેના સ્વરૂપની શુદ્ધતા છે તો પછી '**તેમનામાં કાંઈ પણ ભેદ હું કયા નયથી જાણું ?**' કારણ કે ભેદ તો વ્યવહારનયથી પડે છે. આ મિથ્યાદૃષ્ટિ છે, આ સમ્યગ્દૃષ્ટિ છે, આ સિદ્ધાત્મા છે, આ સંસારી આત્મા છે, આ જ્ઞાની છે, આ અજ્ઞાની છે. આ જ્ઞાની-અજ્ઞાનીમાં સુબુદ્ધિ ને કુબુદ્ધિ કહેવાય. પણ એના મૂળ

સ્વરૂપને હું જોઉં છું-પરમપારિણામિકભાવને, ત્યારે કયા નયથી હું એનો ભેદ જાણું ? એવો મારી પાસે નય નથી, એમ કહે છે. હું કયા નયથી જાણું ?

૭૧મો કળશ છે. 'નિયમસાર'નો ૭૧મો કળશ. 'રાજકોટ'માં આ શ્લોક ઉપર 'ગુરુદેવ' પ્રવચન આપતા હતા ત્યારે કહેતા હતા કે અહીંયાં મુનિરાજે વ્યવહારનયનો ઉપહાસ કર્યો છે, મશ્કરી કરી છે. જુઓને ! આ વ્યવહારનયનું સ્થાન ક્યાં છે ? વ્યવહારનયનું કોઈ સ્થાન નથી જાણે. એટલું બધું આ જે શુદ્ધભાવ અધિકાર છે, એ એકદમ પરમપારિણામિકભાવ શુદ્ધ તત્ત્વની પ્રધાનતાનો અધિકાર છે.

**प्रागेव शुद्धता येषां सुधियां कुधियामपि।**
**नयेन केनचित्तेषां भिदां कामपि वेद्म्यहम्।।७१।।**

કયા નયથી હું એનામાં ભેદ જાણું ? એમ કહે છે. એવો મારી પાસે કોઈ નય નથી. એમ કરીને એ શુદ્ધદ્રવ્યાર્થિકનયના અભિપ્રાયે સંસારી જીવોમાં અને મુક્ત જીવોમાં મૂળ સ્વરૂપમાં કાંઈ તફાવત નથી એમ દર્શાવવું છે. જે નયથી સિદ્ધાત્માઓ કાર્યસમયસારરૂપ છે અને જેવા તે સિદ્ધાત્માઓ છે તેવા જ શુદ્ધનિશ્ચયનયથી ભવવાળા સંસારી જીવો છે. ભવલીન એવો શબ્દ પડ્યો છે. '**भवमल्लिय**' '**भवम् आलीनाः जीवाः**' ભવલીન જે સંસારી જીવો. એ સિદ્ધાત્મા જેવા જ છે. મૂળ સ્વરૂપે સિદ્ધ આત્મા જેવા જ છે, કાંઈ ફેર નથી. એ નિશ્ચય ઉપર કેટલું વજન છે ! અથવા કેટલું વજન નિશ્ચય ઉપર હોય. જ્યારે કેવળજ્ઞાન જાતિનો સમ્યગ્જ્ઞાન પ્રકાશ થાય ત્યારે એને નિશ્ચય પરમાત્મસ્વરૂપ ઉપર કેટલું બધું વજન હોય એમ દર્શાવવું છે. અને ત્યારે એનું એ આશ્રિત પરિણમન હોય. જ્યારે આટલું વજન હોય ત્યારે આશ્રય થાય અને આટલું વજન ન હોય તો આશ્રય ન થાય એવું અહીં દર્શાવ્યું છે.

'**નિશ્ચયથી જ્ઞાન, પરમાત્માનું જાણપણું કેવલજ્ઞાનજાતિથી જાણે; અલ્પ સમ્યગ્જ્ઞાનથી સંપૂર્ણ સમ્યગ્જ્ઞાનને (પોતાની) પ્રતીતિમાં જાણે.**' જે વર્તમાન ઉઘાડરૂપ અલ્પ સમ્યગ્જ્ઞાન છે તેનાથી સંપૂર્ણ કેવળજ્ઞાનની પ્રતીતિ એને આવે. જ્યારે નિજ પરમાત્માનું એને કેવળજ્ઞાન જાતિથી સમ્યગ્જ્ઞાન છે એનાથી જાણ્યું, તો એમાં કેવળજ્ઞાનની

જાતિ હોવાથી પૂર્ણ સમ્યગ્જ્ઞાનની એટલે પૂર્ણ જ્ઞાનની પણ એમાં પ્રતીતિ આવે છે કે આ જ્ઞાન વધીને કેવળજ્ઞાનરૂપે થઈ જશે. એવી એને પોતાને વિષે અલ્પકાળમાં પોતાના કેવળજ્ઞાન થવાની પ્રતીતિ આવે છે. કેવળજ્ઞાનની પ્રતીતિ આવે છે એટલે ? સંપૂર્ણ જ્ઞાનની પ્રતીતિ આવે છે કે સંપૂર્ણ જ્ઞાન અહીંથી પ્રગટ થઈ જશે, આ રીતે પ્રગટ થઈ જશે, નિયમથી પ્રગટ થશે જ થશે. એવી એની પ્રતીતિ આવે છે.

'મુંબઈ' સિદ્ધચક્ર વિધાનની પૂજા હતી. સિદ્ધ પરમાત્માના હજારો ગુણોના અર્ઘ ચડાવાતા હોય છે. આઠથી શરૂ થાય છે. પહેલે દિવસે આઠ અર્ઘ હોય છે, બીજે દિવસે સોળ અર્ઘ હોય છે, ત્રીજે દિવસે બત્રીસ, ચોથે દિવસે ચોસઠ, પાંચમે દિવસે એકસો અઠ્યાવીશ, છઠે દિવસે બસ્સોને છપ્પન, પછી પાંચસો બાર સાતમે દિવસે. આઠ દિવસની પૂજા હોય. આઠમે દિવસે એક હજાર ને ચોવીસ અર્ઘ હોય છે. એમાં સિદ્ધ પરમાત્માના બધા ગુણોનું વર્ણન આવે છે. આવા ગુણોવાળા આપ છો, સ્વાહા એમ કરીને નમસ્કાર કરે છે. તો એમાં એવા-એવા-એવા ગુણ આવે છે કે એ ગુણથી એવો આત્મા જોવામાં આવે તો એ જાણે સિદ્ધાલયમાં બેસી જાવ તમે ! સિદ્ધાત્માઓને જુઓ. એવી પૂજા છે. અધ્યાત્મનો વિષય ઘણો લીધો છે. 'સંતલાલજી' કરીને કોઈ થઈ ગયા છે. પૂજાના રચયિતા 'સંતલાલજી' કરીને છે. બહુ સારી પૂજા હતી. મેં તો પહેલુંવહેલું આ પૂજન વિધાન (કર્યું). આઠ દિવસ સળંગ લાભ લીધો. ઘણી આધ્યાત્મિક વાતો. પૂજાની અંદર પણ એટલી બધી. કારણ કે સિદ્ધિ ભગવાનની પૂજા છે ને ! આમ તો સિદ્ધ ભગવાનની પૂજામાં બીજું શું આવે ? એ તો સિદ્ધ ભગવાન એટલે સિદ્ધ ભગવાન. પણ એમાં કેવા કેવા ગુણ છે એ અનેક પ્રકારે આવે છે. એવા સૂક્ષ્મ ભેદ-પ્રભેદો છે. એની પ્રતીતિ આવે છે પોતાને. એવી દશાની, સિદ્ધદશાની અલ્પ સમ્યગ્જ્ઞાનમાં પરિપૂર્ણ દશાની, અલ્પ દશામાં પરિપૂર્ણ દશાની પ્રતીતિ આવે છે. અલ્પ દશામાં પરિપૂર્ણ દશાનું જ્ઞાન પણ આવે છે.

તે '**સ્વસંવેદનમાં જાતિરૂપથી પોતાનું સ્વરૂપ કેવલજ્ઞાનમાં બરાબર જાણ્યું.**' સ્વસંવેદનમાં પણ જાણ્યું અને કેવળજ્ઞાનમાં પણ જાણ્યું ! કેવળજ્ઞાન તો બાકી છે. પણ પોતામાં જાણ્યું ને ?

સ્વસંવેદનમાં આ કેવળજ્ઞાન પણ સ્વસંવેદનની જાતિનું છે. કેવું છે ? જે અંદરમાં સ્વસંવેદન ઊપજે છે એવું જ કેવળજ્ઞાનમાં સ્વસંવદેન તો એવી જ જાતિનું છે, કાંઈ બીજી જાતિનું કોઈ સ્વસંવેદન નથી. તો જેવું સ્વસંવેદનમાં જાણ્યું એવું જ કેવળજ્ઞાનમાં જાણ્યું. જેવું કેવળજ્ઞાનમાં જાણ્યું એવું સ્વસંવેદનમાં જાણ્યું. કેવી શૈલી આવી છે !

'**સ્વસંવેદનમાં જાતિરૂપથી...**' જેવી સ્વસંવેદનની જાતિ અનુભવગોચર છે. બસ, એવું જ પોતાનું સ્વરૂપ, આવું જ કેવળજ્ઞાનમાં બરાબર મને અનુભવગોચર થશે એમ જાણ્યું. અંદરમાં કેવળજ્ઞાનનું સ્વરૂપ પણ જાણ્યું. એક નયે તો કેવળજ્ઞાનમાં જાણ્યું. 'શ્રીમદ્જી'એ લીધું છે ને ? કે કેવળજ્ઞાન વર્તે છે. મુખ્યનયના હેતુથી, શુદ્ધનયના હેતુથી અમને કેવળજ્ઞાન વર્તે છે. શ્રદ્ધા અપેક્ષાએ અમને કેવળજ્ઞાન વર્તે છે. શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર ત્રણે બોલ લીધા. વર્તે છે... વર્તે છે... વર્તે છે એમ લીધું. એટલે કેવળજ્ઞાનમાં બરાબર જાણ્યું એમ કહે છે. કેવળજ્ઞાનમાં જાણ્યું. સ્વસંવેદનમાં જાણ્યું એટલે કે કેવળજ્ઞાનમાં જાણ્યું. માત્ર જ્ઞાન છે ત્યાં. સ્વસંવેદનમાં રાગની ઉત્પત્તિ નથી. સ્વસંવેદન કાળે રાગની ઉત્પત્તિ નથી. માત્ર જ્ઞાનમાં જાણ્યું. કેવળજ્ઞાન એટલે માત્ર જ્ઞાન.

કેવળજ્ઞાન (એટલે) ભગવાનને પ્રગટ થયું એવું અહીંયાં પ્રગટ નથી થતું. પણ અહીંયાં તો કેવળજ્ઞાન એટલે માત્ર જ્ઞાન જ છે. એમાં જાણ્યું. એ જાતિ કેવી છે ? કે જેવું ભગવાનને કેવળજ્ઞાન પ્રગટ છે એની જે જાતિ છે. બિલકુલ બરાબર. કેટલો મહિમા કર્યો છે ! પ્રથમ સ્વસંવેદન આવે છે. 'ધવલ'માં એવો પાઠ આવે છે. 'ધવલ', 'જયધવલ', 'મહાધવલ'. જ્યારે જીવને.. ત્યાં તો એમ લીધું છે. આપણે .. લીધું છે. બીજા ગુણસ્થાનથી માંડીને. પહેલું મિથ્યાત્વનું છે. પછી બીજાથી મિથ્યાત્વ નથી. બીજા ગુણસ્થાનથી માંડીને બારમા ગુણસ્થાન સુધી એકદેશ જિન છે. એકદેશ જિન છે. સમ્યક્ પ્રકારે મિથ્યાત્વ જેવા મહાકષાય ઉપર જેણે વિજય મેળવ્યો છે તે જિન છે. ભગવાન તેરમા ગુણસ્થાને પરિપૂર્ણ જિન છે અને સાધક છે તે એકદેશ જિન છે. જિનેન્દ્ર શબ્દકોષનો આધાર લીધો છે. જિનેન્દ્ર શબ્દકોષ છે ને ? એનો આધાર લીધો છે.

મુમુક્ષુ :- એકદેશ એટલે...

પૂજ્ય ભાઈશ્રી :- અમુક ભાગે. એકદેશ એટલે અમુક ભાગે, અમુક અંશે. દેશ એટલે અંશ. અંશે જિન છે તે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- બંનેના અંશ ભલે જુદા જુદા હોય. જાત એક છે, જાત એક છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એકદેશ જિન છે. એ પણ એકદેશ જિન છે. બારમામાં પરિપૂર્ણ જિન નથી. એ આંશિક જિન છે. અને અહીંયાં બીજે, ત્રીજે, ચોથે, પાંચમે આંશિક જિન છે. પછી અંશમાં ભલે ઓછાવત્તાપણું હોય, પણ છે બધા અંશ. એટલે એકદેશ જિન છે. તેરમા, ચૌદમામાં પરિપૂર્ણ જિન છે.

મુમુક્ષુ :- બીજે, ત્રીજે તો ...

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યક્થી ચ્યુત થયો છે પણ મિથ્યાત્વમાં આવ્યો નથી. મિથ્યાત્વમાં નથી આવ્યો. એટલી બધી સૂક્ષ્મતા પકડી છે. ભલે હજી એ સમ્યક્થી ચ્યુત થયો છે. પણ મિથ્યાત્વમાં (નથી આવ્યો).

'ધવલ'માં એ લીધું છે કે ચોથું ગુણસ્થાન જેને પ્રગટ થયું તે મતિ-શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાનને બોલાવે છે. આવકાર આપે છે. કેવળજ્ઞાનનો ત્યાં સત્કાર કરે છે. જેમ સત્કાર કરનાર છે એને જેનો સત્કાર થાય છે એ બે વચ્ચે ભેટો થાય છે ને ? સત્કાર કરનાર ઊભો છે અને જેનો સત્કાર કરવાનો છે, એ બે વચ્ચે ભેટો થાય છે. એમ કેવળજ્ઞાનનો ભેટો થશે અહીંયાં. આ મતિ-શ્રુતજ્ઞાનને કેવળજ્ઞાનનો ભેટો થશે. એટલે એને બોલાવે છે એમ કહ્યું છે. એ જુદી જુદી એક શૈલી લે છે કે આ શું ચીજ છે એમ બતાવવું છે.

મુમુક્ષુ :- ક્યાંક બોલાવે છે એમ કહે અને ક્યાંક એમ કહે છે, અમારે કેવળજ્ઞાન પણ જોઈતું નથી અને મોક્ષ પણ જોઈતો નથી. સમજાતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- આત્મા એવો હાથમાં આવી ગયો છે. એવો આત્મા અમને અનુભવમાં આવ્યો છે કે હે પરમાત્મા ! હવે જેને મુક્તિ જોઈતી નથી એને તું હવે બીજું શું દેવાનો હતો ? 'શ્રીમદ્જી'એ જ આ

લખ્યું છે. એ તો વૈષ્ણવમાંથી આવ્યા હતા ને ? કુળ વૈષ્ણવનું હતું. એમના માતાજી હતા એ સ્થાનકવાસીમાંથી આવ્યા હતા. પોતે તો નાનપણમાં કુળધર્મે વૈષ્ણવની કંઠી બાંધી હતી. પિતામહ, દાદા બધા વૈષ્ણવ હતા. વૈષ્ણવકુળમાં જન્મ્યા હતા. ત્યાં તો બધું એ વાચ્યું હોય ને પહેલા ? ભગવાન આમ આપે, ભગવાન મુક્તિ આપે, ભગવાન આમ કરે અને ભગવાન આમ કરે. એટલે વ્યંગ કર્યો છે કે હવે અહીંયાં જ્યાં પોતે જ શુદ્ધ સિદ્ધ સમાન પરમાત્મા છે એમ અનુભવગોચર થાય છે, ત્યાં હે પરમાત્મા ! જેને હવે મુક્તિની દરકાર નથી, જેને મુક્તિ જોઈતી નથી એને તું બીજું શું દેવાનો હતો ? એમ એ અંતર્મુખ થઈને પરિણમીને કહે છે, હોં ! સ્વચ્છંદથી કહેતા નથી. પાછું એ ધ્યાનમાં રાખવું. એ પોતે પોતાના પરમાત્માને હાથમાં, હથેળીમાં રાખીને વાત છે. એમ ને એમ વાત નથી, અંતર્મુખ થઈને એ વાત છે.

મુમુક્ષુ :- એ તો અંતર્મુખ થઈને વાત છે. મુમુક્ષુએ શું ... ?

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુને પણ વજન તો પરમાત્મસ્વરૂપ ઉપર આવવું જોઈએ અને ચાલતી દશામાં પરિસ્થિતિ શું છે એનો એને ખ્યાલ રહેવો જોઈએ. એ તો જ્ઞાનીઓને ચાલુ દશાનો કાંઈ ખ્યાલ રહેતો નથી એમ નથી. જેને જ્ઞાની થવું છે તેને જ્ઞાની જેવી સ્થિતિમાં આવવું જોઈએ. એનાથી વિરુદ્ધ જાય તો ક્યાંથી જ્ઞાનીમાં આવે ? એને અનુકૂળ થાય એવી દશામાં એણે પણ આવવું જોઈએ. એનું વજન પણ પોતાના નિશ્ચય શુદ્ધ પરમાત્મા ઉપર આવવું જોઈએ. અને જે ચાલતા પરિણામ વ્યવહારનયનો વિષય કહેવાય છે એનો એને સમુચિત વિવેક રહેવો જોઈએ. એ વજન દેવાનો વિષય નથી. એ જાણીને ક્યાંથી ખસવું, ક્યાંથી હટવું એટલો પ્રકાર છે. અને અહીંયાં તો બેસી જવાનો, વજન દઈને બેસી જવાનો વિષય છે. બે વચ્ચે એટલો ફેર છે.

'**થોડા જ્ઞાનમાં ઘણા જ્ઞાનની પ્રતીતિ આવી.**' અથવા અલ્પ જ્ઞાનમાં પૂર્ણ જ્ઞાનની પ્રતીતિ આવી. જ્ઞાન ઉઘાડમાં અલ્પ છે, પણ જે પૂર્ણની પ્રતીતિવાળું જ્ઞાન છે એ જ્ઞાનની જાત જુદી છે અને અલ્પ જ્ઞાનમાં જેમાં પૂર્ણની પ્રતીતિ નથી એ જ્ઞાનની જાત જુદી છે. બે વચ્ચે જાતિભેદ થઈ જાય છે. છે તો ક્ષયોપશમનો ક્ષયોપશમ. પણ જાતિભેદ થઈ જાય છે. '**નિશ્ચયથી સ્વરૂપ જાણ્યું, તે નિશ્ચયજ્ઞાનપરિણતિથી**

**સ્વરૂપમાં આચરવું તે સ્વરૂપચારણ છે.**' હવે આચરણનો બોલ લીધો અહીંથી. શ્રદ્ધા-જ્ઞાનની વાત આગળ આવી. '**નિશ્ચયથી સ્વરૂપ જાણ્યું,,...**' તે જાણનાર પરિણતિ નિશ્ચયજ્ઞાનની પરિણતિ છે. તે પરિણતિથી સ્વરૂપમાં આચરવું એટલે લીન થવું, સ્વરૂપમાં ચરવું, સ્વરૂપમાં વિચરવું તેને સ્પરૂપાચરણ કહેવામાં આવે છે. તે સ્વરૂપાચરણ ચતુર્થ ગુણસ્થાને સ્વરૂપાચરણ નામનું ચારિત્ર ઉત્પન્ન થાય છે. ચોથા ગુણસ્થાને ક્યું ચારિત્ર ? તો કહે, આગમમાં તો ચારિત્ર નથી લીધું. આગમમાં એને અવિરતિ ગુણસ્થાન એવું નામ આપ્યું છે. ચારિત્ર વિહીન લીધા છે. ચોથા ગુણસ્થાનવાળા જીવોને ચારિત્ર વિહીન લીધા છે. અધ્યાત્મમાં એમ નથી લેવું. અધ્યાત્મમાં એ સ્વરૂપાચરણ ચારિત્રમાં આવ્યા છે એમ કહે છે. એમ આગમ અધ્યાત્મની વિવિક્ષા જુદી જુદી છે.

આગમમાં બાહ્ય સંયમની અપેક્ષા લીધી છે કે એમને કોઈ વ્રત છે ? કે નથી. કોઈ પાળે એ બીજી વાત છે. સમ્યગ્દષ્ટિ હોય ને વ્રતાદિ અંગીકાર કરે એ બીજી વાત છે. એ તો મિથ્યાદષ્ટિ પણ વ્રતાદિ અંગીકાર કરી શકે છે. પણ જે સ્વભાવમાં સ્થિરતા અને વૃત્તિ રોકાયને જે રાગનો અભાવ થવો જોઈએ અને વિરતિ આવવી જોઈએ એવી વિરતિ અને સ્થિરતા ત્યાં નથી. એટલે તેને અવિરતિ એવું ગુણસ્થાનનું નામ આપ્યું. અવિરત ગુણસ્થાન. ચારિત્ર છે ? કે હા, સ્વરૂપાચારણ ચારિત્ર છે. પણ એટલા જઘન્ય અંશે છે કે તેથી એ ગુણસ્થાનમાં શ્રદ્ધાનની મુખ્યતા ગણાય છે પણ ચારિત્રની મુખ્યતાથી એ ગુણસ્થાનને કહેવામાં આવતું નથી.

'**તે નિશ્ચયજ્ઞાનપરિણતિથી સ્વરૂપમાં આચરવું તે સ્વરૂપાચરણ છે. પરમાત્માનું શ્રદ્ધાન-જ્ઞાન, નિશ્ચયથી કેટલીક જ્ઞાનાદિ શુદ્ધશક્તિથી, થયું તેવી જ રીતે આચરણ થયું.**' પરમાત્માનું શ્રદ્ધાન-જ્ઞાન થયું તે પરમાત્માને અવલંબીને થયું ને, એમ કહે છે. પરમાત્માનું શ્રદ્ધાએ અવલંબવું થયું, પરમાત્માનું ઉપયોગથી અવલંબવું થયું. તો કેટલીક શક્તિ એમાં પ્રગટ થઈ. નિશ્ચયથી કેટલીક જ્ઞાનાદિ શુદ્ધ શક્તિ. જ્ઞાન-દર્શન, આદિ એટલે બીજા ગુણ લઈ લેવા. એવી જે ગુણોની શુદ્ધ પરિણમનની વ્યક્તિ થઈ એને શુદ્ધ શક્તિ અહીંયાં કહેવામાં આવે છે. જે શક્તિરૂપ ગુણ છે એનું પરિણમન શુદ્ધ થાય ત્યારે શક્તિ પરિણમી એમ કહેવામાં આવે છે. નહિતર તો વિકાર થયો એમ કહેવામાં આવે છે.

વિકૃત થયો. અહીંયાં શક્તિ પરિણમી છે તો એ શુદ્ધ શક્તિથી પરિણમન થયું.

'**જ્ઞાનાદિ શુદ્ધશક્તિથી, થયું તેવી જ રીતે આચરણ થયું.**' આદિમાં બીજા ગુણો લીધા તો આચરણ ચારિત્રશક્તિ પણ એમાં આવી છે. તે ચારિત્ર નામનો ગુણ છે એ અહીંયાં આંશિક શુદ્ધિરૂપે પરિણમે છે. ચારિત્રગુણ સર્વાંશે અશુદ્ધ પરિણમે, જેવો મિથ્યાત્વ દશામાં (છે એવો જ પરિણમે), એમ હોય તો ચોથા ગુણસ્થાને ઉપયોગની સ્થિરતા ક્યાંથી આવી ? જે ઉપયોગ સ્વરૂપમાં સ્થિર થયો, એ સ્થિર થયો ત્યાં ચારિત્ર ઉત્પન્ન થઈ ગયું. સ્થિરતા, અસ્થિરતા એ ચારિત્રનું પરિણમન છે. જો એમાં ચારિત્રનો સાથ ન હોય તો જ્ઞાન પરમાત્માને જાણે પણ તો પરમાત્મામાં સ્થિર ન થાય. આ અવિચલિત દશા રહે છે. અસંખ્ય સમય માટે સ્વરૂપસ્થિરતાની દશા ઉત્પન્ન થઈ જાય છે. પછી તો પરિણતિમાં એ સ્થિરતા રહી જાય છે. પુરુષાર્થ હોય તો. તો એને ત્યાં સ્વરૂપાચરણ ચારિત્ર કહેવામાં આવે છે. એટલે '**તેવી જ રીતે આચરણ થયું.**' અને તેથી ત્યાં શ્રદ્ધાન, જ્ઞાન અને આચરણ-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ, ચોથા ગુણસ્થાનથી કહેવામાં આવે છે.

આ દિગંબર સંપ્રદાયમાં દિગંબર શાસ્ત્ર વાંચીને ઘણા એવી ચર્ચા કરવા આવે છે કે ચોથા ગુણસ્થાનનું નામ તો અવિરત ગુણસ્થાન છે અને અવિરત ગુણસ્થાનમાં તો ચારિત્ર હોતું નથી અને જેને ચારિત્ર નથી તે પૂજ્ય નથી. અહીંથી લે છે. ભાઈ ! એને બહારની જે વિરતિ અને ત્યાગ છે એવું ચારિત્ર નથી. પણ સ્વરૂપાચરણ ચારિત્ર ખરું કે નહિ ? તો કહે, ના. સ્વરૂપાચરણ ચારિત્ર કેવું ? તો સમ્યગ્દર્શન કેવી રીતે ? તો કહે, એ તો આત્માની શ્રદ્ધા છે એને, એની ક્યાં ના છે ? સમ્યગ્દર્શનના કાળમાં શુદ્ધોપયોગ થાય તો જ સમ્યગ્દર્શન થાય અને પ્રથમ સમ્યગ્દર્શન શુદ્ધોપયોગમાં જ ઊપજે. બીજી રીતે સમ્યગ્દર્શન ઊપજે નહિ. એ વિષય અધ્યાત્મ શાસ્ત્રોમાંથી 'ગુરુદેવે' બહુ પ્રસિદ્ધ કર્યો. સંપ્રદાયમાં એ વિષય દિગંબર સંપ્રદાયમાં પણ એના સાહિત્ય-શાસ્ત્ર વાંચનારઓને એ વિષય વાંચીને સ્પષ્ટ થયેલો નથી દેખાતો. ઘણા એ રીતે શાસ્ત્ર વાંચીને લે છે. અમે તો શાસ્ત્રમાં ક્યાંય વાંચ્યું નથી કે સ્વરૂપચારણ ચારિત્ર છે. જુઓ ! આમાં છે. સ્વરૂપમાં આચરવું તે

સ્વરૂપાચરણ છે. અહીંયાં સ્વસંવેદનની વાત લીધી, શ્રદ્ધાનની વાત લીધી ત્યાં સ્વરૂપાચરણની વાત સાથે લઈ લીધી. સ્વરૂપાચરણ નથી તો ઉપયોગ શુદ્ધ થઈને સ્થિર ક્યાંથી થયો ? જેમાં સ્વસંવેદન આવ્યું એ તો શુદ્ધોપયોગમાં આવ્યું અને શુદ્ધોપયોગ એ તો સ્થિર ઉપયોગ છે અને સ્થિર ઉપયોગ છે એ તો સ્થિરતા એ ચારિત્રની પરિણતિ છે, ચારિત્રના પરિણામ છે. સ્થિરતા અસ્થિરતા એ ચારિત્રને બતાવનારું પરિણામ છે.

મુમુક્ષુ :- ... એમ કહે, તારતમ્યતા ફરક છે એટલો જ ફરક છે.

પૂજ્ય ભાઈશ્રી :- ચારિત્રમાં ફેર છે.

મુમુક્ષુ :- તારતમ્યતાનો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. તારતમ્ય એટલે ઉપયોગ વારંવાર શુદ્ધ થાય અને શુદ્ધિ વિશેષ હોય. ત્યાં શુદ્ધિ વિશેષ હોય.

મુમુક્ષુ :- જાતિ એક છે.

પૂજ્ય ભાઈશ્રી :- જાત એક જ છે.

મુમુક્ષુ :- એટલે ચોથાથી સાતમામાં સ્વરૂચારણ બરાબર છે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપાચરણ છે. એ તો બંનેને સ્વરૂપાચરણ છે. એ તો જે આચરણ છે એ યથાખ્યાત્ જાતિનું છે. બારમાં ગુણસ્થાને જે યથાખ્યાત ચારિત્ર પ્રગટ્યું, ચારિત્ર પહેલું પૂરું થાય છે, કેવળજ્ઞાન તો તેરમે થાય છે, આચરણ પહેલા પૂરું થાય છે. જુઓ ! આચરણ પહેલા પૂરું થઈ જાય. એ ગુણ છે એ ગુણ ચારિત્રથી તો આગળ વધે છે. શ્રદ્ધા-જ્ઞાન તો જે છે એ છે. પણ જેટલો ચારિત્રમાં એટલે સ્વરૂપસ્થિરતામાં આગળ વધે એટલા ગુણસ્થાન ચડે. તો ચારિત્ર પહેલું પૂરું થાય છે. એની પ્રધાનતા છે ને. મોક્ષમાર્ગમાં ચારિત્રની પ્રધાનતા છે. 'चरित्तं खलु धम्मो'. બારણા ગુણસ્થાને ચારિત્ર પહેલું પૂરું થઈ જાય છે. એ જે યથાખ્યાત્ ચારિત્રની જાતિ છે એ અહીંયાં સ્વરૂપાચરણમાં ચોથે પ્રગટી.

તેરમા ગુણસ્થાનમાં જે કેવળજ્ઞાનની જાતિ છે એ અહીંયાં સ્વસંવેદનજ્ઞાનમાં પ્રગટ થઈ. એ રીતે વાત અહીંયાં નથી લીધી. બીજા શાસ્ત્રમાં છે. પણ એક જાતિ અપેક્ષાએ તો આચરણ પણ યથાખ્યાત્ ચારિત્રની જાતિ લેવી. કેમકે યથાખ્યાત્ ચારિત્રમાં પણ નિરવશેષ

અંતર્મુખ શુદ્ધોપયોગ-સ્થિર ઉપયોગ છે. પણ ત્યાં પરિપૂર્ણ સ્થિરતા છે એટલે ઉપયોગ ત્યાંથી વિચલિત થઈને બહાર નથી આવતો. ભલે લોકાલોક જણાય તોપણ. અને અહીંયાં આંશિક સ્થિરતા છે એટલે સાધક જીવ પાછા ચ્યુત થઈને વિકલ્પ અને રાગની બહારની દશામાં આવે છે. એ સ્થિરતા છે એ આંશિક છે અને પૂર્ણ છે. એ તારતમ્યભેદ છે પણ જાતિભેદ એમાં નથી. કેમકે એને સ્વરૂપનું અવલંબન છે, આમાં પણ સ્વરૂપનું અવલંબન છે. સ્વરૂપસ્થિરતા તો બંને સ્વરૂપસ્થિરતા જ છે. ઓછીવત્તી છે એટલો ફેર છે, પણ જાતફેર એમાં નથી.

મુમુક્ષુ :- શા માટે પૂજ્ય છે એનો મેળ બરાબર છે.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર મેળ છે. એને જિન કહ્યા છે. પછી ક્યાં સવાલ છે. અરે..! ધર્મ પૂજ્ય હોય તો ધર્મનો ધણી જે આત્મા-ધર્મી એ તો ધર્મનો ધણી છે, એ અપૂજ્ય કેવી રીતે થાય ? ધર્મ પવિત્ર છે. ધર્મ શા માટે પૂજ્ય છે ? તે નિર્દોષ સમ્યક્ પવિત્ર પરિણામ છે માટે. પવિત્રતાને ખાતર એ પૂજ્ય છે. એ તો પરિણામ છે. પણ એની પવિત્રતા હોવાથી તે પૂજ્ય છે. એ પવિત્રનો ધરનાર અપૂજ્ય કેવી રીતે થાય ?

મુમુક્ષુ :- ... ચોથે ગુણસ્થાને જિન માનવામાં આવે પણ ચોથે ગુણસ્થાને તો પડી જાય છે તો ... ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ગુણસ્થાન છૂટે. આ એકદેશ જિન છે ને. એકદેશ જિન છે. સંપૂર્ણ જિન થાય તો ન પડે. પરિપૂર્ણ જિન થાય એ ન પડે. બારમા ગુણસ્થાનથી ન પડે. આમ તો શ્રેણી માંડે તો આઠમાંથી પણ ન પડે પછી. શ્રેણી માંડે તો આઠમાંથી પણ ન પડે. એ તો પરિણામના ભેદ-પ્રભેદનો વિષય થઈ ગયો.

મુમુક્ષુ :- તો પછી આઠમેથી જિન કહીએ ...

પૂજ્ય ભાઈશ્રી :- જિન છે એ ગુણવાચક નામ છે. જેણે સમ્યક્ પ્રકારે વિષયકષાય ઉપર વિજય મેળવ્યો તે જિન થયા. હવે એમાં છે ને એ તો શબ્દનો અર્થ થયો. ભાવમાં ભાવભાસનથી તો એ બહુ સરસ બેસે છે. જિન ક્યારે થાય છે ? હવે એ સમ્યક્ પ્રકારે ક્યારે વિજય મેળવાય છે ? સામાન્ય રીતે બધા મન પાસે હારેલા જીવો છે. સંસારી જીવો બધા મન અને ઇન્દ્રિય પાસે હારેલા જીવો છે. છે કે નહિ ?

પરિસ્થિતિ જોઈ લેવી. તો એક એવી પુરુષાર્થની અંદરમાં જાતિ ઉત્પન્ન થાય છે. એ આખી જાત જુદી જ છે એમ કહે છે. હઠની જાતિ છે એનાથી પણ જુદી જાત છે. નહિતર તો હઠ જાતિથી તો દ્રવ્યલિંગી પર્યંત જાય છે. એ નહિ. અહીંયાં એક એવી જાત પુરુષાર્થની ઉત્પન્ન થાય છે કે એના પરિણામ ઉપર એનો કંટ્રોલ આવે છે. મર્યાદિત પરિણામ થઈ જાય છે. એ સાધારણ વાત નથી. એટલો એ પોતે જ્ઞાયક સ્વરૂપે જાગૃત અંદરમાં જાગતી જ્યોત ઊભી છે કે એના જે વિકૃત પરિણામો છે એ મર્યાદામાં રહે છે.

જેમ કહે છે ને કે શિક્ષક ઊભા હોય તો વિદ્યાર્થી એની હાજરીમાં ઊંચાનીચા ન થઈ શકે. છાનામાના ડાહ્યાડમરા થઈને બેસે. એવા પહેલા કડક શિક્ષકો હતા. હવે તો એ શિક્ષકની કડકાઈ નથી. અમે ભણેલા ત્યાં એક શિક્ષક એવા હતા. એ એના શિક્ષક રૂમમાંથી બહાર નીકળે છોકરાઓ ફટાફટ ક્લાસમાં બેસી ગયા હોય. પીરિયડ બદલાય ત્યારે બધા શિક્ષકો શિક્ષક રૂમમાં જાય. પછી એક-બે મિનિટમાં પોતપોતાના જે વિષય હોય એના પુસ્તક લઈને. જે-તે સ્ટાન્ડર્ડમાં જુદા જુદા સ્ટાન્ડર્ડમાં એ અભ્યાસ કરાવતા હોય, વર્ગ લેતા હોય તો એ જે સ્ટાન્ડર્ડમાં જવું હોય, જે વિષય હોય એની બુક લેવા પોતના રૂમમાં જાય. તે લઈને બહાર નીકળે ત્યાં છોકરાઓ તો એટલી વારમાં ઊંચાનીચા થઈ જ ગયા હોય, પીરિડય બદલાય ત્યારે. પણ એ બહાર નીકળે ને ત્યાં બધા ઠેકાણે. આપણે 'ગુરુદેવ' નીકળતા ત્યારે જોયું છે ને. આડાઅવળા ઊભા હોય કમ્પાઉન્ડમાં, પણ એમ થાય કે 'ગુરુદેવ' નીકળ્યા છે તો બધા બોલતા હોય, ચાલતા હોય, વાતચીત કરતા હોય, ગમે તેમ બેઠા હોય, ઊભા હોય.

આ જે જ્ઞાનજ્યોતિ છે, જેમાં સ્વરૂપજ્ઞાન વર્તે છે. જ્ઞાયક જેની અંદર પ્રગટ છે એમાં એ બધા જે વિકૃત પરિણામ છે એ લગામમાં આવે છે, મર્યાદામાં આવે છે. એ સમ્યગ્જ્ઞાન કંટ્રોલીંગ વાલ જેવો વિષય છે. એટલે એ પ્રકારે એણે રીતસર વિજય મેળવ્યો છે. અવિવેકમલ્લ ઉપર વિવેકમલ્લે વિજય મેળવ્યો છે અને પછાડ્યો છે બરાબર. ચડી બેઠો છે એના ઉપર. એટલે એને એમ કહેવાય છે કે એ જિન છે, એણે જય મેળવ્યો છે. અને એ જય મેળવવા માટે એણે અંદરમાં ઓછી લડાઈ

નથી કરી. એનું જે દ્વંદ્વ-યુદ્ધ ચાલ્યું છે, જેમ મલ્લનુ દ્વંદ્વ યુદ્ધ ચાલે એવું દ્વંદ્વ યુદ્ધ પહેલા ચાલે છે. એવું બહુ સારી રીતે અંદરમાં યુદ્ધ ચાલ્યા પછી આ વિજય મળે છે. સામાન્ય વાત નથી. અનાદિના સંસ્કાર, વિરુદ્ધ સંસ્કાર લેતો લેતો જીવ, હજી એ જ દશામાં પરિણમ્યો છે એ આખી દશા સંસારની પલટી નાખે અને આખો માર્ગ બદલાય જાય તો અંદરમાં એક યુદ્ધ ચાલીને વિજય મેળવ્યો છે.

આગળ ન કહ્યું ? કે અમે રણસ્તંભ રોપ્યો છો. મોક્ષમાર્ગમાં વિજયનો રણસ્તંભ રોપ્યો છે. હવે અમારી પરિણતિ પાછી ફરવાની નથી. એવી દઢતા વર્તે છે. તો એ સમજીને લખ્યું છે. ખાલી અર્થ નથી જય મેળવ્યો છે એવો. લડાઈ કરીને, તાકાત વાપરીને વિજય મેળવ્યો છે. તો એને જિન કહ્યા છે. એમ ને એમ કાંઈ જિન કહ્યા નથી.

અહીંયાં એમ કહે છે કે '**તેવી જ રીતે આચરણ થયું. નિશ્ચયનય પરમાત્મા છે.**' આમ લઈ લીધું છે. નયને જ પરમાત્મા કીધો છે. જે નિશ્ચયનય પરમાત્માને સ્વાકાર ભાવે વિષય કરે છે, સ્વરૂપાકાર ભાવે જ્ઞાન પરિણમી જાય છે. જ્ઞાન છે ને એ સાકાર પરિણામ છે. જેવી જ્ઞેયની આકૃતિ હોય, એવું બરાબર એ આકૃતિનું રૂપ ધારણ કરે છે. અહીંયાં સ્વજ્ઞેય છે-પરમાત્મા. જે નિશ્ચયનય છે એનો વિષય સ્વજ્ઞેય પરમાત્મા છે. બિલકુલ એવો જ સ્વકારભાવે ઉપયોગ પરિણમે છે કે હું પરમાત્મા છું. જેવો પરમાત્મા અંદર છે એવો. તો કહે, નિશ્ચયનય પરમાત્મા છે. લ્યો ઠીક ! હવે પૂજ્ય છે કે નહિ એમ કહી દ્યો એને. કે પરમાત્મા પણ પૂજ્ય નથી.

'**નિશ્ચયનય પરમાત્મા છે.**' એમ નાખ્યું છે. આમ તો શું છે કે એ નિશ્ચયનય પરિણત જીવ સાધ્ય જે પરમાત્મ દશા, એને પામવાનો છે. એ જાતિએ પરિણમ્યો અને એને પામવાનો છે. એટલે રાજાને ત્યાં કુંવર જન્મે તો કહે, આ અમારો રાજા જન્મ્યો. એમ કહે. પ્રજા શું કહે એને ? આ તો અમારો રાજા છે, રાજા. કુંવર કહેવાને બદલે રાજા કહે. કેમકે રાજા થવાનો છે. એનો રાજ્યાભિષેક થવાનો છે. એ રીતે સાધનમાં સાધ્યનો ઉપચાર કરવામાં એની સ્થિતિ, એની જાતિ, એની મહત્તા શું છે એ પણ એની અંદર બતાવવાનો હેતુ રહેલો છે.

મુમુક્ષુ :- સમય તો ઘણો છે વચમાં રાજા થવાનો.

પૂજ્ય ભાઈશ્રી :- કેટલો છે ઘણો છે એટલે ? કેટલો ગણ્યો ઘણોમાં ? કેટલો છે ? અસંખ્ય સમય છે. અનંત સમય નથી કાંઈ. અસંખ્ય સમય છે. એ તો એક સેકન્ડને પણ અસંખ્ય સમય કહેવાય છે અને બે-ચાર-પાંચ ભવ જાય એને પણ અસંખ્ય સમય કહે છે. ભલે સાગરોપમના આયુષ્ય હોય. તેત્રીસ સાગરનું આયુષ્ય હોય તોપણ અસંખ્ય સમય છે, અનંત સમય નથી કાંઈ.

મુમુક્ષુ :- ભાવિમાં તીર્થંકર થવાના હોય...

પૂજ્ય ભાઈશ્રી :- હા. તો અસંખ્ય સમય છે.

મુમુક્ષુ :- અત્યારે તીર્થંકર કહેવાય ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. નિશ્ચયનય પરમાત્મા છે. ચોખ્ખું લખ્યું. '**નિશ્ચયનય પરમાત્મા છે.**' આપણે એક તથ્ય નામનું પુસ્તક અહીંથી બહાર પાડ્યું છે. (એક શાસ્ત્રીએ) હમણા પ્રશંસા કરી છે. આપણા વિદ્વાન નથી. 'ગુરુદેવ'ને અનુસરીને એ વિદ્વાન નથી. તમારા સંપ્રદાયના વિદ્વાન છે. પણ વિદ્વાનોમાં એની ગણતરી છે. એમના હાથમાં એ પુસ્તક આવ્યું. બહુ ગમ્યું છે એને. પોતાનો સંપાદકીય લેખ જ આખો એના ઉપર લખ્યો છે અને પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો છે. જૈન સંદેશ. જૈન સંદેશમાં આવ્યું છે. એમાં 'સૂર્યકીર્તિ' ભગવાનનો વિષય પણ લીધો છે. 'સૂર્યકીર્તિ' ભગવાનની પ્રતિમાનો ફોટો, એની પ્રશસ્તિ એ બધું પણ એની અંદર આપ્યું છે. એમણે વાંચ્યું. આ તો બધું બરાબર છે. આનો વિરોધ કેવી રીતે કરાય ? આ તો બધું બરાબર છે. આનો વિરોધ કરશો તો સર્વજ્ઞ પરમાત્માનો વિરોધ થશે. જે અત્યારે દિગંબર મુનિઓ વિરોધ કરતા હતા એ વિરોધ ઠંડો પડી ગયો છે.

મુમુક્ષુ :- એ લોકોના જ...

પૂજ્ય ભાઈશ્રી :- આપણા વિદ્વાનો હવે આમ કહેવા માંડ્યા છે ! તો આ કાંઈક અપરાધમાં આવી જશું આપણે. આજે બહુ ફેરફાર છે. જે વિરોધ ઊઠ્યો હતો એમાં આજે બહુ મોટો ફેરફાર છે. સમજણથી જુએ તો આમાં તકલીફ પડે એવું નથી. અણસમજણથી તો ગમે તેવું તોફાન થઈ જાય.

'**નિશ્ચયનય પરમાત્મા છે.**' અથવા નિશ્ચયનયનું પરિણમન પરમાત્માના સાકાર ભાવે છે. ત્યાં પરમાત્મા સાકાર થયા છે.

નિશ્ચયનયમાં. લ્યો ! એમ લીધું. પરમાત્મા નિરંજન નિરાકાર છે પણ નિશ્ચનયમાં સાકાર થયા છે. આમ છે. સાકાર થયા છે, નિશ્ચયનયમાં પ્રગટ થયા છે, પરમાત્મા પ્રગટ્યા છે અને નિશ્ચયનયમાં પરમાત્મા અનુભવગોચર થયા છે. આ ત્રણે બોલ લાગુ પડે છે. તેથી '**નિશ્ચયનય પરમાત્મા છે.**'

'અનુભવપ્રકાશ'માં તો એમણે અધ્યાત્મનો વિષય ઘણો ઊપસાવીને મૂક્યો છે. નહિતર અધ્યાત્મનો વિષય છે એ ઉપસાવવો પણ સહેલો નથી, વાણીગોચર કરવો એ સહેલો નથી અને બહુ ઓછું કથન મળે. વ્યવહારના થોકડાબંધ કથન મળે. અધ્યાત્મનું કથન એટલું સાહિત્યની અંદર ઉપલબ્ધ પણ નથી. આ ગ્રંથમાં તો એકદમ અધ્યાત્મ ગ્રંથ જ છે.

'**પરિણતિ તેવી જ નિશ્ચયરૂપ પરિણમી છે.**' નિશ્ચયનય પરમાત્મા છે અને પરિણતિ તેવી જ નિશ્ચયરૂપ પરિણમી છે. જેવા પરમાત્મા છે તેવી. એ '**નિશ્ચયરત્નત્રય પ્રથમ વ્યવહારરત્નત્રય થતાં, થાય છે.**' આ વાત સાથે સાથે નાખતા જાય છે કે આટલી નિશ્ચયપ્રધાન વાત કરતાં પાછું કોઈ વ્યવહાર બહાર ચાલ્યો જાય તો એ અધ્યાત્મનું ગપ્પું થઈ જશે. અધ્યાત્મ નહિ રહે પણ અધ્યાત્મનું ગપ્પું થઈ જશે. ત્યાં અધ્યાત્મની ગંધ પણ નથી. ઘણાની એવી શૈલી હોય છે. એવું અધ્યાત્મ દેખાય... એવું અધ્યાત્મ દેખાય કે વ્યવહારમાં પાછું બરાબર છે કે નહિ ? વ્યવહાર બહાર છે ? જોઈ લ્યો. એટલે એ વાત સાથે સાથે અહીંયાં બતાવતા જાય છે.

મુમુક્ષુ :- વ્યવહારરત્નત્રય ... શું કહેવું છે ?

પૂજ્ય ભાઈશ્રી :- વ્યવહારની મર્યાદામાં એ જીવ હોય જ. વ્યવહારની મર્યાદા બહાર એ જીવ જઈ શકે નહિ. કેમકે જ્ઞાન સમ્યક્ થતાં એના વિકૃત પરિણામ ઉપર કંટ્રોલ આવ્યો કે ન આવ્યો ?

જુઓ ! એક આપણે એમ કહીએ છીએ કે જો સમ્યગ્દર્શન પામવું હોય તો રાગના એક કણની પણ રુચિ પોષાતી હશે તો સમ્યગ્દર્શન નહિ થાય. એના જે રાગરૂપ પરિણામ છે એ તો ગયા નથી. એ તો હજી જ્ઞાનીને જ્યાં સુધી છઠ્ઠું ગુણસ્થાન છે ત્યાં સુધી તો બુદ્ધિપૂર્વકનો રાગ જતો નથી મુનિદશા પર્યંત. બરાબર છે ? ચોથા-પાંચમામાં તો

અશુભરાગ પણ હોય છે. છઠ્ઠાથી અશુભરાગ નથી. તો એક બાજુ એમ સ્થાપો કે એને અશુભરાગ હોય. શુભરાગ તો હોય પણ એને અશુભરાગ પણ થાય. હોય એટલે થાય. અને બીજી બાજુથી એમ સ્થાપો કે રાગના એક કણની રુચિ હોય તો સમ્યગ્દર્શન-ચોથું ગુણસ્થાન ન થાય. આનો મેળ કેવી રીતે મેળવવો ? આ સવાલ છે. આનો મેળ કેવી રીતે મેળવવો ?

પરિણમન થવું એક વાત છે, રુચિ હોવી બીજી વાત છે. પરિણમન થવું એક વાત છે અને એને ઠીક માનવું એ બીજી વાત છે. એને ઇષ્ટ માનવું એ બીજી વાત છે. એ માન્યતાની પ્રધાનતાથી અહીંયાં જોવું છે. અને માન્યતાની પ્રધાનતામાં પરિણમનની સ્થિતિમાં મુખ્ય-ગૌણ કેમ છે એનો પણ યથાયોગ્ય ગુણસ્થાન અનુસાર એને આચરણનો પણ વિવેક કરવો જોઈએ. એકલી માન્યતા થઈ ગઈ છે એમ નથી. માન્યતા સ્વરૂપાચરણ સાથે ઉત્પન્ન થતી હોવાથી માન્યતાને આચરણના પરિણામ સાથે બિલકુલ સંબંધ નથી, એમ કોઈ કહે તો એ ભૂલ કરે છે. એને અહીંયાં એમ નાખે છે કે વ્યવહારરત્નત્રય થતાં નિશ્ચયરત્નત્રય હોય. વ્યવહારરત્નત્રય ન હોય અને નિશ્ચયરત્નત્રય હોય એ વાત કોઈ રીતે બેસતી નથી. એમ કહેવું છે.

મુમુક્ષુ :- અહીં વ્યવહાર બહારનો લેવો કે અંતરનો ?

પૂજ્ય ભાઈશ્રી :- અંતર-બાહ્ય બેય લેવો. અંતર-બાહ્ય બેય લેવો. વ્યવહાર તો મુખ્યપણે શું છે કે અંતરનો વ્યવહાર તો આ શુદ્ધ પરિણતિ જ અંતરંગ વ્યવહાર છે. જે શુદ્ધ પરિણતિ છે એ જ અંતરંગ વ્યવહાર છે. સમય થઈ ગયો છે ને ? શુદ્ધ પરિણતિ જ અંતરંગ વ્યહાર છે. વ્યવહારરત્નત્રય છે એ બહારનો વ્યવહાર છે. વિશેષ લઈશું...

**તા. ૩-૧-૧૯૮૯, પાના નં. ૪૩, પ્રવચન નં. ૮૭**

**'એ નિશ્ચયરત્નત્રય, પ્રથમ વ્યવહારરત્નત્રય થતાં, થાય છે. માટે વ્યવહારરત્નત્રય સાધક છે, નિશ્ચયરત્નત્રય સાધ્ય છે.'** કથનપદ્ધતિ ઉપરથી વ્યવહારરત્નત્રયને સાધન ગણીને નિશ્ચયરત્નત્રય સાધવાનો પ્રયત્ન બહુ ભાગ જીવ કરે છે. પરંતુ એ પ્રકારથી તો અભવ્ય પણ સાધવાનો પ્રયત્ન કરે છે. વ્યવહારરત્નત્રયમાં તો અભવ્ય જીવ પણ આવે છે. દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચારનો જે વ્યવહાર છે, છતાં ત્યાં સાધ્ય-સાધકપણું, સાધ્ય સિદ્ધ થતું નથી એટલે સાધ્ય-સાધકપણું ત્યાં લાગુ પડતું નથી. અહીંયાં વ્યવહારરત્નત્રયના સાધન વિના નિશ્ચયરત્નત્રય સધાય છે એવું કોઈ ન ગ્રહણ કરે, એવા સિદ્ધાંતથી કોઈ આગળ વધવા ન જાય એટલી અહીંયાં મર્યાદા બાંધી છે. વ્યવહારથી થાય એમ પણ નહિ અને વ્યવહાર વિના થાય એમ પણ નહિ.

'ગુરુદેવશ્રી' આ વિષયનો સ્પષ્ટ ખુલાસો એ રીતે કરતા કે વ્યવહાર વિના પણ નહિ અને વ્યવહારથી પણ નહિ. વ્યવહાર વિના એટલા માટે નહિ કે જેને વ્યવહારમાં પણ આવવું થયું નથી, એને નિશ્ચયમાં આવવાનું ક્યાંથી થાય ? વ્યવહાર દશામાં આવે અને નિશ્ચયને યોગ્ય પુરુષાર્થ કરે એ જુદો જ વિષય છે, તો એને સિદ્ધિ થાય. પણ વ્યવહર દશામાં આવે જ નહિ ને નિશ્ચયનો સીધો કોઈ પુરુષાર્થ કરે તો એને કાર્ય સિદ્ધિ થાય અથવા નિશ્ચયનો પુરુષાર્થ પ્રગટ થાય એવું બની શકતું નથી. એમ કહેવું છે.

મુમુક્ષુ :- મુનિદશામાં આવે એવા વ્યવહારમાં આવવું પડે ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. મુનિયોગ્ય જે શુદ્ધિ છે એ તો મુનિયોગ્ય વ્યવહાર દશામાં આવ્યા પછી જ પ્રગટ થાય. ગૃહસ્થને કેવળજ્ઞાન થાય કે દીક્ષા અંગીકાર કર્યા વિના કોઈને કેવળજ્ઞાન થાય એવું બનતું નથી. કેવળજ્ઞાન તો ન થાય પણ છઠ્ઠું-સાતમું ગુણસ્થાન પ્રગટ થાય એમ પણ નહિ. ચોથું. ચોથું પણ ન આવે. છઠા-સાતમાંની તો ...

મુમુક્ષુ :- નિશ્ચયરત્નત્રય તો ચોથા ગુણસ્થાને પ્રગટ થઈ ગયો..

પૂજ્ય ભાઈશ્રી :- નિશ્ચયરત્નત્રય ચોથા ગુણસ્થાનમાં શરૂ થાય પછી તો યથાયોગ્ય વ્યવહાર ગુણસ્થાન અનુસાર થાય છે. કેમકે પાંચમા ગુણસ્થાને કોઈ જીવ આવે છે, એને એમ કહે છે કે વ્રતાદિ પરિણતિ સાધક છે અને સ્થિરતા સાધ્ય છે. એમ કહેશે. પણ ખરેખર તો સ્થિરતા આવવાથી જે કાંઈ કષાયનો અભાવ થયો તેથી આપોઆપ જ તેને નીચેના કષાય પરિણામ થતાં નથી એનું નામ એનો વ્યવહાર છે. પણ એ અધ્યાત્મપદ્ધતિ છે. આગમપદ્ધતિથી તો પહેલા એ વ્રતાદિ અંગીકાર કરે છે અને એને સ્થિરતા થાય છે. હવે એમ શા માટે થયું ? બંનેમાં ન્યાય છે.

મનુષ્યપ્રાણી છે એણે તો વિકલ્પપૂર્વક કેટલાક વિષય કષાય અંગીકાર કરેલા છે. એનો વિકલ્પ એને ચાલે છે. વિકલ્પ ચાલે છે એટલી સ્પષ્ટતા, એટલો જ્ઞાનનો ક્ષયોપશમ, એટલો વીર્યનો ક્ષયોપશમ, પુરુષાર્થનો ક્ષયોપશમ એ બધો કાર્યરત થાય છે. તો એને એ તબક્કાથી તો પાછળ વળવું જ રહ્યું. જે તબક્કે એ આગળ વધી ગયો છે ત્યાંથી તો પાછા વળવું જ રહ્યું. એટલે એ વિકલ્પપૂર્વક એનો એને દઢ નિશ્ચય થાય છે. એટલે પ્રતિજ્ઞા લે છે. દઢ નિશ્ચયમાં એ પ્રતિજ્ઞા લે છે. આ મને ન હો.. આ મને ન હો.. હવે પછી આ મને ન હો.

તિર્યંચ પંચમ ગુણસ્થાને આવે છે તો એને તે પ્રતિજ્ઞાના વિધિ-વિધાન નથી હોતા. છતાં પંચમ ગુણસ્થાન આવે છે. કેમકે એને વિકલ્પપૂર્વક અનાચાર નથી. તો એને વિકલ્પપૂર્વક પાછા વળવાનો પણ પ્રશ્ન નથી. માણસ નથી કહેતા ? કે જો તમે સમાજ આખાને છેતર્યો હોય તો તમે સમાજ પાસે માફી માગો. તમે માત્ર તમારા ગુરુ પાસે ક્ષમા માગો એમ નહિ. ગુરુ પણ એને એમ કહે કે આમાં આખા સમાજ સાથે તમારો અપરાધ છે માટે તમારે સમાજ પાસે ક્ષમા માગવી રહી. ગુરુનો અપરાધ હોય તો ગુરુ પાસે એ ક્ષમા માગે. એવો નિયમ છે. અમુક વસ્તુ અમુક હદે હોય તો જાહેરમાં એ રીતે થવું જોઈએ. એટલી હદે ન હોય તો ભલે જાહેરમાં ન થાય તોપણ ચાલે. એમ અહીંયાં પણ વ્યવહાર-નિશ્ચયના પ્રકાર છે.

ખરેખર તો સાધક જીવ ચોથા ગુણસ્થાનથી પાંચમા ગુણસ્થાને આવે, છઠ્ઠા-સાતમા ગુણસ્થાને આવે તો એ સ્વરૂપસ્થિરતાને કારણે

આવે છે. બાહ્ય વ્યવહારને લઈને આવે છે એમ નથી. દૃષ્ટાંત લઈએ, કોઈ ચોથા ગુણસ્થાનવાળો જીવ પંચમ ગુણસ્થાન યોગ્ય વ્યવહાર પાળે. ક્ષુલ્લક થાય, એલ્લક થાય. તેથી એને પંચમ ગુણસ્થાન વર્તે છે એમ નથી. પણ પંચમ ગુણસ્થાનને યોગ્ય સ્વરૂપસ્થિરતા સ્થિરતા ઉત્પન્ન થઈ હોય અને વીતરાગતા વધી હોય અને એ વીતરાગતા વધવાને કારણે રાગ મટ્યો હોય, રાગ તૂટ્યો હોય, રાગનો અભાવ થયો હોય તો પંચમ ગુણસ્થાન કહેવાય.

તેવી જ રીતે ચોથા કે પાંચમા ગુણસ્થાનવર્તી કોઈ જીવ, નિશ્ચયથી ચોથા-પાંચમા ગુણસ્થાનમાં છે અને દીક્ષા લઈને મુનિદીક્ષા અને મુનિપણું અંગીકાર કરે. ત્યાં એને સાતમું ગુણસ્થાન ન આવે અને છઠ્ઠા-સાતમા યોગ્ય શુદ્ધિ ન વર્તતી હોય પણ મુનિદશા યોગ્ય વ્યવહાર પાળવા છતાં તે દ્રવ્યલિંગી છે. સમ્યગ્દૃષ્ટિ દ્રવ્યલિંગી છે. એ ચોથા-પાંચમા ગુણસ્થાને છે.

એટલે ગુણસ્થાન તો રાગનો અભાવ થતાં અને વીતરાગતા પ્રગટ થતાં ગુણસ્થાન વૃદ્ધિ છે, ગુણસ્થાનનું ચડવું છે, આરોહણ થવું છે. પણ એ ગુણસ્થાનમાં રાગ નિયમથી કપાય છે અને રાગ નિયમથી અભાવ થાય છે ત્યાં ઉત્પન્ન થવાનો પ્રશ્ન રહેતો નથી. મંદ થાય ત્યાં મંદપણે વર્તે અને કોઈવાર તીવ્રપણે વર્તે. પણ અભાવ થયો એ ક્યાંથી ઉત્પન્ન થાય ? તો ત્યાં એ અભાવ થઈ ગયો તે વ્યવહાર છે. રાગનો અભાવ થયો તે વ્યવહાર છે અને વીતરાગતાનો, શુદ્ધિનો સદ્ભાવ થયો તે નિશ્ચય છે. વ્યવહાર પર સાથે સંબંધ રાખે છે. રાગ અને રાગનો વિષય, એનો અભાવ વર્તે છે એ વ્યવહાર છે. નિશ્ચય સ્વ સાથે સંબંધ રાખે છે, એ સ્વની શુદ્ધિ થઈ છે એ ત્યાં નિશ્ચય છે. એમ લેવું. સીધું એમ છે.

મુમુક્ષુ :- ... એ જીવને શું વ્યવહાર હોય જે સાધક થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- એના દેવ, ગુરુ, શાસ્ત્ર અને સત્પુરુષ પ્રત્યેની આસ્થા-ભક્તિ આદિનો વ્યવહાર યથાયોગ્ય હોય. એને અનેક પ્રકારના જે કોઈ એના ઉદય યોગ્ય પરિણામો છે એમાં એને આત્મલક્ષ રહ્યા કરે. પછી જે પાત્રતાના લક્ષણ બધા લીધા છે એ બધો એનો વ્યવહાર છે. જેટલા પાત્રતાના લક્ષણ છે એ બધો એનો વ્યવહાર છે. તો એ જીવ

સમ્યક્ત્વને પામે છે. પાત્ર પહેલા થાય છે અને સમ્યક્ થાય છે ને ? તો એને સ્વરૂપનિશ્ચય વર્તે છે એ એનો જ્ઞાનાદિનો વ્યવહાર છે. સ્વરૂપ નિશ્ચય થયો એ એનો જ્ઞાનનો વ્યવહાર છે. સાચા દેવ-ગુરુ, વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર-સત્પુરુષ આદિનું સ્વરૂપ ઓળખીને એમના પ્રત્યે શ્રદ્ધા, આસ્થા, ભક્તિ એ આદિનો પ્રકાર છે એ એનો શ્રદ્ધા સંબંધીનો વ્યવહાર છે, આચરણ સંબંધીનો વ્યવહાર છે. એ રીતે. બહારનો જે મુમુક્ષુને યોગ્ય વ્યવહાર છે એ વ્યવહારની બહાર હોય અને કોઈને ચોથું ગુણસ્થાન પ્રગટે એવું પણ બને નહિ. એ પ્રશ્ન જ વિચારવા યોગ્ય નથી. એવી રીતે વાત છે.

મુમુક્ષુ :- વ્રતાદિ સાધક છે, એમાં સમ્યગ્દષ્ટિની વાત છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ત્યાં સમ્યગ્દષ્ટિ હોય એને જ છે. સમ્યગ્દષ્ટિને ચતુર્થ ગુણસ્થાને શુદ્ધિ પ્રગટ્યા પછી વ્રત અંગીકાર કરવાનો (વિકલ્પ આવે), મનુષ્ય હોય તો. નારકી અને દેવને તો પંચમ ગુણસ્થાન આવતું નથી અને ત્યાં વ્રતાદિ હોતા પણ નથી. એક મનુષ્યને પંચમ ગુણસ્થાન છે અને તિર્યંચને પંચમ ગુણસ્થાન છે. તો મનુષ્યને પ્રતિજ્ઞા આદિના વિકલ્પ સહિત વ્રતાદિ છે. તિર્યંચને તે પ્રકારનો વિકલ્પનો પ્રકાર નથી કે પ્રતિજ્ઞા હું લઉં. ગુરુ પાસે લઉં. દેવની ઉપસ્થિતિમાં લઉં, ગુરુની ઉપસ્થિતિમાં લઉં, એવું કાંઈ ત્યાં નથી. ત્યાં તો એની વીતરાગતા અંદરમાં વધે છે, સ્વરૂપસ્થિરતા વધે છે, શુદ્ધોપયોગમાં વૃદ્ધિ થાય છે અને પંચમ ગુણસ્થાનમાં આવે છે. આપોઆપ જ વીતરાગતા વધતા જેટલા પ્રમાણમાં વીતરાગતા વધે એટલા પ્રમાણમાં રાગનો અભાવ થાય, એવું અસ્તિ-નાસ્તિનું અવિનાભાવીપણું છે. કેમકે જે દશા રાગરૂપ પરિણમતી હતી તે જ દશા વીતરાગતારૂપ પરિણમી છે. તો પછી તે દશા રાગરૂપ પણ પરિણમે અને વીતરાગતારૂપ પણ પરિણમે, બે વાત કેવી રીતે ?

મુમુક્ષુ :- વ્યવહાર બરાબર હોય અને નિશ્ચયનું કાંઈ ન હોય, અંશ પણ ન હોય...

પૂજ્ય ભાઈશ્રી :- તો પુણ્ય બાંધે. તો માત્ર પુણ્ય બાંધે. એનાથી મોક્ષ ન થાય. એ તો આગળ કહેશે અહીંયાં. એ આગળ વધારે સ્પષ્ટતા કરશે. કેમ આવો અર્થ કરો છો ? નહિતર કોઈ એમ કહે કે અહીંયાં

આવો અર્થ શું કરવા કરો છો ? સીધો જે અર્થ થાય છે એવો જ કરોને, ભાઈ સા'બ ! આ તો કાંઈક તમે થોડું ફેરફાર કરતા હોય એવું લાગે છે. કેમકે સાધક-સાધ્યનો સીધો બોલ છે. આ સાધક છે અને આ સાધ્ય છે. વ્યવહાર સાધક છે અને નિશ્ચય સાધ્ય છે. તો એક તો એનું પ્રમાણ એ છે કે જેટલા વ્યવહાર સાધે છે એટલાને તો નિશ્ચય સધાતો નથી. અભવિ પર્યંતના જીવો એમાં આવે છે. ભવ્યો-અભવ્યો બંને આવે છે કે જે નિશ્ચયને સાધતા નથી. તો એ કાંઈક સૂચવે છે કે અંદરમાં કાંઈક બીજી વાત છે. એ વાત સ્પષ્ટ થાય છે. જોકે આવું પ્રકરણ ચાલે છે ત્યાં લગભગ તો સ્પષ્ટીકરણ હોય છે. અહીંયાં પણ નીચે એ વિષયનું સ્પષ્ટીકરણ આવી જાય છે.

'**સમ્યગ્દષ્ટિને વિરતી વ્યવહાર પરિણતિ સાધક છે. ત્યાં ચારિત્રશક્તિ મુખ્ય સાધ્ય છે.**' સમ્યગ્દષ્ટિ જીવ હોય અને બહારમાં વ્રતાદિ અંગીકાર કરે, સાથે સાથે સ્વરૂપની સ્થિરતાનો પણ અંતર પુરુષાર્થ વર્તે તો એને ચારિત્ર શુદ્ધ થાય, ચારિત્ર વધે, સ્વરૂપસ્થિરતા વધે, સ્વરૂપમાં જે ચરવું એવું જે ચારિત્ર છે, સ્વરૂપાચરણ ચારિત્ર છે એનું વૃદ્ધિગતપણું થાય. પણ બહારમાં એમ ને એમ તેને તે પ્રકારના રાગાદિ હોય, તેને તે પ્રકારનું વ્યવહાર આચરણ અવિરતિ રહે અને એને પંચમ ગુણસ્થાન પ્રગટે એવું તો બનતું નથી. '**તે કહેવામાં આવે છે.**'

હવે વિરતિ એટલે શું ? કે '**વિરતિપરિણતિ એટલે રતિ ન હોવી તે. તેનો ભેદ...**' તેનો ભેદ એટલે તેના શું પ્રકાર છે ? કે વિષયોમાં રતિ નહિ, કષાયોમાં રતિ નહિ. રતિ એટલે રસપૂર્વક પરિણામ જવું એને રતિ કહે છે. પ્રીતિપૂર્વક. એમાં અશુભ આચરણનો ત્યાગ અને શુભાચરણમાં પણ રતિ નહિ. લીધું છે ? વ્યવહાર તો શુભાચરણ છે. છે ને સ્પષ્ટીકરણ ? વ્યવહાર શુભાચરણ હોવા છતાં એમાં રતિ સમ્યગ્દષ્ટિને હોતી નથી. મિથ્યાદષ્ટિને શુભાચરણ થાય છે અને અશુભ આચરણ થાય છે ત્યાં અશુભ આચરણમાં તે રતિ કરતો નથી પણ શુભાચરણમાં રતિ કરી બેસે છે. તેથી તેને શુદ્ધિ પ્રગટ થતી નથી. ચોથા ગુણસ્થાનની શુદ્ધિ પણ ત્યાં નથી.

મુમુક્ષુ :- એને વ્યવહાર પણ કહેવાય નહિ ને. શુભાશુભમાં રતિ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એને વ્યવહાર ખરેખર તો નથી કહેવાતો.

વ્યવહારાભાસ કહેવાય છે. વ્યવહાર તો તેને કહેવાય છે કે જેને નિશ્ચય પ્રગટે છે તેને. નિશ્ચય-વ્યવહાર સાપેક્ષ છે. એકલો વ્યવહાર કોઈને હોય એવું બનતું નથી. જેને નિશ્ચય છે એને નિશ્ચયનો વ્યવહાર છે. જેને નિશ્ચય છે તેને નિશ્ચયનો વ્યવહાર છે. એકલો વ્યવહાર કદિ હોય એવું બનતું નથી. છતાં દેખાય કે અહીંયાં એકલો વ્યવહાર છે. ભલે નિશ્ચય પ્રગટ્યો નથી. પણ વ્યવહાર શુદ્ધ છે એમ કોઈ કહે તો ત્યાં વ્યવહારનો આભાસ ગણવો જોઈએ. એને વ્યવહારાભાસ કહે છે. એ તો 'ટોડરમલજી'એ સાતમો અધ્યાય જ એના ઉપર લખ્યો છે. જૈનાભાસી મિથ્યાદૃષ્ટિઓનું નિરૂપણ. તો ત્યાં વ્યવહરાભાસી, નિશ્ચયાભાસી અને ઊભયાભાસી ત્રણેનું સ્વરૂપ એમણે લીધું છે. સંપ્રદાયમાં તો જૈન હોય અને મિથ્યાદૃષ્ટિ હોય એ જ ખબર નથી. જૈન હોય પછી જૈન એટલે જૈન જ. એ તો વ્રત અંગીકાર કરે એટલે ચારિત્ર શરૂ થઈ ગયું એનું. એવું નથી.

મુમુક્ષુ :- હૃદયમાં સરળતા આવે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો એને શું છે કે અંદરમાં પુરુષાર્થ સહજ છે ને એટલે બહારમાં વિકલ્પનો અભાવ થવો સહજ છે. પ્રતિજ્ઞાનો વિકલ્પ આવવો સહજ છે. કેમકે જ્યાં અંદરમાં વીતરાગતાને યોગ્ય પુરુષાર્થ વધે છે ત્યાં તેને જે ગુણસ્થાન આગળનું આવવાનું છે, એમાં જે બાધક હોય એ ગુણસ્થાન ન ટકી શકે એવા જે રાગના પરિણામ હોય, એ પરિણામ એ આગળની ભૂમિકામાં સહન કરી શકતો નથી. કેમકે એ બધા રાગ છે ને એ બધા આકુળતારૂપ પરિણામ છે. એ આકુળતાને એ સહન નથી કરી શકતો. એટલે એને સહેજે એને છોડવાનો જ વિકલ્પ આવે છે કે આ હું સહન નહિ કરી શકું, આ મારું કામ નથી. એમાં ત્રાસી જાય છે. એટલે સહેજે એ પરિણામમાં એને શુદ્ધિ વધતા અભાવ વર્તે છે. ઉત્પન્ન જ થતા નથી. અભાવ વર્તે છે એટલે ઉત્પન્ન થતા નથી.

જેમકે કોઈ ચક્રવર્તી છે. તો ચક્રવર્તી ચોથે ગુણસ્થાને હોય. અવિરત ગુણસ્થાને. અને એને મુનિદશા લેવાના ભાવ થાય. અંદરમાં એને ખ્યાલ આવ્યો કે પુરુષાર્થ ફાટફાટ થઈ રહ્યો છે. ઉપડું-ઉપડું પુરુષાર્થ થઈ રહ્યો છે. સ્વરૂપસ્થિરતા સિવાય અમારે બીજું કાંઈ હોય

નહિ. તો એના રાજપાટ, કુટુંબ, પરિવાર, ભોગ, ઉપભોગ, વૈભવ આદિ પ્રકારના જેટલા ઉદયમાન સંયોગો છે તે પ્રત્યેનો જે ઉપયોગ જાય એનો અને રાગ થાય એને એ સહન ન કરી શકે. તે અસહ્ય પરિસ્થિતિ થાય એના માટે. એટલે એમ કહે છે કે હું તો હવે જંગલવાસી થઈશ.

નહિતર તો કોઈ એમ કહે આપ તો ચક્રવર્તી છો. કોઈ પર્વત ઉપર કે કોઈ નદિ કાંઠે કે દરિયા કાંઠે કે વન-ઉપવનમાં કાંઈક આવાસ એવો બંધાવી દ્યો. સાદો. વૈભવશાળી નહિ. સારું ઝૂપડું, વ્યવસ્થિત. આપ બરાબર સારા ઝૂંપડામાં રહો. અને આપને જેવી રીતે (અનુકૂળતા રહે તેમ) રહો. પણ જંગલમાં જાવ અને તમારો પત્તો ન મળે એ તો અમને કેમ ગમે ? તમારા પ્રત્યે રાગ છે. કુટુંબ, પરિવાર, રાણીઓ, રાજકુમારો છે. લાગણીવાલા એમ કહે કે અમારી નજર સામે તો રહો ઓછામાં ઓછું. ભલે આપને રાગ ન હોય તો અમારા સામું નહિ જોતા. પણ અમને તો રાગ છે કે આ અમારા છે માટે અમારી નજર સામે તો રહો.

કહે છે, તમારી નજર સામે રહેવું એવો વિચાર તો મારો થાય ને આમાં ? મને એ પોસાવું જોઈએ ને. એટલો પણ રાગ એને પોસાતો નથી. અત્યારે દીક્ષા લઈને કાગળ લખે એ વાતનો પ્રશ્ન જ નથી. લખે નહિ તો લખાવે. કુટુંબ-પરિવારને લખાવે, બીજા જેટલા કોઈ એના રાગી હોય, અનુસરનારા હોય એને સંદેશા મોકલે, એ પ્રકાર મુનિદશામાં હોતો નથી. એ પ્રકાર જ હોતો નથી. કાગળ લખે એ તો ઠીક, એ તો મદદ પણ કરાવડાવી દ્યો, પૈસા મોકલાવી દ્યો. કોઈકની મારફત.

મુમુક્ષુ :- બાજુમાં પકડાવી દે. નોટમાં કે પુસ્તકમાં.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પુસ્તકમાં નહિ તો બેંકમાં રાખે છે હવે. એ પ્રકાર મુનિદશામાં હોતો નથી. એ ગૃહસ્થને યોગ્ય વ્યવહાર છે. અત્યારે તો એ વ્યવહારનું ઠેકાણું નથી. ત્યાં નિશ્ચય હોય એ પ્રશ્ન જ રહેતો નથી. જ્યાં વ્યવહાર યથોચિત્ ન હોય ત્યાં એને નિશ્ચય અંદરમાં હોય, શુદ્ધ પરિણતિ હોય એ તો વિચારવાનો પણ અવકાશ નથી. એમ લેવું છે.

**'સમ્યગ્દષ્ટિને વિરતિ-વ્યવહારપરિણતિ સાધક છે,...'** એમ જે લીધું છે, ત્યાં વ્યવહારપરિણતિ સાધક છે એટલે પ્રીતિથી એ કરે છે,

આચરે છે એમ નથી. પણ પોતાની વીતરાગતા જેટલી વધી છે તેટલો અભાવ થયો છે અને બાકી રહ્યો છે રાગ એટલો થાય છે. થાય છે એમાં બીજી ગડબડ કે લોચા ઊભા કરતા નથી. એ ચોક્કસ છે, મર્યાદિત છે.

એટલે વિષયોમાં રતિ નહિ, કષાયોમાં રતિ નહિ, અશુભ આચરણનો ત્યાગ, શુભાચરણમાં પણ રતિ નહિ. બે વચ્ચે ફેર લીધો. અશુભ આચરણનો ત્યાગ છે અને શુભાચરણ થાય છે એમાં એ પ્રીતિ કરતા નથી. શુભાચરણનો ત્યાગ નથી. શુભાચરણ તો જ્યાં સુધી મોક્ષમાર્ગ છે ત્યાં સુધી શુભાચરણ છે. પણ એ જિનોક્ત વ્યવહાર છે. એ પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં. એને પણ એ ઘટાડતા જાય છે અને વીતરાગતા વધારતા જાય છે.

મુમુક્ષુ :- રતિ થઈ ગઈ એટલે રુચિ ?

પૂજ્ય ભાઈશ્રી :-રતિ એટલે રુચિ, પ્રીતિ, ઠીક છે, ઈષ્ટપણું છે એ પ્રકાર એને નથી.

'**કર્મ કરતૂતિમાં પણ રતિ નહિ.**' શુભાચરણને યોગ્ય જે કાંઈ ક્રિયા કરે છે એમાં પણ એને રતિ-પ્રીતિ હોતી નથી. '**જેમ જેમ પરરતિભાવ તજે તેમ તેમ સ્વરૂપમાં સ્થિરતા, વિશ્રામ અને આચરણ થાય, ત્યાં ચારિત્ર કહીએ...**' આ ચારિત્રની વ્યાખ્યા છે. '**જેમ જેમ પરરતિભાવ તજે તેમ તેમ સ્વરૂપમાં સ્થિરતા,...**' જેટલો રાગ મટે એટલી સ્વરૂપમાં સ્થિરતા. રતિ એટલે એકલી રુચિ. રુચિ તો ચોથે ખલાસ થાય છે. પણ પછી જે રાગ રહ્યો, રાગ તો પ્રીતિભાવ છે ને ? પરઅભિલાષને રાગ કહે છે. પોતાને છોડીને પરનો અભિલાષ થતાં એમાં રાગ ઉત્પન્ન થાય છે. આ હો, આમ થાવ.. આમ થાવ.. આમ થાવ... પરદ્રવ્યને આશ્રિત જેટલા કોઈ પરિણામ છે તે બધા રાગસહિત છે. પછી દેવ-ગુરુ-શાસ્ત્ર બધા નિમિત્તો એમાં આવી જાય છે. એમાં પણ પ્રીતિ નહિ, રતિ નહિ. થઈ જાય એ બીજી વાત છે અને કરવા એ બીજી વાત છે. બે વસ્તુ તદ્દન જુદી જુદી છે.

કોઈ વ્યવહારને ઊડાડે તો એને એમ લાગે કે આ વ્યવહારનો આને આગ્રહ છે. વ્યવહારને કોઈ ઊડાડે એમાં એ સંમત થાય નહિ. પણ નિશ્ચય વિના કોઈ વ્યવહારને ઊડાડે કિ વ્યવહાર હોય કે ન હોય. આમ પણ ચાલે અને આમ પણ ચાલે, આમ પણ હોય અને આમ પણ

હોય. આત્મામાં જાવું છે ને ? સરવાળે આત્મામાં લીન થવાની વાત છે ને. ધર્મ તો આત્મામાં જવાથી થાય છે. એમ કરીને કોઈ મોક્ષમાર્ગમાં વ્યવહારને ઊડાડે એ પણ એ ભૂલ્યો છે. એ વ્યવહારને સમજ્યો નથી અને એ નિશ્ચયને પણ સમજ્યો નથી. એમ છે.

'પરમાગમસાર'માં પ્રતિમાના વિષયમાં બોલ લીધો છે. પ્રતિમાના વિષયમાં બોલ લીધો છે. ૮૨૭ છે. **'પોતાનાં જ્ઞાનમાં વિવેક પ્રગટ્યો હોવાથી અર્હંતાદિકને સંભારીને નમસ્કાર કરે છે. એ જ વહાલાં સગાં છે.'** પંચ પરમેષ્ઠી છે એ એમના વ્હાલાં સગાં છે. કુટુંબ-પરિવાર તે વ્હાલાં સગાં નથી. રાગમાં પણ એ પડખું છે. કુટુંબ પ્રત્યેના રાગ કરતા, પરિગ્રહ પ્રત્યેના રાગ કરતા, શરીર પ્રત્યેના રાગ કરતા, દેવ-ગુરુ-શાત્ર અને સત્પુરુષ પ્રત્યેનો રાગ વિશેષ (હોય છે). રાગમાં પણ એટલો ફેર પડી જાય છે. વિશેષ રાગ હોય છે, છતાં એ રાગમાં રતિ નહિ પાછી. આવી વાત છે.

**'જેમ લગ્નપ્રસંગમાં વહાલાં સગાંને આમંત્રણ આપે છે. એમ ધર્મમાં ઈષ્ટ એવા સિદ્ધો, અર્હંતો, જિનબિંબો, વગેરેને યાદ કરીને નમસ્કાર કરે છે.'** આ પૂજા પૂરી થાય છે ત્યારે બધાને સંભારી-સંભારીને નમસ્કાર કરે છે ને. જળ વિષે, સ્થળ વિષે, આકાશ વિષે, પાતાળ વિષે, સ્વર્ગ વિષે, બધે જ્યાં હોય ત્યાં. જ્યાં જ્યાં જિનબિંબો, ચૈત્યાલયો છે તે બધા સર્વને મારા નમસ્કાર હો. અર્ઘ આપે છે ને ? અર્ઘ ચડાવે છે. **'એમનાં ઉપકારને ભૂલતા નથી. કેટલાંક જીવો સનાતન દિગંબર પરંપરાનાં શાસ્ત્રો વાંચીને,...'** એકલું દિગંબર પરંપરા નથી લીધું. સનાતન દિગંબર પરંપરા. મૂળ તો પહેલા સનાતન જ માર્ગ હતો. પછી આ તો શ્વેતાંબરની અપેક્ષાએ દિગંબર કહેવાયા છે. મુખ્યપણે તો પંદરસો, સત્તરસો વર્ષ પહેલાથી. **'કુદેવાદિનાં નામથી ચલાવે છે.'** અત્યારે પણ દિગંબરની અંદર કુદેવ ઘૂસી ગયા છે. લોકો રાગી દેવને પૂજવા લાગ્યા છે. ક્ષેત્રપાળ, પદ્માવતી અને બીજા અનેક પ્રકારના દેવ-દેવલાને પૂજે છે.

**'માટે અનંત સંસારી છે.'** એવા જીવો અનંત સંસારી છે. પછી એ ગૃહસ્થ હોય, વ્રતી હોય, ત્યાગી હોય કે મુનિ કે આચાર્ય કહેવાતા હોય

એ બધા જીવો અનંત સંસારી છે. કેમકે વીતરાગને ઉડાવે છે, વીતરાગને ગૌણ કરે છે, સર્વજ્ઞનો અનાદર કરે છે અને રાગી દેવનો આદર કરે છે એટલે ગૃહીત મિથ્યાદષ્ટિ છે. **'જેને સાચા નિમિત્તનું બહુમાન આવતું નથી. તેને આત્માનું માહાત્મ્ય તો આવતું જ નથી.'** પ્રશ્ન જ નથી. નિમિત્તમાં પણ જેને સાચા નિમિત્તનું બહુમાન આવતું નથી, ખોટા નિમિત્તનું બહુમાન આવે અથવા ઊંધી પ્રરૂપણા કરતા હોય એનું બહુમાન આવે અને જે સાચી પ્રરૂપણા કરતા હોય એવા સત્પુરુષનું બહુમાન ન આવે. પણ બેયનું આવે તો ? એનું ખોટું એ બરાબર છે, સાચું એ બરાબર નથી.

**'તેને આત્માનું માહાત્મ્ય તો આવતું જ નથી.'** એને સ્વરૂપનું માહાત્મ્ય આવે એ પ્રશ્ન અસ્થાને છે. **'નિમિત્તનો વિવેક તે ખરેખર આત્માનો વિવેક છે.'** લ્યો ઠીક ! 'કાનજીસ્વામી' તો નિમિત્તને માનતા નહોતા એમ દુનિયા જાણતી હતી. જગત એમ જાણતું હતું કે 'કાનજીસ્વામી' નિમિત્તને માનતા નથી. અહીંયાં શું શબ્દો પડ્યા છે ? એમના વર્ષો પહેલાના શબ્દો છે. કે **'નિમિત્તનો વિવેક તે ખરેખર આત્માનો વિવેક છે.'** ઉપાદાનનો વિવેક છે. આટલી અહીંયાં નિમિત્તની અંદર વિવેક કરવાની વાત બહુ જોરથી લેવામાં આવી છે. કેમકે વ્યવહારની વાત આવે તોપણ છોડે નહિ, બાંધછોડ ન કરે. નિશ્ચયની વાતમાં તો બાંધછોડ કરવાનો પ્રશ્ન જ નથી. પણ વ્યવહારની વાતમાં પણ બાંધછોડ કરવાનો પ્રશ્ન રહેતો નથી. આમ છે.

**'સ્વરૂપદષ્ટિ જેને થઈ છે તેને નિમિત્તનો વિનય આવ્યા વિના રહેતો નથી.'** નિમિત્તનો વિનય આવ્યા વિના રહે નહિ. અયોગ્ય નિમિત્તનો વિનય આવે નહિ અને છતાં એનાથી થાય એમ વાત અહીંયાં છે નહિ. એ આવ્યા વિના રહે નહિ અને એનાથી થાય એ વાત પણ નથી. એનાથી થાય એમ માને તોપણ એની સમજણ જૂઠી છે, ખોટી છે. અને ન આવે તો વાંધો નહિ (એમ માને) તો એની સમજણ ખોટી છે. આવ્યા વિના પણ રહે નહિ. આમ છે. એવું અનેકાંતિકપણું છે.

**'લોકો નિશ્ચયના બહાને ભૂલ્યા છે.'** પછી નિમિત્તનો વિવેક કરી શકતા નથી અને નિશ્ચયની વાતો કરે છે એ નિશ્ચયના બહાને ભૂલ્યા છે, બહાનુ પકડ્યું છે **'અને વ્યવહારને સમજતા નથી. તે નિશ્ચય વ્યવહાર**

**બન્નેને ભૂલ્યા છે.**' એકેય સાજુ નથી. બેય પડખા એના ખોટા છે. ૮૨૭મું છે. એ પણ ઘણું કરીને 'મોક્ષમાર્ગ પ્રકાશક'માંથી લીધેલો છે.

'**જેમ જેમ પરરતિભાવ તજે તેમ તેમ સ્વરૂપમાં સ્થિરતા,...**' સમ્યગ્દૃષ્ટિ થયો હોય, આ બાજુ પરમાં રતિ તજે છે. એવો એને વિકલ્પ પહેલા આવે છે. પહેલા વિકલ્પ આવે છે એટલે તો લોકોને એમ લાગી પડ્યા કે પહેલા વ્યવહાર અને પછી નિશ્ચય. એવો વિકલ્પ એને આવે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાશ્રી :- હા. એ બધો વ્યવહાર જ છે. એ બધો વ્યવહાર છે. એ બધો વ્યવહાર છે. પાત્રતાના જેટલા લક્ષણ છે એ બધો વ્યવહાર છે. એ વ્યવહારમાં ન આવે એટલે પાત્રતા હોય નહિ, એને વસ્તુ આત્મા અંદર આવે એવું બનતું નથી. બહારમાં પણ સિંહણનું દૂધ માટીના પાત્રમાં રહેતું નથી. (સોનું) ક્યારે પણ કાટ લાગીને ગળી જાય નહિ. લોઢુ ગળી જાય છે એ પણ કઠણ ધાતુ છે, પણ લોઢુ ગળી જાય છે. જમીમનમાં પડ્યું પડ્યું. લોઢાની માટી થઈ જાય. સોનું તો એમ ને એમ નીકળે. લોકો સોનું દાટતા. કેમકે એને કાંઈ થવાનું નથી એ ખબર છે. એવી એ ટકાઉ ચીજ છે. તો આ તો અનાદિઅનંત ટકાઉ ચીજ છે. જેના પરિણામમાં આવે એને એની પાત્રતા ન હોય એ વાત કેવી રીતે બની શકે ? કેવી રીતે એ પરિણામમાં આવે ?

બહારમાં રાજા આવવાના હોય, પ્રધાન આવવાના હોય તોપણ બધું સરખું રાખે છે. 'મુંબઈ'માં અધિવેશન ભર્યું તો આખા 'મુંબઈ'માં બધી ગડબડ કરી હતી. એક અબજ રૂપિયાનો ખર્ચ કર્યો છે. એકસો કરોડનો. જ્યાં જ્યાં પેલી ફૂટપાયરી ઉપરની રેલિંગ ખરાબ થઈ હતી એ રેલિંગ બદલી નાખી, રસ્તાઓ સુધાર્યા, ધજાપતાકા કર્યા. બધી કંઈક ધમાલ કરી. એ તો બધા સાધારણ અને પાપી જીવો છે. સાધારણ જીવો છે, પાપી જીવો છે. તોપણ પુણ્યના યોગમાં આટલું છે. માત્ર પુણ્યનો યોગ છે. પરમાત્મા પધારે ત્યાં કેટલી તૈયાર થાય એ પહેલા ? સમ્યગ્દર્શનમાં તો પરમાત્માની પધરામણી છે. આદિપુરુષ, પરમપુરુષ આવે છે અહીંયાં તો. એની તૈયારી એના પ્રમાણમાં થાય કે ન થાય ? સંપ્રદાયમાં ધર્મને સસ્તો કરી નાખ્યો છે. જાવ આમ કરો એટલે ધર્મ થઈ ગયો, દાન દઈ દ્યો એટલે ધર્મ થઈ ગયો, ફલાણું કરી લ્યો એટલે ધર્મ

થઈ ગયો. સર્વજ્ઞનો ધર્મ એવો નથી.

એટલે '**જેમ જેમ પરરતિભાવ તજે તેમ તેમ સ્વરૂપમાં સ્થિરતા, વિશ્રામ અને આચરણ થાય,...**' એટલે પહેલા એ તજવાનો વિકલ્પ આવે છે. પણ જો સ્વરૂપસ્થિરતાનો પુરુષાર્થ વધે તો એને ત્યાં ગુણસ્થાન પ્રગટ થાય. નહિતર ચોથા ગુણસ્થાનવાળાને પાંચમા ગુણસ્થાનની ક્રિયા હોય તોપણ ગુણસ્થાન નથી અને છઠ્ઠા-સાતમાની ક્રિયા હોય તોપણ ત્યાં તેને ઉપરનું ગુણસ્થાન નથી. અને આચરણ થાય '**ત્યાં ચારિત્ર કહીએ...**' ત્યારે એને ચારિત્ર છે. '**સ્વરૂપમાં સ્થિરતા, વિશ્રામ અને આચરણ થાય, ત્યાં ચારિત્ર કહીએ..**' જો સ્વરૂપમાં વિશ્રામ, સ્થિરતા અને આચરણ ન થાય તો એ ક્રિયા પાળે તોપણ એને ત્યાં ચારિત્ર કહેવામાં આવતું નથી. કેમકે અંદરથી પ્રત્યખ્યાનવરણીનો કષાય ગયો નથી. સમ્યગ્દૃષ્ટિ છે. અનંતાનુબંધી ગયો પણ પ્રત્યાખ્યાનવરણી ગયો નથી. એ તો સ્વરૂપસ્થિરતાથી જશે. એ કોઈ ક્રિયાથી જતો નથી. શુભરાગથી કષાય જતો નથી.

'**પરિણતિશુદ્ધતા પ્રગટતાં ચારિત્રશક્તિ મુખ્ય સાધ્ય છે.**' અને જ્યાં પરિણતિમાં શુદ્ધતા પ્રગટ થઈ ત્યાં મુખ્યપણે બીજા ગુણો શુદ્ધ થાય છે પણ ચારિત્ર છે ત્યાં મુખ્ય ગણવામાં આવે છે. એટલે ત્યાંથી આચરણની મુખ્યતા વધે છે. મોક્ષમાર્ગમાં ચતુર્થ ગુણસ્થાનથી આગળ વધે ત્યારથી આચરણની અને ચારિત્રની મુખ્યતા છે. અને તે પરિણતિશુદ્ધતા પ્રગટતા. પરિણતિમાં શુદ્ધતા ન પ્રગટે તો ત્યાં ચારિત્રની સિદ્ધિ નથી. સાધ્ય-સાધકના હજી બીજા ઘણા ભેદ લે છે.

'**દેવગુરુશાસ્ત્રની ભક્તિ-વિનય-નમસ્કારાદિ ભવ સાધક છે, ત્યાં વિષયાદિથી ઉદાસીનતામાં પરિણતિની સ્થિરતા (થવી તે) સાધ્ય છે.**' શું કહે છે ? કે જેને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આવે, ભક્તિ આવતા અર્પણતા આવે, ત્યારે એને વિષયકષાય પાપના પરિણામમાં ઉદાસીનતા પ્રગટ થાય છે. શુભ છે એ અશુભનું ઘાતક છે. પરસ્પર સામે સામું છે. જો પરિણામમાં અશુભ વધી જાય તો શુભનો ઘાત થાય અને શુભ વધે તો અશુભનો ઘાત થાય. અહીંયાં '**દેવગુરુશાસ્ત્રની ભક્તિ-વિનય-નમસ્કારાદિ...**' અર્પણતા આવે ત્યાં એને વિષયથી, પંચેન્દ્રિયના વિષય પ્રત્યે સહેજે એના પરિણામ મંદ પડી જાય. એવું

આપોઆપ છે. વીતરાગદેવ, નિર્ગ્રંથ ગુરુ અને એમના રચેલા સિદ્ધાંત શાસ્ત્રો છે તેને ઓળખીને બહુમાન કરે, અર્પણતા આવે તો એને બહારમાં વિષયો પ્રત્યેની ઉદાસીન વૃત્તિ થઈ આવે છે. અપેક્ષાવાળી વૃત્તિ નહિ પણ ઉદાસીન વૃત્તિ એને થઈ આવે છે. ઉપેક્ષાવાળી વૃત્તિ થઈ આવે છે. એટલે નિર્દોષતા પ્રતિનું જે બહુમાનનું વલણ છે એ જ એના વિષયકષાયની ઉપેક્ષા કરાવી દ્યે છે. એમ લેવું છે અહીંયાં. આપોઆપ જ છે.

એટલે જે આ આશ્રમો ખોલવામાં આવે છે, અમુક તીર્થની અંદર રહેવાનું થાય છે, અમુક નિવૃત્તિ ક્ષેત્રની અંદર રહેવાનું થાય છે એનું કારણ શું છે ? કે ત્યાં એક જ પ્રવૃત્તિ હોય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર સિવાયની કોઈ પ્રવૃત્તિ હોતી નથી. સંપન્ન માણસો પણ નિવૃત્તિ ક્ષેત્રમાં રહે છે, તીર્થ ક્ષેત્રમાં રહે છે, અમુક આશ્રમોમાં જઈને રહે છે અને ઘરમાં નથી રહેતા એમાં શું વિવેક છે ? કે ઘરની અંદર ઘરને યોગ્ય વાતાવરણ હોય છે અને નિવૃત્તિ ક્ષેત્રમાં નિવૃત્તિ ક્ષેત્રને યોગ્ય વાતાવરણ હોય છે. ઘરની અંદર તો બીજા જે રાગી પરિવારના જીવો છે, આજે આ બનાવો જમવામાં, આજે આ બહારથી લાવો, મંગાવો અને બનાવો. ઘરમાં બીજા બધા વાપરે અને આ ન વાપરે તો એને એમ કહે લ્યોને ભાઈ, થોડું લ્યો, અમારો આગ્રહ છે. તમારે ન લેવું હોય તો અમારો આગ્રહ છે. થાય કે ન થાય ? ઘરમાં વડીલ હોય, બહુમાન હોય. સામાન્ય રીતે ધાર્મિક વૃત્તિવાળા પ્રત્યે તો જે ધર્મ ન કરતા હોય એને તો બહુમાન હોય જ. તો એ બધા અનેક પ્રકારે છે એ ઉદાસીનતાને તોડનારા પ્રકાર છે. એટલે સામાન્ય રીતે એ રીતે વિવેક કરવામાં આવે છે.

જ્યાં વાતાવરણ દેવ-ગુરુ-શાસ્ત્ર-ભક્તિનું હોય, ત્યાં જો રહેવામાં આવે તો સહેજે વિષય કષાય પ્રત્યેના પરિણામ ન થાય એવા જ પ્રસંગો બને. પુરુષાર્થ કરવો એ તો પોતાની સ્વયં (યોગ્યતા આધારિત છે). એ કોઈ બહારના સંયોગો એને પુરુષાર્થ નહિ કરાવે. એ તો એને સ્વતંત્ર કાર્ય કરવાનું છે, ત્યાં રહીને પણ. પણ એ કેટલાક પ્રતિબંધને ટાળવા ઈચ્છે છે, એ જાતનો વિવેક કરે છે. પછી પુણ્યયોગ હોય તો થાય, પુણ્યયોગ ન હોય તો ન પણ થાય.

**'દેવભક્તિ, વ્યક્તશુદ્ધચેતનારૂપ,...'** દેવનું સ્વરૂપ છે એ. દેવ

એટલે વ્યક્તશુદ્ધચેતનારૂપ. જેના સર્વ દોષો નાશ થયા અને જેમાં કષાયકણનો અનંતમો ભાગ પણ જ્યાં રહ્યો નથી. રાગની કાલિમાનો અનંતમો ભાગ પણ જ્યાં રહ્યો નથી. એવું '**વ્યક્તશુદ્ધચેતનારૂપ, પ્રગટ અનંતગુણરૂપ...**' જેના અનંતે અનંત ગુણ શુદ્ધ થઈને પ્રગટ થઈ ગયા છે '**એવા વ્યક્ત પરમાત્મા તેમની પૂજા,...**' એવા જે પ્રગટ પરમાત્મા તેમના બહુમાનથી તેમની પૂજા, તેમની '**સેવા,...**' પૂજામાં પણ એમના ગુણોની સ્તુતિ હોય છે. પૂજામાં પણ એમના ગુણની સ્તુતિ હોય છે.

'**તેમની પૂજા, સેવા (તેના પ્રત્યે) મનથી પરિપૂર્ણ પ્રીતિ,...**' આવું મારે થવું છે. વંદે તદ્‌ગુણ લબ્ધયે. મારે આવું થવું છે તેથી હું આપમને ફરી ફરીને નમસ્કાર કરું છું. એમ ઢળે છે. એમના ગુણ પ્રત્યે, નિર્દોષતા પ્રત્યે, વીતરાગતા પ્રત્યે જે ઢળે છે, નમે છે એવી જેને મનથી પરિપૂર્ણ પ્રીતિ (થાય છે). અહીં તો મનનો જ ઉપયોગ છે ને ? '**બાહ્ય પ્રભાવના, અંતરંગ ધ્યાન, ગુણવર્ણન,...**' ગુણની સ્તુતિ. '**અવજ્ઞા-અભાવ...**' જુઓ ! આ સામે સામે લીધું. અવજ્ઞા થાય એવું કાંઈ ન કરે. પાછા એમ કહે અમે આમ પણ કરીએ છીએ અને આમ પણ કરીએ છીએ. બે વાત ચાલે નહિ. અવજ્ઞા-અભાવ, અવજ્ઞા થાય એવું કાંઈ કરે નહિ. અવિનય થાય એવું ન થાય.

'**પરમ ઉત્સાહ, મન વચન કાર્ય ધન સર્વ ભક્તિના નિમિત્તે લગાવે,...**' જુઓ ! મન, વચન, કાર્ય અને ધન. બધું. સર્વ ભક્તિના નિમિત્તે લગાવે '**અને પોતાના પ્રાણથી પણ (વધારે) વલ્લભ જાણે,...**' કોઈવાર પ્રાણની હોડ મૂકવી પડે તો મૂકી દે. પાછી પાની કરે નહિ. કેટલું લીધું છે ! આ વ્યવહાર. લ્યો, ઠીક ! કેવો વ્યવહાર હોય છે ! '**પ્રાણને દુઃખ-મૂલ જાણે.**' પ્રાણ તો દુઃખનું કારણ છે. પ્રાણની શું કિંમત છે ? પ્રાણ જાવ તો જાવ, પણ જે દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનો વ્યવહાર છે એની અંદર ફેરફાર ચાલે નહિ. વ્યવહારમાં તો તકરાર થાય ને ? વ્યવહારની ચુસ્તતા રાખો તો વ્યવહારમાં જેને શિથિલતા આવી છે એ તકરાર કર્યા વિના નહિ રહે. આ એનો નિયમ છે. શું નિયમ છે ? કે જે વ્યવહારમાં ભૂલ્યા છે એ એવા સિદ્ધાંત ઘડશે કે આમ ચાલે, આમ હોય એનો વાંધો નહિ, આમ ચાલે, આમ હોય એનો વાંધો નહિ.

એ જે વ્યવહારમાં ચુસ્ત છે એ એમ કહેશે, એમાં-સિદ્ધાંતમાં ફેરફાર થાય નહિ. આ તો જિનોક્ત સિદ્ધાંતો છે. વ્યવહારના હો કે નિશ્ચયના હો. એ જિનવાણી છે, જિનેશ્વરદેવની આજ્ઞા છે અને એને તોડવાનો કોઈ આપણો અધિકાર નથી. એ ચુસ્તતા કરવા જતા જે શિથિલ આચારમાં આવશે એ એની સાથે તકરાર કર્યા વિના રહેશે નહિ. તો એ તકરાર થાય એમાં તો કોઈક વાર પ્રાણનું જોખમ થાય. તો પ્રાણ જાવ તો જાવ. ઠીક ! એ કાંઈ પ્રાણની કિંમત વધારે આંકે અને દેવ-ગુરુ-શાસ્ત્રની કિંમત ઓછી આંકે એવો વ્યવહાર હોય નહિ. પછી એ ઉત્કૃષ્ટ સમર્થ દૃષ્ટાંતમાં બધું આવી જાય છે કે એની અર્પણતા કેટલી હોય ! એની કેટલી અર્પણતા હોય એ વાત એની અંદર આવી જાય છે. 'અનુભવપ્રકાશ' છે પણ વ્યવહારની પણ આટલી બધી વાતો લખી છે. એકલી અનુભવની જ લખી છે એમ નથી. વ્યવહારની પણ આટલી વાતો લખી છે.

**'પોતાના પ્રાણથી પણ (વધારે) વલ્લભ જાણે, પ્રાણને દુઃખ-મૂલ જાણે. તેને અનંતસુખનું કારણ જાણે, શુદ્ધસ્વરૂપ જાણી ભક્તિ કરે, પોતે શુદ્ધસ્વરૂપનો અભિલાષી તેથી તેમની ભક્તિ, રુચિ-શ્રદ્ધાપ્રતીતિથી,...'** પ્રીતિથી કરે. પ્રતીતિથી અને પ્રીતિથી કરે. **'શાસ્ત્રની ભક્તિ કરે.'** શાથી ? **'કે પોતાનું સ્વરૂપ શાસ્ત્રથી પામે છે. સંસારદુઃખની હાનિ સ્વરૂપભાવનાથી થાય છે, તે પામે. સ્વપરવિવેક ગ્રંથોથી પ્રગટે. મોક્ષમાર્ગ મોક્ષસ્વરૂપવાણીથી સમજાય છે, માટે શાસ્ત્રભક્તિ કહી છે.'** દેવ પછી શાસ્ત્ર અને પછી ગુરુનો વિષય લીધો છે. દેવ-શાસ્ત્ર-ગુરુ છે ને ? એ ક્રમથી વાત લીધી છે. જે પેરેગ્રાફના મથાળે લીધું કે દેવ-ગુરુ-શાસ્ત્ર. એમાં દેવ પછી શાસ્ત્ર અને પછી ગુરુ. ત્રણેની વાત લઈ લીધી છે.

શું કહે છે ? કે પ્રથમ દેવભક્તિથી લે છે. પેરેગ્રાફની ત્રીજી લીટીથી. **'દેવભક્તિ, વ્યક્તશુદ્ધચેતનારૂપ, પ્રગટ અનંતગુણસ્વરૂપ એવા વ્યક્ત પરમાત્મા તેમની પૂજા, સેવા,...'** હવે એમાં શું છે કે અત્યારે વર્તમાનમાં તીર્થંકરદેવ, અરિહંતદેવ, સામાન્યકેવળી અથવા તીર્થંકર કેવળી કોઈ નથી. એટલે કોઈ જિનેશ્વર, તેરમા ગુણસ્થાનવર્તી અરિહંત,

એ અત્યારે આ કાળમાં છેલ્લા 'મહાવીર' ભગવાન પછી ત્રણ કેવળી થયા છે. એ પણ ચોથા આરામાં જન્મેલા અને પાંચમા આરામાં મોક્ષ પામેલા છે. અહીંયાં તો આ ક્ષેત્રે, આ કાળમાં જે જન્મે તેને અરિહંત દશા સુધીનો પુરુષાર્થ ઉત્પન્ન ન થાય એવી પૂર્વની સંસ્કારની સ્થિતિ લઈને આવે છે. વધુમાં વધુ મુનિદશા યોગ્ય છઠે-સાતમે આવી શકે. એથી આગળ કોઈ પુરુષાર્થમાં ન જાય એવા જ જીવોનું અહીં આવવું થાય છે. એ કુદરતી વ્યવસ્થા છે. એને આ કાળ નડે છે કે ક્ષેત્ર નડે છે એ પ્રશ્ન નથી. પણ એને સમજાવવા માટે એમ કહેવામાં આવે છે કે અહીંયાં અત્યારે કેવા જીવોની સ્થિતિ છે ? આવા જીવોની સ્થિતિ છે.

અહીંયાં દેવ નથી પણ દેવની સ્થાપના કરવામાં આવે છે. એને એ મોક્ષમાર્ગી જીવો કરે છે. ચોથા ગુણસ્થાનવર્તી જીવો, પાંચમા ગુણસ્થાનવર્તી જીવો દેવની સ્થાપના કરે છે. પ્રતિષ્ઠા આદિ. મુનિ છે એ પ્રતિષ્ઠા પાઠ રચે પણ પ્રતિષ્ઠાના વિધિ-વિધાનમાં ઊભા રહેતા નથી. આરંભ-સમારંભ એમને નિષેધ છે. તેથી એ પ્રકારનો રાગ એમને હોતો નથી અને પ્રવૃત્તિ પણ હોતી નથી. પણ એ જે દેવની સ્થાપના છે એ મોક્ષમાર્ગી જીવોએ સ્થાપેલી છે. કેમકે એમનો એ નયજ્ઞાનના વિષયરૂપ નિક્ષેપ છે. સ્થાપના નિક્ષેપ. ચાર નિક્ષેપમાં સ્થાપના નામનો નિક્ષેપ છે. જે નયજ્ઞાનનો વિષય ગણવામાં આવ્યો છે. એટલે એનો અર્થ સીધો એમ છે કે અંતરંગમાં જેમણે પરિપૂર્ણ વીતરાગસ્વરૂપી પોતાનો આત્મા જોયો એણે પરિપૂર્ણ વીતરાગસ્વરૂપી, સર્વજ્ઞસ્વભાવી, આત્મા ઉપરથી સર્વજ્ઞસ્વભાવી દેવને પણ એણે જ્ઞાનમાં લીધા અને એણે એ દેવનું સ્વરૂપ અંતર-બાહ્ય કેવું હોય એ એના જ્ઞાનમાં નિશ્ચિત થાય છે તે યથાર્થ છે. તો એની અંદર બીજો કોઈ ફેરફાર હોય તો એ દેવના સ્વરૂપની અવજ્ઞા છે. એવી જે વીતરાગમૂર્તિ છે એમાં ફેરફાર કરવામાં આવે તો એ દેવસ્વરૂપની અવજ્ઞા થઈ ગઈ. અથવા એમાં કોઈ દોષ પણ ચિંતવવામાં આવે, દોષની કલ્પના કરવામાં આવે, દોષનું અસ્તિત્વ સ્વીકારવામાં આવે તોપણ એ દેવના સ્વરૂપની અવજ્ઞા છે. એટલે અવજ્ઞા અભાવ હોય.

મુમુક્ષુ :- કોઈ ન સ્થાપે, સ્થાપવામાં આનાકાની કરે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બહુ મોટી વાત થઈ ગઈ. એ તો બહુ

મોટી વાત થઈ જાય ને ? એ તો આખો મોક્ષમાર્ગ ઉડાવવા માગે છે. મોક્ષમાર્ગની અંદર જે સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાનનો વિષય છે એને જ આખો ઉડાવવા માગે છે. ભૂલભૂલામણી ત્યાં છે. તીર્થંકરનું નામ તો લ્યે. પછી એમાં અનેક પ્રકારના બીજા દોષ ઊભા થાય. તો એ તીર્થંકરનું નામ જે છે એ ખોટું છે. એના માટે સાર્થક નથી. પણ અમુકને માને અને અમુકને ન માને કે એકને ન માને તે સર્વને ન માને. એ એમાં આવી જાય છે.

આમ તો અન્યમતિ જેવું ઘણાને (થઈ જાય છે). અમે તો ફલાણા ભગવાનને (વધારે માનીએ). અમને તો 'પાર્શ્વનાથ' ભગવાનની શ્રદ્ધા બહુ છે, અમને તો 'શાંતિનાથ' ભગવાનની શ્રદ્ધા બહુ છે, અમને 'મહાવીર' ભગવાનની શ્રદ્ધા બહુ છે. અરે..! ભાઈ ! એમ હોય નહિ આમાં. આમાં એવું હોતું નથી. એટલે સ્થાપના કોઈપણ તીર્થંકર ભગવાનની હોય કે કોઈપણ તીર્થંકર ભગવાન સિવાયની સ્થાપના હોય, જ્યાં અકૃત્રિમ છે એની સ્થાપના છે એમાં તીર્થંકરની કોઈ પ્રતિમા ન હોય. એનું નામ હોય પ્રતિમાને કે આ ફલાણા ભગવાન અને એનું લાંછન કે માતા-પિતા કે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અકૃત્રિમ છે. અનાદિઅનંત છે.

જે આ પંચ મેરુના જિનાલય છે એની અંદર આપણે જે એંશી પંચ મેરુમાં સ્થાપીએ છીએ. નંદીશ્વરના બાવન જિનાલયમાં બાવન સ્થાપ્યા. એકસો ને બત્રીસ ભગવાન છે. એ તો અહીંયાં બધી પુણ્યની મર્યાદા છે. ત્યાં તો એક એકમાં એકસો ને આઠ-આઠ પ્રતિમા છે. એક જિનાલયમાં ૧૦૮ ભગવાન. અહીંયાં તો ક્યાં જગ્યા હતી ? એક એક સ્થાપવામાં જેટલી જગ્યા જોઈએ એમાં થાક લાગી જાય એવું છે. એવા પુણ્ય નથી ને. એક એવું હોય છે. ત્યાં શું છે કે વીતરાગ સર્વજ્ઞની આકૃતિ જ છે. ત્યાં બીજું કાંઈ નથી. અરિહંત ભગવાનની આકૃતિ છે. નિર્દોષ પરમાત્માની. એ પૂજ્ય છે. એમાં ક્યાંય પણ ગડબડ કરે એટલે એની અવજ્ઞા કરી જાય છે. એ અવજ્ઞાનો અભાવ હોય છે. વ્યવહારમાં પણ જેને અવજ્ઞાઅભાવ હોય. એમ લેવું છે.

પંડિતો ભૂલે પછી ગૃહસ્થો અને વાણિયાનો શું દોષ કાઢવો ? આપણે તો આ પ્રકરણ ચાલ્યું પણ નિશ્ચયના પ્રકરણમાં તો 'ગુરુદેવ'ના

નામે અને 'સોનગઢ'ના નામે દિગંબરના પંડિતો બહુ લડાઈ કરતા હતા. પણ આ પાછું પ્રતિમાજીનું વ્યવહારનું પ્રકરણ ચાલ્યું, તોપણ પંડિતો તલવાર ખેંચી ખેંચીને ઉતરી પડ્યા. એ લોકોનો અભ્યાસ નથી, પંડિતોનો અભ્યાસ નથી એટલો. લાંછન જોઈએ, ફલાણું જોઈએ, આમ જોઈએ, આમ જોઈએ. શાસ્ત્રો દેખાડે ત્યાં ચૂપ થઈ જાય. શાસ્ત્રોમાં છે આ વાત. 'ભરત' મહારાજાએ 'આદિનાથ' ભગવાનની, આ તો ચતુર્થ કાળના આરંભની વાત છે. ભૂત-ભાવી-વર્તમાન.

મુમુક્ષુ :- ૨૩ તો થવાના બાકી હતા હજી વર્તમાનના.

પૂજ્ય ભાઈશ્રી :- હા. વર્તમાનમાં તો હજી ૨૩ થવાના બાકી હતા. અને 'મહાવીર' ભગવાન તો 'મરિચિ'ના ભવમાં હતા. વિરોધમાં પડેલા હતા. જૈનધર્મની વિરોધમાં, 'આદિનાથ' ભગવાનની વિરોધમાં પડેલા હતા. પ્રતિમા સ્થાપી છે. ૭૨માં તો ગઈ ચોવીશ થયા છે અને પચ્ચીસ જ થયા છે. વર્તમાન 'આદિનાથ' ભગવાન થઈ ગયા. બીજા તીર્થંકર હજી 'અજીતનાથ' ભગવાન નહોતા થયા. ૭૨માંથી પચ્ચીસ થયા હતા. ૪૭ બાકી હતા. એ બધાની પ્રતિમા કૈલાસ ઉપર સ્થાપી હતી. હિમાલય કૈલાસ ઉપર સ્થાપના કરી હતી. એવું છે.

શું છે કે જેની અલ્પ ભવની સ્થિતિ રહી છે, 'બનારસીદાસે' આ ગાયું છે, 'અલ્પ ભવ સ્થિતિ જાકી' જે સમ્યગ્દૃષ્ટિ મોક્ષમાર્ગી મહાત્માને અલ્પ ભવ રહ્યા છે. કોઈને એક, કોઈને બે, કોઈને ચાર. 'સોહી પ્રમાણે જિન પ્રતિમા જિન સારખી.' એ પ્રમાણ કરે છે. એના પ્રમાણજ્ઞાનમાં નિશ્ચિત થાય છે કે જિનપ્રતિમા આવી હોય. એમાં ફેર પડે નહિ. નહિતર લોકો પ્રશ્ન પૂછે, જ્ઞાની છે એ નિશ્ચયનું જાણે પણ વ્યવહારનું તો પંડિતો, વિદ્વાનો જાણે ને. એવું નથી. જ્ઞાની નિશ્ચયનું પણ જાણે અને જ્ઞાની વ્યવહારનું પણ યથાયોગ્ય જાણે. પંડિતો ન તો નિશ્ચયને જાણે અને ન તો વ્યવહારને પણ જાણે. એમ વાત છે. જેના નિશ્ચયમાં ભૂલ છે એનો વ્યવહાર સાચો છે એવી માનવાની ભૂલ કરવા જેવું નથી.

આત્માર્થીઓએ તો ભલે આ પ્રસંગ તો પ્રસંગના ઉદય કાળે થયો, પણ આત્માર્થીઓને સમજવાનું મળે એવો વિષય છે કે એમાં સત્ય શું છે ? વ્યવહાર સત્ય શું છે ? નિર્દોષતા પ્રત્યે કોણ જાય છે ? કેવી રીતે જાય છે ? એ બધું આમાંથી સમજવાનું મળે એવું છે.

એટલે એમ કહ્યું કે વ્યક્તશુદ્ધચેતનારૂપ. પ્રગટ થઈ ગઈ છે જેની શુદ્ધ ચૈતન્યશક્તિ. પ્રગટ છે જેના અનંત ગુણનું રૂપ, એવા જે વ્યક્ત પરમાત્મા તેમની પૂજા અને તેમની સેવા. તેમની પૂજા, તેમનું બહુમાન, તેમના પ્રત્યે આદર, તેમની પ્રતિષ્ઠા આદિની અંદર અર્પણતા એ વગેરે બધું એમાં ભક્તિથી આવ્યા વિના રહે નહિ. પરિપૂર્ણ પ્રીતિ. સંક્ષેપ વૃત્તિથી નહિ. પરિપૂર્ણ પ્રીતિથી. એ પાત્રતાનું લક્ષણ છે. પરિપૂર્ણ, સર્વાર્પણબુદ્ધિ આવે.

**'બાહ્ય પ્રભાવના,...'** એ વખતે બાહ્ય પ્રભવનાનો વિકલ્પ એ બધું (આવે). સાથે **'અંતરંગ ધ્યાન,..'** આવા જ સ્વરૂપનું એને અંતરંગમાં ધ્યાન (હોય). ઘણા વર્ણન છે. સમય તો થઈ ગયો છે. વિસ્તારવાળો વિષય છે થોડો. કાલે ફરીથી લઈશું...

શુભરાગ અને તદાશ્રિત ત્યાગાદિ, તે અશુદ્ધ દ્રવ્યના અનુભવન સ્વરૂપ હોવાથી, તેને (વ્યવહારને) પરમાર્થપણાનો અભાવ છે તેથી જેને વ્યવહારનું (શુભરાગ અને દ્રવ્યક્રિયાનું) મમત્વ વર્તે છે, તે વિવેક શૂન્ય જીવો, પરદ્રવ્યને જ આત્મા માનનારા, કેવળ રાગને જ સાધે છે.

તાત્પર્ય એ છે કે વ્યવહારનો પક્ષ છે, તે પરમાર્થના વિપક્ષમાં છે. તેને શ્રીગુરુ, આત્માને દેખવા માટે અંધ થયેલાં કહે છે.

તેથી શુદ્ધ જ્ઞાન એક જ પરમાર્થે અનુભવવા યોગ્ય છે. કારણકે તે શુદ્ધ દ્રવ્યના અનુભવન સ્વરૂપ છે. જ્ઞાન દ્વારા આત્માને સ્વદ્રવ્યરૂપે અસ્તિપણે અવલોકવામાં જે નિપુણ છે, તે વિશુદ્ધ જ્ઞાન પ્રકાશ વડે આત્મામય જીવન જીવે છે. આ પારમાર્થિક વિવેક છે.

(અનુભવસંજીવની - ૭૬૧)

**તા. ૪–૧–૧૯૮૯, પાના નં. ૪૩. પ્રવચન નં. ૮૮**

'અનુભવપ્રકાશ'. પાનું-૪૩. શા માટે દેવની ભક્તિ થવી જોઈએ ? શા માટે ગુરુની ભક્તિ થવી જોઈએ ? શા માટે શાસ્ત્રની ભક્તિ થવી જોઈએ ? એમ કહીને પોતાનું સ્વરૂપનું ભાન થવામાં ઉપકારી ગણી... આત્મભાવ આવવો જોઈએ. દેવભક્તિ.

'**વ્યકતશુદ્ધચેતનારૂપ, પ્રગટ અનંતગુણરૂપ એવા વ્યકત પરમાત્મા તેમની પૂજા, સેવા, (તેના પ્રત્યે) મનથી પરિપૂર્ણ પ્રીતિ,...**' જેમનું આત્મસ્વરૂપ પ્રગટ વ્યક્ત થઈ ગયું છે. અનંત ગુણો પ્રગટ છે. એવા જે વ્યક્ત પ્રગટ પરમાત્મા છે, તેમની પૂજા, તેમની સેવા, તેમના પ્રત્યે મહિમાથી, અહોભાવથી પરિપૂર્ણ પ્રીતિ, તેમના સંબંધિત '**બાહ્ય પ્રભાવના,...**' જગતના જીવો જે એવા પરમાત્મા અનંત ગુણરૂપ પરમાત્માથી અજાણ છે એવા જીવોને પણ એમની ભક્તિ થાય તે અર્થેની પ્રવૃત્તિને પ્રભાવના કહેવામાં આવે છે. બાહ્ય પ્રભાવના. પંચ કલ્યાણક .. જે બધું કાંઈ છે ... સ્થાપનાને એ બાહ્ય પ્રભાવના પ્રસંગ એટલા માટે છે કે અનેક બીજા અજાણ જીવોને પણ તે બાજુ વળવાનું કાંઈને કાંઈ નિમિત્ત અથવા કારણ થાય છે. બીજા રાગી જીવોને આ પ્રકારના રાગથી અંદરનું કોઈ રહસ્ય જાણવા મળે એવો એની અંદર હેતુ રહેલો હોય છે. એ બહારમાંથી અંદર ખેંચવાની પદ્ધતિ છે. એને બાહ્ય પ્રભાવના હોય છે. આ બધું કરવાયોગ્ય છે.

'**પ્રગટ અનંતગુણરૂપ એવા વ્યક્ત પરાત્મા તેમની પૂજા, સેવા,...**' તેમની બાહ્ય પ્રભાવના એ કર્તવ્ય છે. '**અંતરંગ ધ્યાન,...**' જેવું એમનું પરિપૂર્ણ શુદ્ધ ધ્યાન સ્વરૂપ છે, અંતરંગમાં પોતાનું પણ અંતરંગ ધ્યાન કર્તવ્ય છે. બહારમાં પ્રભાવના કર્તવ્ય છે રાગના કાળમાં, અંદરમાં અંતર્મુખ થઈને અંતરનું ધ્યાન કર્તવ્ય છે. તેમનું '**ગુણવર્ણન..**' તેમના ગુણની પ્રશંસા, સ્તવના, સ્તુતિ તે ગુણવર્ણન છે. તેમની અવજ્ઞાનો અભાવ. અવજ્ઞાન ન થાય. અવજ્ઞાનો અભાવ વર્તે એ પણ

લક્ષમાં રાખવા યોગ્ય છે. જાણ્યે-અજાણ્યે અવજ્ઞાઅભાવ થાય એટલે અવજ્ઞા ન થાય. એ પણ કર્તવ્ય છે.

... ગુણની રુચિ છે, પરિપૂર્ણ નિર્દોષતાની જે રુચિ છે, એમની અવજ્ઞા કરવાનું આ જીવને શું કારણ છે ? તપાસે તો ખ્યાલ આવે. એવું શું કારણ છે ? શા માટે અવજ્ઞા ...? કોઈ તમારા પ્રત્યે ગુસ્સો કરે તેના પ્રત્યે તમને ગુસ્સો થાય તો તમને નિમિત્ત-બહાનુ મળે છે. ... પણ આ તો વીતરાગમૂર્તિ છે. વીતરાગમૂર્તિ સ્વરૂપ છે. પરિપૂર્ણ નિર્દોષ છે. જેના અનંત ગુણ પ્રગટ થઈ ગયા છે. સાક્ષાત્ પરમાત્મસ્વરૂપ થયા, તેમની અવજ્ઞા-અભાવ કરવો, તેમની અવજ્ઞા કરવી એ તો કારણ વગર જીવે પોતે પોતાને અનર્થદંડ આપે છે. અનર્થદંડ-કારણ વગર પોતાનું નુકસાન કરે. એવો એ પ્રકાર છે. એ પ્રકારને જગતના માન અને લોભને ખાતર જીવ એવી ... અથવા પોતાના વર્તમાન ક્ષયોપશમનું મહત્ત્વ આવે છે. તો એ સર્વજ્ઞ પરમાત્માની અવજ્ઞા કરી બેસે છે તે કર્તવ્ય નથી. અહીં તો કર્તવ્ય શું છે કે અવજ્ઞા-અભાવ. અવજ્ઞાનો અભાવ કર્તવ્ય છે.

મુમુક્ષુ :- કષાયની ...

પૂજ્ય ભાઈશ્રી :- ગૌણ કરે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બહુ મોટું. જગતના તમામ પ્રકારના દુરાચારથી મોટો દુરાચાર છે. જગતમાં જેટલા દુરાચાર ગણાય, તમામ પ્રકારના દુરાચારથી આ મોટો દુરાચાર છે. કેમકે બીજે તમે કાંઈપણ કષાયનું કારણ છે. અહીંયાં તો સામે નિષ્કષાય મૂર્તિ છે. છતાં એને કષાય થયો, તે એનું અત્યંત કષાયની પ્રબળતાનું, મોહની પ્રબળતાનું પ્રગટપણું સૂચવે છે.

'**પરમઉત્સાહ,...**' પરમ ઉત્સાહ કર્તવ્ય છે. '**મન, વચન, કાર્ય, ધન સર્વ ભક્તિના નિમિત્તે લગાવે,...**' મનથી પણ ભક્તિ કરે, વચનથી પણ ભક્તિ કરે. ભક્તિ થાય એવા કાર્યો કરે અને પૂર્વ સંચિત પુણ્યનો યોગ હોય તો ધન-સંપત્તિ આદિ પણ તેના નિમિત્તે લગાવે.

મુમુક્ષુ :- કાયા નથી લખ્યું. કાર્ય લખ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, કાર્ય લીધું છે. મન, વચન, કાય, ધન.. મિસ પ્રિન્ટ હોઈ શકે. એ બનવાયોગ છે. '**મન, વચન, કાય, ધન...**'

તમ, મન ને ધન તો કહે જ છે ને ? વચન શબ્દ વિશેષ લીધો છે. એ કાયની અંદર વચન પ્રવૃત્તિ આવી જાય. **'અને પોતાના પ્રાણથી પણ (વધારે) વલ્લભ જાણે,...'** એવા કાર્યોમાં પોતાના પ્રાણને અધિક જાણે. પોતાના શરીર, સગવડ, અનુકૂળતાઓને વિશેષતા આપે, પ્રાધાન્ય આપે અને દેવભક્તિને ગૌણ કરે. એમ ન કરે. એવો પ્રસંગ પડે તો પ્રાણ જાય એટલું સાહસ કરે, એમ કહે છે. પ્રાણથી વલ્લભ જાણે એટલે એવો પ્રસંગ પડે તો એ પ્રાણ જાય તો ભલે જાય, એ પાછી પાની કરે નહિ, દેવભક્તિમાં પાછી પાની કરે નહિ. કોઈ મંદિર તોડે તો ઊભો ઊભો જોયા કરે ? એ ઊભો ઊભો જોયા કરે નહિ. એને એનો પ્રતિકાર કરવાનો, રાગી હોવાથી રાગમાં વિકલ્પ આવ્યા વિના રહે નહિ. ત્યાં કોઈ શાંતિનો આડંબર કરે, ડોળ કરે, મધ્યસ્થતાનો ડોળ કરે તો એને વિપરીત પક્ષ અંદરમાં રહ્યો છે. એ પક્ષને એ છૂપાવવાનો પ્રયાસ કરે છે.

વિપરીત પક્ષમાં પ્રગટ છે, એના કરતા વિપરીત પક્ષ છુપાવે છે એ વધારે ગુનેગાર છે. કેમકે પેલાને તો સમજ છે કે આ બરાબર .. ઊભો છે. પણ આને નહિ સમજી શકે. કેમકે એને શાંતિનો અને મધ્યસ્થતાનો લેબાસ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ૭૨૩ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. કરે જ કરે. એને ઊથાપે બરાબર. પોતાના પુણ્યના પ્રમાણમાં એને ઉથાપે. બરાબર છે. આ પાખંડ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- વીતરાગના નામે બીજા જીવોને ફસાવવાનું, ભોળા જીવોને ફસાવવાનું નિમિત્ત થાય છે. એટલે. તું શાહુકાર હો, તારી દુકાનની બાજુમાં કોઈ ઠગ શાહુકારીનું બોર્ડ મારીને બાજુમાં દુકાન નાખે અને ઘરાગી ત્યાં વળતી હોય તો ? ફર્નિચર-બર્નિચર દેખાવ બધો સારો હોય. અને આગતા-સ્વાગતા પણ વિશેષ કરે. કેમકે ઠગાઈમાં કમાણી વધારે હોય. આ પાણી પીવડાવે તો ઓલા આઈસ્ક્રીમ ખવડાવે. એને પોસાય પાછું. ... મર્યાદા રાખી દે.

એ રીતે જે ખોટું કાર્ય કરે છે અને સાચા કાર્યને હાનિ પહોંચાડે છે

એની સામે બરાબર એ જાગૃત થઈ જાય. રાગ હોય તો એની સામે ઊથાપન કરે. બરાબર ? ભલે એમાં પ્રશસ્ત દ્વેષ છે. પણ એ પણ રાગની ભૂમિકામાં જો પ્રશસ્ત રાગ આવે તો પ્રશસ્ત દ્વેષ આવ્યા વિના રહે નહિ. જો એને એવા કાળમાં પ્રશસ્ત દ્વેષ આવતો નથી તો એનો પ્રશસ્ત રાગ પણ જૂઠો છે, સાચો નથી. એને પ્રશસ્ત રાગ ખોટો છે. એને સાચો રાગ નથી કોઈ દેવ ઉપર, ગુરુ ઉપર, શાસ્ત્ર ઉપર. આ તો તમે રાગ-દ્વેષ કરવાનું કહો છો. એમ નથી. એની ભૂમિકામાં તેવો પ્રકાર અનિવાર્ય છે. નિવારી શકાય નહિ એવો જ છે. કોઈ પ્રશ્ન જ નથી.

'કુંદકુંદાચાર્ય' છઠે-સાતમે ગુણસ્થાને મુનિદશામાં હતા. શ્વેતાંબર મતની ત્યારે શરૂઆત થઈ હતી. હજી શાસ્ત્રો નહોતો રચાયા, મંદિરો નહોતો થયા પણ શરૂઆત થઈ હતી. કપડું રાખવાની. ... તો કહે છે, એક તાણોવાણો રાખીને મુનિ માને, મનાવે તો સીધો નિગોદમાં ચાલ્યો જાય. કેમકે એ તો વીતરાગમાર્ગને જ તોડવા માટે છે, આખો માર્ગ જ ઉન્માર્ગ કરવા માંડ્યા, માર્ગને ફેરવવા માંડ્યા.

'ગુરુદેવ' બહુ કડક શબ્દોમાં કહેતા કે વીતરાગમાર્ગની સામે જે કોઈ પડ્યા છે તે માર્ગને લૂંટે છે, માર્ગના લૂંટારા છે. પણ એ તો સંયમ પાળે છે. સંયમ પાળે એને એમ કહેવાય કે લૂંટારા છે ? એ સંયમના અંચળા નીચે, શાસ્ત્રજ્ઞાનના અંચળા નીચે, ધાર્મિક ક્રિયાના અંચળા નીચે આખો માર્ગ ઉઠલાવવાની પ્રક્રિયા ચાલે છે. મુનિ હોય તો મુનિરાજથી પણ એ સહન થતું નથી. 'અષ્ટપાહુડ'માં ... એવો ન્યાય આપતા 'ગુરુદેવ' કે સાહેબ ! આ તો કાકડીના ચોરને ફાંસીની સજા. ખૂન કર્યું હોય એને ફાંસીની સજા આપો એ બરાબર છે. કાકડી ચોરી છે એને ફાંસીની (સજા) ? નહિ. કાકડી નથી ચોરી. આખો ભગવાનનો માર્ગ ફેરવવા માગે છે. અક્ષમ્ય ગુનો છે, અક્ષમ્ય અપરાધ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કાળ હીણો છે. પંચમકાળનું એ પ્રદર્શન છે. એવા જીવોની સંખ્યા પણ ઘણી છે. તેથી એ પંથ ને એ માર્ગ ને એ પ્રવૃત્તિ ચાલે છે. તેથી ત્યાં સત્ય બદલી જાય કે પોતે સત્યનું પડખું છોડી દે અને બહુજન સમાજની સાથે ભળે, આત્માને હિત માટે એ કર્તવ્ય નથી. અહિત માટે કરે તો કરે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઝઘડો ન કરે. પોતાના પુણ્ય ન હોય તો ... તકરાર કરવા સામે ચાલીને ન જાય, પણ પોતે પ્રભાવના, બાહ્ય પ્રભાવના, જ્યાં પ્રવૃત્તિ કરવા યોગ્ય હોય ત્યાં જ કરે. ભલે ઓછા હોય. એને પોષણ આપે, એનું અનુમોદન આપે. કરવું, કરાવવું, અનુમોદવું. એમાંથી તો કોઈ પ્રકાર એને હોઈ શકે નહિ. પુણ્ય હોય તો બરાબર એને ઉથાપે. સત્યને સ્થાપે અને અસત્યને ઉથાપે.

એમાં તો એવું છે કે સામે ચાલીને ઝઘડો કરવા ન જાય, પણ સામાન્ય રીતે સામે પુણ્યવાન હોય, પૂર્વ પુણ્યનો ઉદય હોય તો એ તરાપ માર્યા વગર રહેશે નહિ. એને ઝઘડો કરવા જવું નથી પણ એ સામે ચડીને આવે તો એનો પ્રતિકાર કરે નહિ ? કે ઘરમાં બેસી જાય ? એમ. સમજાણું ? એ પોતે ન જાય એના ઘરે, પણ એ જ્યારે પોતે હુમલો કરે ત્યારે એનો પ્રતિકાર કરે કે નહિ ? કે ત્યારે ન કરે ? સિંહને મારવા ગાય ન જાય, પણ સિંહ એના વાછડા ઉપર તરાપ મારે ત્યારે એ ઊભી ઊભી જોયા કરે ? કે હું નહિ પહોંચી શકું, હું પણ મરી જઈશ. એના કરતા ભલે વાછરડો મરી જતો. હું તો બચીશ. એને ખબર છે કે વાછરડો ને હું બેય મરવાના છીએ. પણ એનાથી પરિણામમાં રહી શકાય નહિ.

એમ ધર્મ ઉપર, ધર્મી ઉપર સંકટ આવે ત્યારે જેને ધર્મ પ્રાપ્ત કરવો છે, જેને ધર્માનુરાગ છે એના પરિણામ પ્રતિકાર કર્યા વિના રહી શકે નહિ. બહુ કુદરતી વસ્તુ છે એ. કૃત્રિમતાનો એમાં પ્રકાર નથી. એ કુદરતી નિયમ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જેને ધર્મ પ્રાપ્ત કરવો છે તે મુમુક્ષુ છે. ધર્મી પણ ઝાલ્યો ન રહે અને ધર્મ પ્રાપ્ત કરવો છે એ પણ શાંત રહી શકે નહિ. 'ગુરુદેવ'ના વચનો છે. એ શાંત રહી શકે નહિ. એમ લખ્યું છે. મધ્યસ્થતાને બહાને, શાંતિના બહાને એ શાંત રહિ શકે નહિ. પણ અહીંયાં એને પોતાને .. ઉપર નુકસાન થાય ત્યારે શાંત રહે છે ? એનું કોઈ ઘર દબાવે, એની જમીન દબાવે, એનો હક દબાવે, એનો ભાગ દબાવે, લાભ દબાવે, કાંઈપણ કરે. પૈસા દબાવે, આબરૂ દબાવે.

કાંઈપણ કોઈપણ પડખે કાંઈ પણ દબાવણી થાય તો એ ઝાલ્યો રહે ? પહોંચતો હોય કે ન પહોંચતો હોય. એ કાંઈ એમ કહે છે ? કે, ભાઈ ! આપણે તો શાંતિ રાખો, કરવા દ્યો એને જેમ કરવું હોય. ત્યાં તો રહી શકતો નથી. એને જેટલું મમત્વ પરિગ્રહ ઉપર છે એટલું મમત્વ એને દેવ-ગુરુ-શાસ્ત્રનું નથી. એમ એમાં સિદ્ધ થાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો આત્મા છે ને ? એ આત્મા છે. એ તો આત્મા છે. વ્યક્તિને આત્મા તરીકે જોવે છે ને ? એના દોષ ભાવોનો નિષેધ કરે છે. એ એમ કહે કે, અરે..! પ્રભુ ! તું આ શું કરે છે ? એમ કહે. એવા જીવના નીચી કોટીના પરિણામ જોવે તો એમ કહે કે, અરે..! પ્રભુ ! તું આ શું કરે છે ? તારે કેટલુંક હજી દુઃખી થાવું છે ? ભગવાન ! તારે કેટલુંક હજી દુઃખી થાવું છે ? એમ કરુણાથી નીકળે. એ સાચી ભક્તિ છે.

'**મન, વચન, કાર્ય, ધન...**' એ અર્પણતા છે. '**ભક્તિના નિમિત્તે લગાવે,...**' એટલું જ નહિ '**પોતાના પ્રાણથી પણ (વધારે) વલ્લભ જાણે,...**' પોતાના પ્રાણની હોડ મૂકે. ત્યાં સુધી એની અર્પણતા હોય, એમ કહેવું છે. '**પ્રાણને દુઃખ-મૂલ જાણે.**' આ પ્રાણ છે એ તો દુઃખનું નિમિત્ત છે, એ કાંઈ સુખનું નિમિત્ત નથી. '**તેને અનંતસુખનું કારણ જાણે,...**' દેવ-ગુરુ-શાસ્ત્રને અનંતસુખનું કારણ જાણે. '**શુદ્ધસ્વરૂપ જાણી ભક્તિ કરે,...**' એ તો આત્માનું શુદ્ધ સ્વરૂપ છે. દેવ એટલે આત્માનું શુદ્ધ સ્વરૂપ છે. એ શુદ્ધ સ્વરૂપ જાણીને ભક્તિ કરે.

'**પોતે શુદ્ધ સ્વરૂપનો અભિલાષી તેથી તેમની ભક્તિ,...**' શા માટે ભક્તિ કરે છે ? કે પોતે પણ એવો થવા ચાહે છે, પોતે પણ એવો થવા માગે છે. '**શુદ્ધસ્વરૂપનો અભિલાષી તેથી તેમની ભક્તિ, રુચિ-શ્રદ્ધા-પ્રતીતિથી કરે,...**' કંટાળો લાવીને નહિ. રુચિથી કરે, શ્રદ્ધાથી કરે, પ્રતીતિથી કરે. એ દેવ-ભક્તિનો વિષય ત્યાં સુધી લીધો છે. રુચિ, શ્રદ્ધા, પ્રતીતિથી ભક્તિ કરે. સ્વરૂપ ઓળખે તો એને એ પ્રકાર આવ્યા વિના રહે નહિ.

'**શાસ્ત્રની ભક્તિ કરે.**' હવે બીજો શાસ્ત્રનો વિષય લીધો.

અનુભવનો ગ્રંથ છે છતાં વ્યવહારની વાત વચમાં લીધી છે ને ? સાધ્ય-સાધકના બોલ (લીધા છે) એટલે વ્યવહાર ચોખ્ખો કરે છે. આવો વ્યવહાર હોય. વ્યવહારમાં ઊભો છે તો એનો વ્યવહાર કેવો હોય ? રાગમાં ઊભો છે. વ્યવહારમાં એટલે ? હજી વીતરાગ થયો નથી અને રાગમાં ઊભો છે તો એ એની સ્થિતિ કેવી હોય ? એ સ્પષ્ટ કર્યું.

'**કે પોતાનું સ્વરૂપ શાસ્ત્રથી પામે છે.**' શાસ્ત્ર નિમિત્ત થાય છે. સ્વરૂપ સમજવા માટે શાસ્ત્ર નિમિત્ત થાય છે. '**પોતાનું સ્વરૂપ શાસ્ત્રથી પામે છે. સંસારદુઃખની હાનિ સ્વરૂપભાવનાથી થાય છે, તે પામે.**' શાસ્ત્ર વાંચીને એને પોતાને સ્વરૂપપ્રાપ્તિની ભાવના અને સંસાર મટાડવાની એને ભાવના થાય છે. શાસ્ત્રમાં એવી વાત છે, એમ કહે છે. શાસ્ત્ર એટલે સ્વાનુભવી પુરુષોએ અનુભવમાં કલમ બોળીને લખેલી વાત એને શાસ્ત્ર કહેવામાં આવે છે. અનુભવથી અનુભવની વાત અનુભવીઓએ કરી એનું નામ શાસ્ત્ર. અથવા જેને પોતાના શુદ્ધાત્મ સ્વરૂપમાં પુરુષાર્થની ભીંસ ગઈ, અંતર્મુખ જેને પુરુષાર્થનું જોર ચાલ્યું અને અનુભવ કર્યો, એ જોરમાં જતા જતા વાણીનો પણ યોગ થઈ ગયો અને વાણી નીકળી ગઈ એનું નામ શાસ્ત્ર છે. એ આત્મા ઉપરની ભીંસમાંથી નીકળેલા વચનો છે. એટલે એમાં સ્વરૂપપ્રાપ્તિની ભાવના થાય છે.

'**સ્વપરવિવેક ગ્રંથોથી પ્રગટે.**' પોતે કોણ ? પોતા સિવાયના પર કોણ ? એવો સ્વ-પરની ભિન્નતાનો વિવેક ગ્રંથોથી, શાસ્ત્રોથી પ્રગટે. '**મોક્ષમાર્ગ મોક્ષસ્વરૂપ-વાણીથી સમજાય છે...**' મોક્ષમાર્ગ પણ વચનથી સમજાય છે, મોક્ષનું સ્વરૂપ પણ વચનથી સમજાય છે. '**માટે શાસ્ત્રભક્તિ કહી છે.**' સર્વજ્ઞદેવના મુખેથી વાણી નીકળી તે પણ શાસ્ત્ર છે. મોક્ષમાર્ગી ગણધરથી માંડીને, સમ્યગ્દષ્ટિથી માંડીને ગણધર પર્યંતના સાધક આત્માઓને સાધતા સાધતા જે વાણી નીકળી તે પણ શાસ્ત્ર છે. એ બોલે તે પણ શાસ્ત્ર છે અને લખે તે પણ શાસ્ત્ર જ છે. બેય પ્રકાર છે. બોલે એ પણ શાસ્ત્ર જ છે અને લખે તે પણ શાસ્ત્ર જ છે.

'ગુરુદેવે' 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'ના ત્રીજા ભાગને જ શાસ્ત્ર જ કહ્યું. પાછળથી જે પાંચ વર્ષ પછી છૂટ મૂકી. 'મુંબઈ' આ વખતે વાત કરી હતી. (સંવત) ૨૦૨૩ની સાલમાં પ્રકાશન કર્યું. ભાષાની શૈલીની દૃષ્ટિ

પ્રધાનતા હતી. વ્યવહારના વિષયની અત્યંત ગૌણતા ભાષામાં હતી. પહેલા ઊહાપોહ થઈ ગયો. પાંચ વર્ષ સુધી કો'ક કો'કને જોઈ જોઈને આપ્યા. પાંચસોએક પુસ્તક અપાણા. એ પાંચ વર્ષમાં પાંચસો પુસ્તક આપ્યા. એમને વિકલ્પ થયો હશે. આપણને કાંઈ ખબર નહિ. (પૂછ્યું), શું થયું ? પડ્યા છે. ક્યાં પડ્યા છે ? 'ભાવનગર' (એક મુમુક્ષુના) ઘરે પડ્યા છે. કેટલોક વખત થયો ? પાંચ વર્ષ થયા. પાના હવે તો પીળા પડે. હેં..! શાસ્ત્ર છે એ તો, અશાતના થઈ જાય. એમ કહ્યું. શાસ્ત્ર છે, અશાતના થાય. આપો હવે બધાને આપો. પાંચ વર્ષમાં તો ઘડ બેઠી. લોકોને ઘડ બેઠી કે આ પણ એક અસાધારણ દૃષ્ટિપ્રધાન કથની છે. અને દૃષ્ટિનું જોર, એની સાથે જ્ઞાનનું જોર, એની સાથે બધા ગુણોનું વર્ણન આત્મા બાજુ જાય તો અંદર એને કહેવાની પદ્ધતિ કેવી હોય, એ એની અંદર પ્રસિદ્ધ થાય છે. સ્વરૂપની રુચિવાળાને, અંતર્મુખ થવાવાળાને તો એ ઉપકારી લાગે છે, મીઠું લાગે છે. કડક નથી લાગતું પણ મીઠું લાગે છે.

એ '**મોક્ષમાર્ગ મોક્ષસ્વરૂપ-વાણીથી સમજાય છે માટે શાસ્ત્ર ભક્તિ કહી છે.**' તેથી શાસ્ત્રની પણ ભક્તિ કહી છે. જુઓ ! વિનય કેવો આવે છે ! નહિતર વાણી તો જડ છે. દેવ-ગુરુ ને શાસ્ત્ર. એમાં દેવ અને ગુરુ તો ચૈતન્ય પદાર્થ છે. વાણીમાં તો અચેતનપણું છે. વાણી અચેતન હોવા છતાં એને પૂજ્યપણું શા માટે ? 'રાજમલજી'એ બીજા કળશમાં આ પ્રશ્ન ઉઠાવ્યો છે. એને પણ વ્યવહારે પૂજ્યપણું ઘટે છે. ઠીક ! એને પણ વ્યવહારે પૂજ્યપણું ઘટે છે. પણ આમ બનતું નથી ?

એક મહાપુરુષ સત્પુરુષ હોય તો એના કુટુંબ-પરિવારના સભ્યો પ્રત્યે પણ લોકો આદર રાખે છે. નહિતર એ તો ભિન્ન આત્માઓ છે અને ભિન્ન યોગ્યતા ધરાવનારા હોય છે. જેવી સત્પુરુષની યોગ્યતા હોય એવી તો કાંઈ બીજા આત્માઓની ન હોઈ શકે. છતાં રાખે છે કે નહિ ? 'તુજ પાદથી સ્પર્શાઈ એવી ધૂલીને પણ ધન્ય છે.' ધૂળ તો જડ છે. છતાં એટલો મહિમા. તો એનો મહિમા કેટલો ? જો ધૂળનો મહિમા આટલો તો એનો મહિમા કેટલો ?

'સોગાનીજી'ને 'ગુરુદેવ'નો ઉપકાર થયો. 'ગુરુદેવ'ના નિમિત્તે અહીંયાં (સમ્યગ્દર્શન) પામ્યા. ખ્યાલ આવ્યો કે અનંત કાળમાં પામ્યો

નથી અને અહીંયાં પામ્યો છું. એવો પણ ખ્યાલ આવ્યો. ઠીક ! જાતિસ્મરણજ્ઞાન વિના શ્રુતજ્ઞાનમાં અનંત કાળનો ખ્યાલ આવ્યો. જાતિસ્મરણમાં તો બે ભવ, ચાર ભવ, પાંચ ભવ કે પછી કેટલાક ભવોની યાદદાસ્ત આવે અને તે પણ કેટલુંક યાદ આવે અને કેટલુંક યાદ ન આવે. કાંઈ બધું યાદ આવે એવું બને નહિ. યાદદાસ્ત આમ પાંગળી ચીજ છે. શ્રુતજ્ઞાન અનંત કાળ સુધી પહોંચી જાય છે.

અનંત કાળમાં પામ્યો નથી એવું પામ્યો છું. તો એમ લખે છે કે 'સોનગઢ'થી ગયા પછી ભાગ્યે જ કોઈ દિવસ એવો પસાર થાય છે કે જેમાં ત્યાંની સ્મૃતિ આવતી નથી. અને મને તો એ 'સોનગઢ'ની ધૂળ માટે પણ તડપવું પડે એવી પરિસ્થિતિ છે. ઠીક ! પત્રમાં લખ્યું. જ્ઞાનદશા થયા પછી આટલો રાગ ! 'સોનગઢ'ની ધૂળ માટે અમારે તડપવું પડે. એ પરિસ્થિતિ છે.

એ રાગની સ્થિતિમાં, વાણી છે એ જડ છે તોપણ એના પ્રત્યે ... એ વાણી પ્રત્યે એનું બહુમાન આવ્યા વિના રહેતું નથી. 'કળશટીકા'માં એ વાત છે. બીજો જ કળશ છે. દેવ-ગુરુ-શાસ્ત્રનું 'અમૃતચંદ્રાચાર્યદેવે' માંગલિક કર્યું છે ને.

**अनन्तधर्मणस्तत्तवं पश्यन्ती प्रत्यगात्मनाः।**
**अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम्।।२।।**

એમાં પોતે પ્રશ્ન ઉઠાવ્યો છે.

'**(દિવ્યધ્વનિ તો પુદ્‌ગલાત્મક છે), અચેતન છે. અચેતનને નમસ્કાર નિષિદ્ધ છે.**' ચેતનને નમવાનું કહ્યું આપે અને અચેતનને નમવાની ક્યાં વાત છે જૈનશાસ્ત્રમાં ? એવો કોઈ કુતર્ક કરે. '**તેનું સમાધાન કરવાને માટે આ અર્થ કહ્યો કે વાણી સર્વજ્ઞસ્વરૂપ-અનુસારીણી છે, એવું માન્યા વિના પણ ચાલે નહિ.**' ભગવાનની વાણી તો પોતાના સર્વજ્ઞ સ્થિતિને અનુસરીને નીકળી છે, પણ જેના હૃદયમાં, શ્રદ્ધામાં સર્વજ્ઞ સ્વભાવ પરમાત્મા બિરાજમાન છે એની વાણી પણ સર્વજ્ઞસ્વભાવ અનુસારીણી છે, એમ કહેવું છે. '**વાણી સર્વજ્ઞસ્વરૂપ અનુસારીણી છે એવું માન્યા વિના પણ ચાલે નહિ.**' એનું બેકિંગ શું છે પણ ? ક્યાંથી ઊભી થઈ એ વાણી ? કઈ ભૂમિમાંથી ઊભી થઈ ? આધાર શું છે ? કે સર્વજ્ઞ સ્વભાવ. પરમાત્મપદ એનું

આધારસ્થાન છે, અધિષ્ઠાન છે. એ વાણીનું અધિષ્ઠાન છે પરમાત્મતત્ત્વ. એવું માન્યા વિના પણ ચાલે નહિ.

**'વાણી તો અચેતન છે. તેને સાંભળતા જીવાદિ પદાર્થનું સ્વરૂપજ્ઞાન જે પ્રકારે ઊપજે છે તે જ પ્રકારે જાણવું કે વાણીનું પૂજ્યપણું પણ છે.'** બહુ ગંભીર વાત કરી છે. જો તને સર્વજ્ઞની અથવા વીતરાગની વાણી અથવા શાસ્ત્ર અથવા જ્ઞાનીનું વચન જીવાદિ પદાર્થનું સ્વરૂપજ્ઞાન કરવા માટે નિમિત્તભૂત થાય, એવો કોઈ પ્રકાર ઊપજે, એવો કોઈ નિમિત્ત-નૈમિત્તક પ્રકાર ઊપજે, તો જે પ્રકારે ઊપજે તે જ પ્રકારે જાણવું. ઓઘેઓઘે નહિ, તે જ પ્રકારે જાણવું. તે વાણીનું પૂજ્યપણું પણ છે. એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ થતાં તને જ્ઞાન થશે કે આ વાણી પણ પૂજ્ય છે. 'સમયસાર'ની સ્તુતિ કરવા 'કુંદકુંદ' ભગવાનના વચનો માટે પંડતિજી એ જ ભાવના કરી કે 'બનાવું પત્ર કુંદનના'. સોનાના હું પાના લઈને રત્નોના અક્ષરથી આ વાણી લખું, તોપણ એનો કાંઈ મહિમા થાય નહિ. એ પ્રકારે વાણીનું પૂજ્યપણું પણ છે. એ રીતે ત્યાં બહુ રહસ્યવાળી વાત લીધી છે. કેવું ગોળ ગોળ લખ્યું છે. કેમકે વાણી વચનગોચર નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જે ભજે છે, જે વાણી એને સ્વરૂપનું જ્ઞાન થવમાં નિમિત્ત પડે છે કે આ જ્ઞાયક છે, આત્મા જ્ઞાયક છે એમ જ્યાં નિમિત્ત પડે છે એટલી વાણી, અંદરમાં જ્ઞાયક બાજુ આમ સીધું વલણ જાય છે તો એને વાણીની કિંમત ત્યાં સમજાય છે.

'સોગાનીજી'એ શાસ્ત્ર તો ઘણા વાંચ્યા હતા. મૂળ દિગંબર હતા. શાસ્ત્રો વાંચ્યા, સમજવા માટે પંડિતો રાખ્યા. પણ 'ગુરુદેવ'ની વાણી નિમિત્ત પડી. જ્યારે એ પ્રત્યક્ષ સાંભળવા આવ્યા ત્યારે 'ગુરુદેવ'ની વાણી નિમિત્ત પડી તો એને કેટલું પૂજ્યપણું આવ્યું છે ! કોઈ મોટો શેઠિયો હોય. એટલો વેપાર કરાવતો હોય. લાખો-કરોડો રૂપિયા કમાવી દેતો હોય, ઘર ભરી દેતો હોય એમ કહેવાય. પછી એનો નોકર આવે તો એને સાચવે કે ન સાચવે ? એનો પટ્ટાવાળો કાંઈક સંદેશો લઈને આવે. માણસ મોકલ્યો છે, આટલું કામ છે. તમારા માટે આ સંદેશો આપવા મોકલ્યો છે. બસ્સો-પાંચસો માઈલથી માણસ આવતો હોય. શેઠિયાને સાચવે એવી રીતે માણસને સાચવે. સાચવે છે કે નથી સાચવતા ? એ ક્યાં શેઠ છે ? એને ખબર છે કે મારો રિપોર્ટ આ કરશે કે હું ગયો હતો

મારી કેટલી ખાતર બરદાસ્ત કરી, આગતાસ્વાગતા કેટલી કરી. આપણે ગુજરાતીમાં આગતાસ્વાગતા કહે છે. અહીંથી કિંમત થવાની છે. પ્રયોજન છે ત્યાં એને કેટલું બધો ડાયરેક્ટ-ઈનડાયરેક્ટ ખ્યાલ રહે છે.

અહીંયાં જો એ પ્રમાણે વાણી પ્રત્યે પણ એની ભક્તિ આવતી નથી તો એને એ કહેનાર પ્રત્યે ભક્તિ આવે છે એ વાત પણ સિદ્ધ થાતી નથી. જો અહીંયાં વાણીનો અનાદર કરે છે, એકપણ શાસ્ત્રનો અનાદર કરે છે. પછી 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' હોય કે xyz ગમે તે હોય, એ એના કહેનારનો અનાદર કરે છે. એ સર્વ સાધકનો અને સર્વ સર્વજ્ઞનો પણ અનાદર કરે છે. એવી વાત છે. અનંતા સાધકો, અનંતા મુનિઓ, અનંતા સર્વજ્ઞો, અનંતા સિદ્ધો એ બધાનો અનાદર એમાં આવી જાય છે. બહુ મોટો અપરાધ છે.

મુમુક્ષુ :- કષાયના આધારે અનાદર થઈ જતો હશે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવું છે. તીવ્ર કષાય છે. એનું ભાન ભૂલાય જાય ત્યારે પછી અપરાધની પણ સીમા રહેતી નથી. એ વાણીનો વિષય લીધો છે. પછી ગુરુ.

'**ગુરુ મોક્ષમાર્ગને ઉપદેશે છે,...**' ગુરુ છે એ મોક્ષમાર્ગના ઉપદેશક છે, ઉપદેશદાતા છે. ખરેખરે એ ઉપદેશ આપે છે નહિ, ઉપદેશ દ્વારા એને આત્મા આપે છે. એ 'શ્રીમદ્જી'એ લીધું કે ગુરુને હું શું કહું ? એણે તો આત્મા આપ્યો છે, એણે તો આત્મા આપ્યો છે. એટલે 'શું પ્રભુ ચરણ કને ભજું, આત્માથી સૌ હિન, તે તો પ્રભુએ આપ્યો.' એણે ઉપદેશ આપ્યો કે આત્મા આપ્યો ? એમ ન કહ્યું કે આત્માનો ઉપદેશ આપ્યો. એ ઉપદેશ દ્વારા એણે આત્મા જ આપ્યો, એમ કીધું.

કોઈ સોનાની ખાણ બતાવે, હીરાની ખાણ બતાવે કે, ભાઈ ! તમે જે જમની ખરીદી એ જમીનમાં ભલે તમે લાકડાની વખાર કરવાના હતા. લાકડાનો વેપાર હોય તો જમીન ખરીદી. ઘણાને જંગલના લાકડાનો વેપાર હોય છે ને ? મોટી જમની જોઈએ. લાકડા પડ્યા રહે. જેટલા આવે એટલા સેંકડો ટન લાકડા આવે તો નાખો. એ લાકડા મૂકવાની જમીન નથી. નીચે બધા રતન ભર્યા છે. રત્નની ખાણ છે. તો એની વાણીમાં એણે રત્નો આપ્યા. શું કર્યું એમણે ? રત્નો આપ્યા એમ કહેવાય. વગર મૂલ્યે !

અહીંયાં તો અનંત ગુણના રત્નો આપ્યા, અનંત ગુણની ખાણ બતાવી. કેવા છે ગુરુ ? કે '**ગુરુ મોક્ષમાર્ગને ઉપદેશે છે, શાંતમુદ્રાધારી ગુરુમુદ્રા વચન બોલ્યા વિના જ મોક્ષમાર્ગ દર્શાવે છે,...**' આ એક બહુ વિશિષ્ટ વાત નાખી છે. 'અનુભવપ્રકાશ'માં 'દીપચંદજી'એ આ વાત બહુ જોરદાર નાખી છે. જ્યારે ગુરુ ઉપદેશ આપે ત્યારે તો આખો આત્મા અમૃતનું સરોવર જ એને બતાવે છે, પણ ન બોલે તોપણ એમની મુદ્રા કોઈ એવી છે કે મોક્ષમાર્ગને દર્શાવે છે. ઠીક ! જેની નજર હોય એને ખબર પડે એવી વાત છે.

જેનો પુરુષાર્થ અંતર્મુખ વળે છે અને જે પુરુષાર્થ અંતર્મુખ વળતા જેના વચનમાં તો એ પ્રગટ થાય એનો કાંઈ પ્રશ્ન જ નથી, પણ મન અને વાણી એ બે ચેષ્ટા છે. વચન સિવાયના. મન, વચન ને કાયા ત્રણ છે ને ? એમાં વચનમાં તો સ્પષ્ટ વિષય છે. પણ મન અને વાણી પણ એને જ પ્રસિદ્ધ કરે છે, એને જ બતાવે છે. જો કોઈ મોક્ષમાર્ગી જીવનું નિકટ સાનિધ્ય મળે તો લાયક જીવને-પાત્ર જીવને આ જણાય છે, આ દેખાય છે. આ તો ન કહે તોપણ એનો આત્મા પ્રસિદ્ધ થયા વિના, એનો માર્ગ પ્રસિદ્ધ થયા વિના, એનું પરિણમન પ્રસિદ્ધ થયા વિના રહેતું નથી. એવું છે. એટલે એમ લીધું છે.

મુમુક્ષુ :- જોનાર શું જોવે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- શું જોવે એ ઊંડો વિષય છે. એનો પુરુષાર્થ જોવે છે, એનો અંદરનો આત્મભાવ જોવે છે. આત્માનું પરિણમન એમાં દેખાય છે.

મનની અને કાયાની પ્રવૃત્તિ તો અન્ય વિષયક છે. જેમકે આહાર લેવામાં આવે છે. તો એના પરિણામ આહારમાં નથી જતા, એ જોવે છે. આહારની પ્રવૃત્તિ કાળે પણ એના પરિણામ પાછા વળીને આત્મામાં જાય છે એમ જોવે છે, એ મોક્ષમાર્ગને જોવે છે. એ વગર બોલ્યે પણ મોક્ષમાર્ગને ઉપદેશે છે. એવી સૂક્ષ્મ દૃષ્ટિનું એને અવલોકન હોવું જોઈએ. હાલચાલમાં એ દેખાય, આહારમાં દેખાય, હાલવામાં, ચાલવામાં, બેસવામાં મૌન રહે કાંઈ પ્રવૃત્તિ ન કરે તો એમાં દેખાય. કાંઈ ન કરે તો એમાં દેખાય. દેખવાની નજર જોઈએ એટલી વાત છે. બહુ મોટી વાત લીધી છે. જબરજસ્ત વાત લખી છે. અમુક વાતો તો શાસ્ત્રમાં ન મળે

એવી વાતો નીચેના સાધકોની વાણીમાં આવી જાય છે.

મુમુક્ષુ :- આ તો મુનિરાજને ...

પૂજ્ય ભાઈશ્રી :- મુનિરાજ એ સર્વજ્ઞના મોટા પુત્ર છે, આ નાના પુત્ર છે. અણસાર તો બેયમાં છે. મુનિરાજ છે એ તો મોટા પુત્ર છે. મુનિમાં તો પ્રશ્ન જ નથી. એમની તો બાહ્ય શાંતિ જ એવી હોય છે કે એમાં તો મોક્ષમાર્ગ દેખાય, દેખાય ને દેખાય. ઊઘાડો દેખાય એમ છે. અહીંયાં તો અત્યારે છે નહિ એટલે શું પરિસ્થિતિ છે. લોકોને ખ્યાલ આવે એવું નથી.

તમે એવી દલીલ કરી શકશો કે એવો તર્ક કરી શકશો કે આ બાપને બે દીકરા છે એમાં મોટા દીકરામાં અણસાર આવે છે અને નાના દીકરામાં અણસાર આવે છે. પણ મોટા દીકરાનો અણસાર આવે એ અમને ઠીક પડે છે, નાના દીકરાનો અણસાર અમને ઠીક પડતો નથી. એવો તર્ક થઈ શકે છે ? એવો તર્ક થઈ શકતો નથી. લઘુનંદન કહ્યા છે કે નહિ ? સમ્યગ્દષ્ટિને લઘુનંદન કહ્યા છે કે નહિ ?

'**શાંતમુદ્રાધારી ગુરુમુદ્રા...**' એ તો કેટલાકને આગ્રહ એવો છે કે મુનિ હોય, મુનિ દશામાં હોય એની ગુરુમુદ્રા, એની ગુરુ તરીકેની મર્યાદા એટલી જ રાખી દેવી. પછી એથી આગળ બીજાને ગુરુ કહેવા નહિ, માનવા નહિ, બોલવું નહિ, આમ તેમ. 'શ્રીમદ્જી'એ 'આત્મસિદ્ધિ'માં એ વિષયનું સ્પષ્ટીકરણ કરી નાખ્યું. 'આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય' કેમકે ઓલા ગુરુ અત્યારે છે નહિ. જે એમણે અપૂર્વ અવસરમાં જે ગુરુનું ધ્યાન કર્યું છે, જે ગુરુની ભાવના કરી છે એ ગુરુ તો રહ્યા નહિ. નિર્ગ્રંથ ગુરુ. એટલે અહીંયાં સાધન શું ? હવે મુમુક્ષુઓને સાધન શું ? કે 'આત્મજ્ઞાન ત્યાં મુનિપણું તે સાચા ગુરુ હોય, બાકી કુળગુરુ કલ્પના...' બીજા કોઈ ગુરુને છોડી દેજે. એમાં ગુરુની કલ્પના રાખીશ નહિ. આત્માર્થીને નહિ જોય. એ તો કોઈ આત્માર્થી પણ નથી. ગુરુ તો નથી, સમ્યગ્દષ્ટિ તો નથી પણ આત્માર્થી પણ નથી. ૯૦ વર્ષ પહેલા આવી વાતો લખી છે.

મુમુક્ષુ :- આત્માને વારંવાર બતાવે તે ગુરુ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'દીપચંદજી'એ પરિભાષા-વ્યાખ્યા કરી છે કે જે શુદ્ધાત્માને, પરમાત્માને, નિજ સ્વભાવને, સ્વરૂપને વારંવાર

બતાવે તે ગુરુ. મૂહૂ.. મૂહૂ શબ્દ વાપર્યો છે. સંસ્કૃત શબ્દ છે. વારંવાર (આત્મા) બતાવે તે ગુરુ. બસ, એની વાણી જોઈ લેવી. એની વાણીમાં વારંવાર શુદ્ધાત્મા બતાવે છે ? અથવા એક શુદ્ધાત્માને બતાવવાનો જ જેમાં સર્વ વાતે આશય રહેલો છે. આ એક જ વાત કહેવી છે. બસ, ત્યારે એને તું સમજી લેજે. તો કહે છે કે બોલ્યા વિના પણ એમ મોક્ષમાર્ગ દર્શાવે છે. કહ્યા વિના, બોલ્યા વિના પણ એ મોક્ષમાર્ગને દર્શાવે છે.

મુમુક્ષુ :- આત્મજ્ઞાન હોય તે મુનિ ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. આત્મજ્ઞાન હોય તે મુનિ છે, તે ગુરુ છે એમ કહે છે. ઠીક ! એને દેશે મુનિપણું આવ્યું. એ તો દેશે જિન છે, મુનિ તો નીચેનું પદ છે. એને તો જિનપદ આપ્યું જ છે. દેશ જિન તો કહ્યા છે. એકદેશ જિન તો કહ્યા છે. એકદેશ જિન કહ્યા છે એમને. દેવ કહ્યા છે. એકદેશ દેવ છે, એકદેશ મુનિ છે. સમ્યગ્દૃષ્ટિ છે તે એકદેશ દેવ છે અને એકદેશ મુનિ છે. એ તો માપ કરીએ તો દેશ છે. દેવત્વ તો સામાન્ય છે. મુનિપણું તો સામાન્ય છે, ત્યાં વીતરાગતા તો સામાન્ય છે, કેવળજ્ઞાનની જાતિ છે.

શું કહ્યું ? મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ એ ભેદ જોઈએ તો પાંચ છે. ભેદ કાઢી નાખીએ, એ મતિ-શ્રુતની ઉપાધિ કાઢી નાખીએ તો બધું જ્ઞાન જ છે એમ કહી દીધું. 'સમયસાર'માં કહ્યું કે નહિ ? એમ અહીંયાં દેશપણું અને પૂર્ણપણું એને ગૌણ કરીએ તો જાત તો એક જ થઈ ગઈ. પતી ગયું. એમ લેવું છે. એ તો ૨૨૩મો પત્ર વાંચ્યો કે નહિ ? પરમાત્મા સંબંધીનો. જ્ઞાની તો પરમાત્મા જ છે. કેટલી વાતો લખી છે ! ચોવીસમાં વર્ષનો પત્ર છે, હોં !

મુમુક્ષુ :- આપણે તો સ્વાધ્યાયમાં વાંચ્યો હતો.

પૂજ્ય ભાઈશ્રી :- રાત્રે વાંચ્યો હતો કે સવારે વાંચ્યો હતો ?

મુમુક્ષુ :- રાત્રે વાંચ્યો હતો.

પૂજ્ય ભાઈશ્રી :- રાત્રે વાંચ્યો હતો.

**'પરમાત્માને નિરંજન અને નિર્દેહરૂપે ચિંતવ્યે જીવને એ લય આવવી વિકટ છે,...'** શું છે ? જે આત્મભાવના છે એ એક લયથી, સ્વરૂપની જે ભાવના છે એ અંતર જે પરમાત્મસ્વરૂપ છે, જે નિરંજન

છે, નિર્દેહ સ્વરૂપે છે, એની ચિંતવના કરીને એ લયમાં આવવું વિકટ છે. **'એટલા માટે જેને પરમાત્માનો સાક્ષાત્કાર થયો છે, એવો દેહધારી પરમાત્મા તે પરાભક્તિનું પરમ કારણ છે.'** પરાભક્તિ એટલે આવી લય લાગવી. જેને પરમાત્માનો અંદરમાં સાક્ષાત્કાર થયો છે એ દેહધારી પરમાત્મા છે એમ અહીંયાં કીધું. તેમની જે ભક્તિ છે એ આ સ્વરૂપની લય લાગવાનું કારણ છે.

**'તે જ્ઞાનીપુરુષના સર્વ ચરિત્રમાં ઐક્યભાવનો લક્ષ થવાથી...'** સર્વ ચરિત્રમાં. મન, વચન, કાયાની બધી ચેષ્ટા લઈ લેવી. **'તેના હૃદયમાં બિરાજમાન પરમાત્માનો ઐકયભાવ હોય છે;...'** એમની આ પ્રવૃત્તિમાં પરમાત્માનું જેને દર્શન થાય, તેને નિજ પરમાત્મામાં પણ એકતા થાય એમ કહેવું છે. ઐક્યભાવ એટલે એકતા. **'અને એ જ પરાભક્તિ છે. જ્ઞાનીપુરુષ અને પરમાત્મામાં અંતર જ નથી;...'** ઠીક ! દેશ પરમાત્મા કહ્યો ને ? દેશ જિન કહ્યા તો એને દેશ પરમાત્મા કહો. ઈ કાઢી નાખ્યું, ઉપાધિ કાઢી નાખી.

**'જ્ઞાનીપુરુષ અને પરમાત્મામાં અંતર જ નથી; અને જે કોઈ અંતર માને છે,...'** કે આને પૂર્ણ કહેવા અને આને દેશ કહેવા એમ આંક ગોઠવે છે **'તેને માર્ગની પ્રાપ્તિ પરમ વિકટ છે.'** માર્ગ પામવો મોંઘો પડી જશે. એ માર્ગ નહિ પામી શકે, એમ કહેવું છે. **'જ્ઞાની તો પરમાત્મા જ છે;...'** ફરીને લઈ લીધું, જ્ઞાની તો પરમાત્મા જ છે **'અને તેના ઓળખાણ વિના પરમાત્માની પ્રાપ્તિ થઈ નથી;...'** ભૂતકાળે પણ કોઈને થઈ નથી. **'માટે સર્વ પ્રકારે ભક્તિ કરવા યોગ્ય...'** સર્વ પ્રકારે. અર્ઘ ન ચડાવો એ વાત નથી અહીંયાં **'માટે સર્વ પ્રકારે ભક્તિ કરવા યોગ્ય એવી દેહધારી દિવ્યમૂર્તિ...'** કેવા શબ્દો લખ્યા છે ! **'એવી દેહધારી દિવ્ય મૂર્તિ જ્ઞાનીરૂપ પરમાત્માની નમસ્કારાદિ ભક્તિથી માંડીને પરાભક્તિના અંત સુધી એક લયે આરાધવી,...'** છેવટની હદ સુધીની ભક્તિ કરવી એમ કહે છે. પરા એટલે ઉત્કૃષ્ટ.

**'અંત સુધી એક લયે આરાધવી, એવો શાસ્ત્રલક્ષ છે.'** શાસ્ત્રનો આ મર્મ છે, એમ કહે છે. શાસ્ત્ર વાંચી વાંચીને શું કાઢ્યું ? શાસ્ત્રનું તો આ લક્ષ છે. કહેવા ધારેલી વાત શાસ્ત્રમાં આ છે. **'પરમાત્મા આ**

**દેહધારીરૂપે થયો છે...'** જુઓ ! શું કહે છે ? **'પરમાત્મા દેહધારીરૂપે થયો છે...'** મારા માટે. એમ. આમ તો પરમાત્મા ઉપરથી નીચે નથી આવતા પણ આ મારા માટે દેહધારીરૂપે થયા છે. એમ કહવું છે. **'એમ જ જ્ઞાનીપુરુષ પ્રત્યે જીવને બુદ્ધિ થયે ભક્તિ ઊગે છે, અને તે ભક્તિ ક્રમે કરી પરાભક્તિરૂપ હોય છે.'** એટલે કે એને સ્વરૂપની ઐક્યતા કરાવે છે. એને પરાભક્તિ અહીંયાં કહેવામાં આવે છે.

**'આ વિષે શ્રીમદ્ ભાગવતમાં, ભગવદ્ગીતામાં ઘણા ભેદ પ્રકાશિત કરી એ જ લક્ષ્ય પ્રશંસ્યો છે;...'** લ્યો ! અહીંયાં એનો રેફરન્સ આપ્યો કે અમુક વાતો એવી આવી છે. એની અંદર આ કહેવા માગે છે. એમ કરીને વાત કરી છે. **'અધિક શું કહેવું ? જ્ઞાની તીર્થંકરદેવમાં લક્ષ થવા જૈનમાં પણ...'** આ તો અમે તમને અન્યમતની વાત કરી, હવે જૈનની વાત કરું છું. **'જૈનમાં પણ પંચપરમેષ્ઠી મંત્રમાં 'નમો અરિહંતાણં' પદ પછી સિદ્ધને નમસ્કાર કર્યો છે;...'** સિદ્ધ ભગવાન તો ઊંચા પદે બિરાજમાન છે. અહિરંત ભગવાન તો નીચા પદે બિરાજમાન છે. (કોઈ) કુતર્ક કરે કે, જો તમે અરિહંતપદને નમસ્કાર મંત્રમાં પહેલું સ્થાન આપો તો સિદ્ધ ભગવાનનો અનાદર અને અવિનય થશે. એનું શું ? આ મંત્રમાં ભૂલ થઈ ગઈ છે. આ અનાદિ મંત્ર છે એટલે વાસ્તવિક છે એટલે કુદરતી છે અને આમ જ કુદરતનું સ્થાન છે. એમાં નીચું પદ, ઊંચું પદ જોવાવાળો ભૂલ ખાય જાશે, બીજું કાંઈ નહિ થાય.

જ્ઞાન જુદી ચીજ છે. ગણતરી જુદી ચીજ છે અને જ્ઞાન જુદી ચીજ છે. જ્ઞાન તો અનુભવને આધારે છે. ગણતરી આંકડાને આધારે છે અને જ્ઞાન અનુભવના આધારે છે. બહુ મોટી વાત છે. બહુ મોટી વાત છે. અનાદિ મહામંત્રની અંદર નમો અરિહંતાણં પહેલા શા માટે ? અહીંયાં એમ કહ્યું કે જ્ઞાનીની ભક્તિ કરવાનો આમાં સંકેત છે. આ નમસ્કાર મંત્ર જ્ઞાનીની ભક્તિનો સંકેત બતાવે છે. તને કાંઈ સમજાય તો એમાંથી.

**'એ જ ભક્તિ માટે એમ સૂચવે છે કે પ્રથમ જ્ઞાની પુરુષની ભક્તિ અને એ જ પરમાત્માની પ્રાપ્તિ અને ભક્તિનું નિદાન છે.'** ચોવીશમાં

વર્ષે આ વિષય ઉપર બહુ મોટો પેરેગ્રાફ લખ્યો છે. એ ચૂક્યો એ બધું ચૂક્યો, એમ કહે છે. પોતે એક જગ્યાએ લખ્યું છે પાછું કે અનંત કાળમાં જીવ બધું કરી ચૂક્યો છે. બધી ક્રિયાઓ કરી, બધા શાસ્ત્રો વાંચ્યા, બધી ધારણા કરી, બુદ્ધિપૂર્વક બધું સમજ્યો. આ ચીજ રહી ગઈ એની અંદર. જે ચીજ રહી ગઈ એ આ ચીજ રહી ગઈ. શાસ્ત્ર ભણવામાં આ ચીજ રહી જાય એવો સંભવ છે.

**'શાંતમુદ્રાધારી ગુરુમુદ્રા વચન બોલ્યા વિના જ મોક્ષમાર્ગ દર્શાવે છે,...'** એટલે ખાસ કરીને જે મુખમુદ્રા છે, જ્ઞાનીની જે મુખમુદ્રા છે એ મુખમુદ્રા ઉપર એમની અંતર્મુખ પરિણતિની ચેષ્ટા ઊપસી આવે છે. પરિણામની અંતર્મુખ પ્રવૃત્તિ જે છે એની ચેષ્ટાઓ ઊપસી આવે છે, એમાં કોઈ અનોખી શાંતિ હોય છે. એનું અંતર્મુખનું વલણ અને ઢલણ એમાં કોઈક અંશે પ્રસિદ્ધ થાય છે. જેને એની દૃષ્ટિ છે એને આખો મોક્ષમાર્ગ સમજાય જાય છે. આમ અંતર્મુખ થાવું જોઈએ. એ એને સમજાય છે એટલે ગુરુને ઉપકારી કહેવામાં આવે છે.

(અહીં સુધી રાખીએ...)

જેમ જીવ અને પુદ્‌ગલ-જડ પ્રતિપક્ષભૂત છે. તેથી પુદ્‌ગલનો રસ છે, તેને આત્મરસ ઉત્પન્ન થવો મુશ્કેલ છે. જેને ઈન્દ્રિયના ક્ષયોપશમ જ્ઞાનનો રસ ચડે છે, તેને બહિર્મુખ વેગ વધવાથી અંતર્મુખી અતિન્દ્રિય જ્ઞાનનો રસ ચડતો નથી, તેમ વિકલ્પમાં જેને રસ છે, અને તેથી જે જીવ અધિક - અધિક વિકલ્પ કરે છે તેમ તેમ નિર્વિકલ્પ અનુભવથી દૂર થઈ જાય છે. તેથી જ કૃપાસાગર શ્રીગુરુ કહે છે કે પઠન-પાઠન, સ્તુતિ, સ્મરણ, ચિંતના આદિ અનેક ક્રિયાના વિકલ્પો વિષ સમાન છે, નિર્વિકલ્પ અનુભવ તો અમૃતનું નિધાન છે, તેથી ઉપાદેય છે. વિકલ્પ માત્ર હેય છે, તેમ છતાં વિકલ્પ રસ આવે તો તે અશુદ્ધપણાનું મૂળ જાણી ત્યજવું. (અનુભવસંજીવની - ૭૮૬)

**તા. ૫-૧-૧૯૮૯, પાના નં. ૪૪, પ્રવચન નં. ૮૯**

**'શાંતમુદ્રાધારી ગુરુમુદ્રા વચન બોલ્યા વિના જ મોક્ષમાર્ગ દર્શાવે છે,...'** ત્યાંથી લઈએ. એક તો વચન દ્વારા ગુરુ મોક્ષમાર્ગને ઉપદેશે છે. ઉપરાંત એવો ઉપદેશ ન આપતા હોય ત્યારે તેમની શાંત મુખમુદ્રા મોક્ષમાર્ગને બતાવનારી છે. મોક્ષમાર્ગ એટલે અંતર્મુખ પરિણમન. અંતર્મુખ પરિણમનને મોક્ષમાર્ગ કહે છે. એ અંતર્મુખ પરિણમન શ્રીગુરુની શાંત મુદ્રા ઉપરથી પાત્ર જીવ, લાયક જીવ જાણે છે, સમજે છે. ત્યારે એ વચન દ્વારા કહે છે પણ તે, અને જ્યારે એ નથી કહેતા ત્યારે પણ મોક્ષમાર્ગને તો એ બતાવે જ છે, ઉપદેશે જ છે, દર્શાવે છે. એ વિશેષ વાત લીધી છે પોતે. પોતાના અનુભવથી લીધી છે.

ઉપદેઈ વચનોથી તો મોક્ષમાર્ગ દર્શાવી શકાય પણ જેઓ સાક્ષાત્ મોક્ષમાર્ગમાં પરિણમી રહ્યા છે તે વચન કહ્યા વિના પણ મોક્ષમાર્ગને દર્શાવે છે. એવું એમનું પરિણમન છે, જે એમની સર્વ બાહ્ય ક્રિયામાં પણ પ્રદર્શિત થાય છે. ઉદયભાવની ક્રિયામાં ઉદયને પણ, ઉદય પરિણામોને પણ બારિકાઈથી જુએ તો એ ઉદય પરિણામની અંદર આવેલી લુખાશ, ચીકાશનો અભાવ-લુખાશ છે એ ચીકાશનો અભાવ છે, તેમાં તેમનું પરિણમન કેવી રીતે આત્મા તરફ વળે છે, ઉદયના પરિણામોમાંથી પણ તેમનું પરિણમન કેવી રીતે આત્મા તરફ વળી રહ્યું છે, એ વસ્તુસ્થિતિ શ્રીગુરુના સાનિધ્યમાં, શ્રીગુરુના ગાઢ પરિચયમાં રહેનારને સમજાય છે. ઉપલક પરિચયવાળાને એ ખ્યાલ નથી આવતો, પણ ગાઢ પરિચયવાળાને એ ખ્યાલ આવી જાય છે.

એવો કોઈ આત્મા તરફનો પરિણતિનો મુખ્ય પ્રવાહ છે, પરિણતનો જે પ્રવાહ છે, એની જે મુખ્યતા છે એ મુખ્યતા અછાની રહેતી નથી. પછી ન સમજે એ એમ કહે કે આને કાંઈક અંદરમાં ધૂન છે. ન સમજે એને શું લાગે કે આ કાંઈક ધૂનમાં ને ધૂનમાં રહે છે. પણ એ ધૂન નથી એ આત્મા સહિતનું, આત્માની સાથે એકત્વ ધરાવતું પરિણમન છે. એ પરિણમન છે એ જ્ઞાનીની અંતરંગ દશા છે. એ

અંતરંગ દશાનો જેને પરિચય થાય તેને એ વિષયની ખરી ઓળખાણ થાય છે. અને જેને ઓળખાણ થાય છે એને તેની ભક્તિ ઉત્પન્ન થયા વિના રહેતી નથી. એવું એ નિર્દોષ પવિત્ર પરિણમન છે.

**'એવા શ્રીગુરુ સર્વદોષ રહિત, તેની ભક્તિ કહી છે. તેમની ભક્તિ મુક્તિનું કારણ જાણી કરે.'** લ્યો ઠીક ! સમ્યગ્દર્શનનું કારણ જાણીને કરે એમ કહેવાને બદલે સીધું કહ્યું કે તેમની ભક્તિ મુક્તિનું કારણ જાણીને કરે. એ મોક્ષનું બીજ છે. એ આપણે લીધું છે. 'નિર્ભ્રાંત દર્શન'માં લીધું છે. મોક્ષનું બીજ છે. **'તેમની ભક્તિ મુક્તિનું કારણ જાણી કરે.'** જ્યારે તેમની ભક્તિ બહુમાનથી કરે **'ત્યારે ભવભોગથી ઉદાસ થઈ...'** જ્યારે આવા ભક્તિના પરિણામ વધે ત્યારે બહારમાં ભવના ભવભોગ, ભવના ઉદય સંબંધીના, ભોગ-ઉપભોગના જેટલા કોઈ સ્થાન છે, વ્યવસાયાદિના જેટલા પરિણામ છે-તમામ, ભવની અંદર તમામ ઉદય લઈ લેવા. જેને જે પ્રકારનો ઉદય છે.

**'ઉદાસ થઈ મનસ્વરૂપની જ સ્થિરતા ચાહે.'** ત્યાં મન લાગતું નથી ત્યારે મન સ્વરૂપમાં લાગે એવી એની ચાહના હોય છે. એક બાજુ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિના પરિણામ, તે પરિણામમાં બહુમાન, બહુમાનનો ઉત્સાહ, છતાં પણ ત્યાં મમત્વ નહિ, ત્યાંથી ખસીને પોતાના શુદ્ધાત્મ સ્વરૂપમાં આવવાની જેને ભાવના છે, ચાહના છે અને એ સ્થિરતારૂપ ક્રિયા સાધે, એ જ પ્રકારે મનસ્વરૂપની સ્થિરતા ચાહે એ સ્થિરતા તે ક્રિયા છે. દર્શન-જ્ઞાન-ચારિત્રમાં ચારિત્રને ક્રિયા કહે છે.

**'ક્રિયા સાધે તેથી તેમની ભક્તિ સાધક છે.'** આ પ્રકારે સ્થિરતા સધાતી હોવાને લીધે ભક્તિ ઉપર ઉપચાર આવે છે કે ભક્તિ સાધક છે અને મનસ્વરૂપની સ્થિરતા સાધ્ય છે. **'તેથી તેમની ભક્તિ સાધક છે, મનની સ્થિરતા સાધ્ય છે.'** આ રીતે દેવ, ગુરુ અને શાસ્ત્ર છે ત્યાં તેમની ભક્તિથી આવો લાભ થાય છે. એના ઉપર થોડીક નીચેના પેરેગ્રાફમાં ચર્ચા કરી છે કે કોઈને લાભ થાય છે અને કોઈને લાભ થતો નથી. ત્યાં સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિનો વિષય લીધો છે. મુમુક્ષુના વિષયમાં અહીંયાં આપણે થોડો વિચાર કરશું.

**'શુભોપયોગના ત્રણ ભેદ છે,...'** શુભઉપયોગ ત્રણ પ્રકારે ઉત્પન્ન થાય છે. એક તો ક્રિયારૂપ. આ ક્રિયા એટલે બહારની વ્રત,

નિયમ, સંયમ, તપ આદિની ક્રિયા છે, એ ક્રિયાના નિમિત્તે શુભોપયોગ થાય છે. એક, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ સંબંધીત શુભોપયોગની ઉત્પત્તિ થાય છે. અને '**ગુણગુણીના ભેદવિચારરૂપ,...**' એટલે તત્ત્વજ્ઞાનના વિષયમાં ઉપયોગ જાય-આત્માના વિષયમાં, છ દ્રવ્યના વિષયમાં, નવ તત્ત્વના વિષયમાં, ત્યારે પણ શુભોપયોગ થાય છે. એ ત્રણ પ્રકારે શુભોપયોગની ઉત્પત્તિ થાય છે. આ મુખ્યપણે મોક્ષમાર્ગના સંબંધમાં લીધું છે. અન્ય મતિનો જે વિષય છે એને તો અહીંયાં ચર્ચામાં નથી લીધો.

અન્ય મતિમાં તો કોઈ ગરીબને દાન આપે, કોઈ ધર્મશાળા બંધાવે, કોઈ પરબ બંધાવે, કોઈ દવા આપે, એવી રીતે કાંઈપણ અનેક પ્રકારે શુભોપયોગના ભેદ છે. પોતપોતાના ઈષ્ટદેવનું સ્મરણ કરે, પ્રાર્થના કરે, પૂજા કરે, ભક્તિ કરે. એ અહીંયાં ચર્ચાનો વિષય નથી. અહીંયાં તો મુખ્યપણે મોક્ષમાર્ગમાં આવવાવાળા અને મોક્ષમાર્ગમાં આરૂઢ થયેલા- બંને જીવો લેવા છે. મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિ.

એને '**ક્રિયારૂપ, ભક્તિરૂપ, અને ગુણગુણીના ભેદવિચારરૂપ,...**' એટલે તત્ત્વના વિચારરૂપ '**એ ત્રણેના સાતિશય સહિત અને નિરતિશય સહિત છ ભેદ થયા.**' એ ત્રણ પ્રકારના જે શુભોપયોગ છે, એ શુભોપયોગના પણ બે ભેદ છે. ત્રણ-ત્રણ. એક સાતિશય અને એક નિરતિશય. બંનેમાં ત્રણ ત્રણ લેવા. આ વિષય આપણે ઓછો ચર્ચાય છે. ઠીક છે અહીંયાં શાસ્ત્રમાં સામે જ વિષય આવે છે. '**નિરતિશય સહિત છ ભેદ થયા. સમ્યક્ત્વ સહિત તો ત્રણેય સાતિશય,...**' જે સમ્યક્ત્વ સહિત શુભોપયોગ છે એની જાત જુદી છે અને સમ્યક્ત્વ વિનાનો જે શુભોપયોગ છે એની જાત જુદી છે.

જેવા શુભભાવરૂપ પરિણામ સમ્યગ્દૃષ્ટિને થાય, તેવા શુભભાવરૂપ પરિણામ મિથ્યાદૃષ્ટિને થતા નથી. બંને જીવો જિનમંદિરમાં સાથે બેસીને ભગવાનની ભક્તિ કરતા હોય છતાં બંનેના શુભોપયોગની જાતમાં પણ ફેર પડે છે, એમ કહેવું છે. એકને સાતિશય શુભોપયોગ છે, એકને નિરતિશય શુભોપયોગ છે. એમ છે. ત્રણેમાં લઈ લેવું. ક્રિયામાં પણ એમ અને તત્ત્વવિચારમાં પણ એમ.

મુમુક્ષુ :- આ જે ત્રણ ભેદ કીધા એમાં ... ક્રિયારૂપ અને ભક્તિરૂપ

ગુણ-ગુણીના ભેદરૂપ, એ શુભના ત્રણ ભેદ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. શુભભાવના ત્રણ પ્રકાર છે.

મુમુક્ષુ :- આ મંદરૂપ અને ઓલા તીવ્ર એમ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, એવું કાંઈ નથી. એ તો કષાયની મંદતા ક્યાં કેટલી થાય એના ઉપર આધાર છે. એનો કોઈ નિયમ નથી. કોઈને ક્રિયા કરતા અતિશય કષાયની મંદતા થાય, કોઈને ભક્તિ કરતા કષાયની મંદતા વિશેષ થાય, કોઈને ગુણ-ગુણીના ભેદરૂપ વિચારથી કષાયની મંદતા વિશેષ થાય. સામાન્ય પ્રકારે એવું થાય ખરું. આમ સામાન્ય પ્રકારે એમ લઈ શકાય કે તત્ત્વજ્ઞાનના વિષયમાં કષાયની મંદતા વિશેષ થાય છે. કેમકે ત્યાં થોડો દર્શનમોહનો અનુભાગ પણ ઘટે છે. ભક્તિના પરિણામમાં પણ દર્શનમોહનો અનુભાગ ઘટે છે પણ મિથ્યાદષ્ટિને. અહીંયાં એ નથી લેવાનું શું કારણ ? કે અહીંયાં તો સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ બંનેનો વિચાર લેવો છે. એટલે સમ્યગ્દષ્ટિને તો દર્શનમોહનો પ્રશ્ન નથી. સમ્યગ્દષ્ટિને તો ચારિત્રમોહમાં એવું નથી કે ક્રિયા કરતા ભક્તિમાં વધારે મંદ કષાય થાય, ભક્તિ કરતા તત્ત્વવિચારમાં વધારે મંદ કષાય થાય. એવો કોઈ નિયમ નથી. સમ્યગ્દષ્ટિને એવો નિયમ નથી. મિથ્યાદષ્ટિમાં એટલો ફેર પડે કે મિથ્યાદષ્ટિ જીવ ક્રિયા કરતો હોય એના કરતા ભક્તિમાં વિશેષ ભાવનામાં આવે છે, કેમકે ત્યાં દર્શનમોહ ઘટવાનો પ્રકાર છે, સામે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર છે. અહીંયાં તત્ત્વવિચારમાં પણ વિશેષ દર્શનમોહ સહિત ચારિત્રમોહ મંદ થાય છે. દર્શનમોહ સહિત ચારિત્રમોહ મંદ થાય ત્યારે વિશેષ મંદતા લાગે. પણ સમ્યગ્દષ્ટિને એવો પ્રકાર લાગુ પડતો નથી. અહીંયાં તો બંનેનો વિચાર કરશે. એટલે અહીંયાં એ પદ્ધતિ નથી લેવી.

**'એ ત્રણેના સાતિશય સહિત...'** એટલે અતિશય સહિત. સમ્યગ્દષ્ટિના શુભોપયોગમાં અતિશયપણું છે અથવા એ પુણ્યાનુબંધી પુણ્ય છે. મિથ્યાદષ્ટિનો શુભોપયોગ પાપાનુબંધી પુણ્ય બાંધે છે. એક તો એ પ્રકાર છે. બીજું બંનેની ચિકાશમાં ફેર છે. સમ્યગ્દષ્ટિને શુભોપયોગ થાય છે, ઉત્સાહ દેખાય છે પણ ત્યાં તે રોકાવા, અટકવા ઈચ્છતો નથી. એ શુદ્ધતામાં પુરુષાર્થ વધારીને શુદ્ધોપયોગમાં પરિણમવાનો એનો પ્રયત્ન ત્યારે પણ સહજપણે ચાલે જ છે. જ્યારે મિથ્યાદષ્ટિને તો એ

શુભોપયોગ સર્વસ્વ થાય છે. એને જ એ ધર્મ અને ધર્મનું સ્વરૂપ માને છે. એને જ એ કર્તવ્ય માને છે અને એ ત્યાં પૂરેપૂરો રોકાય જાય છે. એને ત્યાંથી ખસવાનું બનતું નથી અને શુદ્ધતામાં આવવાનું થતું નથી.

સમ્યગ્દૃષ્ટિ એ શુભોપયોગ પરિણામથી અંતરંગમાં ભિન્ન પડીને પરિણમે છે. તેથી ચીકાશ ઘટી છે. લુખાશ આવવાનું કારણ ભિન્ન ભાવે પરિણમે છે તે છે. અને મિથ્યાદૃષ્ટિ તો એમાં પોતાનું અસ્તિત્વ સ્થાપે છે. તેથી તેને રાગની ઘણી ચીકાશ ઉત્પન્ન થાય છે, અનંતી ચીકાશ ઉત્પન્ન થાય છે. એમ બંનેના શુભોપયોગમાં બાહ્ય ઉદય સરખો હોવા છતાં, બહારનો એકસરખો ઉદય દેખાવા છતાં બંનેના પરિણામમાં બહુ મોટો (ફેર છે). શુભ પરિણામમાં રાગમાં જ બહુ મોટો ફેર છે. શુદ્ધતા તો એકને છે અને એકને નથી. સમ્યગ્દૃષ્ટિ શુદ્ધતા સહિત પરિણમે છે. મિથ્યાદૃષ્ટિને શુદ્ધતા નથી. પણ અશુદ્ધતા તો બંનેની સરખી કે નહિ ? બંને ભક્તિ કરે છે એટલે. એક જ પદ ગાય. સમૂહ ભક્તિ હોય તો એક જ પદ ગાય છે.

કોઈવાર તો મિથ્યાદૃષ્ટિની ભક્તિ વધારે પણ દેખાય. બહુ ભક્તિભાવમાં આવ્યા હોય એવું દેખાય. પણ અહીંયાં રાગની ચિકાશ અને લુખાશ ઉપર એની ક્વોલિટી નક્કી થાય છે. ચીકણો રાગ છે એ સારો નથી. ચીકણો રાગ છે એ સારો નથી. ચીકાશથી વધારે પરમાણુ બંધાય છે, અનુભાગ વિશેષ પડે છે. પ્રદેશ, પ્રકૃતિ, સ્થિતિ અને અનુભાગ. અનુભાગ અને સ્થિતિ બેય વધારે પડે છે. પ્રદેશ પણ વધારે, સંખ્યા પણ વધે છે, આસ્રવ પણ વધે છે ત્યાં.

મુમુક્ષુ :- મિથ્યાદૃષ્ટિ ભક્તિ કરે અને કામના વાંછિત થઈ જાય કે છોકરા થઈ જાય, પૈસા વધી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો શુભોપયોગનું પણ ઠેકાણું નથી. એ તો અશુભ થાય. એમાં તો શુભ પણ નથી. એ તો શુભોપયોગનું ઠેકાણું નથી. એ તો વેપાર છે. દુકાનદારી છે એક. આટલા પૈસા આપું એની સામે આટલો માલ આપો. દુકાનદારને ત્યાં જાય, વેપાર કરે ત્યારે તો પૈસા અને માલ બરાબર કિંમતમાં આપે. અહીં તો ઓછું દેવું અને વધારે લેવાની વાત થઈ જાય પછી. પ્રમાણિકતા પણ ન રહે. એટલે એટલો શુભોપયોગ પણ નથી.

જે સાંસારિક પદાર્થોની વાંચ્છાથી ભક્તિ આદિ કરે છે એને તો શુભોપયોગ પણ નથી, એ તો અશુભઉપયોગમાં છે. તેને શુભોપયોગ કહેવો પણ ન જોઈએ. પણ એમ નહિ. આ તો રીતસર ભગવાનની ભક્તિ જ કરે છે. અબુદ્ધિપૂર્વક ભલે બધું પડ્યું હોય, મિથ્યાદષ્ટિ છે એટલે, પણ બુદ્ધિપૂર્વક સીધી એની ઇચ્છા ન હોય કે આ ભક્તિ કરું છું એની સામે આમ થાવ. એમ નહિ. એવાની વાત લેવી છે. ઓલાની ચર્ચા નથી કરવી. દુકાનદારની ચર્ચા, વેપારીની ચર્ચા નથી કરવી.

**'સમ્યક્ત્વ સહિતમાં તો નિયમ છે કે તે પરંપરા મોક્ષ કરે ને કરે જ.'** સમ્યગ્દષ્ટિ જીવના શુભોપયોગમાં એવો નિયમ છે કે એ શુભોપયોગ મટતો જશે, મોક્ષદશા વધતી જશે, મુક્તદશા વધતી જશે, બંધ ઘટતો જશે, રાગ ઘટતો જશે અને એ સંપૂર્ણ શુદ્ધિરૂપ મોક્ષદશાને પ્રાપ્ત થઈ જશે. એ નિયમ છે. સમ્યગ્દષ્ટિનો મોક્ષ નિયમબદ્ધ છે એટલે એના શુભભાવ ઉપર પણ એ ઉપચાર આવે છે કે પરંપરાએ સમ્યગ્દષ્ટિનો શુભોપયોગ મોક્ષનું કારણ છે. એવું કહેવાય છે કે સમ્યગ્દષ્ટિનો શુભોપયોગ મોક્ષનું કારણ છે. ખરેખર તો શુભોપયોગની સાથે જે શુદ્ધ પરિણતિ છે એ મુક્ત પરિણતિ છે એ મોક્ષની જાતની પરિણતિ છે એટલે એને મોક્ષનું કારણ વ્યવહારે ગણવું જોઈએ. પણ આવો ઉપચાર કરવાનો પણ બને છે. અને એ પણ વ્યવહાર અથવા એનું સજાતીયપણું જોઈને વ્યવહાર કહેવામાત્ર છે.

અલ્પ શુદ્ધતા કારણ અને પૂર્ણ શુદ્ધતા કાર્ય એ પણ બહુ ન્યાયયુક્ત નથી. પણ એની જાત હોવાથી અને એ શુદ્ધતા વધતી.. વધતી.. વધતી.. પૂર્ણ થતી હોવાથી ક્રમશઃ એને કારણનો ઉપચાર કરવામાં આવે છે. એટલી વાત છે. અને ત્યાં બીજી જાતના પરિણામ કારણ નથી એમ કહેવું છે. અહીંયાં શુભોપયોગને કારણ કહેવું છે ત્યાં પણ એની મર્યાદા, જે-તે ગુણસ્થાનની મર્યાદાના શુભોપયોગ છે એમ પણ ત્યાં બતાવવું છે. મર્યાદા બહાર હોય એવું નથી બનતું એટલું ત્યાં કહેવું છે.

મુમુક્ષુ :- પરંપરા મોક્ષ કહ્યો ત્યાં સમ્યક્ત્વ હોય, હોય ને હોય જ ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. સમ્યક્ત્વ હોય ત્યારે જ એને પરંપરા મોક્ષ લાગુ પડે છે. સમ્યક્ત્વ ન હોય એને તો પરંપરા મોક્ષ પણ લાગુ પડતો

નથી. જે શુભરાગના હિમાયતી છે એ શાસ્ત્રમાંથી આ વાત પકડે છે. કે, જુઓ ! શુભોપયોગ પરંપરા મોક્ષનું કારણ છે. એ તારા શુભોપયોગની વાત કરી નથી. એ સમ્યગ્દષ્ટિના શુભોપયોગની વાત કરી છે. કેમકે એ ઘસાતો.. ઘસાતો... ઘસાતો... નાશ પામશે. એમ ત્યાં લેવું છે. એ વધતો.. વધતો.. વધતો.. મોક્ષમાં જશે એમ નથી. 'તેહ શુભાશુભ છેદતા ઊપજે મોક્ષસ્વભાવ.' મોક્ષ ક્યારે ઊપજે છે ? કે શુભ-અશુભનો છેદ થાય છે, નાશ થાય છે ત્યારે મુક્તપણું ઊપજે છે. પરિણામની જે ત્રણ પ્રકારની જાતિ છે-અશુભ, શુભ અને શુદ્ધ, એમાં શુભ અને અશુભ પરિણામ સંસારના પરિણામ છે અને શુદ્ધ પરિણામ મુક્તિ જાતિના પરિણામ છે. આ બંધ જાતિના પરિણામ છે. સીધેસીધી ચોખ્ખી તો વાત છે.

મુમુક્ષુ :- લોકોને આમાં જ ગડબડ આવી હતી.

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં તો સ્પષ્ટ કહ્યું છે કે '**સમ્યક્ત્વ સહિતમાં તો નિયમ છે કે...**' એમ લીધું છે. મિથ્યાત્વ સહિતમાં નથી લીધું '**કે તે પરંપરા મોક્ષ કરે ને કરે જ.**'

'**સમ્યક્ત્વ વિનાનો શુભોપયોગ સંસારસુખ આપે, દેવપદ આપે કે રાજપદ આપે,...**' પુણ્ય બંધાય એને. ઓલી સોદાબાજી ન હોય તો, વેપાર ન હોય તો. '**સમ્યક્ત્વ વિનાનો શુભોપયોગ...**' હોય એટલે ખરેખર કષાયની મંદતા થઈ હોય તો એને સંસારના સુખનું એટલે બહારમાં સંયોગોની અનુકૂળતા ઉત્પન્ન થાય એવા કર્મ બંધાય છે, પુણ્યકર્મ બંધાય છે. દેવપદ આપે, રાજપદ આપે, મોટો શેઠિયો થાય, મોટો પદવીધારી થાય, બહારની બધી અનુકૂળતાઓ (મળે), એ પ્રકાર એને ઉત્પન્ન થાય.

એમ ન કહ્યું કે સાંસારિક પ્રવૃત્તિ કરે તો એને સાંસારિક સુખ મળે એમ અહીંયાં ન કહ્યું. સંસાર સુખનું કારણ પણ પૂર્વ પુણ્યકર્મનો ઉદય છે. પૂર્વે બાંધેલા પુણ્યકર્મનો ઉદય છે એ એને સંસાર સુખનું કારણ છે. વર્તમાન પ્રયત્ન સંસારસુખનું કારણ છે એમ છે નહિ. એ તો જોવામાં આવે છે કે ઘણી પ્રવૃત્તિ કરે અને સંયોગોની અનુકૂળતા ઓછી હોય. ઓછી પ્રવૃત્તિ કરે (અને) સંયોગોની અનુકૂળતા ઘણી હોય. સહી કરતા ન આવડે (તોપણ) લાખો કરોડોની બેઠી આવક હોય. આ છે કે નહિ

આરબ લોકો ? રોજની લાખોની આવક છે. એ કાંઈ ભણેલા-ગણેલા ને એવું કાંઈ છે એવું નથી કાંઈ. બહુ મગજવાળા છે અને બહુ હોશિયાર છે એવું કાંઈ નથી. એ બધો પૂર્વકર્મનો પ્રકાર છે. બીજું કાંઈ નથી. પણ પાપાનુબંધી પુણ્ય છે એટલે એને ભોગવતા નવા પાપ બાંધે છે. મિથ્યાદષ્ટિપણે બાંધેલા પુણ્યને ભોગવે છે, નવા પાપને બાંધે છે અને બહુ અલ્પ કાળમાં પાછા દુઃખ ભોગવવા અધોગતિમાં ચાલ્યા જાય છે. એ દેવપદ આપે, રાજપદ આપે કાંઈપણ એ પ્રકારના બહારના સંયોગોમાં ફેરફાર થાય.

**'દેવગુરુશાસ્ત્રનું નિમિત્ત હોય તેને લાભ થવો હોય તો થાય, નહિ તો ન થાય.'** આમાં શું છે ? મિથ્યાદષ્ટિની વાત લેવી છે ને ? કે કોઈ મિથ્યાદષ્ટિ જીવને દેવ-ગુરુ-શાસ્ત્રના નિમિત્તે લાભ થાય છે, કોઈને લાભ થતો નથી. લાભ થાય છે ત્યારે એ મિથ્યાત્વ છોડીને સમ્યક્ત્વમાં કોઈ આવે છે અને કોઈ નથી આવતા. આમ બે પ્રકાર ભજે છે. એટલે એમ કહ્યું કે **'કાર્ય અને કારણ નિયમ વગરે છે, એવી રીતી જાણવી.'** નિયમ શું લગાડવો ? કે આમાં બીજો કોઈ નિયમ લાગુ પડતો નથી.

સ્થૂળ કથનથી લઈએ તો એમ છે ખરેખર. દેવ-ગુરુ-શાસ્ત્રના નિમિત્તે જેટલા એ વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરે છે, મહિમા કરે છે, બહુમાન કરે છે એને બધાને લાભ થાય છે એટલે મિથ્યાત્વ છૂટીને સમ્યક્ત્વમાં આવે છે, આત્મલાભ થાય છે, લાભ એટલે અહીંયાં એ લાભ, હોં ! પુણ્યનો લાભ નહિ, એ બધાને થાય છે એવું નથી. કોઈને થાય છે, કોઈને નથી થતો. એવું હોવાથી એને નિયમ વગર છે એમ કહી દીધું. કાર્ય અને કારણ નિયમ વગર છે. આમાં કોઈ નિયમ દેખાતો નથી.

સૂક્ષ્મતાથી એ વિષયને જોઈએ તો એનો નિયમ એવો છે કે જે દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ ઓળખીને કેવળ વીતરાગતાનો જ મહિમા કરે છે અને એ વીતરાગતાનો મહિમા પણ પોતાના આત્મા તરફ વળવામાં નિમિત્તભૂત થાય એવા પ્રકારે કરે છે, આ વિષય બહુ સૂક્ષ્મ છે, તેને લાભ થાય છે અને બીજાઓને લાભ થતો નથી. એમ લેવું.

અથવા અર્હંતાદિનું સ્વરૂપ ઓળખીને પોતાના સ્વરૂપને જે ઓળખે છે, 'પ્રવચનસાર' ૮૦મી ગાથા. 'જે જાણતો અર્હંતને દ્રવ્ય ગુણ ને

પર્યયપણે...' તેનો મોહ નિયમથી લય એટલે નાશ પામે છે. એવું પદ લીધું છે ને ? તો એ શું છે કે ત્યાંથી એ પોતાના સ્વરૂપ તરફ વળે છે, અંતર્મુખ તરફ વળે છે તો એને દેવ-ગુરુ-શાસ્ત્રથી લાભ થયો એમ કહેવામાં આવે છે.

જ્ઞાનીના સમાગમમાં પણ અનેક જાય છે કે નહિ ? તો બધાને લાભ થાય છે ? નહિ, બધાને લાભ થતો નથી. જે એવા પ્રકારની પાત્રતા ધરાવે છે, એવું એનું ઉપાદાન તૈયાર થયું છે, એ પોતે અંતર્મુખ થાય છે ત્યારે દેવ-ગુરુ-શાસ્ત્રથી લાભ થયો એમ કહેવામાં આવે છે. અને ખરેખર નિમિત્તપણું પણ ત્યારે જ છે કે જ્યારે અહીંયાં ઉપાદાનમાં નૈમિત્તિક ભાવ ઉત્પન્ન થાય ત્યારે. નહિતર ખરેખર નિમિત્તપણું લાગુ પડતું નથી. પણ એ વિષય શબ્દોથી કેવી રીતે સ્પષ્ટ કરે ?

એટલે અહીંયાં એવી વાત લીધી છે કે **'દેવ-ગુરુ-શાસ્ત્રનું નિમિત્ત હોય તેને લાભ થવો હોય તો થાય, નહિ તો ન થાય. કાર્ય ને કારણ નિયમ વગર છે, એવી રીતિ જાણવી...'** નિમિત્તના સંગમાં જાય એટલે એને લાભ થાય એવો કોઈ નિયમ નથી. પણ યથાર્થપણે જો પોતાનું પરિણમન એમાં હોય તો એને લાભ થાય ત્યારે એને નિમિત્ત થયું એમ કહેવામાં આવે. એ સંગ એને નિમિત્ત થયો. પણ એને આત્મલાભ થાય જ એવી કોઈ ગેરંટી નથી. કેમકે બહુ અલ્પ જીવોને એવો લાભ થતો જોવામાં આવે છે અને બહુભાગ જીવોને એવો લાભ થતો જોવામાં આવતો નથી. હંમેશાં આ પરિસ્થતિ છે.

સમવસરણમાં પણ આ જ પરિસ્થિતિ છે કે કરોડો જીવો આવે છે. તિર્યંચો પણ આવે છે ને ? મનુષ્યની સંખ્યા તો એટલી હોય કે ન હોય પણ તિર્યંચો પણ આવે છે. અને ત્યાં બેસવામાં એ જાતનો અતિશય છે કે કોઈને જગ્યાની તકલીફ પડતી નથી. ઘણા અનેક જીવો આવે છે. સમવસરણ ખાલી ન હોય. ચિક્કાર ભરેલું જ હોય. ચારે દિશામાં જે ગોળાકાર હોય છે બાર યોજનમાં (એમાં) ઠાસી ઠાસીને જાણે ભર્યા હોય. એવી તીર્થંકરની પૂરી ધર્મસભા ભરાયેલી હોય. એમાં લાખો જીવો સમ્યગ્દર્શનને પામે. લાખોના લાખો પામે. પણ તોય મિથ્યાદષ્ટિઓની સંખ્યા વધારે હોય. એ સમ્યગ્દષ્ટિઓ ચતુર્થ ગુણસ્થાન

કરતા પંચમ ગુણસ્થાનવાળાની સંખ્યા ઓછી હોય, એના કરતા મુનિઓની સંખ્યા ઓછી હોય. કેમકે દેવો ઘણા આવે છે. દેવો પુષ્કળ આવે છે. તિર્યંચો, દેવોની સંખ્યા મનુષ્યો કરતા મોટી છે. એટલે એ વધારે સંખ્યામાં આવે છે.

દેવોને તો ચોથા ગુણસ્થાનથી આગળ જવાનો પ્રશ્ન નથી. તિર્યંચોમાં કોઈ પંચમ ગુણસ્થાનમાં આવે, મનુષ્યમાં પંચમ ગુણસ્થાનમાં આવે અને છઠા-સાતમા ગુણસ્થાનમાં તો તિર્યંચ યોનિ પણ બાદ જાય છે. એકલા મનુષ્યને જ હોય છે. એ મુનિઓમાંથી કેટલાક કેવળીઓ પણ થાય છે, કેવળજ્ઞાની પણ થાય છે, એ એથી ઓછા હોય છે. હંમેશાં જગતની અંદર નીચી કોટીના પરિણામ ધરાવનારા જીવોની સંખ્યા બહુ હોય છે અને ઊંચી કોટી ધરાવનારા એવા પરિણામવાળા જીવોની સંખ્યા સરખામણીમાં ઓછી હોય છે.

હવે ધર્મકાર્યમાં બહુમતિ પ્રમાણે ચાલવું કે અલ્પમતિ પ્રમાણે ચાલવું ? આ કોઈ લૌકિક પ્રસંગ નથી, આ કોઈ લૌકિક વ્યવસ્થા નથી, આ કોઈ લૌકિક માર્ગ નથી કે જેમાં બહુમતિનો (આધાર લેવામાં આવે). ધર્મકાર્યો પણ જો બહુમતિ પ્રમાણે કરવાના હોય તો બહુમતિ, તીર્થંકરને પણ એમ કહે કે સાહેબ ! હવે અત્યારે આમ તમારે કરવું, અત્યારે આમ ન કરવું. કેમકે અત્યારે બધાની સગવડતા નહિ સચવાય. ઠીક ! દિવસે જ એકધારો ઉપદેશ આપવો. રાત્રે પછી આરામ કરવા દેવો. કેમકે ઘણા માણસોને આમ તકલીફ થાય છે. એવું કાંઈ ચાલે નહિ.

**'એ પ્રકારે શુભોપયોગ સાધક છે, પરંપરા મોક્ષ સાધ્ય છે.'** આ પ્રકારે... હવે સમ્યગ્દષ્ટિમાં લીધું. કેમકે સાતિશય સહિત શુભોપયોગ છે. પણ મિથ્યાદષ્ટમાં પણ આવો એક ભેદ છે. એટલે અહીંયાં પછી પેલી વાત ન લીધી કે સમ્યક્ત્વ સહિતનો શુભોપયોગ સાધક છે અને પરંપરા મોક્ષ સાધ્ય છે. કેમકે અહીંયાં સમ્યક્ત્વ નથી પણ કોઈ સમ્યક્ત્વમાં આવી જાય છે. એવું કારણ પણ બને છે. માટે શુભોપયોગ સાધક છે અને પરંપરા મોક્ષ સાધ્ય છે, એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- શુભઉપયોગ સંસારસુખ આપે, એ આગમદષ્ટિએ કીધું, અધ્યાત્મદષ્ટિએ શું હોય ?

પૂજ્ય ભાઈશ્રી :- અધ્યાત્મદષ્ટિએ એ સંસાર સુખ તે સુખ નથી.

પણ સંસારસુખ તે પાપ બાંધવાનું નિમિત્ત છે. શું છે ? પાપ બાંધવાનું એ નિમિત્ત છે. એને સંસારસુખ કહેવામાં આવે છે. આવું છે. અધ્યાત્મની દૃષ્ટિએ તો ઊલટું-સૂલટું છે. પણ આ તો લોકોને એમ થાય ને કે અમારે તો હવે કાંઈક સંસારની અનુકૂળતાઓ હોય તો ઠીક. પણ સંસારની અનુકૂળતાઓ પણ કેવી રીતે તને આવવાની હતી ? કે દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેના તારા પરિણામ કાંઈક ઠીક શુભોપયોગમાં આવ્યા હશે તો. એ કાળે તેં એવી વાંચ્છા નહિ રાખી હોય તો. પણ ચોખ્ખી એવી રીતે તેં વાંચ્છા રાખીને શુભોપયોગ કરવાનો વિચાર કરીશ તો તો એ પ્રકાર પણ આવવાનો નથી. ત્યાં તો સંસારસુખનો પણ પ્રકાર નહિ આવે, એમ કહે છે.

જેમકે કોઈ એવી રીતે ઇચ્છાથી કરે એને તો સંસાર સુખનો પ્રકાર નથી. શું છે કે નિદાનબંધ થાય છે. કોઈ સમ્યગ્દૃષ્ટિને નિદાનબંધ થાય, મુનિને નિદાનબંધ થાય (એટલે) મોક્ષમાર્ગથી પડી જાય. શુદ્ધની ધારા હોય અને શુભોપયોગ થાય. એમાં ક્યાંક એને નિદાન થઈ જાય. મને સંસારની આવી સ્થિતિ હોય તો સારું. આ ચક્રવર્તી થાય છે એ નિદાનબંધથી થાય છે. ચક્રવર્તી, વાસુદેવ એ બધા નિદાનબંધથી થયેલા છે. એવું જે નિદાન બંધ થાય છે ત્યારે મોક્ષમાર્ગથી મુનિ હોય તોપણ ચ્યુત થઈ જાય. કેમકે એ પાપના પરિણામ છે. એવા પરિણામ મોક્ષમાર્ગીને હોતા નથી. થાય તો મોક્ષમાર્ગ છૂટી જાય. અંદરથી શુદ્ધતા છૂટી જાય. કેમકે એ પુદ્‌ગલાત્મક સુખને ચાહે છે કે જેમાં સુખ નથી. જેમાં સુખ નથી એવા સુખને ઇચ્છ્યું એટલે એણે કલ્પિત સુખને ઇચ્છ્યું. એટલે ત્યાં એને તત્ત્વદૃષ્ટિ છૂટી ગઈ. કેમકે અજીવ તત્ત્વમાં તો સુખ નથી. અજીવ તત્ત્વમાં સુખ નથી છતાં અજીવતત્ત્વમાં સુખ એણે જોયું. તો ત્યાં એને મોક્ષમાર્ગ ન રહ્યો. પુણ્ય બંધાય જાય. કેમકે મોક્ષમાર્ગમાં કષાયની મંદતા ઘણી હોય. પુણ્ય બંધાય જાય. એ બંધન થઈ જાય અને એનો ઉદય આવે અને ચક્રવર્તી થાય, વાસુદેવ થાય, એ બધું થાય. એ અપેક્ષાએ વાત છે કે એને એ સંસારસુખ આપે. પણ સંસારસુખ આપે એનો અર્થ શું ? કે રાજપદ આપે એનો અર્થ શું ? કે ત્યાં પાછું એને મિથ્યાત્વ સહિત હોય તો ઘણું પાપ બાંધે. ત્યાં પાછું સમ્યક્ત્વ ઉત્પન્ન થયું હોય કે કર્યું હોય તો એ પાછો પાપ બાંધે નહિ.

ભિન્ન પડી જાય અંદર. ઉદય હોય તો એની સાથે એને રસ આવે નહિ.

મુમુક્ષુ :- 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો ?' એમાં શું કહેવું છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એ મિથ્યાદષ્ટિની વાત છે. એ ક્ષણ ક્ષણ ભાવમરણ એટલે આત્માના પ્રાણનું મરણ છે. જ્ઞાન અને દર્શનના પ્રાણને મારે છે, હત્યા કરે છે. જ્યારે એ પુણ્યના ઉદયમાં જીવ રાચે છે, કે અહો..! અમારે તો જલસા છે. મોટર છે, ગાડી છે, બંગલા છે, એરકન્ડીશન છે. ઠામ-દામ બધું છે. અને એમાં ઉજમાળ થઈને ફરે છે, તીવ્ર રસથી પરિણમે છે ત્યારે લોકો એને સુખી જોવે છે. જ્ઞાનીની દષ્ટિમાં એ ભાવમરણથી મરી રહ્યો છે એમ જોવે છે. એવી જ્ઞાનીની દષ્ટિ છે કે પોતાના જ્ઞાન-દર્શન અને આનંદના પ્રાણ અને શાંતિની હત્યા કરે છે અને રાચે છે. અજ્ઞાનભાવે પોતાના જ મરણમાં એ રાચે છે. સામાન્ય રીતે મરણ થાય તો કોઈ હસે પણ નહિ. ત્યારે આ મરણમાં રાચે છે, કૂદે છે. આમ છે. આટલું બધું ઘોર અજ્ઞાન છે.

મુમુક્ષુ :- વ્યવહાર નિશ્ચયનો જે બોલ આવ્યો હતો એ ૨૬ પાને છે. પ્રસ્તાવનાનું ૨૬ પાનું.

પૂજ્ય ભાઈશ્રી :- 'નિશ્ચય અને વ્યવહાર સમકક્ષી છે એમ માનવું બરાબર છે ?' પ્રશ્ન ઉઠાવ્યો છે. 'ઉત્તર : નહિ.' ''સમયસાર' ગાથા-૧૧માં એ વાત સ્પષ્ટ કરેલ છે. ગાથા-૧૪ના ભાવાર્થમાં બે નયોને પ્રતિપક્ષી કહેલ છે. બંને નયોને સમકક્ષી માનનાર એક બીજો સંપ્રદાય છે.' અહીં ફૂટનોટમાં લીધું છે. 'મેઘવિજયજીગણી કૃત યુક્તિપ્રબોધ નાટક'. 'આ ગણીજી, કવિવર બનારસીદાસજીના સમકાલીન હતા. તેમણે વ્યવહારનયના આલંબન વડે આત્મહિત થાય છે એમ કહીને શ્રી સમયસાર નાટક તથા શ્રી દિગંબર જૈનમતના સિદ્ધાંતોનું ખંડન કર્યું છે. જેઓ લગભગ સોળમી સદીમાં થયા. વળી શ્રી યશોવિજયજી મહામહ ઉપાધ્યાયે ગુર્જર સાહિત્ સંગ્રહમાં પાનું-૨૦૭, ૨૧૯, ૨૨૨, ૫૮૪, ૫૮૫માં દિગંબર જૈનધર્મના ખાસ સિદ્ધાંતોનું ઉગ્ર (કડક) ભાષા વડે ખંડન કર્યું છે. તેઓ મોટા ગ્રંથકાર વિદ્વાન હતા. તેમણે દિગંબર આચાર્યોનો મત આ પ્રમાણે બતાવ્યો છે કે નિશ્ચયનય થયા પછી જ વ્યવહારનય હોય શકે છે. વ્યવહારનય પ્રથમ હોઈ શકતો નથી. પ્રથમ

વ્યવહારનય તથા વ્યવહાર ધર્મ પછી નિશ્ચયનય તથા નિશ્ચયધર્મ એમ નથી. નિશ્ચયનય અને વ્યવહારનય બંને સમકક્ષી નથી, પરસ્પર વિરુદ્ધ છે. તેમના વિષય અને ફળમાં વિપરીતતા છે. નિમિત્તનો પ્રભાવ પડતો નથી. ઉપર મુજબ દિગંબર આચાર્યોનો મત છે. આ મૂળ સિદ્ધાંતોનું તે સંપ્રદાયે ઉગ્રતાથી-જોરથી ખંડન કર્યું છે. માત્ર ધર્મ જિજ્ઞાસુઓને વિનંતી કરવામાં આવે છે કે તેમાં કયો મત સાચો છે તેનો નિર્ણય સાચા શ્રદ્ધાનને માટે કરો કે જે પ્રયોજનવાન છે અને જરૂરી છે.' ઠીક ! એ ફૂટનોટમાં એટલી વાત લીધી છે.

'તેઓ બંનેને સમકક્ષી અને બંને નયોના આશ્રયથી ધર્મ થાય છે એમ નિરૂપણ કરે છે. પરંતુ શ્રી કુંદકુંદાચાર્યદેવ તો સ્પષ્ટપણે ફરમાવે છે કે ભૂતાર્થના નિશ્ચયના આશ્રયે જ હંમેશાં ધર્મ થાય છે. પરાશ્રયે કદિ અંશમાત્ર પણ સત્ય ધર્મ અને હિતરૂપ ધર્મ થતો નથી. હા. બંને નયોનું તથા તેમના વિષયોનું જ્ઞાન અવશ્ય કરવું જોઈએ. ગુણસ્થાન અનુસાર કેવા ભેદ આવે છે તે જાણવું પ્રયોજનવાન છે. પરંતુ બંને નયો સમાન છે, સમકક્ષી છે એમ કદિ નથી. કારણ કે બંને નયોના વિષયોમાં અને ફળમાં પરસ્પર વિરોધ છે માટે વ્યવહારના આશ્રયે કદિ પણ ધર્મની ઉત્પત્તિ, વૃદ્ધિ અને ટકવું બનતું જ નથી. એવો નિર્ણય કરવો જોઈએ. ભગવાન કુંદકુંદાચાર્યકૃત સમયસારની ગાથા-૧૧મીને સાચા જૈનધર્મનો પ્રાણ કહ્યો છે. માટે તે ગાથા અને ટીકાનું મનન કરવું જોઈએ. તે ગાથા આ પ્રમાણે છે કે વ્યવહારનય અભૂતાર્થદર્શિત શુદ્ધનય ભૂતાર્થ છે. ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે.'

પછી અહીંયાં પ્રશ્નમાં લીધું છે કે 'વ્યવહાર મોક્ષમાર્ગને મોક્ષનું પરંપરા કારણ કહ્યું છે તો ત્યાં શું પ્રયોજન છે ?' 'સમાધાન :- સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના શુદ્ધાત્મદ્રવ્યના આલંબન વડે પોતાની શુદ્ધતા વધારીને જેમ જેમ શુદ્ધતા વડે ગુણસ્થાનમાં આગળ વધશે તેમ તેમ અશુદ્ધતાનો અભાવ થશે અને ક્રમે ક્રમે શુભભાવનો અભાવ કરીને શુક્લધ્યાન વડે કેવળજ્ઞાન પ્રગટ કરશે. એમ બતાવવાને માટે વ્યવહાર મોક્ષમાર્ગને પરંપરા કારણ કહ્યું છે. અહીં નિમિત્તને દેખાડવાનું પ્રયોજન હોવાથી વ્યવહારનયનું કથન છે. જ્ઞાનીનો શુભભાવ પણ આસ્રવ હોવાથી તે નિશ્ચયનયે પરંપરાએ પણ મોક્ષનું કારણ થઈ શકતું નથી. શ્રી

'કુંદકુંદાચાર્યદેવ' કૃત દ્વાદશ અનુપ્રેક્ષા ગાથા-૫૯માં કહ્યું છે કે કર્મનો આસ્રવ કરવાવાળી ક્રિયાથી પરંપરાએ પણ નિર્વાણ થઈ શકતો નથી. તેથી સંસાર પરિભ્રમણના કારણરૂપ આસ્રવને નિંદ્ય જાણો.'

એ પરંપરા કારણ ઉપર પછી 'પંચાસ્તિકાય'નો વિષય લીધો છે. એ વિષય બહુ ચર્ચાસ્પદ રહ્યો છે. કેમકે મોક્ષમાર્ગમાં શુદ્ધતાની પ્રધાનતા છે. વીતરાગમાર્ગમાં શુદ્ધતાની પ્રધાનતા છે. અને બંધમાર્ગમાં તો કેવળ રાગ જ છે. રાગની પ્રધાનતા છે અને કેવળ રાગ જ છે. રાગથી જ બંધ થાય છે. એટલે જેને મોક્ષમાર્ગની અરુચિ છે એ રાગને આગળ કરે છે, રાગને મુખ્ય કરે છે, રાગની મહત્તા વિશેષ આંકે છે. કેમકે એને શુદ્ધતાની કિંમત નથી અને શુદ્ધતાની એને ખબર પણ નથી. બહુ સ્પષ્ટ વાત તો એ છે.

શું કહે છે અહીંયાં ? કે '**દેવગુરુશાસ્ત્રનું નિમિત્ત...**' છે ત્યાં કોઈને આત્મલાભ થાય છે અને કોઈને આત્મલાભ થતો નથી. જેને થાય છે તેને પરંપરા મોક્ષ સાધ્ય છે એમ કહેવામાં આવે છે. નથી થતો એને તો પ્રશ્ન રહેતો નથી. એટલે નિરતિશય શુભોપયોગ છે એમાંથી પણ કોઈ બહાર નીકળી જાય છે ખરા. જે જીવ આત્મા તરફ વળે છે એને પછી સાતિશયપણું પ્રગટે છે. નિરતિશયપણું છૂટી જાય છે અને સાતિશયપણું એને પ્રગટ થાય છે.

**'અંતરાત્મા ભેદજ્ઞાન વડે પરથી ભિન્ન નિજ રૂપને જાણે છે.'** હવે સાધકની વાત લે છે. અંતરાત્મા છે એટલે સાધકજીવ છે. જેને અંતર્મુખ પરિણમન થયું તે અંતરાત્મા છે. તેને ભેદજ્ઞાન ઉત્પન્ન થાય છે અને તે ભેદજ્ઞાન વડે પરથી ભિન્ન નિજ રૂપને જાણે છે. રાગ અને પરથી ભિન્ન એવા પોતાના ચૈતન્યાત્મક નિજ સ્વરૂપને જાણે છે. કેવું છે પોતાનું સ્વરૂપ ? કે સિદ્ધ સમાન.

**'સિદ્ધ સમાન પ્રતીતિ ગોચર અને જ્ઞાનગોચર કરે ત્યારે સ્વયંમેવ સાધક છે.'** જ્યારે અંતર્મુખ થઈને પોતાના સિદ્ધપદને જ્ઞાનગોચર કરે અને પોતાના સિદ્ધપદની પ્રતીતિ એને આવે ત્યારે તે સ્વયમેવય સાધક છે. કોને સાધે છે ? કે પોતાના નિજ સિદ્ધપદને સાધે છે તેને સાધક કહીએ. સાધક કોને કહીએ ? કે જેવું શુદ્ધ સ્વરૂપ છે તેવા જ શુદ્ધ પરિણામ દ્વારા શુદ્ધ સ્વરૂપને સાધવામાં, આરાધવામાં આવે ત્યારે એને

સાધક કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- જ્ઞાનીની સમ્યગ્દષ્ટિની વાત કરી. હવે અમારે ?

પૂજ્ય ભાઈશ્રી :- એવું થાવું એમ કહે છે.

મુમુક્ષુ :- કેવું ?

પૂજ્ય ભાઈશ્રી :- 'અનુભવપ્રકાશ'માં તો અનુભવીની જ વાત હોય. અનુભવી સાધકજીવની વાત કરવા પાછળ એવો આશય છે કે એ જેવું અંતર્મુખ પરિણમન કરે છે, તેવું પોતાને પણ અનુકરણ કરીને અંતર્મુખ પરિણમનની ક્રિયા કરવી. કહેવા પાછળ તો એ આશય છે.

અંતરાત્મા સિદ્ધ સમાન પોતાના નિજપદને જ્ઞાનગોચર કરે અને આવો જ હું છું એમ નિર્વિકલ્પ પ્રતીતિ એને થાય ત્યારે તે સ્વયમેવ સાધક છે. ત્યારે એને પોતાનું શુદ્ધ સિદ્ધપદ સધાય છે, અનુભવાય છે. સધાય છે એટલે અનુભવાય છે. '**નિશ્ચયનયે અભેદ પમરાત્મા સાધ્ય છે.**' ખાસ કરીને અધ્યાત્મમાં નિશ્ચયની મુખ્યતા છે. મોક્ષમાર્ગમાં નિશ્ચયની મુખ્યતા છે. આગળ પણ 'સમયસાર'ની ગાથા આવે છે. 'નિશ્ચયનયાશ્રુત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' મોક્ષમાર્ગમાં નિશ્ચય અને વ્યવહાર બંને હોય છે, તોપણ વ્યવહારનું એ પ્રકારે જ્ઞાન કરવા યોગ્ય છે કે આ વ્યવહારથી નીચી કોટીનો અનુચિત વ્યવહાર મોક્ષમાર્ગમાં હોવા યોગ્ય નથી. એટલું પ્રયોજન છે. એ તો એક સમ્મુચય (વાત થઈ). પણ પોતાના પરિણાને જોવે તો અહીંયાં શુદ્ધતાને સાધતા સાધતા, મોક્ષમાર્ગને સાધતા સાધતા જેટલો કોઈ રાગ રહી ગયો એ રાગને પણ એ જાણે. જાણીને છોડે. રાગ તો દોષ છે ને ? એટલે પોતાના દોષને ટાળવા અર્થે, અભાવ કરવા અર્થે જાણે. એ પ્રકારે એ દૃષ્ટિકોણથી એનું જ્ઞાન કરે. એને વધારવાનું જ્ઞાન કરવાનો પ્રશ્ન રહેતો નથી. એટલે એને જાણેલો પ્રયોજનવાન છે એમ બારમી ગાથામાં કહ્યું છે. વ્યવહાર તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. તે કાળે એટલે કયો ? કે જે કાળે ઉત્પન્ન થાય છે તે કાળે. મોક્ષમાર્ગમાં જે-તે ગુણસ્થાને જે કાળે વ્યવહારના પરિણામ ઉત્પન્ન થાય તે કાળે તે જાણેલો પ્રયોજનવાન છે. એ જાણે જ નહિ તો ટાળવાનો પ્રશ્ન રહેતો નથી.

'**નિશ્ચયનયે અભેદ પરમાત્મા સાધ્ય છે.**' નિશ્ચય સ્વરૂપને અવલંબનારુ જ્ઞાન અને પ્રતીતિ, ત્યાંથી પોતાનું જ અભેદ એટલે જેમાં

ખંડખંડપણું નથી, જેમાં ભંગભેદ નથી અને જેમાં પરપણું નથી. અભેદના બે અર્થ થાય છે. એક અભેદ એટલે જેમાં ભેદ નહિ તે અભેદ. અને એક અભેદ એટલે પોતાથી જુદું નહિ તે અભેદ. પોતાની સાથે અભેદ. અભેદ એટલે પોતાથી અભિન્ન. અને અભેદ એટલે જેમાં ભેદ નથી તે અભેદ. એમ બે અર્થ એમાંથી નીકળે છે. એટલે ભંગભંદ વિનાના, ખંડ વિનાના પરમાત્માને અને પોતાથી અભિન્ન અનન્ય એવા પરમાત્માને નિજ સ્વરૂપ સાધ્ય છે. નિશ્ચયનયનો વિષય જ પોતાનું સ્વરૂપ હોવાથી, પોતાનું નિશ્ચય સ્વરૂપ એનો વિષય હોવાથી નિશ્ચય દ્વારા પોતાનું સ્વરૂપ સધાય છે.

**'જ્યાં જ્ઞાનાદિ મોક્ષમાર્ગ એટલે શુદ્ધોપયોગરૂપ એકદેશ-સ્વસંવેદ,...'** જ્યાં જ્ઞાનાદિ મોક્ષમાર્ગ એટલે જ્ઞાન-દર્શન-ચારિત્ર એ મોક્ષમાર્ગ. **'એટલે શુદ્ધોપયોગરૂપ એકદેશ-સ્વસંવેદન,...'** જ્યાં શુદ્ધોપયોગ થયો હોય, પરિણતિ નથી લેવી, અને જ્યાં સ્વસંવેદન પ્રગટ થયું હોય. એકદેશ એટલે પરિપૂર્ણ. મોક્ષમાં છે એવું નહિ. **'ત્યાં મોક્ષસ્વરૂપ અભેદ જ્ઞાનમૂર્તિ આત્માને સાધે,...'** છે. એવા પરિણામમાં તે સ્વસંવેદન દ્વારા, શુદ્ધોપયોગ દ્વારા, પરિપૂર્ણ શુદ્ધ. મોક્ષસ્વરૂપ એટલે પરિપૂર્ણ શુદ્ધ એવા અભેદ જ્ઞાનમૂર્તિ નિજ આત્માને સાધે, નિજ આત્માને અનુભવે સ્વસંવેદનથી. **'તેથી અભેદજ્ઞાન મોક્ષરૂપ સાધ્ય છે.'** ત્યાંથી તેવું જે સ્વસંવેદન જ્ઞાન છે તે શુદ્ધોપયોગને, પરિપૂર્ણ શુદ્ધોપયોગને સાધે છે. આ બોલ ઘણા લીધા છે. મોક્ષમાર્ગ સાધક છે અને મોક્ષ સાધ્ય છે, સ્વસંવેદન સાધક છે અને પરિપૂર્ણ મોક્ષ સાધ્ય છે. એકદેશ સાધક છે અને પૂર્ણ સાધ્ય છે. એવી વાત અનેક જગ્યાએ આવે છે. એમાં પૂર્ણતાની ભાવના છે ને ? એટલે.

**'તેથી અભેદજ્ઞાન મોક્ષરૂપ સાધ્ય છે. જઘન્ય જ્ઞાનથી ઉત્કૃષ્ટ જ્ઞાન પામીએ,...'** એ પણ એવો જ બોલ છે. જઘન્યજ્ઞાન એટલે સ્વસંવેદન જઘન્ય છે. ચોથા ગુણસ્થાને શુદ્ધોપયોગ. તેનાથી ઉત્કૃષ્ટ જ્ઞાન એટલે કેવળજ્ઞાન પામીએ. **'માટે જઘન્ય જ્ઞાન સાધક, ઉત્કૃષ્ટ જ્ઞાન સાધ્ય છે.'** વધતા વધતા જાય છે. **'જ્યાં અલ્પ જ્ઞાનાદિ નિશ્ચય કરે ત્યાં તે નિશ્ચય વધે છે. જવી રીતે અલ્પ અમલથી, (તેને) ચાહીને લીન થતાં, અમલ**

**ઘણો ચડે છે તેમ બહુ નિશ્ચય પરિણતિરૂપ જ્ઞાનાદિ ગુણ વધે તે સાધ્ય છે.'** શું લીધું ? કે જેમ થોડો અફીણ લે એને વધુ ખાવાનું મન થાય. પોતાને વ્યસનની રુચિ છે એટલે વ્યસનની ચીજ થોડી લ્યે એને વધુ લેવાનું મન થાય. આ દારૂ પીવે છે એને એમ થાય કે હજી પીએ, હજી પીએ એમ એને થયા કરે છે ને ? એમ અહીંયાં પણ જેમ પોતાની મસ્તી છે, ત્યાં ઓલી મસ્તી ચડે છે, અહીંયાં પોતાને સ્વરૂપની મસ્તી ચડે છે તો જ્યાં અલ્પ જ્ઞાનાદિથી નિશ્ચય કરે કે આવો જ હું છું, આ જ હું છું એમ વેદન અને પ્રતીતિમાં નિશ્ચય કરે ત્યાં એ વધવા લાગે છે. એ પરિણામ વૃદ્ધિગત થવા લાગે છે. એવો નિયમ છે.

જેને શરૂઆત થાય છે તેને તે વૃદ્ધિ થવાનો નિયમ છે. કેમકે એનો વિષય પરિપૂર્ણ પરમાત્મા છે. પોતે. જો પોતે સ્વરૂપે કરીને પૂર્ણ છે તો એની અવસ્થામાં એને અપૂર્ણતા પોસાતી નથી. સાધકદશા તો અપૂર્ણ દશા છે. એ અપૂર્ણ દશા એને પોસાતી નથી. તો એ વૃદ્ધિગત થવા પ્રત્યે જ જાય છે. પોતાના પૂર્ણ સ્વરૂપને વારંવાર અવલંબીને, શ્રદ્ધાએ કરીને, જ્ઞાને કરીને, સ્થિરતાએ કરીને તે પૂર્ણતા પ્રત્યે જ જવા લાગે છે. **'અલ્પ જ્ઞાનાદિથી નિશ્ચય કરે ત્યાં તે નિશ્ચય વધે છે.'** અમલનો દૃષ્ટાંત લીધો છે કે **'જેવી રીતે અલ્પ અમલથી, (તેને) ચાહીને લીન થતાં,...'** તેને ઇચ્છીને લીન થતા **'અમલ ઘણો ચડે છે.'** એમાં તો વળી દૃષ્ટાંતમાં તો એવી વાત છે કે માણસે વ્યસનની ચીજ પણ જેટલી ભાવનાથી, જેટલી તીવ્રતાથી લીધી હોય ભાવમાં એટલી એને ચડે.

જો માણસ કોઈ વિશેષ ચિંતામાં હોય તો એને એનું ઘેન ન ચડે. એવું બને છે. બરાબર છે ? અને જો એની ભાવનાથી એ લે બસ, આજ તો એમાં ઘણો રસ આવી ગયો. તો એને થોડું લે અને ઘણું ઘેન ચડે. પદાર્થ થોડો લે અને ઘેન ઘણું ચડે. અને પેલો ઘણો પદાર્થ લે અને થોડું ઘેન ચડે. તો એની ચાહનાથી લેવું એ રસ ઉપર આધાર છે. એમ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એમ અહીંયાં પણ સ્વરૂપની ચાહના જેટલી ઊંડી છે એટલું એને અલ્પ નિશ્ચયથી પણ એને ત્યાં જ્ઞાનાદિ વધવા લાગે છે. એની પરિણતિમાં વિશુદ્ધિ વધવા લાગે છે. જેટલા જોરથી કાર્ય કરે છે એટલું. એ પુરુષાર્થનો વિષય લેવો છે ત્યાં.

સૂક્ષ્મપણે લઈએ તો જેટલા પુરુષાર્થથી, ભલે ચોથું ગુણસ્થાન

હોય. તો જેટલા પુરુષાર્થથી, જેટલા રસથી એ કાર્ય કરે છે એટલું એનું કાર્ય વધારે સફળ છે. ત્યાં એને તે જ્ઞાનાદિ, અલ્પ જ્ઞાનાદિથી નિશ્ચય કરે ત્યાં નિશ્ચય એને વધે છે. નિશ્ચય વધે એટલે શુદ્ધતા વધે છે. સ્વરૂપલાભ એને વધે છે.

કાર્યકારણનો નિયમ નથી ને એવો એક બીજો દૃષ્ટાંત છે. એક ચતુર્થ ગુણસ્થાનધારી જીવ ચોથા ગુણસ્થાનમાં આયુષ્ય પૂરું કરે. દેવ થાય. મનુષ્ય થઈ અને ચરમશરીરી થઈને મોક્ષ પામે. એક જીવ મુનિદશા સુધી જાય. મુનિદશામાં આયુષ્ય પૂરું કરે, દેવ થાય, બીજા એક-બે-ત્રણ ભવ કરે અને પછી મોક્ષે જાય.

મુમુક્ષુ :- એવું બને છે, પણ કેમ ?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો કહ્યું. કાર્ય અને કારણ નિયમ વગર છે. એ તો કહી દીધું. નિયમ ગોતવો બહુ મુશ્કેલ છે. બને છે કે નહિ ?

કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ મનુષ્ય હોય. દેવ-ગુરુ-શાસ્ત્રના સાનિધ્યમાં આવે, સત્સંગમાં આવે અને સમ્યક્ત્વ પામવાની પાત્રતામાં એકદમ આવીને દેહ છોડે. સમ્યક્ત્વ ન પામે. મિથ્યાદૃષ્ટિપણે દેહ છોડે, મનુષ્ય મટીને મનુષ્ય થાય. ચરમશરીરી થઈને મોક્ષમાં જાય. અહીંયાં સમ્યક્ત્વ ન પામે. મહાવિદેહમાં જાય, ચરમશરીરી થાય, મોક્ષમાં ચાલ્યો જાય. સમ્યગ્દૃષ્ટિ હોય એને એક ભવનું પગથિયું વચ્ચે આવ્યું. આને એ પણ નથી. સીધો જ બીજા ભવે જાય. કોઈ મુનિ હોય. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને હોય, ભાવલિંગી સંત હોય, દેવલોકમાં જાય. હજી બે-ત્રણ ભવ બાકી હોય. તો કાર્ય-કારણનો શું નિયમ લગાડશો ? કે કાર્ય ને કારણ નિયમ વગર છે. આટલા સાધ્ય-સાધકના બોલ કીધા પછી પણ આ વાત એમણે કરી છે. સાધ્ય-સાધકના એટલે કારણ-કાર્યના બોલ છે ખરેખર તો. કારણ-કાર્યની આટલી બધી વાતો કર્યા પછી એમ કહે છે કે એવું પણ છે ખરું કે. એવો ગહન વિષય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- છે જરા ઊંડો વિષય છે. એટલો બધો જલ્દી પત્તો ખાય એવો વિષય નથી. અહીં સુધી રાખીએ...

**તા. ૯-૧-૧૯૮૯, પાના નં. ૪૪, ૪૫ પ્રવચન નં. ૯૦**

'**સમ્યક્‌ત્વી જીવ દર્શનજ્ઞાનચારિત્રને સાધે છે માટે સમ્યક્ દર્શનજ્ઞાનાચારિત્ર સાધ્ય છે.**' સમ્યક્‌ત્વી જીવ સાધક છે તે દર્શન, જ્ઞાન, ચારિત્રને સાધે છે. અને સમ્યગ્દૃષ્ટિ જીવનું સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ પરિણમન સાધ્ય છે. આ સાધ્ય-સાધકનો અધિકાર છે. મુખ્યપણે મોક્ષમાર્ગની જે સાધક દશા છે એમાં વર્તમાન સાધ્ય પોતાનું શુદ્ધ પરિણમન છે અને .. સાધ્ય મોક્ષદશા છે. તે વિષય આ અધિકારની અંદર મુખ્ય છે. અનેક ભેદથી, અનેક ગુણભેદથી એ વિષયને સ્પષ્ટ કર્યો છે.

અહીંયાં '**સમ્યક્‌ત્વી જીવ...**' એટલે સમ્યગ્દૃષ્ટિ જીવ '**દર્શનજ્ઞાનચારિત્રને સાધે છે...**' સમ્યક્‌ત્વી જીવ માત્ર શ્રદ્ધા કરે છે. ચારિત્રને સાધતો નથી તેમ નથી. ચારિત્રને પણ એ સાધે છે, જ્ઞાનને પણ એ સાધે છે. સમ્યક્‌ત્વી છે એટલે દર્શન પરિણમનને તો એ સાધે જ છે. માટે સમ્યગ્દૃષ્ટિ જીવનું સાધ્ય છે એ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર છે. અને જીવ તેનો સાધક છે. આખો પદાર્થ દ્રવ્ય તે સાધક છે અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ મોક્ષમાર્ગના પરિણામ એ સમ્યગ્દૃષ્ટિ જીવને સાધ્ય છે. એમ લીધું. દ્રવ્ય સાધક છે અને પરિણામ સાધ્ય છે, એવો પણ ભેદ લીધો. એવા કથનો અનેક પ્રકારે આવે છે.

'સમયસાર'ની બીજી ગાથા છે એમાં એવો વિષય છે. પુદ્‌ગલના પરિણામમાં જે જીવ સ્થિર છે તે પરસમય છે અને દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જે સ્થિત છે તે સ્વસમય છે. દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જીવ સ્થિત છે એમ લીધું. જીવ પદાર્થમાં દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ સ્થિર કર્યા, દ્રવ્યમાં પરિણામ સ્થિર કર્યા એમ કહેવાને બદલે પરિણામમાં જીવ છે. એવી ભાષા લીધી. જે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત છે તેને સ્વસમય કહીએ અને પુદ્‌ગલકર્મના પ્રદેશે જે સ્થિર થાય તેને પરસમય કહીએ. કેમકે એણે જીવને બતાવવો છે કે જીવ કેવો છે.

જીવનો અધિકાર શરૂ કરે છે ને, બીજી ગાથામાં. પહેલી ગાથામાં માંગલિક કર્યું. બીજી ગાથાથી જીવ અધિકાર શરૂ કર્યો.

જીવના બે ભેદ : એક સ્વસમય અને એક પરસમય. પરસમય કોણ ? કે પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્રના, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામને છોડીને કર્મના ઉદયમાં જે જીવ રત થાય છે, કર્મના ઉદયને જે જીવના પરિણામ અનુસરે છે, ઉદયાધીન પરિણામે પરિણમે છે તે જીવ પુદ્ગલકર્મના પ્રદેશે સ્થિર થઈ ગયો છે. અનુસરે છે એવું કાંઈ કહેવાના બદલે એમાં એ સ્થિર થઈ ગયો છે, એમાં રત છે એટલે એકાગ્ર છે. ત્યાં એવી ભાષા લીધી છે કે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જે સ્થિર છે. જે જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં આવીને રહ્યો છે, નિવાસ કર્યો છે તો એને અમે સ્વસમય કહીએ છીએ.

એવું ...માં લીધું છે કે સમ્યક્ત્વી જીવ સાધક છે. જીવ સાધક છે અને દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ તે તેનું સાધ્ય છે. તેને તે સાધવા યોગ્ય છે. શુભાશુભ પરિણામ એ એનું સાધવા યોગ્ય સાધ્ય નથી. કેમકે એ તો ઉદયને આધીન પરિણામ છે. શુભાશુભભાવ છે એ ઉદયને અનુસરનારા પરિણામ છે.

**'સમ્યક્ત્વ (સમ્યક્) જ્ઞાનાદિ ભાવ શુદ્ધ થતાં જ્યારે દ્રવ્યકર્મ મટે ત્યારે દ્રવ્યમોક્ષ થાય છે, માટે ગુણમોક્ષ સાધક છે, દ્રવ્યમોક્ષ સાધ્ય છે.'** આગળ આ જ વિષય બીજી રીતે આવ્યો હતો. ભાવમોક્ષ સાધક છે અને દ્રવ્યમોક્ષ સાધ્ય છે. ત્યાં ભાવ લીધો હતો. અહીંયાં ગુણ શબ્દ લીધો. બંને એકાર્થ છે. **'સમ્યક્ત્વ (સમ્યક્) જ્ઞાનાદિ ભાવ શુદ્ધ થતાં...'** સમ્યક્ત્વ-સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર આદિ પુરુષાર્થ સુખ વગેરે બધા લેવા. એ શુદ્ધ થતાં એટલે સંપૂર્ણ શુદ્ધિ પ્રગટ થતાં **'જ્યારે દ્રવ્યકર્મ મટે...'** દ્રવ્યકર્મનો અભાવ થાય, દ્રવ્યકર્મનો નાશ થાય, સંચિત કર્મનો પણ નાશ થાય, નવા કર્મ આવતા અટકી જાય. બંને રીતે. દ્રવ્યકર્મ મટે, એનો સંયોગ મટે, એનો આસ્રવ મટે. બંને. ત્યારે દ્રવ્યમોક્ષ થાય છે. એટલે જીવની પૂર્ણ નિષ્કર્મ દશા થાય ત્યારે તેને દ્રવ્યમોક્ષ કહેવામાં આવે છે. એ સિદ્ધ દશા છે. એ પહેલા ગુણમોક્ષ થાય છે અથવા ભાવમોક્ષ થાય છે. ભાવની સંપૂર્ણ શુદ્ધિ થાય છે.

મોક્ષદશા ભાવમાં પહેલા પ્રગટે છે. માટે ગુણમોક્ષ સાધક છે અને દ્રવ્યમોક્ષ સાધ્ય છે. પૂર્વ પર્યાય લીધી. તેરમું ગુણસ્થાન સાધક છે અને ચૌદમું ગુણસ્થાન સાધ્ય છે અથવા સિદ્ધ દશા સાધ્ય છે. એ રીતે.

**'ક્ષપકશ્રેણીએ ચઢે ત્યારે તદ્ભવ મોક્ષ થાય,...'** જ્યારે મુનિદશામાંથી આગળ વધે, શુક્લધ્યાનની શ્રેણી માંડે ત્યારે બે પ્રકારની જે શ્રેણી છે, ક્ષપક શ્રેણી છે અને ઉપશમ શ્રેણી છે. ઉપશમ શ્રેણીવાળો જીવ અગિયારમેથી પાછો વળે છે અને ક્ષપક શ્રેણીવાળો જીવ પછી એ શ્રેણી ચડતા ક્યારે પણ પાછો ફરતો નથી. મોક્ષદશા સાધે જ સાધે. **'ક્ષપકશ્રેણીએ ચઢે ત્યારે તદ્ભવ મોક્ષ થાય, માટે ક્ષપકશ્રેણી ચઢવી સાધક છે, તદ્ભવ મોક્ષ સાધ્ય છે;...'** અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન દશા પ્રગટ થાય છે અને પછી એ ચરમશરીરી હોવાથી ફરીને એને દેહ ધારણ કરવાનો પ્રશ્ન રહેતો નથી. નિર્વાણને પ્રાપ્ત કરે છે. તેથી તે જ ભવે મોક્ષ થવો સાધ્ય છે.

જે જીવ ક્ષપક શ્રેણીએ ચઢે તેનો તે જ ભવે મોક્ષ થાય. તેનો બીજા ભવે મોક્ષ થાય એવું કદિ બને નહિ. અથવા જે ભવે જે જીવ મોક્ષે જાય, નિર્વાણને પામે તે પહેલા ક્ષપક શ્રેણીએ ચઢીને મોક્ષને પામે. મોક્ષ પામે. કોઈ એમ કહે કે આમ કરતાં કરતાં મોક્ષ થઈ અને તેમ વિચાર આવ્યો એમાં મોક્ષ થઈ ગયો અને કોઈ અમુક રીતે મોક્ષ થઈ ગયો એવું બનતું નથી. ક્ષપક શ્રેણીમાં ચઢે પછી મોક્ષ થાય. ધ્યાનમાં પણ બે સ્થિતિ લઈ લીધી છે : ઉપશમ શ્રેણી અને ક્ષપક શ્રેણી. ઉપશમ શ્રેણીવાળો પણ તદ્ભવે મોક્ષ જાય એવું બને નહિ. પણ ક્ષપકશ્રેણીવાળો તો જાય જ જાય. જે જીવ તે ભવે મોક્ષમાં પહોંચે છે, પામે છે તેને તો ક્ષપકશ્રેણી જ પૂર્વે હોય અને બીજી ધ્યાનની શ્રેણી એને હોઈ શકે નહિ. આ નિયમબદ્ધ છે.

મુમુક્ષુ :- ઉપશમશ્રેણી હોય અગિયારમેં ત્યાંથી એને ક્ષપક થવાનો કોઈ ચાન્સ ખરો ?

પૂજ્ય ભાઈશ્રી :- ના. એ પાછો જ આવે. પહેલેથી જ મંડાણ ખોટું છે. પહેલેથી જે પુરુષાર્થનો પ્રકાર છે એ ઉપશમભાવે છે, ક્ષાયિકભાવનો નથી. એટલે જે નીચેના ગુણસ્થાને જે કર્મ ખરવા જોઈએ, નિર્જરા થવાને બદલે ત્યાં ને ત્યાં સત્તામાં ઉપશમિત થઈને

સત્તામાં રહે છે. એ ઉપશમિત થઈને સત્તામાં રહે છે એ એમ બતાવે છે કે એનો અશુદ્ધ ભાવ પણ એ યોગ્યતા ધરાવે છે. ઉદયમાન નથી ભલે. જો અહીંયાં કર્મ સત્તામાં છે તો એની યોગ્યતાની પણ સત્તા છે. વિભાવભાવની યોગ્યતાની, કર્માનુસારી ભાવની યોગ્યતાની પણ ત્યાં સત્તા છે. યોગ્યતારૂપે વિદ્યમાન છે. શક્તિરૂપે, કારણરૂપે વિદ્યમાનતા નથી.

મુમુક્ષુ :- યોગ્યતા એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- યોગ્યતા એટલે ગર્ભિત લાયકાત. ગર્ભિત લાયકાત. જેમકે એક માણસ અત્યારે ચોરી કરતો નથી. એમ કહેવાય કે એનામાં ચોરી કરવાની યોગ્યતા છે. ક્યારેક ચોરી કરે પણ ખરો. એ ગર્ભિત લાયકાત છે. જેમ ગુનો કરતો નથી પણ ગુનો કરવાની લાયકાત પડી છે. એમ ઉપશમ શ્રેણીવાળા જીવને તે કાળે તો વીતરાગદશા છે. અગિયારમે ગુણસ્થાને તો પરિપૂર્ણ વીતરાગ દશા છે. ઉપશાંત મોહમાં પૂરેપૂરો મોહ ઉપશાંત થઈ ગયો છે. જરાય ઉદયમાન મોહ નથી. મોહનો ઉદય નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ભાવે અને દ્રવ્યનો, બેયનો. કર્મનો ઉદય પણ નથી અને ભાવ પણ નથી. બેય નથી. દ્રવ્ય-ભાવ બેયમાં ઉપશાંત છે. પણ યોગ્યતા છે. એટલે એ યોગ્યતા ઉત્પન્ન થઈ આવે છે. અને પાછો એ નીચેના ગુણસ્થાનમાં નિયમબદ્ધપણે આવે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ આમ તો પહેલા તો છઠ્ઠે-સાતમે આવી જ જાય. ત્યાં પુરુષાર્થ ન રહે તો ચોથું પણ આવી જાય છે. ત્યાં પુરુષાર્થ ન રહે તો પહેલે પણ આવી જાય છે. પડ્યા પછી તો, પગથિયું ચૂક્યા પછી તો ધાર્યુ ઉતરે નહિ.

મુમુક્ષુ :- ..સીધું ચડવાનું ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો એકવાર જે જીવ સમ્યક્ત્વને પામ્યો એટલે એનું મોક્ષ નિશ્ચિત છે. આ તો વચ્ચેના ભંગભેદ છે. એનો મોક્ષ નિશ્ચિત જ છે. અર્ધપુદ્ગલ પરાવર્તન એ એનો વધુમાં વધુ ઉત્કૃષ્ટ કાળ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બસ. અનંતા. અનંતા નિગોદમાં છે અત્યારે તો. સાદિ મિથ્યાદૃષ્ટિ અનંતા નિગોદમાં છે. નિગોદ સુધી જાય છે. એ પાછા નીકળી જાય, ઈતરનિગોદમાંથી પાછા નીકળી જાય. અનંત કાળ ન કાઢે. નિગોદમાં જાય તોપણ અનંત કાળ ન કાઢે. ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ અર્ધપુદ્‌ગલ પરાવર્તન કાળમાં એ પાછા .. અથવા એ પહેલા પણ ગમે ત્યારે પાછા પોતાના સ્વાનુભવની દશાને પ્રાપ્ત કરી લ્યે છે, શ્રેણી માંડીને મોક્ષમાં-નિર્વાણમાં પહોંચે છે.

મુમુક્ષુ :- એવું શું થાય છે...?

પૂજ્ય ભાઈશ્રી :- પોતે સ્વતંત્રપણે ઊંધા પરિણામ કરે છે. એટલે તો અહીંયાં એક વાત લીધી કે કાર્ય અને કારણ નિયમ વગર છે. કાર્ય ને કારણ નિયમ વગર છે. લીધું કે નહિ ? એક જગ્યાએ કાર્ય ને કારણ નિયમબદ્ધ છે. ક્યાંક કાર્ય ને કારણ નિયમ વગર પણ છે. એક મુનિ છે એ ક્ષપકશ્રેણી ચડે છે. છઠ્ઠે-સાતમે તો બંને છે. અને એક મુનિ છે તે ઉપશમ શ્રેણીએ ચડે છે. ધ્યાન તો બેય શુક્લધ્યાનમાં આવે છે. તો એનું શું કારણ ? કે એનું કારણ-બારણ કાંઈ નહિ. એને કોઈ કારણ-બારણ લાગુ પડતું નથી. એનો કોઈ નિયમ નથી.

મુમુક્ષુ :- સંસારથી ...

પૂજ્ય ભાઈશ્રી :- નિગોદમાંથી દર છ મહિના અને આઠ સમયે ૬૦૮ જીવ નિત્ય નિગોદમાંથી નીકળીને ઈતર નિગોદમાં આવે છે. અને છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ જીવ સંસારમાંથી સિદ્ધાલયમાં જાય છે. હવે ક્યા ૬૦૮ નિગોદમાંથી નીકળે ? બધા નિગોદમાંથી એકસરખી . ... સ્થૂળપણે જોઈએ તો, સૂક્ષ્મ ફેરફાર તો કેવળી ગમ્ય છે. એકસરખા થઈ ગયા. છતાં ૬૦૮ નીકળે છે.

મુમુક્ષુ :- એથી વધારે ન જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- ના. એથી વધારે ન જાય. એનું શું કારણ ? કે એનું કારણ ગોતવા જાવ તો કાંઈ પત્તો ખાય એવું નથી.

મુમુક્ષુ :- ઉપશમ છે અને ક્ષપક શ્રેણી, એમાં .... શું ?

પૂજ્ય ભાઈશ્રી :- એક ઉપશમભાવે આગળ વધે છે. જોર ઓછું છે. પુરુષાર્થનું બળ ઓછું છે. (ઉપશમવાળો) અગિયારમેથી પાછો પડે.

નહિતર ૯, ૧૦, ૧૨ અને ૧૩. તેર ગુણસ્થાન સુધી શુક્લધ્યાનમાં.

મુમુક્ષુ :- ચોથા ગુણસ્થાનથી તો વિભાવના મૂળિયા છેદાય ગયા હોય પછી...

પૂજ્ય ભાઈશ્રી :- ચોથા ગુણસ્થાને વિભાવના મૂળિયા બધા છેદાય જતા નથી.

મુમુક્ષુ :- શ્રદ્ધા...

પૂજ્ય ભાઈશ્રી :- શ્રદ્ધામાં ક્ષાયિક શ્રદ્ધા હોય તો એનું મૂળ છેદાય ગયું. પછી એ ન પડે. પહેલે ગુણસ્થાને ક્યારે પણ ન આવે. ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હોય એ. પણ ઉપશમમાંથી કોઈ નીચે આવી જાય છે કાં ક્ષયોપશમમાંથી આવી જાય તો આવી જાય. ક્ષયોપશમમાંથી આવે જ એવું કાંઈ નથી. કોઈ આવે અને કોઈ ઉપર ક્ષાયિકમાં પણ ચાલ્યા જાય. એનો પાછો કોઈ નિયમ નથી. ઘણા એવા કાર્યો છે કે જેને કારણ નથી. અનેક એવા કાર્યો છે કે જેને કારણનો નિયમ પણ છે. આવું વસ્તુસ્વરૂપ હોવાથી ઘણા એની અંદર મૂંઝાય છે અથવા એને પત્તો લાગતો નથી કે આમ કેમ ? આ કાંઈ જ્ઞાનનો છેડો જ નથી એમ લાગે છે. શું લાગે ? જ્ઞાનના દરિયામાં ડૂબકી મારવા જાય તો જ્ઞાનસમુદ્ર એવડો મોટો છે કે આમાં કાંઈ તળિયું હાથમાં આવતું નથી.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' કહેતા, જોડણી સમ્યક્.

પૂજ્ય ભાઈશ્રી :- જોડણી એટલે ક્ષયોપશમમાંથી ક્ષાયિકમાં જોડાય જાય. ક્ષયોપશમાંથી પડીને મિથ્યાત્વમાં ન આવે પણ ક્ષયોપશમ એવું હોય કે એમાંથી એ ક્ષાયિક જ પરિણમી જાય. એને જોડણી કહે છે.

ક્ષપક શ્રેણી ચઢવું તે સાધકપણું છે અને તે ભવે મોક્ષ થવો તે તેનું સાધ્ય છે. નિયમબદ્ધપણે ક્ષપકશ્રેણીવાળાને તે ભવે મોક્ષ થાય, થાય ને થાય જ. નિર્વાણને પ્રાપ્ત કરે જ.

**'દ્રવ્યે (દ્રવ્ય)લિંગ હોય અને ભાવે સ્વરૂપભાવનો ભાવ હોય, ત્યારે સાક્ષાત્ મોક્ષ સાધે તેથી દ્રવ્યથી, ભાવથી થયેલો યતિવ્યવહાર સાધક છે, ત્યાં સાક્ષાત્ મોક્ષ સાધ્ય છે.'** બે સાથે લીધા. '**(દ્રવ્ય)લિંગ હોય અને ભાવે સ્વરૂપભાવનો ભાવ હોય,...**' એવું ન બને કે દ્રવ્યલિંગ ન હોય અને ભાવે પાછું ભાવલિંગ હોય. એવું કદિ બનતું નથી. દ્રવ્યે તો અમે શ્રાવક છીએ અને ભાવે અમે સાધુ છીએ. એવું કદિ

બનતું નથી. ચોખ્ખું દ્રવ્યલિંગ હોય. ચોખ્ખું એટલે મુનિદશાની બધી ક્રિયા એની ચોખ્ખી. અને ભાવે પણ સ્વરૂપભાવનો ભાવ હોય એટલે ભાવલિંગ દશા પણ યથાર્થ હોય, ત્યારે તે સાક્ષાત્ મોક્ષ સાધે. દ્રવ્યલિંગમાં ફેર હોય તો તો ભાવલિંગમાં ફેર પડી જ ગયો. દ્રવ્યલિંગમાં ફેર પડ્યો તો ભાવલિંગમાં ફેર પડી જ ગયો. પણ દ્રવ્યે અને ભાવે યથાર્થ મુનિદશાના પરિણામ હોય તો તે આગળ વધીને સાક્ષાત્ મોક્ષ સાધે. ત્યારે એ સાક્ષાત્ મોક્ષને સાધી શકે. બેમાંથી ક્યાંય ફેર હોય, ભાવલિંગમાં ફેર હોય તોપણ એ મોક્ષદશા સાધે નહિ. ભલે દ્રવ્યલિંગ બરાબર હોય. યતિવ્યવહાર ભલે બરાબર હોય પણ ભાવલિંગમાં ફેર હોય તો મોક્ષને સાધે નહિ. અને ભાવલિંગ બરાબર હોય એને દ્રવ્યલિંગ બરાબર ન હોય એ વાત સંભવતી નથી. દ્રવ્યલિંગ બરાબર ન હોય એટલે એ ભાવલિંગમાંથી ગયો જ ગયો. વિષય સ્પષ્ટ છે.

**'ત્યારે સાક્ષાત્ મોક્ષ સાધે તેથી દ્રવ્યથી, ભાવથી થયેલો યતિવ્યવહાર સાધક છે,..'** દ્રવ્યે અને ભાવે જે મુનિદશાના પરિણામ (છે) એને યતિવ્યવહાર-મુનિવ્યવહાર કહેવામાં આવે છે. એમાં વ્યવહારરત્નત્રય અને નિશ્ચયરત્નત્રય બંને આવી ગયા. તે સાધક છે અને **'ત્યાં સાક્ષાત્ મોક્ષ સાધ્ય છે.'** એના ફળમાં એને સાક્ષાત્ મોક્ષદશા પ્રગટ થાય. એ સિવાય કોઈપણ પ્રકારે મોક્ષદશા પ્રગટ થાય એવું બનતું નથી.

મુમુક્ષુ :- વ્યવહારરત્નત્ર સાધક છે અને નિશ્ચયરત્નત્રય સાધ્ય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ આવી ગયું પહેલા. અહીંયાં તો બેય લીધા. વ્યવહાર નિશ્ચય રત્નત્રયયુક્ત જે મુનિ છે તે યતિવ્યવહાર છે. એ એની સાધકદશા છે અને એના ફળમાં એને સાધ્યરૂપ મોક્ષદશા પ્રગટ થશે. મુનિદશામાં કોઈ નહિ આવે અને સીધો કોઈ મોક્ષદશાને પ્રાપ્ત કરશે એવું કદિ બનશે નહિ, એમ કહેવું છે. અન્યમાં એવા પણ સિદ્ધાંતો આવે છે કે આમ મોક્ષ થઈ ગયો, આ રીતે મોક્ષ થઈ ગયો, આનાથી મોક્ષ થઈ ગયો, કોઈને શ્રાવકદશામાં મોક્ષ થયો, કોઈને કોઈ દશામાં. એવું છે નહિ.

'શ્રીમદ્જી'ના વિષયમાં ઘણા એવું માને છે કે એમનો મોક્ષ થઈ ગયો છે. એ વાત સંભવતી નથી. છેવટ સુધી એમની ગૃહસ્થદશા હતી. મુનિદીક્ષા અંગીકાર કરીને યતિ વ્યવહારરૂપ વ્યવહારરત્નત્રયમાં પણ

નહોતા આવ્યા, નિશ્ચયરત્નત્રયનો તો સવાલ રહેતો નથી.

મુમુક્ષુ :- કેટલા ભેદે સિદ્ધ થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એક જ ભેદે સિદ્ધ થાય છે. બીજો કોઈ એમાં ભેદ છે નહિ. એમ છે. .. તો એક જ પ્રકાર આવે. એ પહેલા ભલે અનેક વાતો હોય. જેમકે વેદ લીધો છે. કોઈ પુરુષ હોય પણ ભાવે સ્ત્રીવેદ હોય. ભાવે નપુસંકવેદ હોય. દ્રવ્યે પુરુષવેદ હોય. એ બધી બહુ પહેલાની વાતો છે. જ્યારે શ્રેણી માંડે ત્યારે એને ભાવે સ્ત્રીવેદ કે નપુંસકવેદ રહે એમ બનતું નથી. ત્યાં એ પણ પલટાય જાય. નવમા ગુણસ્થાને વેદ જાય છે. ત્રણ વેદ છે એ એનો નવમા ગુણસ્થાને અભાવ થાય છે. ક્ષપક શ્રેણી માંડે ત્યારે ખરી જાય. એટલે એને પછી દ્રવ્યે પુરુષવેદ હોય પણ ભાવે ત્રણમાંથી એકેય વેદ એને રહેતો નથી. પણ એમાં બધા જે ભેદ પ્રભેદ લીધા છે એ બધી નીચેની વાતો છે. છેલ્લે ક્ષપકશ્રેણી માંડે છે. શાસ્ત્રમાં એ બધી ભેદ-પ્રભેદની વાતો આવે છે. ક્ષપકશ્રેણી માંડે છે ત્યારે તો એક જ પ્રકાર છે. બીજો કોઈ પ્રકાર એને છે નહિ. દ્રવ્યે, ભાવે મુનિલિંગ હોય, યતિ વ્યવહાર હોય, પુરુષ હોય એ મોક્ષે જાય. એ સિવાય બીજી કોઈ રીતે મોક્ષે જાય નહિ. કોઈ તિર્યંચ મોક્ષે જાય, કોઈ ગૃહસ્થ મોક્ષે જાય, કોઈ સ્ત્રી મોક્ષે જાય એવો કોઈ પ્રકાર બનતો નથી.

મુમુક્ષુ :- એમને પુરુષાર્થ નહિ ઉપડતો હોય ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પુરુષાર્થ જ નથી. ... અનંત કાળમાં ન ઉપડે ? જે આયુષ્ય એણે બાંધ્યું... એટલે તો આપણે ચર્ચા થઈ હતી કે આયુષ્ય બાંધે છે એમાં ઘણી એન્ટ્રી પડે છે. જેમ ઘણાં તાંતણા વળ ખાયને એક દોરડું બને અને બંધાય. દોરડાથી પછી બાંધે. એમ આયુષ્યનું જે બંધન છે, શરીરનું બંધન ત્યાં સુધી રહે જ રહે. એ સ્ત્રીવેદ છે, એ જે આયુષ્ય બાંધ્યું છે એ પર્યાયે જીવ આવ્યો... નપુંસક પર્યાયે જીવ આવ્યો છે, એ એટલા તીવ્ર પરિણામથી એ શરીર છે, આયુષ્ય પર્યંત એનો પાંચમા ગુણસ્થાનથી આગળનો પુરુષાર્થ ઊપડે નહિ. એ આયુષ્ય પૂરતો. એ શરીર બદલાય નહિ. ભવિષ્યમાં ગમે તે થાય. નારકીના એટલે કીધા છે ને. પહેલી નારકીથી આવે આમ જાય, બીજીથી આવે એ અહીં સુધી જાય, ત્રીજીથી આવે એ અહીં સુધી જાય.

ત્રીજી નારકીથી પછી નીચેની નારકીથી આવે એ મુનિદશા સુધી ન પહોંચે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન થાય પણ મુનિ...

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યગ્દર્શન થાય. એ પરિણામના બધા નિયમ છે. એ પરિણામના નિયમ છે. પહેલા જીવ કેટલો ઊંધો રસ લઈને ઊંડો ગયો તો એને એમાંથી નીકળતા વાર લાગે છે. આ બાજુથી આયુષ્ય ચાલ્યું જાય છે. નીકળતા જે સમય લાગે એમાં આયુષ્ય પૂરું થઈ જાય.

'**ભાવમનનો વિકાર વિલય થયે સાક્ષાત્ મોક્ષ થાય છે માટે ભાવમનાદિ રીતિનો વિલય સાધક છે, સાક્ષાત્ મોક્ષરૂપ સાધ્ય છે.**' શું કહે છે અહીંયાં ? કેટલાક બોલ છે એની પાછળ બહુ હેતુ છે. મોક્ષદશાને વિષે અનેક જીવોએ અનેક કલ્પના કરી છે કે મોક્ષ આવો હોય, મોક્ષ આમ હોય, મોક્ષ આમ હોય. અહીંયાં કહે છે કે '**ભાવમનનો વિકાર વિલય થયે...**' જે મનમાં વિકલ્પ ઉત્પન્ન થાય છે, વિચાર થાય છે, મંથન થાય છે એવું ભાવમનનું કાર્ય ત્યાં હોઈ શકે નહિ. જ્યારે મોક્ષ થાય ત્યારે એવું ભાવમનનું પરિણમન ખલાસ થઈ જાય, વિલય પામી જાય, પૂરેપૂરું નાશ થાય અને સાક્ષાત્ મોક્ષ થાય. તેરમા ગુણસ્થાને કેવળજ્ઞાનની દશા છે એમાં ભાવમન હોતું નથી. એટલે મનપૂર્વક જે કાંઈ પ્રવૃત્તિ થાય એવી પ્રવૃત્તિ કેવળીની હોઈ શકે નહિ. કેવળજ્ઞાની હોય અને છદ્મસ્થની જેમ આપસમાં વાતચીત કરે, પૂછે બીજા એના જવાબ દે એ ત્યાં હોઈ શકતું નથી. એ સાંભળવા રોકાય. સાંભળીને બરાબર એણે આમ કહ્યું, એનો ઉત્તર આમ વિચારીને આપું. એ પ્રકાર ભાવમનનો વિષય ત્યાં હોતો નથી. અથવા મનમાં અમુક વિચાર આવે અને પછી કહે. વિચાર આવે એ પ્રમાણે બોલે એવો પ્રકાર ત્યાં મોક્ષદશામાં હોઈ શકતો નથી.

'**ભાવમનનો વિકાર વિલય થયે સાક્ષાત્ મોક્ષ થાય છે માટે ભાવમનાદિ રીતિ...**' ભાવમનની જેટલી કોઈ રીતભાત છે, એ તમામ વિલય થાય. એ વિલય થવું તે સાધકપણું છે અને સાક્ષાત્ મોક્ષ થવો તે સાધ્ય છે. બહુ ચોખ્ખી વાત છે. એવો સ્પષ્ટ વિષય છે. નહિતર તો છદ્મસ્થ અને કેવળજ્ઞાની વચ્ચે તફાવત રહેતો નથી. જે પ્રકારે છદ્મસ્થનું પરિણમન હોય એવા જ પ્રકારે જો કેવળજ્ઞાનીનું પ્રકરણ હોય તો સાધક

અને સાધ્યનો ફેર રહેતો નથી. પછી ત્યાં સાધકદશા ન રહી. મોક્ષ થયો તે સાધ્ય છે. સાધ્ય સધાય ગયું ત્યાં. એ પ્રકાર આવે છે ને ? ખાસ કરીને શ્વેતાંબર શાસ્ત્રોમાં એ દૃષ્ટાંતો બહુ આવે છે કે ભાવમનનો પ્રકાર ને ભાવમન હોય ને એવી જે ચેષ્ટા હોય એવા પ્રકારે કેવળજ્ઞાનનું સ્વરૂપ લીધું છે. એવું બની શકતું નથી. શાસ્ત્રની પદ્ધતિ એવી લીધી છે.

'ગૌતમ' ગણધર પૂછે છે. ભગવાન 'મહાવીરસ્વામી' આમ જવાબ દ્યે છે. એવું ત્યાં બનતું નથી. સાંભળીને જવાબ દેવો એ પ્રકાર ત્યાં નથી. એ તો એકધારી ૐકાર નાદની દિવ્યધ્વનિ સતત અતૂટકપણે ચાલુ રહે છે. કોઈ પ્રશ્ન પૂછે ત્યારે એ વાણી બંધ રહે, પછી ઉત્તરરૂપે એ વાણી ચાલુ થાય એવો પ્રકાર સમવસરણમાં હોતો નથી. તેમ સમવસરણની અંદર ભગવાન ગંધકુટી ઉપર બિરાજમાન હોય અને આહાર-પાણી ત્યાં લ્યે એવો પણ પ્રકાર બનતો નથી. કોઈ દવા વગેરે લે કે કોઈ ચીજ મંગાવે, એવું બનતું નથી. ભાવમનના જેટલા કોઈ પ્રકાર છે એવું કાંઈ ન બને. ત્રણલોકના નાથ સમવસરણમાં જે બિરાજમાન છે, સો ઈન્દ્રો વંદિત છે, એને કોઈપણ પ્રકારે પાપનો ઉદય એવો ન હોય. પ્રશ્ન જ નથી. શાતાવેદનીનો એટલો મોટો જબરજસ્ત ઉદય છે. શાતાનો જબરજસ્ત ઉદય છે. ત્યાં એવો અશાતાનો ઉદય હોતો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે કે જુદા પડે ત્યારે કાંઈક જુદું કરવું જ પડે. 'શ્રીમદ્જી'એ લખ્યું છે.

... મારું જ્ઞાન વિશિષ્ટ છે. તમારા જ્ઞાન કરતા મારા જ્ઞાનમાં વિશેષતા છે. વાતમાં કાંઈ માલ છે એમાં ? એમાં કાંઈ માલ નથી. પણ જે વસ્તુ પોતે વિચારી, જે વસ્તુ પોતે વિચારીને નક્કી કરી અને એનો જે આગ્રહ અને એનો જે અતિઆગ્રહ એમાંથી પછી ગડબડ ઊભી થાય.

મુમુક્ષુ :- અતિઆગ્રહમાં અનંતાનુબંધી આવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- આવી જાય, એ તો સ્વાભાવિક છે.

એટલે અહીંયાં એ લીધું છે કે '**ભાવમનનો વિકાલ વિલય થયે સાક્ષાત્ મોક્ષ થાય છે...**' મોક્ષ થાય છે ત્યારે એને છેલ્લો ભાવમનનો

વિકાર પણ વિલય થઈ જાય. બીજા વિકારનો તો પ્રશ્ન રહેતો નથી. પણ મનોવિકાર પણ ત્યાં સંપૂર્ણપણે વિલય થઈ જાય છે અને સાક્ષાત્ મોક્ષ સધાય છે.

**'જ્યાં પૌદ્‌ગલિક કર્મ ખરવા સાધક છે, શાથી ?** કે **પૌદ્‌ગલિક કર્મવિપાક આવ્યે મનોવિકાર ઊપજે છે, તેથી પુદ્‌ગલ જ ખરી જાય છે ત્યારે મનોવિકાર ક્યાંથી રહે ? તેથી મનોવિકાર વિલય થવો સાધ્ય છે, કર્મ ખરવા સાધક છે.'** અહીંયાં ભાવમન પણ ન રહે તો સામું કર્મ પણ ન રહે. બંને ભાવ અને દ્રવ્ય બંનેની એકસરખી સ્થિતિ થાય છે, જ્યારે કર્મ ખરીને મોક્ષ થાય છે. એટલે જ્યાં પૌદ્‌ગલિક કર્મ ખરવા સાધક છે ત્યાં મનોવિકાર વિલય થવો સાધ્ય છે. આ બાજુ પૌદ્‌ગલિક કર્મ ખરે તો આ બાજુ વિકારનો પણ અભાવ થાય. આ બાજુ ઉદય થાય તો અહીંયાં ઉદયની સાથે પરિણામ જોડાય અને વિકાર ઉત્પન્ન થાય. અહીંયાં જ્યાં ઉદય પૂરો થાય તો અહીંયાં એનો ભાવ પણ વિલય થઈ જાય છે. આપોઆપ છે.

એટલે (કહે છે કે), **'જ્યાં પૌદ્‌ગલિક કર્મ સાધક છે, શાથી ?** કે **પૌદ્‌ગલિક કર્મવિપાક આવ્યે...'** વિપાક એટલે ઉદય. એટલે કર્મ પ્રકૃતિ છે એનો પાક આવે એટલે કર્મપ્રકૃતિનો સ્વાદ પરિણામમાં ઊપજે છે. ત્યારે જીવ પોતાના સ્વરૂપસ્થ સ્થિતિમાં રહેતો નથી. તો એને મનોવિકાર ઊપજે છે અથવા પરિણામ વિકાર ઊપજે છે. **'તેથી પુદ્‌ગલ જ ખરી જાય છે ત્યારે મનોવિકાર ક્યાંથી રહે ?'** એ પુદ્‌ગલ ખરી ગયું અથવા એમાં એ વિપાક જ ખલાસ થઈ ગયો, એ કર્મ સામાન્ય થઈ ગયું ત્યાં અહીંયાં ભાવની અંદર કોઈ સ્થિતિ રહેવાનો પ્રશ્ન રહેતો નથી. કેમકે એ તો એના વિપાક સાથે જોડાયેલી દશા હતી. અહીંયાં વિપાકથી તો એ દશા ઉત્પન્ન થવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- આમ બંને સ્વતંત્ર છે. આમ બંનેનો મેળ છે.

પૂજ્ય ભાઈશ્રી :- નિમિત્ત નૈમિત્તિક (સંબંધ છે). સ્વતંત્ર હોવા છતાં બંનેમાં પરસ્પર સાપેક્ષ ધર્મો પોતપોતાના છે. સાપેક્ષ ધર્મો એટલે ? એને અવલંબીને નહિ. ધર્મ પોતાનો છે, પણ જે ધર્મના કાર્યમાં સામા પદાર્થની અપેક્ષા ઉત્પન્ન થાય છે. જેમકે જ્ઞાન અને જ્ઞેય. તો જ્ઞેય અનુસાર જ્ઞાન થાય છે. અહીંયાં કેસરી રંગ છે તો કેસરી રંગ જણાય છે.

તો આ કેસરી રંગે જ્ઞાનને ઉત્પન્ન કર્યું ? આ એનામાં છે. એનું કોઈ કાર્ય આ જ્ઞાનમાં નથી. અને આ જ્ઞાન જ્ઞાનમાં છે કે જેનું કોઈ કાર્ય આ જ્ઞેયમાં નથી. છતાં જેવો કેસરી રંગ છે એવો જ કેસરી રંગ જણાય છે જ્ઞાનમાં. તો એ જ્ઞાન-જ્ઞેયનું સાપેક્ષપણું છે. કર્તા-કર્મપણું જરાય નથી.

મુમુક્ષુ :- કેસરી છે માટે જ્ઞાન આમ થયું એમ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- એમ નહિ. એમ કર્મનો ઉદય જેવો હોય એવો અહીંયાં ચૈતન્યની અંદર પ્રતિભાસ પામે છે. જેવો ઉદય છે... હવે જો પોતે પોતાના સ્વભાવભાવમાં સ્થિત ન રહે તો એ જેવો ઉદય છે એમાં જોડાય, એવા આકારે જ જોડાય. બીજા ભાવે કેવ રીતે જોડાય ? ઉદય છે એવા ભાવે જોડાય. કેમકે એણે પહેલા પણ એક કર્મ બાંધ્યું છે એ એવા ભાવે બાંધ્યું છે. માટે ઉદયમાં એવા ભાવે જોડાય. જો સ્વરૂપસ્થ ન રહે તો. એટલી અપેક્ષા છે.

હવે જો આ જે જ્ઞેય છે એ જ્ઞેયની અંદર પોતે માત્ર જ્ઞાન છે એમ જો જ્ઞાનમાં સ્થિત ન રહે તો આ જ્ઞેય ઠીક છે કે અઠીક છે એમ કર્યા વગર પણ ન રહે. આ રંગ સારો છે અથવા આ રંગ સારો નથી. શા માટે અહીંયાં કેસરી કપડું બાંધવું અને સફેદ નહિ ? શા માટે આવો જ રંગ જોઈએ અને આવો રંગ નહિ ? ઠીક ! ભાઈ !

મુમુક્ષુ :- એ વખતે ઉદયમાં જોડાય છે સામે જ્ઞેય એવા પ્રકારનું જ જોડાય છે. આત્મામાં ક્રોધ વિકારી ભાવ પોતે કરે છે. હવે આત્માએ ક્રોધ કર્યો ત્યારે ક્રોધનું સામે નિમિત્ત એવા પ્રકારનું સાધે છે.

પૂજ્ય ભાઈશ્રી :- અંદરમાં ક્રોધ પ્રકૃતિનો ઉદય હોય છે અને જીવ ક્રોધ કરે છે. લોભ પ્રકૃતિનો ઉદય હોય ને ક્રોધ કરતો નથી. અથવા ક્રોધ પ્રકૃતિનો ઉદય હોય ને લોભ કરતો નથી. ભાવમાં. અહીંયાં દ્રવ્યકર્મમાં ક્રોધ પ્રકૃતિનો ઉદય હોય અને જીવ ભાવમાં ક્રોધ કરે છે. ક્યારે ? કે સ્વરૂપસ્થ ન રહે ત્યારે. આટલી અપેક્ષા છે એની. આટલી બાંધછોડ છે આ વિષયની. એટલે સ્વરૂપસ્થ રહેવા માટે પણ સ્વતંત્ર છે અને ક્રોધ પ્રકૃતિના ઉદયમાં જોડાયને ક્રોધ કરવા માટે પણ પોતે સ્વતંત્ર છે. પોતે કાર્ય કરવા માટે સ્વતંત્રપણે કાર્ય કરે છે. જો એને ક્રોધ પ્રકૃતિને આધીન થઈને કાર્ય કરવું પડતું હોય તો કોઈ જીવ કર્મના ઉદયમાંથી છૂટીને શુદ્ધ ભાવે પરિણમી શકે નહિ. કોઈ જીવનો મોક્ષ ન થાય. આ તો મોટી

તકરાર છે. જે લોકો કરણાનુયોગ વાંચે છે એ દ્રવ્યની સ્વતંત્રાને જ્યારે ભૂલે છે ત્યારે એને એમ થાય છે કે કર્મનો ઉદય જ જીવને વિકાર કરાવે છે. જેવો જેવો કર્મનો ઉદય, એવો એવો સામે જીવનો વિકાર જોવામાં આવે છે. પણ ક્યારે ? કે જ્યારે એ સ્વરૂપસ્થ ન રહે ત્યારે. સ્વરૂપમાં સ્થિર થાય તો કર્મ ખરી જાય છે. એ કર્મ એને કોઈ પરતંત્ર કરી દ્યે છે એ પરિસ્થિતિ ખરેખર નથી. એમ અનંતા જીવો મોક્ષે ગયા એના ઉપરથી એ સાબિત થઈ ચૂકેલી ચીજ છે.

કોઈ સંસારી જીવને કર્મનો ઉદય ન હોય એવો એક સમય પણ નથી. એવો એક સમય નથી કે એને આઠેય કર્મનો ઉદય ન હોય. જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીય, અંતરાય, નામ, આયુષ્ય, ગોત્ર, વેદનીય. આઠે આઠનો ઉદય હોય છે. એક વિગ્રહગતિમાં આયુષ્યનો ઉદય નથી. એક સમય કે બે સમય કે ત્રણ સમય પૂરતો. બાકી આઠેય કર્મનો ઉદય છે. તો કોઈ જીવ મુક્ત થઈ શકે નહિ.

મુમુક્ષુ :- ક્રોધનો ઉદય હોય ત્યારે લોભનો ઉદય ન હોય તો એ ભાવે કે દ્રવ્યે ?

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્યે ક્રોધ પ્રકૃતિનો ઉદય હોય તો જીવ ક્રોધભાવ કરે છે, ત્યાં લોભભાવ નથી કરતો.

મુમુક્ષુ :- પણ એ તો ભાવે તો હોય જ છે. દ્રવ્યે નથી હોતો એમ જ ને ?

પૂજ્ય ભાઈશ્રી :- વાત શું છે એ સમજવા જેવી છે. અંદરમાં જે પ્રકૃતિનો ઉદય હોય એવો જીવ ભાવ કરે. પ્રકૃતિ ક્રોધની હોય અને બીજી પ્રકૃતિનો ભાવ જીવ નથી કરતો. એ શું સૂચવે છે ? કે જીવ કર્મવિપાક સાથે જોડાયને પરિણામ કરે છે. હવે એ જોડાય છે પોતે સ્વતંત્રપણે અને ન જોડાય તોપણ પોતે સ્વતંત્રપણે ન જોડાય. એટલી વાત છે. એટલો વિષય ચાલ્યો. જોડાવું-ન જોડાવું એ પોતાની સ્વતંત્રતા અબાધિત છે. એને જોડાવું જ પડે એવો કોઈ નિયમ નથી. એનો જે પુરુષાર્થ ગુણ છે, એ પુરુષાર્થ દ્વારા એ સ્વરૂપની રચના કરે છે પોતાની પર્યાયની તો એમાં એણે કર્મનો ઉદય કોઈ ખેંચી જાય એ પરિસ્થિતિ ખરેખર નથી.

મુમુક્ષુ :- મારો પ્રશ્ન એમ છે કે આપે એમ કીધું કે ક્રોધનો ઉદય

હોય તે વખતે લોભનો ઉદય ભાવે ન હોય તો મારે એમ કહેવું છે કે ભાવે ન હોય કે દ્રવ્યે ન હોય ?

પૂજ્ય ભાઈશ્રી :- ભાવે ન હોય. ક્રોધનો ઉદય જે પહેલો લીધો એ તો દ્રવ્યે લીધો ને ? પછી પ્રશ્ન ક્યાં રહ્યો ? દ્રવ્યનો પ્રશ્ન તો રહ્યો નહિ. દ્રવ્યે જે ક્રોધ પ્રકૃતિનો ઉદય છે પછી એમાં દ્રવ્યે લોભ પ્રકૃતિના ઉદયનો તો પ્રશ્ન જ રહેતો નથી. હવે તો ભાવનો જ પ્રશ્ન રહ્યો. તો ભાવે તો અહીંયાં ક્રોધ પ્રકૃતિનો ઉદય હતો. અહીંયાં ક્રોધભાવે ક્રોધ થાય. ભાવે લોભ ન થાય.

મુમુક્ષુ :- એક દોષ હોય તો બીજા દોષ હોય, ભાવે દોષ હોય જ એમ નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :- ના. એ વખતે ઉદયમાન ન હોય, ઉદયમાન ન હોય.

જેમકે માણસ કોઈ દાન આપે છે ત્યારે એ લોભને છોડીને દાન આપે છે ને ? દાન આપે છે ત્યારે એને લોભનો ઉદય નથી. અને માનો કે દાન આપવામાં એને એમ લાગે છે કે દાન આપવું એ મારા માટે સારું છે. હું દાન આપનાર છું, એવું એને માન થયું. તો ત્યાં માન પ્રકૃતિનો ઉદય છે. પણ ત્યાં લોભ પ્રકૃતિનો ઉદય નથી. પણ જ્યારે એ પૈસા કમાવવા કે મેળવવા માટેનો એને ભાવ આવે છે ત્યારે એને લોભ પ્રકૃતિનો ઉદય છે. બે ભાવ એકસાથે ક્યાં છે ? જ્યારે એ પૈસા આપે છે ત્યારે એને લોભનો ઉદય નથી. પણ કમાવા જાય છે ત્યારે લોભનો ઉદય છે. અથવા મને પૈસા હો, પ્રાપ્તિ હો. દાન દેવા માટે પણ મને પૈસા મળવા જોઈએ. મારી પાસે હોવા જોઈએ. તો એ ત્યાં એને જે પરપદાર્થનો આકાંશા ભાવ તે લોભ થયો. પણ જ્યારે દ્યે છે ત્યારે આકાંક્ષા ક્યાં છે ? એકસાથે વિરુદ્ધ પ્રકૃતિઓ છે ને. એક પ્રકૃતિ એવી છે એકસાથે વિરુદ્ધ છે. તો એક પ્રકૃતિના ઉદયમાં બીજા પ્રકૃતિનો ઉદય કેવી રીતે હોય ? કે ન હોઈ શકે.

તમારો પ્રશ્ન એમ છે કે એ જીવમાં દોષ તો બધા છે. ક્રોધનો પણ દોષ છે, લોભનો પણ દોષ છે. બધી જાતના જીવના દોષ છે. તો એ વખતે એ લોભી નથી ? લોભભાવનો ઉદય નથી ત્યાં. લોભી ભલે હોય પણ એ વખતે એને લોભભાવનો ઉદય નથી. એટલું લેવું. યોગ્યતા હોય શકે.

અહીંયાં તો બીજો મુદ્દો ચાલે છે કે આ બાજુ પુદ્ગલકર્મ વિપાક પામેલું છે એ ખરી જાય છે તો સામે વિભાવ પણ શાંત થઈ જાય છે. કેમકે એ વિભાવમાં જોડાયેલો હતો. ઉદયમાં જોડાયને વિભાવ કર્યો હતો. તે ઉદય જ શાંત થઈ ગયો તો અહીંયાં વિભાવ પણ આપોઆપ શાંત થઈ જાય છે. એટલો જ પોઈન્ટ છે. એટલે એમ કહે છે કે જ્યારે પુદ્ગલ જ ખરી જાય ત્યારે મનોવિકાર ક્યાંથી રહે ? પછી રહેવાનો પ્રશ્ન રહેતો નથી. એટલો જ પોઈન્ટ છે. મર્યાદિત વાત છે.

**'તેથી મનોવિકાર વિલય થવો સાધ્ય છે, કર્મ ખરવા સાધક છે.'** આ બે દ્રવ્ય વચ્ચે સાધક-સાધ્યભાવનો ઉપચાર લીધો. એનો અર્થ પરાધીનતા અહીંયાં બતાવવી નથી. પણ સામાન્યપણે સંસારી જીવને આમ બને છે. એટલી મર્યાદિત વાત છે. સાધ્ય-સાધક છે એટલે અહીંયાં કર્મનો ઉદય થાય અને વિકાર સાધ્ય થાય જ એવો કોઈ નિયમ નથી. અપેક્ષિત વાત છે. એટલે શાસ્ત્રની અંદર બધી વાતો આવે છે. ક્યાં કેટલી મર્યાદામાં વાત છે એનો મર્મ તો પોતાને સમજવાનો છે. જ્યાં જે વસ્તુની જેટલી મર્યાદા હોય એટલી એને પોતાને જ્ઞાનમાં ભાસવી જોઈએ. આવા બોલમાંથી તો એમ લ્યે કે જુઓ ! કર્મનો ઉદય સાધક છે. કર્મ ખરે, પહેલા કર્મ ખરી જવા જોઈએ. એ તો એમ લ્યે છે કે પહેલા કર્મ ખેરવવા શું કરી નાખવું ? કે પહેલા તપશ્ચર્યા કરી નાખવી. એટલે કર્મ પહેલા ખરી જાય. પછી વાંધો આવે નહિ. માટે પહેલા તપશ્ચર્યાથી કર્મ ખેરવવા અને સાધકદશાને પ્રાપ્ત થઈને મોક્ષને પ્રાપ્ત કરવો. જુદી જુદી પદ્ધતિ ચાલે છે ને ? એમ ખરેખર નથી. જો તપશ્ચર્યા કરવા જાય તો કર્મનો ઉદય એને તપશ્ચર્યા નહિ કરવા દ્યે એનું શું ? તપશ્ચર્યા કરવી હોય તો એને પુરુષાર્થથી તપશ્ચર્યા કરવી પડે છે. કર્મનો ઉદય એને નડશે એનું શું ? કર્મના ઉદયને જ જો કેવળ સાધક માનવામાં આવે તો કોઈ કાર્ય ન કરી શકે.

મુમુક્ષુ :- ક્યો વ્યવહાર બોલ છે અને ક્યો નિશ્ચય બોલ છે એ બરાબર સમજવું.

પૂજ્ય ભાઈશ્રી :- સમજવું જોઈએ. અથવા એણે તપશ્ચર્યા કરી તો ત્યાં એણે એ કર્મને અનુસરીને કરી છે. આત્માને અનુસરીને કરી નથી. કેમકે એને તો બધા પરિણામ કર્મ જ કરાવે છે. અને કર્મના ઉદય

વિનાનો તો કોઈ જીવ નથી. જ્યારે તપશ્ચર્યા કરે છે ત્યારે કર્મના ઉદય પ્રમાણે કર્મ પરિણમે છે, નથી કરતો ત્યારે પણ કર્મના ઉદય પ્રમાણે પરિણમે છે. એનો આધાર સર્વત્ર રહેશે. એવું બનતું નથી.

બીજી પણ સ્વતંત્રતા છે કે જેટલા ડિગ્રીવાળું કર્મ વિપાક હોય એટલો જ અહીંયાં વિભાવ થાય એવો પણ નિયમ નથી. કોઈ જીવને ક્રોધ પ્રકૃતિનો ઉદય થયો. તો કોઈ ઓછો પણ ક્રોધ કરે અને કોઈ વધુ પણ કરે છે. એટલે કોઈ, જે કર્મ ઉદયમાં આવ્યું એના કરતા તીવ્ર કર્મને પણ બાંધે અને એના કરતા મંદ કર્મને પણ બાંધે. જો એટલી એની સ્વતંત્રતા છે તો એ સાબિત થાય છે કે એ કર્મને ન અનુસરે એ પણ સંભવિત છે. એ સાબિત થાય છે. કેમકે ક્યારેય પણ સર્વત્ર એવું નથી બનતું કે જેટલો કર્મનો ઉદય હોય એના જ પ્રમાણમાં એ વિકાર કરે, એના જ પ્રમાણમાં એવડું જ પાછું કર્મ બાંધે. એમ નહિ. એનાથી જઘન્ય પણ બાંધે, એનાથી ઉત્કૃષ્ટ પણ બાંધે અને એવડું પણ બાંધે. ત્રણે ભેદ સંભવિત છે. તો એના ભાવ કરવાની સ્વતંત્રતા આપોઆપ એમાં સિદ્ધ થાય છે. તો એ નહિ અનુસરવાની સ્વતંત્રતા પણ એમાંથી જ સિદ્ધ થાય. એમ આવી ગયું એની અંદર.

મુમુક્ષુ :- ઉદય આવે પણ ભાવ ઓછા-વત્તા કરવાની સ્વતંત્રતા..

પૂજ્ય ભાઈશ્રી :- હા. ડિગ્રી ટુ ડિગ્રી કોઈ વિકારભાવ જીવને થાય જ, કર્મના ઉદયની જેટલી ડિગ્રી હોય એટલી જ ડિગ્રીમાં અહીંયાં વિભાવ થાય એવો કોઈ નિયમ નથી. કોઈ જીવને ઓછો પણ થાય છે અને કોઈ જીવને વધુ પણ થાય છે. હવે એ પ્રશ્ન થાય કે શા માટે એ ઓછો થયો અને શા માટે વધારે થયો ? એનું કોઈ કારણ નથી. એનું કારણ એ પોતે છે. વ્યવહારે એમ કહો કે કર્મના ઉદયમાં જોડાણો માટે એણે ક્રોધ કર્યો. પણ એ એક સ્થૂળ વાત છે. સૂક્ષ્મપણે જોઈએ તો જેટલી ડિગ્રીનો ક્રોધનો ઉદય હતો એટલી જ ડિગ્રીમાં એણે ક્રોધ કર્યો છે એવો નિયમ નથી. કોઈ વખત અકારણપણે ઓછો પણ કરે છે, અકારણપણે કોઈ વખત વિશેષપણ કરે છે. તો એ સ્વતંત્ર રીતે કરે છે એમ એમાં સિદ્ધ થાય છે.

**'જો પરમાણુમાત્ર પણ પરિગ્રહ હોય તો મમતાભાવ હોય ને હોય જ તેથી પરમણુમાત્ર પરિગ્રહ સાધક છે, મમતાભાવ સાધ્ય છે.'**

શું કહે છે ? કે પરમાણુમાત્ર એટલે છેલ્લી હદનો. ઓછામાં ઓછો પણ પરિગ્રહ હોય તેટલો તેને મમત્વભાવ હોય જ. એવો સિદ્ધાંત લોકો પ્રચલતિપણે બતાવે છે કે અપરિગ્રહ ભાવે પરિગ્રહ હોય તો શું વાંધો ? અનાસક્ત ભાવે કાર્ય કરે તો શું વાંધો ? આહાર ખાય પણ એમાં એને આસક્તિ ન હોય તો આહાર લેવામાં શું વાંધો ? એવી રીતે બધી અનેક ક્રિયાઓ લઈ લ્યે છે. એમાં બહુ વ્યવસ્થિત વિચાર છે.

જૈનદર્શનમાં આ વિષયનું વિજ્ઞાન બહુ વ્યવસ્થિત છે કે દર્શનમોહ લેવો છે કે ચારિત્રમોહ લેવો છે ? દર્શનમોહનો અભાવ થાય અને ચારિત્રમોહ રહે અને એ ચારિત્રમોહ હોય અને એને તમે સર્વથા અનાસક્તપણું કહો એમ બને નહિ. પણ ચારિત્રનો દોષ હોય તો દર્શનમોહથી એને અનાસક્તપણું કહેવામાં આવે છે. એમ બે વાત જુદી જુદી છે.

મોહના બે ભેદ જૈનદર્શન સિવાય નથી. મોહની વાત અન્ય દર્શનોમાં પણ આવે છે. રાગ, દ્વેષ, મોહ અનેક પ્રકારના વિકારનું જે વર્ણન આવે છે એમાં મોહની વાત આવે છે. પણ મોહ બે પ્રકારે છે, બે ભેદે છે. એક દર્શનમોહ અને ચારિત્રમોહ. તો દર્શનમોહ અને ચારિત્રમોહના તફાવતને જેઓ સમજતા નથી તે અનાસક્ત ભાવે પણ આમ કરે અને તેમ કરે તો વાંધો નહિ, એવું બધું ચલાવે છે. એવું બનતું નથી. એ વાત અહીંયાં લેવી છે.

કોઈ જીવને પરમાણુમાત્ર પણ પરિગ્રહ હોય અને એને ચારિત્રમોહનો મમત્વભાવ ન હોય એવું કદિ બનતું નથી. એને ચારિત્રમોહનું મમત્વ હોય જ. દર્શનમોહ ગયો હોય પણ ચારિત્રમોહ ત્યાં નથી એ વાત બનતી નથી. એટલે જે કાંઈ એની પાસે પરિગ્રહ છે એમાં એને એ સંબંધીનો રાગ છે. રાગ છે એ મમત્વરૂપ છે. માટે વીતરાગને કોઈ પરિગ્રહ હોતો નથી. સાધક દશામાં મુનિને મોર, પીંછી, કંમડળ અને શાસ્ત્ર. ત્રણ ઉપકરણ લીધા. આ દિગંબર સંપ્રદાયની અપેક્ષાએ લઈએ તો. એટલું પણ ત્યાં ચારિત્રમોહનું મમત્વ છે. વીતરાગને ન હોય. ક્યાંય વીતરાગની મૂર્તિ પાસે મોર, પીંછી ને કમંડળ ન મૂકવામાં આવે. સ્થાપનામાં એ વાત નથી. બરાબર છે ? કે શાસ્ત્ર એને હોય નહિ. કોઈ શાસ્ત્ર રાખો પાસે. એ તો જ્ઞાનનું સાધન છે. પણ એને

જ્ઞાનના સાધનનો પ્રશ્ન નથી. એને કેવળજ્ઞાન પ્રગટ્યું છે. એને બાહ્ય સાધનની અપેક્ષા હોય શકે નહિ. જે વીતરાગમૂર્તિ છે એને જ્ઞાનના સાધનનો સવાલ નથી, બીજા સાધનનો તો પ્રશ્ન જ રહેતો નથી. તો જ્યાં પરમાણુમાત્ર પણ પરિગ્રહ છે ત્યાં ચારિત્રમોહનો મમત્વભાવ હોય, હોય ને હોય જ. એમ લેવું છે. '**હોય ને હોય જ...**' એ વાત લીધી છે. હોય એટલો શબ્દ નથી લીધો અહીંયાં. '**હોય ને હોય જ...**' એવો શબ્દ વાપર્યો છે. કેમકે એ રીતે લોકો લઈ લ્યે છે.

'શ્રીમદ્જી' માટે આ લોકો એવી દલીલ કરે છે. ગૃહસ્થ દશામાં હતા પણ એ તો વીતરાગભાવ થઈ ગયો હતો. અંદરમાં પરિપૂર્ણ વીતરાગભાવ થઈ ગયો હતો. એ વાત કોઈ રીતે સંભવતી નથી. એક પરમાણુમાત્રનો પરિગ્રહ હોય એટલે એનો મમત્વભાવ એને હોય, હોય ને હોય જ. પછી એ દલીલમાં દેહમાં લગાવે છે. પણ દેહનો તો પરિગ્રહ છે. શરીરનો તો પરિગ્રહ છે. પણ શરીરનો પરિગ્રહ છે એમાં પૂર્વ કર્મ નિમિત્ત છે. એ પૂર્વ કર્મ પૂરું થયા પહેલા, ઉદયમાન કર્મ તો પૂરું થયા પહેલા પરિસ્થિતિમાં ફેરફાર થતો નથી. એ પરિસ્થિતિ કર્મની ક્યારે ફરે છે ? કે ઉદય આવ્યા પહેલા. અપકર્ષણ, ઉત્કર્ષણ, સંક્રમણ બધું તો ઉદય આવ્યા પહેલા થાય. ઉદયાવલીમાં આવી ગયા અને જે કર્મ ઉદયમાન થઈ ગયા એ ઉદયમાં કોઈ ફેરફાર કરી શકતો નથી. તો આયુષ્ય કર્મનો ઉદય થઈ ગયો. જન્મ થયો. માતાના ગર્ભમાં આવ્યા ત્યારથી આયુષ્યકર્મનો ઉદય છે. ત્યારથી ખરેખર આયુષ્ય તો ગણાય છે. ગર્ભમાં આવે પર્યાપ્તિથી આયુષ્ય ગણાય છે. અપર્યાપ્તિથી. પર્યાપ્તિથી નહિ. પછી પર્યાપ્તિ. પછી જન્મ. આયુષ્ય તો ત્યારથી શરૂ થઈ ગયું. તે ઠેઠ દેહ છોડે ત્યાં સુધી. એમાં કોઈ ફેરફાર થતો નથી. તો એમાં વીતરાગભાવ થઈ શકે છે. તેરમે ગુણસ્થાને સદેહે કેવળી જે દશા છે એની અંદર પરિપૂર્ણ વીતરાગભાવ છે. એમાં પરમાણુમાત્રનો પરિગ્રહ છે એમ ત્યાં લઈ શકાય નહિ. પણ જે બીજા એ સિવાયના પરમાણુઓ છે એમાં કોઈપણ પરમાણુ સંબંધીની પ્રવૃત્તિ કરે. એટલે તો નિરિચ્છક વાણી લીધી છે. ભગવાનને દેશના આપવાનો વિકલ્પ હોઈ શકે નહિ. (વિકલ્પ હોય) તો મમત્વ થઈ જાય. એ તો ૐકાર નાદ આપોઆપ ઉત્પન્ન થાય છે. પોતે તો શુક્લધ્યાનમાં બિરાજમાન છે. નિરવશેષ

અંતર્મુખ ધ્યાનમાં છે. ધ્યાનસ્થ દશા છોડીને ઉપદેશ આપે છે એવું કેવળજ્ઞાનીને હોતું નથી. એક પણ પરમાણુની પ્રવૃત્તિ એને હોય છે એવું બનતું નથી.

એટલે મુનિદશામાં પણ જો પરમાણુમાત્ર પણ પરિગ્રહ હોય. મોર, પીંછી, કમંડળ, શાસ્ત્ર કાંઈપણ, આહાર વગેરે. આહાર પણ લ્યે છે ને ? ત્યાં એટલો એ મમત્વભાવ ચારિત્ર અપેક્ષાએ છે. ત્યાં સર્વથા વીતરાગપણું થયું નથી. રાગ છે ત્યાં મમત્વ છે, મમત્વ છે ત્યાં રાગ છે. ભલે સંજ્વલનનો છે. સંજ્વલન એટલે સારી રીતે બાળે છે એમ કહેવું છે. જ્વલન, જ્વલન એટલે પીડા ઉત્પન્ન કરવી, દાહ ઉત્પન્ન થવો. મંદમાં મંદ રાગ છે મુનિદશાનો.

મુમુક્ષુ :- સારી રીતે બાળે.

પૂજ્ય ભાઈશ્રી :- જુઓને ! કેવું નામ આપ્યું છે ! મિથ્યાદષ્ટિના રાગને સંજ્વલન નામ ન આપ્યું. ત્યાં તીવ્ર કષાય કરે તો એને સંજ્વલન નામ ન આપ્યું. મુનિદશામાં છેલ્લી ચોકડી રહી. અત્યંત મંદ કષાય છે. એ તો છેલ્લામાં છેલ્લો જે રાગનો કણ છે એ સંજ્વલન કષાયનો છે. જે આત્માના વીતરાગ, કેવળજ્ઞાનને, યથાખ્યાત ચારિત્રને ઉત્પન્ન થવા દેતો નથી. તો એને સંજ્વલન નામ આપ્યું છે. બહુ વિચિત્ર લાગે એવી પરિસ્થિતિ છે. નામની કેટલીક પદ્ધતિ એવી છે (કે) બહુ વિચિત્ર લાગે.

મુમુક્ષુ :- મુનિની અપેક્ષાએ સારી રીતે બાળે છે.

પૂજ્ય ભાઈશ્રી :- સારી રીતે બાળે છે. હવે એ કેવળજ્ઞાનની તળેટીમાં જે જીવ ઊભો છે અને કેવળજ્ઞાન લીધું કે લેશે, હાથવેંતમાં છે એને લેવા દેતો નથી ત્યાં એવી જબરજસ્ત વાત લાગે છે. એમ લેવું છે. વિશેષ લઈશું...

**તા. ૭–૧–૧૯૮૯, પાના નં. ૪૫. પ્રવચન નં. ૯૧**

**'જો પરમાણુમાત્ર પણ પરિગ્રહ હોય તો મમતાભાવ હોય ને હોય જ. તેથી પરમાણુમાત્ર પરિગ્રહ સાધક છે, મમતાભાવ સાધ્ય છે.'** ચારિત્રવિષયક આ વચન છે. ચારિત્રમોહના રાગ સહિત જ પરિગ્રહ હોય છે. કોઈપણ પરપદાર્થ પ્રત્યેનું મમત્વપણું રાગપણું, તે તે પુદ્‌ગલ પદાર્થની ક્રિયાને અથવા પુદ્‌ગલ પદાર્થના સંયોગને સાધે છે. તેથી ચારિત્રમોહનો રાગ પણ ન હોય અને પરિગ્રહ હોય એ વ્યવહાર સંભવતો નથી. અથવા પરિપૂર્ણ વીતરાગ ભાવે થોડો પરિગ્રહ હોય શકે છે એવું બનતું નથી.

જ્યાં સંપૂર્ણ ત્યાગ ત્યાં જ સંપૂર્ણ વીતરાગતા સંભવે છે. જ્યાં સંપૂર્ણ વીતરાગતા, ત્યાં સંપૂર્ણ ત્યાગ સંભવે છે. અને જ્યાં સંપૂર્ણ વીતરાગતા, ત્યાં સંપૂર્ણ જ્ઞાન હોઈ શકે છે. રાગનો કણ હોય અને કેવળજ્ઞાન હોય એવું કદિ બને નહિ. અહીંયાં તો પરદ્રવ્યના સંયોગનું લીધું છે કે પરમાણુમાત્ર પણ પરિગ્રહ હોય તો મમત્વભાવ, ચારિત્રમોહનો રાગ અવશ્ય હોય, હોય ને હોય જ. એટલે પૂર્ણ વીતરાગતા ન હોય. અને જ્યાં પૂર્ણ વીતરાગતા ન હોય, જ્યાં બહારમાં પરિગ્રહાદિ હોય, ત્યાં સર્વજ્ઞપણું હોય એમ પણ બની શકતું નથી. કેમકે રાગ છે એ જ્ઞાનને આવરણ કરનાર ભાવ છે. રાગથી જ્ઞાનાવરણી બંધાય છે. જ્ઞાનને આવરણ કરે એવા પણ પરિણામ હોય અને જ્ઞાન સંપૂર્ણ વિકસિત થયેલું પરિપૂર્ણ શુદ્ધ હોય એમ બનતું નથી. એટલે પરમાણુમાત્રના એટલે થોડા પણ પરિગ્રહથી તે જીવનો ત્યાં મમતાભાવ સિદ્ધ થાય છે. સધાય છે એટલે સિદ્ધ થઈ જાય છે. એ આપોઆપ જ સિદ્ધ થાય છે. કોઈ એમ કહે કે નથી તો એ વાત બરાબર નથી.

**'મિથ્યાત્વથી સંસારભ્રમણ થાય છે માટે મિથ્યાત્વ સાધક છે, સંસારભ્રમણ સાધ્ય છે.'** શુભાશુભભાવને લોકો ઓળખે છે. શુભાશુભભાવ સ્થૂળ પરિણામ હોવાથી ખ્યાલમાં આવે છે અને તેને

દોષરૂપે સ્વીકારવામાં આવે છે. પણ સંસાર પરિભ્રમણનું કારણ તો મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વ છે એનાથી સંસાર પરિભ્રમણ થાય છે. એટલે સંસાર પરિભ્રમણ કારણ છે, સાધક છે અથવા કારણ છે અને એના ફળરૂપે સંસાર પરિભ્રમણ ઉત્પન્ન થાય છે, જન્મ-મરણ થાય છે. એનું કારણ મિથ્યાત્વ સહિતનું પરિણમન છે. સામે સામે બોલ લીધા છે.

જે મિથ્યાત્વથી સંસારભ્રમણ થાય છે. તેમજ સામે '**સમ્યક્ત્વ થયે મોક્ષ થાય...**' સામે સામે લીધું છે. સમ્યક્ મિથ્યાત્વ સામેસામું છે. તો અહીંયાં સંસાર અને મોક્ષ પણ પ્રતિપક્ષમાં છે, સામે સામે છે. એ બંને બોલ પ્રતિપક્ષના લીધા છે. '**સમ્યક્ત્વ થયે મોક્ષ થાય તેથી સમ્યક્ત્વ સાધક છે, મોક્ષ થવો સાધ્ય છે.**' જે જીવને સમ્યક્ત્વ થાય તે જીવ સમયે સમયે મોક્ષમાર્ગમાં મોક્ષ પ્રત્યે અનન્ય ભાવે પોતાના પરિણામથી ગતિ કરી રહ્યો છે. તેથી તે મોક્ષને અવશ્ય સાધશે. મોક્ષ પ્રત્યે જે ગતિમાન છે તેથી તે મોક્ષ સુધી પહોંચશે. એ સમ્યક્ત્વ શ્રેણીના પરિણમનનો સહજ સ્વભાવ છે. એ પરિણમનનો સ્વભાવ છે, સહજ સ્વભાવ છે. એ પરિણમન છૂટતું જાય છે. બંધાતો નથી પણ એ છૂટતો જાય છે. બંધનથી મુક્ત થતો જાય છે.

મુમુક્ષુ :- શું થાય એમાં ?

પૂજ્ય ભાઈશ્રી :- જુદો પડે. છૂટો પડે એટલે ભિન્ન પડે, ભિન્ન પડે એટલે છૂટો પડે. છૂટો પડે એને મુક્ત કહેવામાં આવે છે. પોતાના સ્વાનુભવથી, પોતાના પરિણામમાં સ્વરૂપને પુરુષાર્થ દ્વારા યોજતો હોવાથી, બાહ્ય સંયોગ અને રાગથી જુદો પડતો, ભિન્ન પડતો, ભિન્ન પોતાને અનુભવતો પોતાના સ્વરૂપ પ્રત્યેના અનન્ય પરિણામથી મોક્ષમાર્ગમાં ગતિ કરે છે. તેને મોક્ષ સાધ્ય છે. સમ્યક્ત્વ સાધક છે અને મોક્ષ છે તે સાધ્ય છે. એ બોલ બીજા પ્રકારે પણ આગળ આવી ગયો છે. અહીંયાં તો પ્રતિપક્ષના બોલ લીધા છે.

મુમુક્ષુ :- પોતામાં જોડાવું. એટલું જ આવ્યું ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પોતામાં જોડાવું પણ શ્રદ્ધાએ કરીને, જ્ઞાને કરીને, આચરણે કરીને, પુરુષાર્થે કરીને. ચાર મુખ્ય વાત છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર અને પુરુષાર્થ. એ સર્વ મુખ્ય પરિણામ છે. પછી બીજા બધા એના પેટામાં આવી જ જાય છે. પણ આ સમજાય એવા,

બુદ્ધિગમ્ય થાય એવા પરિણામ છે, અનુભવગોચર એવા પરિણામ છે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી' કહે છે, 'સૌ સાધન બંધન થય' એ જીવ મિથ્યાત્વભાવ છે એ છોડતો નથી. ત્યાં સુખને સેવીને, એટલે જ આ ... છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ જ છે. 'સૌ સાધન બંધન થયા...' એનું કારણ એ છે. જેને વ્યવહાર સાધન કહેવાય છે –જપ, તપ, શાસ્ત્રજ્ઞાન, મૌનપણું, એકાંતવાસ, જંગલવાસ, 'યમ, નિયમ, સંયમ આપ કિયો, પુનિ ત્યાગ, વૈરાગ્ય...' પુનિ એટલે વળી. ત્યાગ, વૈરાગ્ય અથાગ એટલે ઘણો. થોડોઘણો નહિ પણ ઘણો. એ બધું કરવા છતાં એ સાધન બંધન શા માટે થયા ? સમ્યક્ત્વના અભાવમાં. કેમકે એ બધા બાહ્ય સાધનમાં શુભરાગની પ્રધાનતા છે અને શુભરાગની પ્રધાનતાથી પ્રધાનપણે શુભપ્રકૃતિના કર્મબંધન થાય છે. એ શુભપ્રકૃતિના કર્મબંધન થાય છે તો બંધનથી કાંઈ મોક્ષ થાય છે એમ તો નથી.

સમ્યક્ત્વના સદ્ભાવમાં મુખ્યપણે મોક્ષમાર્ગની પરિણતિ છે, મુક્તભાવની પરિણતિ મુખ્ય છે. શુભનો રસ વિશેષ પડે છે તો દેવાદિ ગતિમાં જાય છે. પણ એ રસને ઠંડો કરીને પણ શુદ્ધતાનો રસ, જ્ઞાનરસ, આત્મરસ વધી જાય છે તો એ ઉદયમાં પણ ન આવે અને પાછા એને ખતમ કરે છે. એની સ્થિતિ ટૂંકાય જાય છે. ચરમશરીરી જીવોને એવું છે. જે જીવો ચરમશરીરી છે, પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ પાળે છે તો ઉત્કૃષ્ટ શુભબંધ પડે. પણ આયુષ્યનો બંધ પડે એ પહેલા ચૈતન્યરસની ઉગ્રતા વડે એ શુભને પણ ખપાવે છે. અશુભ તો ત્યાં એને છે જ નહિ. પણ જેણે શુભમાં અટક્યા વિના શુભ બાંધ્યું, શુભમાં અટક્યા વિના શુભ બાંધ્યું તેને તેનો અનુભાગ સ્થિતિ અલ્પ પડે છે. એને અલ્પ અનુભાગ સ્થિતિ પડે છે. અનુભાગ સ્થિતિ તો જીવના રસ ઉપર (આધારિત) છે.

જ્યારે જ્યારે ઉત્કૃષ્ટ શુભ પરિણામ થયા ત્યારે પણ તેનાથી ભિન્નપણે પોતે અંદરમાં રહ્યો. એમાં પણ લપટાણો નહિ. ત્યારે એના અનુભાગ સ્થિતિ અલ્પ પડે છે. તેને તે પરમાણુઓ પાછા તે ભવમાં ઉદયમાન થઈ જાય છે અને પોતે મુક્ત થઈ જાય છે. એને એના ફળ ભોગવવા પડે એવું કાંઈ બનતું નથી.

મુમુક્ષુ :- રસ નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. રસ નથી.

મુમુક્ષુ :- ... સૌથી પ્રથમ આવા મિથ્યાત્વનો અભાવ કરવો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો માર્ગ જ એ છે. જિનમાર્ગને વિષે સમ્યક્ત્વની પ્રધાનતા બહુ છે. ચારિત્રનો એટલો ઉપદેશ નથી કે જેટલો સમ્યક્ત્વ કરવા માટે અને મિથ્યાત્વ ટાળવા માટેનો વિષય છે. જિનશાસ્ત્રોને વિષે મુખ્ય વાત એ છે. કેમકે ત્યારથી જીવના પરિણામની દિશા બદલાય છે અને એ પરિણામનો સહજ સ્વભાવ જ એવો પરિણમનશીલ છે. જીવ મુક્તભાવે પરિણમનશીલ થઈ જાય છે. એટલે આપોઆપ જ એની પરિણામની શુદ્ધિ વધતી જાય છે. બધા ગુણો એવું કામ કરતા થઈ જાય છે. જ્ઞાન એવો વિવેક કરે છે. જાગતી જ્યોત, કે એને પોતાને નુકસાન થાય એવું પરિણમન સહેજે એનાથી થાય નહિ. એટલો જ્ઞાનથી જાગૃત થઈ ગયો છે. રુચિથી એને ગુણની રુચિ એટલી બધી છે કે દોષથી એ હટે જ હટે એવો એનો પુરુષાર્થ થઈ જાય છે. એ આપોઆપ છે.

મુમુક્ષુ :- સમ્યક્ત્વ થયા પછી તો સહેલું જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- સહેલું છે. પુરુષાર્થ પણ છે અને સહેલું પણ છે. બેય વાત છે. જેમ પૈસાવાળાને કમાવુ સહેલું છે અને વગર પૈસાવાળાને કમાવું અઘરું છે. એ જાણે છે કે આની પાસે કમાવાની શક્તિ છે. મારી પાસે શક્તિ નથી. પહેલા દસ હજાર કમાવા બહુ મુશ્કેલ વાત છે. એમાં એને પૂરેપૂરી મહેનત-પરિશ્રમ પડે છે. એમ પહેલા અનાદિના અજ્ઞાનભર્યા સંસ્કારને ટાળવામાં અને મોક્ષમાર્ગમાં પ્રવેશ થવામાં એને એ જૂની બધી લાયકાત ખલાસ કરીને નવી લાયકાત ઊભી કરે, પાત્રતા ઊભી થાય ત્યારે એ કામ થાય છે, ત્યાં સુધી એ કામ થતું નથી. એના માટે ઘણી તૈયારી જોઈએ.

ભાવે તો એકવાર તો સંસારથી ઊઠી જાય કે કાંઈ ન જોઈએ. આ જગતમાંથી એક આત્મા જ જોઈએ, આ જગતમાંથી તો કાંઈ જોઈએ જ નહિ. પૂજ્ય બહેનશ્રી કહે છે, એ ખાસ પ્રકારની પાત્રતા છે. ખાસ પ્રકારે વિશિષ્ટ પાત્રતા છે. એને પછી પોતાના સ્વરૂપની ઉપલબ્ધિ ન થાય એવું ન બને. આવી સ્થિતિએ આવે અને એને ન પ્રાપ્ત થાય એવું

બને નહિ. અને એવી સ્થિતિએ ન આવે અને પ્રાપ્ત થાય એવું પણ બને નહિ. આ અનિવાર્ય પરિસ્થિતિ છે.

મિથ્યાત્વ છે એ જ જીવને સંસારમાં પરિભ્રમણનું કારણ છે. ભલે અનેક શુભપ્રકૃતિ બાંધી હોય તોપણ એ પાછો અશુભ પ્રકૃતિ બાંધી લેશે. મિથ્યાત્વના સદ્‌ભાવમાં એ દેવલોકાદિમાં જાય છે ત્યાં દેવને લાયક ભોગ, ઉપભોગના સંયોગમાં રહે છે અને ત્યાંથી પાછો અધોગતિમાં આવી જાય છે. આ રીતે, આ પ્રકારે પરિભ્રમણ અનંત વાર જીવે કર્યું છે. અનંત વાર ઉત્કૃષ્ટ શુભ કર્યા, અનંત વાર નવમી ગ્રૈવેયકે ગયો. બાહ્ય ચારિત્ર પાળીને અનંત વાર નવમી ગ્રૈવેયકે ગયો. એક, બે વાર, લાખ, કરોડ, અબજ વાર નહિ, અનંત વાર ગયો. એટલે અત્યારે કેટલું શુભાચરણ કરે છે એની ગણતરી મૂકે તો એ તો કાંઈ નથી, હજારમાં ભાગે નથી. ભૂતકાળમાં જે એણે કર્યું છે એના હજારમાં ભાગે પણ નથી. પણ શું કરવાનું રહી ગયું ? પારમાર્થિક એવું કયું કાર્ય બાકી રહે છે ? એ જ સંશોધનનો વિષય થઈ પડે છે.

'ગુરુદેવશ્રી'નું એના ઉપર વજન હતું. શું બાકી રહે છે ? એક ચકલું, દેડકું પામે અને એક અંગ પૂર્વધારી મુનિયોગ્ય ચારિત્ર પાળનાર પણ ન પામે. જ્ઞાનમાં અંગ પૂર્વધારી. લબ્ધિથી અગિયાર અંગ અને નવ પૂર્વનું જ્ઞાન ધરાવતો હોય, ચારિત્રમાં એટલું ચારિત્ર હોય કે ચામડી ઉતરડીને ખાર છાંટે તોપણ એના મુખની રેખા ફરે નહિ, ક્રોધ આવે નહિ. રહી ગયું શું ? આ શોધવાની વસ્તુ છે. અને આણે કર્યું શું ? પાણીમાં રહેલા માછલાએ કર્યું શું ? ખાબોચિયામાં રહેલા દેડકાએ એવું શું કર્યું કે સંસાર છોડ્યો. અને આનું પરિભ્રમણ ઊભું રહ્યું ? આ કારણ અહીં સમ્યક્ મિથ્યાત્વનું છે. શુભાશુભનો વિષય અનેક પ્રકારે અન્ય દર્શનોમાં પણ છે, પણ સમ્યક્ મિથ્યાત્વનો વિષય ક્યાંય નથી. એની કોઈ ચર્ચા ક્યાંય ધર્મગ્રંથોમાં જોવા મળતી નથી. મૂળ પાયાની જે વાત છે. આ વિશિષ્ટતા જૈનદર્શનની છે.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિની જાગૃતિ પસંદગી...

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યગ્દર્શન થયા પછી તો સહજ જ જાગૃતિ છે. વિકલ્પ હોય ક્યારેક. એનું કાંઈ મહત્ત્વ નથી. સહજ છે. 'વચનામૃત'ના ત્રીજા બોલમાં લીધું છે ને ? સમ્યગ્દૃષ્ટિને ભેદજ્ઞાન સહજ

હોય છે. વારંવાર સંભારી સંભારીને તેને ભેદજ્ઞાન કરવું પડે એવી દશા એની હોતી નથી. સહજ જ જાગૃત હોય છે.

અત્યારે દેહાત્મબુદ્ધિ છે તો દેહની અનુકૂળતા, પ્રતિકૂળતા વિષે જીવ સહજ જ જાગૃત છે. આંખ ઉપર કોઈ ઈજા થાય એવો એક્સિડન્ટ ઊભો થાય છે તો આંખ મીંચવા માટે પહેલો વિકલ્પ કરે અને પછી આંખ મીંચે એવું કરે છે ? એટલો વિકલ્પ કરવાનો સમય પણ નથી. અથવા બચવા માટે એવી સમયસૂચકતાથી જીવ પ્રયત્ન કરે છે કે વિચાર કરવાનો અવકાશ રાખતો નથી. સીધો અમલ જ કરે છે. એ દેહની જાગૃતિ સહજ છે. દેહ તે હું, એવા ભાનમાં દેહની જાગૃતિ સહજ છે. જ્ઞાનમય આત્મા તે હું, એવા ભાનમાં આત્માની જાગૃતિ સહજ છે. સહજ જ છે એ.

મુમુક્ષુ :- સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી તો...

પૂજ્ય ભાઈશ્રી :- એ પ્રાપ્ત કરવા માટે તો આ બધો વિસ્તાર ચાલે છે. મુખ્ય વિષય જ આપણો એ છે. એની કિંમત સમજાય કે આ એક જ મુદ્દો એવો છે કે સંસાર પરિભ્રમણનો, ચાર ગતિના દુઃખનો નાશ કરાવે છે, અનંત અનંત સમાધિ સુખની જેનાથી પ્રાપ્તિ હોય છે. અંદર આત્મામાં રહેલું જે અનંત અનંત સુખ છે તે સુખમાં લીન થવાનો પ્રકાર સમ્યક્ત્વ રહિત તો બનતો નથી. એની કિંમત આવે તો એને... એની કિંમત અંકાય તો એ સાચો પ્રયત્ન કરે, ખરો પ્રયત્ન કરે. નહિતર પરપદાર્થમાં, સંયોગમાં ને રાગમાં મમત્વ અને સુખબુદ્ધિ રાખીને જે કાંઈ કરે એમાં તો કાંઈ એનું વળે નહિ.

**'જેવી કાળલબ્ધિ આવે તેવી જ સ્વભાવસિદ્ધિ થાય માટે કાળલબ્ધિ સાધક છે, તેવો જ સ્વભાવ થવો સાધ્ય છે.'** કાળલબ્ધિનો એક બોલ લીધો છે. **'જેવી કાળલબ્ધિ....'** કાળલબ્ધિ એટલે પર્યાયની પ્રાપ્તિ. અનેક પ્રકારના જે કારણો છે, કાર્ય-કારણના નિયમો છે અને એ કાર્ય-કારણ નિયમ વગર પણ છે એ બંને વાત થોડી થોડી પોતે લ્યે છે. કાળલબ્ધિ છે એ એવી ચીજ છે કે સહજ જ જીવ સંસારથી પાછો વળે છે અને સહજ જ મુક્ત દશા તરફ આવે છે. તો એને સ્વભાવ સાધ્ય થાય છે.

જેમ કોઈ ઊંઘતો માણસ આપોઆપ નિંદ્રાથી જાગે અને કોઈ ઊંઘતો હોય એને કોઈ ઢંઢોળીને જગાડે કે ઊઠો ભાઈ, જાગો.

જાગવાનો વખત થયો છે. કેમ હજી સૂતા છો ? અને કોઈને સહજ જ નિંદ્રા પૂરી થાય. એમ બે પ્રકાર બને છે કે નહિ ? એમ કોઈ સહજ જ એવા અંતર વિચારમાં આવે કે આ બધું શું છે ? સંસારમાં આ બધું શું છે ? હું કોણ છું ? આ બધા સંબંધો શું છે ? આત્માનું ખરું સ્વરૂપ શું છે ? સુખ-દુઃખનું ખરું સ્વરૂપ શું છે ? ખરેખર સત્ય શું છે આ જગતની અંદર ? અસત્ય શું છે આ જગતની અંદર ? સત્ય-અસત્યને માપવાનું ધોરણ શું છે ? જેને સમ્યગ્દૃષ્ટિ અથવા સમ્યક્જ્ઞાન કહેવામાં આવે છે. એવું કાંઈ છે કે નહિ ? એવું આ આત્માએ શોધવું જોઈએ. એ વિના તો અંધારામાં જ બાચકા ભરવા જેવું છે. બીજું કાંઈ નથી.

એને અંદરથી કોઈ સ્ફુરણા થાય અને એ પોતાના સત્ય સ્વરૂપને શોધે ત્યારે એમ કહેવાય છે કે એને કોઈ કાળલબ્ધિ પાકી ગઈ, તો એને કોઈ એવા જ ભાવો થયા કે એ સંસારના પંચેન્દ્રિયના વિષયોમાં ફસાવાના બદલે એને આત્માની શોધમાં એની જિજ્ઞાસા અને એનો પુરુષાર્થ જોડાણો અને એણે સત્યને શોધ્યું. એવું કાંઈ થતાં '**જેવી કાળલબ્ધિ આવે તેવી જ સ્વભાવસિદ્ધિ થાય...**' તો એને સ્વભાવની સિદ્ધિ થાય. ત્યાં કાળલબ્ધિ સાધક છે અને સ્વભાવ સિદ્ધ થવો એ સાધ્ય થયું. સ્વભાવની પ્રાપ્તિ થઈ તે સાધ્ય થયું. સ્વભાવ કહો કે પોતાનું સત્યસ્વરૂપ કહો. એવો એક પ્રકાર છે. મૂળમાં મૂળ સ્વભાવને કારણ નથી. જેમકે આત્માને જ્ઞાનસ્વભાવ છે. શા માટે આત્માને જ્ઞાનસ્વભાવ છે ? શું કારણથી આત્માને જ્ઞાનસ્વભાવ છે ? એનું કોઈ કારણ નથી. સહજ જ છે. સ્વભાવને કારણથી સિદ્ધ કરવો એ ખરેખર સ્વભાવને સિદ્ધ કરવાની સાચી પદ્ધતિ નથી.

અથવા સ્વભાવ આમ કેમ છે ? એ સ્વભાવને વિષે તર્ક ઊપજાવવો એ પણ સ્વભાવને પામવાની પદ્ધતિ નથી. સ્વભાવને વિષે તર્ક કાર્યકારી નથી. અને સ્વભાવ માટે કોઈ તર્ક કરે તો એ સ્વભાવને પહોંચે, સ્વભાવનો પાર પામે એવું બનતું નથી. એટલે ત્યાં કાર્ય-કારણનો નિયમ છે એને વળગવાની જરૂર નથી. સ્વભાવ લીધો. કાળલબ્ધિની સાથે સ્વભાવની વાત લીધી છે. બેય અકારણ છે. કાળલબ્ધિ પણ અકારણ છે અને સ્વભાવ પણ અકારણ છે. કાળલબ્ધિને કારણ શું ? કાળલબ્ધિને કોઈ કારણ નથી. લબ્ધિ એટલે

પ્રાપ્તિ. જે કાળે પર્યાય ઉત્પન્ન થઈ, પ્રાપ્ત થઈ તે તેની કાળલબ્ધિ. બસ. કારણ ? કારણ કાંઈ નહિ. શા માટે એ જીવ અનંત કાળથી જાગ્યો નહોતો અને હવે જાગ્યો ? કોઈ કારણ નથી. છે તો અનંત કાળથી ને જીવ ? કોઈ જીવ નવો ઉત્પન્ન થયો છે એવું નથી. દરેક જીવનો ભૂતકાળ અનંત છે. અનંત કાળ પહેલા પામ્યા એનો પણ ભૂતકાળ પણ અનંત છે. અને ત્યારપછીના કોઈપણ કાળમાં જીવનો ભૂતકાળ તો અનંત જ છે.

જ્યારે જે જીવ જાગ્યો, તો જેને બહારમાં દેવ-ગુરુ-શાસ્ત્રનું નિમિત્ત મળ્યું. કોઈએ એમ કહ્યું કે, ભાઈ ! તું આ શું કરે છો ? તારા હિત-અહિતનો તો વિચાર કર. એમ કોઈ ગુરુએ જાગૃત કર્યો ત્યારે તો એને એમ કહેતા નથી કે કાળલબ્ધિથી કામ કર્યું. ત્યારે નિમિત્ત પ્રધાનતાથી એમ કહેવાય કે એને કોઈ ગુરુ મળી ગયા, એનો બેડો પાર થઈ ગયો. પણ કોઈ જીવને એવું પણ બને છે. પરિભ્રમણ કરતા કરતા થાકે છે. શું કરવા થાકે છે એનું કોઈ કારણ નથી. અનેક જીવો, અનંત જીવો પરિભ્રમણમાં અનંત દુઃખી થાય છે છતાં થાકતા નથી. એના એ પરિણામમાં ઉત્સાહ ધરાવે છે. જે પરિણામથી એ દુઃખ ભોગવે છે તે જ કાર્યોને ફરી ફરીને ઉત્સાહથી સેવે છે. એને થાક લાગતો નથી. કેમ થાક લાગતો નથી ? કે એ પણ અકારણ છે. ખરેખર તો થાક લાગે એવા કાર્યમાં તો થાક લાગવો જ જોઈએ. છતાં થાક નથી લાગતો તો તે અકારણ છે. સહેજે કોઈને થાક લાગે છે તો વિરામ પામે છે એ પરિણામ. એવી પણ સ્થિતિ છે.

જીવમાં એવો ધર્મ છે. ૪૭ નયમાં એ વિષય આવે છે. દૈવ નય અને પુરુષાર્થ નય. બે વિષય લીધા છે. 'પ્રવચનસાર' છે ને ? **'આત્મદ્રવ્ય પુરુષકારનયે જેની સિદ્ધિ યત્નસાધ્ય છે એવું છે, જેને પુરુષકારથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે (ઊગે છે) એવા પુરુષકારવાદીની માફક.'** અર્થાત્ **'પુરુષાર્થનયે આત્માની સિદ્ધિ પ્રયત્નથી થાય છે, જેમ કોઈ પુરુષાર્થવાદી મનુષ્યને પુરુષાર્થથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે તેમ.'** લીંબુનું બી વાવે, એમાંથી લીંબુનું ઝાડ થાય, એમાંથી લીંબુ મળે એને. એને પાણી પાય, એ બધો પ્રકાર કરે ત્યારે એને લીંબુ મળે.

**'આત્મદ્રવ્ય દૈવનયે જેની સિદ્ધિ અયત્નસાધ્ય છે....'** દૈવનયે અયત્નસાધ્ય છે આત્મદ્રવ્ય. બેય પ્રકારે આત્મદ્રવ્ય જ છે એમ કહેવું છે. **'(યત્ન વિના થાય છે) એવું છે, પુરુષકારવાદીએ દીધેલા લીંબુના ઝાડની અંદરથી જેને (યત્ન વિના, દૈવથી) માણે પ્રાપ્ત થાય છે એવા દૈવાવાદીની માફક.'** એવા લીંબુ થાય છે કે જે લીંબુની અંદર બીની જગ્યાએ માણેક-રત્ન હોય. એ ઝાડ એણે વાવ્યું ન હોય. કોઈએ પુરુષાર્થથી એ ઝાડ વાવ્યું હોય, એ લીબું તોડીને આને આપે અને આ અંદર ખોલતા એને અંદરથી માણેકની પ્રાપ્તિ થાય. ઠીક ! એને દૈવનય કહે છે. આપણે ચાલુ ભાષામાં નથી કહેતા ? ભાઈ ! એ તો નસીબવાળો માણસ છે. સહેજે સહેજે બધું એને મળ્યું. પૂર્વ પુણ્યથી મળ્યું. એને કાંઈ પ્રયત્ન કરવો પડ્યો નથી. પૂર્વના પૂણ્યયોગે બધા સંયોગો આવીને મળ્યા એટલે એને દૈવ કહે છે, નસીબ કહે છે. તો એ બંને પ્રકારના ધર્મ આત્મામાં છે.

ઘણા માણસોને તત્ત્વ નથી સમજાતું એનું કારણ છે કેટલુંક કે જે પરસ્પર વિરુદ્ધ ધર્મો છે એની ઘડ બેસવી મુશ્કેલ પડે છે. બંને પ્રકારના વિરુદ્ધ ધર્મો (રહ્યા છે). આમાં તો કેટલાય (એવા છે). એ ૪૭ નય છે. એમાં તો 'અમૃતચંદ્રાચાર્યે' કેટલાય નયનો વિષય વિરુદ્ધ ધર્મનો જ લીધો છે. એવી જ કોઈ પસંદગી કરી છે. નયજ્ઞાન તો એમને ઘણું હશે. પણ ૪૭ નયમાં સામે સામે એવા જોડકા જ લીધા છે. નિયતનય-અનિયતનય, સ્વભાવનય-અસ્વભાવનય.

...એટલા એટલા શાસ્ત્ર વાંચે તોપણ નથી પત્તો લાગતો એનું કારણ આ છે. આવી ઘણી વાતો છે તત્ત્વજ્ઞાનના વિષયમાં કે જે પરસ્પર વિરુદ્ધ ધર્મોથી વસ્તુના સ્વરૂપને પ્રસિદ્ધ કરનારી વાતો છે. તો એની કેવી રીતે ઘડ બેસાડે ?

મથાળું એવું છે. જ્યાં આખું 'પ્રવચનસાર' પૂરું કરે છે. ત્રણ ભાગ છે. ત્રણ પ્રકરણ છે એમાં ત્રીજું ચરણાનુયોગનું પ્રકરણ છે. પહેલો જ્ઞેય અધિકાર છે, પછી જ્ઞાન અધિકાર છે. જ્ઞેય અધિકાર શ્રદ્ધાનની મુખ્યતાથી છે, જ્ઞાન અધિકાર જ્ઞાનની મુખ્યતાથી છે અને ત્રીજો ચારિત્રનો ચરણાનુયોગસૂચક ચૂલિકા એવો ચારિત્રનો (અધિકાર છે). (એમ) દર્શન-જ્ઞાન-ચારિત્રના ત્રણ અધિકાર લીધા છે. આચાર્ય

મહારાજનો જે દષ્ટિકોણ છે એ અહીંયાં જ્ઞાનપ્રધાન દષ્ટિકોણ છે. 'સમયસાર'માં જે દષ્ટિકોણ શ્રદ્ધાપ્રધાન છે તો અહીંયાં આ શાસ્ત્રની રચના જ્ઞાનપ્રધાન દષ્ટિકોણથી છે. અને જ્ઞાનપ્રધાન દષ્ટિકોણ હોવાથી પરિશિષ્ટમાં એમણે નય લીધા છે. કેમકે શ્રુતજ્ઞાનના અવયવભૂત છે. ત્યાં દષ્ટિપ્રધાન ગ્રંથ હોવાથી પરિશિષ્ટમાં તેમણે ૪૭ શક્તિ લીધી છે. કેમકે શક્તિરૂપ જે મૂળ દ્રવ્ય છે એ શ્રદ્ધાનનો વિષય છે. ત્યાં પરિશિષ્ટ એવું લીધું. અહીંયાં પરિશિષ્ટ આવું લીધું. બેય પરિશિષ્ટ લખતાં પહેલા પોતે મથાળું બાંધે છે. એટલે વિષયનું સ્પષ્ટીકરણ છે.

'**આ આત્મા કોણ છે (કેવો છે) અને કઈ રીતે પ્રાપ્ત કરાય છે ? આવો પ્રશ્ન કરવામાં આવે તો તેનો ઉત્તર (પૂર્વે)...**' એટલે આ શાસ્ત્રમાં '**કહેવાઈ ગયો છે અને (અહીં) ફરીને પણ કહેવામાં આવે છે :**' પરિશિષ્ટનો અર્થ એ છે કે કહેલું ફરીને કહેવું અને તેમાં કાંઈક વિશેષ પોઈન્ટ આઉટ કરીને કહેવું. કહ્યું તો છે પણ ત્યાં વિષયના અનુસંધાનમાં વાત ચાલી છે. અહીંયાં તે વાતને ફરીને, પોઈન્ટ આઉટ કરીને વિશિષ્ટ રીતે કહેવી છે. એને પરિશિષ્ટ કહેવામાં આવે છે.

'ननुकोऽयमात्मा' આ આત્મા કેવો છે ? '**कथं यावाप्यत**' અને કેવી રીતે પ્રાપ્ત કરાય છે ? '**इति चेत्, अभिहितमेतत्**' તે પહેલા કહેવાઈ ગયું છે. '**पुनरप्यभिधीयते**' અને ફરીને અમે કહીએ છીએ. આટલું પોતે આ વિષયનું મથાળું બાંધ્યું છે. એમાં '**પ્રથમ તો, આત્મા ખરેખર ચૈતન્યસામાન્ડ વડે વ્યાપ્ત અનંત ધર્મોનું અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય છે, કારણ કે અનંતધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે (તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે (જણાય છે).**' આ પેરેગ્રાફમાં જે વાત કરી છે એ બહુ મહત્ત્વનો વિષય લીધો. એટલે જેમ કોઈ કોન્ટ્રેક કરવામાં આવે, એગ્રીમેન્ટ કરવામાં આવે તો એ એગ્રીમેન્ટની અંદર પહેલા મથાળું બાંધવું પડે છે કે મુખ્ય વાત તો આ છે કે જેને આધીન નીચેની શરતો છે આ એગ્રીમેન્ટની. એ મુખ્ય વાતને આધીન રહીને આ બધી શરતો કહેવામાં, લખવામાં આવે છે. એવો આ એક પેરેગ્રાફ છે.

આત્મા જે ચૈતન્ય સામાન્ય વડે વ્યાપ્ત છે. ચૈતન્યસામાન્ય તે

આત્મા છે. આખો આત્મા એ ચૈતન્યસામાન્યથી વ્યાપ્ત છે. વિશેષપણે જોઈએ તો, સામાન્ય ચૈતન્ય છે અને વિશેષપણે જોઈએ તો તેમાં અનંત ધર્મો છે અને એ બધાનો અધિષ્ઠાતા એટલે એ બધાના આધારભૂત આત્મદ્રવ્ય છે. એ રીતે જેમ વસ્તુ છે તે વસ્તુને જાણનારું જે શ્રુતજ્ઞાન છે, એ શ્રુતજ્ઞાન સર્વ નયોમાં વ્યાપે છે. અનંત ધર્મોમાં વ્યાપનારું શ્રુતજ્ઞાન છે. અને તે અનંત નયો તેમાં સળંગપણે જે શ્રુતજ્ઞાન સામાન્યપણે રહ્યું છે તે શ્રુતજ્ઞાન પ્રમાણ છે. તે પ્રમાણ સ્વાનુભવપૂર્વક છે. તે શ્રુતજ્ઞાન પ્રમાણ છે અને તે પ્રમાણ સ્વાનુભવપૂર્વક છે. અને સ્વાનુભવ વડે તે આત્મદ્રવ્ય પ્રમેય થાય છે એટલે જણાય છે. એટલે સ્વાનુભવ સહિતના પ્રમાણજ્ઞાનમાં આવું પ્રમેય થનારું જે આત્મદ્રવ્ય છે એમાં નીચેના ધર્મો કહેવામાં આવે છે તે પરસ્પર વિરુદ્ધ હોવા છતાં એનું અવિરુદ્ધપણું આ પ્રમાણજ્ઞાનમાં જણાય છે. નહિતર જણાતું નથી.

અત્યારે શું કરે છે ? જેને જ્ઞાનનો ક્ષયોપશમ હોય, પંડિતપણું અથવા વિદ્વાનપણું હોય તો એનું અનુભવપ્રમાણ જ્ઞાન ન થયું હોય અને એ ઘણીવાર નયને ઘડ બેસાડવા જાય અને એને સાંગોપાંગ એ વિષય બેસતો નથી. તો વિરુદ્ધ ધર્મોની અવિરુદ્ધતા, વિરુદ્ધ ધર્મોની અવિરુદ્ધતા શ્રુતજ્ઞાનમાં આવે અને સમાધાન થાય. અસમાધાન ન રહે અને અશાંતપણું ન રહે, વિકલ્પમાં, તર્ક વિતર્કમાં ઉપયોગ ડહોળાય નહિ અને ઉપયોગ શાંત થઈને, ચંચળતા છોડીને સ્વરૂપધ્યાનમાં લાગે અને સમાધિ થાય તે પ્રકાર (ઉત્પન્ન થાય). એના જ્ઞાનનો પણ એવો પ્રકાર ઉત્પન્ન થાય તો ધ્યાન લાગે ને ? જ્ઞાન વિના ધ્યાન નથી. કોઈ સીધું ધ્યાન કરવા જાય તો જ્ઞાન વિના તો ધ્યાન છે નહિ. અને જ્ઞાનનો વિષય થોડો કઠિન પડે છે. એનો રસ્તો અહીંયાં આચાર્ય મહારાજે કાઢ્યો છે. સહેલો રસ્તો આ કાઢ્યો.

તું સમ્યગ્દર્શનપૂર્વક સમ્યક્ શ્રુતજ્ઞાન પ્રમાણની સ્થિતિમાં આવ તો તને બધા વિરુદ્ધ ને અવિરુદ્ધ ધર્મોની ઘડ તારા જ્ઞાનમાં અંદરમાં અનુભવથી બેસી જશે. અંતર મેળવણી કરવાની પદ્ધતિ જે પ્રમાણ શ્રુતજ્ઞાનની છે એ મિથ્યાજ્ઞાનમાં ગમે તેટલા ઉઘાડમાં એ પ્રકારે કાર્ય કરવાની પદ્ધતિ નથી. તેથી ભલે ગમે તેટલું શાસ્ત્રનું જાણપણું હોય તોપણ તે વિભાવની બળવત્તરતામાં જાણેલું, મિથ્યાત્વની ઉપસ્થિતિમાં,

મિથ્યાત્વની બળવત્તરતામાં જાણેલું એ જાણપણું છે. તેનાથી યથાર્થ પરિસ્થિતિ ઉત્પન્ન થતી નથી. તેનાથી સમાધાન આવતું નથી. સમાધાનની જે દશા આવવી જોઈએ એ દશા ઉત્પન્ન થતી નથી.

એટલે શાસ્ત્રમાં પણ ઘણું જાણવા માટેનો પ્રયત્ન કરવાને બદલે અનુભવ બાજુના પ્રયત્નમાં મુખ્ય થવું, અગ્રેસર થવું. જાણવાનું ગૌણ કરવું જોઈએ અને સ્વાનુભવની દિશા પકડવાનો પ્રયાસ રહેવો જોઈએ. પછી બધું સહેલું છે. નહિતર વિષય બહુ કઠિન પડે એવો છે. કેવી રીતે ઘડ બેસાડે ? આત્મા સંસ્કાર ઝીલે એવો છે અને આત્મા સંસ્કાર ઝીલે એવો નથી. એવો નય છે.

મુમુક્ષુ :- સંસ્કારનય અને અસંસ્કારનય...

પૂજ્ય ભાઈશ્રી :- એકસાથે બે નય છે. સંસ્કાર પણ આત્મામાં હોય, અસંસ્કાર પણ હોય. ન પણ ઝીલે. હા, બે પ્રકાર છે, બેય ધર્મ છે. કરવું શું ? શૂન્ય પણ છે અને અશૂન્ય પણ છે. શૂન્યનય પણ છે અને અશૂન્યનય પણ છે. નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. શૂન્યનય છે ને આમાં ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો જરા સમજવાની પદ્ધતિ જુદી છે. અનિત્યનયે આત્મા અનિત્ય છે અને નિત્યનયે આત્મા નિત્ય છે, એમ કહેવું છે.

મુમુક્ષુ :- આત્મા નિત્ય, આત્મા અનિત્ય.

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્યની વાત ચાલે છે. પર્યાય કોઈ એવી ચીજ નથી કે જે દ્રવ્યથી સર્વથા ભિન્ન રહે છે. એ તો દ્રવ્યની એક વિશિષ્ટતા છે. તો અનિત્યનયે આત્મા અનિત્ય છે અને નિત્યનયે આત્મા નિત્ય છે. એમ નિત્યાનિત્યપણું આત્માનું વિરુદ્ધ ધર્માત્મક હોવા છતાં પણ અવિરુદ્ધપણે એના જ્ઞાનમાં બેસવું જોઈએ. એમ વાત છે. દરેક વાતમાં એમ લેશે. નિત્ય-અનિત્ય અહીં લીધા છે. એવી જ ભાષા વાપરી હશે.

**'આત્મદ્રવ્ય નિત્યનયે, નટની માફક, અવસ્થાયી છે (અર્થાત્ આત્મા નિત્યનયે નિત્ય-ટકનારો છે, જેમ રામ-રાવણરૂપ અનેક અનિત્ય સ્વાંગ ધરતો હોવા છતાં પણ નટ તેનો તે જ નિત્ય છે તેમ). આત્મદ્રવ્ય અનિત્યનયે, રામ-રાવણની માફક, અનવસ્થાયી છે**

**(અર્થાત્ આત્મા અનિત્યનયે અનિત્ય છે, જેમ નટે ધારણ કરેલા રામ-રાવણરૂપ સ્વાંગ અનિત્ય છે તેમ).'** આત્મા અનિત્ય છે. અનિત્યનયે આત્મા અનિત્ય છે અને નિત્યનયે આત્મા નિત્ય છે. એવું છે. જ્ઞાનશક્તિથી જુઓ તો આત્મા જ્ઞાનસ્વરૂપી છે, આનંદથી જુઓ તો આત્મા આનંદસ્વરૂપી છે. એ એનું સ્વરૂપ છે. કોઈ એક ગુણ જુદો વસે છે એવું છે ? એમ આ ધર્મમાં પણ એવું જ છે. એ ધર્મવિશિષ્ટ દ્રવ્ય છે. તે તે ધર્મવિશિષ્ટ દ્રવ્ય છે એમ કહેવું છે. દ્રવ્ય વિશેષ્ય છે અને ધર્મ તેની વિશેષતા છે. એમ પદાર્થનું જ્ઞાન કરવું. એમ એને એક ટૂકડો પાડીને ધર્મમાં લઈ જવો છે એમ નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અપરિણામી પણ છે, પરિણામી પણ છે. બંને છે. આત્મા જ એવો છે. આ તો તકલીફ પડે એવો વિષય છે જ ને. એ સંસ્કારમાં એવું જ છે.

**'આત્મદ્રવ્ય સ્વભાવનયે સંસ્કારને નિરર્થક કરનારું છે...'** આત્મ દ્રવ્ય સ્વભાવનયે જુઓ તો સંસ્કારને નિરર્થક કરનારું છે. '**(અર્થાત્ આત્માને સ્વભાવનયે સંસ્કાર નિરુપયોગી છે), જેને કોઈથી અણી કાઢવામાં આવતી નથી (પણ જે સ્વભાવથી જ અણીવાળો હોય છે) એવા તીક્ષ્ણ કાંટાની માફક.**' બધાયમાં દૃષ્ટાંત લીધા છે. તો '**આત્મદ્રવ્ય અસ્વભાવનયે સંસ્કારને સાર્થ કરનારું છે (અર્થાત્ આત્માને અસ્વભાવનયે સંસ્કાર ઉપયોગી છે), જેને (સ્વભાવથી અણી હોતી નથી પણ સંસ્કાર કરીને) લુહાર વડે અણી કાઢવામાં આવી હોય છે એવા તીક્ષ્ણ તીરની માફક.**' કાંટો ઊગે છે પણ તીર ઊગતું નથી. તીરને તો લુહાર અણી કાઢે છે. આત્મા ઘડાય પણ છે અને આત્મા ઘડાતો પણ નથી. બેય વાત લીધી છે.

આવા જે બે ધર્મોથી વિશિષ્ટ એક જ આત્મદ્રવ્ય છે. આવા અનેક ધર્મો છે. એનાથી વિશિષ્ટ એક જ આત્મદ્રવ્ય છે. પત્તો ન લાગે એવો વિષય થોડોક અઘરો પડે છે એનું કારણ આ છે.

મુમુક્ષુ :- તીર અને કાંટાનો ... બે જુદા છે. ..

પૂજ્ય ભાઈશ્રી :- હા. એક દ્રવ્યમાં બે છે એમ કહે છે. એ તો

દૃષ્ટાંત બે આપ્યા. વસ્તુ એક છે એમ કહેવું છે. આત્મા કાંટા જેવો પણ છે અને આત્મા તીર જેવો પણ છે, એમ કહે છે. એ તો સમજવા માટે બે દૃષ્ટાંત આપ્યા છે. એક જ વસ્તુની વાત કરવી છે. આ વસ્તુની ઘડ બેસતી નથી.

એવું છે કે અન્યમતના અનેક વિદ્વાનોએ, મૂર્ધન્ય વિદ્વાનો હોય છે. જેની જગતમાં તત્ત્વચિંતકો તરીકે, તત્ત્વજ્ઞાની તરીકે ફીલોસોફર તરીકે ગણના થાતી હોય એવી વિશિષ્ટ બુદ્ધિપ્રતિભા હોય છે. છતાં જૈનશાસ્ત્રોમાં કહેલા આત્માના સ્વરૂપની વાતની અંદર એની ઘડ બેસાડવી તકલીફ પડી છે. એટલે ૪૭ નયનું સીધું વર્ણન નહિ કરતા આચાર્ય મહારાજે પહેલા એક પેરેગ્રાફ મૂક્યો કે એક તો આ કથનનો હેતુ આત્મા કેવો છે ? કોણ છે ? અને કઈ રીતે પ્રાપ્ત થાય ? આ એક દૃષ્ટિકોણ છે આની પાછળ. એ દૃષ્ટિકોણપૂર્વક શ્રુતજ્ઞાન અને શ્રુતજ્ઞાનના અવયવભૂત જે નયો છે એટલે પ્રમાણ અને નયપૂર્વક વસ્તુનું જે જ્ઞાન થાય છે, ત્યાં ચૈતન્યસામાન્ય અને ચૈતન્યવિશેષ, ચૈતન્યસામાન્ય તે આત્મા અને ચૈતન્યવિશેષ તે એના અનેક ગુણધર્મો, એ બેનો અહીંયાં જ્ઞાન અને જ્ઞાનનો વિષય જ્ઞેયરૂપે, જ્ઞાન પોતે અને સ્વજ્ઞેય પોતે, એવી રીતે અહીંયાં આત્માનું જ્ઞાન થાય છે અને આત્મા પમાય છે, આત્મા અનુભવાય છે, સમાધાન થાય છે અને સુખ ઊપજે છે. આટલો મેળ મેળવ્યો છે. 'ગુરુદેવશ્રી'એ પ્રવચનો કર્યા છે. બહુ મનનથી અને મંથનથી વાંચવા જેવો વિષય છે.

મુમુક્ષુ :- છપાયેલા છે ?

પૂજ્ય ભાઈશ્રી :- છપાયેલા છે. 'નય પ્રજ્ઞાપન' કરીને છપાયેલા છે. 'નય પ્રજ્ઞાપન'. છપાયેલા છે. અત્યારે કદાચ નહિ હોય. બાકી તો છપાયેલા છે. ત્યારે તો લખી લેતા હતા. ટેપથી ઉતારવાની પદ્ધતિ નહોતી. હવે તો એ પ્રવચનો તો ટેપની અંદર સંગ્રહાયેલા છે. 'પ્રવચનસાર' આખું. ટેપ ઉપરથી લખીને તૈયાર કરવા જેવા છે. ઝીલવામાં તો કોઈ મહત્ત્વની વાત પણ ચુકાય જાય તો એ પ્રવચનની અંદર ન આવે. ટેપની અંદર તો ફરી ફરીને આઠ વખત સાંભળીને પણ લખી શકાય છે. વ્યવસ્થા સારી છે.

મુમુક્ષુ :- કાળલબ્ધિ.

પૂજ્ય ભાઈશ્રી :- કાળલબ્ધિમાંથી ચાલે છે આપણે. ક્યાં નજર

પડી છે એ સાથેસાથે જોઈ લેવું પાછું. જાણવાનો વિષય છે, વસ્તુને ઓળખવાનો વિષય છે.

એટલે '**જેવી કાળલબ્ધિ આવે તેવી જ સ્વભાવસિદ્ધિ થાય માટે કાળસબ્ધિ સાધક છે, તેવો જ સ્વભાવ થવો સાધ્ય છે. સાધકસાધ્યભેદ અનેક છે, તેને જાણવા.**' હજી સાધ્ય-સાધકનો અધિકાર નીચે ચાલુ જ છે.

મુમુક્ષુ :- આપે કીધું ને કે જાણવાનો વિષય છે.

પૂજ્ય ભાઈશ્રી :- જાણવાનો વિષય છે. અનેક ભેદો છે એને જાણવા. સાધ્ય-સાધકના આવા અનેક ભેદ છે એને જાણવા. કાર્ય-કારણના કે વગર કાર્ય-કારણના અનેક ભેદો છે એને જાણવા. આમ તો એ સમ્યગ્જ્ઞાન વિના એની અંતર મેળવણી થઈને એની ઘડ બેસે એવું નથી. જે બહિર્લક્ષી જ્ઞાન છે, બુદ્ધિનો ઉઘાડ છે એ મેળવવા જાય તો વસ્તુ તો અંતર ધર્મની છે, આત્માના ધર્મની વસ્તુ છે, તો એને વિષય કરીને મેળવે ? કે એને વિષય કર્યા વગર એને સમજે ?

લાકડાની અંદર શું છે ? આ પદાર્થની અંદર લાકડું છે કે લોઢું છે ? આ એક ટૂકડો છે. તો એને વિષય કરીને જાણે કે એને વિષય કર્યા વગર જાણે ? એમ આત્મામાં રહેલા ધર્મ આત્માને વિષય કરીને જાણે કે એમ ને એમ બુદ્ધિ લડાવીને જાણે, આત્માને વિષય કર્યા વિના ? એ વગેરેનું કેટલુંક સમાધાન થવું સંભવિત નથી.

મુમુક્ષુ :- ક્રમબદ્ધ આવ્યું તો એ પણ જાણવાનો વિષય છે.

પૂજ્ય ભાઈશ્રી :- જાણવાનો વિષય છે. પહેલા દૃષ્ટિ કેમ સમ્યક્ થાય અને અનુભવમાં સ્વાનુભવ કેમ થાય ? આ વિષય ઉપર વધારે એકાગ્ર થવું. તો જાણવાના વિષયની જે કેટલીક દખલ બુદ્ધિમાં ઉત્પન્ન થતી હોય એ દખલ બંધ થાય. એટલે ક્ષોભ મટે. જે રાગરસ છે એનાથી મલિનતા ઉત્પન્ન થાય છે અને આવા બધા બુદ્ધિના વિષયોથી ક્ષોભ ઉત્પન્ન થાય છે. મલિનતા અને ક્ષોભ છે એ અજ્ઞાનને દૃઢ કરનારા પ્રકાર છે. અજ્ઞાન મટાડવા માટે મલિનતા અને ક્ષોભ બંનેને શાંત કરવા પડે, ઢીલા કરવા પડે. અને એના માટે સત્શ્રુત અને સત્પુરુષ બે જ નિમિત્ત છે. ત્રીજું કોઈ નિમિત્ત નથી. એમાં સત્શ્રુત છે એ પરોક્ષ વાણી છે, સત્પુરુષની પ્રત્યક્ષ વાણી છે. એ મોટી વાત છે.

મુમુક્ષુ :- કાર્યકારણ નિયમ વગર છે...

પૂજ્ય ભાઈશ્રી :- એ વિષય ઠીક ઠીક ચર્ચાઈ ગયો. તે દિવસે નહોતા ? કાર્ય-કારણ નિયમ વગર ચાલી ગયું ને ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. કેટલુંક કારણ-કાર્ય નિયમ વગર પણ છે. કારણ અને કાર્ય નિયમ વગર છે એવી રીતિ જાણવી. એવી પણ રીતિ જાણવી. કારણ-કાર્ય નિયમ સહિત છે એવી રીતિ પણ જાણવી, કારણ-કાર્ય નિયમ વગર છે એવી રીતિ પણ જાણવી. એવી રીતિ એટલે એવી વસ્તુસ્થિતિ જ પદાર્થની અંદર છે. તમે સ્વભાવને કારણ શોધવા જાવ તો મળે નહિ. એ તો દૃષ્ટાંત આપ્યો કે આત્માને જ્ઞાન શા માટે ? અને પરમાણુને જ્ઞાન શા માટે નહિ ? એ કારણ-કાર્ય શોધવા જાવ તો નહિ મળે. એ એનો સ્વભાવ છે. સ્વભાવ ? તો કહે, સ્વભાવ અકારણ છે. સ્વભાવને કારણ હોય નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બરાબર છે. કાળલબ્ધિ કારણ છે. કાળલબ્ધિથી સ્વભાવની સિદ્ધિ છે. બરાબર છે. એવી કાળલબ્ધિ છે. પણ કોઈ એવું કાળલબ્ધિનું સ્વરૂપ વિચારે કે એને પુરુષાર્થ નહોતો અને કાળલબ્ધિ થઈ ગઈ એવું નથી. ત્યાં એનો એવો જ પુરુષાર્થ હતો. પણ એવો પુરુષાર્થ કેમ અને બીજાને એવો પુરુષાર્થ કેમ નહિ ? એનો કોઈ ઉત્તર નથી. એનો ઉત્તર કાળલબ્ધિ છે. બેને સમ્યગ્દર્શન થયું. એકને તે જ ભવમાં મુક્તિ થઈ, એકને પાંચ ભવે મુક્તિ થઈ. સમ્યગ્દર્શન સરખું હતું, દ્રવ્ય સરખું હતું, દ્રવ્યની દૃષ્ટિ સરખી હતી. આણે ચારિત્ર અને પુરુષાર્થ ઉત્પન્ન કર્યા, આણે ન કર્યા. શા માટે ? એ કાળલબ્ધિનો વિષય છે. પણ પ્રયોજનના દૃષ્ટિકોણથી સમજવા માગે તો કેટલાક જાણવાના બોલ ગૌણ થઈ જાય. કેમકે ત્યાં એને સીધું પ્રયોજન અત્યારે લાગુ પડતું નથી.

જે અપ્રયોજનભૂત મુદ્દાઓ છે એને મુખ્ય કરે તો એમાં વિક્ષેપ ઉત્પન્ન થાય. તો એ વિક્ષેપ છે એ એને નડશે. એ વિક્ષેપમાં આવવા જેવું નથી. એ તો પ્રયોજનને મુખ્ય કરીને પ્રથમ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં આવવું. સમ્યગ્જ્ઞાન પ્રમાણ થતાં આ બધી ઘડ અંદરમાં આપોઆપ બેસવા લાગશે. એવું છે. વિશેષ લઈશું...

તા. ૮-૧-૧૯૮૭, પાના નં. ૪૫, પ્રવચન નં. ૯૨

પાનું-૪૫. '**શબ્દ સાધક છે, અર્થ સાધ્ય છે.**' ત્યાંથી. શબ્દ દ્વારા અથવા શબ્દના નિમિત્તે પદાર્થનું સ્વરૂપ જ્ઞાનમાં આવે છે, પદાર્થનું સ્વરૂપ સમજાય છે. તેથી પદાર્થનું સ્વરૂપ સમજવા માટે તેનો વાચક શબ્દ છે એ સાધક થાય છે. નિમિત્ત થાય છે અથવા સાધક થાય છે. શબ્દ જુદો પદાર્થ છે અને શબ્દ દ્વારા કહેવા ધારેલો એ જુદો પદાર્થ છે. જેમ કે સાકર શબ્દ છે એમાં સાકર નથી. સાકર શબ્દ જુદા પુદ્ગલો છે, સાકર પદાર્થના જુદા પુદ્ગલો છે. આત્મા શબ્દ છે એ જુદા પુદ્ગલો છે. આત્મા ચૈતન્યમય પદાર્થ છે. બધા જ વાચક શબ્દો પુદ્ગલાત્મક છે. તેના વાચ્ય જડ-ચેતન બંને છે. પણ એવો જ કોઈ વાચક-વાચ્ય સંબંધ છે કે શબ્દ દ્વારા તેનું વાચ્ય અથવા પદાર્થનું સ્વરૂપ સધાય છે.

હવે આત્માની બાબતમાં (વિચારીએ તો) જ્યારે આત્મા અથવા જ્ઞાયક અથવા ધ્રુવ અથવા કોઈપણ આત્માના વિશિષ્ટ ભાવ દ્વારા, વિશિષ્ટ ગુણ દ્વારા, વિશિષ્ટ ધર્મ દ્વારા એ શબ્દો વાચકપણે જ્યારે કહેવામાં આવે છે ત્યારે આત્માનું સ્વરૂપ, અર્થ સમજાય. એ અર્થ સમજાય એ અર્થ સાધક થાય તો શું સાધ્ય થવું જોઈએ ? કે આત્માના વિષયમાં તો જ્ઞાનરસ સધાવો જોઈએ. શું કહે છે ?

અર્થ સમજાય છે ત્યાં સમજણ સમજણમાં બે પ્રકાર છે. એક સમજણનો એવો પ્રકાર છે કે શબ્દાર્થ દ્વારા, શબ્દના અર્થ દ્વારા પદાર્થનું સ્વરૂપ સમજવામાં આવે, બુદ્ધિગોચર થાય તોપણ પુદ્ગલરસ અનાદિનો જે પોષ્યો છે, જડરસ, વિભાવરસ પોષ્યો છે, એ રસમાં રહી રહીને જ્ઞાન થાય, બુદ્ધિમાં સમજાય તો એ સમજણ છે એ યથાર્થપણાને પામતી નથી. સમજણના તબક્કે યથાર્થતા આવવી એ આ માર્ગમાં એક બહુ મહત્ત્વનો વિષય છે.

એટલે સમજણ બે પ્રકારે છે-યથાર્થ પ્રકારે અને અયથાર્થ પ્રકારે. વિભાવની બહુલતા છે, વિભાવરસની તીવ્રતા છે ત્યારે પણ જ્ઞાનનો ક્ષયોપશમ હોય તો પદાર્થનું સ્વરૂપ બુદ્ધિગોચર થવા છતાં તે સમજણ

યથાર્થતાને પામતી નથી અને તેના ફળમાં એને મોક્ષમાર્ગ સુધી પહોંચવાનું બનતું નથી. જો અર્થ સાધક થઈને જ્ઞાનરસ સાધે, ચૈતન્યરસ સાધે, આત્મરસ સાધે તો એ સમજણ યથાર્થ છે કે જેના ફળમાં એ મોક્ષમાર્ગ સુધી પહોંચે. આમ અર્થ સધાયા પછી પણ બે પ્રકાર ઊપજે છે. અર્થ સાધક થાય છે ત્યાં જ્ઞાનરસ સાધ્ય થવો ઘટે છે. ખરેખર તો અર્થ સાધક છે અને જ્ઞાનરસ જ સાધ્ય છે. પણ જો અર્થ સધાય અને જ્ઞાનરસ સાધ્ય ન થાય તો એ અર્થ ખરેખર જ્ઞાનરસ માટે સાધક નથી. પણ વિભાવરસ માટે સાધક છે. એમ થશે. વિભાવ માટે એ સાધક થશે.

મુમુક્ષુ :- અર્થ બરાબર કરે છે તોપણ જ્ઞાન સધાય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- તોપણ ન સધાય.

મુમુક્ષુ :- તો શું રહી ગયું ?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનરસ આવવો રહી જાય છે. રહી જાય છે એ જ્ઞાનરસ જ રહી જાય છે. જ્ઞાનરસ...

મુમુક્ષુ :- રસ એટલે શું ?

પૂજ્ય ભાઈશ્રી :- રસ એટલે શું ?! લ્યો ઠીક ! અનેક વિષયમાં રસ આવે છે કે નહિ ? રસનો અર્થ સમજવો છે કે રસનો ભાવ સમજવો છે ? પોતાના પરિણામમાં, અનુભવમાં આવતા અનેક વિષયમાં જે રસપણું છે એ રસ છે.

મુમુક્ષુ :- એકમેક થઈ ગયો ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. રસ એટલે આ રસ ઊપજે છે કે નહિ ? કોઈને ખાવામાં રસ ઊપજે છે, કોઈને પીણું પીવામાં રસ ઊપજે છે, કોઈને વાત કરવામાં ઊપજે છે. દરેકને પોતપોતાના વિષયમાં રસ આવે છે કે નહિ ? અનેક વિષયોમાં રસ આવે છે કે નહિ ? અને રસ છે એ તો, જે ભાવ છે એ તો બધાને અનુભવગોચર છે. એ પરિભાષાનું લક્ષણ એવું છે કે જે વિષયમાં જે જીવને રસ ઊપજે તે વિષયમાં તેને સમય પસાર થાય એનો ખ્યાલ ન રહે. એવી એકાગ્રતા થઈ જાય. એવું એકાગ્રતા એ એનું ઉપલક્ષણ છે, રસનું એ ઉપલક્ષણ છે. અથવા એમાં સમય વ્યતીત થતા ખ્યાલ પણ ન રહે એ પણ એનું ઉપલક્ષણ છે. અહીંયાં રસ આવ્યો છે એ એમ બતાવે છે. આવું બને છે કે નહિ ?

અર્થ એટલે સ્વરૂપ છે એ જ્ઞાનમાં આવે ત્યારે એનો રસ ઊપજવો

જોઈએ. બાહ્ય પદાર્થમાં પણ એમ જ થાય છે કે જે પદાર્થની રુચિ હોય એ જ્ઞાનમાં આવે છે, સ્મૃતિમાં આવે છે ત્યારે એનો રસ ઊપજે છે. કે નથી ઊપજતો ? ગમતા પદાર્થો, મનને ગમતા પદાર્થો જ્ઞાનમાં આવે છે ત્યારે એ સંબંધી રસ ઊપજે છે. પદાર્થની ઉપસ્થિતિ હોય કે ન હોય. પણ જ્યાં જ્ઞાનાકાર-જ્ઞાનનો પર્યાય તે પદાર્થના ભાવના સ્વરૂપના આકારે થાય તો એમાં રસ આવે છે કે નથી આવતો ? તો અહીંયાં આત્માના વિષયમાં કોઈ પણ વાચક શબ્દથી આત્માનું સ્વરૂપ નામ અર્થ, અર્થ નામ સ્વરૂપ જ્યારે કહેવાય છે ત્યારે એ એવું સાધક થવું જોઈએ કે જેનાથી આત્મરસ, જ્ઞાનરસ, ચૈતન્યરસ સધાય.

અહીંથી શું લેવું છે કે શાસ્ત્ર વાંચન છે, સ્વાધ્યાય જે રોજ આપણે કરીએ છીએ, એ શાસ્ત્ર વાંચનની અંદર આત્મા કહેવાનું તો શાસ્ત્રકારને પ્રયોજન છે. પછી જ્ઞાનીનું શાસ્ત્ર હોય, મુનિનું શાસ્ત્ર હોય. કહેવા ધારેલો વિષય તો આત્મા છે. એ જે આત્મા કહેવા માગે છે એનું સ્વરૂપ જો જ્ઞાનગોચર થાય તો એને જ્ઞાનરસ, આત્મરસ, જ્ઞાનસ્વભાવી આત્મા હોવાથી એને જ્ઞાનરસ ઊપજવો જોઈએ, ચૈતન્યરસ આવવો જોઈએ. જો એને શાસ્ત્ર વાંચતા-વાંચતા આત્મરસ ઊપજે તો એનું શાસ્ત્રવાંચન યથાર્થ પદ્ધતિથી થાય છે. જો આત્મરસ ન ઊપજે તો અયથાર્થ પદ્ધતિથી શાસ્ત્ર વાંચન ચાલે છે. બંને શાસ્ત્રવાંચન જ છે. આ એનું એક ચિહ્ન બતાવ્યું છે. યથાર્થતા સંબંધીનું લક્ષણ છે. કેટલાક બોલ બહુ બહુ સારા છે આ વિષયમાં. અહીંથી થોડા એવા બોલ આવશે. ભાવશ્રુત અને દ્રવ્યશ્રુતના વિષયના કેટલાક બોલ આવે છે.

દ્રવ્યશ્રુત છે તે શાસ્ત્ર છે અને ભાવશ્રુત છે તે આત્માનું જ્ઞાન છે. દ્રવ્યશ્રુતને અને ભાવશ્રુતને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. કેવી રીતે એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ભજે છે, એ વિષય અહીંયાં સાધ્ય સાધકના અધિકારમાં 'દીપચંદજી'એ બહુ સુંદર રીતે લીધો છે. આગળ આવશે. એક કરતા વધારે બોલ એવા આવે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ત્યાં એ જ્ઞાનરસમાં બહુ સારી એકાગ્રતા હતી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે એ તો અજ્ઞાનીનું પહેલા દૃષ્ટાંત લીધું કે કોઈને કોઈ વિષયમાં રસ ઊપજે છે ત્યારે બહારની ખબર નથી રહેતી.

મુમુક્ષુ :- જ્ઞાનીને જ્ઞાનરસ છે, અજ્ઞાનીને જ્ઞાનરસ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- અજ્ઞાની કોઈ એવા હોય કે એને જ્ઞાનરસ જો ઊપજે તો એનું અજ્ઞાનપણું મટીને જ્ઞાની થઈ જાય. અને એને જો જ્ઞાનરસ ન ઊપજે અને બીજું કોઈ લક્ષ હોય, આત્મા સિવાયનું બીજું લક્ષ હોય, લક્ષમાં આત્મા હોય તો આત્મરસ ઊપજે અને લક્ષમાં આત્મા ન હોય અને કોઈપણ અન્ય પ્રકાર હોય તો તેના રસમાં એને એકાગ્રતા થઈ જાય અને બીજો ખ્યાલ ન રહે.

'ઉમાસ્વામી મહારાજે' જેમ ધ્યાનનું લક્ષણ એવી રીતે બાંધ્યું કે 'એકાગ્ર ચિંતા નિરોધો ધ્યાનમ્.' તો ત્યાં આત્મધ્યાનનો વિષય એકલો સમાવેશ નથી પામતો. કોઈપણ વિષયમાં જીવનું એકાગ્રપણું થાય અને બીજો એ વિષય સિવાયનો બીજો વિકલ્પ કે ચિંતા ન થાય તો તેને તે વિષયનું ધ્યાન કહેવામાં આવે છે. એટલે એ જનરલ પરિભાષા કરી છે. જનરલ ડેફિનેશન છે.

મુમુક્ષુ :- આર્તધ્યાનમાં ..

પૂજ્ય ભાઈશ્રી :- આર્તધ્યાનમાં, રૌદ્રધ્યાનમાં બધાયમાં એવું જ થાય છે. તો એ ધ્યાનની એક સામાન્ય વ્યાખ્યા થઈ. 'એકાગ્ર ચિંતા નિરોધો ધ્યાનમ્' કોઈ પણ વિષયમાં એકાગ્ર થાવ. એકે-અગ્ર. એકે એટલે કોઈપણ એક. એકે-અગ્ર. અગ્ર એટલે મુખ્ય. કોઈપણ એકને મુખ્ય કરતા બીજા બધા વિષયનો સહજપણે વિકલ્પ રોકાઈ જવો, ચિંતા રોકાઈ જવી, એવા પરિણામને ધ્યાન કહેવામાં આવે છે.

એમ રસમાં પણ એવું જ છે કે કોઈપણ વિષયમાં રુચિ વધતા અથવા ગમવાપણું, ઈષ્ટપણું થતાં એકદમ ત્યાં રસ થાય છે તો એને રસ આવે છે, રસ ઊપજે છે તો બીજા વિષયનો એને ખ્યાલ રહેતો નથી.

અહીંયાં તો પ્રકરણ શ્રુતનું છે એટલે એમ લ્યે છે કે, જો '**અર્થ સાધક છે, જ્ઞાનરસ સાધ્ય છે.**' અર્થ સમજાયો ? તો કહે છે, જ્ઞાનરસ આવ્યો ? આ મેળવી લેજે. જો જ્ઞાનરસ ન આવે તો અર્થ સમજાયો એમાં કાંઈક બીજું લક્ષ થઈ ગયું છે. એમાં યથાર્થતા નહિ આવે. એમાં

યથાર્થતા નહિ આવે.

મુમુક્ષુ :- જ્ઞાનરસ ન થાય એને માટે એને શું શું લક્ષ હોય ? અર્થ તો બરોબર કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- કોઈને કોઈ એવું લક્ષ હોય કે આ મને વધારે સમજાણું, મને જાણવા મળ્યું, જાણપણાનો લોભ હોય, જાણીને બીજાને જણાવવાનો લોભ હોય. અનેક પ્રકારનું લક્ષ તો હોય છે ને ? હું આનો જાણકાર થયો. જાણકાર થયો તો બીજાને પણ ખ્યાલ આવશે કે હું આનો જાણકાર છું. જાણીને કહેવા થશે. ઘણા યાદ રાખે છે. એવું બધું બને છે. યાદ રાખી લે. અહીંયાં આમ છે... અહીંયાં આમ છે... અહીંયાં આમ છે. આ શાસ્ત્રમાં અહીંયાં આમ લખ્યું છે.. આ શાસ્ત્રમાં અહીંયાં આમ લખ્યું છે. એનું પ્રયોજન એની પાછળ શું છે ?

મુમુક્ષુ :- અગિયાર અંગ સુધી અર્થ બરોબર ચાલે પણ જ્ઞાનરસ ન ઉપજ્યો ?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનરસ ન થાય તો કાં ક્ષયોપશમ ઉપરનું વજન છે. કાં કોઈ લૌકિક દૃષ્ટિ છે, લોકોનું લક્ષ્ય છે. કાંઈને કાંઈ એવું કારણ બને કે જેને લઈને એને આત્મરસ ન ઊપજે, જ્ઞાનરસ ન ઊપજે. એક આત્માનું જ માત્ર લક્ષ હોય તો જ એને આત્મરસ ઊપજે. આત્મા એવો સસ્તો પદાર્થ નથી. કેમકે પરમાત્મા છે પોતે, પરમપદાર્થ છે. એને પણ તમે સ્થાન આપો અને એની ખુરશીમાં બીજાને પણ સ્થાન આપો. બે વાત નથી બનવાની. એને જ એકને જ સ્થાન આપવામાં આવે અને આખું જગત ગૌણ કરવામાં આવે ત્યારે આંગણું તૈયાર થાય. પરમાત્મા પધારે તો પછી. પણ આંગણું તૈયાર થાય. આટલી એની અભિપ્રાયમાં અને ભાવમાં પહેલા તૈયારી થઈ જવી જોઈએ.

'**સ્થિરતા સાધક છે, ધ્યાન સાધ્ય છે,...**' ક્રમશઃ સ્થિરતા કરવામાં આવે છે ત્યારે ધ્યાન સધાય છે. એ પ્રયોગનો વિષય છે. સ્થિરતા વધારતા... વધારતા... વધારતા... ધ્યાન જામતું જાય છે. જેમ જેમ સ્થિરતા વધતી જાય છે તેમ તેમ ધ્યાન જામતું જાય છે. ધ્યાનના પ્રયોગનો વિષય છે. '**સ્થિરતા સાધક છે અને ધ્યાન સાધ્ય છે,...**' અથવા અલ્પ સ્થિરતા સાધક છે, જઘન્ય સ્થિરતા સાધક છે અને

ઉત્કૃષ્ટ સ્થિરતા નામ ધ્યાન સાધ્ય છે. એની ને એની જાતિ લેવી છે. બીજું કોઈ કારણ ન લીધું કે એકાંતવાસ સાધક છે અને ધ્યાન સાધ્ય છે અથવા શરીરની શાતા સાધક છે અને ધ્યાન સાધ્ય છે. સંયોગોની અનુકૂળતા સાધક છે અને તેથી સંયોગોની ચિંતા નહિ હોવાથી ધ્યાન સાધક છે. એવી કોઈ વાત અહીંયાં છે નહિ. જેમ અનુભવ માટે-સ્વાનુભવ માટે સ્વાનુભવનો જ પુરુષાર્થ કાર્યકારી છે. એમ ધ્યાન માટે સ્થિરતાનો જ પુરુષાર્થ કાર્યકારી છે. એમ લેવું છે.

'**ધ્યાન સાધક છે, કર્મ ખરવાં સાધ્ય છે.**' નિમિત્તપણે. ધ્યાનના નિમિત્તે જ્યારે સ્વરૂપમાં એકાગ્રતા રહે ત્યારે શુદ્ધોપયોગના કાળમાં કર્મ ગુણશ્રેણી નિર્જરાએ ખરે. શુદ્ધોપયોગ તે ધ્યાન છે. એના કાળમાં એકદમ કર્મ ઢગલાબંધ નિર્જરા થાય ત્યારે તે સાધ્ય થયું. કર્મની નિર્જરા સાધ્ય છે. '**કર્મ ખરવા સાધક છે, દ્રવ્યમોક્ષ સાધ્ય છે,...**' ક્રમશઃ કર્મ ખરતા જાય છે અને સંપૂર્ણ કર્મનો ક્ષય થતાં દ્રવ્યે મોક્ષ થાય છે. દ્રવ્યે એટલે પુદ્‌ગલ દ્રવ્યથી મુક્તપણું થવું. પુદ્‌ગલ કર્મ દ્રવ્યથી મુક્ત થવું તેને દ્રવ્યમોક્ષ કહેવામાં આવે છે.

'**રાગદ્વેષમોહનો અભાવ સાધક છે, સંસાર અભાવ સાધ્ય છે.**' અભાવ લેવો. સંસારભાવ નહિ પણ સંસાર અભાવ. મિસપ્રિન્ટ છે. '**રાગદ્વેષમોહનો અભાવ સાધક છે, સંસાર અભાવ સાધ્ય છે.**' જેને રાગ-દ્વેષ-મોહનો અભાવ થાય તેના સંસારનો અભાવ થાય. એવું ન કહ્યું કે જેને બહારમાં કુટુંબ, પરિવાર, વેપાર, ધંધાનો ત્યાગ કરે તો સંસારનો અભાવ થાય. એમ સાધ્ય-સાધકનો બોલ નથી લીધો. રાગ-દ્વેષ-મોહ છે એ સંસાર છે. એનો અભાવ થતાં સંસારનો અભાવ થાય છે.

'**ધર્મ સાધક છે,...**' અનુભવપ્રધાન શાસ્ત્ર છે ને એટલે બધી વાત મુખ્ય એવી જ આવે છે. '**ધર્મ સાધક છે, પરમપદ સાધ્ય છે.**' ધર્મ દ્વારા નિજ પરમપદની સાધના થાય છે. તેથી ધર્મ સાધક છે અને પોતાનું નિજ પરમપદ સાધ્ય છે. અથવા સર્વોત્કૃષ્ટ મોક્ષપદ જે પરમપદ છે એ ધર્મ દ્વારા સાધવામાં આવે છે. '**સ્વવિચાર પ્રતીતિરૂપ સાધક છે, અનાકુળભાવ સાધ્ય છે.**' સ્વવિચાર પ્રતીતિરૂપ સાધક છે, જુઓ ! એક પરિણામમાં વિચાર અને પ્રતીતિ બંને લીધા છે. પોતાના સંબંધમાં નિજ સ્વરૂપના વિષયનો જે વિચાર અને એ વિચાર પ્રતીતિપૂર્વકનો જો વિચાર

હોય કે હું આવો જ છું, જેવું આત્મસ્વરૂપ છે તેનો વિચાર પ્રતીતિ સહિતનો હોય તો અનાકુળ ભાવ સધાય છે. અનાકુળ ભાવ સધાય છે એટલે ત્યાં આનંદ આવે છે, ત્યાં સુખ ઊપજે છે. કેમકે જે સ્વવિચાર છે એ સ્વમાં સુખ રહેલું છે. જો સ્વનો વિચાર સ્વસુખની પ્રતીતિ સહિત હોય તો સુખ ઊપજે જ ઊપજે. ન ઊપજવાનો પ્રશ્ન રહેતો નથી.

એ શુદ્ધોપયોગના વિષયમાં પણ એક એવો બોલ આવ્યો છે કે પ્રતીતિ સહિત વિચાર સાધક છે અને શુદ્ધોપયોગ સાધક છે. એ શુદ્ધોપયોગ છે એ જ્ઞાનની પ્રધાનતાથી લીધું અને શુદ્ધોપયોગમાં ઉત્પન્ન થતું જે આત્મિક સુખ છે એને અહીંયાં અનાકુળ ભાવ લઈ લીધો. વાત તો બંને એકની એક છે. પણ સાધ્યમાં એક વખત જ્ઞાનનો ઉપયોગ લીધો તો બીજી વખત જ્ઞાનમાં સુખ અથવા આનંદ લીધો. એટલે બંને એક જ કાળમાં ઊપજે છે. જે શુદ્ધોપયોગમાં આનંદ અને સુખ અવશ્ય હોય, હોય ને હોય જ છે.

મુમુક્ષુ :- વિચાર એટલે વિકલ્પ ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પૂર્વ પર્યાય છે ને ? એટલે વિકલ્પાત્મક દશામાં નિજ સ્વરૂપનો વિચાર, વિચાર એટલે અહીંયાં સ્વલક્ષી વિચાર લેવો, પરલક્ષી વિચાર ન લેવો. વિચાર વિચારમાં ફેર છે. એક અંતર્લક્ષી વિચાર હોય છે, એક બહિર્લક્ષી વિચાર હોય છે. બહિર્લક્ષી વિચાર એ પરલક્ષી વિચાર છે અને આ સ્વલક્ષી વિચાર છે. એટલે લક્ષમાં પોતાનું સ્વરૂપ હોય અને પ્રતીતિ સહિત હોય તો એના ફળમાં એને શુદ્ધોપયોગ અને સુખ ઊપજે જ ઊપજે. ન ઊપજે એવું બને નહિ. બહુ ચોખ્ખી લાઈન લીધી છે. નહિતર બહિર્લક્ષી વિચારના સંબંધમાં એમ કહેવાય છે કે વિકલ્પ કરતા કરતા કાંઈ નિર્વિકલ્પ નહિ થવાય. રાગ કરતા કરતા કાંઈ વીતરાગ નહિ થવાય. એમાં મુંઝવણ થાય પછી કે આ પણ વિકલ્પ છે અને રાગ છે. વિકલ્પ જ કરીએ છીએ. શાસ્ત્ર વાંચતા વિકલ્પ કરીએ, ભગવાનની ભક્તિમાં પણ વિકલ્પ કરીએ. બધો વિકલ્પનો જ વિષય ચાલે છે ત્યાં શું કરવું ? બીજું સાધન પણ શું છે ?

અહીંયાં એ વિષયનું સ્પષ્ટીકરણ છે કે '**સ્વવિચાર પ્રતીતિરૂપ સાધક છે,...**' નિજ અંતર્લક્ષી જ્ઞાનવિચારમાં પ્રતીતિસહિત, આવો જ છું એવી જે પ્રતીતિ આવે તો ત્યાં પુરુષાર્થની ઉત્પત્તિ થાય અને

શુદ્ધોપયોગ ને અનાકુળભાવ, સુખભાવ ઉત્પન્ન થાય અથવા સ્વાનુભવમાં જીવ આવે. જે જીવ સ્વાનુભવમાં નિર્વિકલ્પ દશામાં આવ્યા, એ પૂર્વે તો વિકલ્પ દશામાં જ હતા. એ પૂર્વે કાંઈ એની નિર્વિકલ્પ દશા હતી એવું તો નથી. તો એમાં એવું શું તત્ત્વ હતું ? આટલું વિચારવાયોગ્ય છે. કે જે મુમુક્ષુદશામાંથી એ આગળ વધીને સ્વાનુભવમાં આવ્યા. એવું એની પાસે શું કારણ હતું ? આટલું વિચારવું જોઈએ. એની પાસે અંતર્લક્ષી જ્ઞાનવિચારમાં પ્રતીતિ સાથે ભળી. પ્રતીતિ ભળે એટલે એની રુચિ ભળી અને એ રુચિ અનુયાયી વીર્ય પુરુષાર્થ ઊપજીને નિર્વિકલ્પ દશામાં આવ્યા. કેમકે સ્વતત્ત્વ છે એ પોતે જ નિર્વિકલ્પ છે. પ્રતીતિપૂર્વકનો જે વિચાર છે એમાં નિર્વિકલ્પ રસ ઊપજે છે. આ રસનો વિષય લીધો ને ? હવે એની સાથે મેળવી લે.

અર્થ સાધક છે અને જ્ઞાનરસ સાધ્ય છે. તો સ્વવિચારમાં, પ્રતીતિપૂર્વકના સ્વવિચારમાં સ્વ જે નિર્વિકલ્પસ્વરૂપ આત્મતત્ત્વ છે એનો નિર્વિકલ્પ રસ ઊપજે છે. તો એ નિર્વિકલ્પ રસ જે ઊપજે છે એ વિકલ્પને તોડનારો ભાવ છે. વિકલ્પ અને નિર્વિકલ્પ પરસ્પર વિરુદ્ધ છે. એટલે જ્ઞાન રહી જશે, પ્રતીતિ રહી જશે. એ બંનેથી ઊપજેલો નિર્વિકલ્પ રસ વૃદ્ધિગત થશે. તૂટશે શું ? કે સાથે રહેલો વિકલ્પ તૂટશે. એકદમ. જેમ વિજ્ઞાનની અંદર, એન્જિનિયરીંગની અંદર જેમ ગણિતથી વાત એકદમ સ્પષ્ટ કે આમ થાય એનું આમ જ થાય, આમ થાય એનું આમ જ થાય. આના પ્રમાણમાં આટલી જ શક્તિ ઊપજે. આ એનર્જી ઉત્પાદનનું બતાવે છે કે નહિ ? આ એના કરતા એકદમ સોલિડ વિજ્ઞાન છે. ગણિતમાં હજી ગુણાકારમાં ક્યાંક ભૂલ પડે તો પડે. અહીંયાં તો ભૂલ પડે એવું નથી. એને નિર્વિકલ્પ રસ જો ઊપજે તો નિર્વિકલ્પ દશા થાય. પ્રતીતિસહિતનો નિર્વિકલ્પ રસ ઊપજે અને નિર્વિકલ્પ દશા ન થાય એ કેવી રીતે બની શકવા યોગ્ય છે ? એ બની શકે એવું નથી.

મુમુક્ષુ :- વિકલ્પ વખતે કોરો વિકલ્પ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એ વિકલ્પ છે એ તો કાંઈ છે જ નહિ ત્યાં. જે એ સ્થિતિમાં જે રસકસવાળો ભાવ છે એ તો નિજ સંબંધીનું પોતાના લક્ષમાં-સ્વલક્ષમાં ઊપજેલું જ્ઞાન છે, એની સાથે ભળેલી પ્રતીતિ છે અને એથી ઊપજેલો જે આત્મરસ છે એ મહત્ત્વનો ભાવ છે. વિકલ્પનું

કોઈ મહત્ત્વ નથી ત્યાં. પણ જ્યાં સુધી એ નિર્વિકલ્પરસ પરિપક્વ દશાએ પહોંચતો નથી ત્યાં સુધી વિકલ્પાંશ રહે છે. પછી સ્થૂળમાંથી સૂક્ષ્મ થાય, બહિર્જલ્પમાંથી અંતરજલ્પ થાય, એમ એ ઘસાતો-ઘસાતો ભલે નાશ પામે. પણ એ કોઈ મહત્ત્વનો વિષય નથી. એનું કોઈ મહત્ત્વ નથી કે આત્માનો વિકલ્પ હજી છે ને ? કે એકલો વિકલ્પ નથી ત્યાં. ત્યાં એકલો વિકલ્પ નથી પણ જ્ઞાનના લક્ષમાં જે આત્મા છે, જે જ્ઞાનના લક્ષમાં પોતાનું નિર્વિકલ્પ આત્મસ્વરૂપ છે એ જ્ઞાનનું બળ ઘણું છે ત્યાં. ત્યાં જ્ઞાનબળ ઘણું છે. એકલો વિકલ્પ નથી ત્યાં. તેથી અનાકુળભાવ સધાય છે.

**'સમાધિ સાધક છે, નિજ શુદ્ધસ્વરૂપ સાધ્ય છે.'** સમાધિ. આત્મામાં જે એકાગ્રતા થાય છે તેને સમાધિ કહેવામાં આવે છે. સમ્યક્ પ્રકારે સ્વરૂપનો આધાર લઈને ઊપજતી પરિણતિ તે સમાધિ છે. મૂળ શબ્દ આધિ છે. આધિ-વ્યાધિ-ઉપાદિ-સમાધિ. આ બધા શબ્દો આગળ જુદા જુદા વ્યુત્સર્ગ લાગીને બનેલા છે. અહીંયાં જે સમાધિ છે એ સમ્યક્ પ્રકારે આત્માની અભિમુખ થતાં જે પરિણતિ ઉત્પન્ન થઈ તે સાધક છે અને એ સ્વાભિમુખ પરિણતિમાં નિજ શુદ્ધ સ્વરૂપ છે એ સાધ્ય છે અથવા અનુભવગોચર થાય છે. એ બધા અધ્યાત્મના ઘણા બોલ છે. 'અનુભવપ્રકાશ' ગ્રંથ છે ને. એટલે ભિન્ન ભિન્ન રીતે અધ્યાત્મના ઘણા બોલ આમાં આવ્યા છે.

**'સમાધિ સાધક છે, નિજશુદ્ધસ્વરૂપ સાધ્ય છે. સ્યાદ્વાદ સાધક છે, યથાર્થ પદાર્થની સાધના સાધ્ય છે.'** સ્યાદ્વાદ દ્વારા ચારેય પડખેથી પદાર્થનું સ્વરૂપ સમજવામાં આવે છે. તેથી **'સ્યાદ્વાદ સાધક છે, યથાર્થ પદાર્થની સાધના સાધ્ય છે.'** યથાર્થ પદાર્થનું યથાર્થ જ્ઞાન થવું એ ધ્યાનનું કારણ લીધું છે. યથાર્થ-જેવા સ્વરૂપે નિજ પદાર્થ છે તેવા જ સ્વરૂપે તેનું જ્ઞાન થવું એ ધ્યાનનું કારણ થાય છે. કેમકે એવા જે સૂક્ષ્માતિસૂક્ષ્મ પદાર્થનું, સ્વભાવનું જ્ઞાન થતાં ઉપયોગ સૂક્ષ્મ થાય છે. ઉપયોગ સૂક્ષ્મ થઈને એ ધ્યાનરૂપ પરિણમે છે.

મુમુક્ષુ :- સ્યાદ્વાદથી શુદ્ધોપયોગ થાય એમ કહેવું છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. સ્યાદ્વાદનું યથાર્થપણે. યથાર્થ શબ્દ અહીંયાં લીધો છે. **'સ્યાદ્વાદ સાધક છે, યથાર્થ પદાર્થની સાધના સાધ્ય છે.'**

સ્યાદ્વાદ સપ્તભંગી જે આવે છે, સપ્તભંગીનો પણ બોલ આવશે. તો લક્ષ શેના ઉપર છે એના ઉપર આખો આધાર છે. શાસ્ત્રનું અધ્યયન કઈ રીતે કરવામાં આવે છે એના ઉપર એના ફળની નિષ્પત્તિનો આધાર છે.

શાસ્ત્ર અધ્યયનમાં અનેક જીવો પ્રવર્તે છે. તેમાં બધા જીવોને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે એમ બનતું નથી એમ પ્રગટપણે જોવામાં આવે છે. હજારો જીવો શાસ્ત્ર અધ્યયના ક્ષેત્રમાં પ્રવૃત્તિ કરતા હોય તોપણ કોઈ કોઈ જીવોને મોક્ષમાર્ગમાં પ્રવેશ થયાનું જોવામાં આવે છે. અહીંયાં જે જૈન શાસ્ત્રનું અધ્યયન કરે છે એમાં એમ કહ્યું કે, જો સ્યાદ્વાદ વાણી, સ્યાદ્વાદમયી વાણી જે જિનવાણી છે એને તું સાધક બનાવે છે તો યથાર્થ પદાર્થની સાધના સાધ્ય થવી ઘટે છે. જો પદાર્થ યથાર્થપણે ન સધાય તો એણે સ્યાદ્વાદ વાણીનું અધ્યયન ખરેખર કર્યું નથી. જે રીતે કરવું જોઈએ એ રીતે. બાકી તો અનંત વાર કર્યું છે. અગિયાર અંગ ને નવ પૂર્વ અનંત વાર ભણ્યો છે. લબ્ધિથી પ્રાપ્ત કર્યા છે. ચમત્કારમાં કેવી રીતે નમસ્કાર ન કરે ? અનેક પ્રકારની કષાયની મંદતાવાળી પરિણતિથી લબ્ધિ ઉત્પન્ન થાય, રિદ્ધિ-સિદ્ધિ જેને કહેવામાં આવે છે. ચમત્કારની અંદર એણે કાંઈ સાધ્યું નથી એમ કેમ કહેવાય ? એ સાધવાની અંદર તો અનેક પ્રકારે ક્ષયોપક્ષમાદિ પણ વધી જાય. આ ચમત્કારથી જ છે ને ? અગિયાર અંગ અને નવ પૂર્વ તો એ ક્ષયોપશમ વધી ગયો. ચમત્કારિક રીતે ક્ષયોપશમ વધેલો છે. છતાં અંતર આત્મસ્વરૂપની સાધના તદ્દન બીજી ચીજ છે.

'ગુરુદેવે' ૪૫ વર્ષ સુધી કોઈ વાત કરી તો આ મુદ્દા ઉપર કરી છે. 'છ ઢાળા'નું પદ દોહરાવતા હતા. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આ 'છ ઢાળા'નું પદ અનેક વાર બોલતા હતા. કેમકે પોતે પણ બહુ ઊંડા ઊતરી ગયા હતા. ધર્મ પ્રાપ્ત કરવાના વેગમાં, આત્માનું કલ્યાણ કરવું છે એના વેગમાં પૂર્વ સંસ્કારને લઈને નાનપણથી જ, નાની ઉંમરથી જ એ પ્રકારનો વેગ વિશેષ હતો. તો દુકાને પણ શાસ્ત્રો વાંચતા. હજી તો નાની ઉંમર એટલે દુકાને બેસતા. બાર-તેર વર્ષના છોકરાવ થાય એટલે દુકાને બેસવા માંડે. ભણવાનું કાંઈ લાંબુ હોય નહિ. ત્યારથી વેપાર-ધંધામાં લાગી જાય, બાર-તેર વર્ષની ઉંમરથી. વીશ વર્ષે તો આમ પ્રૌઢ

વેપાર કરવાની પદ્ધતિ આવી જાય. પાંચ-સાત વર્ષના અનુભવમાં તો. વેપારમાં પ્રૌઢ થઈ જાય. અત્યારે તો ૨૦-૨૫ વર્ષે દુકાને બેસવાનું શરૂ કરે, ભણીને ઉતર્યા પછી. અને હજી શરૂઆત કરતા હોય. ત્યારે એક જમાનો એવો હતો કે વીસ વર્ષે તો વેપારની અંદર પ્રૌઢ થઈ ગયો હોય છોકરો. એટલો તો અનુભવ લઈ લીધો હોય.

એ દુકાને પણ શાસ્ત્ર વાંચતા. અને જ્યાં એમની સગાઈ કરવાની ઉંમર થઈ એ પહેલા તો એમણે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી. ઘરમાં કોઈને પૂછ્યા વિના. ખ્યાલ હતો ઘરમાંથી કદાચ રજા નહિ મળે. અને દીક્ષા લઈ લીધી. જોશ ઘણું હતું. ઘણા ઊંડા ઊતરી ગયા. દીક્ષા લીધી ત્યાં સુધી ખૂંચી ગયા. પણ કાંઈ પત્તો લાગ્યો નહિ. એમની સંશોધક બુદ્ધિએ સંપ્રદાયના શાસ્ત્રો મૂકીને, શ્વેતાંબર સંપ્રદાયના શાસ્ત્રો ..., દિગંબર સંપ્રદાયના શાસ્ત્રો ... પહેલું જ કુદરતી... આનું નામ કાળલબ્ધિ. ઠીક ! કાળલબ્ધિ શું ચીજ છે ! કાલે એક કલાક વયો ગયો કાળલબ્ધિમાં. પહેલું જ 'સમયસાર' હાથમાં આવ્યું. અને કોઈ ગુરુ વિના, કોઈ જ્ઞાનીના સત્સમાગમ વિના અંદરથી આત્મા જાગ્યો અને આખા સનાતન ધર્મની લાઈન શું છે એ બધી સ્ફુરણા અંદરથી થવા લાગી. ફેરફાર થઈ ગયો.

એટલા ઊંડા ખૂંચી ગયા હતા, પુરુષાર્થ ઘણો હતો તો બહાર નીકળ્યા, નહિતર બહાર નીકળવું મુશ્કેલ પડે. ગૃહસ્થ હોય એ કરી શકે. દીક્ષા લીધા પછી તો વધારે તકલીફની વાત છે અને એમાં પણ એમની તો બહુ કીર્તિ થઈ ગયેલી. બહુ ચુસ્ત સાધુની ક્રિયા પાળવાવાળા હતા. જે વાત અંગીકાર કરતા એ તો ગંભીરતાથી કરતા એટલે ચુસ્તતાથી બધા નીતિ-નિયમો અંગીકાર કરતા. કીર્તિ બહુ વધી ગઈ હતી. પુણ્યનો ઉદય એ બાજુનો. બધું ફગાવીને પરિવર્તન કરી નાખ્યું.

એ બધા અનુભવથી એમણે એ વાત સ્પષ્ટ કરી કે જીવ ગમે તેટલો આગળ વધે. ચાહે ક્રિયામાં ચારિત્રમોહના ક્ષયોપશમથી આગળ વધે કે શાસ્ત્રજ્ઞાનમાં જ્ઞાનાવરણીના ક્ષયોપશમથી આગળ વધે, પણ અંતર જ્ઞાન જુદી ચીજ છે, આ બેયથી. આ બંનેથી સ્વરૂપનું જ્ઞાન, આત્મજ્ઞાન એ કોઈ જુદી લાઈન છે. એ અંદરનો ફાંટો જુદો પડે છે અને એને પ્રાપ્ત કરવા માટે પુરુષાર્થ કરવો પડે. બીજી બીજી લાઈન તો બહિર્ ભાવ

અનાદિથી હોવાથી બહિર્લક્ષી બંને ગુણોના જ્ઞાનના અને ચારિત્રના ક્ષયોપશમમાં બહિર્લક્ષે આ જીવ અનંત વાર આગળ વધ્યો છે, પણ એણે કદિ સ્વરૂપનું લક્ષ કર્યું નથી. અંતર્લક્ષ કર્યું નથી અને અંતરની દિશામાં એ આગળ વધીને સ્વરૂપની પ્રાપ્તિ અંતર્મુખ થઈને એણે કરી. અને આ ખાસ પ્રકારની જે કાર્યપદ્ધતિ છે, ખાસ લાઈન છે, એ રસ્તે ચડવું અને એ રસ્તે ચડવા માટે જ બધી શક્તિને લગાવવી, એ સિવાય શક્તિને બીજી દિશામાં અને બીજી રીતે ક્યાંય લગાવવી નહિ. એવો દૃઢ નિશ્ચય કરીને જો જીવ બરાબર પુરુષાર્થ કરે, પાછળ લાગે તો એને જરૂર કાર્યસિદ્ધિ થાય, થાય ને થાય જ.

'બહેનશ્રી'એ એ વિષયમાં બહુ સરસ લખ્યું છે કે જીવ ધર્મના ક્ષેત્રમાં પ્રવેશ્યા પછી પણ રહી જવાના કેવી કેવી રીતના કારણો બન્યા છે ! કેવી કેવી રીતે પાછો પડી ગયો છે ! ૬૦ નંબરનો બોલ છે. **'અનાદિકાળથી અજ્ઞાની જીવ સંસારમાં ભમતો ભમતો, સુખની ઝંખનામાં વિષયોની પાછળ દોડતો દોડતો, અનંત દુઃખોને વેઠતો રહ્યા છે.'** આ એક સામાન્ય પરિસ્થિતિ લીધી છે કે અનાદિ કાળથી વર્તમાન સુધીમાં આ જીવની સ્થિતિ શું રહી ? એક વાક્યમાં આ પૂરું કર્યું. સંસારમાં એણે પરિભ્રમણ કર્યું, ચોરાશી લાખ યોનિમાં જન્મ-મરણ થયા. તમામ ભવમાં એને સુખની ઝંખના રહી, સુખ પ્રાપ્તિની એને ઈચ્છા રહી. તીવ્ર ઈચ્છાને ઝંખના કહે છે. અને એ સુખ માટે એ પંચેન્દ્રિયના વિષયની અંદર દોડતો રહ્યો. અને એ દોડમાં એણે અનંત દુઃખને વેઠવા સિવાય બીજી કાંઈ એની દશા થઈ નથી. દુઃખી થયો છે.

હવે એમાં **'કોઈ વાર...'** કોઈ કોઈવાર એવું બન્યું છે. આવું બન્યું છે એમાં આ સિવાય કોઈ કોઈ ધર્મની બાબતમાં શું બન્યું છે ? કે **'કોઈ વાર તેને સાચું સુખ દેખાડનારા મળ્યા...'** એને સુખ જોઈતું હતું ને ? સુખની પાછળ તો એની દોડ હતી. તો **'કોઈ વાર તેને સાચું સુખ દેખાડનારા મળ્યા તો શંકા રાખીને અટક્યો,...'** કે ક્યાંક એ નહિ ભૂલ્યા હોય એની શી ખાતરી ? એની પણ ભૂલ થઈ હોય. તો એને એ સાચું સુખ દેખાડનાર ઉપર વિશ્વાસ ન રહ્યો. અવિશ્વાસની નજરે એણે સમાગમ કર્યો. એવું ક્યારેક બન્યું.

**'કોઈ વાર સાચું સુખ દેખાડનારની અવગણના કરીને પોતાનું સાચું સ્વરૂપ મેળવતાં અટક્યો,...'** કોઈવાર એણે સાચું સુખ દેખાડનારને સાંભળ્યા અને સાંભળ્યા છતાં એને અવગણ્યા, એને ગૌણ કર્યા. અને એ રીતે એની અવગણના કરવાથી એને પોતાનું સ્વરૂપ પ્રાપ્ત થતું અટક્યું. સ્વરૂપ સાંભળવા મળ્યું પણ એની પ્રાપ્તિ થઈ નહિ. **'કોઈ વાર પુરુષાર્થ કર્યા વિના અટક્યો,...'** સમજ્યો ખરો. બહિર્લક્ષે શાસ્ત્ર સમજ્યો બરાબર કે આ આમ જ કહેવા માગે છે. અગિયારમી ગાથામાં ભૂતાર્થનો જ આશ્રય કરાવવા માગે છે. સમજ્યો તો ખરો પણ પુરુષાર્થ કરતા અટક્યો. એણે તત્સંબંધિત અંતર્મુખ થવાનો પુરુષાર્થ કર્યો નહિ.

**'કોઈવાર પુરુષાર્થ કર્યા વિના અટક્યો, કોઈવાર પુરુષાર્થ કર્યો તો થોડા પુરુષાર્થે માટે ત્યાંથી અટક્યો ને પડ્યો.'** કોઈવાર થોડો પુરુષાર્થ પણ કર્યો, તો વળી પાછો ક્યાંક બીજે રવાડે ચડી ગયો. અથવા તો પાછો પરિણામમાં ઉતરી ગયો. રુચિ થઈ હતી, વળી પાછી અરુચિ થઈ ગઈ. **'આ રીતે જીવ પોતાનું સ્વરૂપ મેળવતાં...'** એટલે પામતા **'અનંતવાર અટક્યો.'** આવા પ્રકાર પણ અનંત વાર બન્યા છે. **'પુણ્યોદયે આ દેહ પામ્યો, આ દશા પામ્યો, આવા સત્પુરુષ મળ્યા;...'** 'ગુરુદેવ'ની ઉપસ્થિતિમાં બધું બોલતા હતા ને. પ્રવચનમાં બોલેલા છે. બહેનોની સભામાં પ્રવચનમાં બોલતા હતા. 'ગુરુદેવ' ઉપસ્થિત હતા. એટલે ભાષા એ રીતે આવી છે. અત્યારે તો 'ગુરુદેવ' ભૂતકાળમાં ગયા. ત્યારે તો આ વાત હતી ને.

**'પુણ્યોદયે આ દેહ પામ્યો, આ દશા પામ્યો, આવા સત્પુરુષ મળ્યા; હવે જો પુરુષાર્થ નહિ કરે તો ક્યા ભવે કરશે ?'** હવે જો અત્યારે તારે પુરુષાર્થ નથી કરવો આવા સત્પુરુષ મળ્યા છતાં, હવે કે દિ' તારે કરવું છે ? પછી કોઈ દિ' કરવું છે એ વાત રહેતી નથી. **'હે જીવ ! પુરુષાર્થ કર; આવી જોગવાઈ અને સાચું આત્મસ્વરૂપ બતાવનારા સત્પુરુષ ફરી ફરી નહિ મળે.'** આવી જોગવાઈ-વ્યવસ્થા, આવી સગવડ, આવું સમજાવનારા આવા સત્પુરુષ ફરી ફરીને અનંત કાળે પણ મળતા નથી. એ ૬૦માં બોલમાં એ વાત લીધી છે.

મુમુક્ષુ :- અમારા દિગંબરો ઉપર બહુ મોટો ઉપકાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- જેને ધર્મ પ્રાપ્તિ કરવી છે એ બધા જીવો ઉપર, આખા સમાજ ઉપર ઉપકાર છે. દિગંબરો-શ્વેતાંબરો જે જ્યાંથી આવ્યા હોય ત્યાંથી. અન્યમાંથી આવે, શ્વેતાંબરમાંથી આવે, દિગંબરમાંથી આવે, જેને પોતાને કલ્યાણની ભાવના છે એને માર્ગ બહુ સ્પષ્ટ કરી દીધો છે, ચોખ્ખો કરી દીધો છે. એટલે તો કહ્યું ને કે 'ગુરુદેવે' જે આ પાયો નાખ્યો છે એ પંચમકાળના છેડા સુધી ચાલશે, રહેશે. એવો પાયો નાખ્યો છે. ભગવાન 'મહાવીરસ્વામી'નું આ શાસન છે. અને ૨૫૦૦ વર્ષે તો જાણે આ કાળની અંદર તો એકદમ મૃતઃપ્રાય થઈ ગયું હતું. એ 'ગુરુદેવ'નો એવો પુણ્યોદય હતો, એવી પોતાની યોગ્યતા હતી, એક મોટો જુવાળ આવ્યો. હજારો, લાખો માણસો આમાં ભળ્યા અને લાખો ગમે એમણે કહેલી વાત લાખો પુસ્તકોની અંદર પુસ્તકારૂઢ થઈ. હવે એ એમ ને એમ ચાલુ રહેશે. આ કાંઈ અસ્ત થશે નહિ. પંચમકાળના છેડા સુધી નહિ ભૂંસાય. ચાલવાનું જ છે.

શું કહે છે ? કે '**સ્યાદ્વાદ સાધક છે, યથાર્થ પદાર્થની સાધના સાધ્ય છે.**' સ્યાદ્વાદ દ્વારા પદાર્થની યથાર્થ સાધના થવી ઘટે છે. ત્યારે સ્યાદ્વાદ સાધક છે. પદાર્થ યથાર્થ રીતે સધાય નહિ તો એ સ્યાદ્વાદ એને માટે સાધક રહેતો નથી. સ્યાદ્વાદમાં એવું સાધકપણાનું નિમિત્તત્વ છે ખરું, એમ લેવું છે. સાધના જે નૈમિત્તિકભાવ છે એનું નિમિત્તત્વ જિનવાણીમાં રહેલું છે. તેથી યથાર્થ પદાર્થની સાધના તેનાથી સાધ્ય છે.

'**ભલી ભાવના સાધક છે, વિશુદ્ધજ્ઞાનકળા સાધ્ય છે,...**' અહીંયાં ભાવનાથી જ્ઞાન લીધું. '**ભલી ભાવના...**' એટલે આત્માનું કલ્યાણ કરવાની ભાવના, આત્મપ્રાપ્તિની ભાવના સાધક છે અને તેના દ્વારા '**વિશુદ્ધજ્ઞાનકળા સાધ્ય છે,...**' જ્ઞાનની શુદ્ધિ થવી, જ્ઞાન ચોખ્ખું-સ્વચ્છ થવું, નિર્મળ થવું. વિશુદ્ધ એટલે અહીંયાં જ્ઞાન નિર્મળ થવું. તે જ્ઞાનકળા સાધ્ય છે. નિર્મળ જ્ઞાનની, સમ્યક્જ્ઞાનની કળા સાધ્ય છે. શેના દ્વારા ? કે સ્વરૂપની પ્રાપ્તિની ભાવના દ્વારા. ભલી (ભાવના). ભલીમાં બે અર્થ કરે છે. ભલી એટલે સુંદર કલ્યાણકારી. આત્માનું ભલું થાય તે ભલી ભાવના. અને ભલી એટલે સારી રીતે ઉત્પન્ન થયેલી ભાવના. મોળી નહિ, પાતળી નહિ. ભલીભાંતિ નથી કહેતા ? એટલે

ચોક્કસ પ્રકારે, સારા પ્રકારે. એમ આ સારી ભાવના ઉત્પન્ન થતાં, ઉત્કૃષ્ટ ભાવના ઉત્પન્ન થતાં.

મુમુક્ષુ :- ચૈતન્યમાંથી ઉગેલી ભાવના તે ખરી ભાવના છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ ભલી ભાવના છે. ૨૧મો બોલ છે. ચૈતન્યમાંથી ઉત્પન્ન થયેલી ભાવના ચૈતન્યની પ્રાપ્તિ કરાવે જ. ચૈતન્યમાંથી ઉત્પન્ન થયેલી એટલે કે રાગ-દ્વેષમાંથી ઉત્પન્ન નહિ થયેલી. એમ અસ્તિ-નાસ્તિથી સ્પષ્ટ કર્યું છે. ચૌદ બ્રહ્માંડ ફરે તોપણ બીજું એનું ફળ આવી શકે નહિ.

એકવાર પ્રત્યક્ષ ચર્ચામાં એનો ખુલાસો કર્યો છે. આપે આ ચૌદ બ્રહ્માંડની વાત કહી છે. અહીંયાં બહુ જોરથી વાત કરી છે. આની પાછળનું ગણિત શું છે ? આની પાછળનું શું ગણિત છે ? કે જગતની અંદર પુણ્ય-પાપના ફળ છે એ પ્રત્યક્ષ તો જોવામાં આવે છે. જે જીવો પાપ પરિણામ કરે છે એનો ભોગવટો પણ જોવામાં આવે છે. પુણ્ય કરેલાનો ભોગવટો પણ જોવામાં આવે છે. બંને વિકારી પરિણામ છે. જો વિકારી પરિણામ સાથે કુદરત બંધાયેલી છે. અહીંયાં આયુષ્ય પૂરું કરે અને સીધો ફળ ભોગવવા જાય. જેવા પરિણામ કર્યા હોય એનું ફળ ભોગવવા જાય ને. કોઈપણ સાધન ને વાહન મળ્યા વિના કરોડો-અબજો યોજનનું અંતર સમયમાત્રમાં કાપે છે. કેટલામાં ? સમયની અંદર અંતર કાપે છે. નારકીમાં જાય તો એટલે નીચે જાય. દેવલોકમાં જાય તો એટલે ઉપર જાય. એમ બીજે જાય તોપણ હજારો-લાખો કરોડો યોજનનું અંતર કાપવા માટે કયું સાધન મળે છે ? અહીંયાં એમ કહે કે, મોટર હોય તો જવાય, એરોપ્લેન હોય તો જવાય. સાધન વગર કાંઈ ચાલે છે ? ક્યું સાધન છે ? એકલો જાય છે વિગ્રહ ગતિમાં. કુદરત છે. કુદરત બંધાયેલી છે.

જો વિકારી પરિણામ સાથે કુદરત બંધાયેલી છે તો નિર્મળ પરિણામ સાથે કુદરત નથી બંધાયેલી, એમ કેમ બને ? એની સાથે પણ કુદરત વધારે સજ્જ રીતે બંધાયેલી છે. જેના પરિણામમાં નિર્મળતા આવે, દોષનો અભાવ થાય એને પોતાના સ્વરૂપની સીધી પ્રાપ્તિ ન થાય એમ કેમ બને ? બની જ કેવી રીતે શકે ? એ ન બને એવું કોઈ દિવસ બનતું નથી. જે આત્મા પોતાનું હિત કરવા નીકળ્યો એનું અહિત કોણ કરી

શકે ? જે છૂટનાર છે એને કોઈ બાંધનાર નથી. અને જે સ્વયં બંધાનાર છે એને કોઈ છોડાવનાર પણ નથી. આ તો 'શ્રીમદ્જી' લખી ગયા છે.

**'ભલી ભાવના સાધક છે, વિશુદ્ધજ્ઞાનકલા સાધ્ય છે,...'**

મુમુક્ષુ :- બધા જ્ઞાનીના વચનો મેળવાળા જ વચનો આવે છે બધા.

પૂજ્ય ભાઈશ્રી :- એક જ અભિપ્રાયથી, એક જ રસ્તે, એક જ અનુભવથી, એક જ પદાર્થના અનુભવથી, એક જ માર્ગે ચાલનારા, એક જ પ્રકારની દશાને અનુભવગમ્ય રીતે પ્રસિદ્ધ કરનારા છે બધા. પછી બીજી વાત કેવી રીતે આવે ? બીજી વાત આવે તો સમજવું કે એનો રસ્તો કાંઈક બીજો હતો. એને કાંઈક અનુભવ બીજો થયો છે. બાકી તો ત્રણે કાળના જ્ઞાનીનો એક જ અભિપ્રાય હોય છે. અનંતા જ્ઞાનીઓનો એક અભિપ્રાય.

**'વિશુદ્ધજ્ઞાનકલા સાધક છે, નિજ પરમાત્મા સાધ્ય છે,...'** વિશુદ્ધજ્ઞાનકલા સાધક છે એટલે નિર્મળ જ્ઞાનની કળા, સમ્યક્જ્ઞાનની કળા સાધક છે અને તેના ફળમાં જે પરમાત્મ દશા, પરિપૂર્ણ શુદ્ધ દશા થવી તે સાધ્ય છે. એના ફળમાં બીજું કાંઈ થાય એવું કદિ બને નહિ. પરમાત્મ દશાની સિદ્ધિ થાય છે. એટલે તો 'સોગાનીજી'એ કહ્યું કે પહેલા એવું લાગતું હતું કે મોક્ષ ? કેવી રીતે આપણે મોક્ષ પામીએ ? સંસારી જીવડો મોક્ષ થાય એ તો કોઈ જંગલમાં રહેનારા યોગીઓનો, જ્ઞાની, ધ્યાની, યોગી હોય એનું કામ છે. આ વાત સમજાણી ત્યારે ખ્યાલ આવ્યો કે, અરે..! જ્ઞાનકળાથી તો મોક્ષ સધાય છે. હું મોક્ષસ્વરૂપ છું એ તો કબજામાં આવી ગયું, નિજ સ્વરૂપ તો દૃષ્ટિના કબજામાં આવી ગયું. હવે મોક્ષ નહિ થાય એ વાત રહેતી નથી. સહજ જ મોક્ષની ઉત્પત્તિ થશે. તો એ વસ્તુ હાથવેંતમાં જોવામાં આવે છે.

**'વિશુદ્ધજ્ઞાનકલા સાધક છે, નિજ પરમાત્મા સાધ્ય છે,...'** એ પ્રતીતિ આવે એવો વિષય છે. સાધ્ય-સાધકના બોલ એવા છે કે અહીંયાં પ્રતીતિ આવે એવો વિષય છે. **'વિવેક સાધક છે, કાર્ય સાધ્ય છે.'** કાર્ય વિવેકે નિપજે. કાર્ય એટલે અહીંયાં ધર્મ. **'વિવેક સાધક છે,...'** સ્વ-પરની ભિન્નતાનો, સ્વભાવ-વિભાવની ભિન્નતાનો વિવેક સાધક છે અને નિજ કાર્ય અથવા નિજ ધર્મ છે એ સાધ્ય છે. તેના દ્વારા

પોતાનો જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ધર્મ અથવા કાર્ય સધાય છે. વિવેકે કાર્ય નિપજે છે.

મુમુક્ષુ :- વિવેકમાં ભેદજ્ઞાન લેવું ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભેદજ્ઞાનને જ વિવેક કહ્યો છે. અથવા વિવેકનો સામાન્ય અર્થ એવો છે કે દોષને દોષ જાણે, ગુણને ગુણ જાણે. દોષને પણ ગુણ જાણે એને કાંઈ વિવેક કહેવાય નહિ. મુખ્ય વિવેક તો ગુણ-દોષમાં કરવાનો છે.

મુમુક્ષુ :- વિવેક નથી આને એમ કહીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- વિવેક એટલે શું પોતાને હિતકર છે, શું પોતાને અહિતકર છે. હિત અહિતની જાગૃતિ એનું નામ વિવેક કહેવામાં આવે છે. જેને અંતરમાં પોતાના હિત અહિતના ભાવો સંબંધીની જાગૃતિ આવી ગઈ એને કાર્ય સધાય છે. એને નિજ કાર્ય, પ્રયોજનભૂત કાર્ય પોતાનું સધાય છે. બીજાને સધાતું નથી. અહીં સુધી રાખીએ...

પ્રયોગનો પ્રારંભ તત્ત્વજ્ઞાનની સમજણને વર્તમાન ઉદયકાળે લાગુ કરવાથી થાય છે, આમ કરવામાં, અનુભવાતા ભાવોનું અવલોકન થાય છે. અને અવલોકન ચાલુ રહેવાથી રાગનો અનુભવ અને જ્ઞાનનો અનુભવ - એમ બંન્ને ભાવોની અનુભવથી ભિન્નતા જણાય છે. તેમ થતાં ભેદજ્ઞાનનો વિધિ-નિષેધયુક્ત પુરુષાર્થ ચાલુ થાય છે. - આમ પ્રયોગ કાળે પુરુષાર્થ શરૂ થાય છે અને તેથી જ સ્વરૂપનું ભાવભાસન આવે છે સ્પષ્ટ અનુભવાંશે - જેથી અપૂર્વ મહિમા સહિત પુરુષાર્થમાં વેગ આવે છે અને લીનતા થાય છે. (અનુભવસંજીવની - ૭૮૩)

**તા. ૧૦–૧–૧૯૮૭, પાના નં. ૪૭, પ્રવચન નં. ૯૩**

'અનુભવપ્રકાશ' પાનું-૪૬, ઉપરથી છઠ્ઠી લીટી. '**ધર્મધ્યાન સાધક છે, શુક્લધ્યાન સાધ્ય છે.**' શુક્લધ્યાન થયા પહેલા ધર્મધ્યાન હોય છે. અર્થાત્ ધર્મધ્યાનની ઉત્પત્તિ થયા વિના કોઈને સીધું શુક્લધ્યાનની ઉત્પત્તિ થાય એવું બનતું નથી. વિચાર કરતાં કરતાં કેવળજ્ઞાન થાય, એનો આમાં નિષેધ આવી જાય છે. વિચારની દશા એ આર્તધ્યાનની છે. નિર્વિકલ્પ શુદ્ધોપયોગરૂપ ધર્મધ્યાન, એ ધર્મધ્યાનમાં વિશેષ એકાગ્રતા, નિર્મળતા અને ઉજ્વળતા થતા શુક્લધ્યાનની ઉત્પત્તિ હોય છે. તેથી ધર્મધ્યાન સાધક છે અને શુક્લધ્યાન સાધ્ય છે. આર્તધ્યાન સાધક છે અને શુક્લધ્યાન સાધ્ય છે એવું નથી. તેમ આર્તધ્યાન સાધક છે અને ધર્મધ્યાન સાધ્ય છે એમ પણ નથી.

મુમુક્ષુ :- ચોથાથી જ ચાલુ થઈ જાય ધર્મધ્યાન ?

પૂજ્ય ભાઈશ્રી :- ધર્મધ્યાન ચોથા ગુણસ્થાનથી ચાલુ થાય છે. પણ ત્યાં ધર્મધ્યાન બહુ જઘન્ય સ્થિતિમાં છે. પાંચમામાં પણ સામાન્ય સ્થિતિ છે. સાતમા ગુણસ્થાનથી ધર્મધ્યાન બરાબર છે. ત્યાંથી જ શ્રેણી માંડે. આગળ વધે. સાતમું નિર્વિકલ્પ દશા છે, આઠમું નિર્વિકલ્પ દશા છે. પછી ઉપર જાય. અપૂર્વકરણથી ઉપર જાય ત્યારે શુક્લધ્યાન પ્રગટે. અને શુક્લધ્યાન પ્રગટે એમાં કેવળજ્ઞાન પ્રગટે.

મુમુક્ષુ :- ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં ફેર ?

પૂજ્ય ભાઈશ્રી :- બહુ ફેર છે એમાં. ધર્મધ્યાન ચોથે પણ છે અને સાતમે પણ છે. આ એક આત્માની એકાગ્રતાનો અસાધારણ તબક્કો છે. એકાગ્રતા અપેક્ષાએ પણ અસાધારણતા છે અને નિર્મળતાની અપેક્ષાએ પણ અસાધારણતા છે.

કોઈ જીવ સમ્યક્ સન્મુખ થયો છે એને જ્ઞાનરસ, ચૈતન્યરસ, આત્મરસ જાગૃત થયો છે. પુરુષાર્થ શરૂ થયો છે. અને પુરુષાર્થ કરતા આગળ વધી રહ્યો છે. તોપણ સવિકલ્પ દશામાં જે પુરુષાર્થની સ્થિતિ

છે અને નિર્વિકલ્પ દશામાં જે પુરુષાર્થ પાછો આગળ વધ્યો છે, એમાં ઘણો ફેર છે, બહુ મોટો ફેર છે.

એ જ પ્રમાણે ચોથા ગુણસ્થાનની સાધકદશા છે અને છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની સાધકદશા છે, એમાં બહુ મોટો ફેર છે. એ ફેર સમ્યગ્દૃષ્ટિ જાણે છે અને તેથી એ દશાની ભાવના ભાવે છે કે આવી દશા ક્યારે (પ્રગટે) ? અપૂર્વ આવી દશા, આ તો અપૂર્વ કોઈ દશા છે. એ તફાવત એ જાણે છે. પોતે સાધક હોવા છતાં એ તફાવત જાણે છે. એટલે એ દશાની ભાવના ભાવે છે. એમ એ દશા પછી જે શુક્લધ્યાનનો પુરુષાર્થ છે એ આખો જુદો તબક્કો છે.

એટલે મુમુક્ષુએ આ બધી દશાનું જ્ઞાન કરતા એમ સમજવું જોઈએ કે રસ્તો બહુ લાંબો કાપવાનો બાકી છે હજી. ઘણો રસ્તો લાંબો બાકી છે એટલે શીઘ્રતાથી, ત્વરાથી આમાં કામ લેવા જેવું છે. એમ એનો અર્થ નીકળે છે. તાત્પર્યાર્થ એ નીકળે છે કે આટલા કોઈ કોઈ જુદા અસાધારણ પુરુષાર્થના તબક્કા વટાવ્યા પછી આત્માની સિદ્ધિ થાય છે. અથવા ત્યારે એને મોક્ષ થઈને જન્મ-મરણ મટે છે અને સંસાર છૂટે છે. તો આટલો રસ્તો લાંબો કાપવાનો છે માટે હવે ઉતાવળ કરવી જોઈએ. એમ એમાંથી નીકળે છે.

મુમુક્ષુ :- ... સ્થિરતા પ્રગટે તો ધ્યાનનું ફળ સ્થિરતા-ચારિત્ર છે એમ થયું ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ધ્યાન પોતે જ ચારિત્રરૂપ છે.

મુમુક્ષુ :- ધ્યાન સાધક છે અને સ્થિરતા સાધ્ય છે.

પૂજ્ય ભાઈશ્રી :- સાધ્ય છે. બરાબર છે.

મુમુક્ષુ :- તો આમાં એમ આવ્યું કે સ્થિરતા સાધક છે અને ધ્યાન સાધ્ય છે તો એ બેમાં ખરું શું ?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે ત્યાં શું છે કે સ્થિરતાનો પુરુષાર્થ સાધક છે અને સ્થિરતા થવી તે સાધ્ય છે. અનુભવનો પુરુષાર્થ સાધક છે અને અનુભવ થવો તે સાધ્ય છે. એમ સ્થિરતા માટે જે પ્રયત્નવાન છે એ પ્રયત્નવાનમાં સ્થિરતા સાધક છે અને ધ્યાન સાધ્ય છે. ધ્યાન પણ એક સ્થિરતાની જ પર્યાય છે. ધ્યાન પોતે પણ સ્થિરતાની પર્યાય છે. પણ જ્યારે એમાં ને એમાં સાધ્ય-સાધકના બોલ લીધા હોય ત્યારે અલ્પ

સ્થિરતા અથવા સ્થિરતા વધારવાનો જે કાળ છે, એનો જે પ્રયત્ન છે એ સાધક થાય છે અને વધેલી સ્થિરતા તે સાધ્ય થાય છે.

જેમકે સંવર સાધ્ય છે અને નિર્જરા સાધ્ય છે. તો સંવર વખતે નિર્જરા છે કે નહિ ? જ્યારે સંવર થાય છે ત્યારે નિર્જરા છે કે નહિ ? કે પછી સધાય છે ? સંવર વખતે પણ નિર્જરા છે. છતાં સંવર તે સાધ્ય છે અને નિર્જરા તે સાધ્ય છે. એકની એક પર્યાયમાં પણ ઉતરે, પૂર્વ-ઉત્તર પર્યાયમાં પણ ઉતરે. જે રીતે અર્થઘટન લેવું હોય એ રીતે.

મુમુક્ષુ :- ધ્યાન પ્રગટ્યા પછી જ ચારિત્ર ગણાય ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. ધ્યાન પોતે જ ચારિત્ર છે, સ્થિરતા પોતે જ ચારિત્ર છે. સ્વરૂપસ્થિરતા એ પોતે સ્વયં ચારિત્ર છે અને ધ્યાનની દશા એ પણ સ્વયં ચારિત્ર જ છે. ધ્યાનને સ્થિરતા પણ કહેવાય અને સ્થિરતાને ધ્યાન પણ કહેવાય. સ્વરૂપસ્થિરતા એ ધ્યાન છે અને સ્વરૂપસ્થિરતા એ ચારિત્ર છે. બધું એક જ છે એ તો.

મુમુક્ષુ :- ભાવચારિત્ર કહેવાય ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભાવચારિત્ર જ છે. ભાવચારિત્ર એ ચારિત્ર છે. આત્માના ભાવનું ચારિત્ર એ જ સાચું ચારિત્ર છે. ઓલો તો ઉપચાર આવે છે પછી. પછી સ્થિરતાને કારણે, વીતરાગતાને કારણે વિકલ્પ અને રાગ ઉત્પન્ન થતા નથી, તેથી તેની-રાગની, દેહ-મન-વચન-કાયાની પ્રવૃત્તિ હોતી નથી, ત્યારે એને બાહ્ય ત્યાગ ગણીને એને ચારિત્ર કહેવામાં આવ્યું છે. પણ એ તો કહેવામાત્ર છે. એ કાંઈ આત્માની પર્યાય નથી. પરપદાર્થની પ્રવૃત્તિ ન થવી કે થવી એ બંને આત્માની પર્યાય નથી. એટલે એ આત્માનું ચારિત્ર નથી. પણ છતાં અહીંયાં અંદરના ચારિત્રને બતાવવા માટે બહારના ચારિત્ર ઉપર ઉપચાર કરવામાં આવે છે. કેમકે અંદરનું ચારિત્ર બધા નથી સમજી શકતા. એટલે બહારથી બતાવવામાં આવે છે. એમ છે.

**'ધર્મધ્યાન સાધક છે, શુક્લધ્યાન સાધ્ય છે. શુક્લધ્યાન સાધક છે, સાક્ષાત્ મોક્ષ સાધ્ય છે.'** શુક્લધ્યાનમાં આવે છે એને સાક્ષાત્ મોક્ષ થાય છે. શુક્લધ્યાનમાં આવ્યા વિના કોઈને મોક્ષ થાય છે એવું બનતું નથી. આવી જે મોક્ષમાર્ગની વ્યવસ્થા છે, વ્યવસ્થિત અવસ્થાઓ ઉત્પન્ન થાય છે એવું નિરૂપણ માત્ર જૈનદર્શનમાં છે. મોક્ષને સ્વીકારનારા

આસ્તિક્ય દર્શનો છે, પણ મોક્ષમાર્ગનું આવું સ્વરૂપ ક્યાંય નથી. જોકે મોક્ષનું પણ આવું સ્વરૂપ નથી. પણ છતાં મોક્ષ એટલે સંસારથી છૂટવું, જન્મ-મરણ મટવું, દુઃખ મટવું એવી બધી મોટી મોટી વાતો તો આવે છે.

આત્માનું સંપૂર્ણ શુદ્ધિકરણ થઈ જાય એટલે મોક્ષ થાય, એવી વાત તો ત્યાં નથી. પણ છતાં જન્મ-મરણથી મટવાની વાત છે ત્યાં. સંસારથી છૂટવાની વાત છે. પણ જો મોક્ષનું સ્વરૂપ બરાબર યથાર્થ જાણે તો મોક્ષમાર્ગથી મોક્ષ થાય છે, એ મોક્ષમાર્ગનું સ્વરૂપ પણ યથાર્થ જાણે. પણ એ તો વિપર્યાસ વધવાથી એ રીતે મતાંતરની સ્થાપના થાય છે. વિપર્યાસ ઘણો વધે ત્યારે એ જૈનદર્શન સિવાય અમારો પણ આ મત છે અને સાચો છે. શંકામાં ગળકા ખાતા હોવા છતાં અને મોક્ષ ન પામ્યા હોવા છતાં પણ એ બધી વાતો કલ્પિત સ્થાપે. એ તો ઘણો વિપર્યાસ છે. પણ જૈનમતમાં, જૈનશાસ્ત્રનું અધ્યયન કર્યા પછી પણ મતિવિપર્યાસ હોય તો એમાંથી પણ મોક્ષમાર્ગને વિષે કલ્પના થાય છે. મોક્ષ તો સ્વીકારે. સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ છે, સંપૂર્ણ શુદ્ધિરૂપ મોક્ષ છે એમ સ્વીકારે પણ મોક્ષના માર્ગમાં પાછી ગડબડ કરે. એનો ઉપાય છે એ મોક્ષ પામવાની વિધિ છે એની અંદર પાછા મતાંતર ઊપજે છે. એમાં પણ ન્યાય અને નિર્દોષતાને ન સ્વીકારે તો એ ભૂલા પડે છે.

મુમુક્ષુ :- આર્ત, રૌદ્રધ્યાન, .... શુક્લધ્યાન સાધક ....

પૂજ્ય ભાઈશ્રી :- આર્તધ્યાન છઠ્ઠા સુધી છે. સાતમાથી પછી આર્તધ્યાન નથી.

મુમુક્ષુ :- રૌદ્ર ?

પૂજ્ય ભાઈશ્રી :- રૌદ્ર ચોથા અને પાંચમા ગુણસ્થાન સુધી છે. પાંચમા સુધી રૌદ્ર છે. ઉત્કૃષ્ટ પાંચમે ન હોય પછી. મધ્યમ પાંચમા સુધી બહુ બહુ તો રૌદ્રધ્યાન થવું હોય તો થઈ જાય કોઈ જીવને. પાંચમા ગુણસ્થાનવર્તી જીવને પણ. નીચે. કેમકે એમાં તો અગિયાર પગથિયા છે. જઘન્ય, મધ્મય, ઉત્કૃષ્ટ પાંચમું. પણ પછી છઠ્ઠા ગુણસ્થાનથી રૌદ્રધ્યાન નથી. આર્તધ્યાન છે. અને સાતમાથી એકલું ધર્મધ્યાન છે. આઠમામાં એકલું ધર્મધ્યાન છે પછી ત્યાં આર્ત સાથે નથી.

મુમુક્ષુ :- ધર્મધ્યાન પ્રાપ્ત કર્યું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- અનંત કાળમાં નથી કર્યું. એકવાર પણ અનંત

કાળમાં ધર્મધ્યાનની પ્રાપ્તિ થાય તો એનો નિવેડો આવી જાય. આ એક વસ્તુની સુંદરતા છે એ ગણો, વસ્તુની સુવિધા છે એ ગણો. જે ગણો તે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- વિકલ્પમાત્ર, વિચારમાત્ર આર્તધ્યાન છે. સવિકલ્પ દશા એ આર્તધ્યાન છે. ધ્યાન અપેક્ષાએ તે આર્તધ્યાનનો પર્યાય છે. પછી ભગવાનની ભક્તિનો વિકલ્પ હોય, શાસ્ત્ર-સ્વાધ્યાયનો વિકલ્પ હોય એ આર્તધ્યાનની પર્યાય છે.

મુમુક્ષુ :- અઠ્યાવીશ મૂળગુણ પાળતા હોય...

પૂજ્ય ભાઈશ્રી :- એ પણ આર્તધ્યાન છે. વિકલ્પમાત્ર છે. બાહ્ય ચારિત્ર પાળવાનો વિચાર વિકલ્પ-રાગ, શુભરાગ આર્તધ્યાનની પર્યાય છે.

મુમુક્ષુ :- બધા વિકલ્પ આર્તધ્યાન છે ?

પૂજ્ય ભાઈશ્રી :- વિકલ્પમાત્ર. બુદ્ધિપૂર્વકનો રાગ એ તમામ આર્તધ્યાનની પર્યાય છે.

મુમુક્ષુ :- પોતાને મોક્ષ કરવો છે એવી ઇચ્છા ?

પૂજ્ય ભાઈશ્રી :- એ પણ આર્તધ્યાન છે. એટલે તો કહ્યું કે સમ્યગ્દૃષ્ટિને મોક્ષની ઇચ્છા નથી. ત્યાંથી લઈ લીધું. ચોથે ગુણસ્થાને માંડી એ વાત. ચોથે ગુણસ્થાને એ વાત પ્રસિદ્ધ કરી કે સમ્યગ્દૃષ્ટિને મોક્ષની ઇચ્છા નથી. તો શું એને સંસારમાં રહેવું છે એમ અર્થ થાય એનો ? ઇચ્છા નથી એટલે આર્તધ્યાન એને અભિપ્રાયમાં કર્તવ્ય નથી. એમ કહેવું છે. થાય છે ખરું. રૌદ્રધ્યાનનો સદ્ભાવ થાય છે, પણ એનો અભિપ્રાય તો રાગના કણને પણ પોષવાનો નથી. પછી મોક્ષ સંબંધી રાગ હોય. મોક્ષ તો એક સમયની પર્યાય છે પણ પોતાના સ્વભાવ સંબંધિત રાગ પણ નિષિદ્ધ છે.

એ તો સમ્યગ્દૃષ્ટિ ત્યારે થયો છે કે એને પોતાના સ્વભાવની અંદર રહેલા ગુણરત્નો ભાસ્યમાન થયા, આત્મા ઓળખાયો અને એ ચૈતન્યમાં રહેલી રિદ્ધિ છે, એ ચૈતન્ય રિદ્ધિ-સિદ્ધિ છે, એ ગુણરત્નો તો આત્માના છે, છતાં એના વિકલ્પમાં જેને રોકાવું નથી એ સમ્યગ્દૃષ્ટિ થયો છે. એના વિકલ્પમાં રોકાય ત્યાં સુધી હજી સમ્યગ્દૃષ્ટિ ન થાય. ત્યારે તો સમ્યગ્દૃષ્ટિ થયો છે. તો મોક્ષની ક્યાં પછી વાત કરવી ? પછી મોક્ષના વિકલ્પમાં રોકાવાનો, ઇચ્છામાં રોકાવાનો ક્યાં પ્રશ્ન છે ?

મુમુક્ષુ :- અંતર્મુખ ઉપયોગ લગાવવાનો પુરુષાર્થ કરે એ આર્તધ્યાન છે ?

પૂજ્ય ભાઈશ્રી :- પુરુષાર્થ એ આર્તધ્યાનનો વિષય નથી પણ જ્યાં સુધી વિકલ્પ છે ત્યાં સુધી આર્તધ્યાનનો સદ્‌ભાવ છે.

મુમુક્ષુ :- પરના વિકલ્પ આર્તધ્યાન બરાબર છે, પણ સ્વનો ?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપનો પણ વિકલ્પ છે એ આર્તધ્યાન છે.

મુમુક્ષુ :- ઉપયોગ લગાવવાનો પુરુષાર્થ કરે ઈ ?

પૂજ્ય ભાઈશ્રી :- પુરુષાર્થ જુદી વસ્તુ છે, વિકલ્પ જુદી વસ્તુ છે. બે જુદા જુદા ગુણ છે. .. પર્યાય છે. પુરુષાર્થને પર્યાય નથી. અહીંયાં ચારિત્રમાં શું થાય છે ? કે વિકલ્પ થાય છે. આર્તધ્યાન છે. બે જુદા જુદા ગુણની પર્યાય છે. વધતો-વધતો પુરુષાર્થ છે એ તો વિકલ્પને તોડશે. અંતર્મુખ થવા માટે જેનો પુરુષાર્થ ઉપડ્યો એ તો વિકલ્પને તોડવાનો છે. એ પુરુષાર્થ છે એ સાધક છે. પુરુષાર્થ ત્યાં સાધક છે અને ત્યાં ધર્મધ્યાન થવું તે સાધ્ય છે

મુમુક્ષુ :- એ આર્તધ્યાનમાં...

પૂજ્ય ભાઈશ્રી :- એ વખતનો વિકલ્પ આર્તધ્યાનમાં જાય. અને ચોથા ગુણસ્થાને આર્તધ્યાન અને ધર્મધ્યાન સાથે હોય છે. પરિણતિ છે એ ધર્મધ્યાનસ્વરૂપ છે અને સવિકલ્પ દશામાં આવ્યો અને પછી આત્માનો વિચાર કરે છે તો એ આર્તધ્યાનમાં જાય છે. ચોથા ગુણસ્થાને. આ તો મિથ્યાદષ્ટિની વાત લીધી પહેલા અંતર્મુખ થવા માટે. પણ સમ્યગ્દષ્ટિનો દષ્ટાંત સમર્થ છે એન કરતા. એને આત્માનો વિચાર, ધ્યાનનો વિચાર, ધ્યાનનો વિકલ્પ, આત્માનો વિકલ્પ એ આર્તધ્યાનમાં જાય છે અને એની જે નિર્વિકલ્પ પરિણતિ છે તે ધર્મધ્યાનમાં જાય છે. બે ધ્યાન સાથે છે. મિશ્ર દશા છે.

મુમુક્ષુ :- ... જે કાંઈ લગની લાગી ...

પૂજ્ય ભાઈશ્રી :- લગન નહિ, પરિણતિ જ છે એને તો. લગની તો હળવી પર્યાય છે. એને તો અભેદ પરિણતિ છે. દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ આત્માની સાથે અભેદ છે. એટલે એમાં લગની તો હળવી વાત છે. આ તો ધર્મની પર્યાય છે. સાક્ષાત્ ધર્મની પર્યાય છે. નિર્મળ પરિણતિ છે.

મુમુક્ષુ :- સ્પષ્ટ માર્ગ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એકદમ સ્પષ્ટ છે.

મુમુક્ષુ :- આર્તધ્યાનથી ધર્મધ્યાન ન થાય. તો એ બાજુ ગોટા કેમ ચાલે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ન સમજે તો ગોટો થાય. બીજું શું થાય ? સ્વરૂપ સમજે તો ગોટાળો ન થાય. એનું સ્વરૂપ સમજે તો વિષય સ્પષ્ટ છે. ગોળ ગોળ વાત નથી. એકદમ સ્પષ્ટ વિષય છે.

મુમુક્ષુ :- તીવ્ર પાપને આર્ત કહીએ...

પૂજ્ય ભાઈશ્રી :- તીવ્ર પાપને આર્તધ્યાન નહિ પણ અમુક હદે પાપ તીવ્ર થાય ત્યારે રૌદ્રધ્યાનમાં જાય પાછું. હિંસાનંદી, ચૌર્યાનંદી.

મુમુક્ષુ :- હિંસા કરતો હોય એમાં ખુશી મનાવીએ.

પૂજ્ય ભાઈશ્રી :- એ રૌદ્રધ્યાનમાં જાય. શું કર્યું ? અમેરિકાએ બોમ્બ ફેંક્યો અહીંયાં. જરૂર હતી એ લોકોને, આવા હતા ને તેવા હતા. પણ તું શું કરવા રૌદ્રધ્યાનમાં જાય છો ? એ રૌદ્રધ્યાન એને થઈ જાય છે. એટલો કષાય તીવ્ર ન દેખાય. પણ હજારો માણસોનો ભલે નાશ થઈ ગયો, એને રૌદ્રધ્યાન થઈ જાય છે, રૌદ્રધ્યાન થઈ જાય છે. તીવ્ર પાપનો અમુક તબક્કો વટાવે એટલે આર્ત અને એમાંથી રૌદ્રધ્યાન થઈ જાય પાછું.

મુમુક્ષુ :- સમ્યગ્દષ્ટિને સવિકલ્પ દશામાં તીવ્ર રસ નહિ હોવાને કારણે નરક અને તિર્યંચગતિનું આયુષ્યનો બંધન...

પૂજ્ય ભાઈશ્રી :- રસ નથી. અશુભનો એટલો રસ નથી. સમ્યગ્દષ્ટિ થતાં અશુભરસ ઘણો મટે છે અને શુભરસ વધે છે. શુભરસ થોડો વધે છે. અશુભરસ ઘણો મટે છે. એટલે એને શુભગતિ પડે છે, અશુભગતિ પડતી નથી. શુભ આયુષ્ય બંધાય છે, અશુભ આયુ બંધાતું નથી. ઘણી મોટા ભાગની જે અશુભપ્રકૃતિ ૪૭ પ્રકૃતિ છે એનો એને બંધ ન પડે. સમ્યગ્દષ્ટિને ૧૪૭માંથી ૪૭ બાદ છે. બાકીની ૧૦૦ પ્રકૃતિમાં મુખ્યપણે શુભ પ્રકૃતિનો બંધ પડે છે.

મુમુક્ષુ :- આર્તધ્યાનનું ફળ તો નરક અને તિર્યંચ ગતિ છે. તો સમ્યગ્દષ્ટિને આ જે સવિકલ્પ દશાની અંદર અશુભભાવ હોય છે, એમાં એને રસ નથી હોતો ?

પૂજ્ય ભાઈશ્રી :- રસ નથી. અને અશુભ ઉપયોગકાળમાં એને આયુષ્યનો બંધ નથી પડતો. સમ્યગ્દૃષ્ટિને અશુભ ઉપયોગ થાય છે. પણ અશુભ ઉપયોગના કાળમાં આયુષ્યનો બંધ નથી પડતો. એમ છે. અને આર્તધ્યાન હોવા છતાં તિર્યંચને નરકગતિના ગતિ અને આયુષ્ય બંધાય, નામ ગતિ, નામ કર્મની પ્રકૃતિ છે ને ગતિ છે ઈ, એટલે નામકર્મ અને આયુષ્યકર્મ, એ બંનેનો બંધ ન પડે. તિર્યંચનો કે નારકીનો ન પડે. એવું હોતું નથી. એટલી હદે હોતું નથી. વર્ગ એ છે, એનો ક્લાસ એ છે. છતાં એમાં એટલો ફેર છે. રસ ફરે છે ને.

મુમુક્ષુ :- શુભ કે અશુભ ભાવ ન હોય અને સહજપણે કાર્ય કરતો હોય તો ?

પૂજ્ય ભાઈશ્રી :- સહજપણે કોઈ ભાવ વિના કેવી રીતે કરે ? સહજ પણ ભાવ તો છે કે નહિ ? કાં શુભ છે અને કાં અશુભ છે અને કાં શુદ્ધ છે. પરિણામની ત્રણ જાતિ છે. એમાંથી કોઈ એક તો હોય જ. ભલે સહજ કે અસહજ. જે ગણો તે. પણ એ ત્રણમાંથી એક તો હોય. શું છે એ નક્કી કરવાનું. સહજપણે છે ત્યાં કયો ભાવ છે એ નક્કી કરવાનું. પરાશ્રિત પરિણામ નિયમથી રાગસહિત હોય. જે કોઈ પરપદાર્થ સંબંધિત કાર્ય હોય, પરનો આશ્રય જે પરિણામને થાય એમાં નિયમથી રાગની ઉત્પત્તિ થાય, થાય ને થાય જ. રાગ સહિતનું જ પરિણામ છે. પછી શુભ હોય કે અશુભ હોય. એમ છે.

મુમુક્ષુ :- બેમાંથી કાંઈ એવું ન બને.

પૂજ્ય ભાઈશ્રી :- ના, બને. લાવોને કોઈ એવો દૃષ્ટાંત હોય તો આપો.

મુમુક્ષુ :- જસની ઈચ્છા નથી કે અપજસની ઈચ્છા નથી...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. જસની કે અબજસની ભલે ઈચ્છા નથી પણ કાર્યની ઈચ્છા તો છે ને.

મુમુક્ષુ :- સહજપણે.

પૂજ્ય ભાઈશ્રી :- સહજપણે પણ ઈચ્છા થયા વગર ? સહજ ઈચ્છા તો થઈ ને ? એ ઈચ્છા પોતે જ રાગ છે. તમારે એક કાર્ય કરવું છે કે આપણે આટલું દાન આપી દ્યો. તમારે જસ-અબજસની ઈચ્છા નથી. પણ એ દાન આપવાના કાર્યની તો ઈચ્છા થઈ કે નહિ ? બસ,

તો એ શુભરાગ છે. જસ-અબજસ હોય તો જ રાગ ગણાય અને નહિતર ન ગણાય એવું કાંઈ નથી. વિકલ્પમાત્ર ઊઠ્યો એ રાગ છે. થોડામાં થોડો અલ્પ વિકલ્પ ઉઠ્યો એ પણ રાગ છે. એમ છે.

મુમુક્ષુ :- ઇચ્છા એ પરિગ્રહ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઇચ્છા જ પરિગ્રહ છે. 'ઉમાસ્વામી' મહારાજનું એ સૂત્ર છે. ઇચ્છા પરિગ્રહ છે. ઇચ્છામાત્ર. પછી ભલે ત્યાગ કરવાની ઇચ્છા હોય, પણ એ ઇચ્છા જ પરિગ્રહ છે. ઇચ્છા છોડાવી છે.

મુમુક્ષુ :- .. વીતરાગ...

પૂજ્ય ભાઈશ્રી :- વીતરાગતાના સ્વરૂપની સંપ્રદાયમાં સ્પષ્ટતા નથી.

થોડા વખત પહેલા ગણીજી આવ્યા હતા. એક તો બહુ તાજી દીક્ષા લીધેલા હતા. નાની ઉંમરના હતા. એના કાંઈક ગણીજી જેવા હશે. એ પ્રૌઢ હતા. એ કહે આ 'અપૂર્વ અવસર'માં ઉદાસીન વૃત્તિ કરી. માત્ર તે સંયમ હેતુ હોય. તો આ ઉદાસીનતા શું છે ? લ્યો, ઠીક ! ઉદાસીન શબ્દનો અર્થ પૂછતા હતા. શું જોઈને આ દીક્ષા લીધી હશે એ કાંઈ સમજાયું નહિ. આ તો આટલો સામાન્ય અર્થનો ખ્યાલ નથી. તો દીક્ષા લેવામાં કાંઈ ઉતાવળ નથી થઈ ? તો કહે, ના, હોં ! ઉતાવળ નથી થઈ. દીક્ષા તો બરાબર જ લીધી છે. આવું બધું ચાલે છે.

એ જગતની સામે જોઈને ... છે. જગતની સામે જોઈને બધું કર્યું છે. જ્ઞાનીની આજ્ઞાએ કે જ્ઞાનીની સામે જોઈને કાંઈ કર્યું નથી. જ્ઞાનીને મુખ્ય રાખીને કાંઈ કર્યું નથી. કર્યું છે બધું આ જીવે. દીક્ષા લીધી, કહેવાતા ચારિત્ર પાળ્યા, શાસ્ત્રો વાંચ્યા, અનેક પ્રકારનું જાણપણું કર્યું, પણ એ બધું જગતની સામે જોઈને. જગતના અભિપ્રાયથી ચાલ્યો છે. જીવ જ્ઞાનીના અભિપ્રાયે ચાલ્યો નથી. આ મોટી મુશ્કેલી છે. એટલે સંસાર મટ્યો નથી. સંસાર ઊભો રહ્યો છે. કર્યું છે બધું પણ સંસાર સાથે ને સાથે ઊભો રહ્યો છે.

શું કહે છે ? **'શુક્લધ્યાન સાધક છે, સાક્ષાત્ મોક્ષ સાધ્ય છે.'** અથવા શુક્લધ્યાન દ્વારા જ સાક્ષાત્ મોક્ષ સધાય છે અને સાક્ષાત્ મોક્ષ સધાવા પહેલા એ સિવાય બીજું કોઈ કારણ નથી. મોક્ષનું એકમાત્ર અનન્ય કારણ શુક્લધ્યાન છે. **'વીતરાગભાવ સાધક છે, કર્મ-અબંધ**

**(કર્મનો બંધ ન થવો તે) સાધ્ય છે.**' એ જ વીતરાગભાવના નિમિત્તે કર્મની પર્યાય સંબંધ ન કરે તો કર્મના પરમાણુનો સંબંધ બંધ ન થાય. બાકી વીતરાગભાવ સિવાયના કોઈપણ ભાવથી કર્મનો નવો સંબંધ થાય, થાય ને થાય જ.

મુમુક્ષુ :- વીતરાગભાવ કયા ગુણસ્થાનથી ?

પૂજ્ય ભાઈશ્રી :- કોઈપણ ગુણસ્થાનનો. ચોથા ગુણસ્થાને અબંધ દશા છે, પાંચમા ગુણસ્થાને અબંધ દશા છે. સળંગ મોક્ષમાર્ગની અંદર વીતરાગ ભાવના નિમિત્તે બંધ નથી. જેટલો રાગ છે એટલો બંધ છે. જેટલી વીતરાગતા છે એટલું અબંધપણું છે. એમ છે. વીતરાગભાવ છે એમાં અબંધદશા છે. બંધ અલ્પ છે, ત્યાં બંધ અલ્પ છે. એટલો અલ્પ છે અને અબંધપણું એટલું વિશેષ છે કે એક ન્યાયે એમ કહેવાય છે કે સમ્યગ્દૃષ્ટિ બંધાતો નથી. જેમ લાખો-કરોડો કમાતો હોય અને બજારમાં વ્યાજ પણ પાંચ, પચ્ચીસ હજાર, લાખ રૂપિયા ચૂકવી દે, કરોડો કમાતા. તો ઘણું કમાય છે એમ કહેવાય. ભાઈ, બહુ કમાય છે. ખોવે છે એમ કહેવાય નહિ. એ ન્યાયની વાત છે. ... એટલો રાગ રહ્યો છે. એના કારણે, એના નિમિત્તે બંધ છે. વીતરાગભાવથી તો અબંધદશા છે. એટલે '**વીતરાગભાવ સાધક છે. કર્મ-અબંધ (કર્મનો બંધ ન થવો તે) સાધ્ય છે.**'

'**સંવર સાધક છે, નિર્જરા સાધ્ય છે.**' બોલ આવે છે. સંવરને લઈને નિર્જરા છે. અથવા સંવર છે એ નવા કર્મને અટકાવે છે. નિર્જરા છે એ જૂના કર્મનો ક્ષય કરે છે. આમ નવા કર્મનું અટકવું એક જ ભાવે છે. એક જ ભાવના નિમિત્તે નવા કર્મ આવતા અટકે છે. તે જ ભાવના નિમિત્તે જૂના કર્મ ખરી જાય છે. આમ છે. ભાવ એક જ છે. બેયમાં નિમિત્ત પડે છે-જૂના અને નવાને બંનેને. એક સંવર પરિણામ ઊપજ્યો તો જૂના કર્મ આવતા અટકી ગયા. નવા કર્મ આવતા અટકી ગયા અને જૂના હતા એ ખરવા લાગ્યા. સંવર સાધક છે અને નિર્જરા સાધ્ય છે. કર્મની નિર્જરા સાધ્ય છે ત્યાં સંવર (સાધક) છે. '**નિર્જરા સાધક છે, મોક્ષ સાધ્ય છે.**' એ નિર્જરા વધતી વધતી મોક્ષને સાધે છે. તેથી '**નિર્જરા સાધક છે, મોક્ષ સાધ્ય છે.**'

'**ચિદ્વિકાર-અભાવ સાધક છે, શુદ્ધોપયોગ સાધ્ય છે.**'

શુદ્ધોપયોગ કોને થાય ? વળી પાછા ફેરવી ફેરવીને બોલ લ્યે છે. જે ચૈતન્યના પરિણામમાં વિકાર થાય છે એનો અભાવ થાય ત્યારે શુદ્ધોપયોગ થાય. વિકલ્પ ઊભો રહે અને શુદ્ધોપયોગ થાય એમ બનતું નથી. એટલે '**ચિદ્વિકાર-અભાવ સાધક છે, શુદ્ધોપયોગ સાધ્ય છે.**' જો ચિદ્વિકારનો અભાવ થાય તો શુદ્ધોપયોગ થાય. વિકલ્પ પણ ચાલુ રહે અને શુદ્ધોપયોગ પણ ઉત્પન્ન થાય, બે વાત બનતી નથી.

બહુ મંથનના બોલો છે કેટલાક તો. અહીંયાં વિકલ્પ મટતો નથી તો વિકલ્પ થાય છે શું કરવા ? એ મંથનનો વિષય છે. અને પોતે આત્મા નિર્વિકલ્પ તત્ત્વ છે, પોતે સ્વરૂપે કરીને નિર્વિકલ્પ છે, તો એ નિર્વિકલ્પ દશાની સાથે મેળ ખાય છે એવી મેળવાળી દશા કેમ નહિ ? વિકલ્પનું ઉત્થાન થવાનું એવું શું કારણ છે ? એ એના પોતાના મંથનનો વિષય થઈ જવો જોઈએ. એમ ઊંડા જવું જોઈએ. પોતાને પ્રતિબંધક કારણ, અવરોધ થવાનું કારણ શું છે ? એના ઊંડાણમાં પોતે જવું જોઈએ.

મુમુક્ષુ :- જોર નથી આવતું.

પૂજ્ય ભાઈશ્રી :- જોર નથી આવતું. એમ છે કે જોર વિનાનો નથી. સ્વરૂપ એટલે સ્વભાવ. જો સ્વભાવ પ્રત્યયી જોર જતું નથી તો વિભાવ પ્રત્યયી જોર જાય છે. જોર વિનાનો તો છે નહિ. વિભાવ પ્રત્યે જોર આવવાનું કે લાવવાનુ કે કરવાનું શું કારણ છે ? એ વાત એણે પોતે પોતામાં તપાસવી જોઈએ.

'બહેનશ્રી'ના બોલમાં આવે છે. આખા દિવસમાં પોતાને આત્માને હિતરૂપ પરિણામ કેવા થાય છે કે અહિતરૂપ પરિણામ કેવા થાય છે એ તપાસવા જોઈએ. આવે છે ? તપાસવા જોઈએ એ જ્ઞાનની ક્રિયા છે. એ જ્ઞાનની ક્રિયા છે. ભલે નાસ્તિનો વિષય સામે છે. એમ નથી કહ્યું કે તું એનો વિચાર કરજે. એને તું તપાસજે. તપાસવામાં માત્ર વિચાર કરવાનો નથી. તપાસવાની અંદર તો એના કારણ કાર્યના ઊંડાણમાં પણ એણે જવું પડે, તપાસમાં જવું પડે. એટલે અંતર સંશોધનનો વિષય છે. માત્ર શાસ્ત્રથી વાત સમજાય એનું રટણ કર્યા કરે અને અંતર સંશોધન ન ચાલે તો એ રટણની ટેવ પડી જશે. પછી એ ભલે રટણના વિષયમાં રાગથી ભિન્ન છું, પરથી ભિન્ન છું, દેહથી ભિન્ન છું, સંયોગથી ભિન્ન

છું. એ તો બધો એમ ને એમ વિકલ્પ ચાલ્યા કરવાનો. એમાં અંતર સંશોધન સાથે હોવું જોઈએ.

દ્રવ્યશ્રુતનું અવગાહન સમ્યક્ પ્રકારે જો થાય તો ભાવશ્રુતરૂપ આત્મજ્ઞાનની ઉત્પત્તિ થાય. દ્રવ્યશ્રુતમાં તો નિમિત્તપણું છે. સમ્યક્ અવગાહન. સમ્યક્ અવગાહન એટલે દિશા જેની અભિમુખ છે. પોતાની તરફની છે એવું અવગાહન કરવું. અવગાહન શબ્દ લીધો છે. વાંચન ન લીધું. દ્રવ્યશ્રુતનું વાંચન સાધક છે અને ભાવશ્રુત સાધ્ય છે એમ ન લીધું. દ્રવ્યશ્રુતનું સમ્યક્ અવગાહન કરવામાં આવે. વાચકના...

મુમુક્ષુ :- અવગાહન એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- અવગાહન એટલે ઊંડા અવલોકનને અવગાહન કહે છે. ઊંડું અવલોકન. દ્રવ્યશ્રુતના જે વાચક શબ્દો છે એના વાચ્યના ઊંડાણમાં જાય. દ્રવ્યશ્રુત છે એ આત્માના ભાવોનું વિવરણ કરે છે. અહીંયાં કોઈ કાપડની વાત આવવાની નથી કે મિષ્ટાનની વાત આવવાની નથી. અહીંયાં જીવના પરિણામો, વિકારી અવિકારી પરિણામોના વિજ્ઞાનનો વિષય ચાલે છે. તો એ જે વિષયની વાત ચાલે છે એનો વિષય તો પોતાના પરિણામ છે. વાતનો વિષય તો જીવના નિજ પરિણામ છે. તો એના એને ઊંડાં અવગાહનમાં જવું જોઈએ, ઊંડાં અવલોકનમાં જવું જોઈએ. તો એ ભાવશ્રુત પ્રગટાવે. એવું દ્રવ્યશ્રુતનું અવગાહન એવી રીતે કરવું જોઈએ કે જેના ફળમાં ભાવશ્રુત પ્રગટે.

જેમ કે કોઈ વાત નથી સમજાતી. દ્રવ્યશ્રુત શાસ્ત્ર વાંચતા કોઈ વાત નથી સમજાતી. તો માણસ શું વિચાર કરે છે કે આપણને આ સમજાતું નથી તો કોઈ સમજતા હોય એને જઈને પૂછીએ. આમ વિચાર કરે છે ને ? પણ એના બદલે એમ વિચાર કરે કે આનો ઉકેલ મારે લાવવો છે. મારે ને મારે આનો ઉકેલ લાવવો છે કે આ જે શાસ્ત્ર ચાલે છે એમાં પ્રકરણ કયું ચાલે છે ? કયો અધિકાર ચાલે છે ? અને એ પ્રકરણ અનુસાર જે ભાવ હોવો જોઈએ એ ભાવ કેવો હોવો જોઈએ ? એ વાચક શબ્દનો વાચ્યરૂપ ભાવ કેવો હોવો જોઈએ ? એટલે ભાવભાસન કરવાની એની પદ્ધતિ, ભાવભાસન લેવાની એની પદ્ધતિ હોવી જોઈએ. એને અવગાહન કહે છે. લ્યો, ઠીક !

જો ભાવ ન ભાસે; સાંભળતા, વાંચતા, વિચારતા ભાવ ન ભાસે

તો એ વાંચનનો કાંઈ અર્થ નથી. શબ્દનો અર્થ તો જ્ઞાનરસ ઊપજવાનું નિમિત્ત થવું જોઈએ. એ તો આગળ આપણે આવી ગયું છે. એ જ વિષય ચાલે છે.

મુમુક્ષુ :- મહિમા જ ન આવે.

પૂજ્ય ભાઈશ્રી :- મહિમા પણ ન આવે અને ખરેખર એને સમજાયું છે કે કેમ એ પ્રશ્ન છે. શબ્દનો અર્થ આવડતો હોવા છતાં સમજાયું છે એ એક પ્રશ્નવાચક ચિહ્ન છે. ખરેખર સમજાયું નથી. એમ છે.

મુમુક્ષુ :- પણ અર્થ બરાબર કરે છે તોય સમજાયું નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- ભાવ ન ભાસે તો શું થાય ? પોપટ બોલે બે ને બે ચાર. ગણિત સાચું હોય કે ખોટું પોપટનું ? ખોટું. કેમકે એને બે શું અને બીજા બે શું એનો સરવાળો ચાર શું એ કાંઈ ભાવ ભાસતો નથી. એને શીખવાડ્યું એ બોલે છે. એમ ભાવ ભાસ્યા વગરનું તો બધું એવું જ છે. ગોખણપટ્ટી જેવું છે.

મુમુક્ષુ :- ભાવભાસન થાય તો જ્ઞાનરસ ઊપજે ને ઊપજે જ.

પૂજ્ય ભાઈશ્રી :- ઊપજે જ ઊપજે. એવો નિયમ છે કે ઊપજે જ ઊપજે. ન ઊપજવાનો પ્રશ્ન રહેતો નથી.

જ્ઞાનરસમાં સ્વભાવરસ છે. જ્ઞાનરસમાં સ્વભાવરસ છે અને રાગરસમાં વિભાવરસ છે. રસ છે એ પરિણામની શક્તિ છે. વિભાવરસ તે કષાયશક્તિ છે અને જ્ઞાનરસ તે સ્વભાવશક્તિ છે. આમ પરિણામની શક્તિનો વિષય છે. શક્તિ કેળવવાનો આ પ્રકાર છે. હવે એ જ્ઞાનરસમાં જાય તો આત્મશક્તિને કેળવે. આ બાજુ વિભાવરસમાં જાય તો કષાયશક્તિને કેળવે. આખો આધાર, શક્તિનો આખો આધાર રસ ઉપર છે.

એટલે કહ્યું કે '**દ્રવ્યશ્રુતનું સમ્યગ્ અવગાહન...**' આ દ્રવ્યશ્રુત રોજ વંચાય છે. એક કલાકનો સ્વાધ્યાય. ઘરે પછી વાંચતા હોય તો એ '**દ્રવ્યશ્રુતનું સમ્યગ્ અવગાહન...**' થવું ઘટે છે. એમ લે છે. વાંચી જવું એમ નહિ. રોજ આટલા ટાઈમ વાંચી જવું. અથવા આટલા પાના વાંચવા. એક પાનું અથવા અનેક પાના. અથવા આટલો સમય વાંચવું. એનું કોઈ મહત્ત્વ નથી. કઈ રીતે વંચાય છે એનું મહત્ત્વ છે. પછી થોડું ને ઘણું એ ગણતરી કરવાની એને રહેતી નથી. જો સમ્યક્ અવગાહન થાય તો થોડા ઘણાની એને ગણતરી રહેતી નથી એનું કારણ શું છે ? કે

એમાં તો રસ આવે છે. જેને જેનો રસ આવે એ વિષય સહેજે વૃદ્ધિગત થાય. એ વિષયની અંદર સમય વધારે વ્યતીત થાય એ તો સ્વાભાવિક વસ્તુ થઈ જાય છે. પછી એને વધારે-ઓછાની ગણતરીમાં રહેવું પડતું નથી કે આવવું પડતું નથી.

આ બહુ મોટી વાત છે. શાસ્ત્રનો સ્વાધ્યાય કરવાવાળા માટે આ એક બહુ મહત્ત્વનો મુદ્દો છે કે '**દ્રવ્યશ્રુતનું સમ્યગ્ અવગાહન...**' કરવું. જે કોઈ ભાવોનો વિષય ચાલે છે એને પોતાના પરિણામ સાથે મેળવવા જોઈએ. અંતર મેળવણી કરવી જોઈએ કે આ ભાવને આસ્રવ કહેવા માગે છે, આ ભાવને જ્ઞાન કહેવા માગે છે, આ ભાવને પુરુષાર્થ કહેવા માગે છે. ક્યા ભાવને શું કહેવા માગે છે ? પ્રશ્ન છે ને? રસ એટલે શું ? આ જ્ઞાનરસ. તો રસનો અર્થ સમજવો છે ? આપણે ચર્ચા એમ ચાલી હતી કે તમારે રસનો અર્થ સમજવો છે ? રસ ક્યા ગુણની પર્યાય ? એમ પૂછે. કોઈ ગુણની પર્યાય છે રસ ? પર્યાય છે રસ. પણ કયા ગુણની પર્યાય કહેશો ?

મુમુક્ષુ :- જ્ઞાનગુણની પર્યાય.

પૂજ્ય ભાઈશ્રી :- એવું કાંઈ નથી. આમ તો રસને રુચિ સાથે ઘણો સંબંધ છે. રુચિ સાથે વધારે સંબંધ છે. સીધો સંબંધ લઈએ તો રુચિ સાથે છે એનો. આમ તો બધા ગુણ આવે છે. રસ કહેતા એમાં જ્ઞાન આવે, રુચિ આવે, ચારિત્ર આવે, પુરુષાર્થ આવે. બધું આવે. એ બધાયનો મેળ ખાય ત્યારે ખરો રસ ઊપજે છે. એ બધાયનો એક રસ થાય ત્યારે રસ ખરો ઊપજે છે. ત્યારે એને રસ કહેવાય છે. એક ગુણની પર્યાય નથી.

રસનો અર્થ શું ? અથવા રસ ક્યા ગુણની પર્યાય ? એમ નહિ પકડવું. પોતાને રસ ઊપજે છે. ત્યાંથી સમજવું કે આમાં કયા કયા ગુણ ભળે છે ? કેવો ભાવ આવે છે ? અનુભવને પકડવો જોઈએ. પકડીને જો એને ભાવ સમજવામાં આવે તો એને ભાવનું ભાસન થાય તો એને સમ્યક્ અવગાહન કહેવાય. પછી વિભાવ ભાવો પણ એની અંદર આવશે અને સ્વભાવભાવો પણ એની અંદર આવશે. આમ તો તમામ ભાવો છે, ભલે સ્વભાવ કે વિભાવિક હોય કે સ્વભાવિક હોય પણ એ આત્માના પરિણામ છે અને આત્માના ગુણના પરિણામ છે. શ્રદ્ધા છે

એ ઊલટી કે સુલટી પણ છે તો શ્રદ્ધા ને ? તો શ્રદ્ધા શક્તિ કામ કરે છે એની અંદર. ત્યારે શ્રદ્ધા થાય છે. શક્તિને પકડવી. અવળું સવળું જોવા કરતા શક્તિને પકડવી એમાંથી. આમ એના ઊંડાણમાં એમ જવાય છે. પરિણામના માત્ર સ્વભાવિક વિભાવિક પાસાને, એકલા પડખાને જોવા કરતા એ સ્વભાવ-વિભાવમાં કામ કરી રહેલી જે શક્તિ છે એને જોવાનો પ્રયત્ન કરવો જોઈએ તો ત્યાંથી સ્વભાવ પકડાય. સ્વભાવ ત્યાંથી પકડાય છે.

મુમુક્ષુ :- પ્રયોગમાં ઊતરીને એના ઊંડાણમાં જવાનું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ પ્રયોગ તો ચાલી જ રહ્યો છે ને ? પરિણામ છે એ પોતે જ પ્રયોગાત્મક છે. પરિણામને પકડે એનું ઊંડું અવલોકન કરે તો એનું અવગાહન થાય, કે આમાં શું શું છે ? અને શું શું નથી ? અથવા એ શા માટે થાય છે અને શા માટે નથી થતું ? આમ થાય છે અને બીજી રીતે કેમ થતું નથી. એ બધું એને સમજવા મળે. એ તો પોતે અંદર ડૂબકી લગાવે ત્યારે ખબર પડે ને કે પોતે કેટલા પાણીમાં તરે છે. ડહોળા પાણીમાં તરે છે, સ્વચ્છ પાણીમાં તરે છે, ઉપર તરે છે, નીચે તરે છે, કેટલો ઊંડો જાય છે, શું છે ? બધું ઘણું છે અંદર. ભાવોની તો દુનિયા છે મોટી. આખું એક જગત જ છે એ તો, સૃષ્ટિ છે.

મુમુક્ષુ :- વિપરીત અને અવિપરીત પર્યાયો ઉપરથી શક્તિને જોવી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, શક્તિને જોવી. શક્તિને જોવી એના ઉપરથી (સ્વભાવ જણાશે). શક્તિને જોવી એ જ સ્વભાવને જોવો એમ થયું. કારણ કે શક્તિ પોતે સ્વભાવરૂપ છે. કેમકે ઊંધી શ્રદ્ધા કરે છે એમાં એમ આવે છે કે શ્રદ્ધા કરવાનો ગુણ આત્માને છે. ત્યારે એ ઊંધી શ્રદ્ધા કરે છે. પણ શ્રદ્ધા કરવાનો ગુણ તો છે કે નહિ ? તો કેવી રીતે ઊંધો પણ પડે છે ? શક્તિનો ઉપયોગ કેવો છે ? શક્તિ શું કામ કરે છે ? શક્તિને તપાસે તો એમાંથી એને એ સમ્યક્ શક્તિ, શ્રદ્ધાન શક્તિનું સ્વરૂપ જણાય તો સુલટા થઈ જાય. ભૂલ સુધરી જાય. ભૂલ તો ચીજ જ એવી છે કે ભૂલ જણાય તો ભૂલ મટે. સાતને બદલે આઠ થયા, એ ભૂલ ખબર પડી તો સાત થઈ જાય. આઠ નહિ પણ સાત થવા જોઈએ. ભૂલ ચીજ જ એવી છે કે જે જ્ઞાનમાં આવતા ટળે છે.

**'દ્રવ્યશ્રુતનું સમ્યગ્ અવગાહન સાધક છે, ભાવશ્રુત સાધ્ય છે. ભાવશ્રુત સાધક છે, કેવલજ્ઞાન સાધ્ય છે.'** આમ બે બોલમાં દ્રવ્યશ્રુતથી કેવળજ્ઞાનની આખી લાઈન ગોઠવી દીધી. બીજી કોઈ વાત ન લીધી એમાં. દ્રવ્યશ્રુત અને કેવળજ્ઞાન એનું ફળ. આમ લઈ લીધું. પરંપરા. ભાવે શ્રુત. ભાવશ્રુત છે ને ? ભાવે શ્રુત. શ્રુતમાં ભાવ્યું ? જે સંભળાણું તે ભાવ્યું ? આત્મા સાંભળ્યો તો આત્મા ભાવ્યો, આત્મા રુચ્યો. કહે છે ને કે આ બહુ મીઠું લાગે છે. આ મીઠું લાગે છે એમાં આત્મા સાંભળ્યો તો આત્મા કેટલો મીઠો લાગ્યો ? બસ, આ એક વાત છે. આત્મા કેટલો રુચ્યો ?

'ગુરુદેવ'ના વ્યાખ્યાનની પદ્ધતિની એક વિલક્ષણતા છે કે અવારનવાર, પ્રારભમાં, આદિ, મધ્ય, અંતમાં, 'ગુરુદેવ'ના પ્રવચનમાં આત્માનો વિષય એવી રીતે એ સંભળાવતા, પોતાને ભાવમાં એવી રીતે આવતો એટલે કુદરતી સામે સંબંધ જ એવો થતો કે આ આત્મા છે એ જ્ઞાનાનંદ, નિર્મળાનંદ, નિત્યાનંદ, મહાપ્રભુ ચૈતન્ય મહાપ્રભુ, ભગવાનઆત્મા. હવે એ પોતાને એટલો રુચે છે અને એટલો મહિમા આવે છે કે સાંભળનારને પણ એની રુચિમાં પુષ્ટિ થવી જોઈએ. પોષણ મળવું જોઈએ.

મુમુક્ષુ :- આનંદના નૂરનું પુર.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આનંદના નૂરનું પુર. શબ્દો ઓછા પડતા હતા.

એકવાર એવું થયું કે ૪૭ શક્તિમાં આત્માની શક્તિનું વર્ણન છે ને ? તો એક શક્તિનું વર્ણન કરતા કલાક ઓછો પડ્યો. આ તો કલાક ઓછો પડે છે. એક શક્તિ તો એક વાક્યમાં આચાર્ય મહારાજે લખી. અડધું વાક્ય કો'કવાર તો હોય. અડધી લીટીમાં. સ્વસંવેદનમયી પ્રકાશશક્તિ. હવે ત્રણ-ચાર શબ્દમાં અડધી લીટીમાં જાય. એના ઉપર એક કલાક ઓછો પડે. 'ગુરુદેવ' કહે આ શક્તિ તો એટલી બધી મોટી વાત છે કે એક કલાક તો શું ગમે તેટલો સમય એના માટે ઓછો પડે એટલું બધું એની અંદર ભર્યું હોય છે. વિષય તો વચનઅગોચર છે. એટલું બધું એની અંદર દેખાય છે. એટલો એનો મહિમા, એટલી કિંમત, એટલું રુચવું એ બધાને ભાવશ્રુત, એવા પરિણામ થાય તો એને ભાવશ્રુત

કહેવામાં આવે. એ ભાવશ્રુત સાધક છે અને કેવળજ્ઞાન એનું સાધ્ય છે.

આમ તો આત્મજ્ઞાનને જ ભાવશ્રુત કહેવાય છે. સમ્યગ્જ્ઞાનને જ ભાવશ્રુત કહેવાય છે. એ સિવાય ભાવશ્રુત કહેવાતું નથી. એટલે આત્મજ્ઞાન કહો, સમ્યગ્જ્ઞાન કહો, ભાવશ્રુત કહો એ સાધક છે અને કેવળજ્ઞાન એનું સાધ્ય છે. એનું ફળ કેવળજ્ઞાન છે. આટલું કેવળજ્ઞાન નજીક છે. દ્રવ્યશ્રુતવાળાને કેવળજ્ઞાન આટલું નજીક છે. દ્રવ્યશ્રુત તો ઉપલબ્ધ છે. 'ગુરુદેવ'ની કૃપાથી હજારો લાખો શાસ્ત્રોના ઢગલાબંધ પ્રકાશન દ્રવ્યશ્રુતનું થયું છે. ભાવશ્રુત પ્રગટ કરે એટલે એનું ફળ કેવળજ્ઞાન છે. આથી આઘુ નથી. પહેલા એવો કાળ હતો કે દ્રવ્યશ્રુતની ઉપલબ્ધિ થવી મુશ્કેલ હતી. સદ્ગ્રંથો પ્રાપ્ય નહોતા. દૂર દૂરથી મંગાવવા પડતા હતા. એક ગ્રંથ દૂરથી મંગાવ્યો હોય, કોઈ 'કર્ણાટક'થી કે કોઈ 'મહારાષ્ટ્ર'થી. ગુજરાતમાં આવે કે રાજસ્થાનથી (મંગાવે), આ ગ્રંથની પ્રાપ્તિ નહોતી ને મંગાવ્યો. અત્યારે તો એટલા શાસ્ત્રો છાપવાનું બધી જગ્યાએ (સુગમ થઈ ગયું છે).

મુમુક્ષુ :- ગ્રંથનું સામૈયુ કરે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ગ્રંથનું સામૈયુ કરે. એના ઉપરથી તો આ શીખોની અંદર બહુ મહિમા છે ને ? ગ્રંથ સાહેબનો બહુ મહિમા છે. જેટલી આપણે ભગવાનો વિનય અને સુશ્રુષા રાખીએ એટલી એ ગ્રંથની રાખે છે. ગ્રંથસાહેબ જ કહે છે ને ? બેઠા બેઠા એને પંખો એક જણો નાખતો હોય, કેટલાય ફૂલ ચડાવ્યા હોય. એ ગ્રંથ જ એના ભગવાન. મૂળ તો શું છે કે સાચી વસ્તુ છે એ ભૂલાઈ ગઈ છે. મૂળ તો શાસ્ત્રનો એટલો જ મહિમા છે, કર્તવ્ય છે. આપણે સ્તુતિ વખતે નીચે હોય છે એવી રીતે ન રાખે. પહેલા મૂકી દેવા જોઈએ. ભાઈએ સૂચના કરી હતી એકવાર.

શાસ્ત્ર ગમે ત્યાં ગમે તે રીતે અવિનય થાય એવી રીતે રાખે, એ શાસ્ત્રમાંથી એને કાંઈ ન જડે. એટલું જ એને શાસ્ત્ર સ્વાધ્યાયનું છે. ગમે ત્યારે આવે અને એને જ્ઞાન ચડી જાય એવું ન બને. મોડું ન પહોંચાય. ખબર છે ? મોડું ન પહોંચાય. બરાબર એનો વિનય સાચવવો જોઈએ. એ લોકો તો બહુ મહિમા કરે છે એનું મૂળ કારણ તો બહુ મહિમા કર્તવ્ય છે અને કરે છે. પણ શા માટે કરવો એ એને ખબર નથી.

કરે છે એ બરાબર છે. કર્તવ્ય તો એટલો જ મહિમા છે. શાસ્ત્રની પૂજા એટલા માટે કરે છે. એક બાજુ ભગવાનની પૂજા તો બીજી બાજુ શાસ્ત્રની પૂજા.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- આપણે છે ને ? શ્રુતપૂજનમાં શાસ્ત્ર પૂજા કરીએ છીએ ને ? શ્રુતપંચમીમાં.

મુમુક્ષુ :- અષ્ટ દ્રવ્યનું પૂજન.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અષ્ટદ્રવ્યનું પૂજન છે. શાસ્ત્ર છે એ તો પુદ્‌ગલાત્મક છે. છતાં પણ એ દ્રવ્યશ્રુત સાધક છે અને ભાવશ્રુત સાધ્ય છે. આવો નિમિત્ત નૈમિત્તિક સંબંધ જોઈને યથોચિત વ્યવહાર કરવામાં આવે છે. યથોચિત્ વ્યવહાર છે.

મુમુક્ષુ :- સર્વજ્ઞના વચન અનુસારણી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સર્વજ્ઞ વચન અનુસારણી છે. સર્વજ્ઞ વચન અનુસારીણી નહિ, સર્વજ્ઞ અનુસારાણીની વાણી છે. સર્વજ્ઞ સ્વભાવ અનુસારીણી છે. જિનવાણી સર્વજ્ઞ પર્યાય અનુસારીણી છે. અને છદ્મસ્થની વાણી જે જિનવાણી કહેવાય છે, સાધકની ચોથા ગુણસ્થાનથી માંડીને મુનિપણાની, એ સર્વજ્ઞ સ્વભાવ અનુસારણી છે. વચન અનુસારીણી તો સર્વજ્ઞની જે દિવ્યધ્વનિની પરંપરા ચાલી છે એટલે વચન અનુસારણી કહીએ. પણ એ નિમિત્તથી લીધું. અંદરથી લઈએ તો અંદર સર્વજ્ઞ સ્વભાવ છે એને અનુસરીને બહાર આવે છે. એનું બેકિંગ એની પાછળ સ્વભાવનું છે. સર્વજ્ઞ સ્વભાવ છે એની પાછળ. બહુ મોટી વાત છે. એટલે તો 'ગુરુદેવ'ની વાણીનો અવિનય થયો એમાં જરાક વધારે લાગ્યું એનું કારણ એ છે. વાણી એટલે જિનવાણી છે. 'ગુરુદેવ'ની વાણી એટલે જિનવાણી છે આ તો. એમાં ભાવશ્રુત સાધ્ય થાય છે.

મુમુક્ષુ :- અજ્ઞાનીને ક્યાં ભાન છે.

પૂજ્ય ભાઈશ્રી :- અજ્ઞાનમાં એવું થઈ જાય. પોતાના આત્માની હિંસા થઈ જાય છે પછી બીજું શું ન થાય ? પોતાના જ સર્વજ્ઞ સ્વભાવ ઉપર પહેલો ઘા પડે છે. પહેલો તો ઘા ત્યાં પડે છે. પછી નિમિત્ત ઉપર આરોપ આવે છે. વસ્તુતાએ તો પોતાને ભાવનું નુકસાન પહેલા થઈ

આવે છે.

**'ચેતનમાં ચિત્તને લીન કરવું સાધક છે, અનુભવ સાધ્ય છે.'** ચેતનમાં ચિત્તને અથવા ચેતનાને લીન થવું તે સાધક છે અને નિર્વિકલ્પ અનુભવ એમાંથી સાધ્ય છે. ચેતન જે આત્મા નિર્વિકલ્પ તત્ત્વ, એમાં ચિત્ત નામ જ્ઞાનને અથવા ચેતનાને લીન કરવામાં આવે ત્યારે એને નિર્વિકલ્પ અનુભવ થાય. બીજી કોઈ રીતે નિર્વિકલ્પ અનુભવ થાય એવું બનતું નથી. અહીં સુધી રાખીએ...

આત્મકલ્યાણના એકમાત્ર લક્ષ અને આશય પૂર્વક જ્યાં સુધી યથાર્થ સુવિચારણાની સુયોગ્ય ભૂમિકા ન થાય, ત્યાં સુધી આત્માર્થી જીવે જિજ્ઞાસામાં રહેવું યોગ્ય છે. અથવા અત્યંત સરળ પરિણામે મધ્યસ્થ રહેવું યોગ્ય છે. તેવી પરિપકવ વિચારધારા થયા વિના ધાર્મિક વિષયોમાં કે બાબતોમાં પોતાનો મત આપવાનો અધિકાર જ નથી તેમ જાણી, મત આપવાથી દૂર રહેવું હિતાવહ છે, નહિ તો સ્વચ્છંદ અને મતાગ્રહની ઉત્પત્તિ થયા વિના નહિ રહે. આવા મહાદોષમાં સહજમાત્રમાં આવી જવાતું હોવાથી, સત્પુરુષની આજ્ઞાનું અનુસરણ શ્રેયભૂત છે. તે નિઃસંશય છે.

જો કે વિદ્યમાન સત્પુરુષની ઓળખાણ થાય તો આજ્ઞારુચિરૂપ, પ્રત્યક્ષ કારણ (સમકિતનું) પ્રગટે છે, તે જીવને અનેક પ્રકારના સંભવિત દોષોથી બચાવી લે છે. તેથી તે સર્વ શ્રેષ્ઠ અને સલામત માર્ગ છે, તેવો સત્પુરુષોનો અભિપ્રાય, ઘણા અનુભવમાંથી પ્રસિદ્ધ થયેલો છે. આત્મલાભ માટે પ્રવૃત્તિ કરતા જીવને, જાણ્યે-અજાણ્યે અનંતુ નુકસાન - ન દેખાય, ન સમજાય તેવું થઈ જાય છે. તેથી અત્યંત કાળજી રહેવી ઘટે છે. (અનુભવસંજીવની - ૭૬૫)

**નોંધ :– પ્રવચન નં. ૯૪માં અવાજ ખરાબ હોવાથી લેવામાં આવેલ નથી.**

**તા. ૧૨–૧–૧૯૮૯, પાના નં. ૪૭, પ્રવચન નં. ૯૫**

પેરગ્રાફ પૂરો થાય છે એમાં ઉપરથી પાંચમી લીટી છે. '**વિનય સાધક છે, વિદ્યાલાભ સાધ્ય છે.**' વિનય એ જ્ઞાન પ્રાપ્તિમાં અતિ આવશ્યક અંગ છે.

મુમુક્ષુ :- શું શું હોય એમાં ?

પૂજ્ય ભાઈશ્રી :- ચાલતી ભાષામાં જેને વિનય કહે છે. ધાર્મિક ક્ષેત્રની ભાષામાં એને ભક્તિ કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષ એ ચાર દેશનાલબ્ધિના નિમિત્ત છે. ચાર નિમિત્ત સિવાય કોઈ પાંચમા નિમિત્તથી દેશનાલબ્ધિ સંભવિત નથી. એવો ત્રિકાળી સિદ્ધાંત છે. એ નિમિત્તના પ્રત્યક્ષ યોગમાં કે પરોક્ષમાં અત્યંત ભક્તિ એ અધ્યાત્મ વિદ્યા લાભ કરવાનું પોતાને માટે કારણ ઉપસ્થિત કરવા જેવું છે. નિમિત્તને એટલે કે દેવ-ગુરુ-શાસ્ત્રને કે સત્પુરુષને ભક્તિની આવશ્યકતા નથી. એ તો પોતપોતાના સ્વરૂપમાં બિરાજમાન છે. પણ અત્યંત ભક્તિ થયા વિના કે આવ્યા વિના, સાધારણ નહિ, વિદ્યાલાભ સધાતો નથી અથવા અધ્યાત્મ વિદ્યાનો લાભ થતો નથી. એમ લેવું છે. તેથી વિનય ભક્તિ સાધક છે અને વિદ્યાલાભ સાધ્ય છે.

'શ્રીમદ્ રાજચંદ્રજી'ના ૨૫૪ નંબરના પત્રમાં એ શબ્દનો પ્રયોગ એવી રીતે કર્યો છે. 'ખંભાત'ના મુમુક્ષુ ભાઈઓને પત્ર લખ્યો છે. એમાં ઓછપ લખી છે-વિનયની ઓછપ. ૨૫૪ નંબરનો પત્ર છે. એ વિનયની ઓછપ હોય તો મુમુક્ષુની યોગ્યતા રોકાય જાય છે.

''**માર્ગપ્રાપ્તિ'ને રોકનારાં ત્રણ કારણો મુખ્ય કરીને હોય છે, એમ અમે જાણીએ છીએ.**' એ સંદર્ભમાં લખે છે કે '**આ લોકની અલ્પ પણ સુખેચ્છા,...**' એટલે કે લૌકિક પદાર્થોમાં ક્યાંય પણ સુખનો

અભિપ્રાય, સુખબુદ્ધિ એ પૂર્વક સુખેચ્છા. પરમ દૈન્યતાની ઓછાઈ. એમણે તો મૂળ શબ્દ દીનપણું વાપર્યો છે. દીનપણું આવવું જોઈએ. એનો પાઠાન્તર પરમ વિનયની ઓછાઈ એવો પણ છે. આ બેય શબ્દનો પ્રયોગ છે. પાઠાન્તર પણ લીધો છે. એ પરમ શબ્દ છે એ અત્યંત ભક્તિને સૂચવે છે. પરમ દૈન્યતા. એની ઓછપ નહિ હોવી જોઈએ. **'અને પદાર્થનો અનિર્ણય.'**

**'આ ત્રણે કારણો ઘણું કરીને અમને મળેલા ઘણાખરા મુમુક્ષુમાં અમે જોયાં છે.'** એમના સંપર્કમાં આવેલા જે મુમુક્ષુ હતા એ તો અત્યંત ભક્તિવાળા લાગે. અત્યારે એમના પત્રો જોઈએ તો, એમનો વ્યવહાર જોઈએ તો. 'લલ્લુજીમુનિ' સ્થાનકવાસીના સાધુ હતા. જયારે એને ખ્યાલ આવ્યો કે આ સત્પુરુષ છે ત્યારે એકાંતમાં એમની પાસે જઈ મુહપત્તી કાઢીને એમના ચરણમાં મૂકી. પોતે સાધુના વેશમાં છે. 'શ્રીમદ્જી' ગૃહસ્થના વેશમાં છે. મુહપત્તી કાઢીને એમના ચરણમાં મૂકી દીધી. સંપ્રદાયનો આગ્રહ નહોતો એ સ્પષ્ટ થઈ ગયું ?

એમ કહે છે કે, હે નાથ ! આમ કહે છે. સામે ગૃહસ્થવેશમાં બેઠેલા છે. આ પામરને આપના ચરણકમળમાં સ્થાન આપો. ઠીક ! આવી ભક્તિ હતી. શું કહ્યું ? મને જ્ઞાન આપો એમ ન કહ્યું. મને દ્રવ્યાનુયોગ શિખવાડો એમ ન કહ્યું. મને કરણાનુયોગના સિદ્ધાંતો સમજાવજો એવું ન કહ્યું. 'શ્રીદ્જી' ગૃહસ્થ છે. પોતે સ્થાનકવાસીના સાધુ છે. જાહેરમાં એકવાર વંદન કર્યા તો 'શ્રીમદ્જી'એ ના પાડી. તમે મુનિના વેશમાં અમને વંદન કરો, લોકોને ઠીક નહિ લાગે. લોકોને ઠીક નહિ લાગે. આ તમારું વર્તન બરાબર નથી એમ નહિ. એ કહે, મારે તો ભક્તિ છે. મારે શું કરવું ? તો એ ખાનગીમાં આવે દર્શન કરવા. જ્યારે એને પ્રતીતિ આવી કે આ સત્પુરુષ છે અને માર્ગ પામવાનું આ કારણ છે એટલે કે અનંત જન્મ-મરણ મિટાવવાનું આ કારણ છે, ત્યારે મુહપત્તી છોડીને પગમાં મૂકી દીધી અને દીનભાવે યાચના કરી કે, હે નાથ ! મને આપના ચરણમાં સ્થાન આપી દ્યો. મારે બીજું કાંઈ જોઈતું નથી. પતી ગયું. આટલી ભક્તિ હતી.

**'ત્રણે કારણો ઘણું કરીને અમને મળેલા ઘણાખરા મુમુક્ષુમાં અમે જોયાં છે. માત્ર બીજા કારણની કાંઈક ન્યૂનતા કોઈ કોઈ વિષે જોઈ**

**છે,...'** બીજું કારણ એટલે પરમદૈન્યતાની ઓછાઈ, પરમ વિનયની ઓછાય. જરૂર હશે એમને કાંઈ વિનય કરાવવાની ? સત્પુરુષને મુમુક્ષુની ભક્તિની આવશ્યકતા નથી પણ મુમુક્ષુને તે પ્રકારના પરિણામ થયા વિના બોધ પરિણમતો નથી. આ સ્થિતિ છે. **'અને જો તેઓમાં સર્વ પ્રકારે (પરમદૈન્યતાની ખામીની) ન્યૂનતા થવાનું પ્રયત્ન હોય...'** એ ખામી મટાડવાનો પ્રયત્ન હોય **'તો યોગ્ય થાય એમ જાણીએ છીએ.'** તો પાત્રતા આવે એમ જાણીએ છીએ. **'પરમ દૈન્યપણું એ ત્રણેમાં બળવાન સાધન છે;...'** આ લોકની અલ્પ પણ સુખેચ્છા એ પણ જ્ઞાનીના ચરણમાં જશે અને પદાર્થનો અનિર્ણય છે એ નિર્ણય પણ જ્ઞાનીના ચરણમાં થશે, એમ કહેવું છે. એટલે એમ કહે છે કે **'પરમ દૈન્યપણું એ ત્રણેમાં બળવાન સાધન છે; અને એ ત્રણેનું બીજ મહાત્માને વિષે પરમ પ્રેમાણર્પણ એ છે. અધિક શું કહીએ ? અનંતકાળે એ જ માર્ગ છે.'**

**'પહેલું અને ત્રીજું કારણ જવાને માટે બીજા કારણની હાનિ કરવી.'** હજી એના ઉપર જ વજન આપે છે. **'અને મહાત્માના જોગે તેના અલૌકિક સ્વરૂપને ઓળખવું.'** ઓલાપણે દિવ્યમૂર્તિ કહ્યું હતું. કેટલામો આંક વાચ્યો હતો એ ? ૨૨૩ છે. એમાં દિવ્યમૂર્તિ શબ્દ લીધો છે. **'તેના અલૌકિક સ્વરૂપને ઓળખવું. ઓળખવાની પરમ તીવ્રતા રાખવી, તો ઓળખાશે. મુમુક્ષુનાં નેત્રો મહાત્માને ઓળખી લે છે.'** આ શબ્દ અહીંયાં વાપર્યો છે. અજ્ઞાનીને જ્ઞાનીની ઓળખાણ થાય કે નહિ ? એનો આ જવાબ છે.

**'મહાત્મામાં જેનો દૃઢ નિશ્ચય થાય છે, તેને મોહાસક્તિ મટી પદાર્થનો નિર્ણય હોય છે.'** એટલે લૌકિક સુખની અલ્પ પણ સુખેચ્છા (મટે છે) અને પદાર્થનો નિર્ણય-બેય એને સાધ્ય થાય છે. **'તેથી વ્યાકુળતા મટે છે.'** પદાર્થનો નિર્ણય હોય છે એ નિજ પદાર્થનો, સ્વપદાર્થનો નિર્ણય થાય છે. અથવા સ્વ-પર પદાર્થની ભિન્નતાનો નિર્ણય થાય છે એમાં બધું તત્ત્વજ્ઞાન આવે છે. **'તેથી વ્યાકુળતા મટે છે. તેથી નિઃશંકતા આવે છે. જેથી જીવ સર્વ પ્રકારનાં દુઃખથી નિર્ભય હોય છે અને તેથી જ નિઃસંગતા ઉત્પન્ન થાય છે, અને એમ યોગ્ય છે.**

**અમે આમાં ઘણો ગુઢ શાસ્ત્રાર્થ પણ પ્રતિપાદન કર્યો છે.**' આ શબ્દ છેલ્લે પત્ર પૂરો કરતા નાખે છે. '**તમે વારંવાર વિચારજો. યોગ્યતા હશે તો અમારા સમાગમમાં આ વાતનો વિસ્તારથી વિચાર બતાવીશું.**' પત્રમાં તો મર્યાદિત લખાય. ૨૫૪માં એનો ... છે. એ બોલ એવો છે.

'**વિનય સાધક છે,...**' વિનય એટલે અત્યંત ભક્તિ, પરમભક્તિ સાધક છે. અને '**વિદ્યાલાભ સાધ્ય છે.**' જો અત્યંત ભક્તિ નથી તો સામે અધ્યાત્મવિદ્યાનો લાભ પણ નથી. એમ છે. એક પણ એવો અપવાદ ન હોય કે આવું બને કે જેને વિનય ભક્તિમાં ઓછપ હોય અને એને આત્મલાભ થાય. એવો એક પણ અપવાદ બની શકે નહિ.

'**તત્ત્વશ્રદ્ધાન સાધક છે, નિશ્ચયસમ્યક્ત્વ સાધ્ય છે.**' તત્ત્વનું શ્રદ્ધાન. નવ તત્ત્વ પણ એમાં આવી જાય છે. પણ એ નવ તત્ત્વમાં પણ નિજતત્ત્વ જુદું તારવવાનું છે. નવ તત્ત્વમાં છૂપાયેલી ચૈતન્યજ્યોતિ, જેને ભૂતાર્થ તત્ત્વ કહ્યું છે. એ નવ તત્ત્વનું જ્ઞાન ભૂતાર્થને આશ્રિત હોય તો તે સમ્યગ્દર્શન છે. 'સમયસાર'ની ૧૩મી ગાથા છે. એ પ્રકારે તત્ત્વશ્રદ્ધાન સાધક છે અને નિશ્ચયસમ્યક્ત્વ સાધ્ય છે. ત્યાં તો એક પ્રકારણ એવું પણ ચાલ્યું છે. એમને એટલી ભક્તિ ઉત્પન્ન થયા પછી પોતે સાધુ હતા, સંસારી હોય તો ગમે ત્યાં આવાગમન કરવાની છૂટ હોય, પણ સાધુઓને તો સંપ્રદાયના પીંજરામાં અથવા એ જે ક્રિયા છે એના પીંજરામાં પૂરાવું પડે. એમાં પણ ચોમાસું હોય તો ચાર મહિના તો ક્યાંય જવાય નહિ.

એક પ્રસંગ એવો બન્યો છે કે 'રાળજ' કરીને એક ગામ છે. ત્યાં 'શ્રીમદ્જી' હતા. 'આણંદ' પાસે કે 'ખંભાત' પાસે છે. અને આમનું ચોમાસું અહીંયાં હતું. એક ગામથી બીજા ગામ જવાય નહિ. પણ એમને સત્સમાગમમાં સત્પુરુષની વિરહની વેદના ઉપડી. મુમુક્ષુને આ વિચારવા જેવો વિષય છે. વેદના ઉપડવી જોઈએ. તો એ વહેલા ઠલ્લે જવાના નિમિત્તે બહાર નીકળ્યા અને એ ગામ સુધી ચાલ્યા. પણ જો ગામમાં જાય અને મોઢું બતાવે તો ઠપકો મળે. તો લોકો અવર્ણવાદ કરે એવી ક્રિયા તમે કેમ કરો ? એક ગામથી બીજે ગામ જવાની. એ 'શ્રીમદ્' ચલાવે નહિ પાછા. પાસે તો જવાય નહિ. ગામ બહાર, ખેતર બહાર, ગામડાની બહાર ખેતરવામાં ઊભા રહીને કોઈની સાથે કહેવડાવ્યું

કે 'અંબાલાલભાઈ' કરીને ગામમાં ભાઈ હશે, વાણિયા તો નાના ગામમાં પ્રસિદ્ધ હોય. જરા એમને બોલાવોને મારે મળવું છે. એને બોલાવ્યા. મારે દર્શન કરવા છે. સત્‌સમાગમ મળતો નથી. રહેવાયું નથી એટલે અહીં સુધી આવ્યો છું. કરવું શું ? પહેલા તો 'અંબાલાલભાઈ'એ ઠપકો દીધો. અવાય જ કેમ તમારાથી ? પહેલેથી આજ્ઞા માંગી કેમ ? એ મારી ભૂલ છે. હવે હું તમે કહો તો પાછો વયો જાવ. એ પણ બીના, કે હું પાછો જવાનું કહીશ અને એમ કહેશે કે કેમ મને પૂછ્યા વગર પાછા જવાનું કીધું ? તો ? વાત તો કરવી જ પડે. કે અહીં સુધી 'લલ્લુજીમુનિ' ગામના પાદર સુધી આવ્યા હતા અને મેં પાછા કાઢ્યા છે. તો કહે, કેમ મને વાત કર્યા વગર પાછા કાઢ્યા ? તો. તો કહે, એમ નહિ. એ તો મને ગુસ્સો આવ્યો એટલે કીધું. પણ હું વાત કરી આવું. એટલે એ પૂછવા ગયા. ના પાડી. પાછા ચાલ્યા જાય. પાછા ચાલ્યા ગયા. કેટલી હદ સુધી હતી ! એ એવી રીતે એ સાધક છે. મુમુક્ષુની ભૂમિકામાં એવા બધા પ્રકાર ઊપજે છે, એમ કહેવું છે.

**'દેવશાસ્ત્રગુરુની પ્રતીતિ સાધક છે, તત્ત્વ પામવું તે સાધ્ય છે.'** દેવશાસ્ત્રગુરુની પ્રતીતિ સાધક છે, તત્ત્વ પામવું તે સાધ્ય છે. દેવ-શાસ્ત્ર-ગુરુનું સ્વરૂપ સમજાય, ઓળખાય અને પ્રતીતિ આવે કે ખરેખર આ તરવાના નિમિત્ત છે, એમ તારણબુદ્ધિથી પ્રતીતિ આવે તો તત્ત્વ સધાય અને નહિતર માત્ર નવ તત્ત્વનું સ્વરૂપ સમજે એટલે નિશ્ચય સમ્યક્‌ત્વ થાય કે તત્ત્વ પમાય એવું બનતું નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. તત્ત્વશ્રદ્ધાનમાં એવી વાત ન લેવી જોઈએ કે બુદ્ધિગોચર નવ તત્ત્વનો વિષય સમજાય, સમજાય અને સંમત થાય એને પ્રતીતિ કહે છે, પ્રતીતિ એટલે અહીંયાં નિર્વિકલ્પ પ્રતીતિ નથી, પણ સમજાય અને એની પ્રતીતિ આવે તો નિશ્ચય સમ્યગ્દર્શન થાય. પણ એ વાત અપેક્ષિત છે. કે દેવગુરુશાસ્ત્રની પ્રતીતિ હોય, વિનય હોય, ભક્તિ હોય એ વાત અપેક્ષિત છે. માત્ર બુદ્ધિગોચરપણે બુદ્ધિની પહોંચથી પહોંચાય અને નિશ્ચયસમ્યક્‌ત્વ થાય, એમ બનતું નથી. એમ સંબંધ છે. વાતે વાતે તો કાંઈ એ વાત વચ્ચે કહેવાય નહિ. એટલે એના જુદાં જુદાં પડખાથી ક્રમશઃ વાત કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- સાધ્ય-સાધકનો ભેદ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. સાધ્ય-સાધકનો ભેદ છે. આવા અનેક ભેદે પરિણામ ઊપજે છે. જેમાં એ બધા પડખા સુમેળવાળા હોય. બધા પડખાનો એવો મેળ હોય ત્યારે અહીંયાં તત્ત્વની પ્રાપ્તિ થાય છે. એ પહેલા આત્મતત્ત્વની પ્રાપ્તિ થતી નથી.

**'તત્ત્વામૃત પીવું સાધક છે, સંસારખેદ મટવો સાધ્ય છે.'** જે આત્માએ નિજ તત્ત્વમાં રહેલું અમૃત પીધું, એને સંસારનો ખેદ મટ્યો. એને સંસારના પ્રસંગો વિષે ખેદ ઉત્પન્ન થાય નહિ, આકુળતા ઉત્પન્ન થાય નહિ. એવો વિષય છે. અંદરથી. ચારિત્રમોહનો કોઈ જ્ઞાનીને દેખાય એ ગણવા જેવો નથી. અંદરથી એ ભિન્ન પડેલા છે. જેણે અમૃત પીધું છે, પરમોત્કૃષ્ટ શાંતરસનું પાન કર્યું છે એને સંસારમાં એટલો રસ નથી, સંસારી પ્રસંગોની એટલી એને કિંમત નથી. નિજ પરમતત્ત્વની કિંમત એટલી આંકી છે, નિજ ચૈતન્યતત્ત્વની કિંમત એટલી આંકી છે કે પુદ્‌ગલ પદાર્થોની એને કિંમત ગઈ છે, એને સંસારનો ખેદ થતો નથી. એને સંસારખેદ ન થાય. જે છે એનો સંસારખેદ નથી. અલ્પ દેખાય તોપણ એ એનો સંસારખેદ નથી. એવું એ અમૃતનું કારણ છે. એ સમજી શકાય એવો વિષય છે.

જેમ મિથ્યાદૃષ્ટિ જીવની સંસાર પરિણતિ, સંસારના રસવાળી પરિણતિ તીવ્ર હોય તો એને અધ્યાત્મના બોધની અસર થતી નથી. સાંભળે, સાંભળવા આવે, સાંભળે. બુદ્ધિ હોય તો વિચારીને બહુ સરસ છે એમ પણ કહે. છતાં એને અંદર ગ્રંથિભેદ થાય, અંદર પરિણતિનું પડ તૂટતું નથી. એ પરિણતિનો પડદો અંતર્ભેદ થવો જોઈએ. એના ઉપર ફટકો પડવો જોઈએ. એ પડતો નથી. તો એને એ બોધ છે એની અસર ક્ષણિક ઉપર ઉપરની સહેજ દેખાય. પાછું એ હવામાં બધું ઊડી જાય.

એમ જ્ઞાનીને, તત્ત્વામૃત પીધું છે, એથી ઊલટું હવે લઈએ, તો અંદરની પરિણતિ શાંત પરિણતિ, આત્મપરિણતિ એવી જામેલી છે કે એને સંસારના અનેક સંગ-પ્રસંગો ઉત્પન્ન થાય છે. પણ એ સંસારમાં સંસારીઓને જે ખેદ થાય છે એવા ખેદની અસર એના પરિણામ ઉપર થતી નથી. ઉપરછલ્લી થોડીક અસર ક્યારેક જોવામાં આવે તોપણ એની

અંતર પરિણતિ ભેદાતી નથી. એવી કોઈ અલૌકિક દશા ઉત્પન્ન થાય એને મોક્ષમાર્ગમાં આવ્યો એમ કહેવામાં આવે છે.

અથવા નિર્વિકલ્પ સમ્યગ્દર્શન સુધી જે આત્મા પહોંચ્યો કે જેમાં એણે આનંદ અમૃત-તત્ત્વનું આનંદ અમૃત પીધું એ એટલા આત્મરસથી આવેલો ઉપયોગ છે, અત્યંત રસથી ઉત્પન્ન થયેલો ઉપયોગ છે કે જેની પાસે પછી સંસારખેદ ફરીને ઉત્પન્ન થઈ શકતો નથી. કેમકે સંસારખેદ પણ એક રસ છે, વિરુદ્ધ રસ છે, વિભાવરસ છે. એટલો રસ એમાં ઉત્પન્ન થતો નથી.

'**સંસારખેદ મટવો સાધ્ય છે. મોક્ષમાર્ગ સાધક છે,...**' એ તત્ત્વામૃત પીવું એમ કહો, મોક્ષમાર્ગ કહો બંને એક જ છે. એ તો જુદા જુદા ભેદથી બતાવે છે. અને '**સંસારખેદ મટવો સાધ્ય છે.**' બંનેમાં સાધ્ય એક લીધું છે. સાધકમાં શબ્દભેદ લીધો છે. ભાવભેદ નથી. તત્ત્વામૃત પીવું એમ કહો કે મોક્ષમાર્ગમાં આવવું એમ કહો, બંને એક જ ભાવ છે. બંનેનું ફળ પણ એક છે.

મુમુક્ષુ :- દર્શનમોહ અને ચારિત્રમોહનું લક્ષણ ખ્યાલમાં આવે કે આ ચારિત્રમોહનો વિષય ...

પૂજ્ય ભાઈશ્રી :- ઇન્દ્રિયજ્ઞાનનો વિષય નથી. સ્પષ્ટપણે વિચારીએ તો ઇન્દ્રિયજ્ઞાનનો વિષય નથી. ઇન્દ્રિયજ્ઞાનથી એ વાત વિચારવા માગે તો નહિ સમજાય. અતીન્દ્રિયજ્ઞાનનો વિષય છે.

હવે એક (વાત) છે. એક તમારા પરમ મિત્ર છે. તમે એને એટલા પરિચિત છો કે એમ કહી શકો કે, ભાઈ ! હું એનું રૂવાંડે રૂવાંડું ઓળખું છું. અતિ પરિચય હોય ત્યારે એમ કહે ને માણસ ? એના વિષે કોઈ ઊલટીસૂલટી વાત તમને કહે તો તમે શું કહો ? હું માનવા તૈયાર નથી. શું કહો એને ? મારો જ્યાં સુધી પરિચય છે ત્યાં સુધી આ વાત હું માનવા તૈયાર નથી. બરાબર છે ? તો એટલી એક ઇન્દ્રિયજ્ઞાનથી પણ આટલી દૃઢતા સેવવામાં આવે છે. તો જેને જ્ઞાનીની અંતરંગ પરિણતિ, અતીન્દ્રિય દશા જે છે એની પાત્રતાવશ ઓળખાણ થઈ, પાત્રતા સિવાય એ ઓળખાણ થતી નથી (એ દૃઢતા કેવી હોય ?)

'ગુરુદેવ'ને હજારો માણસો માનતા હતા એટલે બધા ઓળખતા હતા એમ ખરેખર નથી. એમ ખરેખર નથી. એ તો 'ગુરુદેવ' પોતે

કહેતા કે આ પુણ્યનો યોગ છે એટલે બધા ભેગા થાય છે. પુણ્યનો યોગ ન હોય તો આટલા સાંભળવા પણ ન આવે. પુણ્યયોગવશ જે સંજોગ બને છે એ જુદો વિષય છે. પાત્રતાથી જે યોગ થાય છે એ પરિચય જુદો થાય છે. તો એ જેને પાત્રતાવશ ઓળખાણ પડી છે એને જ્ઞાનીના ક્રોધ, માન, માયા, લોભમાંથી કોઈપણ ચારિત્રમોહની ચેષ્ટા કે પરિચય થાય, પ્રસંગ પડે, દેખાય તો એને એની પ્રતીતિ ખસતી નથી. ઓળખાણની જે પ્રતીતિ છે એ ખસતી નથી. એને (એમ થાય), આ એક પ્રાસંગિક ઉપરછલ્લું આવું બને એ સંભવિત છે. આ સ્થાનમાં આ સંભવિત છે. ચોથા ગુણસ્થાને, પાંચમા ગુણસ્થાને, છઠ્ઠા ગુણસ્થાને વિકલ્પાત્મક દશા છે ત્યાં સુધીના ગુણસ્થાન અનુસારના પરિણામનું જેને જ્ઞાન હોય, એ કરણાનુયોગનું પ્રયોજનભૂત જ્ઞાન છે-વ્યવહારનું, તો એને એમાં એ સંભવિત પ્રકાર લાગે છે અને એની કોઈ એને ગણના થતી નથી.

બીજાને એટલી ઓળખાણ વગરનાને એટલી ગણના થાય છે કે આમ કેમ કર્યું ? આમ કેમ થયું ? આમ કેમ વિચાર આવ્યો ? આમ કેમ બોલ્યા ? આમ કેમ વર્ત્યા ? એને અંદરમાં શંકા પડી જાય છે. શંકા પડી જાય છે એટલે એને પછી એના બોધ ઉપર એને નિઃશંકપણું આવવાનો પ્રશ્ન રહેતો નથી. એટલે એનો બોધ એને પરિણામે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ થાય એવું કદિ બનતું નથી. એટલે જ્યારે વ્યવહારમાં પણ પોતાને ખાતરી હોય એ પ્રમાણે એ ચાલે છે. કોઈના કહેવા પ્રમાણે કોઈ ચાલતું નથી. તો આ તો બહુ ઊંડા જ્ઞાનનો વિષય છે. પાત્રતામાં પણ બહુ ઊંડા જ્ઞાનથી પરિચિત થયેલો વિષય છે. એમાં એની ખાત્રીને પકડીને ચાલે છે. પ્રસંગને પકડીને ચાલતો નથી. બહુ પ્રેક્ટિકલ વિષય છે.

મુમુક્ષુ :- અજ્ઞાનીને પોતાના દર્શનમોહ અને ચારિત્રમોહ ખ્યાલમાં આવે ?

પૂજ્ય ભાઈશ્રી :- મોટી મોટી વાત. જાડું પકડાય. અવલોકનનો અભ્યાસ થોડો હોય તો મોટી મોટી વાત પકડે. પછી એ અવલોકનના સૂક્ષ્મ અભ્યાસમાં જાય અને પકડે તે દિ' એને દર્શનમોહ મટે. સિદ્ધાંત એવો છે કે જે મિથ્યાદર્શનને જાણે તે મિથ્યાદર્શનને અવશ્ય ટાળે જ. એને મિથ્યાદર્શન રહે નહિ. જે અજ્ઞાનને જાણે એનું અજ્ઞાન ઊભું રહે

નહિ. કેમકે મિથ્યાત્વ તો ભૂલ છે. પરમાં સ્વપણાનો અને સ્વમાં પરપણાનો અધ્યાસ છે એમાં તો. એ ભૂલ પકડે અને ભૂલ રહે એમ કેમ બને ? પાંચ ને બે આઠ ગણી લીધા એ ખબર પડી કે આઠ ગણ્યા એ ભૂલ છે પછી એ આઠ કેવી રીતે ગણે ? પછી સાત જ ગણે. સીધી વાત છે. મિથ્યાત્વને ભૂલ કહી છે. મિથ્યાત્વ તે ભૂલ, ઉપયોગ તે ધર્મ, ક્રિયા તે કર્મ. બધા બોલ લીધા છે ને 'શ્રીમદ્જી'એ સૂત્રો જેવા. મિથ્યાત્વ ભૂલ છે કે જે પરમાં સ્વપણાનું વેદન કરે છે. પરમાં સ્વપણાનું વેદન કરે છે એટલે કે એ પરમાં તીવ્ર રસથી એટલો ઘૂસી જાય છે કે એને જાણનાર તત્ત્વ ભિન્ન છું એ વિષય એના વેદનમાં રહેતો નથી.

'**મોક્ષમાર્ગ સાધક છે, સંસારખેદ મટવો સાધ્ય છે. મોક્ષમાર્ગ સાધક છે,...**' ફરીને લે છે. અને '**મોક્ષ સાધ્ય છે.**' નાસ્તિથી સંસારનો ખેદ મટે છે, અસ્તિથી એને મોક્ષ સધાય છે. જે તત્ત્વામૃતને પીએ છે એ મોક્ષને સાધે છે. જે મોક્ષમાર્ગમાં પ્રવેશ કરે છે તે અવશ્ય અવશ્ય મોક્ષને પામે જ છે. એક પણ એવો અપવાદ ન બને કે મોક્ષમાર્ગી થાય અને મોક્ષ ન મળે. એવો એક પણ અપવાદ બને નહિ. આટલો મોક્ષ સુલભ છે કે અહીંયાં જો તું એકવાર તત્ત્વ પામી જાય તો તારો મોક્ષ રજિસ્ટર્ડ થઈ ગયો, એડવાન્સ બુકિંગ (થઈ ગયું). બીજે બધે તો બુકિંગ ફેલ જાય કે ન જાય, આ કુદરતના ઘરની ચીજ છે, આમાં બીજો ફેર પડતો નથી. બીજ ઊગી, પૂનમ થયે છૂટકો. એ પૂર્ણ થવાનો, થવાનો ને થવાનો.

'**ધ્યાન સાધક છે, મનો વિકાર વિલય (થવો) સાધ્ય છે.**' સ્વરૂપની એકાગ્રતા થાય અને જેમ જેમ જેટલા હદે એકાગ્રતા વધે તે તે પ્રકારમાં મનોવિકાર એટલે વિકલ્પમાં ઉત્પન્ન થતો, મનથી ઉત્પન્ન થતો વિકાર વિલય પામે. અને ગુણસ્થાન અનુસાર તો એ વાત બહુ સ્પષ્ટ છે કે મોક્ષમાર્ગમાં આવ્યા પછી જેમ જેમ ધ્યાનની સ્થિતિ વધે છે અથવા એકાગ્રતાની સ્થિતિ વધે છે એટલે સ્વરૂપસ્થિરતાની દશા (વધે છે), તેમ તેમ તેને શુદ્ધિ વધે છે. શુદ્ધિ વધે છે તેમ તેમ અશુદ્ધિ ઉત્પન્ન થવાનું બંધ થાય છે. એટલે એ વિલય થઈ ગયો એમ કહેવામાં આવે છે. અશુદ્ધિ ઉત્પન્ન થતી નથી. થતી જ નથી પછી થાય એને નાશ કરવાનો તો પ્રશ્ન નથી. પણ થતી જ નથી. એવી સ્થિતિ આવે.

જેમ આર્ય માણસને માંસ ખાવાનો તો શું પણ ચાખવાનો વિકલ્પ પણ આવતો નથી, અડવાનો પણ વિકલ્પ આવતો નથી. એટલો એ દૂર વૃત્તિથી જ વર્તે છે. તેમ સ્વરૂપસ્થિરતાવાળાને એ વિકલ્પનો અભાવ છે. ત્યાગ નથી. ગ્રહણનો ત્યાગ થાય. કોઈ એવી પ્રતિજ્ઞા આપણે ત્યાં લેવડાવવામાં આવે છે કે જિંદગીભર માંસ ન ખાવું. એવી કાંઈ પ્રતિજ્ઞા લે છે ?

એ સ્વરૂપસ્થિરતા એવી છે કે જેમ જેમ સ્વરૂપમાં પરિણતિ જામ થતી જાય છે, સ્થિર થતી જાય છે, મજબુત થતી જાય છે એ ધ્યાન છે. તેમ તેમ અહીંયાં અનેક પ્રકારના ગુણસ્થાન અનુસાર આપોઆપ વિકલ્પની ઉત્પત્તિ થવી બંધ થાય છે. કેટલાક જે બુદ્ધિપૂર્વકના વિકલ્પો છે, બુદ્ધિપૂર્વકના આચરણના વિકલ્પો છે એ સંબંધીનો વિકલ્પપૂર્વક પણ પહેલા ત્યાગ કરવાનો વિકલ્પ આવે છે. એને એ ત્યાગની વિધિ બતાવી છે. મૂળમાં તો એની અંદરની સ્વરૂપસ્થિરતાની પરિસ્થિતિ એવી ઉત્પન્ન થઈ છે કે એને એ પ્રકારના વિકલ્પની પછી ઉત્પત્તિ થતી નથી. પાંચમા ગુણસ્થાનથી એ વિષય શરૂ થઈ જાય છે. પાંચમું ગુણસ્થાન અને છઠું-સાતમું ગુણસ્થાન. પછી ઉપરના ગુણસ્થાનમાં વિકલ્પ નથી. પણ અંદરમાં સત્તામાં રહેલી યોગ્યતા પણ ખલાસ થાય છે.

જેમકે પાંચમા ગુણસ્થાનમાં મધ્યમમાં છઠ્ઠી પ્રતિમા લે ત્યારે એ અબ્રહ્મચર્યનો ત્યાગ કરે. બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લેવામાં આવે છે. અબ્રહ્મચર્યનો વિકલ્પ ત્યારથી ખલાસ થાય. પણ યોગ્યતા નથી ગઈ. મુનિને નવ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળવાની શાસ્ત્રઆજ્ઞા છે, જિનાજ્ઞા છે. કેમકે વેદ ઊભો છે. એ નવમા ગુણસ્થાને જાય છે. તો સાતમા, આઠમા, નવમા સુધીમાં કોઈ વિકલ્પ નથી, પણ યોગ્યતા છે એનો નાશ નવમાં થાય છે. એનો અર્થ શું થયો ? કે ધ્યાન સાધક છે. એટલી તીવ્રતાથી, ઉગ્રતાથી સ્વરૂપસ્થિરતા થઈ એ સાધક છે અને મનોવિકાર વિલય થવો તે સાધ્ય છે.

બુદ્ધિપૂર્વકનો મનોવિકાર વિલય થવો એ પાંચમા ગુણસ્થાનના મધ્યમ દશામાં ગઈ. પાંચમું મધ્યમ આવ્યું ત્યાં. જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ. અને અંદરની યોગ્યતા ગઈ ક્યારે ? કે નવમા ગુણસ્થાને ધ્યાનમાં પહોંચ્યો ત્યારે. એ ધ્યાનની સાથે સંબંધ ધરાવે છે, એમ

અહીંયાં કહેવું છે.

**'ધ્યાન સાધક છે, મનોવિકાર વિલય (થવો) સાધ્ય છે. ધ્યાનાભ્યાસ સાધક છે, ધ્યાનસિદ્ધિ સાધ્ય છે.'** ધ્યાનાભ્યાસ એટલે આ યોગનો પ્રયોગ કરે છે એ વાત અહીંયાં નથી. મોક્ષમાર્ગી જીવ પણ, પોતાના સ્વરૂપને શ્રદ્ધા-જ્ઞાનમાં જેણે ગ્રહણ કર્યું છે, એ પણ સ્વરૂપસ્થિરતાનો અભ્યાસ એટલે પુરુષાર્થ એને થાય છે. થાય છે એને કરે છે એમ કહે છે. કરે છે એને થાય છે એમ કહેવાય છે. ભાવ એક છે. શબ્દો જુદા જુદા છે. તો એને એ જે વારંવાર સ્વરૂપમાં સ્થિર રહેવાનો પ્રયત્ન, વારંવારનો પ્રયત્ન (થાય છે) એને અહીંયાં અભ્યાસ કહે છે. જેમ ગોખે એને અભ્યાસ કહે છે ને ? એમ આ વારંવાર સ્મૃતિમાં લાવે એનો અભ્યાસ કહે છે. અહીંયાં વારંવાર પ્રયત્નને અભ્યાસ કહે છે.

મુમુક્ષુ :- શું આવે ધ્યાનાભ્યાસમાં ?

પૂજ્ય ભાઈશ્રી :- ધ્યાનાભ્યાસમાં સ્વરૂપનું ગ્રહણ કરવાની મજબુતાઈ વારંવાર આવે, જોર આવે વારંવાર, અંદરથી વારંવાર જોર આવ્યા કરે. આવો હું પ્રગટ પરમાત્મા છું એમ ભાવમાં વારંવાર અંદરથી જોર આવે. વિકલ્પ એવો એ જોર નથી. ભાવનું જોર એટલું છે.

મુમુક્ષુ :- વિકલ્પ પણ પહેલા સાથે હોય ?

પૂજ્ય ભાઈશ્રી :- વિકલ્પ હોય, ન હોય એની સામે જોવાની જરૂર નથી. એની સામે જોવાની જરૂર નથી. હોય કે ન હોય એ વિચારીને શું કામ છે ? જોર કેવું હોય એ વિચારવું જોઈએ.

મુમુક્ષુ :- જોરમાં શું આવે ?

પૂજ્ય ભાઈશ્રી :- જોરમાં જોર. બીજું શું છે ? ભાવનું જોર. ભાવનું જોર એને પુરુષાર્થ કહે છે, એને બળ કહે છે. પુરુષાર્થનો પર્યાય શું છે ? એક આવેગ છે. દિશા એની અંતર્મુખ છે તો એને પુરુષાર્થ કહે છે. દિશા એની બહિર્મુખ છે તો એને અપુરુષાર્થ કહે. એક આવેગ છે, જોર છે.

**'ધ્યાનાભ્યાસ સાધક છે, ધ્યાનસિદ્ધિ...'** થવી એટલે સ્વરૂપસ્થિરતા વધવી તે **'સાધ્ય છે.'** જેમ અનુભવ માટે અનુભવનો પ્રયત્ન હોય છે, એમ ધ્યાન માટે, સ્થિરતા માટે સ્થિરતાનો પ્રયત્ન છે. અનુભવ માટે વાંચન એમ નથી લીધું, અનુભવ માટે વિકલ્પ એમ નથી

લીધું. અનુભવ માટે અનુભવનો અંદર પ્રયત્ન થાય છે. તો એમ સ્થિરતા માટે સ્થિરતાનો પ્રયત્ન થાય છે. કાર્ય બીજું અને કારણ બીજું એમ નથી. એક જ લાઈન છે.

'**સૂત્રતાત્પર્ય સાધક છે, શાસ્ત્રતાત્પર્ય સાધ્ય છે.**' અથવા તો સૂત્રતાત્પર્યમાં વીતરાગતા સાધક છે અને શાસ્ત્રતાત્પર્યમાં પણ વીતરાગતા જ સાધ્ય છે. બંનેમાં વીતરાગતા જ છે. તાત્પર્યમાં બીજું કાંઈ નથી. સૂત્રનું તાત્પર્ય કોઈ વિદ્વતા નથી કે શાસ્ત્રનું તાત્પર્ય પણ કોઈ વિદ્વતા નથી.

મુમુક્ષુ :- સૂત્રતાત્પર્ય એટલે સૂત્ર પ્રમાણે અર્થ કરવો એ કઈ રીતે સાધક થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- સૂત્ર પ્રમાણે વીતરાગતા સધાય એવા દૃષ્ટિકોણથી અર્થ કરવો. પાછળ એક બોલ આવી ગયો. પાછળના ૪૫મે પાને નીચેના છેલ્લા પેરેગ્રાફની પહેલી લીટી છે કે, '**શબ્દ સાધક છે, અર્થ સાધ્ય છે.**' પણ એ વાત કહેવા માટે એટલેથી અટક્યા નથી. '**અર્થ સાધક છે, જ્ઞાનરસ સાધ્ય છે.**' જ્ઞાનરસ કહો, આત્મરસ કહો કે વીતરાગરસ કહો. અર્થ તો વિદ્વાન કરી જાણે.

મુમુક્ષુ :- બરાબર કરે તો ?

પૂજ્ય ભાઈશ્રી :- બરોબર કરે તોપણ વિભાવના જોરમાં ઊભો રહીને કરેલો અર્થ છે એ સ્વભાવને નહિ સાધે. જ્ઞાનનો ઉઘાડ છે એટલે અર્થ કર્યો છે, પણ વિભાવના જોરમાં ઊભો રહીને કરેલો અર્થ છે. એ સ્વભાવને નહિ સાધે. એ વિચારવા જેવો વિષય છે.

મુમુક્ષુ :- પ્રયોજન નહિ સધાય.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ સધાય.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિને વીતરાગતા તો છે પણ સૂત્ર પ્રમાણે અર્થ બરાબર ન હોય તો ભૂલ કહેવાય ?

પૂજ્ય ભાઈશ્રી :- બિલકુલ નહિ, બિલકુલ નહિ. સૂત્ર પ્રમાણે અર્થ ન હોય એ કેવી રીતે કાઢ્યું ? ન્યાયબહાર કહે છે ? અર્થ કરે છે તો ન્યાયથી વિપરીત સ્થાપે છે ? કહેવાનો મતલબ એ છે કે જે સૂત્ર છે એમાં પ્રકરણ અનુસાર આચાર્ય મહારાજનું કોઈ સૂત્ર છે. એમ પ્રકરણ અનુસાર એનો અર્થ અમુક પ્રકારે થવો જોઈએ. બહુ સીધી સાદિ વાત

છે. ત્યાં કોઈ જ્ઞાનીને કોઈ બીજો એવો ન્યાય અંદરમાંથી આવ્યો અને એનું અર્થઘટન એ પ્રમાણે કર્યું. તો દોષ ગણવો કે ન ગણવો ? ગણવો કે ન ગણવો ? નહિ. એ એના અધિકારનો વિષય છે.

મુમુક્ષુ :- જેમ કે 'સમયસાર કળશટીકા'.

પૂજ્ય ભાઈશ્રી :- 'સમયસાર કળશટીકા'માં 'જયચંદ્રજી પંડિતે' અર્થ કર્યા છે. 'કળશ ટીકા'ના અર્થ કર્યા છે ને 'જયચંદ્ર પંડિતે' ? એ અચ્છા વિદ્વાન હતા, બહુ સારા વિદ્વાન હતા. અડીને અર્થ કર્યા છે, શબ્દ અડીને. અને 'રાજમલજી'એ એ સંસ્કૃત શબ્દના વ્યુત્પત્તિ અર્થ પ્રમાણે કે સંસ્કૃત શબ્દના શબ્દકોષ પ્રમાણે અર્થ નથી કર્યા. પણ અધ્યાત્મ પ્રધાનતાથી અનેક જગ્યાએ અર્થ કર્યા છે. એનો દોષ એમને નથી.

દોષ કોને કહેવો અને ગુણ કોને કહેવો ? હવે એ વિચારીએ. આત્માને દોષ થાય તે દોષ છે અને આત્માને ગુણ થાય તે ગુણ છે. હવે જે અર્થથી આત્માને ગુણ થાય, જ્ઞાનરસ ઊપજે, વીતરાગરસ ઊપજે એને દોષ કેવી રીતે સ્થપાય ? આપણી સમજમાં તો નથી આવતી એ વાત. વિદ્વાનોની સમજમાં ભલે આવતું હોય કે અહીં અર્થ ખોટો કર્યો માટે જ્ઞાનીનો દોષ છે. પણ એ વાત આપણી સમજમાં નથી.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' એમ કહે છે કે પ્રદેશ ભિન્ન છે અને આગમમાં તો એમ લ્યે છે કે પ્રદેશ ભિન્નતા ક્યાંય છે નહિ. તો આ જે ફરક રહે છે એ ક્ષયોપશમની ભૂલ કહેવાય કે ન કહેવાય ?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બહુ વિવાદાસ્પદ પ્રકરણ છે. આ વખતે 'ઘાટકોપર'માં પર્યુષણમાં એ વિષય કુદરતી વાંચનમાં સામે આવ્યો હતો. એક સત્તામાં બીજી સત્તા નથી. એક વસ્તુની બીજી સત્તા નથી. કારણ કે બંનેના પ્રદેશો ભિન્ન હોવાથી તેમને એક સત્તાની અનુપપત્તિ છે. એ દૃષ્ટાંત આપીને એમ કહ્યું કે જાણન ક્રિયામાં રાગની ક્રિયા નથી અને રાગની ક્રિયામાં જાણન ક્રિયા નથી. બંનેની સત્તા ભિન્ન છે. જો બન્નેની સત્તા ભિન્ન ન હોય તો એકનો નાશ થતાં બીજાનો નાશ થઈ જાય. પણ રાગનો નાશ થાય છે, રાગની સત્તા વિલય પામે છે, જ્ઞાનની સત્તા ઊભી રહે છે. એ સ્પષ્ટ કરે છે કે બંનેની સત્તા ભિન્ન છે. અને એ

વાત એમણે 'જયચંદ્રજી'એ ભાવાર્થમાં લીધી કે ઉપયોગ તો ચૈતન્યનું પરિણમન હોવાથી જ્ઞાનસ્વરૂપ છે અને ક્રોધાદિ ભાવકર્મ, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, શરીરાદિ નોકર્મ એ બધા પુદ્ગલ દ્રવ્યના પરિણામ હોવાથી જડ છે. દ્રવ્યકર્મ, નોકર્મ તો ઠીક છે પણ ભાવકર્મ લીધું છે. પુદ્ગલ દ્રવ્યના પરિણામ હોવાથી જડ છે તેમને અને જ્ઞાનને પ્રદેશભેદ હોવાથી અત્યંત ભિન્ન છે. છે કે નહિ શાસ્ત્રમાં ? શાસ્ત્રમાં નથી એમ કેમ કહેવાય ?

મુમુક્ષુ :- ભિન્ન છે પણ પ્રદેશભિન્ન...

પૂજ્ય ભાઈશ્રી :- પ્રદેશ ભિન્ન છે, પ્રદેશ ભેદ છે. પ્રદેશ ભેદ છે કહો કે ભિન્ન છે કહો, ભેદ એટલે જુદા છે. ભિન્ન છે એટલે જુદા છે. એમાં બીજો ફેર નથી. હવે અહીંયાં વિચારવા જેવો વિષય છે.

મુમુક્ષુ :- ક્યો શ્લોક છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ૧૮૧, ૧૮૨, ૧૮૩ ગાથા છે. સંવર અધિકારની ગાથા છે. અહીંયાં પ્રદેશ ભિન્નતાની વાત ચાલી છે એ દ્રવ્યાનુયોગ અનુસાર નથી.

મુમુક્ષુ :- આગમ અનુસાર નથી.

પૂજ્ય ભાઈશ્રી :- આગમ અનુસાર નથી. અધ્યાત્મ અનુસાર છે. બે પદ્ધતિ છે. ચારેય અનુયોગમાં બે પદ્ધતિ છે : એક આગમ પદ્ધતિ અને એક અધ્યાત્મ પદ્ધતિ. કથનની અંદર બે પદ્ધતિથી કથન ચાલ્યા છે. એક આગમ પદ્ધતિથી અને એક અધ્યાત્મ પદ્ધતિથી. તો આ અધ્યાત્મ પદ્ધતિનો વિષય ચાલે છે કે જેમાં ભાવકર્મને જડ કહીએ છીએ. દ્રવ્યાનુયોગના આગમમાં ભાવકર્મ જડ નથી. ચૈતન્યવિકાર છે અને ચૈતન્યનો પર્યાય છે. નિશ્ચયથી ચૈતન્યનો પર્યાય છે. જીવનો રાગ એ નિશ્ચયથી ચૈતન્યનો પર્યાય છે. એટલે એને અશુદ્ધ નિશ્ચયનયનો વિષય કીધો છે. વ્યવહારનય શબ્દ ત્યાં નથી વાપર્યો. છે વ્યવહારનયનો વિષય, પણ એ અશુદ્ધ નિશ્ચયનયનો વિષય છે. નિશ્ચયનયના વિષયમાં એ વાત લીધી છે. કેમકે નિશ્ચયથી એ જીવનો પર્યાય છે.

અહીંયાં એને જડ કહ્યા. જે દ્રવ્યકર્મને જડ કહ્યા, જે શરીરાદિ નોકર્મને જડ કહ્યા એમાં ભાવકર્મને લીધા. એ આગમની પદ્ધતિ નથી. એ અધ્યાત્મની પદ્ધતિ છે. તો જ્યાં અધ્યાત્મની પદ્ધતિ હોય ત્યાં

આગમની પદ્ધતિ તમે લ્યો તો એ તમારી અર્થ કરવાની પદ્ધતિ બરાબર નથી. એવું તો તમે ચરણાનુયોગમાં દ્રવ્યાનુયોગ નહિ લઈ શકો.

ચરણાનુયોગમાં મુનિ જોઈને ચાલે છે. ઈર્યાસમિતિથી. મુનિને ઈર્યાસમિતિ છે ને ? ચાર હાથ નીચે જોઈને ચાલે છે. તો ત્યાં દ્રવ્યાનુયોગનો વાંધો પાડવો હોય તો પાડી શકાય કે મુનિ પગને ચલાવી શકે છે ને ? શરીરને ચલાવી શકે છે કે નહિ ? શરીરની ક્રિયા મુનિ કરી શકે છે ? તો ચાર હાથ જોઈને પગ મૂકે. અને પગ એવી રીતે મૂકે કે નીચે કોઈ જીવજંતુ હોય તો એને પગ બીજી જગ્યાએ મૂકવો. એની હિંસા થાય એવી રીતે એના ઉપર પગ ન મૂકવો. આવી જિનાજ્ઞા છે કે નહિ ? તો એ મુનિ ઇચ્છા પ્રમાણે પગ મૂકી શકે છે ને ? શરીર ચલાવી શકે છે ને ? દ્રવ્યાનુયોગનો વાંધો પાડવો હોય તો ત્યાં પાડી શકાય કે આ કરણાનુયોગ અને દ્રવ્યાનુયોગનો વિરોધ ઊભો થાય છે એનું શું ? એવો જ વાંધો આ છે. દ્રવ્યાનુયોગનો અને અધ્યાત્મનો.

તમારે દ્રવ્યાનુયોગના પ્રદેશ લેવા છે કે અધ્યાત્મની વાત લેવી છે ? જ્યાં અધ્યાત્મની વાત ચાલે છે ત્યાં દ્રવ્યાનુયોગનો વિષય શું કરવા વચ્ચે લ્યો છો ? બસ. બેના જુદાં જુદાં કહેવાની પદ્ધતિના વિષય સમજો તો ક્યાંય કોઈ જગ્યાએ અસમાધાન થવાનો પ્રસંગ જ નથી. બહુ ચોખ્ખી વાત છે. એકદમ સ્પષ્ટ. એ ખુલાસો કર્યો હતો આ વખતે પર્યુષણમાં. આ પ્રશ્ન સમાજમાં બહુ પેચીદો બન્યો છે. અમસ્તો તો એવો પ્રશ્ન જાહેરસભામાં ન લઈએ. પણ શાસ્ત્રમાં આ વિષય સામે આવ્યો અને જે દિ' ગાથા શરૂ કરી તે દિ' ખ્યાલ પણ નહોતો કે આ વિષય સામે આવશે. આઠ દિવસ પછી જ ખ્યાલ આવ્યો નવમે દિવસે કે આ વિષય અહીંયાં સામે આવે છે, હવે શું કરવું ? કુદરતી બે-પાંચ મિનિટ બાકી હતી. મેં કીધું, કાલે લઈશું. ત્યારે કહ્યું કે જેને જે પ્રશ્ન કરવો હોય એ તૈયાર થઈને આવજો. હવે આ પ્રશ્ન પેચીદો છે અને વિવાદાસ્પદ છે તો તૈયાર થઈને આવજો. આપણે ખુલાસો આપી દઈએ પછી પ્રશ્ન કરજો.

એક પ્રશ્ન નથી આવ્યો. કેમકે આ દૃષ્ટિકોણથી વિચારતા પ્રદેશ ભિન્નત્વ લેવામાં વાંધો નથી. અને દ્રવ્યાનુયોગથી જો પ્રદેશ ભિન્નત્વ લ્યો તો ગૃહીત મિથ્યાત્વનો દોષ ઊભો થાય. વસ્તુનું સ્વરૂપ ખોટું પડે.

જે વિકારના પ્રદેશો છે એ જ જ્ઞાનના પ્રદેશો છે અને જે આત્માના જ્ઞાનની પર્યાયના પ્રદેશો છે તે જ એના વિકારના પ્રદેશો છે. કેમ કે ચારિત્રગુણ સર્વ પ્રદેશે પરિણમે છે, વિકારી કે અવિકારીપણે. અને જ્ઞાન પણ સર્વ પ્રદેશે પરિણમે છે, વિપરીત કે અવિપરીત. એમાં કાંઈ આત્માના પ્રદેશો જુદા નથી થઈ જતા. દ્રવ્યાનુયોગથી જો ભિન્ન પ્રદેશ લ્યો તો ગૃહીત મિથ્યાત્વનો પ્રસંગ આવે. વસ્તુના સ્વરૂપની જ ખોટી કલ્પના થાય. અધ્યાત્મથી વિચારો તો આત્માને ઈષ્ટ છે. ભિન્ન પડવામાં ઈષ્ટ છે. વિકારથી ભિન્ન પડવામાં ઈષ્ટ છે. એને વીતરાગતાની પ્રાપ્તિ થાય. એનો એ વિષય ઊલટોસૂલટો થઈ જાય છે. એટલે કે અર્થઘટન કરવો એ ગુણ છે કે દોષ છે ? બીજો અર્થઘટન કરવો એ ગુણ છે કે દોષ છે એનો આધાર તાત્પર્ય ઉપર છે, અર્થઘટન ઉપર નથી.

એવી ચર્ચા એક વિદ્વાન સાથે ચાલેલી. 'ગુરુદેવ'નું પ્રવચન હતું. પ્રવચન 'પ્રવચનસાર'નું હતું. 'પ્રવચનસાર'માં ઉત્પાદ-વ્યય-ધ્રુવનો જે વિષય ચાલ્યો છે. તો અહીંયાંથી ક્રમબદ્ધપર્યાયનો વિષય ચાલ્યો છે, બીજો વિષય ચાલ્યો છે. અનેક પ્રકારનો અધ્યાત્મનો વિષય ચાલ્યો છે. 'ગુરુદેવ'નું તો અધ્યાત્મ બહુ ચાલતું. અહીંયાં તો એ વિષય નથી. વિષયાંતર થયો છે. એમને એટલી છૂટ છે. એ રીતે અર્થઘટન કરવામાં, એ રીતે વિષયને સ્થાપવામાં જ્ઞાનીનો એ અધિકાર છે. કેમ અધિકાર મળ્યો ? હવે એ વિચારી લઈએ.

એમને નિર્દોષ થવાનો જે માર્ગ અને ઉપાય હાથમાં આવ્યો છે એ ઉપાયને પકડીને બધું પરિણમન ચાલે છે, સઘળુંય પરિણમન ચાલે છે. તત્ત્વવિષયક જે કોઈ એમની તત્ત્વજ્ઞાનની વિચારણા ચાલે છે, એમાં જે વીતરાગતાની પ્રાપ્તિનું પ્રયોજન છે એને વીંટળાઈને એ બધું ચાલે છે. એ વંટોળ એને વીંટળાઈને ચાલે છે. વિચારનો વંટોળ છે પણ પ્રયોજનની પક્કડ છે એની અંદર. એ બધે નિર્દોષ છે. સાંગોપાંગ નિર્દોષ છે. એમાં કોઈ વિદ્વાન એમ કહે કે આવો અર્થ કર્યો એ ભૂલ છે. એ વિદ્વત્તાના અહંમ સિવાય બીજું કાંઈ નથી ત્યાં.

મુમુક્ષુ :- પ્રદેશભિન્ન છે એ...

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ નહિ. વસ્તુના સ્વરૂપનું નિરૂપણ લેવું.

વસ્તુના સ્વરૂપનો નિર્ણય તો કરવો પડશે કે નહિ ? વસ્તુના સ્વરૂપનો નિર્ણય તમે કરો તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી કેવી છે, એ સ્વરૂપનિર્ણય કર્યા વિના આગળ ચાલવું છે એ કેવી રીતે ચાલશે ? જો એના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નિર્ણય કરો તો પોતાનો રાગ પોતાના કારણે છે એમ એમાંથી ન્યાય ઉત્પન્ન થાય છે. અને અનાદિનો જીવ એમ કહે છે કે મને આણે રાગ કરાવ્યો, મને આણે દ્વેષ કરાવ્યો, મને આણે આમ કરાવ્યું, મને આણે આમ કરાવ્યું. એ સંયોગ એવા ઉત્પન્ન થયા માટે મને આવો ભાવ થયો. વાત તારી ખોટી છે. તારો દોષ તારે લીધે છે અને તારો દોષ બીજા કોઈ કારણે નથી. આ એનો ન્યાય છે. એ પણ એની અંદર દ્રવ્યાનુયોગથી એ ન્યાય સંપન્ન થાય છે. પણ એ ન્યાય નીચેના સ્તરનો છે અને પ્રદેશ ભિન્નત્વ લે છે એ ન્યાય ઊંચેના સ્તરનો અધ્યાત્મનો ન્યાય છે. તો ક્યા ન્યાયને પકડવો છે ? વાત તો બેય સમજી લીધી તમે. હવે સમજ્યા પછી ક્યા ન્યાયને પકડવો છે ? પ્રદેશ ભિન્નત્વ લ્યો એમાં કાંઈ વાંધો નથી, ઊંચા ન્યાયને ગ્રહણ કરવા અર્થે. પણ વસ્તુના સ્વરૂપને ખોટું ઠરાવીને નહિ. નહિતર અધ્યાત્મ હાથમાં નહિ આવે પાછું, ન્યાય ઊંચો હશે તોપણ. વસ્તુના સ્વરૂપને ખોટું ઠરાવવા જતાં તો અધ્યાત્મ ચાલ્યું જશે, અધ્યાત્મ નહિ આવે.

મુમુક્ષુ :- વસ્તુસ્વરૂપ ...

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપનું પણ જ્ઞાનમાં નથી

મુમુક્ષુ :- ક્ષયોપશમની ભૂલ ?

પૂજ્ય ભાઈશ્રી :- ક્ષયોપશમની ભૂલ નથી. એ તો વસ્તુના સ્વરૂપને ઊંધું સમજે છે ત્યાં ક્ષયોપશમની માત્ર ભૂલ નથી, પ્રયોજનની પણ ભૂલ છે. કેમકે બે પદાર્થની ભિન્નતા જ નહિ રહે ત્યાં. એટલે માત્ર ક્ષયોપશમની ભૂલ નથી, પ્રયોજનની પણ ભૂલ છે. એટલે તો ગૃહીત મિથ્યાત્વ સધાય છે. અગૃહીતમાંથી ગૃહીતને બુદ્ધિપૂર્વક સાધે છે. એકલી ક્ષયોપશમની ભૂલ ન લેવાય. પ્રયોજનની પણ ભૂલ છે.

મુમુક્ષુ :- અનુભવ આગમ પદ્ધતિથી સધાય કે આગમ પદ્ધતિથી ?

પૂજ્ય ભાઈશ્રી :- બેયનો સુમેળ હોય તો થાય. એક ન ચાલે. બંનેનો સુમેળ જોઈએ. આગમ પદ્ધતિમાં છબરડો કરે અને અધ્યાત્મની પદ્ધતિની મુખ્યતા કરવા જાય. નહિ થાય. એ અધ્યાત્મનો વ્યામોહ

થશે. નવી કલ્પના અધ્યાત્મની ઊભી થશે. અધ્યાત્મ નહિ હાથમાં આવે.

મુમુક્ષુ :- શક્ય બને જ નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :- ન જ બને. ન બની શકે. નીચેનો ન્યાય હાથમાં આવતો નથી અને ઉપરનો ન્યાય હું પકડીને એમ કહું કે મારી પાસે તો હીરા ને ઝવેરાત છે. પણ હજી સોનું લેવાની તેવડ નથી, લોઢું લેવાની ત્રેવડ નથી તારામાં. ઝવેરાત લાવ્યો ક્યાંથી તું ? અરે..! દ્રવ્યાનુયોગ આગમ પદ્ધતિ શીખી લે અને અધ્યાત્મનો ન્યાય આવે ત્યાં એ પક્કડ કરે કે નહિ આમાં તો દ્રવ્યાનુયોગ તૂટી જાય છે. તો તારા હાથમાં અધ્યાત્મ નહિ આવે. પકડ દ્રવ્યાનુયોગને એકલો. પકડીને શું કરવાનો હતો તું ? વિદ્વતા રહી ગઈ, જાણપણું રહી ગયું. જાણપણું થયા પછી અધ્યાત્મતત્ત્વ ઉપર જોર આવવું એ બીજો વિષય છે પાછો. એક નવો તબક્કો શરૂ થવો જોઈએ. એકલું  તત્ત્વજ્ઞાન વિષયક તત્ત્વનું જાણપણું થઈ જાય એટલે કાંઈ બધી સિદ્ધિ થઈ ગઈ, કાર્યસિદ્ધિ થઈ ગઈ, પ્રયોજનસિદ્ધિ થઈ ગઈ, એ વસ્તુ નથી.

સમજાણા પછી પણ એને અંતર સ્વરૂપ ઉપર જોર આવવું જોઈએ એનું નામ અધ્યાત્મ છે. એનું વલણ આવવું જોઈએ, એનું જોર આવવું જોઈએ. એ તદ્દન જુદું સેક્ટર છે-જુદો આખો વિભાગ જુદો છે-ડિવિઝન જુદું છે. એમાં આવવું પડે છે. એકલું જાણે કામ ન આવે. એવું તો વાચાજ્ઞાન ઘણાને થઈ જાય છે, હજારોને થઈ જાય છે. એથી શું થઈ ગયું ?

મુમુક્ષુ :- અહીં 'શ્રીમદ્જી'નો ન્યાય લાગુ પડે ? જ્યાં જ્યાં જે જે યોગ્ય છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. તહાં સમજવું તેહ. પણ એ એટલું બધું જનરલાઈઝ કર્યું છે કે બધા એમ જ સમજે છે કે જ્યાં જ્યાં યોગ્ય છે ત્યાં ત્યાં અમે એ જ પ્રમાણે સમજીએ છીએ. એટલે એ બધી ગડબડ રહે છે.

આમાંથી ચાલી ગયું-સૂત્રતાત્પર્ય અને શાસ્ત્ર તાત્પર્ય. એ સૂત્રતાત્પર્ય પણ વીતરાગતા છે અને શાસ્ત્ર તાત્પર્ય પણ વીતરાગતા જ છે. અને વીતરાગતાથી જ વીતરાગતા સધાય છે રાગથી વીતરાગતા

સધાતી નથી. એ એનો સિદ્ધાંત છે.

**'નિયમ સાધક છે, નિશ્ચયપદને પામવું તે સાધ્ય છે.'** નિયમ તે સાધક છે. નિયમ એટલે અહીંયાં મર્યાદા. નિશ્ચયપદને પામવા યોગ્ય જે કાંઈ ભાવોની મર્યાદા છે તે સાધક છે અને નિશ્ચયપદને પામવું તે સાધ્ય છે. એ નિયમ છે. હવે નિયમ લઈએ તો પાત્રતા એ મુખ્ય નિયમબદ્ધ વાત છે. શાસ્ત્રજ્ઞાન ઓછું હોય, તત્ત્વજ્ઞાન ઓછું-વધારે હોય એનો નિયમ નથી. પાત્રતાનો તો નિયમ જ છે. જો નિશ્ચયપદને પામવું હોય તો એને અનુરૂપ પાત્રતા આવ્યા વિના કદિ પણ નિશ્ચયપદ પમાતું નથી. પછી એની અંદર પેટા નિયમમાં બધી અનેક વાતો આવે. જેમકે પર્યાય અપેક્ષાએ લઈએ તો પરિપૂર્ણ નિર્દોષતાનું જેને પોતાનું અંતિમ ધ્યેય, અંતિમ આદર્શ, પોતાનું સ્થાન નક્કી કર્યું હોય એ નિયમબદ્ધ વાત છે. તો જ એને નિશ્ચયપદ પામવા અંગેની શરૂઆત થાય. નહિતર નિશ્ચયપદ પામવા અંગેની કોઈ શરૂઆત થતી નથી. એ નિયમ છે એ બહુ જનરલ વાત કરી છે. પણ એના પેટા નિયમોની અંદર અનેક પ્રકાર છે. એ બધાનો સરવાળો એક ટૂંકામાં લઈ લઈએ તો એ બધાનો સરવાળો એક પાત્રતામાં સમાય જાય છે. એ વિના પાત્રતા આવે નહિ.

પછી આગળ ચાલો તો એને પોતાના સ્વરૂપ પ્રાપ્તિની અત્યંત-અત્યંત ભાવના એ નિયમ છે. નિશ્ચયપદ પામવા માટે નિશ્ચયપદની ભાવના, આત્મભાવના એ એનો નિયમ છે. એ ભાવના અનુસાર એની લગની અને એની જેને કહીએ... છટપટાહટનો શું કહે છે ? ચટપટી લાગવી. જેમ કોઈ છોકરો કહે કે ઘડીક પછી નહિ મારે અત્યારે જ જોઈએ. કજિયો કરે તો શું કહે ? અત્યારે ને અત્યારે આપો. તો કહે નહિ, ઘડિક પછી આપું. તો કહે, નહિ અત્યારે જ જોઈએ. એવી અંદરની તાલાવેલી લાગે. તાલાવેલી (કહે) છે આપણે ગુજરાતીમાં. એ એનો નિયમ છે. એ પોતાનું નિજ પરમાત્મસ્વરૂપ છે, પોતાનો પરમાત્મા એ એને એટલો અત્યંત પ્રિય છે કે એનો વિરહ એને પોસાતો નથી. એનાથી અનુભવથી ભિન્નપણે રહેવું એ એને પોસાતું નથી. એ એનો નિયમ છે.

નિયમની અંદર તો જે નિશ્ચયપદને પામવું છે એનો નિયમ છે, એના પૂર્વભૂમિકાના આનુસંગિક પરિણામ છે એ એનો નિયમ છે. ત્યારે

એ સાધક છે, પૂર્વપર્યાય ગણીને એમ કહે છે. નિશ્ચયપદ પામવું તે સાધ્ય છે.

**'નય, પ્રમાણ, નિક્ષેપ સાધક છે, ન્યાયસ્થાપના (ન્યાયને સ્થાપવો તે) સાધ્ય છે.'** એ જરા વિસ્તારવાળો વિષય છે. (અહીં સુધી રાખીએ...)

સમ્યક્ શ્રદ્ધા, ત્રિકાળ અપરિણામી, ધ્રુવ પરમપારિણામીક ભાવ સ્વરૂપ નિજ સામાન્ય તત્ત્વમાં હું-પણું કરીને, ભાવમાં અભેદપણું સાધે છે. તે સિવાયનો સર્વ વ્યવહારનયનો વિષય-ગુણભેદ અને પર્યાયભેદ - ને શ્રદ્ધા સ્પર્શતી નથી. તેથી શ્રદ્ધામાં એમ રહે છે કે, પરિણામ પરિણમે છે, હું નહિ, અર્થાત્ ત્રિકાળી અસ્તિત્વમયી 'સ્વ'માં વ્યાપ્ય-વ્યાપકભાવે પોતાપણાની સ્થાપના થતાં, પરિણામમાંથી અસ્તિત્વપણારૂપ શ્રદ્ધાનો નાશ થાય છે, પરિણામમાં અભેદભાવે કર્તાપણું થતું હતું તેનો નાશ થાય છે, તેથી ભાવમાં-પરિણામનો કર્તા પરિણામ છે તેમ આવે છે. ત્યાં વીર્યનું જોર રહેતું નથી, જોર 'ત્રિકાળી હું' તેમ રહે છે. આમ પુરુષાર્થની દિશા બદલાઈ જાય છે, સાથે સાથે ચારિત્ર આદિ ગુણો પણ યથા સંભવ શ્રદ્ધા અને પુરુષાર્થને અનુસરવા લાગે છે. જો કે પ્રમાણજ્ઞાન તે જ વખતે ત્રિકાળી અને વર્તમાન પર્યાય, બન્નેને યુગપત્ જાણતાં, તેમાં 'હું'પણાનો અભેદ અનુભવ કરે છે. તે અપેક્ષાએ પરિણામ, પોતાના અંશરૂપે અનુભવાય છે, અને તે પ્રકારે તે માત્ર જાણવાનો વિષય રહે છે. આમ સમ્યક્દર્શન કાળે સ્વાનુભવમાં જ નિશ્ચય - વ્યવહાર (જ્ઞાન)નો (પ્રમાણમાં ગર્ભિત હોવાથી) જન્મ એક સાથે થઈ જાય છે. તેથી કયાંય અસમાધાન થતું નથી સર્વાંગ નિઃશંકતા રહે છે.

(અનુભવસંજીવની - ૭૯૧)

**તા. ૧૩-૧-૧૯૮૭, પાના નં. ૪૭, પ્રવચન નં. ૯૭**

**'નય, પ્રમાણ, નિક્ષેપ સાધક છે, ન્યાયસ્થાપના (ન્યાયને સ્થાપવો તે) સાધ્ય છે.'** નય, પ્રમાણ, નિક્ષેપ દ્વારા ન્યાયની સ્થાપનાને સધાય છે. આમ તો વસ્તુનું સ્વરૂપ સિદ્ધ થાય છે. નય, પ્રમાણ, નિક્ષેપ દ્વારા પદાર્થનું સ્વરૂપ સિદ્ધ થાય છે. અહીંયાં એક એવો અર્થ નીકળે છે કે અહીંયાં ન્યાયની સિદ્ધિ થાય છે. એટલે અહીંયાં નય, પ્રમાણ, નિક્ષેપનો દૃષ્ટિકોણ દ્રવ્યાનુયોગનો વિષય નહિ લેતા, ન્યાયનો વિષય અથવા અધ્યાત્મનો વિષય છે.

ભગવાનનો માર્ગ, જિનેશ્વરનો માર્ગ ન્યાયનો માર્ગ છે એમ કહેવાય છે એવી પણ ઉક્તિ છે. અથવા નિર્દોષ માર્ગમાં ન્યાય વિરુદ્ધ પ્રવર્તવાનું, ન્યાય વિરુદ્ધ કાર્ય કરવાનું, ન્યાયને સ્થાપવાનું ... માર્ગ તો નિર્દોષતાનો છે ને. પરિપૂર્ણ નિર્દોષતાનો માર્ગ છે. એવો જેમાં ઉપાય છે, એવી જેની વિધિ છે એ માર્ગ છે. પણ નય, પ્રમાણ, નિક્ષેપ દ્વારા પણ ન્યાય જ સ્થાપવામાં આવે છે. નય દ્વારા આગમથી જેમ પદાર્થનો કોઈ એક અંગ વિષય કરવામાં આવે છે, નયજ્ઞાન દ્વારા નયનું પ્રયોજન તો એ છે. ... તેમાં નય, પ્રમાણ અને નિક્ષેપની પદ્ધતિ બહુ વ્યવસ્થિત પદ્ધતિ છે.

એક વખત એવો પ્રશ્ન આવ્યો હતો કે પર્યાય દ્વારા સ્વ સ્વરૂપને વિષે હું નિત્ય છું એવો ભાવ થાય છે. તો પર્યાય તો પોતે અનિત્ય છે અને એવો ભાવ કેમ કરે છે ? પર્યાય પોતે અનિત્ય છે અને હું નિત્ય છું એવો ભાવ કેમ કરે છે ? તો એમાં ન્યાય છે માટે એમ કરે છે. એમાં ન્યાય છે. કેવી રીતે ન્યાય છે ? કે ખરેખર પોતાનું હોવાપણું છે, હું છું, પછી નિત્ય અને અનિત્ય એના વિશેષણ છે. હોવાપણું તો બંનેમાં સામાન્ય છે. હવે હું નિત્ય છું કે હું અનિત્ય છું, એટલો વિષય નક્કી (કરવાનો છે). હું છું એ વાત તો નક્કી છે, એમાં તો વિવાદ નથી. નિત્યતા અને અનિત્યતા વિષયમાં હોવાપણું એટલે અસ્તિત્વ. અસ્તિત્વ સ્વભાવ કાયમી છે કે ક્ષણિક છે ? આત્માનું અસ્તિત્વ કાયમી

છે કે ક્ષણિક છે ? કે કાયમી છે. તો હું છું તો હું નિત્ય છું એ રીતે ન્યાયની સ્થાપનાથી વસ્તુનું સ્વરૂપ સિદ્ધ થાય છે. અથવા તો એ રીતે નિત્ય પદાર્થનો, નિત્ય અંગનો આશ્રય થતાં, ભલે આશ્રય અનિત્ય અંગ કરે છે, તોપણ નિત્યનો આશ્રય થતાં કાર્યસિદ્ધિ થાય છે. સ્વરૂપસ્થિરતા થાય છે. સ્વરૂપસ્થિરતા થતાં રાગાદિ દોષ મટે છે. એમાં એ ન્યાય કેવી રીતે છે એ વિચારવા જેવું છે.

નહિતર તર્ક એવો છે કે જે ભાવ હું નિત્ય છું એવો ઉત્પન્ન થાય છે એ સ્વયં અનિત્ય છે. એવો ભાવ સ્વયં પર્યાયરૂપ હોવાથી તો અનિત્ય છે. આ ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ ન્યાયનો વિષય છે. ન્યાયની દૃષ્ટિએ તો એમ કહેવું જોઈએ કે જે જેમ હોય તેમ જાણવું તેનું નામ ન્યાય છે. નહિતર જ્ઞાન બરાબર નથી. અર્થ તો ત્યાં એમ કર્યો. તો એ જ્ઞાન ક્યાં બરાબર થયું ? જ્ઞાન આ રીતે બરાબર છે. પોતાની નિત્યતાને છોડી દે, પોતે નિત્ય હોવા છતાં પોતાને પર્યાયદૃષ્ટિથી ક્ષણિકપણે અવધારે તો એ ન્યાય નથી. એનાથી રાગાદિની નિયમથી ઉત્પત્તિ થશે. જે પર્યાયના આશ્રયથી નિયમથી રાગની ઉત્પત્તિ થાય, દોષની ઉત્પત્તિ થાય એણે આત્માને, પોતાના આત્માને ન્યાય કર્યો કે અન્યાય કર્યો ? અન્યાય કર્યો. એવી ઉત્કૃષ્ટ પદ્ધતિ છે.

અહીંયાં તો અધ્યાત્મનો વિષય છે ને ? એટલે હેય-ઉપાદેયનો વિષય તરત જ લીધો છે કે ન્યાય સ્થાપનામાં પણ ન્યાયયુક્ત હોય તે ઉપાદેય છે અને બાકીનું હેય છે. તરત જ પાછળ એ બોલ લીધો છે કે **'સમ્યક્ પ્રકારે હેય-ઉપાદેયને જાણવું સાધક છે,...'** નય, પ્રમાણ, નિક્ષેપ તો જાણવાના સાધન છે ને ? તો એમાં પણ સમ્યક્ પ્રકારે હેય-ઉપાદેયને જાણવું સાધક છે અને તેના ફળમાં **'નિર્વિકલ્પ નિજરસ પીવો તે સાધ્ય છે.'** કેટલું અધ્યાત્મ ઉતાર્યું છે ! હેય-ઉપાદેયનો જે વિવેક કરે છે એમાં પણ સમ્યક્ પ્રકારે પોતાના આત્માની શુદ્ધિ થાય તે રીતે અથવા તો સ્વ અભિમુખ થવાય તે પ્રકારે હેય-ઉપાદેયને જાણવું તે સાધક છે. સમ્યક્નો અર્થ થયો.

સ્વસન્મુખ થવાય તે પ્રકારે હેય-ઉપાદેયને જાણવું તે સાધક છે. હેય-ઉપાદેયનો વિષય તો અન્ય દર્શનોમાં પણ અનેકવિધ પ્રકારે જ્યાં જ્યાં જેની જેટલી મતિ ચાલી એટલું લોજિક હેય-ઉપાદેયનું ગોઠવ્યું

છે. આ કર્તવ્ય છે, આ અકર્તવ્ય છે. આટલું કર્તવ્ય છે, આ અકર્તવ્ય છે. પણ સમ્યક્ પ્રકારે હેય-ઉપાદેયનું જાણવું સાધક છે. એ એક વિશિષ્ટ પ્રકાર છે. સમ્યક્ પ્રકાર એ એક એવો વિશિષ્ટ પ્રકાર છે કે જેના ચારેય પડખા ચોખ્ખા હોય, નિર્દોષ હોય એ સમ્યક્ પ્રકાર છે. અથવા સર્વથા પ્રકારે નિર્દોષ થવાય તે પ્રકારે હેય અને ઉપાદેય તત્ત્વોનું જાણવું સાધક છે અને ત્યારે પોતાના સ્વરૂપમાં લીન થવાય અને નિર્વિકલ્પ આત્મરસ, નિજરસ, ચૈતન્યરસનું આસ્વાદન થાય એ એનું ફળ છે તે સાધ્ય છે.

હેય-ઉપાદેયનો વિષય 'નિયમસાર'માં લીધો છે. ૩૮ ગાથામાં અધિકારનો પ્રારંભ કરતા એ વાત લીધી છે. 'શુદ્ધભાવ અધિકાર'. જીવાદિ નવ તત્ત્વો હેય છે. જીવાદિ નવ તત્ત્વો હેય છે એ જૈનદર્શનની ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ન્યાયની વાત છે. ખરેખર તો નવ તત્ત્વો, નવના ભેદ હેય-ઉપાદેય તત્ત્વોને નક્કી કરવા માટે પાડવામાં આવ્યા છે. જગતના જે તત્ત્વો છે એમાં આ નવમાં બધા તત્ત્વો સમાય છે. એમાં એક અજીવતત્ત્વની અંદર પાંચ દ્રવ્યોને લઈ લીધા છે. અનંત ક્ષેત્રવાળા આકાશને એક તત્ત્વનો પાંચમો ભાગ મળ્યો. અજીવતત્ત્વો પાંચ છે ને ? અજીવ-અજીવ એક અજીવ. નવ તત્ત્વમાં એક પદ, નવ પદમાં એક અજીવનું અને અજીવમાં પાંચ પદાર્થો. અનંતા પુદ્ગલો એને એક પંચમાંશ ભાગ તત્ત્વનો આપ્યો. આટલો બધો વિસ્તાર છે. જેનો ક્ષેત્ર વિસ્તાર છે, જેનો સંખ્યા વિસ્તાર છે એને એક તત્ત્વનું પૂરું પદ નથી આપ્યું. એને એક તત્ત્વમાં નથી લીધા. એક પંચમાંશ ભાગમાં લીધા છે. એવી રીતે નવની ગોઠવણી છે.

જીવને આખું એક પદ આપ્યું. એક જીવતત્ત્વ. એને એક પદ આપી દીધું. પાંચ અજીવને બીજું એક પદ આપ્યું. પાંચ વચ્ચે વહેંચી લ્યો તમે. આખું સ્થાન નહિ મળે તમને. તત્ત્વનું આખું સ્થાન એને ન આપ્યું. જ્યારે એક પર્યાયની અંદર આસ્રવ, બંધ, સંવર, નિર્જરા આ બધું એક પર્યાયની અંદર ચાર ચાર પદ આપ્યા. એક પર્યાયને ચાર ચાર પદ આપ્યા. સાધકજીવની એક પર્યાય હોય, એની અંદર અલ્પ આસ્રવ પણ થાય, અલ્પ બંધ પણ થાય. એ જ પર્યાયની અંદર સંવરતત્ત્વ પણ હોય, એ જ પર્યાયની અંદર નિર્જરાતત્ત્વ પણ હોય, એ જ પર્યાયની અંદર આંશિક મોક્ષતત્ત્વ પણ હોય. પાંચ પાંચ તત્ત્વ હોય.

એક પર્યાયમાં પાંચ તત્ત્વ. તો એટલું બધું પર્યાયને સ્થાન કેમ આપ્યું ? ઓલા પાંચ દ્રવ્યને એક પદ આપ્યું અને અહીંયાં એક જીવની એક પર્યાયને પાંચ તત્ત્વો આપ્યા. એમાં હેય અને ઉપાદેય નક્કી કર. પર્યાયની અંદર હેયપણું અને ઉપાદેયપણું શું છે એ તાત્ત્વિક દૃષ્ટિએ વિચારવું છે. તાત્ત્વિક દૃષ્ટિએ એને સ્થાન આપવું છે. તો એવા નવ તત્ત્વો હેય-ઉપાદેયના મુખ્ય દૃષ્ટિકોણથી સિદ્ધાંત શાસ્ત્રોની અંદર જેનું નિરૂપણ છે, એવા નવ તત્ત્વને એમ કહે છે કે હેય છે. એ આખો વિષય (એ રીતે લીધો). કેમકે કે એ અનુત્કૃષ્ટ ન્યાય થઈ ગયો. ઉત્કૃષ્ટ ન્યાય સ્થાપવો છે.

એવા જીવાદિ નવ તત્ત્વો પણ હેય છે, આમ કરીને મૂકી દીધું. અને એક પરમપારિણામિકભાવ શુદ્ધાત્મા ઉપાદેય છે. આમ લઈ લીધું. કેમકે શુદ્ધાત્મામાં અંતર્મુખ થવા માટે આ ન્યાય ઉચિત છે. આ ન્યાય અંગીકાર કરવો ઉચિત છે. એ નવે તત્ત્વના જે ભેદ છે એ ભેદો વિકલ્પના ઉત્પાદક હોવાથી અને વિકલ્પ છે એ રાગાત્મક, દોષાત્મક હોવાથી તેને હેય કરીને એક શુદ્ધાત્માનો આશ્રય કરાવવા માટે એની ઉપાદેયતા સ્થાપી.

શ્વેતાંબર ગ્રંથોમાં આ શૈલી નથી આવી. નવ તત્ત્વની વાત છે પણ નવ તત્ત્વ હેય છે એવી એક વાત કાઢી દ્યો. આ દિગંબર સાહિત્યનો આ વિષય છે. ક્યાં ફરક છે. નહિતર તો એ પણ કહે છે, અમે જૈન છીએ. અમારામાં પણ નવ તત્ત્વો છે, અમારામાં પણ નય, પ્રમાણ, નિક્ષેપ છે.

ભાઈ ! નય, પ્રમાણ, નિક્ષેપ તો ન્યાયને સ્થાપે છે. ન્યાય તો આત્માના પરિણમનને અંતર્મુખ લઈ જાય છે. એનું નામ ન્યાય છે. અહીંયાં કહે છે કે એ નવ તત્ત્વો હેય છે એ વાત ક્યાં છે ? એવો અધિકાર ક્યાં આવે છે ? ૪૫ આગમમાં એ અધિકાર નથી.

એક જીવની અવસ્થામાં દોષ છે, એ દોષરૂપ જેટલો વિભાગ છે એક પર્યાયનો એ અવયવ છે. જીવની બધી પર્યાયો અશુદ્ધ નથી. મુખ્ય જે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રમાં દોષ ઉત્પન્ન થાય છે અને પર્યાયબુદ્ધિથી જીવ પકડાય છે ત્યારે હું આખો દોષિત છું, આખો રાગવાળો છું, આખો ક્રોધવાળો છું એવો અધ્યાસથી અનુભવ કરે છે. પણ ખરેખર તો

એનો બહુ મોટો વિભાગ, બહુ મોટો અંશ, પદાર્થનો બહુ મોટો અંશ તો નિર્દોષ રહે છે. પણ એટલું વજન એ દોષિત અંગ ઉપર લઈ જાય છે કે એ નિર્દોષ અંગને છોડી દે છે. એવી એક ભૂલ થાય છે.

'સમયસાર' શાસ્ત્રમાં ૭૫ થી ૭૯ ગાથા. પાંચ ગાથા. ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૭૯. 'કર્તા-કર્મની અધિકાર'ની. એ પાંચ ગાથાનો વિષય એવો છે. પહેલી જ ૭૫મી ગાથાની ટીકામાં એ વાત આચાર્ય મહારાજે લીધી છે કે, જેમ ઘડો બનવામાં ઘડારૂપી કાર્યમાં નિમિત્તરૂપ કુંભાર હોવા છતાં ઘડારૂપી કાર્યમાં કુંભારનું બિલકુલ અસ્તિત્વ જ નથી. ક્યાંય કુંભાર આવતો નથી. માટીના ઢેફાથી પિંડ થઈને, ચાકડા ઉપર ચડીને ઘડારૂપ પર્યાય માટીની થઈ એમાં આદિ-મધ્ય-અંતમાં માટીની વ્યાપ્તિ છે. કુંભારની ક્યાંય વ્યાપ્તિ નથી. તેથી વ્યાપ્ય-વ્યાપકભાવનો અભાવ હોવાને લીધે કુંભારને અકર્તા કહીએ. દુનિયા આખી એમ કહે કે કુંભારે ઘડો કર્યો. જૈનદર્શન એમ કહે કે કુંભારે ઘડો કર્યો નથી. એવી જ રીતે એ દૃષ્ટાંતે લીધું કે દુનિયા આખી એમ કહે કે જીવે રાગ કર્યો. પણ જીવના સ્વભાવને જોતા, સ્વભાવની દૃષ્ટિએ સ્વભાવને જોતાં. પાછું એમ.

મુમુક્ષુ :- સ્વભાવની દૃષ્ટિએ ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. સ્વભાવને જોતા એટલે કો'કને જોતા નહિ. સ્વભાવની દૃષ્ટિએ સ્વભાવને જોતાં પોતાને એમ લાગે, પોતાના સ્વભાવને જોવો છે ને ? પોતાને એમ લાગે કે રાગનો અંશ પર્યાયમાં ઉત્પન્ન થતો હોવા છતાં હું એમાં વ્યાપતો નથી. વ્યાપ્ય-વ્યાપકભાવનો અભાવ હોવાને લીધે હું એનો કર્તા થતો નથી, એ મારું કાર્ય થતું નથી. આમ અકર્તા થઈ જાય છે. કર્તા-કર્મ અધિકાર ચાલે છે ને ?

'ગુરુદેવ' સાથે એકવાર ચર્ચા થયેલી. પ્રશ્ન તો એ કર્યો હતો કે દિગંબર સાહિત્ય અને શ્વેતાંબર સાહિત્ય વિદ્યમાન છે. એમાં કઈ એવી ઉત્કૃષ્ટ વાત છે, તત્ત્વની, હોં ! અધ્યાત્મની, અધ્યાત્મ તત્ત્વની એવી કઈ ઉત્કૃષ્ટ વાત છે કે જે શ્વેતાંબર સાહિત્યમાં નથી અને દિગંબર સાહિત્યમાં જ છે ? અમારે ધંધાદારી રીતે થોડું શ્વેતાંબરનું સર્કલ હતું. પછી એ રીતે એમના આચાર્યો સાથે ચર્ચાનો પ્રસંગ બનતો. એ દિવસોમાં આની વાત હતી એટલે પ્રશ્ન કર્યો હતો. ૭૫મી ગાથામાં જે સ્વભાવથી આત્મા રાગાદિમાં વ્યાપતો નથી, એ વિષય ૪૫માં ક્યાંય

નથી. પોતે તો ૪૫ આગમ વાંચેલા છે ને. ૪૫માં એ વિષય ક્યાંય નથી આવતો. સ્વભાવનો વિષય, સ્વભાવનું સ્વરૂપ કેવું છે ? કે રાગ એની અવસ્થામાં થતો હોવા છતાં, ચારિત્રગુણનો પર્યાય હોવા છતાં એમાં સ્વભાવ વ્યાપતો નથી. જ્ઞાનીનો કે અજ્ઞાનીનો. આત્મા સ્વભાવે કરીને એમાં વ્યાપ્ય-વ્યાપકભાવે (વ્યાપતો નથી). ઠીક ! આ વિષય (ત્યાં નથી). એવો જ આ વિષય છે ૩૮ ગાથાનો 'નિયમસાર'નો. જીવાદિ તત્ત્વ, જીવાદિ નવ તત્ત્વો હેય છે અને એક પંચમભાવ પારિણામિકભાવ ઉપાદેય છે. આવી રીતે વિષય લીધો છે.

**'સમ્યક્ પ્રકારે હેય-ઉપાદેયને જાણવું સાધક છે,...'** અને એના ફળમાં સ્વરૂપાશ્રય નિર્વિકલ્પ તત્ત્વનો આશ્રય થતાં નિર્વિકલ્પ પરિણમન થાય એનો જે અનુભવ છે એને નિર્વિકલ્પ રસને પીવો એમ કહેવામાં આવે છે. 'દીપચંદજી'એ બહુ રસિક ભાષા લીધી છે. જેમ કોઈ બહુ મીઠો રસ પીએ છે, એવા બહુ મીઠા ફળનો રસ કોઈ પીએ છીએ. તો આ તો એક આત્માનું આનંદ અમૃત છે. એ અમૃતરસને પીએ છે. અમૃતરસનો આસ્વાદ લે છે. એટલે એ નિર્વિકલ્પ નિજરસને પીવાનું અહીંથી બને છે. જો **'સમ્યક્ પ્રકારે હેય-ઉપાદેયને જાણવું સાધક છે,...'**

મુમુક્ષુ :- કોઈ તત્ત્વ એવું ખરું કે સમ્યગ્દર્શન...

પૂજ્ય ભાઈશ્રી :- ન થાય એનો ન્યાય છે. કે મૂળ માર્ગ તો ભગવાન જે 'મહાવીરસ્વામી' અંતિમ તીર્થાધિનાથ થયા, એમણે ચલાવ્યો. એમના નિર્વાણ બાદ પાંચસોએક વર્ષ પછી મતાંતર ઊપજ્યો. મૂળ માર્ગથી બીજો મત, બીજો અભિપ્રાય એ મતાંતર છે આખો. એટલે એ ક્યારે બને ? એ જ્ઞાનનો માત્ર દોષ નથી. પહેલો શ્રદ્ધાનો દોષ છે. જો શ્રદ્ધાભ્રષ્ટ થાય.. હજી તો એ લોકો બહારમાં તો ચારિત્રમાં હતા. જેણે બીજો માર્ગ, બીજો મત સ્થાપ્યો એ તો મુનિદશામાં હતા. એ તો પહેલુંવહેલું એ લોકોએ ઝાડની છાલ, અર્ધ ફાલક, વલ્કલ એ બધું શરૂ કર્યું. અને આમાં પણ મુનિપણું દેશકાળને અનુસાર પાળી શકાય, પાળવાયોગ્ય છે એવો એક થોડો ફેરફાર અપનાવ્યો. તો એ ચારિત્રનો ફેરફાર માત્ર નથી. એ સમજણનો સિદ્ધાંતજ્ઞાનનો માત્ર ફેરફાર નથી, મૂળ એ શ્રદ્ધાનો ફેરફાર છે. અને દેશનાલબ્ધિનો સિદ્ધાંત એવો છે

કે કોઈપણ મિથ્યાદૃષ્ટિનો ઉપદેશ સમ્યક્ત્વમાં નિમિત્ત ન થાય.

એટલે જેટલી પણ રચના એ જીવો દ્વારા થઈ હોય ત્યાં સમ્યક્ત્વનું નિમિતતત્ત્વ એ વાણીમાં નથી. સમ્યક્ત્વનું નિમિત્તપણું સાચા દેવ, નિર્ગ્રંથ ગુરુ ભાવલિંગી, એમના રચેલા સિદ્ધાંત શાસ્ત્રો અને જેને સ્વાનુભવ છે એવા સમ્યગ્દૃષ્ટિઓ, આટલી વાણીની અંદર સમ્યક્ત્વનું નિમિતતત્ત્વ રહ્યું છે. એ સિવાય સમ્યક્ત્વનું નિમિતતત્ત્વ ક્યાંય નથી. પાંચમું પદ નથી.

મુમુક્ષુ :- હેય-ઉપાદેય .. આવે છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં આવે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ દૃષ્ટિથી આની સાથે તો મેળવ્યું નથી. 'મોક્ષમાર્ગપ્રકાશક' છે ને ? 'મોક્ષમાર્ગપ્રકાશક' જોઈએ. એ તો શું છે કે આપણે આ ગ્રંથમાં હેડિંગ આપણે આપણા પ્રકાશનમાં લીધા છે. મૂળ ચિઠ્ઠીમાં... આ તો ચિઠ્ઠીનો વિષય છે. અને 'મોક્ષમાર્ગપ્રકાશક' શાસ્ત્રમાં પણ હેડિંગ નથી. હેડિંગ તો આપણામાં લીધા છે.

હેય-ઉપાદેયનું પ્રકરણ છે એ એકદમ પ્રયોજનને સ્પર્શતું પ્રકરણ છે અને પ્રયોજન એ મુમુક્ષુના પરિણામની ધરી જેવું છે. ચક્ર જેમ ધરી વિના ફરે નહિ, એમ પ્રયોજનની ધરી ઉપર જો પરિણામનું ચક્કર ફરે તો એને ક્યાંય ફસાવાનું કારણ ન થાય, ભૂલવાનું કારણ ન થાય. નહિતર ભૂલવાના હજાર ઠેકાણા છે. હેય જ્ઞેય ઉપાદેયરૂપ જ્ઞાતાની ચાલનો વિચાર. જ્ઞાતા એટલે જે સમ્યગ્દૃષ્ટિ થયો છે, તેના પરિણામની ચાલ. એમાં હેય, જ્ઞેય અને ઉપાદેય એવા ત્રણ ભેદ પડે છે. પોતાના પ્રયોજનને ઉપાદેય સમજે છે, અપ્રયોજનને હેય સમજે છે અને જગતના અનેક પદાર્થો છે, જેને પ્રયોજન સાથે સંબંધ નથી એ બધા જ્ઞેય છે. જોઈએ એમાં શું છે. ઘણા વખતે વાંચવાનું થાય છે.

હેય ત્યાગરૂપ. હેય એટલે ત્યાગરૂપ તો પોતાના દ્રવ્યની અશુદ્ધતા. પોતાના દ્રવ્યમાં જે અશુદ્ધતા દોષ ઊપજે છે એ ત્યાગ કરવા યોગ્ય છે. જ્ઞેય એટલે વિચારરૂપ અન્ય ષટ્ દ્રવ્યસ્વરૂપ. જગતના જે પદાર્થો, છએ દ્રવ્યો છે તે જ્ઞેય છે. ઉપાદેય તે આચરણરૂપ પોતાના દ્રવ્યની શુદ્ધતા. અહીંયાં પરિણામ અપેક્ષાએ હેય અને ઉપાદેય વિચાર્યું છે.

એ રીતે વિચારીએ તો પ્રયોજનના પણ બે પ્રકાર છે. પ્રયોજનભૂત તત્ત્વ એક પર્યાયાર્થિકનયના વિષયમાં લઈએ તો અંતિમ ધ્યેય જે પૂર્ણ શુદ્ધિરૂપ મોક્ષ છે એ જીવના પ્રયોજનનો વિષય છે. એનું પ્રયોજન શું ? કે પર્યાય અપેક્ષાએ પૂર્ણ શુદ્ધ થવું અને પૂર્ણ નિર્દોષ થવું એ જીવનું પ્રયોજન હોવું જોઈએ અને એ જીવનું પ્રયોજન છે.

પરિણામને ગૌણ કરીને ત્રિકાળી તત્ત્વને મુખ્ય કરીએ તો જેમાં મોક્ષપર્યાયનું પણ આશ્રય કરવા માટે પ્રયોજન નથી, એવું જે ત્રિકાળી ધ્રુવતત્ત્વ છે એ આશ્રય માટે પ્રયોજનભૂત તત્ત્વ છે. કે જે ન્યાય પાસે ત્રિકાળી એક સમયની કોઈપણ શુદ્ધ પર્યાય હોય-શરૂઆતની, વિકસીત થયેલી કે પૂર્ણ થયેલી, એ બધી ગૌણ થાય છે. તો એ સર્વોત્કૃષ્ટ પ્રયોજનભૂત તત્ત્વ થયું. એમ પ્રયોજનનો વિષય બે ભેદે, બે પ્રકારે ચાલે છે.

દૃષ્ટિ જે મુખ્ય છે, શ્રદ્ધાન જે મુખ્ય ગુણ છે એ તો ત્રિકાળી તત્ત્વ સિવાય, એક સમયની મોક્ષ પર્યાય હોય કે સમ્યગ્દર્શનની પર્યાય હોય એને વિષય જ કરતી નથી. એના સામું સુદ્ધા એ જોતી નથી. એનો એ વિષય જ નથી. જ્યારે જ્ઞાનમાં આ બંને પ્રયોજનભૂત તત્ત્વ લક્ષમાં હોય છે. જેને આવું શ્રદ્ધાન વર્તતું હોય, જેને ત્રિકાળીનું શ્રદ્ધાન વર્તતું હોય તેવા જીવનું જ્ઞાન, તેવા જીવનું જ્ઞાન પ્રયોજનની અપેક્ષાએ પૂર્ણ શુદ્ધ પર્યાયને પણ લક્ષમાં રાખે છે અને ત્રિકાળી તત્ત્વને પણ આશ્રયની અપેક્ષાએ લક્ષમાં રાખે છે. જ્ઞાન એમ જ વિચારે છે કે આશ્રય કરવાલાયક તો આ ત્રિકાળી જ છે. પણ આશ્રય કરવાલાયક ત્રિકાળી છે તોપણ પર્યાયમાં ક્યાંય પણ અસમ્યક્‌પણું ઉત્પન્ન ન થાય અને પૂર્ણ શુદ્ધતારૂપ મોક્ષની ચાલ બરાબર જળવાય રહે એવી કોઈ વિચિક્ષણતા હોય તો તે જ્ઞાનની પર્યાયમાં છે. ... જ્ઞાન છે એનું સામર્થ્ય એ રીતે બંને બાજુ કામ કરવામાં ઉપયોગમાં આવે છે. શ્રદ્ધા બીજું કાંઈ કામ કરતી નથી. એક પોતાના પરિપૂર્ણ પરમાત્માને પકડીને, જકડીને એવી રીતે પરિણમી જાય છે. પરિણમતી રહે છે કે બસ, મને તો મારું સર્વસ્વ મળી ગયું. હવે મારે કાંઈ જોવાનું રહેતું નથી.

અહીંયાં જે જ્ઞાતાની ચાલનો વિચાર છે એટલે ચાલ પોતે જ પરિણમન છે એટલે પરિણમન અપેક્ષાએ અહીંયાં ચર્ચા કરી છે. 'પરમાર્થ વચનિકા' છે ને ? 'બનારસીદાસ'ની લખેલી 'પરમાર્થ

વચનિકા' છે. ગુણસ્થાનકના પ્રમાણમાં હેય-જ્ઞેય-ઉપાદેયરૂપ શક્તિ જ્ઞાતાની હોય. ચોથા ગુણસ્થાને પર્યાયનો વિવેક કરવાનો હેય-જ્ઞેય-ઉપાદેયનો વિવેક કરવાનો જે પ્રકાર હોય છે એનાથી ઉત્કૃષ્ટ પાંચમા ગુણસ્થાને છે. એનાથી ઉત્કૃષ્ટ છઠ્ઠા-સાતમા ગુણસ્થાને છે. એ શક્તિ જ્ઞાતાની પણ ગુણસ્થાન અનુસાર હોય છે.

જેમ જેમ જ્ઞાતાની હેય-જ્ઞેય-ઉપાદેયરૂપ શક્તિ વર્ધમાન થતી જાય, તેમ તેમ ગુણસ્થાનની વૃદ્ધિ થાય એમ કહ્યું છે. એ શક્તિ વધે એમ ગુણસ્થાન વધે, ગુણસ્થાન વધે એમ શક્તિ વધે. ગુણસ્થાન પ્રમાણે જ્ઞાન અને ગુણસ્થાન પ્રમાણે ક્રિયા. ગુણસ્થાન પ્રમાણે જ્ઞાન.

હવે અહીંયાં કોઈ તર્ક કરે કે એક સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનવાળો અંગ પૂર્વધારી છે. બાર અંગના જ્ઞાનની લબ્ધિ પ્રગટી હોય. બારે બાર અંગ. અંગધારી હોય. અને કોઈ મુનિ એવા હોય કે જેને નવ તત્ત્વના નામ પણ યાદ ન રહે. તોપણ એને ગુણસ્થાન પ્રમાણે જ્ઞાનની વૃદ્ધિ છે. એનું જ્ઞાન-જ્ઞાનશક્તિ એની જે છે એ ગુણસ્થાન પ્રમાણે વધેલી છે.

મુમુક્ષુ :- ચોથા કરતાં છઠ્ઠા-સાતમાની વધારે છે.

પૂજ્ય ભાઈશ્રી :- વધેલી જ છે. સ્વતત્ત્વને જાણવાનું જ્ઞાન, એ જે અહીંયાં પ્રયોજનનું જ્ઞાન લીધું અથવા પોતાના પરિણમનની શુદ્ધિ-અશુદ્ધિમાનું જે જ્ઞાન છે, એ છઠ્ઠા ગુણસ્થાને વિશેષ વિવેકવાળું છે એટલું ચોથા ગુણસ્થાને નથી.

મુમુક્ષુ :- બાર અંગનું જ્ઞાન એ ક્ષયોપશમ જ્ઞાન છે ?

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યક્ સહિત, અનુભવ સહિત. એટલે એ બારેય અંગના મર્મસ્થળોને બરાબર જાણે છે. જ્યાં જ્યાં મર્મનો વિષય આવે ત્યાં બરાબર પકડે. અનુભવ સહિત છે. મિથ્યાદૃષ્ટિને લબ્ધિ થાય તો અગિયાર અંગ અને નવ પૂર્વ સુધીની થાય. પહેલા ગુણસ્થાને. ગુણસ્થાન પહેલું છે. અહીંયાં ચોથા ગુણસ્થાને આટલું જ્ઞાન વિશેષ હોવા છતાં જ્ઞાનશક્તિ એની મુનિદશામાં હોય એટલી હોતી નથી.

'ગુરુદેવશ્રી' સાથે એકવાર એવી રીતે વાત ચાલી હતી કે આ 'સમયસારાદિ' મહાપરમાગમો છે. મહાન પરમાગમો છે. જંગલમાં રહીને 'કુંદકુંદાચાર્ય' જેવા મહાન આચાર્યોએ અનુભવમાં કલમ બોળી બોળીને આ શાસ્ત્રો લખ્યા છે. એનું ઊંડાણ એટલું બધું છે કે એ

ઊંડાણ આ દશામાં હાથ ન આવે. આ તો અમારી શક્તિ છે એટલું કાઢીએ છીએ. હજી અંદર તો ઘણું ભર્યું છે. ઠીક ! આટલો એક એક શબ્દ અને એક એક વાક્ય ઉપર કલાકોનો વિસ્તાર કરનાર એમ કહે છે કે અંદર છે એ ઘણું છે. એ મર્મ ખ્યાલમાં આવે છે અંદર. અનુભવ છે એટલે મર્મ ખ્યાલમાં આવે છે કે અંદર ઘણું ભર્યું છે, પણ અમારી શક્તિ ઓછી છે એને કાઢવાની. એટલે એમનું લબ્ધ જ્ઞાન તો માપી લે છે કે ઘણું પડ્યું છે. પણ જેટલું પડ્યું છે એટલું અહીંયાં ઉપયોગાત્મક થાય એટલી ઉપયોગમાં શક્તિ નથી. અમારી શક્તિ છે એટલું કહીએ છીએ, કાઢીએ છીએ એમાંથી. આચાર્યે તો અંદર જે ભર્યું છે એ તો ઘણું ભર્યું છે. આવી બધી ચર્ચાઓ ચાલી હતી.

એટલે જ્ઞાન થવા છતાં અને આવું વિશેષ જ્ઞાન થવા છતાં માપનો પોતાને ખ્યાલ હોય છે. એનું માપ કેટલું છે એનો પોતાને ખ્યાલ હોય છે. એટલે ક્યાંય ઉઘાડની અંદર અહંપણું જ્ઞાનીને આવતું નથી. જે અજ્ઞાનીને આવે છે એ જ્ઞાનીને આવતું નથી. અને અજ્ઞાનીને આવે એ જ્ઞાનીને તરત ખબર પડી જાય છે. એટલે કોઈ એવા વાંચનકાર હોય, વિદ્વાન હોય તો એનો ખ્યાલ આવે તો એમ કહે કે એનો પ્યાલો ફાટી ગયો છે. ઉઘાડ થોડો થઈ ગયો છે તો એનો પ્યાલો ફાટ્યો છે. એ તો પ્રસંગો બનેલા. તરત કહે. ક્યારેય પોતાની વાત ન કરે પણ 'પૂજ્ય બહેનશ્રી'ની વાત કરે. એમને જ્ઞાનની નિર્મળતા ઘણી. એમ પોતાને ખ્યાલ છે. જુઓ ! કેટલા ગંભીર છે ! આટલું બધું જ્ઞાન છે. અંદરમાં સમાવે છે. બહારમાં ક્યાંય બોલતા નથી. અત્યારે થોડુંક બોલે છે. એ પણ પૂછીએ છીએ એટલે. પ્રવચન નહિ કોઈ દિવસ. તે દિ' તો કાંઈ બોલવાનો પ્રસંગ નહોતો. 'ગુરુદેવ' બિરાજમાન હતા એટલે 'ગુરુદેવ' બધું બોલતા હતા. બોલે છે કાંઈ ? આ તો વાંચતા શીખે, વાંચનકાર થાય અને થોડુંક આવડે ત્યાં પ્યાલો ફાટી જાય છે. કોઈક એવા પ્રસંગ બન્યા હોય.

ઉઘાડ જ્ઞાન છે એ શક્તિ નથી. અંદરનું જ્ઞાન એ શક્તિ છે. જ્ઞાનશક્તિ કોની વધેલી છે એ ઉઘાડ ઉપરથી માપ ન આવે. એ વિષય 'અધ્યાત્મ સંદેશ'માં આ 'પરમાર્થ વચનિકા'ના જ 'ગુરુદેવ'ના પ્રવચનોમાં બહુ આવ્યો છે. નિર્જરાના વિષયમાં પણ ત્યાં એમણે એવી

સ્પષ્ટતા કરી છે કે મુનિ ઊભા ઊભા આહાર લેતા હોય ત્યારે જે એમને નિર્જરા વર્તે છે તે સમ્યગ્જ્ઞદષ્ટિને નિર્વિકલ્પ શુદ્ધોપયોગના કાળમાં એટલી નિર્જરા નથી. ધ્યાનસ્થ અવસ્થામાં શુદ્ધોપયોગમાં સમ્યગ્દષ્ટિ ચોથા ગુણસ્થાને નિર્વિકલ્પ ધ્યાનમાં પરિણમે અને એને જે નિર્જરા થાય એના કરતા ગુણશ્રેણી નિર્જરા મુનિને આહાર લેતા લેતા થાય છે.

મુમુક્ષુ :- ઉપયોગ બહાર છે છતાં.

પૂજ્ય ભાઈશ્રી :- ઉપયોગ આહાર લેવામાં જાય કે આ બટકું મોઢામાં મૂકવાની વાત છે. એવો વિકલ્પ ચાલતો હોય અને ઉપયોગ એને અનુસરતો હોય. એટલી નિર્જરા એની પરિણતિવશ છે. પરિણતિ તો છે ને ત્યાં ? બહુ ચોખવટ આવી છે.

મુમુક્ષુ :- રાગને જાણનારું જ્ઞાન...

પૂજ્ય ભાઈશ્રી :- રાગને જાણનારું જ્ઞાન એકાંતે રાગને જાણનારું કે આત્માને જાણતા રાગને જાણનારું જ્ઞાન ? ક્યું લેવું છે ?

મુમુક્ષુ :- બેય લઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- બેય લ્યો તો બે વચ્ચે ઉત્તર-દક્ષિણનો ફેર છે. જે એકાંતે રાગને જાણે છે એ રાગને સર્વસ્વપણે, હુંપણે જાણે છે. એ તો મિથ્યજ્ઞાન છે, એની જ્ઞાનશક્તિ તો કાંઈ નથી. એની જ્ઞાનશક્તિનો આંક લઈએ તો માઈનસમાં જાય છે, શૂન્યમાં નહિ. તે માઈનસવાળું જ્ઞાન છે. પ્લસ પોઈન્ટ એને ન અપાય. એને માઈનસ પોઈન્ટ અપાય. અને આ તો જેને સ્વરૂપનું જ્ઞાન થતાં સાથે રાગનું જ્ઞાન તે કાળે જાણેલું પ્રયોજનભૂત છે. એ એની જ્ઞાનશક્તિ ગુણસ્થાન અનુસાર છે. એ તો અહીંયાં વાત ચાલી. જ્ઞાનશક્તિ ગુણસ્થાન અનુસાર છે. ચોથા ગુણસ્થાને ચોથા ગુણસ્થાનને અનુસાર, છઠ્ઠા ગુણસ્થાને છઠ્ઠા ગુણસ્થાન અનુસાર.

મુમુક્ષુ :- એ તો વ્યવહાર જ્ઞાન થયું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલું વ્યવહાર જ્ઞાન છે. પોતાની ચાલતી અશુદ્ધિને જાણી લે છે. એ ચાલતી અશુદ્ધિ અશુદ્ધનયનો વિષય થાય છે.

એ ગુણસ્થાન પ્રમાણે જ્ઞાન અને ગુણસ્થાન પ્રમાણે ક્રિયા. ક્રિયા એટલે રાગાદિ ભાવ અને મન, વચન, કાયાની ચેષ્ટા. તેમાં વિશેષ એટલું કે એક ગુણસ્થાનવર્તી અનેક જીવ હોય તો તેમને અનેકરૂપનું જ્ઞાન તથા

અનેકરૂપની ક્રિયા જોવામાં આવે છે. કારણ કે ભિન્ન ભિન્ન સત્તાના પ્રમાણે કરી જ્ઞાનક્રિયામાં એક્તા મળે નહિ. દ્રવ્યો જુદાં જુદાં છે ને ? એક એક જીવદ્રવ્યમાં અન્યોન્યરૂપ ઔદયિકભાવ હોય તે ઔદયિક ભાવ અનુસાર જ્ઞાનની પણ અન્યઅન્યતા જાણવી. એક જ ગુણસ્થાને ક્ષયોપશમ ઓછો-વત્તો હોય. અથવા એક ગુણસ્થાનના ભેદ પણ અસંખ્ય છે. ત્રણ ભેદ લઈએ તો જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ છે અને સૂક્ષ્મ ભેદ લઈએ તો એક એક ગુણસ્થાને અસંખ્ય ભેદ છે. અને ઔદયિકભાવ તો બધાને પૂર્વ કર્મ અનુસાર ભિન્ન ભિન્ન છે.

પરંતુ વિશેષ એટલું કે એ સર્વ આત્મામાં કોઈ પ્રકારનું જ્ઞાન એવું ન હોય કે પરસત્તા અવલંબનશીલ બની સાક્ષાત મોક્ષમાર્ગ કહે. આ મુદ્દો એમને કહેવો છે. બાકી તો ઔદયિકભાવ તો કેવળીઓને પણ જુદાં જુદાં હોય છે એ પાછળ ચર્ચા કરી છે. પણ મૂળ મુદ્દો એમને આ કહેવો છે. કોઈપણ જ્ઞાની એમ ન કહે કે પરસત્તા અવલંબનશીલ જ્ઞાન છે એ મોક્ષમાર્ગ છે. પરસત્તા અવલંબનશીલ જ્ઞાનમાં મોક્ષમાર્ગ કહેવાનો ભ્રમ ક્યાં થાય છે ? કે જ્યાં શાસ્ત્ર સંબંધિત જ્ઞાન છે કે આ ગાથાનો આવો અર્થ થાય, આ શબ્દનો આવો અર્થ થાય, આ વાક્યને આમ લેવું જોઈએ. એવું જે શાસ્ત્રજ્ઞાન છે એને ઘણા મોક્ષમાર્ગ માની લે છે. એ મોક્ષમાર્ગ નથી. ચાહે અજ્ઞાનીનું શાસ્ત્રજ્ઞાન હોય કે ચાહે જ્ઞાનીનું શાસ્ત્રજ્ઞાન હોય. શાસ્ત્રને અવલંબિત ઉપયોગ, દેવ-ગુરુ-શાસ્ત્રને અવલંબિત ઉપયોગ લ્યો, શાસ્ત્ર એકલું નહિ, સાક્ષાત્ તીર્થંકર બિરાજમાન હોય અને ચક્ષુ ઇન્દ્રિયથી એમના દર્શનનો ઉપયોગ ચાલતો હોય તો એ મોક્ષમાર્ગ નથી. શાસ્ત્રમાં શુદ્ધાત્માનો વિષય ચાલતો હોય અને એ શાસ્ત્રના શબ્દને ઉપયોગ અનુસરતો હોય તે મોક્ષમાર્ગ નથી. એમ છે.

પરસત્તા-બીજી સત્તાનું જે જ્ઞાને અવલંબન લીધું, ભલે ચારિત્રની મર્યાદામાં રહીને, દર્શનમોહની મર્યાદામાં નહિ, જ્ઞાની થયા પછી એકલો ચારિત્રમોહ છે અને દર્શનમોહ વ્યતીત થયો છે, તેને પણ એટલું અવલંબન છે એ મોક્ષમાર્ગ નથી. આ સિદ્ધાંત અહીં હેય-જ્ઞેય-ઉપાદેયતામાં સ્થાપવો છે. આ સિદ્ધાંત જેના જ્ઞાનમાં આવ્યો એને જ્ઞાતાના પરિણમનની ચાલ સમજાઈ ગઈ. એમ લેવું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન તો જ્ઞાન છે, પણ જ્ઞાન બે પ્રકારે અવલંબન લે છે. એક નિજસત્તાનું પણ અવલંબન લે છે અને એક પરસત્તાનું પણ અવલંબન લે છે. જ્ઞાન તો જ્ઞાન છે. જ્ઞાનનું પરિણમન તે જ્ઞાનરૂપ પરિણમન છે. તેમ છતાં અવલંબનમાં એ સ્વસત્તા અને પરસત્તા એવા બે ભેદે અવલંબન કરે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. પરને જાણવું એક વાત છે, અવલંબવું બીજી વાત છે. આ વિષય આપણે ત્યાં બહુ સ્પષ્ટ નથી એટલે આ સ્વપરપ્રકાશકનો વિવાદ ચાલે છે. એ પણ ખ્યાલમાં છે. સ્વપરપ્રકાશકના સંબંધમાં પણ કાલે એક પ્રશ્ન એ જ ચાલ્યો હતો. પ્રદેશ ભિન્નતાનો. અને સ્વપરપ્રકાશકના વિષયમાં પણ એક વિવાદ ચાલે છે. એમાં સ્વનું જાણવું, સ્વનું અવલંબવું, પરનું જાણવું, પરનું અવલંબવું, સ્વનું વેદવું, પરનું વેદવું આ વિષય ઉપર પ્રકાશ પાડવામાં આવે તો જ એનો ફેંસલો થાય એવું છે અને નહિતર એક વાતમાં બીજી વાત ઘુસાડીને વિવાદ સિવાય બીજું કાંઈ થાશે નહિ. જેમ આગમ અધ્યાત્મમાં એકબીજી વાત ઘૂસાડી દે છે એટલે પછી એ વાતનો કોઈ દિવસ એનો છેડો આવે નહિ.

એમ જ્ઞાનની પર્યાયને, જ્ઞાનની શક્તિને, જ્ઞાનના સ્વભાવને યથાર્થ રીતે એના જેટલા ભેદ પરિણમનમાં પડે એ રીતે એને સમજવામાં આવે અને જ્ઞાનના ધર્મો સમજવામાં આવે, સ્વભાવ સમજવામાં આવે, એના ધર્મ સમજવામાં આવે અને પછી ગુણસ્થાન અનુસાર એનું પરિણમન સમજવામાં આવે તો ક્યાંય લોચો પડે એવું નથી. તો એ વિષય બહુ સ્પષ્ટ અને ચોખ્ખો છે. અને નહિતર જાણવું અને અવલંબવું બે વચ્ચેનો ફેર નહિ સમજાય. અમે તો ક્યારેક ક્યારેક સ્વાધ્યાયમાં એ વિષય વિચારીએ છીએ. એ બધું પ્રકરણ ચાલે ત્યારે. અત્યારે તો થોડુંક વિષયાંતર જેવું લાગે.

જ્ઞાન છે એ પરસન્મુખ પણ થાય છે અને સ્વસન્મુખ પણ થાય છે. છદ્મસ્થનું જ્ઞાન પરસન્મુખ નથી થતું એમ તો નહિ કહી શકાય. છદ્મસ્થનું જ્ઞાન પરની સન્મુખ નથી થતું એમ કેમ કહી શકાય ? જો એ પરને જાણવા કાળે, પરને સન્મુખ થઈને જાણે તો એ જ્ઞાનનો દોષ છે. એમ નહિ, શુક્લધ્યાનમાં તો ત્યાં સુધી જ્ઞાનનો દોષ લીધો છે કે પોતાના

અને પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં જો ઉપયોગ ફરે તો એને જ્ઞપ્તિ પરિવર્તન ક્રિયા કીધી છે. અને એ જ્ઞપ્તિ પરિવર્તન ક્રિયા એ જ્ઞાનનો દોષ છે, અસ્થિરતાનો દોષ છે. સંપૂર્ણ સ્થિરતા થતાં યથાખ્યાત ચારિત્ર થાય. ત્યાં પછી ઉપયોગ ફરતો નથી. ઉપયોગની સંપૂર્ણ સ્થિતા થવી. તો એક કેવળજ્ઞાન જ એવું જ્ઞાન છે કે જે ઉપયોગને પરસન્મુખ કર્યા વિના પરને જાણે છે.

છદ્મસ્થનું જ્ઞાન પરને જાણતા ઉપયોગ પર બાજુ લઈ જાય છે અને ત્યારે જ્ઞાનને દોષ ઊપજે છે. રાગ તો ક્યારેક નિયમથી ઊપજી જાય છે પણ એને ચારિત્રના દોષમાં લઈ જઈએ તોપણ પરસન્મુખ થવું તે જ્ઞાનનો સ્વભાવ ધર્મ નથી. એ જ્ઞાનનો સ્વભાવ નથી. નિરવશેષ અંતર્મુખ રહેવું એ જ્ઞાનનો સ્વભાવ છે. જે કેવળજ્ઞાનની અંદર પ્રસિદ્ધ થાય છે. અને સાધક દશામાં આંશિક પ્રસિદ્ધ થાય છે. ત્યાં આંશિક દોષ રહ્યો છે. તો એ જે જ્ઞપ્તિ પરિવર્તન છે-એક જ્ઞેયથી બીજા જ્ઞેય ઉપર ઉપયોગનું જવું, સમ્યગ્દ્રષ્ટિના ઉપયોગનું જવું એટલું પણ પરસત્તા અવલંબનશીલપણું છે. સમ્યગ્દ્રષ્ટિનું શાસ્ત્રવાંચન પણ પરસત્તા અવલંબનશીલ છે. અને એને જ્ઞાની કદિ મોક્ષમાર્ગ કહેતા નથી. એમ અહીંયાં 'બનારસીદાસજી'ને સ્થાપવું છે.

હજી તો જાણવું ને વેદવું જે જ્ઞાનના ભિન્ન ભિન્ન કાર્યો છે, એ સંબંધીનું સ્પષ્ટીકરણ આપણે ત્યાં નથી, વિચારતા નથી. મુમુક્ષુઓ ચર્ચા કરે છે, વિવાદ કરે છે. એ વિષય ઉપર કોઈ પ્રકાશ પડે એવી રીતે કોઈ વિચારતા નથી કે આ વેદવું શું છે અને જાણવું શું છે ? હમણા 'મલાડ'ની અંદર આ પ્રશ્ન ચાલ્યો હતો. સમ્યગ્દ્રષ્ટિ જીવ... 'ગુરુદેવ'ના વખતમાં જ આ વિવાદ ઊપજ્યો હતો અને કેટલાક મુમુક્ષુઓ વારંવાર આ પ્રશ્ન પૂછતા હતા કે શુદ્ધોપયોગના કાળમાં પર્યાયને જાણે કે નહિ ? પોતાની શુદ્ધ ઉપયોગની પર્યાયને જાણે કે નહિ ? તો 'ગુરુદેવ' કહે, એ પોતાની પર્યાયને વેદે. શું જવાબ આપે ? કે પોતાની પર્યાયને વેદે છે. પ્રશ્ન પૂછનાર ફરીને પાછા પૂછે છે કે સાહેબ ! મારો સવાલ એ છે કે એ જાણે કે નહિ ? પાછા પોતે ઉત્તર આપે છે કે એ વેદે છે. ઠીક ! એ ઉત્તર દેનારને ખબર નથી કે આ શું પૂછવા માંગે છે ? એને એમ લાગે છે કે મારા સવાલનો ટુ ધી પોઈન્ટ જવાબ મળતો નથી એટલે એ ફરીને

પૂછે છે. એમ નથી ખરેખર. પણ એ મર્મને પકડતો નથી એટલે એનો જવાબ આવે છે એ પોતાના જવાબને એ સમજી શકતો નથી. આ વેદનના વિષયથી અજાણ છે. મુમુક્ષુ સમાજ વેદનના વિષયથી અજાણ છે. આ તો બધા બહુ અભ્યાસી જીવોએ 'ગુરુદેવ'ને પ્રશ્ન કરેલા છે. વાંચનકારો, અભ્યાસી બહુ હોય, નિવૃત્તિ લઈને ત્યાં રહ્યા હોય, એ જ પ્રવૃત્તિ હોય એ બધાની સાથે આ ચર્ચા ચાલી હતી.

મુમુક્ષુ :- આ વિષયમાં ખુલાસો આપવા...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આપણે ખુલાસો કરેલો છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- 'ગુરુદેવ'ના પ્રવચનમાં તો આવી જાય છે. પણ આગળ-પાછળ એટલી બધી વાતો હોય છે કે એના ઉપર ધ્યાન હોય એ જ પકડી શકે.

મુમુક્ષુ :- મૂળ એજન્ડાનો વિષય...

પૂજ્ય ભાઈશ્રી :- એજન્ડા ઉપર વિષય એવી રીતે લીધો છે એક 'બહેનશ્રી'ના બોલ વખતે. 'બહેનશ્રી'નો એક બોલ છે એમાં આ વિષય એજન્ડા ઉપર છે કે જે ત્રિકાળી તત્ત્વ છે એનું અવલંબન સમ્યગ્દૃષ્ટિને-સાધકજીવને હોય છે. એનું વેદન હોતું નથી. અને વર્તમાન અવસ્થાનું વેદન હોય છે પણ અવલંબન હોતું નથી. પણ પર્યાયને જાણે કે ન જાણે એમાં પૂછનારને તો પોતે જે રીતે અવલંબીને જાણે છે, સન્મુખ થઈને જાણે છે. એમ તો સમ્યગ્દૃષ્ટિ પર્યાયને અવલંબીને અને પર્યાયને સન્મુખ થઈને તો શુદ્ધોપયોગમાં પરિણમતા નથી. એટલે જાણે એમ કેમ જવાબ દે ? એ રીતે તો જાણતા નથી. પણ વેદનની અંદર જાણવું છે. વેદનની અંદર તો વેદવું અને જાણવું બેય છે.

જ્યારે ત્રિકાળીને અવલંબે છે એમાં ત્રિકાળીને જાણે છે પણ ત્રિકાળીને વેદતો નથી. કેમકે ત્રિકાળીમાં વેદનનો ધર્મ નથી, વેદાવાનો ધર્મ નથી. અવેદક સ્વભાવ છે એ તો. એટલે ત્યાં જાણવું થાય છે પણ વેદવું નથી થતું. અહીંયાં વેદવું ને જાણવું બેય થાય છે. પણ છતાં અવલંબવું થતું નથી. વળી અવલંબન એ ત્રીજો (ધર્મ થયો). એ વિષય આવ્યો છે. પ્રવચન જ્યારે કર્યું છે ત્યારે એ વિષય બહુ સારી રીતે સ્પષ્ટ થઈને આવ્યો છે. પણ આ વ્યૂ પોઈન્ટથી એને ખ્યાલમાં લીધો હોય તો

સમજાય. નહિતર એમ થાય કે આ જે બોલ ચાલે છે એના ઉપરનું આ વ્યાખ્યાન ચાલે છે. એમાં પાછો આ દૃષ્ટિકોણ લાગુ ન કરે તો આ પ્રકારની સ્પષ્ટતા એને સમજણમાં વર્તે નહિ. એ ઉપરથી વયો જાય પાછો. આ તો બધા બહુ સૂક્ષ્મ વિષયો છે.

મુમુક્ષુ :- ... ચર્ચા ચાલે છે... એવી રીતે ખુલાસા...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એ રીતે ખુલાસો કરવાની 'ગુરુદેવ'ની પદ્ધતિ નહોતી. અને એ બહુ સારી પદ્ધતિ હતી. એવી પદ્ધતિ નહોતી એ બહુ સારી પદ્ધતિ હતી. એ પણ ખ્યાલ છે. એવા અનેક પ્રસંગો બનેલા છે. આ તો એક દૃષ્ટાંત છે. એમાં શું છે કે જો ખરો મુમુક્ષુ-જિજ્ઞાસુ હોય, ખરો જિજ્ઞાસુ હોય તો ઊંડો ઉતરે. ખુલાસો કરવાથી કાંઈ જ્ઞાન નથી થતું, સમજણ નથી આવતી. જિજ્ઞાસા સિવાય એને સમજણ નથી. ઊંડો ઊતરે તો એને સમજણ બરાબર થાય. એ વિષય સસ્પેન્સમાં રાખી દેતા. કુદરતી રહી જતો. એક પદ્ધતિ એમની એવી હતી. જો કોઈ ખરો જિજ્ઞાસુ હોય અને ઊંડો ઊતરવા માગે તો એટલું બધું અંદરથી કાઢે એ પાછા. એ વિષયની ગંભીરતા અને એ વિષયની વિશાળતા અને ઊંડાણ એટલું બધું એમની પાસે હતું. આ બધો અનુભવ કરેલો છે. જો તમે એના ઊંડાણમાં જાવ તો તમને પાછો એક બીજો લોટ મળે. બીજો લોટ મળે આખો. પણ તમને જિજ્ઞાસા ન હોય તો કહીને શું કરે ? તમારી ઊંડા ઉતરવાની વૃત્તિ ન જોવે તો એ કહીને શું કરે ? આપોઆપ વૃત્તિ સંક્ષેપ થઈ જાય. એવો વિષય છે.

એ પ્રકારે જે હેય-ઉપાદેયનો વિષય છે એ જુદા જુદા સ્તરે અનેક ભેદે છે. પણ એનું જે ઉત્કૃષ્ટ હેય-ઉપાદેયપણું છે એમાં તો નિર્વિકલ્પ શુદ્ધાત્મતત્ત્વનો આશ્રય થતાં, અવલંબન થતાં નિજરસને પીવો એ એની ફલશ્રુતિ (છે). બધા હેય ઉપાદેયના તમામ સ્તરના વિવેકનું ફળ નિર્વિકલ્પ નિજરસ પીવો તે થવું જોઈએ. તો એ ખરું સાધ્ય છે અને ત્યાં તે સાધક પણ બરાબર છે. નહિતર અનેક જાતના ગુણભેદને જાણે પણ ત્યાંથી નિર્વિકલ્પ નિજરસ સુધી ન પહોંચે તો એ બધું જ્ઞાન છે એ ઉપરછલ્લું જ્ઞાન રહી જાય છે અને મૂળ પ્રયોજન ત્યાં સધાતું નથી. સમય થયો છે...

**તા. ૧૪–૧–૧૯૮૯, પાના નં. ૪૭ પ્રવચન નં. ૯૭**

**'સમ્યક્ પ્રકારે હોય-ઉપાદેયને જાણવું સાધક છે, નિર્વિકલ્પ નિજરસ પીવો તે સાધ્ય છે.'** ન્યાય સ્થાપવાની સાથે આ વિષય લીધો છે. ન્યાયનો વિષય પણ એટલો જ બહોળો છે અને હેય-ઉપાદેયનો વિષય પણ એટલો જ બહોળો છે. વ્યવહારનો વિષય પણ એમાં સમાય છે, નિશ્ચયનો વિષય પણ એમાં સમાય છે. બંને વિષય એમાં સમાય છે.

કહે છે કે, જે જીવ સમ્યક્ પ્રકારે હેય-ઉપાદેયને જાણે એટલે આત્માને હિત થાય અને અહિત ન થાય એવો દૃષ્ટિકોણ એ સમ્યક્ પ્રકાર છે. આત્માર્થને બાધક છે કે કેમ ? અથવા આત્માર્થને અનુકૂળ છે કે કેમ ? એ પ્રકારે જે હેય-ઉપાદેયની વહેંચણી કરી શકે તેને તે પ્રકારની પરિણામની પદ્ધતિમાં તેની ફળશ્રુતિ રૂપે નિર્વિકલ્પ નિજરસનો અનુભવ થાય. એમ લેવું છે. કેમકે સર્વ ન્યાયની નિર્દોષતાને સાધતા સાધતા સર્વ પ્રકારે સર્વથા પરિપૂર્ણ નિર્દોષ એવું જે નિર્વિકલ્પ આત્મતત્ત્વ છે, એનો જ આશ્રય અને એમાં જ સમાવવાનો ન્યાય ઉત્પન્ન થાય છે. એ એની-ન્યાયની ચરમસીમા છે.

ન્યાય સ્થાપનાની સાથે વાત લીધી હતી ને ? નય, પ્રમાણ, નિક્ષેપ સાધક છે અને ન્યાયસ્થાપના તે સાધ્ય છે. એ ન્યાયને સ્થાપે છે એ માત્ર વાદનો વિષય નથી, કથનનો વિષય નથી પણ ન્યાયને સ્થાપતા પોતાને શું ઉપાદેય કરવું, શું અંગીકાર કરવું અને શેનો ત્યાગ કરવો ? કોને છોડવું ? અને એ પ્રકાર જો સમ્યક્ થાય એટલે આત્માને મુખ્ય રાખીને થાય, આત્મહિતને મુખ્ય રાખીને થાય તો તેના ફળમાં નિર્વિકલ્પ નિજરસનો અનુભવ થાય છે, સ્વાદ આવે છે. અહીંયાં બહુ ઊંચી વાત લીધી છે.

નિર્વિકલ્પ નિજરસ તો શુદ્ધોપયોગ ઉત્પન્ન થાય ત્યારે એમાં એનું આસ્વાદન આવે છે અને હેય-ઉપાદેય છે એ સવિકલ્પ દશામાં ભેદરૂપ વ્યવહાર છે. આ છોડવા યોગ્ય છે, આ ત્યાગવા યોગ્ય છે, આ ગ્રહણ કરવા યોગ્ય છે. પ્રયોજનને લક્ષે, પ્રયોજનના લક્ષમાં બંને વાત આવી

ગઈ. પરિણામની શુદ્ધિનું લક્ષ, પૂર્ણતાના ધ્યેયનું લક્ષ, વર્તમાન પરિણામની શુદ્ધિનું લક્ષ, પરિપૂર્ણ શુદ્ધ થવાના ધ્યેયનું લક્ષ અને ત્રિકાળી શુદ્ધ સ્વભાવના આશ્રયનું લક્ષ. એકસાથે ત્રણ વાત જ્ઞાનમાં રહે છે. ત્યારે પ્રકાર સમ્યક્ ઊપજે છે. નહિતર સમ્યક્ પ્રકાર રહેતો નથી.

જો માત્ર પરિણામના લક્ષે જ પરિણામ કરે અને ત્રિકાળી લક્ષમાં ન રહે તોપણ એ સમ્યક્ પ્રકાર નહિ રહે. ત્રિકાળીનો આશ્રય કરે અને પરિણામનો ખ્યાલ ન રહે, એ તો ત્રિકાળીનો આશ્રય જ થતો નથી, એ કલ્પનામાત્ર છે. ત્રિકાળીની મુખ્યતામાં વર્તમાન પરિણામનો વિવેક એ તો સહજ વસ્તુ છે, સ્વભાવિક વસ્તુ છે. કેમકે પરિણામ એ ઉપરની સપાટી છે, સ્વભાવ છે એ અંતરંગનો વિષય છે. અંતરંગમાં જતા બહિરંગનો વિવેક પણ ચૂકી જવાય, બાહ્ય અંગનો પણ વિવેક ચૂકી જવાય એવું કદિ બને એ અસંભવિત અને અશક્ય છે, એવું બનતું નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સાવધાનીનો સવાલ નથી રહેતો. ખાલી લક્ષ જ રહે છે કે આમાં બીજી ગડબડ થતી નથી. જે અંતરંગમાં જાય છે એ તો જનાર પોતે જ પર્યાય છે. એ પોતે જ જ્યાં અંતરંગમાં જાય છે ત્યારે એના ઉપર એને ક્યાં સાવધાની રાખવાની રહી ? એ તો બીજો જાય તો સાવધાની રાખવાની હોય. પર્યાય પરપદાર્થનો આશ્રય કરવા જાય તો નુકસાન છે. પર્યાય પોતે જ સ્વ પદાર્થનો આશ્રય કરે છે પછી પર્યાયને તો ક્યાં બીજી તકલીફ છે ? એમાં શું બીજો દોષ ઉત્પન્ન થવાનો છે ? એમાં તો દોષ ઉત્પન્ન થવાનો અવકાશ નથી. પણ ખ્યાલમાં બધું રહે છે. જેમ કોઈ સરાણ ઉપર છરીને ધાર કાઢવા માટે ચડાવે છે. તે સરાણ ઉપર લઈ જાય ત્યારે ભીંસ દે છે, પણ ધારને તપાસતો જાય છે. ધાર ઉપર ભીંસ દેવાનો સવાલ નથી. એ તો તપાસવાનો જ સવાલ છે. એ સહેજે સહેજે સ્પર્શ કરતો જાય છે અને ઘસારો મારતો જાય છે. સ્પર્શ કરતો જાય છે અને ઘસારો મારતો જાય છે.

અહીં તો એટલો પણ સ્પર્શ કરવાનો સવાલ નથી. કેમકે પર્યાય પોતે જ અંદર વળે છે. તો એ પર્યાયનું ભાન ન રહે, જ્ઞાન ન રહે એવું બનતું નથી. એવું શા માટે એ વિષયની અંદર લક્ષ એનું રહે છે એમ

સમજાવવું પડે છે કે કહેવું પડે છે કે કેટલાક જીવો અનુચિત પ્રકારે, અસમ્યક્ પ્રકારે ત્રિકાળીની સામાન્યની મુખ્યતા કૃત્રિમ રીતે કરી લ્યે છે અને એના પર્યાયના ઠેકાણા નથી હોતા. સામાન્ય વ્યવહારમાં ભૂલ કરી જાય.

મુમુક્ષુ :- નિશ્ચયાભાસી છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. નિશ્ચયાભાસી છે. નિશ્ચયાભાસીનો એ પ્રકાર ઊપજે છે. પછી સ્થૂળપણે કે સૂક્ષ્મપણે. એની ભૂલમાં શું થાય છે ? કે ત્રિકાળી... ત્રિકાળી... ત્રિકાળી... તો કર્યા જ કરે છે. ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... તો કર્યા જ કરે છે અને માને છે કે અધ્યાત્મ વધ્યું છે. પર્યાયનું ઠેકાણું નથી. એવું નથી બનતું. એનો વ્યવહારનો વિષય પણ યથા સ્થાને હોય. એનું નામ સમ્યક્ પ્રકારે હેય-ઉપાદેયનું જાણવું છે.

નિર્વિકલ્પ નિજરસ તો સ્વરૂપના આશ્રયથી પીવાય છે પણ હેય-ઉપાદેયનો પણ પ્રકાર સમ્યક્ હોવો ઘટે છે. યથાસ્થાને. જ્યાં જયાં જે યોગ્ય છે, બધા તબક્કે. બાહ્ય વ્યવહારમાં દેવ-ગુરુ-શાસ્ત્ર. એમાં દેવમાં પ્રતિમાની સ્થાપનાથી માંડીને બધા વિષય આવે છે. ત્યાંથી માંડીને છેક સુધી જેટલો કોઈ વિષય છે એ બધાની અંદર એનું લક્ષ તો એવું હોવું જ જોઈએ કે આ આત્માર્થને અનુકૂળ છે કે આત્માર્થને પ્રતિકૂળ છે. પ્રયોજન ચૂક્યો તો ગયો.

એક સમ્યક્ પ્રકારે હેય-ઉપાદેયને જાણવું એનો અર્થ જ એ છે કે સાધકજીવને, નિર્વિકલ્પ થનાર જીવને પ્રયોજનની ઘણી તીખી તીક્ષ્ણ અને સૂક્ષ્મ દૃષ્ટિ છે. એની અંદર બીજી ગડબડ થતી નથી. જાણવાના વિષયમાં ભલે કોઈ ભૂલ થઈ જાય, પ્રયોજનના વિષયમાં એની ભૂલ થઈ શકે નહિ.

'**પરવસ્તુથી વિરક્તપણું સાધક છે,...**' કાલે ઠીક ઠીક એના ઉપર ચલાવ્યું હતું. ... '**પરવસ્તુતી વિરક્તપણું સાધક છે, નિજ વસ્તુની પ્રાપ્તિ સાધ્ય છે.**' પરવસ્તુમાં વિરક્તપણું. રક્ત એટલે રસ હોવો તે. પરવસ્તુના રસનો અભાવ થાય. વિરક્ત થાય એટલે એનું વ્યતીતપણું થાય. અને '**નિજ વસ્તુની પ્રાપ્તિ સાધ્ય છે.**' પરવસ્તુ સંબંધિત રસ એવો ને એવો રહે અને નિજ વસ્તુની સિદ્ધિ થાય, પ્રાપ્તિ થાય, સાધ્ય થાય એવું બનતું નથી. કેમ ? કે નિજ વસ્તુની પ્રાપ્તિ નિજ સ્વરૂપના

રસ વડે થાય છે. તો રસ સ્વરૂપમાં પણ જાય અને રસ પરવસ્તુમાં પણ જાય, એવું રસની બાબતમાં નથી બનતું. ચારિત્રની અસ્થિરતા બીજો વિષય છે, પણ એ રસ વગર હોય તો એનો નિષેધ આવ્યા વિના રહે નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. ચારિત્ર નહિ. રસમાં તો ઘણા ગુણ આવે છે. અનેક ગુણની પર્યાય.. પણ પર વસ્તુનું વિરક્તપણું છે...

રક્તપણું એટલે રસ આવવો તે. રસ આવવો તે. સુખબુદ્ધિએ કરીને જે રસ આવે છે એટલો સુખબુદ્ધિ ઊડી જતાં એ પ્રકાર ઉત્પન્ન થતો નથી. સુખબુદ્ધિ પરવસ્તુમાં પણ રહે અને અનંત સુખસ્વરૂપ આત્મામાં પણ સુખની બુદ્ધિ રહે, એમ બે વાત બનતી નથી. કેમકે બે જગ્યાએ સુખ નથી. સુખ એક પોતાના નિજ સ્વરૂપમાં જ છે અને પર પદાર્થમાં કિંચિત્‌માત્ર, નામમાત્ર પણ સુખ નથી. ત્યાં જે સુખની બુદ્ધિ છે એ કેવળ ભ્રાંતિ છે. અને સ્વરૂપમાં સુખની બુદ્ધિ છે એ નિર્ભ્રાંત દશા છે. ભ્રાંતિ પણ રહે અને નિર્ભ્રાંતિ પણ રહે, બે વાત બનતી નથી. જાગતો પણ હોય અને સ્વપનું પણ આવે, એમ બે વાત બનતી નથી. એટલે જે રક્તપણું છે, પરવસ્તુમાં રક્તપણું છે એ પરપદાર્થની સુખબુદ્ધિએ કરીને છે ત્યાં સુધી નિજ સ્વરૂપની પ્રાપ્તિ નહોય. કેમકે પહેલા સુખબુદ્ધિ જાય છે પછી ભેદજ્ઞાન કામ કરે છે-ભેદજ્ઞાન ચાલે છે. પરપદાર્થમાં સુખબુદ્ધિ પણ રહે અને ભેદજ્ઞાન પણ થાય, બે વાત નથી બનતી.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- ... એટલે તો એ સફળ થતો નથી. રોજ કરવા છતાં અને વર્ષો સુધી તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવા છતાં સફળ શું કરવા થતો નથી ? એ કારણ શોધવું જોઈએ. રોજ દુકાને જાય, રોજ માલ ખરીદે, રોજ માલ વેચે અને કાંઈ નફો ન થાય તો ? વરસને અંતે દિવાળીએ સરવૈયું કાઢે. આમાં તો કાંઈ મળતું નથી. આખું વર્ષ શું કર્યું ?

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- પણ કાંઈ કમાણી થઈ કે નહિ એ તો જોવું જોઈએ કે ન જોવું જોઈએ ? કેટલાય વર્ષ શાસ્ત્રનો સ્વાધ્યાય કરે તો

એને અનુભવ થાય અને સમ્યગ્દર્શન થાય ? કોઈને એમ ન કહે. અયથાર્થ પ્રકારે અનંત કાળ કર. નહિ થાય. ઊલટાનો બીજે રવાડે ચડીશ. જો કાળ જાજો જશે અને અનુભવની લાઈન હાથમાં નહિ આવે અને અનુભવ પ્રત્યે આગળ વધતો, એ દિશામાં આગળ વધવાની ચડતી શ્રેણી નહિ મળે પરિણામની (તો) ઊતરતી શ્રેણીમાં આવતા વાર નહિ લાગે. આ એક નિયમ છે પાછો. આ એક નિયમ છે કે કાં તો તત્ત્વજ્ઞાનને હસ્તગત કરનારો જીવ સ્વરૂપ બાજુ આગળ વધે અને નહિતર ઊંધો વયો જતા એને વાર ન લાગે, ઊંધો જતા વાર ન લાગે. લાંબા કાળે આ પરિસ્થિતિ ઊભી થાય છે. એવા અનેક દૃષ્ટાંતો છે.

કાળ લાંબો જાય અને જો હિત બાજુ એના પ્લસ પોઈન્ટ ન થાય (તો) માઈનસ બાજુ આવે છે. આ પરિસ્થિતિ આવીને ઊભી રહેવાની. કેમ ? એનું કારણ છે. બહુ વ્યવસ્થિત એકદમ એન્જિનિયરિંગ જેવો વિષય છે. પરિણામ છે એની અંદર તત્ત્વજ્ઞાનનો વિચાર કરે છે ત્યારે એ નિશ્ચય કરે છે. એવો અયથાર્થ નિશ્ચય થાય તો એ જેમ કાળ જશે એમ એ દૃઢ થશે. અયથાર્થતા દૃઢ થશે. શરૂઆતમાં સૂક્ષ્મ અયથાર્થતા છે એટલે પોતાને ખબર પડતી નથી, પણ સ્થૂળ પરિણામ એના આવે છે ત્યારે ખબર પડે છે કે, અરે..! આ તો દેવનો અવિનય થઈ ગયો, આ તો ગુરુનો અવિનય થઈ ગયો, આ તો શાસ્ત્રનો અવિનય થઈ ગયો, જિનવાણીનો અવિનય થઈ ગયો. ત્યારે બીજાને ખ્યાલ આવે છે અને એને પણ આવવો હોય તો આવે અને કદાચ ન પણ આવે, બહુ સ્થૂળતા વધી હોય તો, પણ બીજાને તો આવી જ જાય. ....

એટલે વિષય ગંભીર છે. કાં તો નુકસાન કરી બેસે, કાં તો લાભ કરી બેસે. અને બેમાંથી એકેય ન થાય એવું બનતું નથી પાછું. એક તો થાય જ. કાં લાભ થાય અને નહિતર નુકસાન થયા વિના રહે નહિ. આ નિયમ છે. કેમકે પરિણામ તો ચાલ છે. દિશા બે જ છે, ત્રીજી દિશા નથી. કાં તો અંદર બાજુની દિશા બાજુના એના પગલા ભરાય છે કાં તો બહારની દિશા બાજુ એના પગલા ભરાય છે. જેટલો બહાર જાય છે, ભલે શુભોપયોગ વધ્યો હોય નીચે જવાનો. નીચેના સ્તરમાં ચાલ્યા જાય. જેમ જેમ વિકલ્પ વધશે, વિકલ્પમાં આગળ વધશે.

એટલે એ બહુ સરસ આ તો બોલ લીધો છો. ઘણો વિસ્તાર થાય.

સમ્યક્ પ્રકારે હેય-ઉપાદેયતા આવી (તો) નિર્વિકલ્પ સુધી પહોંચે છે. હેય-ઉપાદેયમાં ફેર પડ્યો, જાય આ બાજુ પાછો. એ રસનું પણ એવું છે કે રસ બે બાજુ કામ કરે છે. પરની જે મહાત્મ્ય બુદ્ધિ છે, જગતમાં જે જે વસ્તુ અને જે જે પ્રસંગની મોટાઈ રહેલી છે, એની મહત્તા રહેલી છે, જગતની દૃષ્ટિએ, લોકોની દૃષ્ટિએ, તે તે વસ્તુ અને તે તે પ્રસંગની મહત્તા ગયા વિના આત્માનો નિર્ણય સુદ્ધા બરાબર થઈ શકે એમ નથી. અનુભવની વાત તો આઘી છે. સ્વરૂપનો નિર્ણય થઈ શકે એમ નથી.

'શ્રીમદ્જી' તો ત્યાં સુધી લખે છે કે નિર્ણય તો થઈ શકે એવું નથી પણ એ જે સત્સંગમાં છે એ સત્સંગને પણ એ સમજી શક્યો નથી. જે સત્સંગમાં છે એ સત્સંગનું એને મહાત્મ્ય આવ્યું નથી. એટલે એને જગત અને જગતના પદાર્થોનું-વસ્તુઓનું અને પ્રસંગોનું મહાત્મ્ય રહેલું છે. એટલે જ્યાં જ્યાં પોતાના ઉદયમાન કાર્યોમાં આ પ્રકાર હોય ત્યાં એણે ગંભીરતાથી અને ચેતીને રસને ખલાસ કરવો જોઈએ, ખતમ કરવો જોઈએ. આ રસ તો કોઈ રીતે ન ચાલે. .. તો ત્યાંથી પાછા હઠો. આ ચીજ લોકોમાં મોટાઈનું કારણ છે....

એક તો એવો બોલ લીધો છે કે લોકમાન્ય શ્રદ્ધાવાનપણું, લોકમાન્ય વિચિક્ષણપણું. આ ભાઈ તો બહુ વિચિક્ષણ છે, ઘણી બુદ્ધિ છે એમ લોકો જાણે. એ પોતાને ઠીક લાગતું હોય અથવા આમને ધર્મશ્રદ્ધા ઘણી છે એમ લોકો જાણે, એમ લોકોની દૃષ્ટિમાં ધર્મશ્રદ્ધાવાનપણું દેખાય, એવું બરાબર સચવાય રહેવું જોઈએ કે થઈ રહેવું જોઈએ (એ) તારા માટે ઝેર છે. એવી વાતો (લખી) છે. એ જ્યાં સુધી ન સમજાય ત્યાં સુધી પરવસ્તુનો રસ જતો નથી અને નિજ વસ્તુની પ્રાપ્તિ થતી નથી. એ લીધું છે. બે બોલ છે. જુદાં જુદાં જુદી જુદી જગ્યાએ છે. (પત્રાંક-૩૩૧)

**'ભ્રાંતિગતપણે સુખસ્વરૂપ ભાસે છે એવા આ સંસારી પ્રસંગ અને પ્રકારોમાં...'** બે શબ્દ લીધા છે. સુખસ્વરૂપ ભાસે છે એટલે છે નહિ, આભાસથી લાગે છે. એવા આ **'સંસારી પ્રસંગ અને પ્રકારોમાં જ્યાં સુધી આ જીવને વહાલપ વર્તે છે,...'** મીઠાશ આવે છે, રસ આવે છે. વહાલપ કહો, મીઠાશ કહો, રસપણું કહો, રસ આવવો કહો. **'ત્યાં સુધી જીવને પોતાનું સ્વરૂપ ભાસવું અસંભવિત છે,...'** ભાવભાસન

થવો, નિર્ણય થવો એ અસંભવિત છે–નહિ બને.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. જે તત્ત્વજ્ઞાનના સાધનથી તું સ્વરૂપનો નિર્ણય કરવા માગે છો,.. કેમકે નિર્ણય થયા વિના તો અનુભવ નથી, યથાર્થ નિર્ણય વિના અનુભવ નથી. એ તો ૧૪૪ ગાથામાં લઈ લીધું. પક્ષાંતિક્રાંત થવા માટે પહેલા તો એ નિર્ણય કરે છે. એ ભાવ ભાસવું કહો, ભાવભાસન કહો, સ્વરૂપનો નિર્ણય કહો. બેય એક છે. ત્યાં સુધી તારું જ્ઞાન મેલું રહેશે. સંસારના પ્રસંગ અને પ્રકારમાં જ્યાં ભ્રાંતિથી સુખબુદ્ધિ થઈ, એ રસ એવો ચડશે કે તારું જ્ઞાન મલિન થશે. જ્ઞાનને પોતાનો જ સ્વભાવ નહિ ભાસે. જ્ઞાનને તો પોતાનો સ્વભાવ ભાસે એ પોતાનું સ્વરૂપ ભાસવા બરાબર છે. જ્ઞાનને જ પોતાનો સ્વભાવ નહિ ભાસે.

પોતાનું સ્વરૂપ તો ભાસવું અસંભવિત છે. પરંતુ '**સત્સંગનું મહાત્મ્ય પણ તથારૂપપણે ભાસ્યમાન થવું અસંભવિત છે.**' અંદરમાં પોતાના સ્વરૂપનો નિર્ણય નહિ થાય અને બહારમાં એને સત્સંગની પણ યથાતથ્ય રીતે કિંમત આવી નથી, મૂલ્યાંકન થયું નથી. નિમિત્ત-ઉપાદાન બેય વાત લઈ લીધી છે. એ ૩૩૧માં એ વાત લીધી છે. અને એક છે ૭૨૯ મો બોલ છે. ૩૦માં વર્ષમાં.

'**લોકષ્ટિમાં જે જે વાતો કે વસ્તુઓ...**' અહીંયાં આ શબ્દ વાપર્યો છે. ત્યાં પ્રસંગ અને પ્રકાર લીધો હતો. એ બેય પ. આ બેય વ આવ્યા. '**લોકષ્ટિમાં જે જે વાતો કે વસ્તુઓ મોટાઈવાળી મનાય છે, તે તે વાતો અને વસ્તુઓ,...**' હવે એના ભેદ પાડ્યા છે કે એક તો '**શોભાયમાન ગૃહાદિ આરંભ,...**' ઘર મારું બરાબર સુશોભિત રહેવું જોઈએ, હોવું જોઈએ. આ એક મોટાઈનું કારણ છે. ઘર બરાબર છે, રહેણીકરણી બહુ સારી. ક્યાંથી પકડ્યા છે ! મુમુક્ષુને ગાઈડલાઈન આપવી છે ને ? માર્ગદર્શન આપવું છે ને. '**અલંકારાદિ પરિગ્રહ, લોકદષ્ટિનું વિચક્ષણપણું,...**' લોકોની નજરમાં વિચિક્ષણ દેખાવ થાય. આ બુદ્ધિવાળા છ, ભાઈ વિચિક્ષણ છે.

'**લોકમાન્ય ધર્મશ્રદ્ધાવાનપણું...**' ધાર્મિકવૃત્તિવાળા છે, ભાવના

તો ધર્મની છે. લોકો એને ધર્મી તરીકે જ માને છે. એમ જ્યાં પોતાને એવું મનાવવાનો, માનવાનો જ્યાં પ્રકાર થાય છે. '**પ્રત્ક્ષ ઝેરનું ગ્રહણ છે,...**' ચાર બોલ લીધા છે. '**પ્રત્યક્ષ ઝેરનું ગ્રહણ છે, એમ યથાર્થ જણાયા વિના ધારો છો તે વૃત્તિનો લક્ષ ન થાય.**' આત્મહિતની જે વૃત્તિ છે કે મને આત્માનું હિત થાય એવા પરિણામ મારા થાય તો સારું, તેવું જે તમે કરવા ધારો છો, એ નહિ બને. '**પ્રથમ તો તે વાતો અને વસ્તુઓ પ્રત્યે ઝેરદૃષ્ટિ આવવી કઠણ દેખી કાયર ન થતાં પુરુષાર્થ કરવો યોગ્ય છે.**' બહુ ઘણું લખે છે. આ તો પત્રોમાં આટલું તત્ત્વજ્ઞાન આવ્યું. પ્રત્યક્ષ તો કેટલા ભાવો કાઢતા હશે !

એટલે એ લીધું છે કે '**પરવસ્તુથી વિરક્તપણું સાધક છે, નિજવસ્તુની પ્રાપ્તિ સાધ્ય છે.**' પરવસ્તુનું મહાત્મ્ય, સુખબુદ્ધિ, રસ એમ ને એમ રહે, એવો ને એવો રહે અને નિજ વસ્તુ સધાય, એ નહિ બની શકે. '**પરદયા સાધક છે, વ્યવહારધર્મ સાધ્ય છે.**' પરદયા સાધક છે, વ્યવહારધર્મમાં પરદયા રહિત વ્યવહારધર્મ હોય એ વ્યવહારધર્મ (નથી). મહાવ્રતમાં પહેલું અહિંસાનું (વ્રત) લીધું છે. પંચ મહાવ્રતમાં પહેલું જ વ્રત અહિંસાનું છે અને એક ન્યાયે તો જે જીવ અહિંસા મહાવ્રતપણે ચોખ્ખી પાળે તો એમાં ચારેય વ્રત સમાય જાય એવું છે. ખરેખર તો એકના ભેદે બીજા ચાર ઊઠે (છે). બાકીના જે ચાર મહાવ્રત છે, જો આ એક પરિપૂર્ણ પાળવામાં આવે તો ચાર આપોઆપ પાળવા પડે અથવા પળાય. તો આ એક પળાય. નહિતર આ એક પણ ન પળાય. આ તો જૈનદર્શન છે. સર્વજ્ઞ અનુસારી વાણી (છે). એક એક વાતની ગંભીરતા ગજબની છે !

'**પરદયા સાધક છે, વ્યવહારધર્મ સાધ્ય છે.**' આ વ્યવહાર ધર્મનો સરવાળો એક બોલમાં માર્યો છે. એવા તો કેટલાય સૂત્ર જેવા બોલ જિનાગમને વિષે છે. એક જ બોલની અંદર આખા જગતને આવરી લે. જગતના તમામ જીવોને આવરી લે. મિથ્યાદૃષ્ટિ એટલે પર્યાયદૃષ્ટિ. બસ. આખા જગતના બધા જીવો આવી ગયા. પર્યાયદૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિ છે. કોઈ એક મિથ્યાદૃષ્ટિ લાવો કે જે પર્યાયદૃષ્ટિ ન હોય. અનંત જીવોમાંથી એક જીવ લાવો. પર્યાયરદૃષ્ટિ તે મિથ્યારદૃષ્ટિ. ખતમ થઈ ગઈ વાત. બે-

ત્રણ શબ્દમાં તો આખા જગતના જીવોને સમાવી લીધા. સર્વજ્ઞ અનુસારી વાણી છે ને ! અત્યારે સર્વજ્ઞ વિદ્યમાન નહિ હોવા છતાં એના કહેનારા સર્વજ્ઞ હતા એની પ્રતીતિ થાય એવી વાણી છે. નહિતર કેમ ખબર પડે ? આ સર્વજ્ઞે કહ્યું એ કેમ ખબર પડી એની અનુપસ્થિતિમાં ? કે એવી વાતો, અનેક વાતો છે. એક-બે નહિ. સંખ્યાબંધ એવી વાતો છે કે જેમાં સર્વજ્ઞની પ્રતીત થાય એવું છે.

મુમુક્ષુ :- દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ.

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ છે એમાં તો દ્રવ્યદૃષ્ટિ જેને હોય તે. પણ આખું જગત મિથ્યાદૃષ્ટિ છે એમ જૈનદર્શન કહે છે. સમ્યગ્દૃષ્ટિઓને અને સાધકોને બાદ કરતા જગતના અનંતા અનંત જીવો મિથ્યાત્વના સ્થાને છે કે જે પહેલા ગુણસ્થાને છે. એ તમામ પર્યાયદૃષ્ટિ છે. આ મૂળ પકડી લીધું. વિધવિધતા પછી એની ગમે એટલી હોય. અન્ય દર્શનના ભેદ ગમે એટલા હોય, મતમતાંતરો ગમે એટલા હોય પણ પર્યાયદૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિ છે. પર્યાય મૂંઢા પરસમયા.. મૂંઢ દૃષ્ટિ છે એટલે મૂંઢ શબ્દ વાપર્યો છે ત્યાં. ઠીક ! પર્યાયમૂઢાઃ પરસમયાઃ. 'પ્રવચનસાર'.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. દ્રવ્ય એટલે સ્વભાવ. દ્રવ્યસ્વભાવ લેવો છે. દૃષ્ટિ એટલે અસ્તિત્વ શ્રદ્ધાએ કરીને ગ્રહાય એનું નામ દૃષ્ટિ છે. તો પોતાના સ્વભાવસ્વરૂપ પોતાનું અસ્તિત્વ શ્રદ્ધાનમાં આવ્યું એને દ્રવ્યદૃષ્ટિ કહેવાય છે. દ્રવ્ય એટલે અહીંયાં દ્રવ્યસ્વભાવ. દ્રવ્ય એટલે પ્રમાણનો વિષય નહિ. પર્યાયદૃષ્ટિ એટલે વર્તમાન અવસ્થા પૂરતો, એના જેવડો જેટલો જ પોતાનું અસ્તિત્વને શ્રદ્ધાએ સ્વીકારનારો, એ પર્યાયદૃષ્ટિ છે. ચાલતા પરિણામ-એક સમયની, એક ક્ષણની પર્યાય જે એને પકડાય છે, વેદાય છે, બુદ્ધિગ્રાહ્ય થાય છે, એટલો ને એવડો જ હું છું, એવો જે એનો અનુભવ તે મિથ્યા અનુભવ છે. ત્રિકાળી શુદ્ધ સ્વરૂપે પોતે છે.

એ વિષયમાં 'બહેનશ્રી'નો બહુ સારો બોલ છે. આ બે-ત્રણ દિવસથી આ બોલનો વિચાર આવે છે. બીજી વાતમાં સમય નીકળી જાય છે. હું તો અરીસાની જેમ સ્વચ્છ છું. ૮૨ નંબરનો બોલ છે. 'હું

**તો અરીસાની જેમ અત્યંત સ્વચ્છ છું'...'** આ સ્વભાવ. **'વિકલ્પની જાળથી આત્મા મલિન ન થાય;...'** ઠીક ! વિકલ્પ મલિન છે, વિકલ્પની જાળ મલિન છે પણ એનાથી દ્રવ્ય મલિન ન થાય, એમ કહેવું છે. આત્મા એટલે દ્રવ્ય. ક્યાં વજન લઈ જવું છે ? વિકલ્પ છે એની ખબર છે, વિકલ્પમાં મલિનતા છે એની ખબર છે, પણ વજન નથી એના ઉપર.

**'વિકલ્પની જાળથી આત્મા મલિન ન થાય; હું તો વિકલ્પથી જુદો, નિર્વિકલ્પ આનંદઘન છું. એવો ને એવો પવિત્ર છું.'** અનાદિથી જેવો છું એવો ને એવો પરિપૂર્ણ પવિત્ર છું **'એમ પોતાના સ્વભાવની જાતિને ઓળખ.'** ઓળખીને (નિર્ણય કર). ... શ્રદ્ધાને ગ્રહવા લાયક, શ્રદ્ધાના ગ્રહણનો વિષય, શ્રદ્ધાને લાયક વિષય એનું આ અસ્તિત્વ છે. પરિપૂર્ણ પવિત્રતા. એવું ને એવું પરિપૂર્ણ પવિત્રતા. બસ, એ પકડાણું તો દૃષ્ટિ થઈ, એ દ્રવ્યદૃષ્ટિ થઈ.

**'વિકલ્પથી મલિન થઈ મલિનતા માની...'** વિકલ્પથી મલિન થઈ. હું મલિન થયો, મલિનતાપણે પોતાને સ્વીકાર્યો, **'માની ભ્રમણામાં છેતરાઈ ગયો છો;...'** તું તો છેતરાઈ ગયો છે. એક વિકલ્પની મલિનતા પર્યાયદૃષ્ટિથી પોતાને એ સ્વરૂપે માનીને છેતરાણો છો, ભ્રાંતિ થઈ ગઈ છે. **'અરીસાની જેમ જાતિએ તો સ્વચ્છ જ છો.'** તારી મૂળ જાત તો પરિપૂર્ણ પવિત્ર છે. **'નિર્મળતાના ભંડારને ઓળખ તો એક પછી એક નિર્મળતાની પર્યાયનો સમૂહ પ્રગટશે. અંદર જ્ઞાન ને આનંદ આદિની નિર્મળતા જ ભરેલી છે.'** અંદર તો નિર્મળતા સિવાય બીજું કાંઈ નથી. જે વિકલ્પ છે એની તો ગંધ પણ નથી અંદર, એમ કહે છે. નામનિશાન નથી એની અંદર કાંઈ.

એવા આજુબાજુમાં બોલ હતા. એક ૮૬ નંબરનો એવો જ છે. એમાં પણ અરીસાનું જ દૃષ્ટાંત લીધું છે. **'અરીસામાં જેમ પ્રતિબિંબ પડે તે વખતે જ તેની નિર્મળતા હોય છે,...'** નહિતર તો શેમાં પ્રતિબિંબ પડશે ? લાકડાના પાટિયામાં પ્રતિબિંબ નહિ પડે. **'અરીસામાં જેમ પ્રતિબિંબ પડે તે વખતે જ તેની નિર્મળતા હોય છે, તેમ વિભાવપરિણામ વખતે જ તારામાં નિર્મળતા ભરેલી છે.'**

વિદ્યમાન છે. '**તારી દષ્ટિ ચૈતન્યની નિર્મળતાને ન જોતાં...**' એટલે તું અસ્તિત્વ છે. દષ્ટિ એટલે અસ્તિત્વનો સ્વીકાર કરનાર પર્યાય. તારી એ પર્યાય વિભાવમાં તન્મય થઈ જાય છે, એમાં અસ્તિત્વનું ગ્રહણ કરી લે છે કે હું આવો.

'**તારી દષ્ટિ ચૈતન્યની નિર્મળતાને ન જોતાં વિભાવમાં તન્મય થઈ જાય છે,...**' એક સમયના વિભાવમાં દષ્ટિ પકડાય છે. '**તે તન્મયતા છોડ.**' તે તન્મયતા કરવા જેવું નથી. એક સમયનો વિભાવ વિદ્યમાન છે અને પરિપૂર્ણ પવિત્ર એવો દ્રવ્યસ્વભાવ વિદ્યમાન છે. પરમાત્મા વિદ્યમાન છે એની ઉપેક્ષા કરીને એક સમયના વિભાવનો આદર કરીને, એની મીઠાશ લઈને, એમાં રસ રેડીને તું તન્મય થઈ જાય છો. એટલે દષ્ટિ ક્યાંથી સવળી થાય ? બે બોલ ૮૨ અને ૮૬. બેય લગતા બોલ છે.

મુમુક્ષુ :- .. સ્વચ્છતામાં અસ્તિત્વ નથી માનતો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો એક ખાલી સ્ફટિકમાં ઝાંય પડે કે અરીસામાં પ્રતિબિંબ પડે એટલું જ એનું અસ્તિત્વ છે. એ સિવાય આખો દ્રવ્યસ્વભાવ એવો ને એવો પરિપૂર્ણ પવિત્ર છે. એને સ્વભાવ જાતિથી પોતાની જાતને જે ઓળખતો નથી અને એને ચૂકીને, ભૂલીને ખાલી વિભાવમાં જ સર્વસ્વપણે એવડો ને એટલો જ પોતાને સ્વીકારીને, માનીને પરિણમી જાય છે તો આ પર્યાયદષ્ટિપણું, આ જ પર્યાયદષ્ટિપણું છે.

મુમુક્ષુ :- ... પરિણમે છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ત્યાં ભ્રાંતિ કરી બેસે છે. એને 'દીપચંદજી'એ પરપ્રવેશભાવ કીધો છે. આગળ એક બહુ સરસ બોલ લીધો છે કે આવો ભ્રાંતિરૂપ પરપ્રવેશભાવ શું કાર્ય કરે છે ? કે તે સ્વસંવેદનને ઉત્પન્ન થવા દેતો નથી. સ્વસંવેદનને રોકે છે. સ્વઆત્માને સ્વસંવેદન થવામાં અવરોધક કારણ કોણ ? અવરોધક ભાવ ક્યો છે ? કે પરપ્રવેશભાવ. મારામાં પરનો પ્રવેશ, પરનું પ્રતિબિંબ પડતા. અને પછી એ પરને એટલો વળગે કે પરમાં મને આમ લાભ અને પરમાં મને આમ નુકસાન. મને આ પર આમ ગમે અને મને આ પર આ ગમતું નથી. ઈષ્ટ અને અનિષ્ટ. એ પરપ્રવેશભાવ છે. એ પરપ્રવેશભાવ એને

પરવેદનમાં રોકે છે અને સ્વસંવેદનને ઊપજવા દેતો નથી. એટલે જેને સ્વસંવેદનમાં આવવું છે એની એટલી જાગૃતિ આવવી ઘટે છે કે પરવેદનમાં ક્યાં ક્યાં જાય છે? કેવી રીતે જાય છે ? બરાબર તપાસે. તર્ક-વિતર્કનો વિચારણાનો વિષય નથી. આ તપાસનો વિષય થઈ જાય છે. તર્ક-વિતર્ક લડાવવાનો વિષય નથી આ. આ તપાસનો વિષય થઈ જાય છે.

એ તો આગળ હજી એક જગ્યાએ કહેશે કે, ભાવશ્રુત કોને કહેવું ? કે જે આત્મા સાંભળ્યો, જે સ્વરૂપ સાંભળ્યું, જે નિર્દોષતાની પદ્ધતિ તેં સાંભળી, એ શ્રુતનું અમલીકરણ થવું એનું નામ ભાવશ્રુત છે. અમલીકરણ થવું-એનો અમલ થઈ જવો. કોઈ કહે છે કે, શ્રદ્ધાન થાય છે ત્યાં ચારિત્ર આવતું નથી. ખોટી વાત છે. ખરેખર તો અમલ થાય છે ત્યારે ચારિત્ર આવે છે. અમલ થાય છે એ ચારિત્ર છે અને ત્યારે શ્રદ્ધાન હોય છે. ત્યાં સુધી શ્રદ્ધાન થતું નથી.

એક ક્ષણનો અનુભવ અનંત જન્મ-મરણના ભુક્કા બોલાવે એની તાકાત કેટલી ! શક્તિ કેટલી એની ! જે જન્મ-મરણનું પરિભ્રમણ અનંત કાળથી જીવ કરતો રહ્યો છે અને કરતો આવ્યો છે અને જે તોડવું અતિ અતિ દુષ્કર છે, અનંતકાળથી તૂટ્યું નથી માટે, એ જે એક ક્ષણનો અનુભવ એને તોડે એ વાત કાંઈ અસાધારણ તો હોવી જ ઘટે છે. એની અપૂર્વતા અને અસાધારણતા ન સમજાય તો એણે જે રીતે એને હસ્તગત કરવું પડે એ રીતે એના હાથમાં નહિ લેવાય. અગંભીરતાથી ગંભીર વિષયને હાથમાં લેવા જાય તો એ વિષયને એ ખોઈ બેસશે. બીજું કાંઈ નહિ થાય, એનું પરિણામ નહિ આવે.

જગતમાં પણ કિંમતી ચીજને સાચવવી પડે છે. દસ લાખ રૂપિયાની નોટું બેંકમાં ભરવા જાય ત્યારે થેલીને ઉલાળતો ઉલાળતો રસ્તામાં જાતો હશે ? શાકભાજી લઈને રસ્તામાં જતો હોય એવી રીતે જતો હશે કાંઈ ? બહારમાં પણ કિંમતી પદાર્થનો ભાર પરિણામ ઉપર આવે છે કે નહિ ? ત્યારે આ તો જેની કિંમત, ટર્મિનોલોજી નથી એની કિંમત થવા માટે. કઈ ટર્મમાં એની કિંમત આંકશો ? એવી ચીજ માટે જો ગંભીરતા ન હોય તો વાત ખલાસ થઈ જાય છે. એ વસ્તુ જળવાવાની નથી.

એ '**પરદયા સાધક છે, વ્યવહારધર્મ સાધ્ય છે.**' 'દીપચંદજી'એ એક બોલમાં આખા વ્યવહારધર્મનો ટોટલ માર્યો છે. આગમમાંથી વાત લીધી છે ને ? પરમાગમમાંથી આ બધા મૂળિયા પકડી પકડીને બહુ ટૂંકામાં, સંક્ષેપમાં સૂત્રની જેમ આગળ મૂક્યા છે. '**સ્વદયા સાધક છે, નિજધર્મ સાધ્ય છે.**' સામેસામો બોલ લઈ લીધો છે. પરદયા એ વ્યવહારધર્મ સાધક છે અને નિજદયા એ નિશ્ચયધર્મ સાધ્ય છે.

કોણ આત્માનું હિત કરે છે ? કોણ આત્માને સાધે છે ? કે અનંત કાળથી પરિભ્રમણ કરી રહેલા એવા આત્માની અંતરંગમાં ખરેખર જેને દયા આવે છે તે. તે જીવ આ તત્ત્વ પામવાનો અધિકારી છે એમ લીધું છે. જેને હજી પોતાની દયા આવી નથી એ આ તત્ત્વ પામવાનો અધિકારી નથી. એક પાણી ઢોળાય તોપણ એને પોસાતું નથી. ઢોળાવા દે છે ? માટલું કાણુ થઈ ગયું છે, ભલેને ઢોળાઈ જાય. ઘણું આવે છે. બદલી નાખો. ઘી ઢોળાય તો શેનું સહન કરે ? ઘીનું માટલું ફૂટે તો. આ તો અમૃત ઢોળાય છે. ઘી નહિ પણ આ તો અમૃત ઢોળાય છે. એને ખબર પડે એ ઢોળાવા દયે, એ બે વાત કોઈ દિ' બને નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. હાથ લુઈ આવે પાછો.

મુમુક્ષુ :- એ સંયોગીભાવ છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. મલિનભાવ છે એ ઉકરડો જ છે ને બધો.

મુમુક્ષુ :- એમાં જ્ઞાન જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- ખરી વાત છે.

એટલે '**સ્વદયા સાધક છે, નિજધર્મ સાધ્ય છે.**' બીજા જીવોના દુઃખ જોવે તો રડી પડે એવા દુઃખ હોય છે. જગતમાં દુઃખી જીવોને જોવે તો જેનું હૃદય કોમળ હોય છે, દઠર-કઠોર હૃદયવાળાની વાત જુદી છે, એને પોતાને રડવું આવે. કાંઈ સંબંધ ન હોય તોપણ, હોં ! એની સાથે ઓળખાણનો પણ કાંઈ સંબંધ ન હોય પણ એનું દુઃખ જોઈને રડે છે. તો એના કરતાં તો તું અનંત દુઃખી થયો. જો વિચારે તો, સમજે તો. તને તારી દયા ન આવી ? એમ કહે છે. એટલે નિજ દયા સાધક છે અને નિશ્ચયધર્મ સાધ્ય છે. નિજ દયા વિના નિશ્ચયધર્મ કોઈને થાય, કોઈને હોય એવું બની શકતું નથી.

'**સંવેગાદિ આઠ ગુણ સાધક છે, સમ્યક્ત્વ સાધ્ય છે.**' આઠ ગુણ લીધા છે. આ તો સમ્યક્ત્વના આઠ ગુણ છે ને ? આઠ ગુણ લીધા છે એ સમ્યક્ત્વના આઠ ગુણ છે. શમ, સંવેગ, આસ્થા અને અનુકંપા તો પાંચ છે. પણ એ સિવાય ઉપગહન, સ્થિતિકરણ એ ... છે. '**સંવેગાદિ આઠ ગુણ સાધક છે, સમ્યક્ત્વ સાધ્ય છે.**' પછી એના વ્યવહાર અને નિશ્ચયના બંને ભાંગામાં એ આઠ ભેદ ઉતરે છે, આઠે પ્રકાર ઉતરે છે. નિશ્ચય છે એ બધા આત્માને આશ્રયે ઊપજે છે, વ્યવહાર છે એ પરાશ્રયમાં જાય છે. એ વ્યવહાર અને નિશ્ચયના બંને પડખા સમુચિત થાય છે, જ્યારે સમ્યક્ત્વ સધાય છે ત્યારે. એમ કહેવું છે.

જોકે સમ્યક્નો અર્થ જ એ છે કે ચારે બાજુથી શુદ્ધિકરણ શરૂ થવા લાગે એને સમ્યક્ કહે છે. એમ નથી કે ઉપર ઉપર પાટાપિંડી થાય છે અને અંદરમાં સડો એમ ને એમ રહી જાય છે. એવો આ માર્ગ નથી, એવો આ ઉપાય નથી. આ તો પાયામાંથી શુદ્ધિનો ઉપાય છે. એટલે તો પહેલું મોક્ષમાર્ગનું પ્રથમચરણ શ્રદ્ધાનથી શરૂ થાય છે. પાયાનો વિષય છે ને એટલે શ્રદ્ધાનથી શરૂ થાય છે. પ્રથમ ચરણ કહો કે પ્રથમ આચરણ કહો એ શ્રદ્ધાનથી શરૂ થાય છે. શ્રદ્ધાનની પ્રધાનતાથી શરૂ થાય છે.

મુમુક્ષુ :- ચારે બાજુથી એટલે વ્યવહારનિશ્ચયથી ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, વ્યવહારથી, નિશ્ચયથી. ચારે બાજુથી એટલે બરાબર ચારે બાજુથી. દોષને સીધી કે આડકતરી રીતે કરવો, કરાવવો, અનુમોદવો, પોષવો એ વાત જ આમાં નથી. એ વાત નથી આમાં. પરિપૂર્ણ નિર્દોષ થવાની વાત છે આની અંદર. પૂર્ણતાને લક્ષે શરૂઆત કરી છે. પૂર્ણતાને લક્ષે શરૂઆત છે એમાં ક્યાંય દોષને સ્થાન હોઈ શકે નહિ. થાય તો એનો નિષેધ છે, બસ. થઈ જાય એનો નિષેધ છે. કરવું, કરાવવું, અનુમોદવું, પોષવું એ વિષય હોય શકે નહિ. પોતાનો કે પરનો, એનો નિષેધ જ એને આવે. આ સીધે સીધી પાધરી પાટી છે.

શુભાશુભ પરિણામ દોષ છે. સાધકજીવને, મોક્ષમાર્ગી જીવને શુભાશુભ પરિણામરૂપ દોષ થાય છે, ગુણસ્થાન અનુસાર, ગુણસ્થાનની મર્યાદા છોડીને નહિ, પણ એનો એને નિષેધ વર્તે છે. એનો એને નિષેધ આવ્યા વિના રહે નહિ. તો જેને સાધકની શ્રેણીમાં, સાધકના વર્ગમાં પ્રવેશ કરવો છે એને એ લાઈનને અનુસરવું પડશે ને ? ના, ના. અમે

તો હજી કાંઈ વીતરાગ થયા નથી માટે અમને તો આમ હોય. અમે ક્યાં હજી પૂરા વીતરાગ થઈ ગયા છીએ ? એ વાત મેળ નહિ ખાય. આખો સિદ્ધાંત તૂટી જશે. નિર્દોષતાની પ્રાપ્તિનો સિદ્ધાંત એમાં તૂટી જાય. વીતરાગ નથી થયા એટલે દોષ કરવાનો કોઈ અધિકાર પ્રાપ્ત નથી થતો. દોષનો એને ખેદ આવવો જોઈએ, દોષનો નિષેધ આવવો જ જોઈએ. તો જ દોષ તૂટે, તો જ દોષ હળવો થાય, તો જ દોષ મંદ થાય, તો જ દોષ અભાવ થવાની દિશા બાજુ આગળ વધાય અને નહિતર એનું પોષણ થયા વિના રહે નહિ. કાં તો જીવ દોષને પોષે અને કાં તો જીવ દોષને નિષેધે. હવે શું કરે છે ? ત્રીજું થવાનું નથી. એમાં પણ ત્રીજું સ્થાન નથી. શું કરે છે એને તપાસી લેવું. સીધેસીધો હિસાબ છે. ઝાઝી વાતો હોય તો ખબર ન પડે પણ જ્યાં બે જ વાત હોય અને બે જ દિશા હોય ત્યાં એનો વિવેક કામ ન કરે એ બની શકતું નથી. સંજ્ઞી જીવને તો બરાબર વિવેક કરવાની શક્તિ છે જ. પણ પોતે મૂઢ થઈને વિવેક ન કરે તો એમાં પોતાને નુકસાન છે.

મુમુક્ષુ :- પોતાના દોષનો નિષેધ કરીએ અને બીજાના દોષનો નિષેધ ન કરીએ તો ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો જે બીજાના દોષને પ્રોત્સાહન આપે છે એ પોતાના દોષમાં તો એટલી હદે જશે કે વાત મૂકી દ્યો. એ તો પોતાના દોષમાં તો બિલકુલ દોષને નહિ ગણે. જો આને એક ગણું પોષણ આપતો હશે તો પોતાના દોષને સો ગણું પોષણ આપશે કે એથી વધારે આપશે. આ દશા ઊભી થશે. તરવું હોય અને છૂટવું હોય તો આ લાઈન છે. નહિતર તો અનાદિનો રખડે છે તો રખડે. એમાં તો સ્વતંત્ર છે. તરવું હોય તો આ લાઈન છે. પહેલા અંદર ભાવે દોષથી તરવું પડશે, પછી દ્રવ્યે દુઃખના સંયોગોથી છૂટી શકીશ. ભાવે તરવું નથી એને દ્રવ્યે તરવાનો પ્રશ્ન નથી.

**'સંવેગાદિ આઠ ગુણ સાધક છે, સમ્યક્ત્વ સાધ્ય છે.'** એક સમ્યક્ત્વ વિષય એવો છે (કે) બહુ મંથનથી એનો વિષય કરવા જેવો છે કે આ સમ્યક્ત્વ શું ? ક્યાંય નથી આ વિષય. વિશ્વના કોઈ સાહિત્યની અંદર આ સમ્યક્ત્વનો વિષય નથી. સમ્યક્ શું પણ ? સમ્યક્ એટલે શું ? આ વિષયને મંથનથી નક્કી કરવા જેવો વિષય છે. ક્યાંય એ વિષય

ચાલ્યો નથી. ચાલતો નથી ક્યાંય.

મુમુક્ષુ :- મૂળ દિગંબરમાં ... 'ગુરુદેવશ્રી'એ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઘણું જગાડ્યું. તત્ત્વજ્ઞાન તો લગભગ ખલાસ થઈ જવા આવ્યું હતું.

મુમુક્ષુ :- આવા સૂક્ષ્મ ન્યાય 'ગુરુદેવ'ના શાસન સિવાય ક્યાંય નથી.

પૂજ્ય ભાઈશ્રી :- 'ગુરુદેવ'ના શાસન સિવાય અત્યારે જે સંપ્રદાયમાં પંડિતો છે, દિગંબર સંપ્રદાયના પંડિતો, એની પરિસ્થિતિ જોઈએ છે ત્યારે કિંમત આવે છે 'ગુરુદેવ'ની. આહાહા..! આ 'ગુરુદેવ' મળ્યા છે તો આટલો પ્રકાશ મળ્યો છે. નહિતર આ શાસ્ત્રો ભણી ભણીને જે આ દશા થઈ, એ દશા આપણે શાસ્ત્ર એકલા વાંચ્યા હોત તો તે દશા થઈ જાત. એ ખ્યાલ આવે છે, કિંમત થાય છે એનાથી તો ખરેખર. ઉઘાડ નથી, ક્ષયોપશમ નથી એ લોકોને એવું કાંઈ નથી.

જો કે 'શ્રીમદ્જી'એ તો એક આજ્ઞા લખી છે કે, આગમ પરમાગમ જે ગંભીર શાસ્ત્રો છે એ જ્ઞાનીની સમીપે એનું અધ્યયન કરવું, સ્વાધ્યાય કરવો. અને કાં જ્ઞાનીની આજ્ઞાએ કરવો. પરોક્ષમાં એની આજ્ઞા લઈને કરવું અને પ્રત્યક્ષ જો એનો સમાગમ હોય તો (પ્રત્યક્ષ સમાગમમાં) કરવું. નહિતર શાસ્ત્ર શસ્ત્ર થઈને પરિણમશે. જે તરવાનું નિમિત્ત છે એ તારા નાશનું નિમિત્ત થઈ જશે. એમણે તો રીતસર લાઈનદોરી જ મૂકી દીધી છે. ક્યાં તો જ્ઞાનીની આજ્ઞાએ એ અધ્યયન કરજે અને કાં તો જ્ઞાનીના ચરણમાં, જ્ઞાનીની સમીપમાં જઈને કરજે. નહિતર તારો પત્તો નહિ ખાય આમાં.

મુમુક્ષુ :- 'ટોડરમલજી'નું વાંચીએ ત્યારે એમ થાય કે 'ગુરુદેવ' તો અહીં .. કહેતા હતા. 'રાજમલજી' ... એટલે આ બધાનો સમન્વય એકલા 'ગુરુદેવ'માં થઈ ગયો. બધાનો સમન્વય 'ગુરુદેવ'માં આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- ગજબ પ્રકાશન ! બહુ જબરજસ્ત...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ક્રમથી તો મને પણ યાદ નથી એટલે સંકેલ્યું. એવી રીતે મૂકેલું કે ચારેય પડખા ચોખ્ખા હોવા જોઈએ. શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા અને અનુકંપા છે એ પાંચ સંવેગ લીધા છે ને ? તો

સંવેગ છે. પછી એક વાત્સલ્ય છે, સ્થિતિકરણ છે અને ઉપગુહન છે. તો શમ છે એ આત્મામાં સમાવું છે, નિશ્ચયથી બધા લઈએ તો. ઉપશમ અંતર્મુખ થવું. સંવેગ છે એ સ્વરૂપ પ્રત્યયી આવેગ નામ પુરુષાર્થ છે. નિર્વેદ છે એ બાકીના ભાવો અને દ્રવ્ય તરફનો વૈરાગ્ય છે, ઉપેક્ષિત ભાવ છે, ઉદાસીનતા છે. સમ, સંવેગ, નિર્વેદ, આસ્થા. સ્વરૂપનું આસ્તિક્ય-અસ્તિત્વ પકડવું તે આસ્થા છે. અને નિજ સ્વરૂપ પોતાના આત્માની દયા તે અનુકંપા છે. આ નિશ્ચયમાં ઉતર્યા છે. એવી રીતે પોતાના આત્માને પડતો સ્થિર કરવો તો સ્થિતિકરણ છે. પોતાના આત્મા પ્રત્યે જ વહાલપ રાખવી, હિતની, હિતની વહાલપ, તે પોતાનું જ વાત્સલ્ય છે.

મુમુક્ષુ :- ઉપગુહન...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઉપગુહન અથવા ઉપબૃહણ, એવા એના બે ભેદ છે. એટલે પરની અપેક્ષાએ બીજાના દોષને બહાર મૂકવા નહિ અને પોતાની અપેક્ષાએ પોતાના દોષને સમ્યક્ પ્રકારે ગૌણ કરીને નિર્દોષતાને મુખ્ય કરવી. એકલી મલિનતામાં આખો આવી જાય છે એમ ... આ ૮૨મો બોલ વાંચ્યો એ પ્રકારે. એ ઉપગુહનનો પ્રકાર છે. મલિનતા અને નિર્દોષતા બેય છે પણ પરિપૂર્ણ નિર્દોષ એવો ને એવો પવિત્ર છું એની મુખ્યતા કરવી. તો તને નિર્મળ નિર્મળ પર્યાયો પ્રગટશે. એ નિશ્ચયમાં જાય છે. એટલું જ બહારમાં પરાશ્રયપણે વ્યવહારના જે પર્યાય છે-શમ, સંવેગ, નિર્વેદ, વ્યવહાર આસ્થા, વ્યવહાર દયા, બાહ્ય વૈરાગ્ય એ બધું બહારમાં જાય છે. બીજા જીવોનું સ્થિતકરણ કરવું, બીજાના દોષોને છુપાવવા અને બીજા પ્રત્યે વાત્સલ્ય રાખવું, સાધર્મી પ્રત્યે એ બધા વ્યવહારમાં જાય છે.

મુમુક્ષુ :- વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર-સત્પુરુષ આદિના ગુણોનો અંદરમાં આનંદનો ભાવ થાય એ ઉપબૃહણમાં આવે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- ઉપબૃહણમાં ન આવે. ઉપગૃહણમાં તો શું છે કે એમના ચારિત્રનો કોઈ દોષ ખ્યાલ આવી જાય તોપણ એની મુખ્યતા ન કરવી. એને છુપાવવો. પણ એમની જે મહાનતા છે એને પ્રગટ કરવી. એ ઉપગુહન છે. એ ઉપગુહન-ગુહન એટલે ગોપવવું. ગોપવવું એટલે છુપાવવું.

એ **'સંવેગાદિ આઠ ગુણ સાધક છે, સમ્યક્ત્વ સાધ્ય છે.'** આ સંવેગ આદિ લીધા છે. આ જે આઠ ગુણ સમકિતના અંગ છે એમાં થોડા બીજા બીજા આવે છે. નિઃશંકિત, નિઃકાંક્ષિત. એમાં સંવેગ નથી આવતો. એમાં સંવેગ શબ્દ નથી આવતો. એમાં નિઃકાંક્ષિત ને એ બધા આવે છે. એ આઠ યાદ નથી.

**'ચેતનભાવના સાધક છે, સહજ સુખ સાધ્ય છે.'** ચેતનભાવના કહો કે સ્વરૂપની ભાવના કહો. સ્વરૂપની ભાવના દ્વારા સ્વરૂપસુખનો આવિર્ભાવ થાય છે તેથી સ્વરૂપની ભાવના, ચેતનની ભાવના સાધક છે અને સહજ સુખ ઉત્પન્ન થવું તે સાધ્ય છે. અથવા સહજ સુખનો ઉપભોક્તા છે એ અવશ્ય અવશ્ય ચૈતન્યસ્વરૂપની ભાવનાવાળો સાધક હોય છે. ચૈતન્યસ્વરૂપની ભાવના થતાં સહજ સુખની પ્રાપ્તિ થાય છે. એ રીતે સહજ સુખની ઉપલબ્ધિ છે. એ ભાવનાને કારણ ગણીને અહીંયાં સુખને કાર્ય ગણ્યું છે. ભાવનાને કારણમાં નાખી દીધું છે. અહીં સુધી રાખીએ...

અનાદિથી જીવને જ્ઞેયાકાર જ્ઞાનનો પરિચય અને અનુભવ છે. તેથી જીવસ્વરૂપની તેવી જ પ્રતીતિ વર્તે છે. અથવા બહિષ્ટિ અનાદિ હોવાથી જીવને પણ જ્ઞાનનો બહિરંગ (જ્ઞેયાકાર) રૂપે જ શ્રદ્ધે છે, જેમાં જ્ઞેય-જ્ઞાયક સંકર દોષ વર્તે છે, આવી સ્થિતિ મૂળમાં હોવાને લીધે સર્વ દોષની પરંપરા તેમાંથી પાંગરે છે. ભેદજ્ઞાનથી જ્ઞેયાકાર જ્ઞાન, અને રાગાદિ, જ્ઞાનવેદન દ્વારા, ગૌણ થઈને સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. અર્થાત્ જ્ઞાન સ્વપણે વેદાય છે, તેમાં ત્રિકાળીનું અવલંબન સહજ છે.

(અનુભવસંજીવની - ૮૦૦)

**તા. ૧૫-૧-૧૯૮૯, પાના નં. ૪૭, પ્રવચન નં. ૯૮**

પાનું-૪૭. પાંચમી લીટી. '**ચેતનભાવના સાધક છે, સહજ સુખ સાધ્ય છે.**' ચેતનભાવના એટલે આત્મભાવના. આત્મભાવના આત્માથી ભાવવામાં આવે તો તેના ફળમાં સહજ સુખ, આત્મિક સુખની ઉત્પત્તિ થાય છે. નિરાકુળ સ્વરૂપ એવું જે સહજાત્મ સ્વરૂપ, તેમાં હુંપણાની ભાવના શ્રદ્ધાએ કરીને, જ્ઞાને કરીને, આચરણે કરીને (થવી). તેના ફળમાં સહજ સુખની પ્રાપ્તિ થાય છે. સુખના વિષયમાં બે બોલ એવા લીધા છે. નીચે બે લીટી છોડીને '**આત્મરુચિ સાધક છે, અખંડ સુખ સાધ્ય છે.**' ત્યાં પણ સુખનો બોલ લીધો છે. ભાવનાનું પદ બદલીને રુચિનું પદ લીધું છે. એ એમ સૂચવે છે કે ચેતનની ભાવના, આત્માની ભાવના આત્મરુચિપૂર્વક હોય છે, આત્મરુચિ સહિત હોય છે. અને જેને આત્માની રુચિ છે એને આત્માની ખરી ભાવના ઉત્પન્ન થાય છે. પરની રુચિ, રાગની રુચિ, પુદ્‌ગલની રુચિ ત્યાં આત્માની ખરી ભાવના ઉત્પન્ન થતી નથી. એમ સાથે સાથે (સમજી લેવું). બંને પ્રકારના પરિણામ અવિનાભાવી છે કે જેનું ફળ એક આત્મિક સુખ છે, અખંડ સુખ છે, સહજ સુખ છે.

એ રીતે જેને સુખી થવું છે એણે શું કરવું ? એને કેવા પરિણામ હોવ જોઈએ તો સહજ આત્મિક સુખની, નિરાકુળ સુખની પ્રાપ્તિ થાય એ આમાંથી સ્પષ્ટ થાય છે. કોઈપણ પ્રાણિમાત્રને કિંચિતમાત્ર દુઃખ જોઈતું નથી અને અલ્પ કાળ માટે પણ દુઃખ જોઈતું નથી. થોડું દુઃખ, અલ્પ દુઃખ અલ્પ કાળ માટે પણ કોઈને જોઈતું નથી. એવો ભાવ દરેકનો, એવો અભિપ્રાય પ્રત્યેક પ્રાણીમાત્ર, જીવમાત્રનો હોવા છતાં જગતમાં જીવ સુખની પ્રાપ્તિને બદલે દુઃખનો અનુભવ કરતા જોવામાં આવે છે. એનું કારણ એ છે કે એ સુખનો સાધક નિરાકુળ અને અનંત સુખ, અનંત કાળ પર્યંતનું નિરાકુળ પરિપૂર્ણ સુખ, એને સાધવા માટે કયુ સાધન હોય એનું અજ્ઞાન પ્રવર્તે છે. એની ખબર નથી જીવોને. એનું અહીંયાં સ્પષ્ટીકરણ છે.

**'ચેતનભાવના સાધક છે, સહજ સુખ સાધ્ય છે.'** ચેતનભાવના ન ભાવે અને અચેતન પદાર્થોની, અચેતન ભાવોની ભાવના ભાવે તો દુઃખની સિદ્ધિ આપોઆપ થાય છે. એમ અનર્પિત નીકળે છે. અર્પિતમાંથી અનર્પિત આપોઆપ નીકળે છે. અને એ પ્રત્યક્ષ જોવામાં આવે છે કે શ્રીમંતાઈમાં અનેક પ્રકારના અનુકૂળ સગવડના સાધનો, અનુકૂળતાના, સગવડતાના સાધનો હોવા છતાં અંદરની આકુળતા વિશેષ વૃદ્ધિગત થતી જોવામાં આવે છે. કેમકે તેમાંથી સુખનો અભિપ્રાય વધારે ભાવી ભાવીને દઢ થાય છે. જડમાંથી સુખ પ્રાપ્તિનો, સુખ લેવાનો ભાવ વારંવાર અત્યંત તીવ્ર રસથી ભાવવામાં આવે છે, ત્યારે એના ફળમાં આકુળતાની પરિણતિ વધી જાય છે. એ પણ પરિણતિ છે. આકુળતાની પરિણતિ જ વધી જાય છે. પછી એ ઉપયોગને એ આકુળતા મટાડવા માટે ગમે ત્યાં ભમાવે તોપણ એની આકુળતા મટતી નથી.

બહુ શ્રીમંત માણસ આમ તો ઉપયોગને કાંઈ ને કાંઈ કામમાં જોડી રાખે. સમયસર ઓફિસે જવું, બધા કામ સંભાળવા. પણ મુસાફરીમાં એ એકલા હોય. શું કામ કરે ? તો કહે, માળા સાથે લઈ લઉં. પોતાની કાર હોય તો આગળ ડ્રાઈવર ગાડી ચલાવતો હોય. પોતે માળા ફેરવે. લાંબી મુસાફરી કરે નહિ. બે-ચાર કલાકની મુસાફરી હોય. દૂરની મુસાફરી હોય તો પ્લેનમાં જાય. નજીકની મુસાફરી હોય તો પોતાની ગાડીમાં જાય સો-પચાસ માઈલમાં. માળા સાથે લઈ લઉં. એનાથી મને ઠીક રહે છે. કેમકે નહિતર એની જે આકુળતાની પરિણતિ છે એ તો ખાઈ જાય એને. એટલે ઉપયોગને કાંઈક ઠેકાણે લાવવા માટે, કાંઈક બાહ્ય સાધન પકડે. પણ એથી કાંઈ એની આકુળતા મટે નહિ. થોડીક ચંચળતા ઓછી થાય. કેમકે એ તો જલદ પદાર્થ છે.

જૈન હતા. નમસ્કાર મંત્રની માળા ફેરવે કે કોઈપણ તીર્થંકરદેવને એ પાર્શ્વનાથ ભગવાન છે, શાંતિનાથ ભગવાન છે, અંધશ્રદ્ધામાં તો કોઈને કોઈ એક નામથી પકડે છે ને ? સ્વરૂપની તો ખબર નથી. શાંતિનાથ ભગવાન શાંતિ આપે છે માટે શાંતિનાથ ભગવાનની માળા કરો. એ તો હવા એવી છે કે થોડો ફેર પડે છે. એની તો હવા એવી છે. મૂળ ચીજ તો અનંત શાંતસ્વરૂપ છે. એટલે એને એમ થાય કે ના, આ ઠીક છે.

પણ એ કાંઈ રોગ મટવાનો ઉપાય નથી. સંસાર દુઃખ મટવાનો એ કોઈ ઉપાય નથી.

એટલે ચેતનભાવના છે એનાથી વિરુદ્ધ રાગની ભાવના છે, એનાથી વિરુદ્ધ પૌદ્ગલિક સુખની ભાવના છે. એ ભાવના દુઃખદાયક છે અને ચેતનભાવના સુખદાયક છે. સાચા સુખ પાછળ મુમુક્ષુની શોધ હોય છે. એ એમ જાણે છે કે અનાદિથી સુખની પાછળ હેરાન-પરેશાન થવા છતાં ક્યાંય સુખ મળ્યું નથી. સુખ મળવાને બદલે બધેથી દુઃખની જ પ્રાપ્તિ થઈ છે. એટલે એને સાચા સુખની જે તૃષા છે, પીપાસા છે એની શોધમાં એને આવા શાસ્ત્રવચન છે, અનુભવવચન છે એ નિમિત્તભૂત થાય છે. ખરેખર જો સુખ જ જોઈતું હોય તો સુખસ્વરૂપી એવો જે આત્મા, એની ભાવના સિવાય સુખની ક્યાંય ઉપલબ્ધિ થાય, પ્રાપ્તિ થાય એ કોઈ પરિસ્થિતિ ત્રણકાળ ત્રણલોકમાં નથી.

'**પ્રાણાયામ સાધક છે, મનોવશીકરણ સાધ્ય છે.**' એ એના જેવું છે. જેમ માળાથી ઉપયોગની થોડી ચંચળતા ઘટે છે. એમ આ પણ એક પ્રયોગ છે. મનનો પ્રયોગ છે. મનનો અને શરીરનો-તનનો. વાણીમાં પણ એ વખતે મૌન રહેવાની પ્રક્રિયા કરવી પડે છે. એટલે મન, વચન, કાયાનો એ પ્રયોગ છે. વાણીથી મૌન રહેવું, શરીરથી પદ્માસને અમુક સ્થિતિએ બેસવું. એટલે ટટ્ટાર. ડોક સીધી રાખવી પડે. કેડથી વળેલું ન રહેવું જોઈએ. સીધું ટટ્ટાર બેસવાનું. એ યોગનો પ્રયોગ છે. અને પછી એમાં શ્વાસોશ્વાસની ક્રિયાનો પ્રયોગ એ પણ શરીરની ક્રિયા છે. કેવી રીતે શ્વાસ લેવો ? કેવી રીતે શ્વાસ છોડવો ? કેવી રીતે લીધેલા શ્વાસની હવાને રોકવી ? કેવી રીતે એને ઘૂંટવી ? એ બધા એની અંદરના પ્રયોગ છે. ઉપયોગ એમાં રોકાય છે કે ધીરે... ધીરે... ધીરે... શ્વાસ લેવો. લીધેલા શ્વાસને બંને નાસિકાને બંધ કરવી પડે છે. અંગુઠો અને એક આંગળી લઈને બંધ કરે. રોકી રાખે. રોકાય તેટલી વધારે રોકવાની પ્રેક્ટિસ કરતા કરતા એ વધારે રોકાય. પછી ધીરે... ધીરે... ધીરે... એ હવાને છોડવી. ઉપયોગ તો બધી એ ક્રિયામાં લાગે ને ? એવી રીતે ઉપયોગની ચંચળતા ઘટે છે. એવી એ પ્રયોગાત્મક ક્રિયા હોવાથી એને મનોવશીકરણ એવું નામ આપ્યું છે. અહીંયાં મન વશ થાય છે. જ્યાં ત્યાં મન ઈધર ઉધર ચાલ્યું જાય છે એને રોકવા માટે આ સાધન છે.

પુસ્તકો આવે છે અને વ્યવસ્થિત એના પ્રયોગ છે. અત્યારે હિન્દુસ્તાનની બહાર જ્યાં ઘણી સંપત્તિને કારણે પુદ્‌ગલરસ લઈને જ્યાં આકુળતા ઘણી વધી ગઈ છે એવા ધનાઢ્ય દેશોમાં આવા પ્રયોગ કરનારાઓ દુકાન ખોલીને બેસી ગયા છે.

'અમેરિકા'માં તો નાના નાના ગામડામાં પણ હિન્દુસ્તાનના માણસો ભગવા કે સફેદ કપડા પહેરે, લાલ કપડા કોઈ પહેરે, કોઈ પીળા કપડા પહેરે. દાઢી-મુછ વધારે. માળાઓ, આ ને તે, રૂદ્રાક્ષ, ઢીકણું, લોંકડું, ત્રિશુળ ને એવો બધો દેખાવ કરે. દુકાન હોય તો શો રૂમ તો રાખવો જ પડે. અને પછી આવા બધા પુસ્તકોથી વાંચ્યું હોય, થોડી પોતે તૈયારી કરી હોય. શીખવે. ઓલા ગાંજો, ચરસ, હસીસ લઈ લઈને ઊંઘ પણ ગુમાવી બેઠા હોય. જાગૃતિ તો ગુમાવી બેઠા હોય પણ ઉંઘ ગુમાવી બેઠા હોય. લાખો, કરોડોની અઢળક આવક હોય. ભાઈસાહેબ શાંતિ (નથી). શાંતિ અહીંયાં છે. આ શાંતિ. શાંતિ શું ન મળે ? કરો પ્રયોગ મેં કહ્યું એ પ્રમાણે. એ બધા ધર્મને નામે તો ધતીંગ છે. પણ એને એમ કહે કે આ જાપ કરો, આ પ્રયોગ કરો, આ યોગની ક્રિયા કરો, એને લઈને એના ઉપયોગને થોડો એક ઠેકાણે લઈ આવે તો એને થોડી ઉપરછલ્લી શાંતિ થાય તો એને તો ચમત્કાર લાગે, કે અરે..! કોઈ દવા કામ કરતી નથી ત્યાં વગર દવાએ આમ થાય છે. નક્કી આ લોકોની પાસે કાંઈક વિદ્યા છે આની. એ લોકો લાખો, કરોડો રૂપિયા આપે છે.

આ 'રજનીશ'ને ૯૦-૯૨ રોલ્સરોય આપી દે. કરોડો-અબજો રૂપિયા. અબજો રૂપિયા તો એના ત્યાં આરેગમમાં રજનીશપુરમના સ્થાપ્ત્યમાં એમાં અબજો રૂપિયા, કરોડો અબજો લગાવેલા હતા. આંધળા થઈને લોકો પૈસા આપે. અને એ રીતે પૈસા મળતા હોવાથી લોકો ત્યાં વેપાર કરવા જાય છે. એ જાતની દુકાનો ખોલીને બેસી જાય છે. ઠામ ઠામ ત્યાં આ વસ્તુ છે અત્યારે. એ ધંધો જ થઈ પડ્યો છે. એનું કારણ શું છે કે આ પણ એક પ્રયોગ છે. જેનો ઉપયોગ ઠેકાણે ન રહેતો હોય એને કૃત્રિમ રીતે, હઠથી આ રીતે પ્રયોગથી મનને ઠેકાણે લાવવાનું એક સાધન છે.

જૈનદર્શનમાં પણ આ વિષય છે. મૂળ તો વિષય આવ્યો છે દિવ્યધ્વનિમાં જ આવેલો વિષય છે. કોઈ વિદ્યા દિવ્યધ્વનિમાં પ્રસિદ્ધ

થઈ નથી, ભગવાનની વાણીમાં પ્રગટ થઈ નથી એવું નથી. ૭૨-૭૨ વિદ્યા. જગતની તમામ કળા આવી ગઈ છે. એમાં બધા પ્રકારની જે યોગની વિદ્યા, પછી આ વિદ્યાધરોની જે અસ્ત્ર-શસ્ત્રની વિદ્યા, એ બધી વિદ્યાઓ એમાં આવી જાય છે. વૈદકથી માંડીને, તબીબી વિજ્ઞાનથી માંડીને બધું. મકાનનું એન્જિનિયરિંગથી માંડીને બધું એમાં આવી જાય છે. કોઈ ચીજ બાકી રહેતી નથી. આખું જગત અને જગતના સચરાચર સર્વ પદાર્થોનું જેમાં જ્ઞાન છે, એ જ્ઞાનપૂર્વકની વાણીમાં કોઈ વિષય અજાણ્યો રહેતો નથી. બધો વિષય આવી જાય છે.

મુમુક્ષુ :- બીજો વિષય તો અપ્રયોજનભૂત છે...

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે કે અપ્રયોજનભૂત બધાને માટે નથી, બધાને માટે અપ્રયોજનભૂત નથી. કોઈ કોઈ જીવોને માટે એ પ્રયોજનમાં નિમિત્ત પડે છે. કોઈ જીવો એવા હોય છે કે જેને એનું આકર્ષણ હોય છે. તમારા ઈશ્વરને તમે સર્વજ્ઞ કહો. એક દૃષ્ટાંત લઈએ. તમે એમ કહો કે આ દુનિયાદારીના જ્ઞાનથી તો અજાણ્યા છે. એ વાત ક્યાં છે એના શાસ્ત્રમાં ? એના કરતા તો અમારો ફલાણો સાયન્ટિસ્ટ છે એ એટમબોમ્બ બનાવે છે અને રોકેટ બનાવે છે અને ફલાણું કરે છે. એના કરતા તો જ્ઞાનમાં એ વધી જાય એવું છે. હોય તો વાણીમાં આવવું જોઈએ ને ? એવા જીવને એમ થાય છે કે નહિ, આ વધારે છે. કાંઈ જવું હોય તો આની પાસે જવાય. આના કરતા આ સુપિરિયર છે. આ આગળ છે. એમ છે.

જેમકે કુબેર છે એ એવું સમવસરણ બનાવે છે. વીતરાગને શું જરૂર હતી આટલી બધી ઝાકજમાળની ? એ તો સામું પણ જોતા નથી. એ તો ધ્યાનસ્થ અવસ્થામાં બેઠા છે. એવું સમવસરણ બને છે કે જેનું ફ્લોરિંગ છે એ રત્નોનું હોય છે. રત્નની લાદી. પાછા રત્ન જડેલા નહિ એક એક કાણા પાડીને. રત્નોની તો લાદીઓ જ હોય છે. એની દિવાલો એની હોય છે. આટલી બધી શ્રીમંતાઈની વીતરાગને જરૂર છે કાંઈ ? પણ એ પણ નિમિત્ત પડે છે. એક અતિશય છે અને એ પણ કેટલાક જીવોને નિમિત્ત પડે છે. ઓહો...! જેનો બાહ્ય વૈભવ આવો છે. કુતૂહલથી જાય છે. કુતૂહલ છે એ તો જીવને અનાદિથી સર્વજ્ઞ સ્વભાવી હોવાથી બધું જાણવું, અનેક જાણવું, ઘણું જાણવું એ કુતૂહલ તો

જીવના સ્વભાવગત છે. એ કુતૂહલથી પ્રેરાય છે. એને એ નિમિત્ત પડે છે. એવી કોઈ ચીજ નથી. એ કોઈને કોઈ સ્તરના જીવને, કોઈ ને કોઈ સ્તરના, પરિણામમાં તો અનેક કોટીના જીવ છે. પરિણામની કોટી અનેક છે. અનેક કક્ષા છે. તો કોઈને કાંઈ નિમિત્ત પડે છે, કોઈને કાંઈ નિમિત્ત પડે છે, કોઈને કાંઈ નિમિત્ત પડે છે. એવું બને છે.

જૈનદર્શન તરફ, જિનેશ્વર તરફ, જિનવાણી તરફ અને જે એના સાધકો, આરાધકો છે એના તરફ એની મહત્તા એને આવે છે. જગતમાં એક દેવ-ગુરુ-શાસ્ત્ર સિવાયની જ્યાં જ્યાં મહત્તા આવી છે, એ મહત્તા તોડવા માટે, તૂટવા માટે પણ અનેક પ્રકાર સામે ઊભા છે. શાસનમાં પણ અનેક પ્રકાર ઊભા છે. જેને બાહ્ય વૈભવની મહત્તા છે એની મહત્તા સમવસરણ જોવે એટલે ભાંગીને ભૂક્કો થઈ જાય કે આની પાસે તો આ કાંઈ નથી. ખુદ દેવોને પણ એનો જે વૈભવ છે એનું માન ઉતરી જાય છે. દેવલોકમાંથી દેવો પણ આવે છે. એમાં પણ મિથ્યાદૃષ્ટિ અહંકારી દેવો હોય છે. તો એ બધા ત્યાં પ્રવેશ દ્વારમાં દાખલ થાય અને માનસ્તંભ પાસે પહોંચે ત્યાં એનું માન ગળી જાય. એવી જબરજસ્ત પરિસ્થિતિ હોય છે, અસાધરણ પરિસ્થિતિ હોય છે. એવો જ કોઈ અતિશય હોય છે.

આ જે યોગનો વિષય છે એ 'શુભચંદ્રાચાર્ય'નો 'જ્ઞાનાર્ણવ' કરીને એક ગ્રંથ છે. એમના ગ્રંથમાં આ વિષય (નિરૂપિત થયેલો છે).

મુમુક્ષુ :- માન ગળી જાય છે એ સહજ રીતે કે ...

પૂજ્ય ભાઈશ્રી :- ગળી જ જાય. સહેજે એવો જ અતિશય છે. ગમે તે કોટીનો જીવ આવે માનભેર. પછી એને ક્ષયોપશમનું માન હોય, વિદ્યાનું માન હો, વૈભવનું માન હોય. ગમે તે અનેક જાતના પ્રકાર હોય છે. એ બધો ત્યાં ખલાસ થાય છે.

મુમુક્ષુ :- એટલે સમ્યક્ પ્રકાર હોય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ના ના. શાંત થાય. તીવ્રમાંથી મંદ થાય એટલું જ. સમવસરણમાં તો કેટલાય મિથ્યાદૃષ્ટિ હોય છે. સમવસરણમાં સાંભળવા બેઠા છે એમાં તો અનેક મિથ્યાદૃષ્ટિઓ છે. મિથ્યાદૃષ્ટિઓની સંખ્યા વધારે છે અને સમ્યગ્દૃષ્ટિની સંખ્યા ઓછી છે. મંદ થઈ જાય. એને સાંભળવામાં કાંઈક વાત ઠેકાણે પડે.

આવા પ્રાણાયામના ને યોગના ને ધ્યાનના બાહ્ય સાધનના પ્રયોગો ‘શુભચંદ્રાચાર્યે’ ‘જ્ઞાનાર્ણવ’ની અંદર વિસ્તારથી લીધા છે. અને આ વેદાંતની અંદર છે. ‘પાતંજલિ યોગદર્શન’ નામનો ગ્રંથ છે. ‘પાતંજલિ’ કરીને એમનામાં એક ઋષિ મુનિ થયા છે, મુનિ થયા છે એનો લખેલો ગ્રંથ છે એ ઉપરનો. બંનેમાં અમુક વાતો બહુ સરખી દેખાય છે. એ એમ કહે કે અમારામાંથી આણે લીધું છે, આ કહે આનામાંથી આણે લીધું છે. એ તો જે હોય એ સમજી લેવું. એનો વિવાદ કરવાનો કોઈ અર્થ નથી. ભગવાનની વાણીમાં બધો વિષય આવ્યો છે. અને એ રીતે કોઈ અન્યમતિઓએ પણ એવી જ વાત ધારણામાં લીધી હોય અને એની ગ્રંથરચના કરી હોય તો એ સંભવિત છે.

‘**ધારણા સાધક છે, ધ્યાન સાધ્ય છે.**’ નિજ સ્વરૂપનો જે નિર્ણય છે એ એની ધારણા છે. નિર્ણયને ધારણ કરવો. નિજ સ્વરૂપ સંબંધિત વિષય, સ્વવિષયને, નિજ વિષયને જ્ઞાનની ધારણામાં ધારણ કરવો તે ધારણા છે અને તે સમ્યક્ ધારણા છે. સ્વરૂપને શ્રદ્ધા-જ્ઞાનમાં ધારણ કરવું તે સાચી સમ્યક્ ધારણા છે. એ સિવાયની જે શાસ્ત્રજ્ઞાનની ધારણા છે, સ્વરૂપની ધારણા સિવાયની, એ (સમ્યક્ ધારણા) નથી. કેમકે ત્યાં શાસ્ત્રજ્ઞાનની ધારણા થાય છે પણ સમ્યક્ પ્રકારે હેય-ઉપાદેયને જાણવાનું થતું નથી. જાણવું થાય છે. સાથે સમ્યક્ પ્રકારે એની હેય અને ઉપાદેયતા ઉત્પન્ન થવી, તો અનુભવ સુધી પહોંચાય, તો ભવભ્રમણના અંતનું કાર્ય થાય. એટલે ધારણામાં પણ સમ્યક્ ધારણા સાધક છે અને સ્વરૂપધ્યાન સાધ્ય છે. જો એવી સમ્યક્ ધારણા હોય તેને સ્વરૂપધ્યાન થાય. ધારણા જ ન હોય, આત્માની શ્રદ્ધાનો વિષય આત્મા કેવો ? જ્ઞાનનો વિષય આત્મા કેવો ? એ કાંઈ અમને સમજણ ન પડે, એ કાંઈ માથાકૂટમાં પડવું નથી. અમે તો આત્માના ધ્યાનમાં ઊતરી જવા માગીએ છીએ. એમ ધ્યાનનો પત્તો લાગે એવું નથી. એ બધું ધ્યાન તરંગો છે, ધ્યાનના વિકલ્પ સંબંધી તરંગો છે. એમાં આત્માનું ધ્યાન કદિ થતું નથી. એટલે ‘**ધારણા સાધક છે. ધ્યાન સાધ્ય છે.**’ એ સ્વરૂપની ધારણા લેવી.

મુમુક્ષુ :- ...મતિ-શ્રુતજ્ઞાનનો જે ઉપયોગ છે...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એવું છે કે મતિ શ્રુતજ્ઞાનનો વિષય જો

સ્વસ્વરૂપ છે એટલે સ્વસ્વરૂપ જે મતિ-શ્રુત જ્ઞાન દ્વારા જણાય છે ત્યારે તે સર્વસ્વપણે ઉપાદેયરૂપે જણાય છે. જ્યારે મતિ અને શ્રુતજ્ઞાનમાં નિજ સ્વરૂપ વિષયગત થાય છે ત્યારે આ જ પરમાત્મતત્ત્વ સર્વસ્વપણે ઉપાદેય છે, એવું જાણવું થાય છે. એટલે ઉપયોગ અંદર જાય છે. એટલે ઉપયોગ અંદર જાય છે. એની ઉપાદેયતા આવે છે. અને જ્યારે ઉપયોગ અંદરમાં લીન થયો, શ્રદ્ધા-જ્ઞાનના પરિણામ મગ્ન થયા, ત્યારે જે નિર્વિકલ્પ સમાધિ થઈ એ નિર્વિકલ્પ સમાધિના કાળમાં સાક્ષાત્ ઉપાદેયતા વર્તે છે. ત્યાં સુધી ઉપાદેયપણાનો વિકલ્પ હોય એ સાક્ષાત્ ઉપાદેયતા નથી.

'પરમાત્મપ્રકાશ'માં 'યોગીન્દ્રદેવ' આ વિષય વારંવાર લે છે કે નિર્વિકલ્પ સમાધિના કાળમાં આત્મા સાક્ષાત્ ઉપાદેય છે. ત્યારે પરમાત્મા સાક્ષાત ઉપાદેય થયા. એ વારંવાર લે છે. ટીકા છે એમાં એ વિષય વારંવાર આવે છે.

મુમુક્ષુ :- ઉપાદેય એટલે ગ્રહણ ?

પૂજ્ય ભાઈશ્રી :- ઉપાદેય એટલે ઉપાસવામાં આવે છે, આરાધવામાં આવે છે, સેવવામાં આવે છે એ એની ઉપાદેયતા છે.

'**ધ્યાન સાધક છે, સમાધિ સાધ્ય છે.**' સ્વરૂપધ્યાન થતાં આધિ, વ્યાધિ અને ઉપાધિનો નાશ થાય, અભાવ થાય અને પરિણામમાત્ર જ્ઞાતા-દૃષ્ટા સ્વરૂપ સમભાવમાં રહે, વિષમભાવ મટે ત્યારે એને સમાધિ કહેવામાં આવે છે. સમભાવને સમાધિ કહે છે. તે '**ધ્યાન સાધક છે, સમાધિ સાધ્ય છે.**' જેને સ્વરૂપધ્યાન છે તેને સર્વ સમાધાન વર્તે છે. શુદ્ધોપયોગ તો ધ્યાન છે જ, પણ મોક્ષમાર્ગી ધર્મી જીવને નિરંતર ધર્મધ્યાન વર્તે છે. ધ્યાનની પણ પરિણતિ છે એની પાસે. અને એ ધ્યાનની પરિણતિ જેટલી મજબુત, એ ધ્યાનની પરિણતિ જેટલી ઉગ્ર, એ ધ્યાનની પરિણતિ જેટલી બળવાન એટલો ઉપયોગ ખેંચાયને અંદર આવે. બહાર જતો ઉપયોગ ખેંચાય ખેંચાયને અંદર સહજપણે આવે.

'પૂજ્ય બહેનશ્રી' સાથે આ વિષયની ચર્ચા એક વખત બહુ સારી રીતે ચાલી. સમ્યગ્દૃષ્ટિને પણ પોતાના શુદ્ધોપયોગમાં રહેવાની ભાવના છે તેથી તે ધ્યાનમાં બેસે. તો એ શુદ્ધોપયોગ થવા માટે ધ્યાનમાં બેસીને કેવી રીતે કાર્ય કરે ? એવો કોઈ મતલબનો પ્રશ્ન હતો. એવું નથી કે એ

શુભોપયોગની રાહ જોઈને બેસવું પડે છે. એવું લક્ષ કરવાનું રહેતું હોતું નથી. એ તો પરિણતિની જેટલી ઉગ્રતા એટલું ઉપયોગાત્મક કાર્ય થાય છે. એટલે ઉપયોગ ખેંચાયને અંદર આવવો, અંતર્મુખ થવો, નિર્વિકલ્પ થવો એ એની પરિણતિની બળવત્તરતા ઉપર આધારિત છે. જેની પરિણતિ ઢીલી તેને ઉપયોગનો અંતરાળ કાળ વિશેષ હોય છે. મોક્ષમાર્ગીને પણ. જેની પરિણતિ બળવાન એને અલ્પ-અલ્પ અંતરાળે શુદ્ધોપયોગ થઈ આવે છે.

ચોથા ગુણસ્થાન કરતા, પાંચમા ગુણસ્થાનમાં નિર્વિકલ્પ વારંવાર થવાનું બને છે અને વિકલ્પનો અંતરાળ કપાતો જાય છે. એ ચોથા ને પાંચમાં કરતા છઠ્ઠા-સાતમાની આખી પરિસ્થિતિ એકદમ ફેરફારવાળી જોરદાર છે. એટલી બધી ત્યાં છઠ્ઠા ગુણસ્થાનમાં પણ બળવાન પરિણતિ છે કે ક્ષણમાત્રમાં એ સાતમા ગુણસ્થાનમાં, શુદ્ધોપયોગમાં મુનિ આવે છે. ક્ષણે ક્ષણે નિર્વિકલ્પ થવાનો વિકલ્પ કર્યા વિના, ધ્યાનનો વિકલ્પ આવ્યા વિના પણ નિર્વિકલ્પ થઈ જાય છે. કારણ કે એમની પરિણતિ બળવાન છે.

એ પરિણતિનો વિષય,.. ઉપયોગનો વિષય તો બાહ્ય મન-વચન-કાયાની ચેષ્ટા સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ધરાવતો હોવાથી લોકો સમજી શકે છે, પણ પરિણતિનો વિષય સમજતા નથી. પરિણતિ છે એ તો બહુ બળવાન પરિણામ અંગ છે. પરિણામનું એ બહુ બળવાન અંગ છે કે જે બહાર જતાં ઉપયોગને ફેલ કરે છે.

મિથ્યાદૃષ્ટિમાં તો બાહ્ય પરિણતિ એવી બળવાન થઈ જાય છે કે આત્માનો ઉપયોગાત્મકપણે વિચાર કરે તો એને ફેઈલ કરે છે, નિષ્ફળ કરે છે. કરે છે કે નહિ ? મિથ્યાદૃષ્ટિ સ્વરૂપધ્યાન કરવાનો પ્રયત્ન કરે. એકાંતમાં જાય, મંદિરમાં એકાંતમાં ભગવાનની સામે ધ્યાનસ્થ મુદ્રામાં બેસે. અને સ્વરૂપધ્યાન લગાવવા માટે ઉપોયગમાં આત્માને લે. હું શુદ્ધ છું, એકરૂપ છું, અભેદ છું, અખંડ છું, પૂર્ણ છું, જ્ઞાનસ્વરૂપ છું, આનંદસ્વરૂપ છું. પરિણતિ અંદરમાં ફરી ન હોય તો એનો ઉપયોગ કદિ લાગે નહિ. પહેલી પરિણતિ ફરવી જોઈએ. એ નિર્ણયના પ્રકરણમાં લીધું છે. પરિણતિ અહીંથી બદલાય છે. નિર્ણય થતાં પરિણતિ બદલાય છે.

'પૂજ્ય બહેનશ્રી' તો અવારનવાર કહે છે. મુમુક્ષુઓની સાથે પ્રશ્નચર્ચા ચાલે છે ત્યારે. મુમુક્ષુને તો પરિણતિ થઈ જવી જોઈએ. એ સમજે શું એ બીજી વાત છે. પણ એ તો કહે છે કે મુમુક્ષુને તો એકવાર આત્મામય પરિણતિ થઈ જવી જોઈએ. એનું નામ આત્માર્થીપણું છે. અને જે આત્માર્થીપણું આવે છે ત્યાં વિપરીતતા, હેય, ઉપાદેયની જે વિપરીતતા છે એમાં બહુ મોટો ફેર પડે છે. જે સમ્યક્ પ્રકારે હેય-ઉપાદેયપણું લીધું છે એમાં વિપરીતતાનો અભાવ લેવો છે, નાસ્તિથી લઈએ તો. વિપરીતતાનો અભાવ છે. અને વિપરીતતા ક્યાં કેવી ઘૂસી જાય છે એ બહુ વિકટ સમસ્યા છે.

જેમકે અહીંયાં એક બોલ આવી ગયો કે વ્યવહારધર્મ સાધ્ય છે અને સ્વદયા સાધક છે. તો કોઈએ દયાનો એવો પક્ષ કર્યો કે ભગવાનની પ્રતિમા સ્થાપીએ અને મંદિર બંધાવીએ તો આરંભ સમારંભ થાય અને હિંસા થાય. આ તો વ્યવહારધર્મ છે એમાં તો દયા જે મુખ્ય કરવાનું છે એ ગૌણ થઈ જશે. માટે મંદિર બાંધવા જોઈએ નહિ. અને આ પ્રતિષ્ઠાનો આરંભ-સમારંભ કરવો જોઈએ નહિ. આખો સંપ્રદાય ઊભો થઈ ગયો. સ્થાનકવાસી સંપ્રદાય છે ને ? એ આ સિદ્ધાંત ઉપર ગયો છે. તો એ વાત જેને બેસી ગઈ એ વાત એ છોડી ન શકે. દયાની વાત બરાબર (છે). દયા વગર તો ધર્મ છે જ નહિ. વ્યવહારધર્મમાં તો દયા પહેલી વાત છે. આમાં અન્યાય શું છે ? એકદમ ન્યાયની વાત છે. તો કહે છે કે ન્યાય સ્થાપના જો તારે સાધ્ય કરવી હોય તો નય, પ્રમાણ ને નિક્ષેપને સાધન બનાવવું પડશે. તો ન્યાયની સ્થાપના થશે. તો આ નિક્ષેપ છે એ તો નયજ્ઞાનનો વિષય છે. જો તારે પ્રમાણ, નય, નિક્ષેપ ઉડાડવા હોય તો તારો ન્યાય કોના ઘરનો ? એટલે બળવાન ન્યાય કયો છે એ પકડવો પડે છે. કયો બળવાન ન્યાય છે એ પકડવો જોઈએ. નહિતર ગડબડ થયા વિના રહે નહિ.

મુમુક્ષુ :- રસ સાથે પરિણતિને સંબંધ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. બિલકુલ. રસ તો પરિણામનું મુખ્ય અંગ છે. અથવા પરિણામનું સર્વસ્વ જ એનો રસ છે-પરિણામરસ છે ખરેખર તો. બાકી બધું તો કસ વગરનું પરિણામ છે. જેટલો રસ છે એટલું જ કસવાળું પરિણામ છે. બાકી બધું તો કસ વગરનું પરિણામ

છે. એટલે સમ્યગ્દષ્ટિને બહાર ઉપયોગ જાય છે પણ એમાં રસકસ નથી. એટલે એ ઉપયોગ નિષ્ફળ જાય છે. અને મિથ્યાદષ્ટિ આત્માનો વિચાર કરે છે ઉપયોગાત્મકપણે, પણ એમાં એને રસકસ નથી. એની પરિણતિ જે પુદ્‌ગલ આધારિત છે-દેહાત્મબુદ્ધિ છે, રાગાત્મક બુદ્ધિ છે તો એનો એ ઉપયોગ નિષ્ફળ જાય છે અને ધ્યાન લાગતું નથી. સમાધિ થતી નથી.

મુમુક્ષુ :- પરરસની તીવ્રતા છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એની પરરસની પરિણતિ છે. પર રસની પરિણતિ છે એની પાછળ. એ પરિણતિ ફરે નહિ અને ઉપયોગ ફરે એમ બને નહિ. એ પરિણતિ ફરવા માટે ભાવના ને રુચિ બે મુખ્ય એના લક્ષણ છે, પરિણતિ બદલવા માટે. એની ભાવના સ્વરૂપની કેટલી છે ? એને આત્મરુચિ કેટલી છે એના ઉપર આખો આધાર છે. એના ઉપર રસ જામે. એટલે એ બહુ સારો વિષય બહુ શરૂઆતમાં આવી ગયો.

ત્રીજું પાનું. પહેલો પેરેગ્રાફ. '**નિરંતર પોતાના સ્વરૂપની ભાવનામાં મગ્ન રહે,...**' જુઓ ! પહેલી ભાવના લીધી. અહીંયાં શું છે પરિણતિનો વિષય લેવો છે એમને. '**નિરંતર પોતાના સ્વરૂપની ભાવનામાં મગ્ન રહે,...**' અને એ ભાવનાપૂર્વક '**દર્શનજ્ઞાનચેતનાનો પ્રકાશ (પોતાના) ઉપયોગ દ્વારમાં દઢભાવે ચિંતવે,...**' કે આ દર્શન અને જ્ઞાનનો પ્રકાશ એટલે વેદન, પ્રગટપણું ઉપયોગ નામનો જે દરવાજો છે, ઉપયોગ નામનો જ પ્રવેશદ્વાર છે ત્યાં એને અવલોકે. અવલોકીને જોઈને એમાં હુંપણું દઢપણે કરે, ચિંતવે.

જ્ઞાનદર્શનનો જે ઉપયોગ છે, એ ઉપયોગમાં જે પ્રકાશ નામ વેદન છે, પ્રગટપણું છે એનું, પ્રસિદ્ધિ છે વેદનથી, વેદનથી પ્રસિદ્ધિ છે, ત્યાં કોઈ જ્ઞેયાકાર નથી. એની પ્રસિદ્ધિ તો માત્ર વેદનથી છે. એ જો દઢ ચિંતવે તો '**ચિદ્‌પરિણતિથી સ્વરૂપરસ થાય છે.**' પરિણતિને રસ સાથે વાત લીધી છે ને ? આ ચિદ્‌પરિણતિ અંતરંગમાં કેવી રીતે ઉત્પન્ન થાય એની બે-ત્રણ લિટીમાં વિધિ બતાવી છે. આ ચિદ્‌પરિણતિ આમ થાય છે. એવી ચિદ્‌પરિણતિ અંતર્મુખ અવલોકન કરીને જ્ઞાનદર્શનના, ચૈતન્યના પ્રકાશને ચિંતવીને, ભાવીને, સ્વરૂપની ભાવનામાં નિરંતર રહીને, (એમ) થયા વિના નિર્વિકલ્પ ઉપયોગ સુધી પહોંચવાની કોઈ

પરિસ્થિતિ નથી. કોઈ પરિસ્થિતિ જ નથી. બહુ ઘણી વાતો લખી ગયા છે. નાનો ગ્રંથ છે પણ અધ્યાત્મની ગૂઢ વાતો, અનુભવની પેટની વાતો અંદરની ખોલી ખોલીને મૂકી છે. ઓપરેશન કરી કરીને જેમ ખોલીને બતાવે એવું છે.

મુમુક્ષુ :- પૂજ્ય બહેનશ્રીએ ઉપયોગને પતંગ સાથે સરખાવ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- પતંગ સાથે. પતંગ ખેંચવો હોય તો પરિણતિની દોરી હાથમાં રાખવી પડશે. પરિણતિની દોરી જેના હાથમાં છે એ ઉપયોગરૂપી પતંગને ગુલાંટ ખવરાવશે. નહિતર પતંગ હાથમાં નથી. દોરી હાથમાં નથી એને પતંગ હાથમાં નથી. હવે દોરી છોડી દેવી છે અને પતંગ હાથમાં રાખવો છે. કેવી રીતે બની શકવા યોગ્ય છે ? એવો વિષય છે. એ તો બહુ ભર્યું છે એમની પાસે. કોઈ કઢાવનાર જોઈએ. અધ્યાત્મ પરિણતિ બહુ બળવાન છે. ઘણું ભર્યું છે. જિજ્ઞાસા જોઈએ અને સત્સમાગમ કરવો જોઈએ.

'શ્રીમદ્જી' તો લખે છે કે, સત્પુરુષ વિના જ્ઞાનની ઉપલબ્ધિ શક્ય જ નથી. આપમેળે શાસ્ત્ર વાંચે કોઈ રીતે બની શકવા યોગ્ય નથી. બહુ લખે છે એ વિષય ઉપર. કાલે જોયો હતો થોડો. મળી જાય તો. ઓળખાણ વિષે થોડી લાંબી લાંબી વાત આમાં આવે છે. એક વન છે. વનની અંદર લાકડા છે. લાકડામાં સાદા લાકડા છે, સુખડના લાકડા છે. પછી જંગલની અંદર ખાણ છે. એમાં સોનાની ખાણ છે, હીરાની ખાણ છે. આવું એક દૃષ્ટાંત લીધું છે. ચાર જણા હતા એમાં કોઈએ લાકડા લીધા, કોઈએ સુખડના લાકડા લીધા, કોઈએ સોનું લીધું, કોઈએ રત્નો લીધા. એવું એક દૃષ્ટાંત લીધું છે. કહે છે કે આ જગતમાં જેણે લાકડા જ લીધા અને બીજું ન લીધું તે પ્રકારના એક જીવ છે. કે જેણે લૌકિક કર્મો કરતા જ્ઞાનીપુરુષને ઓળખ્યા નહિ. જ્ઞાનીપુરુષ તો લૌકિક કર્મમાં છે હજી. ગૃહસ્થમાં છે. દર્શન પણ કર્યા નહિ એથી તેના જન્મ જરા મરણ પણ ટળ્યા નહિ અને ગતિ સુધરી નહિ. સુખડ લીધું અને લાકડા મૂકી દીધા. ચાલુ લાકડા મૂકી દીધા, સુખડના લાકડા મળ્યા તો. ત્યાં દૃષ્ટાંત એમ ઘટાવવું કે જેણે સહેજે જ્ઞાનીને ઓળખ્યા, દર્શન કર્યા તેથી તેની ગતિ સારી થઈ.

સોનું આદિ લીધું તે દૃષ્ટાંત એમ ઘટાવવું કે જેણે જ્ઞાનીને તે પ્રકારે

ઓળખ્યા માટે તેને દેવગતિની પ્રાપ્તિ થઈ. ઠીક. ત્યાંથી વાત લીધી. એક તો જ્ઞાનીના સંપર્કમાં આવ્યો અને કુગતિમાં ગયો. એક હતો એની સારી ગતિ થઈ અને એકની દેવગતિ થઈ. રત્નચિંતામણી જેણે લીધો તેને દૃષ્ટાંત એમ ઘટાવવું કે જે જીવને જ્ઞાનીની યથાર્થ ઓળખાણ થઈ તે જીવ ભવમુક્ત થયો. એનું ભવભ્રમણ તૂટી ગયું.

એક વન છે તેમાં મહાત્મ્યવાળા પદાર્થો છે. તેનું જે પ્રકારે ઓળખાણ થાય તેટલું મહાત્મ્ય લાગે અને તે પ્રમાણમાં તે ગ્રહે. આ રીતે જ્ઞાનીપુરુષરૂપી એક વન છે. જ્ઞાનીપુરુષરૂપી એક વન છે. એમ લીધું. કેવી ઉપમા આપી છે ! જ્ઞાનીપુરુષનું અગમ્ય અગોચર મહાત્મ્ય છે. તેનું જેટલું ઓળખાણ થાય એટલું મહાત્મ્ય લાગે અને તે તે પ્રમાણમાં તેનું કલ્યાણ થાય. એમ કીધું. સાસાંરિક ખેદના કારણો જોઈ જીવને કડવાશ લાગતા છતાં વૈરાગ્ય ઉપર પગ દઈને ચાલ્યો જાય છે. લોકો જ્ઞાનીને લોકદૃષ્ટિએ દેખે તો ઓળખે નહિ. શોધવું છે એ નથી મળતું.

મુમુક્ષુ :- કેટલામાં વર્ષમાં છે ?

પૂજ્ય ભાઈશ્રી :- આ છે એ ઉપદેશનોંધના પહેલા કે બીજા ભાગમાં ક્યાંક છે. ઘરે વાંચીએ એટલે એ વખતે તો અંડરલાઈન કરી લઈએ એટલે ફરીને શોધવામાં તકલીફ ન રહે. ઉપદેશનોંધ વિસ્તારવાળો છે. એમાં ક્યાંક છે. કાલે ૯૬૭થી થોડાક પાના ફેરવ્યા હતા, ૩૦માં વર્ષમાં. એમાં હોવાનો સંભવ છે. અહીંયાં છે, થોડીક સુવિચારણાનો વિષય લીધો છે. સુવિચારણા જાગે તો આત્મજ્ઞાન થાય. 'આત્મસિદ્ધિ'માં એક પદ લીધું છે ને ? જો ઊગે સુવિચારણા તો એમ કરીને, વિચારણા ઊગે તો જ્ઞાનની પ્રાપ્તિ થાય. 'તે જ્ઞાને ક્ષય મોહ થઈ પામે પદ નિર્વાણ' એમ કરીને નિર્વાણ સુધી વાત લઈ લીધી. સુવિચારણાથી નિર્વાણ સુધીનું પદ લીધું છે.

એમાં એમ લીધું છે '**તીર્થંકરના આશ્રયથી નિશ્ચયમસમકિત...**' '**એવી પ્રતીતિ, એવી રુચિ અને એવા આશ્રયનો તથા આજ્ઞાનો નિશ્ચય છે. તે પણ એક પ્રકારે જીવાજીવના જ્ઞાનસ્વરૂપ છે. પુરુષ સાચા છે અને તેની પ્રતીતિ પણ સાચી છે કે જેમ આ પરમકૃપાળુ કહે છે તેમ જ મોક્ષમાર્ગ છે,...**' એ સત્પુરુષને વિષે વાત લીધી છે. '**તેમ**

**જ મોક્ષમાર્ગ હોય, તે પુરુષના લક્ષણાદિ પણ વીતરાગપણાની સિદ્ધિ કરે છે, જે વીતરાગ હોય તે પુરુષ યથાર્થ વક્તા હોય અને તે જ પુરુષની પ્રતીતિએ મોક્ષમાર્ગ સ્વીકારવા યોગ્ય હોય એવી સુવિચારણા.**' સુવિચારણાનો આધાર વીતરાગતા પ્રગટ થઈ છે એવા પુરુષના કથન ઉપર વિશ્વાસ કરવો. એવી '**સુવિચારણા તે પણ એક પ્રકારનું ગૌણતાએ જીવાજીવનું જ જ્ઞાન છે.**' કેમકે જ્ઞાન જીવ-અજીવનું. તો જીવ-અજીવનું જ્ઞાન તો કોઈપણ માણસ શાસ્ત્ર વાંચે તો જીવ કોને કહે છે ? અજીવ કોને કહે છે ? એ શાસ્ત્રથી સમજાય. પણ સુવિચારણાએ સમજાવું. એમાં આવી વાત લીધી છે.

'**તે પ્રતીતિથી, તે રુચિથી અને તે આશ્રયથી પછી સ્પષ્ટ વિસ્તારસહિત જીવાજીવનું જ્ઞાન અનુક્રમે થાય છે. તથારૂપ પુરુષની આજ્ઞા ઉપાસવાથી રાગદ્વેષનો ક્ષય થઈ વીતરાગદશા થાય છે. તથારૂપ સત્પુરુષના પ્રત્યક્ષ યોગ વિના એ સમકિત આવવું કઠણ છે. તેવા પુરુષના વચનરૂપ શાસ્ત્રોથી...**' એના વચનરૂપ શાસ્ત્રો છે. '**કોઈક પૂર્વે આરાધક હોય એવા જીવને સમકિત થવું સંભવે છે.**' કોઈ જીવને પ્રત્યક્ષ યોગ વિના એવા અનુભવી જીવના વચનરૂપ શાસ્ત્રથી સમકિત થવું સંભવે છે. '**અથવા કોઈ એક આચાર્ય પ્રત્યક્ષપણે તે વચનના હેતુથી કોઈ જીવને સમકિત પ્રાપ્ત કરાવે છે.**' ૭૭૧ છે. ૩૦મા વર્ષમાં ઘણા પત્રો સારા આવ્યા છે.

મુમુક્ષુ :- જ્યાં સત્પુરુષનો યોગ હોય ત્યાં ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. શાસ્ત્ર તો પછી એમણે કહેલા વિષયને દૃઢ કરવા અર્થે શાસ્ત્ર વાંચે તો. અવકાશ હોય અને વાંચે તો બીજી વાત છે. પણ એમનો યોગ ગૌણ કરીને કોઈ શાસ્ત્ર વાંચે, સત્પુરુષનો યોગ પ્રાપ્ત થઈ શકે એવી પરિસ્થિતિ હોવા છતાં એને ગૌણ કરીને કોઈ શાસ્ત્ર વાંચે કે મુખ્યતા કરે તો એ એક પ્રકારનો શાસ્ત્રીય અભિનિવેશ છે. અને એને તો પ્રશસ્ત શાસ્ત્રીયઅભિનિવેશ પણ નથી કહ્યો. એને તો અપ્રશસ્ત શાસ્ત્ર અભિનિવેશ કહી દીધો છે. કેમકે એમાંથી એ અશુભ ઉપયોગમાં ચાલ્યો જશે. પોતાના માન આદિને કારણે અશુભમાં ચાલ્યો જશે. એની અંદર મુખ્ય અશુભ અભિપ્રાય થઈ જશે. એટલે એને અપ્રશસ્ત

શાસ્ત્રીય અભિનિવેશ કહ્યો છે.

૬૬૧ નંબરનો પત્ર છે એ વિષય ઉપર. કોઈ સત્પુરુષના યોગને અને શાસ્ત્રને મેળવણી કરે, સરખામણી કરે, એને અધિક સ્થાન આપે અથવા બરાબર સ્થાન આપે તોપણ એ અપ્રશસ્ત શાસ્ત્રીય અભિનિવેશ છે. એને અધિક સ્થાન આપવું જોઈએ એમ કહેવું છે. ત્યાં ન્યાય કોઈ કરે કે ભાઈ, અમારો તો ન્યાય છે કે આ શાસ્ત્ર છે એ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવર્તી આચાર્યનું લખેલું છે અને સત્પુરુષ છે એ ચોથા ગુણસ્થાને બિરાજે છે. તો અમારો તો ન્યાય છે એની અંદર કે અમે છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવાળા વચનનો સંપર્ક કરીએ છીએ અને ચોથા ગુણસ્થાનવાળાના વચનનો સંપર્ક નથી કરતા. ન્યાય સાચો કે ખોટો ? ખોટો છે એનો ન્યાય. ન્યાયનો વિષય પકડવો બહુ વિકટ છે એ રીતે.

આપણે પેલી વાત રહી સ્થાનકવાસીની. જે જીવ જિનમંદિર અને જિનપ્રતિમાનો ભલે આરંભ-સમારંભ કરે છે તોપણ પહેલા તો પોતાનો લોભ ઘટાડે છે. પહેલા તો એને પોતાના લોભ ઉપર કાપ મૂકવો પડે છે. એનો મહિમા કરવા જતાં, દેવતત્ત્વનો મહિમા કરવા જતા માન ઉપર એને માનની હાનિ થાય છે. બે. ત્રીજું, જ્યારથી સ્થાપના થઈ આરંભ-સમારંભ તો અલ્પકાલિન હતો. મટી ગયો. પોતાને અને બીજા અનેક જીવોને શુભભાવોની અનેક પરંપરા થવાનો અને આત્મધ્યાન, ધર્મધ્યાનની નિમિત્તભૂત વસ્તુની સ્થાપનાનો યોગ થયો. ઓલા તો શુભઅશુભ પરિણામનો મેળ છે. હવે અહીં તો શુદ્ધતાનો પણ અવકાશ છે. પરદયામાં શુદ્ધતાનો અવકાશ નથી. વ્યવહારધર્મ હોવા છતાં ત્યાં આત્મશુદ્ધિનો અવકાશ નથી. જ્યારે અહીંયાં તો દર્શનથી શુભભાવ અને ધ્યાનથી શુદ્ધ પરિણતિ, શુદ્ધઉપયોગ થવાનો પણ અવકાશ છે. એવું નિમિત્ત છે એટલે એની સ્થાપનાનો ન્યાય બળવાન છે. માટે પેલી વાત ન લેવાય. પણ ઓલા એના સાધુ કે એના ગુરુ હોય, એના વક્તા હોય ઘુસાડી દે. અને એવી રુચિવાળાને એક વખત ફીટ થઈ ગયું પછી નીકળવું મુશ્કેલ પડે. એમ નય, પ્રમાણ, નિક્ષેપ છે એમાં ન્યાય સ્થાપનાનું કારણ જે લીધું છે એની પાછળ પણ બહુ ગંભીર વિચારણા છે, ઊંડી વિચારણા છે.

**'ધ્યાન સાધક છે, સમાધિ સાધ્ય છે. આત્મરરુચિ સાધક છે,**

**અખંડ સુખ સાધ્ય છે.**' રુચિથી પુરુષાર્થ ઊપડે છે. રુચિ અનુયાયી વીર્ય. અને એ વીર્ય છે એ સ્વરૂપની રચના કરે છે. એમાં સુખગુણના પણ શુદ્ધ પરિણામ ઉત્પન્ન થાય છે. તેથી રુચિ સાધક છે અને અખંડ સુખ સાધ્ય છે. આત્મરુચિ એ અનાત્મ રુચિને તોડીને ઉત્પન્ન થયેલી રુચિ છે. રુચિ બે જગ્યાએ કદિ રહેતી નથી. રુચિ ઉપર તો હવે આગળ લખશે પોતે. પેરેગ્રાફ પડે છે ત્યાંથી રુચિનો એક બોલ ઉપાડે છે. બહુ મહત્ત્વનો વિષય છે.

મુમુક્ષુની ભૂમિકામાં રુચિનો જે મુદ્દો છે એ બહુ મહત્ત્વપૂર્ણ મુદ્દો છે. મુમુક્ષુની ભૂમિકામાં મુમુક્ષુજીવ દેવ-ગુરુ-શાસ્ત્ર-સ્વાધ્યાય આદિ અનેક પ્રકારની શુભયોગની પ્રવૃત્તિમાં હોય. છતાં રુચિ ક્યાં છે એ બીજો વિષય થઈ જાય છે. એક જુદો જ મુદ્દો છે, જુદો જ ફેક્ટર છે. એનો જો ખ્યાલ ન રહ્યો તો પેલી બધી જે શુભયોગની ક્રિયા છે એ તો જે અનંત વાર કરી ચૂક્યો છો એ જ કોટીની છે. એમાં કોઈ ફેરફાર થતો નથી. એટલે રુચિથી વાત જુદી પડે છે. આત્મરુચિ સાધક છે અને અખંડ સુખ સાધ્ય છે. એ રુચિથી અખંડ સુખ સધાશે.

'**નય સાધક છે, અનેકાંત સાધ્ય છે.**' નય છે એ સાપેક્ષ હોવાથી અથવા પોતાના વિષયને પ્રસ્થાપિત કરતો હોવા છતાં તેની મર્યાદામાં તે નય પ્રવર્તતો હોવાથી અથવા પ્રમાણપૂર્વક નય ચાલતો હોવાથી નય છે એ અનેકાંતને સાધે છે. એમ કહીને એમ કહેવું છે કે કોઈ નયનો એકાંત થતો હોય તો તે વિચારવા જેવો વિષય છે. નય તો તેને કહીએ કે જે અનેકાંતને સાધે. અનેકાંતને ન સાધે તો એનું જે નયનું જ્ઞાન છે એ નયાભાસમાં જાય છે. અને ક્યાંય ને ક્યાંય તે નયની મર્યાદાને વટાવતા જે કાંઈ વજન જશે જે-તે નય ઉપરનું તે એકાંતને સાધશે અને અનેકાંતને તોડશે.

'**નય સાધક છે, અનેકાંત સાધ્ય છે.**' અને અનેકાંત સાધ્ય થતાં તે અનેકાંત પોતે જ અમૃત છે એમ કહેવામાં આવે છે. અનેકાંત પોતે જ અમૃત છે. 'અમૃતચંદ્રાચાર્યે' એ વિષય લીધો છે. ૪૭ શક્તિનું જ્યાં વર્ણન કર્યું ત્યાં. અમે આ પરમાગમમાં આત્માને જ્ઞાનમાત્ર કહ્યું છે. ત્યાં જ્ઞાનમાત્રનો કોઈ એકાંત ન સમજે. જ્ઞાનમાત્રમાં રાગાદિ અને પરનો અભાવ લેવો છે, પરથી વિભક્તપણું લેવું છે અને પોતાના અનંત

ગુણથી એકત્વ લેવું છે એમ જ્ઞાનમાત્ર પોતે જ અનેકાંતને સ્થાપે છે. અનેકાંતને સ્થાપતા એમાંથી અમૃતની ઉત્પત્તિ થાય છે. અનુભવ અમૃત એમાંથી નીકળે છે. એ વિષયને એમણે ૪૭ શક્તિના પ્રકરણનો ઉપોદ્‌ઘાત કરતા એ વાત લીધી છે.

એ રીતે નય સાધક છે અને અનેકાંત સાધ્ય છે. નય દ્વારા વસ્તુના અનેક ધર્મોને સાધવામાં આવે છે. અને તેથી ચારેય પડખેથી સમાધાન થાય છે અને અસમાધાન મટે છે. એ પણ સમાધિના અમૃતને સાધનારું અનેકાંત છે. એમ વિચારી શકાય. અહીં સુધી રાખીએ...

ભગવાન પદ્મનંદિ આચાર્યદેવે,'ચૈતન્ય સ્વભાવની વાત અંતરંગ રુચિથી સાંભળનારને ભાવિ નિર્વાણનો ભાજન' કહેલ છે. તેથી સ્પષ્ટ એમ છે કે ખરી મુમુક્ષુતા અથવા પાત્રતાના ગર્ભમાં, સમ્યક્ત્વથી માંડીને, નિર્વાણ સુધીની સર્વ પર્યાયો પડી છે. વાહ ! પાત્ર જીવને કેવો આવકાર આચાર્ય મહારાજે આપ્યો છે ! તો પછી મુમુક્ષુને પાત્રતા પ્રત્યે કેટલો આદર હોવા યોગ્ય છે !! તે ગંભીરતાથી વિચારવા યોગ્ય છે.

પાત્રતા થઈ તેને સત્પુરુષનો યોગ અવશ્યંભાવી છે. અને જ્યાં પાત્રતા સહિત, સત્પુરુષ/ સદ્‌ગુરુ મળે, તેને ભવનો અભાવ થયા વિના રહે જ નહિ. સત્પુરુષ મળ્યા પછી, આત્મ-જ્ઞાન ન થાય ત્યાં પાત્રતામાં જ ખામી, સમજવી રહી.

(અનુભવસંજીવની - ૮૨૦)

**તા. ૧૭-૧-૧૯૮૯, પાના નં. ૪૭, પ્રવચન નં. ૯૯**

નીચેથી છે. '**નય સાધક છે, અનેકાંત સાધ્ય છે.**' નય દ્વારા વસ્તુના અનેક ધર્મોને સાધવામાં આવે છે, વિષય કરવામાં આવે છે. તેથી નય સાધક છે. અથવા વિભિન્ન પ્રકારના વચનનયથી અનેકાંતમય સ્યાદ્વાદની સિદ્ધિ થાય છે. એ રીતે નય દ્વારા અનેકાંત કથન પણ સાધ્ય છે.

ત્યાર પછીનો બોલ છે. '**પ્રમાણ સાધક છે, વસ્તુને પ્રસિદ્ધ કરવી તે સાધ્ય છે.**' નય દ્વારા વસ્તુના અનેક ધર્મોને સિદ્ધ કરાય છે. પ્રમાણ દ્વારા આખી વસ્તુને પ્રસિદ્ધ કરાય છે. તેથી '**પ્રમાણ સાધક છે, વસ્તુને પ્રસિદ્ધ કરવી તે સાધ્ય છે.**' આગમથી લઈએ તો. અધ્યાત્મથી લઈએ તો દ્રવ્ય પર્યાયનો યુગપદ્ અનુભવ થતાં વસ્તુની અનુભવમાં સિદ્ધિ થવી, પ્રસિદ્ધિ થવી તે સાધ્ય છે એમ પણ લઈ શકાય. બંને રીતે આગમથી પણ અર્થઘટન ઉતરે છે, અધ્યાત્મથી પણ ઉતરે છે.

પ્રમાણ એટલે યુગપદ્ જ્ઞાન. દ્રવ્ય પર્યાયનું યુગપદ્ જ્ઞાન, એકસાથે આખી વસ્તુનું જ્ઞાન, તેમાં વસ્તુની પ્રસિદ્ધિ થાય છે. એમ સીધું લેવાય છે. એ રીતે જ્ઞાનમાં અથવા અનુભવમાં વસ્તુની પ્રસિદ્ધિ પ્રમાણ દ્વારા થાય છે. એવું નથી કે પ્રમાણ વ્યવહારનયના વિષયમાં જતું હોવાથી એકાંતે એનો નિષેધ છે એવું નથી. પ્રમાણ પૂજ્ય પણ છે અને પ્રમાણ અપૂજ્ય પણ છે, એમ બે રીતે શાસ્ત્રમાં કથન આવે છે. તો જ્યાં પ્રમાણ અપૂજ્ય છે એમ કહ્યું છે ત્યાં વ્યવહારનયથી વ્યવહારનયના વિષયનો અવલંબનનો નિષેધ કરવાનો આશય રહેલો છે. પણ નિશ્ચય પૂજ્ય છે અને પ્રમાણ પૂજ્ય છે એમ કહ્યું છે ત્યાં પણ નિશ્ચયનયરૂપ જે શુદ્ધોપયોગ છે તેનો આદર કરાવ્યો છે અથવા નિશ્ચયનયના વિષયભૂત ત્રિકાળી તત્ત્વનો આશ્રય કરાવ્યો છે. અને પ્રમાણના વિકલ્પનો નિષેધ છે. ત્યાં પ્રમાણ તો થાય જ છે. દ્રવ્ય પર્યાયનો યુગપદ્ અનુભવ હોવાથી અથવા દ્રવ્ય-ગુણ-પર્યાયનો યથાર્થ અનુભવ હોવાથી ત્યાં પ્રમાણ તો થાય જ છે. પણ પ્રમાણના વિકલ્પનો નિષેધ છે ત્યાં. અથવા...

મુમુક્ષુ :- પ્રમાણ પૂજ્ય નથી એટલે પ્રમાણનો વિકલ્પ ?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રમાણનો વિકલ્પ છે એનો નિષેધ છે. જેમ કે સંવર, નિર્જરા, મોક્ષ. તો એના વિકલ્પના મુખ્યપણે નિષેધ છે. અને બહુ સૂક્ષ્મ લઈએ તો ત્યાં તેના વિષયભૂત, પ્રમાણના વિષયભૂત જે પદાર્થ છે એનો આશ્રય નથી એમ કહેવાય છે. અથવા એકલા સંવર, એકલી નિર્જરા કે એકલી મોક્ષપર્યાયનો આશ્રય હોતો નથી, કર્તવ્ય નથી એટલું લેવું છે.

મુમુક્ષુ :- દ્રવ્યનો આશ્રય થયો ત્યાં પર્યાય હેય છે તો પ્રમાણ હેય છે એ કઈ રીતે ?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રમાણ હેય છે એટલે આશ્રય પ્રમાણના વિષયભૂત દ્રવ્યનો ન હોય. આશ્રય તો નિશ્ચયનયના વિષયભૂત જે દ્રવ્યસ્વભાવ જેટલો છે એનો આશ્રય હોય. એમ કહેવા માટે, એમ બતાવવા માટે પ્રમાણ પૂજ્ય નથી એમ કહેવાય છે. પણ પ્રમાણ પૂજ્ય પણ છે એવું પણ શાસ્ત્ર વચન છે. 'નયચક્ર'માં છે. મોટું જે 'નયચક્ર' છે માઈલધવલનું. એમાં એ વિષય પાછળ છે. પ્રમાણ પણ પૂજ્ય છે. કેમકે તેમાં નિશ્ચયનયનો સમાવેશ છે. જ્ઞાન પ્રમાણ ત્યારે થાય છે કે જ્યારે ત્રિકાળી શુદ્ધાત્મ દ્રવ્યનો આશ્રય થાય છે ત્યારે જ્ઞાન પ્રમાણ થાય છે. એવી રીતે જ્ઞાન પ્રમાણ થતું હોવાથી, નિશ્ચયના આશ્રયપૂર્વક જ્ઞાન પ્રમાણ થતું હોવાથી એવું પ્રમાણ પૂજ્ય છે. બંને શાસ્ત્રવચન છે. પણ બંનેની વિવિક્ષા જુદી જુદી છે.

મુમુક્ષુ :- અજ્ઞાનીને પ્રમાણજ્ઞાન પણ નયજ્ઞાન પણ નથી અને જ્ઞાની પાસે પ્રમાણજ્ઞાન પણ છે અને નયજ્ઞાન પણ છે તો...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં પણ હેય-ઉપાદેય છે. કેમકે અનેક નયો છે એમાં વિષય વિરુદ્ધતા પણ છે. વ્યવહારનયના વિષયભૂત જે કાંઈ ભંગ, ભેદ, પર્યાય, રાગ, નિમિત્ત આટલા વ્યવહારનયના વિષયભૂત છે. તો વ્યવહારનય એ રીતે જ્યારે પ્રવર્તે છે, પ્રમાણ સહિત પ્રવર્તતું હોવાથી મિથ્યાત્વનો દોષ નથી લાગતો. પ્રમાણ સહિત નયજ્ઞાન પ્રવર્તતું હોવાથી મિથ્યાજ્ઞાન અને મિથ્યાદર્શનનો દોષ નથી લાગતો, પણ જેટલું પણ પરાવલંબન આવે છે, ભંગભેદનું, પર્યાયનું અસ્થિરતાવશ અવલંબન આવે છે એટલો રાગ ઉત્પન્ન થઈ આવે છે અને એટલો દોષ

ઉત્પન્ન થઈ આવે છે.

દોષને તો ક્યાંય ઉપાદેય સીધો કે આડકતરી રીતે-ડાયરેક્ટ કે ઈનડાયરેક્ટ ઉપાદેય ન થઈ જાય એટલા માટે એવી પણ કથનપદ્ધતિ પ્રસિદ્ધ છે કે નિશ્ચયનય ઉપાદેય છે, વ્યવહારનય ઉપાદેય નથી. ભલે એ નયજ્ઞાન છે પણ પ્રમાણસહિત વર્તે છે એટલે દોષ નથી લાગતો અને નય તો પ્રમાણસહિત જ વર્તે ને. પણ છતાં એ જ્યારે રાગને, ખંડને, ભેદને, પર્યાયને, પર નિમિત્તને વિષય કરે છે ત્યારે વ્યવહારનયના કાળમાં અસ્થિરતા ઉત્પન્ન થઈ આવે છે. વ્યવહારનયનું જ્ઞાન પ્રવર્તે છે ત્યારે અસ્થિરતાપૂર્વક પ્રવર્તે છે. સાધક નિશ્ચયનયારૂઢ થાય છે ત્યારે વીતરાગતા ઉત્પન્ન થાય છે. એમ નયની પ્રવૃત્તિના કાળમાં પણ રાગની ઉત્પત્તિ અને અનુત્પત્તિનો પ્રસંગ જોઈને હેય, ઉપાદેયની વિવિક્ષા ગોઠવાણી છે.

અહીં સમ્યક્ પ્રકારે હેય-ઉપાદેયને જાણવું સાધક છે એમ કહ્યું છે ત્યાં વિપર્યાસનો નિષેધ છે, વિપરીતતાનો નિષેધ છે. ક્યાંય પણ વિપરીતતા થાય અથવા પોતાના સ્વરૂપથી દૂર જવાય, કોઈપણ કારણસર, એવું કોઈપણ કારણ ભજે કે જેને લઈને પોતાના સ્વરૂપથી ભાવામાં દૂર જવાય એ વાતનું કરવું, કરાવવું, અનુમોદવું હોઈ શકે નહિ. સિદ્ધાંતમાં હોઈ શકે નહિ. અપવાદ છે એ તો આચરણમાં જાય છે. સિદ્ધાંતમાં એમ હોઈ શકે નહિ. ઉત્સર્ગ અપવાદ છે ને ?

શ્રદ્ધા-જ્ઞાનમાં તો એક જ વાત હોય છે. આચરણની અંદર શક્તિ અનુસાર આચરણ છે. એટલે ત્યાં અપવાદ લીધો છે. શ્રદ્ધામાં અપવાદ ન હોય, જ્ઞાનમાં અપવાદ ન હોય. આચરણમાં તો પૂર્ણ થતો નથી ત્યાં સુધી સાધકને આંશિક દોષિત આચરણ રહે છે. એ અનિવાર્ય પરિસ્થિતિમાં રહે છે. અનિવાર્ય પરિસ્થિતિ છે એટલે રહે છે. તો ત્યાં તેને અપવાદ લીધો છે. એ પણ એટલા માટે કે જો ખોટી હઠ કરવા જાય તો પરિણામ વધારે નીચી કોટીના, નીચા સ્તરના થઈ જાય. હઠથી. એટલે સહજપણે વીતરાગતાને સાધે એવો સિદ્ધાંત ત્યાં આચરણના પ્રકરણમાં પણ એવો સિદ્ધાંત ગ્રહણ કર્યો છે કે સહજપણે વીતરાગતાને જ સાધે, વીતરાગતાને વધારે. આચરણથી અપવાદ માર્ગમાં આવે તોપણ વીતરાગતા વધારવાના પ્રયત્નને કારણે છે.

સિદ્ધાંતને અનુસરે એમાં તો સીધી જ વીતરાગતા જ વધે છે એટલે એ તો નિર્વિવાદ વિષય થઈ જાય છે. પણ અપવાદમાં સાધકજીવ રાગાદિનું અનુસરણ કરે છે, રાગાદિરૂપ પરિણમે છે ત્યાં વિવાદ સર્જાય છે કે એણે શ્રદ્ધામાં પરિપૂર્ણ વીતરાગ સ્વદ્રવ્યને શ્રદ્ધા-જ્ઞાનમાં લીધું અને ઉપાદેય માન્યું-જાણ્યું, હવે શું કરવા આચરણમાં ફેર પડવો જોઈએ ? આવો વિવાદ ઉત્પન્ન થાય. તો કહે છે, એ ત્યાં અપવાદ માર્ગમાં છે. જ્યારે પુરુષાર્થની મંદતા ભજે ત્યારે રાગાદિની ઉત્પત્તિ અનિવાર્યપણે થઈ આવે. ત્યાં પણ વીતરાગતા વધારવાનો દૃષ્ટિકોણ અને પુરુષાર્થ યથાશક્તિ ચાલુ રાખીને વાત છે અને તે રાગાદિનો નિષેધ આવીને વાત છે. તે રાગાદિને ઉપાદેય જાણીને વાત નથી. નિષેધસહિત એ વાત છે.

દ્રવ્યાનુયોગ અને અધ્યાત્મ એ એવી કોટીનો વિષય છે કે એટલા માટે તો કેટલીક યોગ્યતા પછી અથવા તો જ્ઞાનીની સમીપતામાં તેનું અધ્યયન વધારે અનુકૂળ છે. મુખ્યપણે. કોઈને તો એ યોગ્યતાનું કારણ થઈ આવે છે. કેમકે કારણ-કાર્યને ત્યાં નિયમ નથી. કારણ-કાર્ય ત્યાં નિયમ વગર છે. કોઈને યોગ્યતા પ્રાપ્ત થવાનું કારણ બને છે. તો કોઈને અયોગ્યતાવાળાને, અનધિકારી જીવને નુકસાનનું પણ કારણ બની જાય છે. તો કોઈને લાભનું કારણ (થાય છે). ત્યાં કારણ-કાર્ય નિયમ વગર છે. બહુભાગ તો અમુક યોગ્યતા હોય અથવા જ્ઞાનીની સમીપતા હોય તો દ્રવ્યાનુયોગ ગંભીરતા અને એનો યથાતથ્ય લાભ સંભવિત છે.

**'વસ્તુગ્રહણ સાધક છે, સકલકાર્ય-સામર્થ્ય સાધ્ય છે.'** નિજવસ્તુનું ગ્રહણ સાધક છે. જો સ્વવસ્તુને ગ્રહણ કરવામાં આવે... ગ્રહણ કરવું એટલે અનુભવ કરવો. ગ્રહણનો અર્થ એ છે. ગ્રહણ કરવું એટલે અનુભવ કરવો. નિજવસ્તુનું ગ્રહણ સાધક છે અને સકલકાર્ય, સકલકાર્ય સામર્થ્ય, સકલકાર્યનું સામર્થ્ય, સકલકાર્ય અંગેનો પુરુષાર્થ એ સાધ્ય છે. નિજવસ્તુના ગ્રહણમાં પુરુષાર્થની સિદ્ધિ છે. અથવા મુખ્યપણે જ્ઞાન દ્વારા નિજસ્વરૂપનું ગ્રહણ કરવામાં આવે છે. અંતરંગમાં જેટલું સુસ્પષ્ટપણે નિજસ્વરૂપનું જ્ઞાનથી ગ્રહણ થાય તે જ્ઞાન પુરુષાર્થની ઉત્પત્તિ કરે, સ્વકાર્યના સામર્થ્યની ઉત્પત્તિ કરે છે.

પુરુષાર્થનો વિષય એવો છે કે પોતાની મહાનતા જણાય છે, પોતાનું સામર્થ્ય જણાય છે, પોતાના સામર્થ્યનું ગ્રહણ થાય છે, સ્વીકાર

થાય છે એટલી પુરુષાર્થની જાગૃતિ વિશેષ આવે છે. પુરુષાર્થનું કારણ સ્વરૂપમહિમાવાળું જ્ઞાન છે. પુરુષાર્થનું કારણ જ્ઞાન છે એટલું નહિ લેતા, જે જ્ઞાનમાં સ્વરૂપનું ગ્રહણ થયું એટલો સ્વરૂપનો મહિમા આવ્યો. સ્વરૂપ તો મહિમાવંત છે એટલે એનો મહિમા આવ્યો. અને જેટલો ઉત્કૃષ્ટ મહિમા આવ્યો એટલો પુરુષાર્થ ઉત્પન્ન થયો. સ્વકાર્યસામર્થ્ય. અહીં પુરુષાર્થનું સકળકાર્ય સામર્થ્ય, બધા ગુણોના કાર્યની રચના થવી એવું સામર્થ્ય જેનામાં છે તે પુરુષાર્થ છે. પુરુષાર્થની સિદ્ધિ થાય છે. વસ્તુના ગ્રહણમાં પુરુષાર્થની સિદ્ધિ છે. આમ સીધેસીધું સાદું લ્યો તો એટલું છે.

'પરમાગમસાર'માં પુરુષાર્થનો બોલ ચાલ્યો છે. એમાંથી એવો જ સંકેત નીકળે છે. ૩૦૪ છે. **'આ વસ્તુ પ્રયોગમાં લાવવા માટે અંદર મૂળમાંથી પુરુષાર્થનો ઉપાડ આવવો જોઈએ કે...'** હવે જે આ પુરુષાર્થનો ઉપાડ છે એમાં કેવા પ્રકારનું પરિણામ છે ? કે **'હું આવો મહાનપદાર્થ !'** બસ. આ એનું વાચ્ય છે. પોતાની મહાનતા સ્વરૂપની જે સર્વોત્કૃષ્ટ મહાનતા, સર્વગુણસંપન્નતા, એવી જે મહાનતાનું ગ્રહણ થાય છે તો પુરુષાર્થની ઉત્પત્તિ થાય છે. જેમ કોઈ માણસને દોષિત કાર્ય છોડવું હોય તો પોતાની મહાનતાનો આધાર લ્યે કે હું કોણ ? હું તો ફલાણા-ફલાણા. આ અમારું કુળ, આ અમારી જૈન જાતિ, અમે તો જાતે જૈન. જો એમ લ્યે તો તરત છૂટે. જો પોતાની મહાનતાનો આધાર લ્યે તો દીનતા છૂટે. અપુરુષાર્થના દોષમાં તો દીનતા છે. દીનતા ક્યારે છૂટે ? કે પોતાની મહાનતાનો આધાર લેવામાં, અવલંબન લેવામાં આવે તો. હું આવો મહાન પદાર્થ એવા ભાવમાં પુરુષાર્થનો ઉપાડ છે એમ કહેવું છે. **'હું આવો મહાન પદાર્થ !'** એમ કહો કે વસ્તુનું ગ્રહણ કહો. બેય એક વાત છે.

૩૦૪માં પુરુષાર્થની સાથે એ વાત લીધી છે. કેમકે જે પુરુષાર્થ છે એ ગુણ પણ-પુરુષાર્થ ગુણ પણ અંદરમાં છે. અને અનંત પુરુષાર્થનું સામર્થ્ય છે અંદરમાં. જે સ્પષ્ટપણે પોતાના અનંત ગુણના સામર્થ્યને અવલોકે છે, જોવે છે, ગ્રહણ કરે છે કે આવો હું. ગ્રહણ કરવાનો અર્થ એમાં હુંપણું આવે છે, તો એકદમ પુરુષાર્થનો ઉછાળો આવે છે. પુરુષાર્થની પર્યાયમાં એકદમ આવેગ, ઉછાળો આવે છે. એને અહીંયાં સકલકાર્ય સામર્થ્ય, સકલકાર્ય સામર્થ્યની સિદ્ધિ કહી છે. ભાષા જુદી

જુદી વાપરી છે. એ બધા અંતરંગ કાર્યસિદ્ધિના સાધ્ય-સાધકના બોલમાં કેટલીક વાતો એમણે 'અનુભવપ્રકાશ'માં બહુ સૂક્ષ્મ ગોઠવી છે.

મુમુક્ષુ :- એકલું લૂખું જ્ઞાન નથી, એમ 'બહેનશ્રી' કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. મહિમા સહિતનું જ્ઞાન છે. હા, 'બહેનશ્રી' એમ કહે છે. હા. એ હમણાં-હમણાં ક્યારેક એવી વાત ચાલે છે કે આત્માનું જ્ઞાન એટલે કોઈ લૂખું જ્ઞાન નથી. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આત્મા તો આનંદસ્વરૂપ છે, આત્મામાં તો અનંત ગુણ છે. એવું લૂખું-લૂખું એ જ્ઞાન નથી. આત્માના મહિમાપૂર્વક જે જ્ઞાન છે એ જ્ઞાન બરાબર જ્ઞાન છે. આત્માનો મહિમા કહો, કે નિજસ્વરૂપની ભક્તિ કહો, બેય એક વાત છે. આમ જ્ઞાનની સાથે ભક્તિ દાખલ થઈ જાય છે. ઘણા વિવાદ કરે છે ને ? જ્ઞાનમાર્ગથી પ્રાપ્તિ થાય કે ભક્તિમાર્ગથી પ્રાપ્તિ થાય ? ચાલો ક્રિયામાર્ગને અમે બહુ નથી જગ્યા દેતા. પણ જ્ઞાનમાર્ગથી પ્રાપ્તિ થાય કે ભક્તિમાર્ગથી પ્રાપ્તિ થાય ? તો ભક્તિમાર્ગવાળા એમ કહે છે કે ઘણાને જ્ઞાન નથી હોતું અને ઘણા ભક્તો પામી ગયા છે. તો જ્ઞાનવાળા એમ કહે છે કે એ ભક્તિ તું કર્યા કર એમાં કાંઈ નથી વળવાનું. જ્ઞાનથી તારે તત્ત્વનું સ્વરૂપ સમજવું પડશે. એ પોતપોતાની દલીલો રજુ કરે છે. પણ જ્ઞાન ભક્તિ વિના હોય તો એ જ્ઞાન નથી અને ભક્તિમાં સ્વરૂપનું મહિમાવાળું જ્ઞાન ન હોય તો એ ભક્તિ પણ ભક્તિ નથી. એ તો બંને એક સિક્કાની બે બાજુ જેવું છે. એક સિક્કો લ્યો તો એની બાજુ ન જોઈએ કે ન હોય એ પ્રશ્ન જ અસ્થાને છે. સાથે સાથે જ આવે છે.

એટલે તો 'આગ્રા'માં એ વાત બહુ સ્પષ્ટ કરી હતી. પાત્રતાના બોલ કેટલાક ચાલ્યા. 'સોગાનીજી'નો વિષય કેટલોક ચાલ્યો. તો એક વાત ધ્યાન (ઉપર) ખેંચી હતી. 'ઘાટકોપર'માં પણ આ વખતે ધ્યાન ખેંચ્યું હતું. કારણે કે ત્યાં 'સોગાનીજી'ના 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' પ્રત્યે અનુરાગવાળા કેટલાક આપણા મુમુક્ષુ ભાઈઓ-બહેનો છે. તો કહ્યું કે નિશ્ચયપ્રધાન, શ્રદ્ધાપ્રધાન એટલી વાતો કરવા છતાં ભક્તિપ્રધાન વાતો પણ એવી જ આવી છે. એ ધ્યાન ખેંચવા જેવો વિષય છે. શ્રદ્ધાપ્રધાન વાતો એવી આવી છે કે વ્યવહારનયના પક્ષવાળાને તો સાંભળવું મુશ્કેલ પડે. એવી તીખી વાતો એમણે કરી છે. આટલી બધી નિશ્ચયની તીખી

વાત કરનાર ભક્તિપ્રધાનતામાં કેટલા આવ્યા છે ? એ એના ભક્તિના બોલ પકડી પકડીને વિચાર કરો તો અનંત તીર્થંકરથી મને અધિક છે. એવી એવી વાતો એમણે કરી છે.

એવો જ 'નિયમસાર'નો વિષય ધ્યાન ખેંચે એવો છે. જે 'નિયમસાર'માં ક્ષાયિક પર્યાય, મોક્ષની કેવળજ્ઞાનની પર્યાય પરદ્રવ્યં પરભાવં હેયં ઇતિ. એવું કહ્યું છે, એ જ 'નિયમસાર'માં ભક્તિની એવી વાત કરી છે કે હે જીવ ! સંસારના સમુદ્રમાં મધદરિયે તું મગરના મુખમાં પડ્યો છો. એક જિનેન્દ્રની ભક્તિ તને શરણભૂત છે. એવી વાતો લીધી છે. જેટલી નિશ્ચયની તીખી વાત આવે છે એટલી જ અહીંયાં ભક્તિની વાત સામે આવીને ઊભી રહે છે. એ એમ સૂચવે છે કે જેને નિશ્ચયનું યથાર્થ જ્ઞાન છે એનું આ પડખું સાથે સાથે ઊભું થાય છે. જો ભક્તિનું પડખું જ્ઞાન સાથે ઊભું ન થાય તો એ જ્ઞાનની લૂખાશ સ્વચ્છંદની દિશા પકડ્યા વિના રહે નહિ. આ પરિસ્થિતિ ઊભી થાય.

મુમુક્ષુ :- ભક્તિનો અર્થ તો કોઈપણ જ્ઞેય કે ... સાથે એકાકાર થઈ જવું એનું નામ ભક્તિ ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. ભક્તિનો અર્થ બહુમાન છે. ભક્તિનો સીધો અર્થ છે બહુમાન. બહુમાન થાય છે એમાં રાગ બાહ્ય ચેષ્ટા સાથે સંબંધ રાખવાવાળો છે એટલે લોકો એકલા રાગને પકડે છે. પણ એનું મૂળ રાગ નથી. એનું મૂળ જ્ઞાન છે. જે જ્ઞાનમાં ગુણનો મહિમા છે, સ્વભાવનો મહિમા છે એ જ્ઞાન પોતે જ ભક્તિસ્વરૂપ છે. એ જ્ઞાનનું એક રૂપ ભક્તિ છે. જે જ્ઞાનમાં મહિમા ભાસ્યો, તત્ત્વનું મહિમાવંતપણું જે જ્ઞાનની અંદર પ્રતિભાસ્યું એ જ્ઞાન પોતે વસ્તુની મહિમાની કિંમત આંકનારો હોવાથી એ મહિમા પોતે, જ્ઞાન પોતે જ ભક્તિ સ્વરૂપ છે. પછી શુભરાગ તો સાથે ઉત્પન્ન થાય છે એટલે લોકો શુભરાગને જોઈને શુભરાગને ભક્તિ માને છે. પણ એકલો શુભરાગ એ ભક્તિનું સ્વરૂપ નથી. એકલો શુભરાગ એ ભક્તિનું સ્વરૂપ નથી.

યથાર્થ ભક્તિ તો રાગ વધારનારી નથી, પણ યથાર્થ ભક્તિ રાગ તોડનારી છે. એને એક બીજો બહુ સારો દૃષ્ટાંત છે આ વિષયની અંદર. એક જીવ નિજ સ્વરૂપનો જ્યારે નિર્ણય કરે છે ત્યારે યથાર્થ નિર્ણયમાં એને જેવું સ્વરૂપ યથાતથ્ય છે તેવું ભાસ્યમાન થાય છે. પરિપૂર્ણ

વીતરાગસ્વરૂપ જ્ઞાનમાં ભાસ્યમાન થતાં એનો મહિમા ઊપજે છે. અને ચૈતન્યવીર્યની સ્ફુરણા થાય છે. 'ગુરુદેવ'ના શબ્દોમાં કહીએ તો. ('પરમાગમસાર') ૨૧૦ નંબરનો બોલ. ત્યાંથી શરૂઆત છે. આ સમ્યક્ પહેલાની વાત છે એમ કરીને લીધું છે. તો જે જ્ઞાને પુરુષાર્થને જગાડ્યો, અહીંયાં પણ એ જ વાત છે, જ્ઞાન પુરુષાર્થને જગાડે છે. વસ્તુનું ગ્રહણ. ત્યારે એને સ્વરૂપ સંબંધીના વિકલ્પો, વિચારણાની અંદર વધે છે. તો એને સમ્યક્ સન્મુખની જે ભૂમિકા થઈ, એ ભૂમિકામાં એને સંસ્કાર પડવાનું કારણ જ્ઞાન છે. જો સમ્યગ્દર્શન પામ્યા પહેલા ભવાંતર કરે તો એ સમ્યક્ સન્મુખ જીવ બીજા જ ભવમાં પામી જાય, સંસ્કાર લઈને જાય. અને આગળ વધે છે તો એમાં એ સ્વરૂપસન્મુખ થયેલું જ્ઞાનબળ વધે છે. વિકલ્પ વધતો નથી. વિકલ્પ તો નિર્વિકલ્પ સ્વરૂપના જ્ઞાનબળને લઈને તૂટી જાય છે. વિચારમાં તો બંને છે. રાગ પણ છે, વિકલ્પ છે અને જ્ઞાન પણ છે. તો એમાં સ્વરૂપનો મહિમા વધે છે તો સાથે રાગ વધે છે ? નહિ. રાગનો અભાવ થશે અને જ્ઞાન વધીને અનુભવ કરશે, સ્વસંવેદન કરશે. યથાર્થ પરિણમનમાં આવું હોય. એમ લેવું છે. એટલે નિજવસ્તુનું ગ્રહણ સાધક છે, '**સકલકાર્ય-સામર્થ્ય સાધ્ય છે.**'

'**પરપરિણતિ સાધક છે, ભવદુઃખ સાધ્ય છે.**' પરપરિણતિ. નિજ સ્વરૂપને છોડીને જે કાંઈ અન્ય છે તે બધું પર છે. જે કાંઈ છે તે બધું પર જ છે. એ પરપરિણતિ સાધક છે અને ભવદુઃખ એમાંથી સાધ્ય છે. એટલે તો 'કુંદકુંદાચાર્યે' 'અષ્ટપાહુડ'માં એમ લીધું, 'परदव्वादो दुग्गई' ભવસાધક થાય છે. અમારો આશ્રય ? અમે કહેતા નથી. અમારા સામું જો, અમે કહેતા નથી. અમારું સ્વરૂપ તો વગર બોલવાથી પણ, બોલ્યા વગર પણ નિજ સ્વરૂપનો જ આશ્રય કરાવે છે. વીતરાગનું સ્વરૂપ તો વચનવ્યવહાર થયા વિના પણ, ગુરુ મુદ્રા પણ, વીતરાગી ગુરુ મુદ્રા પણ નિજ સ્વરૂપનો આશ્રય કરાવે છે, સ્વરૂપનો જ બોધ કરાવે છે. એ તો આગળ આવી ગયું કે નહિ ? એમણે તો બહુ મીઠી વાતો લખી છે. ૪૪ પાને પહેલો પેરેગ્રાફ છે.

ગુરુભક્તિની વાત લીધી છે ત્યાં. '**ગુરુ મોક્ષમાર્ગને ઉપદેશે છે, શાંતમુદ્રાધારી ગુરુમુદ્રા વચન બોલ્યા વિના જ મોક્ષમાર્ગ દર્શાવે**

છે,...' વચન બોલ્યા વિના. શાંતમુદ્રાધારી. પરમોત્કૃષ્ટ શાંતસ્વરૂપમાં જે લીન છે એમની મુદ્રા જ સ્વરૂપનો બોધ કરે છે કે આવું નિર્વિકલ્પ અંતર્મુખ સ્વરૂપ છે. અંતર્મુખ થાય એવો બોધ કરે છે, એવો ઉપદેશ કરે છે.

મુમુક્ષુ :- સાધ્ય-સાધકના બોલ છે. એક એક સાધ્ય-સાધકના બોલમાં એક એક આગમ ભરાય ગયું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બહુ વાતો લખી છે, બહુ વાતો લખી છે. મને તો એવું થતું હતું કે આ પ્રકરણ આવશે તો બધાને રસ આવશે કે નહિ આવે ? ઘણું ચાલ્યું. બહુ રસિક વિષય છે.

રાગ પરિણતિથી ભવદુઃખ સધાય છે. કોઈ રાગથી રાગનું ફળ, રાગ સ્વયં દુઃખરૂપ છે અને દુઃખના કારણરૂપ છે. કર્મ બંધાય છે. ભવિષ્યમાં દુઃખનું નિમિત્ત ઊભું થાશે. એટલે પરપરિણતિ દુઃખનું સાધન છે. સામે '**નિજપરિણતિ સાધક છે, સ્વરૂપાનંદ સાધ્ય છે.**' સુખ લેવું છે ને ? દુઃખની સામે આનંદ લીધો. '**નિજપરિણતિ સાધક છે, સ્વરૂપનાંદ સાધ્ય છે.**' જ્યાં પોતાના સ્વરૂપના આશ્રયે સ્વરૂપરૂપ પરિણતિ ઉત્પન્ન થઈ તો એમાં આનંદની સિદ્ધિ થઈ. આનંદ ઉત્પન્ન થયો. આનંદ મેળવું એવો વિકલ્પ નથી છતાં અનુભવ એક રસાયણ છે, એમાં એકદમ અવસ્થાની અંદર મોટો ફેરફાર થઈ જાય છે.

જીવ આશ્રય કરે છે પોતાના અભેદ નિર્વિકલ્પ નિર્ભેદ સ્વરૂપનો. એમાં આ આનંદ અને આ જ્ઞાન, એવો ભેદ પણ જ્યાં પાડતો નથી ત્યારે આશ્રય યથાર્થ થાય છે. એટલે આનંદનો વિકલ્પ નથી. આ જ્ઞાન અને આ આનંદ અને આટલું સામર્થ્ય ને ઓછું સામર્થ્ય ને પૂર્ણ સામર્થ્યને એ કાંઈ વિકલ્પ નથી. જેવું સ્વરૂપ છે એવું અભેદપણે નિર્ભેદ સ્વરૂપ પોતાને ગ્રહણ થતાં આનંદની ઉત્પત્તિ નિજ પરિણતિમાં થઈ આવે છે. આનંદનો વિકલ્પ નથી પણ આનંદ ઉભરાય છે. અને એ આનંદ ઉભરાય છે એ જાણે પરિણામનું એક વાસણ લઈએ, ભાજન-પાત્ર લઈએ, પરિણામને એક પાત્ર ગણીએ તો પાત્રમાં જાણે સમાતો નથી. જેમ કોઈ ઉભરાઈને ચીજ બહાર વઈ જાય. આ દૂધ ઉભરાયને બહાર જાય છે કે નહિ ? એવી એની ભરતીવાળો એ વિષય છે. આનંદ છે એ ભાવની બહુ ભરતીવાળો વિષય છે.

મુમુક્ષુ :- નિજ પરિણતિ અને પરપરિણતિ.

પૂજ્ય ભાઈશ્રી :- બેય સામે સામે સાધ્ય સાધકના બોલ લીધા છે. એકમાંથી ભવદુઃખમાં જા, બીજામાંથી સ્વરૂપના આનંદમાં જા.

મુમુક્ષુ :- પરપરિણતિમાંથી નિજપરિણતિ કેમ થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- પરપરિણતિની તુચ્છતા જાણે તો પરપરિણતિની પક્કડ ન રહે. શું છૂટે છે ? 'પૂજ્ય બહેનશ્રી' એક બોલમાં લે છે કે તુચ્છ છે તે બધું છૂટી જાય છે. આત્માનું હોય તે આત્માથી છૂટે નહિ. જે તુચ્છ છે એ બધું છૂટે છે. જે છૂટે છે એની તુચ્છતા લઈ લીધી છે.

**'નિજપરિણતિ સાધક છે, સ્વરૂપાનંદ સાધ્ય છે. એવી રીતે સાધકસાધ્યના અનેક ભેદ જાણી નિજ અનુભવ કરો.'** જુઓ ! આ પણ એનો સરવાળો માર્યો. સાધકસાધ્ય અધિકાર અહીંયાં પૂરો કરે છે. એટલે એમ કહે છે કે આવી રીતે સાધ્યસાધકના અનેક ભેદ છે, પ્રકાર છે. એ બધા પ્રકારનું તાત્પર્ય સ્વાનુભવ કરાવવા માટેનું તાત્પર્ય છે અમારું. બીજું કોઈ આની અંદર તાત્પર્ય નથી. અનુભવનો ગ્રંથ છે અને સાધ્યસાધકની આટલી બધી વાત કરી. ક્યાંક ક્યાંક તો ભક્તિની વાત કરી છે, દેવ-ગુરુ-શાસ્ત્રની વાત કરી છે, અનેક પ્રકારના ભંગભેદની વાત કરી છે. તો તે તે પ્રકારમાં જીવ અટકાતો હોય, અટકતો હોય એને છોડાવવા માટે, સરવાળે અનુભવમાં લાવવા માટે વાત કરી છે.

કોઈ જીવ અશુભમાં વધારે ચાલ્યો જતો હોય સહેજે સહેજે, તો એને એમ કહ્યું કે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ સાધક છે અને અશુભ પરિણતિનો નાશ થવો તે સાધ્ય છે. એમ કહે છે. એવા બોલ આવ્યા હતા. '**દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિવિનયનમસ્કારાદિ...**' એમાં બધા ભાવ લઈ લેવા. '**સાધક છે, ત્યાં વિષયાદિથી ઉદાસીનતા...**' અશુભભાવમાં વિષયાદિની અપેક્ષાવૃત્તિ છે. એ વિષયાદિની અપેક્ષાવૃત્તિથી જે અશુભભાવ, અશુભઉપયોગ થાય છે એ તોડવા માટે વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ-વિનય-નમસ્કારાદિ સાધક છે. અને વિષયની અપેક્ષા ઉડાડવી એ સાધ્ય છે. વિષયની અપેક્ષા રહ્યા કરતી હોય, પંચેન્દ્રિયના વિષયોની અશુભ ઉપયોગમાં અનેક પ્રકારની અનુકળતા, સંયોગવૃદ્ધિ (રહ્યા કરતી હોય), એ બધામાં દેવ-ગુરુ-શાસ્ત્રની વિનયભક્તિ સાધન થાય છે. એ એમ સીધે સીધી દવા છે.

સામે સામી દવા લીધી છે.

મુમુક્ષુ :- ૩૯ પાને છેલ્લી બે લીટી..

પૂજ્ય ભાઈશ્રી :- કેટલાક બોલ એવા છે એકાર્થમાં છે. કોઈ કોઈ બોલ એવા એકાર્થમાં છે પણ ખરા.

**'જ્યાં દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ, વિનય, નમસ્કારાદિ ભાવ સાધક છે ત્યાં વિષય કષાયાદિ ભાવોથી ઉદાસીનતારૂપ મનપરિણતિની સ્થિરતા-સાધ્ય છે.'** લ્યો, એટલું વધારે છે આમાં. છે કે નહિ ? વધારે છે કે નહિ ? તો પછી. પછી ક્યાં પ્રશ્ન રહ્યો ? કહો.

મુમુક્ષુ :- અહીં મનપરિણતિ લીધી છે ત્યાં...

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં ઉદાસીનતામાં પરિણતિની સ્થિરતા થવી તે સાધ્ય છે અને અહીં મનપરિણતિની સ્થિરતા થવી તે સાધ્ય છે. મન અને બીજા ઇન્દ્રિય બેય લઈ લેવા અહીં. મુખ્યપણે તો પંચેન્દ્રિયના પરિણામ સાથે મનની પરિણતિ તો છે જ. મન વગર તો બીજા પાંચ ઇન્દ્રિયના પરિણામ પણ મનુષ્યને નથી. સાથે સાથે જ હોય છે.

મુમુક્ષુ :- આ વ્યવહારનો બોલ છે, આમાંથી આપણે નિજ અનુભવ કરવો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમાંથી નિજ અનુભવ કરાવવાની વાત છે. જ્યાં શુભોપયોગરૂપ વ્યવહારપરિણતિ સાધક છે ત્યાં પરંપરા મોક્ષ સાધ્ય છે. એ શુભમાં આવ્યા પછી, વ્યવહાર પરિણતિમાં આવ્યા પછી દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિમાં આવ્યા પછી વીતરાગતાના લક્ષે એ ભક્તિ થાય, વીતરાગતાના લક્ષે ભક્તિ થાય તો પરંપરા મોક્ષની સિદ્ધિ થાય એમ કહેવા માગે છે.

અહીંયાં તો પ્રકરણ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનું ચાલશે અને એ ભક્તિ કરતા જાણ્યે-અજાણ્યે અવજ્ઞાઅભાવ વર્તે તો ભક્તિ બરાબર છે. ક્યારેક અવજ્ઞા પણ કરે અને ક્યારેક ભક્તિ પણ કરે તો એની ભક્તિ બરાબર નથી. એવા પડખા સાથે સાથે વિચારવા છે એટલે વાત ફરીને પણ શરૂ કરી છે. તો મંડાણ તો જે રીતે વિષયનું કરે એ રીતે કરે તો વાત થોડી ફરીને આવે પણ ખરી. અહીં દેવ-ગુરુ-શાસ્ત્રનું પ્રકરણ એવું ચાલ્યું છે કે પૂર્ણ પ્રતીતિ રાખે, તેમની પૂજા, સેવા, બાહ્ય પ્રભાવના, એમનુ અતરંગ ધ્યાન, ગુણ વર્ણન, અવજ્ઞાનો અભાવ અને પોતાના

પ્રાણથી પણ વધારે વલ્લભ જાણે. પ્રાણની આહુતિ દેવા તૈયાર રહે ત્યાં સુધીની વાત લીધી. પછી એને અવજ્ઞાનો સવાલ રહેતો નથી.

શુદ્ધ સ્વરૂપ જાણી ભક્તિ કરે. એમાં લક્ષ આ છે. શુદ્ધ સ્વરૂપનું લક્ષ છે. પોતે શુદ્ધ સ્વરૂપનો અભિલાષી, તેથી તેમની ભક્તિ, રુચિ, શ્રદ્ધા, પ્રતીતિથી કરે. એમ વાત લીધી છે. એ દેવ-ભક્તિમાં એટલી વાત લીધી છે. પછી શાસ્ત્ર ભક્તિ, પછી ગુરુ ભક્તિ. શાંતમુદ્રાધારી. બહુ સારો વિષય લીધો છે.

મુમુક્ષુ :- ભક્તિનો પ્રકાર જે છે 'ગુરુદેવ'નો, શાસ્ત્રનો, દેવનો દરેક શાસ્ત્રોમાં અત્યારે વાંચીએ એટલે ખ્યાલમાં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો અનિવાર્ય પરિસ્થિતિ છે. એમાં ક્યાં સવાલ છે.

મુમુક્ષુ :- લક્ષ ન ગયું હોય એટલે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ વિષય વિચારાણો નથી. એમાં ખાસ કરીને શાસ્ત્રોનું અધ્યયન કરનારા જીવને કોઈ સ્વરૂપની પ્રાપ્તિ અથવા ભવભ્રમણનો અભાવ કરવામાં કોઈ ક્ષતિ રહે છે તો એ આ પડખેથી રહે છે. જ્ઞાન તો ઉઘાડને લઈને થોડો વિકાસ વધે પણ છે. ક્ષયોપશમ વધે પણ છે. અધ્યયન ચીજ જ એવી છે. અહીં ક્ષયોપશમ વધવાનો હોય તો આ પુસ્તકનું અધ્યયન નિમિત્ત થાય, સાંભળવાનું નિમિત્ત થાય, વાંચવાનું નિમિત્ત થાય. એ સામાન્ય નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. પણ કોઈ આ પ્રકારની ખામી રહેતા એ જ્ઞાનવૃદ્ધિ નિષ્ફળ જાય છે. ક્ષયોપશમની વૃદ્ધિ એ નિષ્ફળ જાય છે.

'શ્રીમદ્જી'એ એના ઉપર એટલા માટે બહુ વજન લીધું કે અનંત કાળમાં જપ, તપ, શાસ્ત્ર અધ્યયન બધું કરી ચૂક્યો છે. પણ એને જ્ઞાનીને ઓળખ્યા નથી. 'યમ, નિયમ, સંયમ આપ કીયો, પુની ત્યાગ વિરાગ..' એમાં શાસ્ત્રની વાત લઈ લીધી. 'શાસ્ત્રન કે સબ નય ધારી હિયે.' બધા નયની ધારણા એણે કરી છે. છતાં હજી એને હાથ આવ્યો નથી. 'તદપિ કછુ હાથ હજુ ન પડ્યો, અબ ક્યોં ન બિચારત હૈ મનસે. કછુ ઔર રહા ન સાધન સે. બિન સદ્ગુરુ કોઈ ન ભેદ લહે.' ત્યાં એ વાત નાખી છે પાછી એમણે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી'ને તો કોઈ ગુરુ હતા નહિ પણ આ વાત કેવી

કરી છે !

પૂજ્ય ભાઈશ્રી :- વિચાર માગે એવો વિષય છે. જો એમને ગુરુ કે જ્ઞાની મળી ગયા હોત તો તો કોઈક એમ કહેત કે, ભાઈ ! એને નિમિત્ત એવું થઈ ગયું એટલે વધારે પડતો રાગ થઈ ગયો લાગે છે અને રાગના પક્ષમાં ખેંચાઈને આવું બધું કથન કરતા લાગે છે. પણ જેને આ ભવમાં કોઈ જ્ઞાની મળ્યા નથી એ આ વાત કરે છે, એ ક્યાંથી કરે છે એ વિચાર માગે એવો વિષય છે. એના હૃદયનું ઊંડાણ તપાસવા જેવું છે. એના અનુભવના ઊંડાણમાંથી આ વાત આવી છે. એ એક મુમુક્ષુની ભૂમિકાનો મહત્ત્વનો વિષય છે. બહુ મહત્ત્વનો વિષય છે.

મુમુક્ષુ :- રાગમાં ખેંચાઈ ગયા એટલી તમે વધારે ભક્તિ કરો છો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો ઠીક છે. કોઈ કહે એનું કાંઈ (નહિ). એક જગ્યાએ એમણે એમ કહ્યું છે કે ગૃહસ્થ અવસ્થામાં વર્તતા જ્ઞાની પ્રત્યે કોઈ વિકલ્પ કરે કે આ તો હજી ગૃહસ્થમાં પ્રવર્તે છે, ગૃહસ્થપણે પ્રવર્તે છે. પણ એની અંતરંગ પરિણતિ છે એનો વિષય તો સિદ્ધ પરમાત્મા છે. કેવી રીતે ? કે હું સિદ્ધ છું. તો ભાવનયે તો તે અશરીરી છે. શરીરથી અંદરમાં ભિન્ન પડી ગયા છે. ભેદજ્ઞાન તો એવું વર્તે છે કે જેમાં શરીરથી ભિન્નતા વર્તે છે. તો જે શરીરથી ભિન્ન પડ્યા અને સિદ્ધપદ સ્વરૂપે અભેદ અનુભવ પોતાના સ્વરૂપનો કરે છે, એ ભાવનયે તો સિદ્ધ છે. તું એને શરીરવાળા શું કરવા જોવે છો ? એને તું સિદ્ધ સ્વરૂપે જોને એમ કહે છે. પરમાત્મસ્વરૂપે જોને એમ કહે છે. મને પાનું યાદ નથી રહેતું. હમણાં હમણાં 'શ્રીમદ્' ફેરવું છું ઘરે. વાંચું છું ત્યારે રસ આવે છે પણ પછી પાનું યાદ રાખવાનો કાંઈ ખ્યાલ નથી રહેતો. એવી બધી વાતો કરી છે. તું ભાવનયે સિદ્ધ જોને પણ. ભાવનયે તું શું કરવા આમ વાત કરે છો ? મળી જાય તો મળી જાય.

મુમુક્ષુ :- પોતે સંસારમાં રચ્યોપચ્યો હોય અને બીજાની ભક્તિની ટીકા કરે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પાછો એ પોતાના ઉદયભાવને નથી વિચારી શકતો. આમાં તકલીફ શું છે ? કે પોતાના આત્માના વિચારને અને ગૃહસ્થ જ્ઞાનીના અશુભ ઉપયોગને મીંઢવે. પોતાના શુભ ઉપયોગને, ઓલાના અશુભ ઉપયોગને (જોવે છે). હું તો આત્માના

વિચાર કરું છું. આમને કેમ આવો ઉપયોગ થયો ? આવી કેમ પ્રવૃત્તિ થઈ ? એમ જોવે. પણ એની અધ્યાત્મ પરિણતિ પાસે તારો કોઈ પત્તો ખાય એવું નથી. એ બેની મેળવણી કરતો નથી.

૨૧૦માં પત્રમાં એટલું બધું પોતે લખ્યું છે. ૨૪મું વર્ષ છે. મહા મહિનાનો પત્ર છે. '**અત્ર પરમાનંદ છે. સર્વત્ર પરમાનંદ દર્શિત છે. શું લખવું ? તે તો કંઈ સૂઝતું નથી;...**' ધૂનમાં બહુ રહેતા. '**કારણ કે દશા જુદી વર્તે છે; તોપણ પ્રસંગે કોઈ સદ્‌વૃત્તિ થાય તેવી વાંચના હશે તો મોકલીશ. અમારા અમારા ઉપર તમારી ગમે તેવી ભક્તિ હો, બાકી સર્વ જીવોના અને વિશેષે કરી ધર્મીજીવના તો અમે ત્રણે કાળને માટે દાસ જ છીએ.**' ધર્મી થયા પછી બીજા ધર્મી પ્રત્યે કેટલું બહુમાન છે ! '**સર્વેએ એટલું જ હાલ તો કરવાનું છે કે જૂનું મૂક્યા વિના તો છૂટકો જ નથી; અને એ મૂકવા યોગ્ય જ છે એમ દઢ કરવું.**' એ ૨૧૦માં છે. નથી ખ્યાલમાં આવતું.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' મુનિને માનતા નથી એવી ટીકા કરવી છે. મુનિની ભક્તિ 'ગુરુદેવ'ને હતી એટલી આ કાળમાં કોઈને નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો સ્વભાવિક જ છે ને. મુનિનું સ્વરૂપ એ જાણે છે. મુનિનું મહિમાવંત સ્વરૂપ એ પોતે જાણે છે એટલે ભક્તિ આવે એ તો સ્વભાવિક જ છે.

મુમુક્ષુ :- એ તો બોલી ગયા છે, અમે તો એમના ચરણના દાસ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો મુનિદર્શનની, ગુરુદર્શનની બહુ ભાવના ભાવેલી છે એમણે. કોઈવાર તો ઠલ્લે જાય તો એવી કલ્પના કરતા કે અહીંયાં તો કોઈ મુનિ દેખાતા નથી પણ કોઈ ચારણ ઋદ્ધિધારી મુનિ દર્શન દેવા આવે. એવા બધા વિચારો આવતા હતા. અને બહુ સ્પષ્ટ કહેતા કે, ભાવલિંગી સંતના દર્શન થાય તો એના પગના તળિયા ચાટીએ. દાસાનુદાસ છીએ એમ નહિ, એના પગના તળીયા ચાટીએ. એટલી બધી ભક્તિ. સવાલ જ નથી. એમાં કોઈ પ્રશ્ન બીજો હોઈ શકે નહિ. એમને ઓળખે એને બીજો વિકલ્પ આવવાનો સવાલ નથી. એમને ઓળખે તો બીજો વિકલ્પ આવવાનો સવાલ નથી. આવી વાત કેમ કરી ? એ પ્રશ્ન એમને ઓળખ્યા પછી ન આવે. અને આવે તો

એની ઓળખાણ થઈ છે એ વાત રહેતી નથી. ગડબડ એમાંથી થઈ છે. નથી ઓળખાણ એમાંથી થઈ છે. આમ કેમ વાત કરી ? આમ કેમ બોલ્યા ? ભાઈ ! બહુ વાર છે. એને સમજવા માટે બહુ વાર લાગે એવો વિષય છે.

**'એવી રીતે સાધકસાધ્યના અનેક ભેદ જાણી નિજ અનુભવ કરો. આ બધું સ્વરૂપ-આનંદ પામવાને માટે બતાવ્યું છે.'** આ બધો જે વિસ્તાર કર્યો એ સ્વરૂપ આનંદની પ્રાપ્તિ અર્થે કર્યો છે. '**કર્મકલ્પના કલ્પિત છે.**' આ સિવાયની બધા કર્મના ઉદયવાળા પરિણામ, નિમિત્ત-નૈમિત્તિક સંબંધોના ભેદ-પ્રભેદો એમાં હુંપણું, કર્મપ્રસંગમાં હુંપણું તે બધી કલ્પનામાત્ર છે. આત્મા એવો નથી. આત્માની એ કલ્પના છે. કોઈપણ કર્મપ્રસંગમાં હું મનુષ્ય છું, ફલાણો છું, હું દેહવાળો છું, રાગવાળો છું. ક્યાંય પણ કર્મકલ્પના કલ્પિત છે. કલ્પિત છે એટલે એમાં પોતાને એ સ્વરૂપે કર્મના ઉદયપ્રસંગે એ સ્વરૂપે કલ્પિ લ્યે છે માટે એ કલ્પિત છે. એના ઉપર નીચે એક 'બનારસીદાસજી'નું 'નાટક સમયસાર'નું પદ લીધું છે.

**શુદ્ધાતમ અનુભૌ કિયા, શુદ્ધ જ્ઞાન દગ ઔર;**
**મુક્તિપંથ સાધન યહૈ, વાગ્જાલ સબ ઔર.**

શુદ્ધાત્મનો જેણે અનુભવ કર્યો. શુદ્ધ જ્ઞાન અને દૃષ્ટિ જેને પ્રગટ થઈ. ઔર એટલે અલૌકિક કોઈ. એ મુક્તિપંથનું આ સાધન છે અને આ સિવાયની બધી વાતો કોઈ મુક્તિપંથની કરતા હોય તો એ વાગ્જાળ છે. પછી ભલે ગમે તેવા શાસ્ત્રીય પરિભાષાના શબ્દોથી ગમે તે વાત કરવામાં આવતી હોય. આ જે અનુભવની અને દર્શન જ્ઞાનની મુક્તિપંથની સ્વરૂપની વાત છે. એ સિવાયનું બધું વાગ્જાળ છે. એ વાગ્જાળમાં તું ક્યાંય મોહ પામીશ નહિ. મુખ્યપણે તો કોઈ સારું ભાષણ કરી જાણે ત્યારે લોકોને એનો મહિમા આવે છે કે આ બહુ સારું પ્રવચન કરી શકે છે. ભાષણ એટલે પ્રવચન, પ્રવચન એટલે ભાષણ. એ અનુભવ સિવાયની બધી વાતો ઉપર મીંડુ મૂકવું. ક્યાંય પણ એનું મૂલ્યાંકન કરવા જઈશ તો અનુભવથી દૂર ચાલ્યો જઈશ. અનુભવથી દૂર જવાનું થય છે.

જે જીવ ઈન્દ્રિયજ્ઞાનને અને ઈન્દ્રિયજ્ઞાન અનુસાર પ્રવૃત્તિ એવી જે

પ્રવચન આદિની, એનું કરવું, કરાવવું, અનુમોદવામાં જાય છે એને અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ પોતાનું જે આત્મતત્ત્વ છે એનાથી દૂર જવાનો એ ભાવ વર્તે છે. એમ જાણીને એનાથી બચવું, એનાથી છૂટવું.

**'આ બધું સ્વરૂપ-આનંદ પામવાને માટે બતાવ્યું છે. કર્મકલ્પના કલ્પિત છે. આત્મા સહજ અનાદિસિદ્ધ છે, અનંતસુખરૂપ છે, અનંતગુણ-મહિમાને ધરે છે.'** ધારણ કરીને રહેલો છે. અનાદિથી આવું સ્વરૂપ છે. આત્મા સહજ અનાદિસિદ્ધ છે. સહજ જ અકૃત્રિમ (છે). કોઈથી કરાયેલું એવું તત્ત્વ નથી. જેમાં અનંત સુખ ભરેલું છે. જે સુખને કોઈ મર્યાદા નથી એવું અનંત સુખ જેનામાં ભરેલું છે. જ્ઞાન એને નજરે જોવે કે અનંત સુખ ભરેલું છે એ જ્ઞાન સુખરૂપ થયા વિના કેમ રહી શકે ? એ જ્ઞાન જ જ્ઞેયાકાર તો ધારણ કરે છે. જ્ઞાનનો સ્વભાવ જ જ્ઞેયાકારને ધારણ કરવો એ છે. અનંત સુખસ્વરૂપ નિજજ્ઞેય જેને જણાય એને જ્ઞાનમાં સુખ ન આવે કેમ બને ? એ સુખના આકારે જ્ઞાન પરિણમી જાય છે.

મુમુક્ષુ :- સુખનો છાંટોય દેખાતો નથી અને આપ કહો છો અનંત સુખ છે.

પૂજ્ય ભાઈશ્રી :- અનંતસુખ, અમર્યાદિત સુખ, પાર વિનાનું સુખ, જેનો ક્યાંય છેડો નથી. સમુદ્રની ઉપમા જેને ટૂંકી પડે છે. આત્મા સુખનો સમુદ્ર છે એ ઉપમા જેને ટૂંકી પડે છે. એટલું એટલું કોઈ આમ નજર નાખે, શ્રુતજ્ઞાન લંબાવે તો ક્યાંય પાર આવતો નથી. એટલું સુખ અંદર ભરેલું છે. જ્ઞાનને લંબાવે કેટલું સુખ... કેટલું સુખ.. કેટલું સુખ.. તો ક્યાંય જેનો પાર નથી. જ્યાં આરો દેખાતો નથી. આરો એટલે કિનારો. એવું અનંત સુખસ્વરૂપ છે. એ અનંત શબ્દ સામાન્ય થઈ ગયો છે. પણ અનંતની અંદર એ કહેવું છે. અનંત સુખ શબ્દ સામાન્ય છે. એનો ભાવ એવો છે કે ક્યાંય જેનો અંત નથી. એટલું જેની અંદર સુખ છે. એવા અનંત ગુણના મહિમાને ધારણ કરે છે. એક એક ગુણ એવા અનંત છે.

**'વીતરાગભાવનાથી શુદ્ધોપયોગને ધારી...'** હવે બધાને માટે ભાવના ભાવે છે કે હે ભવ્યો ! **'વીતરાગભાવનાથી શુદ્ધોપયોગને ધારીને સ્વરૂપસમાધિમાં લીન થઈને સ્વસંવેદનજ્ઞાનપરિણતિ વડે**

**પરમાત્મા પ્રગટ કરો.**' ભાવના ભાવી છે. પરમાત્માને પ્રગટ કરો. એમાં-સ્વસંવેદનમાં પરમાત્મા પ્રગટ થઈ જાય છે. ત્યાં 'શ્રીમદ્જી'એ એવો બોલ લીધો છે કે, સિદ્ધ પરમાત્મા અશરીરી છે અને જ્ઞાની પણ ભાવથી તો અશરીરી છે. ભેદજ્ઞાનમાં શરીરથી જુદા પડ્યા છે. તો ભાવથી તો અશરીરી છે. તો સિદ્ધ પરમાત્માને તું અશરીરી માને અને જે ભાવે અશરીરપણું વેદે એને તું અશરીરી ન માને, આ તારો ન્યાય કેવો છે ? શું કહે છે ? કે જે અશરીરી થઈ ગયા એને તો તું અશરીરી માને. કેમકે ત્યાં તો વિવાદનો પ્રશ્ન નથી. પણ જે ભાવથી અશરીરીપણું વેદે છે, જે શુદ્ધાત્મા શરીરરહિત તત્ત્વ છે, અશરીરી તત્ત્વ છે, એને અશરીરી ભાવે અશરીરીપણું જેણે પ્રગટ કર્યું, વેદનમાં લીધું, જે ભાવે અશરીરી થયા એને તું કાં અશરીરી ન માને ? અને તું એકલાને, પેલાને જ અશરીરી માને ? આ કઈ જાતનો તારો ન્યાય છે ? એવી પદ્ધતિથી થોડી વાત છે. ઓળખાણનો ત્યાં વિષય ચાલ્યો છે. જ્ઞાનીની ઓળખાણનો ત્યાં વિષય પત્રમાં ચાલ્યો છે.

મુમુક્ષુ :- ચાર લીટી કાલે લઈશું.

પૂજ્ય ભાઈશ્રી :- ટાઈમ થઈ ગયો છે. કાલે લઈશું...

અસંખ્ય પ્રદેશાત્મક અખંડ ચૈતન્યદળમાં વ્યાપેલા સ્વભાવમાં, સ્વપણા વડે પ્રસરી જતાં, સ્વભાવમયપણાને લીધે, પર્યાયનું સુદ્ધાં જાણે કે દેખાતી નથી - ત્યાં પર્યાયનું કર્તૃત્વ, કે પર્યાયને આમ કરું વગેરે ક્યાંથી રહે ? નિજ સ્વરૂપ મહિમા વડે, વ્યાપ્ય - વ્યાપકભાવે, પોતાપણું થવાનો પુરુષાર્થ, કાર્ય સાધક થાય છે. સ્વભાવના જોર (પુરુષાર્થ) વિના શુભાશુભ ભાવોમાં જીવ તણાઈ જાય છે. ક્ષણિક પર્યાયમાં જ પૂરો આવી જાય છે. (અનુભવસંજીવની - ૮૨૧)

**તા. ૧૮–૧–૧૯૮૭, પાના નં. ૪૭, પ્રવચન નં. ૧૦૦**

... સ્વરૂપની અપૂર્વતા છે ઈ જ્ઞાનમાં ભાસે તો એ મહિમાધારક તત્ત્વનો મહિમા આવે. આત્મપ્રાપ્તિ અથવા આત્માનુભવ કોણ કરાવે છે ? એવા પ્રશ્નનો સીધો ઉત્તર એ છે કે સ્વરૂપનો મહિમા, મહિમા જ આત્માને પમાડે છે. બીજું કોઈ સાધન નથી. સમજણ કરે પણ મહિમા ન આવે તો સમજણ ખોટી છે. અથવા સમજણમાં ઠીકપણું દેખાય છે, શાસ્ત્ર અનુસાર પણ દેખાય છે છતાં મહિમા આવતો નથી, તે એમ સૂચવે છે કે રાગ, નિમિત્ત અને જગતના પદાર્થોનો મહિમા જે અનાદિથી અવસ્થા છે એ મહિમામાં કોઈ ફેરફાર થયો નથી. એ એમ ને એમ છે. એટલે એ મહિમાની પરિણતિ બની ગઈ છે, એ પરિણતિમાં ફેરફાર થતો નથી તો એ સ્વરૂપનો મહિમા આવતો નથી.

અથવા સ્વરૂપનો મહિમા એ પ્રકારે આવવો જોઈએ કે જેમાંથી પરિણતિ ફરે. ... જ્ઞાનમાં જેવું અનંત ગુણ મહિમાવંત સ્વરૂપ છે, અનંત સુખસ્વરૂપ છે અને જેની હયાતી અનાદિસિદ્ધ છે, જેની મોજુદગી જેની હયાતી સદાય વ્યક્તપણે છે, પ્રગટપણે છે, પ્રસિદ્ધપણે છે, એવું જ્ઞાનમાં એનું હોવાપણું, હોવાપણાનો આધાર લેવા યોગ્ય છે. તો કાર્ય થાય અને નહિતર સમજણ કાંઈક છે અને અનુભવ અથવા પરિણતિ કાંઈક છે. અથવા એ સમજવું રાગ આધારિત છે. અને એ સમજણ અને અણસમજણમાં કાંઈ લાંબો ફેર નથી.

મુમુક્ષુ :- આત્મા ...

પૂજ્ય ભાઈશ્રી :- જગતનો મહિમા પણ એમાં ... છે એટલે ક્યાંકનો ક્યાંક સુખ એને ભાસે છે. સુખબુદ્ધિ પડી છે. સુખનો અભિપ્રાય અને નિર્ણય બદલાતો નથી. જ્યાં એને સુખ ભાસે છે ત્યાં વાસ્તવિકતાને વિચારે. એવી જે વાસ્તવિક્તા છે, એ છે કે નહિ ? કે છેતરાઉ છું ? વાસ્તવિકતાને વિચારે. કોઈ કહે, પણ લાગે છે એ તો વાસ્તવિક હોય તો જ લાગે. નહિ, એવું નથી. ભ્રમથી પણ દોરડીમાં સાપ લાગે છે અને ભય લાગે છે. જેટલું લાગે એટલું સાચું જ હોય છે

એવું કાંઈ હોતું નથી.

જ્યારે શ્રીગુરુ એમ કહે છે કે તને લાગે છે એ ભ્રમ છે, ભ્રમથી લાગે છે. ત્યારે તો એણે એ વાત બરાબર તપાસી લેવી જોઈએ. ભૂલ છે એવું કોઈ બતાવે તો તપાસવું પહેલા જોઈએ. કોઈ ભૂલ બતાવે અને છતાં એમ કહે કે ના, મને ભૂલ લાગતી નથી. તપાસ્યા વિના એમ કહે તો એને ભૂલ મટાડવનો અભિપ્રાય નથી, ભૂલ મટાડવાનો ઈરાદો નથી. એ તો સ્પષ્ટ છે. તપાસીને કહે. તપાસ્યા વગર કહે તો એને ભૂલ જ મટાડવી નથી. ભૂલનો પક્ષ કરે કે ના, અમારી ભૂલ હોય જ નહિ. એવું નથી.

અહીંયાં જે સુખાભાસ છે, સુખાનુભવ છે એ ખરેખર ત્યાં સુખાભાસ છે, આભાસ છે. સુખ નથી અને દુઃખ છે. દુઃખમાં સુખની કલ્પના છે. કર્મકલ્પના કલ્પિત છે એ પહેલા વાત લઈ લીધી. કર્મકલ્પના કલ્પિત છે. એટલે કર્મના પ્રસંગમાં સુખની કલ્પના એ તદ્દન કલ્પિત છે. અને એનો એ પૂરાવો છે કે આત્માને ક્યાંય અનાદિથી અત્યાર સુધી જેટલા સુખાભાસના પ્રસંગ થયા એમાંથી એને તૃપ્તિ ગઈ નથી. એ સાબિત કરે છે. આત્માનું સુખ અનુભવમાં આવે છે ત્યારે તૃપ્તિ થાય છે. મોટી વાત એ છે કે એનાથી તૃપ્તિ થાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અનાદિસિદ્ધ છે એ મોજુદગી લેવી. એની સહજ સિદ્ધિ છે. એની સિદ્ધિ કરવી પડે એ વસ્તુસ્થિતિ નથી. અને અનંત સુખનો ભંડાર છે. તારી પરિણતિ સુખ માટે અનાદિથી ઝાંવા નાખે છે. પણ અનંત સુખનો ભંડાર તો અંદરમાં જ છે. કસ્તુરી મૃગનો દૃષ્ટાંત આવે છે કે નહિ ? કસ્તુરી મૃગ કસ્તુરીની વાસથી ચારે બાજુ શોધે છે કે આ સુગંધ ક્યાંથી આવે છે ? સુગંધ એને પ્રિય લાગે છે. પણ સુગંધ તો એના શરીરમાંથી જ આવે છે. સુગંધ ક્યાંય બહારથી આવતી નથી. એના શરીરમાંથી સુગંધ આવે છે. આ એવું છે.

અનંત સુખનો ભંડાર પોતે છે અને પોતાના સ્વસ્થાનને છોડીને, સ્વક્ષેત્રને છોડીને, સ્વભાવને છોડીને અન્ય અન્ય ભાવમાં અને અન્ય અન્ય દ્રવ્યમાં એ સુખ માટે પરિશ્રમ કરે છે. એટલે સુખના બદલે એને આકુળતા અને દુઃખ સિવાય બીજું કાંઈ મળતું નથી. એ

'સોગાનીજી'નો પત્ર છે એ વિષય ઉપર. 'જબ પરિણતિ અનંત સુખકે પિંડ કે સાથ રહતી હૈ, ફિર ચિંતા કાહે કી?' પછી શેની ચિંતા હોય ? જેને પોતાના અવ્યાબાધ, સુખ પણ અવ્યાબાધ છે. એના સુખમાં કોઈ ખલેલ પહોંચાડે, એના સુખમાં કોઈ બાધા પહોંચાડે એ વસ્તુસ્થિતિ નથી. પોતાના અભેદ કિલ્લામાં પોતે બિરાજમાન છે. કોઈ ભેદી શકે એવું એને નથી.

સત્‌શાસ્ત્રોમાં, અનુભવગ્રંથોમાં આત્માનો મહિમા એટલા માટે કરે છે કે થોડું પાત્રજીવનું અંતર ભેદાય. પરિણતિ ભેદાય અને અંતર ભેદાય. જો કોઈ એવી પળ આવે કે શ્રીગુરુના વચનથી મુમુક્ષુનું અંતર ભેદાય. તો આખી એના પરિણામની દિશા બદલાય જાય. જ્યાં સુધી અંતર ભેદાતું નથી ત્યાં સુધી એ બધી બહારની વાંચનની, શ્રવણની, વિચારની, ચર્ચાની બધી ક્રિયા ઉપર ઉપરની પરિણામની ક્રિયા ચાલે છે. આત્માને કોઈપણ પ્રકારની એમાં અસર થતી નથી.

મુમુક્ષુ :- અંતર ભેદાવું એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- અંતર ભેદાવું એ આખો અભિપ્રાય તૂટવો, પરિણામમાં એની અસર આવવી. એ અપૂર્વ અસર થવી.

**'વીતરાગ ભાવનાથી શુદ્ધોપયોગને ધારીને સ્વરૂપસમાધિમાં લીન થઈને સ્વસંવેદનજ્ઞાનપરિણતિ વડે પરમાત્મા પ્રગટ કરો.'** ઉપયોગને પરમાત્મસ્વરૂપમાં જોડીને-શુદ્ધોપયોગને. અશુદ્ધ ઉપયોગથી પરમાત્મસ્વરૂપમાં પહોંચાતું નથી. શુભરાગ છે, અશુદ્ધ ઉપયોગ છે એટલો રાગ થયો. અશુદ્ધ ઉપયોગ, શુભભાવ સાથેનો ઉપયોગ. એ ઉપયોગ પરમાત્મસ્વરૂપને, નિજ પરમાત્મસ્વરૂપને વિષય કરી શકતો નથી.

મુમુક્ષુ :- સ્વસંવેદન ...

પૂજ્ય ભાઈશ્રી :- સ્વસંવેદન એટલે સ્વ એટલે પોતે, સંવેદન એટલે સારી રીતે વેદવું, ઠીક રીતે વેદવું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે કે જ્ઞાન છે જ્ઞાન, એમાં વેદવાનો સ્વભાવ છે. જ્ઞાનમાં વેદવાનો સ્વભાવ છે. સુખ-દુઃખને વેદે છે કે નહિ ? શાતા-અશાતાને વેદે છે. એ વેદનાર કોઈ ભાવ છે કે નહિ ? એ વેદનાર ભાવ

છે એ જ્ઞાન છે. એ વેદી રહ્યો છે એ ભાવ છે, એ જ્ઞાન છે. પણ ત્યાં પરલક્ષે, પરના વેદનનો અધ્યાસ છે. પરલક્ષે પરના વેદનનો અધ્યાસ છે. વસ્તુતાએ જ્ઞાનવેદનમાં અન્ય વેદનનો કોઈ કાળે પ્રવેશ થઈ શકે એવું નથી. વેદન .. અને ખરેખર તો એ જ આત્મા છે. એ વેદન છે એ જ આત્મા છે ખરેખર તો.

એટલે એમ કહ્યું કે આબાળગોપાળ સૌને અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા અનુભવમાં આવી રહ્યો છે. વેદન જ અનુભવ છે. જ્યાં ઉદય ઉપર લક્ષ છે એટલે એને વેદન છે એ તિરોભૂત થઈ જાય છે. છે એ તિરોભૂત થઈ જાય છે. જેમ ધૂમાડામાં તપેલું દેખાય. પહેલા તો લાકડા અને છાણાથી રસોઈ કરતા ને ? લાપસીનું તપેલું મૂકેલું હોય. એટલો ધૂમાડો હોય કે તપેલું દેખાય નહિ. એટલે તપેલું નથી એવું છે ત્યાં ?

જે વેદન છે એમાં જ્ઞાનને સ્વપણે વેદવાનો જે પોતાનો ભાવ હોવો જોઈએ, એનો અભાવ થઈ જાય છે એટલે વેદન નહિવત્ છે. જાણે છે જ નહિ. પકડાતું જ નથી એને. વેદન એને પકડવામાં આવતું નથી. વેદનનો વિષય પકડાય એટલે અનુભવને વાર નથી. 'ગુરુદેવે' તો બહુ સ્પષ્ટ કહ્યું છે કે સ્વપણે વેદાતું જ્ઞાન તે જ આત્મા છે. સ્વપણે વેદાતું જ્ઞાન તે આત્મા છે. આવા સ્વાનુભવની કળા તે જ મોક્ષની કળા છે અને આ જ જ્ઞાનકળાથી સર્વ જીવો મોક્ષને પામ્યા છે. બહુ સ્પષ્ટ કહ્યું છે. 'પરમાગમસાર'માં એ બોલ લીધો છે. એ બધા અનુભવપ્રકાશ ઉપરના જ બોલ છે.

૭૩૩. '**પરદ્રવ્ય તરફની વૃત્તિ અશુભ હો કે શુભ તે આત્મા નથી.**' એ ચોખવટ કરી નાખી. પરપદાર્થ પ્રત્યેની વૃત્તિ અશુભ હો કે શુભ હો તે આત્મા નથી. '**સ્વપણે અનુભવાતું જ્ઞાન તે આત્મા છે.**' જ્ઞાન તે આત્મા છે. ક્યારે ? કે એમાં જે વેદન એટલે અનુભવ અને અનુભવ એટલે વેદન છે એ સ્વપણે જ્યારે વેદાય ત્યારે એને સ્વસંવેદન કહેવામાં આવે છે અને તે આત્મા છે. '**આવા જ્ઞાનના સ્વસંવેદનની કળા તે મોક્ષની કળા છે. આત્માના અનુભવની આ કળા તે જ સાચી કળા છે. તેનો વારંવાર અભ્યાસ કરવા જેવું છે.**' ઉપયોગને ધીરો કરીને, સૂક્ષ્મ કરીને અંતરંગમાં અનુભવનો દૃષ્ટિકોણ પકડવો જોઈએ કે આ

અનુભવ શેનો થાય છે ? અનુભવના દૃષ્ટિકોણથી અંતરમાં શેનો અનુભવ થાય છે એ સૂક્ષ્મ અનુભવદૃષ્ટિથી તેણે અનુભવને-વેદનને સમજવું જોઈએ. પહેલા તો અવલોકનથી સમજમાં આવશે. પછી અનુભવનો વિષય આગળ છે. પણ પહેલા સમજે તો ખરો કે વેદનનો વિષય શું છે ? એ અવલોકન કરે તો સમજાય. ઉપર ઉપરથી પરલક્ષે વિચાર કરે એમાં શું સમજાય ? એમાં કાંઈ સમજાય નહિ. શબ્દના અર્થ આવડે, ભાવ તો સમજાય નહિ.

'**તેનો વારંવાર અભ્યાસ કરવા જેવું છે.**' અભ્યાસ કરવા જેવું છે એટલે પ્રયત્નથી એનું સૂક્ષ્મ અંતરંગ અવલોકન કરવા જેવું છે. '**દુઃખથી છૂટવું હોય ને સુખી થવું હોય તો પરભાવોથી ભિન્ન આત્માને જાણીને તેનો જ અભ્યાસ કરવા જેવો છે.**' આ ૭૩૩ નંબરનો બોલ છે. વેદનનો વિષય ન સમજાય કે ન પકડાય તો એની શોધ અને એનું મંથન તો ઉપડવું જોઈએ કે નહિ ? કોઈ એમ કહે કે વેદન પકડાતું નથી શું કરીએ ? ભૂખ લાગી છે પણ ખાવા મળતું નથી. હવે કાંઈ નથી ભૂખ માટે કરવું. ચાલો બીજા કામે લાગી જઈએ. એમ કોઈ કહે છે ? તરસ લાગી છે. પાણી મળતું નથી. હવે પાણી ન મળે તો કાંઈ નહિ. ચાલો દુકાન ભેગા થઈએ. ચાલો દોડવા મંડીએ, ચાલો ચાલવા મંડીએ કે બીજા કામમાં પડી જાવ. પાણી જ જોઈએ.

'શ્રીમદ્જી' તો ત્યાં સુધી કહે છે કે સત્‌ની આવી ઊંડી જિજ્ઞાસા એ સત્પ્રાપ્તિનું કારણ હોવાથી સત્પ્રાપ્તિના અંશરૂપ છે. એનો જ અવયવ લીધો છે. જો તને વેદન સમજાતું નથી કે પકડાતું નથી તો એના ઊંડા મંથનમાં અને એની શોધમાં જા તો એ એનો જ અંશ છે. તને પકડાઈ જશે. એનો અંશ છે માટે પકડાશે. કેમ પકડાશે ? કે એ એનો અંશ છે. એ જિજ્ઞાસા અને એ મંથન એનો અંશ છે. માટે પકડાશે. તું પ્રયત્ન છોડી દે અને અન્ય કાર્યમાં લાગી જા તો એનો અર્થ એ થાય કે તને જરૂરિયાત નથી. તને જરૂર હજી ભાસી નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે કે નિંદા, પ્રશંસા વખતે સુખ-દુઃખનું વેદન થાય છે ત્યારે તો એ સુખ, દુઃખ સાથે થઈ જાય છે. ભેદજ્ઞાની જીવ તો એમ સમજે છે કે નિંદા પ્રશંસા મને ક્યાં સ્પર્શે છે ? કોઈ

નિંદા, પ્રશંસા મને તો સ્પર્શતી નથી. એ તો ભિન્નેભિન્ન છે અને હું તો જ્ઞાતામાત્ર છું. મારા જ્ઞાનવેદનમાં કોનો સ્પર્શ છે ? કોનો પ્રવેશ છે ? જ્યાં એ પરપ્રવેશ કરી લે છે કે આ મને કહે છે, આ મને કહે છે, એમ જ્યાં એ પ્રવેશ કરે છે ત્યાં તો વેદન હાથમાં ન આવે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- વેદન થાય છે પણ વેદન થાય છે એમાં બે પ્રકાર છે. એક પરવેદન અને સ્વસંવેદન-સ્વવેદન. (જે) પરવેદનમાં પડ્યો છે એ તો અધ્યાસિત ભાવે વેદન જ પરનું કરી રહ્યો છે. કરી શકતો નથી. લાડવો ખાઈ શકતો નથી. પણ એ લાડવાને વેદું છું, અનુભવું છું એવો એક અધ્યાસ કરે છે, અભ્યાસને વેદે છે. ત્યાં તો એને સ્વસંવેદન થાય નહિ. કેમકે વેદન જ ત્યાં કામે લાગી ગયું. વેદનથી છૂટું પડવું જોઈએ. સ્વપણે વેદન અનુભવાવું જોઈએ. સ્વપણે જ્ઞાન અનુભવાય તે સ્વસંવેદન છે. આનું નામ સ્વપણે જ્ઞાન અનુભવાય તે સ્વસંવેદન છે. સ્વપણે અનુભવાતું જ્ઞાન તે સ્વસંવેદન છે, તે આત્મા છે અને એ મોક્ષની કળા છે. એ અનુભવમાં આવે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પણ કોને ? ક્યા જીવને ? એ સવાલ છે. મિથ્યાદૃષ્ટિ જીવને તો હરખ-શોકની લાગણી થાય છે. એને જાણવું નથી રહેતું. જાણવું કોને રહે છે ? કે જે ભિન્ન પડે છે એને જાણવું રહે છે. જેને સાક્ષીભાવ પ્રત્યક્ષ થઈ જાય છે એ જાણે છે, પણ જે ભળી જાય છે એ ક્યાં જાણે છે ? ખરેખર એ જાણવું છૂટું હોવા છતાં એ જાણતો નથી. અનુભવાતું જ્ઞાન જ્ઞાનમાં અનુભવાતું હોવા છતાં ત્યાં અનુભવ નથી એમ કહેવાય છે. જેમ લક્ષ ન હોય તો આંખ ખુલી હોય તો જોતો નથી. અને સંભળાતું હોવા છતાં સાંભળતો નથી. કેમકે લક્ષ નથી.

તો અહીંયાં શું છે કે જેનું લક્ષ આત્મા ઉપર છે, ત્રિકાળી શુદ્ધાત્મા ઉપર જેનું લક્ષ છે કે આ હું છું એ લક્ષનો વિષય આત્મા છે અને વેદનનો વિષય ખુદ પોતાનું જ્ઞાન છે, શુદ્ધોપયોગ છે. એટલે આચરણમાં, પ્રવૃત્તિમાં શુદ્ધોપયોગ છે, લક્ષમાં શુદ્ધાત્મા છે. એકસાથે બે છે. ત્યારે એને યથાર્થ પરિણતિ, સમ્યક્ પરિણતિ, સમ્યક્ ઉપયોગ,

સમ્યક્ પરિણમન, સમ્યક્ અનુભવ એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ... એ તો ઉપર બેઠા હોય એને નીચેવાળાનો ખ્યાલ આવે છે. ઉપર બેઠા હોય એને નીચેવાળાનો ખ્યાલ આવે છે. એટલે ઊંચે મુનિરાજ બેઠા છે કે એ તો એને જ્ઞાનનું જ્ઞેયમાત્ર છે. અનેક જ્ઞેયો છે. જે જ્ઞેયોની ચિત્ર-વિચિત્રતા છે એમાં હરખ-શોક કોણ ઉત્પન્ન કરે છે ? કે જે પોતાને ભૂલે છે એ હરખ-શોક ઉત્પન્ન કરે છે. એનો રસ ક્યારે ચડે છે ? પોતાને ભૂલે છે ત્યારે. પણ જે પોતાને પકડીને બેઠો છે, પોતાના સ્વસંવેદન ઉપર નજર છે એને તો એ બહારની ચીજ જ્ઞાનનું જ્ઞેય છે. મારે શું ? જગત આખું પરિણમી રહ્યું છે એમાં મારે શું છે? આ પ્રતિકૂળતા પણ કેટલાક પુદ્ગલોનું પરિણમન છે. મારે શું છે ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- વિભાવ જાત છે એટલે જડ સાથે એના સ્વભાવને મેળ નથી. વિભાવ જડ જાતિના છે, ચૈતન્ય વિકાર છે. પોતાના શુદ્ધ સ્વભાવમાં અહંપણું કરવા અર્થે તે જડ છે એમ કહેવામાં કાંઈ દોષ નથી. ... જોઈએ. પોતાના પરિણમનનો એ અંશ છે, દોષ છે. એ ટાળવા માટેનો એનો નિષેધ આ પ્રકારે કરે છે. એ નિષેધ કરવાનો ઉગ્ર પ્રકાર છે. ઉગ્રતાથી નિષેધ એને કહી શકાય. જો કેવળ જડ જાણે તો સાંખ્યમાં અને જૈનમાં ફેર રહેતો નથી. સત્પુરુષનો ત્યાં પ્રકાર ચાલે છે. ... સાંખ્ય એમ કહે છે.

મુમુક્ષુ :-...

પૂજ્ય ભાઈશ્રી :- પછી તો એને ખ્યાલ રહે જ નહિ ને. પછી દોષ થાય એ પોતાનો છે એ એને ખ્યાલ ન રહે.

‘**વીતરાગભાવનાથી શુદ્ધોપયોગને ધારણ કરી સ્વરૂપસમાધિમાં લીન થઈને...**’ આ નિર્વિકલ્પ દશાનું વર્ણન છે. ‘**સ્વસંવેદનજ્ઞાન પરિણતિ વડે પરમાત્મા પ્રગટ કરો.**’ પરમાત્મા ઉપર લક્ષ .... પરમાત્મસ્વરૂપનું પ્રગટપણું, પ્રગટ હયાતી અનુભવગોચર થાય છે. તેથી તેને પ્રગટ કરો એમ કહેવામાં આવે છે. પરમાત્મા તો અનાદિથી પ્રગટ જ છે. પરમાત્મમૂર્તિ, પરમાત્માની મૂર્તિ પ્રગટ જ છે. અનુભવમાં લીધો ત્યારે એને પ્રગટ કર્યો એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- વીતરાગભાવનાથી...

પૂજ્ય ભાઈશ્રી :- વીતરાગભાવનાથી થાય. રાગભાવનાથી તો ન થાય. આ હું કરું, આ હું કરું. આ વિકલ્પથી.. વીતરાગભાવનાથી એટલે વીતરાગભાવે, શુદ્ધોપયોગમાં વીતરાગભાવ છે. વીતરાગભાવે સ્વરૂપસમાધિમાં લીન થઈને શુદ્ધોપયોગ વડે એ જ્ઞાન ... ચારિત્ર લઈ લીધું.

'**સ્વસંવેદનજ્ઞાનપરિણતિ વડે પરમાત્મા પ્રગટ કરો.**' સ્વસંવેદનજ્ઞાનથી પરમાત્માને પ્રગટ કરો. જેને શુદ્ધાત્મા ઓળખાયો હોય એને શુદ્ધાત્માનું લક્ષ થાય. જેને શુદ્ધાત્માનું લક્ષ થાય એ જો પોતાના વેદનને અવલોકે તો સ્વસંવેદનમાં આવતા વાર લાગતી નથી. વેદન છે એમાં પોતાનું જ વેદન છે એવા અનુભવની પક્કડ નથી. અનુભવ હોવા છતાં અનુભવની પક્કડ નથી. એ પક્કડ આવી જાય છે. એ વખતે શુદ્ધોપયોગ અનુભવ થઈ જાય છે. વિષય સૂક્ષ્મ છે જરૂર, પણ એની જિજ્ઞાસાથી ન પકડાય એવું નથી. જિજ્ઞાસા થાય અને ન પકડાય એવું નથી. એટલે યથાર્થ જિજ્ઞાસામાં આવે નહિ તો પકડાય એમ પણ ન થાય અને આવે તો ન પકડાય એમ ન બને. એ તો પોતાની જ ચીજ છે. પ્રગટ છે. વેદનગોચર-અનુભવગોચર છે.

જીભ ઉપર સાકર મૂકે અને એનો સ્વાદ ક્યારે ન આવે ? કે ઉપયોગ ન હોય તો. સાકર ખાતો હોય છતાં ગળ્યો સ્વાદ ક્યારે ખ્યાલમાં ન આવે ? કે એનો ઉપયોગ કોઈ બીજી ચિંતામાં હોય તો. ઉપયોગ મૂકે ને ખબર ન પડે ? જ્ઞાનવેદન તો અનુભવગોચર છે. પર્યાયમાં પ્રગટ અનુભવ છે. એનું લક્ષ નથી આત્મા ઉપર અને વેદનને પકડતો નથી. લક્ષ્ય બીજે અને પરિણમનમાં પરવેદનનો અધ્યાસ, પરપ્રવેશભાવ એ એના સ્વસંવેદનને ઉપજવા દેતો નથી. પરપ્રવેશભાવ સ્વસંવેદનનો ઉપજવા દેતો નથી. કેમકે વેદન પોતે જ પરમાં જાય છે. પછી ક્યાંથી (પકડાય) ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. બે જ્ઞાનના છે, બે આચરણના છે. વીતરાગભાવ છે એ આચારણ છે, સ્વરૂપસમાધિ છે એ આચરણ છે. શુદ્ધોપયોગ છે એ જ્ઞાન છે અને સ્વસંવેદનભાવ (છે).

... પણ એમ કહેવું છે કે વિષયને વધારે, પરિણામને વધારે સ્પષ્ટ

બતાવવા માટે વધારે શબ્દો વાપર્યા છે. જે અનુભવમાં નિજ પરમાત્મતત્ત્વ પ્રગટપણે અનુભવગોચર થાય છે તે વીતરાગભાવ છે, તે સ્વરૂપસમાધિમાં લીન પરિણામ છે, તે શુદ્ધોપયોગ છે અને તે સ્વસંવેદન જ્ઞાનસ્વરૂપ છે. એમ લેવું છે. હવે આવી વાત જરાક સૂક્ષ્મ છે અને ઉચ્ચ કોટીની વાત છે. એટલે કોઈ અરૂચીવાળો જીવ એમ લઈ લ્યે કે '**કોઈ કહેશે કે આજના સમયમાં...**' આ કાળમાં, આ પંચમકાળમાં '**નિજસ્વરૂપની પ્રાપ્તિ કઠણ છે,...**' એમ કોઈ કહે કે આવા જે શુદ્ધોપયોગમાં લીન થવું એ આ કાળની અંદર ઘણી કઠણ વાત છે, ઘણી કઠણ વાત છે. આવી મોટી વાત ક્યાંથી થઈ ગઈ ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એના પરિણામ નીચ કોટીના છે. બરાબર છે.

મુમુક્ષુ :- ... તરત ખ્યાલ આવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. કેટલાક એવી ભૂલ કરે છે. આવી ઊંચી ઊંચી વાતમાં અમારું કામ નહિ. અમે તો દયા પાળીએ, ક્યાંય પણ તીવ્ર કષાય નહિ કરીને શાંતિ રાખીએ. સુખ-દુઃખ પડે તો એમાં સમતા રાખીએ. કોઈ ગાળ દઈ દે તો અમે એની સામે કાંઈ કરીએ નહિ. ક્ષમાભાવ રાખીએ, જૂઠું બોલીએ નહિ, સાચું બોલીએ, સત્ય બોલીએ અને બહારમાં અનેક પદાર્થોનો ત્યાગ કરવો. આ ન ખાવું, આ ન લેવું, આ ન કરવું. અને વૈરાગ્યમય જીવન રાખીએ. આ આપણે કરી શકીએ. આ આપણું કામ. આટલું કરી શકીએ તોપણ ઘણું છે. આવી ઊંચી શુદ્ધોપયોગની અને સ્વસંવેદન તો બોંબાસ્ટીક વર્ડ લાગે બધા. ભારે ભારે શબ્દો લાગે. આ બધું આવું ઊંચું-ઊંચું-ઊંચું આપણું કામ નહિ.

એને અહીંયાં 'દીપચંદજી' કહે છે કે એ સ્વરૂપની અરુચિવાળો બહિરાત્મા છે. બાહ્ય ભાવોની એને રુચિ છે અને અંતરંગ વીતરાગસ્વરૂપની અને વીતરાગભાવની એને રુચિ નથી. એ બહિરાત્મા છે. એ પરિગ્રહવંત બહિરાત્મા છે એમ લીધું છે. એને તો પરિગ્રહવાળો લીધો. પણ વૈરાગ્ય દેખાય છે ને ? ત્યાગ કર્યો છે ને ? એ પરિગ્રહરૂપ વૈરાગ્યમાં છે. પરિગ્રહ શબ્દ નાખ્યો છે.

**'તેથી (એમ કહેવાથી તેણે) સ્વરૂપ પામવાની ચાહ મટાડી.'** આજના સમયમાં, આ કાળમાં નિજ સ્વરૂપની પ્રાપ્તિ એટલે અનુભવ

કઠિન છે એમ કહેનાર સ્વરૂપની ચાહ મટાડનાર બહિરાત્મા છે. એમ લે છે. એને સ્વરૂપની રુચિ નથી. એને શુભરાગની અને બહારના ત્યાગ વૈરાગ્યના આડંબરની એટલી રુચિ છે. દેખાવની એટલી રુચિ છે કે એને પોતાના સ્વાનુભવની રુચિ નથી. વીતરાગતાની રુચિ નથી એને. એના ઉપર ફૂટનોટ લીધી છે.

**'બાહ્ય પરિગ્રહ ભલે થોડો કે ઝાઝો ગમે તેટલો કેમ ન હોય, પરંતુ તેમાં વિશેષતા મમત્વ, મૂર્છા, ગૃદ્ધતા કે અતિ-આસક્તિ કરી છે. જે જેટલો મમત્વપરિણામવાળો હશે તેટલો જ અધિક પરિગ્રહી છે, પરંતુ (ચારિત્ર અપેક્ષાએ ભેદજ્ઞાની) જેટલો મમત્વ ઓછો કરશે તેટલો અપરિગ્રહી છે. ભરત ચક્રવર્તી છ ખંડની વિભૂતિના ધારક હતા. પરંતુ તેઓ તેના સ્વામી નહોતા. તેઓ તેને કર્મોદયનો વિપાક સમજતા હતા. એ કારણે તેઓ તે પરિગ્રહમાં રહેવા છતાં પણ નામમાત્રના પરિગ્રહી હતા. પરંતુ જે બહારમાં દરિદ્રી છે પણ અંતરંગમાં અત્યંત મૂર્છાથી યુક્ત તે બાહ્ય સામગ્રીના સંચય વિના પણ બહુ પરિગ્રહી છે.'**

**'વળી બાહ્ય પરિગ્રહ ગમે તેટલો કેમ ન રહે જ્ઞાની જીવ તેને પોતાનો નથી માનતા, તેથી તે બલજોરીથી કે જરદસ્તીથી કોઈનું કાંઈ બગાડી શકતા નથી, પરંતુ જ્યારે પોતાના જ પરિણામને બગાડે ત્યારે જ બાહ્ય વસ્તુને નિમિત્તકારણ કહેવામાં આવે છે. તેથી કેવળ બાહ્ય વસ્તુને દોષ દેવો ઉચિત નથી. પોતાની સરાગ પરિણતિ જ ઘાતક છે અને બંધ કરે છે. પં. બનારસીદાસે યોગ્ય કહ્યું છે કે :'**

**જ્ઞાની જ્ઞાનમગન રહે, રાગાદિક મલ ખોય;**
**ચિત્ત ઉદાસ કરણી કરે, કરમ બંધ નહિ હોય.**

એના ઉપર એટલું પદ ટીપ્પણ લીધું છે. ફૂટનોટ એટલી ભરી છે. અહીંયાં વિષય તો એટલો જ ચાલે છે. અહીંયાં જ્ઞાની-અજ્ઞાનીનો વિષય નથી લેવો, પણ અજ્ઞાનીની જ વાત છે અહીંયાં. કોઈ સ્વરૂપપ્રાપ્તિની અનુભવની વાતને કઠિન કહીને એને ધક્કો મારે છે તો એની રુચિ અવળી છે તેથી એમ કરે છે. પછી ભલે તે નિષ્પરિગ્રહી દેખાય તોપણ પરિગ્રહવંત છે. એમ લેવું. નિવૃત્ત દેખાય તોપણ પ્રવૃત્તિવંત છે. કેમકે નિવૃત્ત તો ત્યારે કે સ્વરૂપની પ્રવૃત્તિપૂર્વક બાહ્ય

પરિણામનો અભાવ કરે, દોષિત પરિણામનો અભાવ કરે ત્યારે તેટલો નિવર્ત્યો. આસ્રવથી નિવર્ત્યો તેટલો નિવર્ત્યો.

એ રુચિ અપેક્ષાએ આ બોલ છે એ જરા એક વધુ વાત કહી જાય છે. કેમકે સામાન્ય રીતે કોઈ દયા પાળનાર કે શાંતિ રાખનાર કે ક્ષમા રાખનાર કે સાચું બોલનાર તે વૈરાગી જીવ છે, એને કોઈ દોષિત નથી કહેતા. જગતમાં એને ધર્મી (ગણે છે). એટલો ધર્મ કરે છે, આવું બધું પાળે છે તો ધર્મી ગણાવા જોઈએ. પણ એવા જીવો જાણે-અજાણ્યે પોતાના સ્વરૂપની અરુચિને વશ, સ્વરૂપની અરુચિને વશ એવા પરિણામમાં હોય છે કે અત્યારે આ અનુભવની વાત હોઈ શકે નહિ. આમ તો શાસ્ત્ર વાંચીને ઘણા વિદ્વાનો અત્યારે અનુભવ ન હોય એમ લે છે. એ તો મુનિદશામાં હોય. કેટલાક મુનિ થયેલા એમ કહે છે કે અનુભવ અત્યારે ન હોય. અનુભવ તો બારમે થાય, સાતમે થાય, આઠમે થાય. અમારે તો હજી છઠ્ઠું ગુણસ્થાન છે. સાતમે ગુણસ્થાને અનુભવ થાય. અમે મુનિદશા ગ્રહણ કરી છે એમાં છઠ્ઠા ગુણસ્થાન સુધી પહોંચી ગયા છીએ. પણ સાતમે ગુણસ્થાને અનુભવ થાય. અત્યાર સુધી અનુભવ નથી થયો. એને નથી છઠ્ઠાની ખબર ને નથી એને સાતમાની ખબર. છઠ્ઠું-સાતમું તો ક્ષણ ક્ષણમાં હોય છે. દિગંબર મુનિ થઈને આ બધા ગપ્પા મારે છે. અત્યારે દિગંબર મુનિઓ એમ કહે છે.

શ્વેતાંબરમાં તો શુદ્ધોપયોગનો વિષય નથી એટલે ત્યાં તો આખું પ્રકરણ જ નથી એટલે ક્યાં એની ચર્ચા કરવી ? પણ જેના સાહિત્યમાં આ વિષય પડ્યો છે એ પણ પછી કલ્પના કરે છે અથવા પોતાને સ્વાનુભૂતિ નથી, શુદ્ધઉપયોગ થયો નથી એટલે અત્યારે હોય નહિ પણ મુનિપણું કે શ્રાવકપણું હોય એ કાંઈ ખોટું નથી અમારું. બરાબર ક્રિયા પાળીએ છીએ એમ સમજીને એને સ્થાપે છે. એ સ્વરૂપની અરુચિવાળા જીવો છે. બાહ્ય ત્યાગ, વૈરાગ્ય અને ઘણી ધાર્મિક ક્રિયામાં રોકાયેલા હોવા છતાં એમાં રોકાય ગયા છે. આખા ને આખા એમાં રોકાય ગયા છે. રુચિથી એમાં રોકાય ગયા છે કે જેથી એને સ્વરૂપપ્રાપ્તિની અરુચિ થઈ ગઈ છે. રુચિ નથી પણ અરુચિ થઈ ગઈ છે એટલે ધક્કો મારે છે કે અત્યારે આ ન હોય.

મુમુક્ષુ :- ખોટાને સાચું કહેનાર બહુ મોટો ગુનો કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ગડબડ મોટી છે. લોકો અનુસરે છે. બાહ્ય વેશને લોકો અનુસરે છે, બાહ્ય જ્ઞાનને લોકો અનુસરે છે. ત્યાગ વૈરાગ્ય જોઈને લોકો અનુસરે, એનું શાસ્ત્રજ્ઞાન જોઈને લોકો અનુસરે. ઘણા લોકોને એ અવળે રસ્તે લઈ જવામાં નિમિત્ત થાય. પોતે રસ્તો ભૂલે, બીજાને રસ્તો ભૂલવવામાં એ નિમિત્ત થાય. ઉપદેશ આપે ને એટલે નિમિત્ત થાય.

મુમુક્ષુ :- પત્થરની નાવમાં બેઠા છે. પોતે ડૂબે અને બીજાને પણ ડુબાડે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, શાસ્ત્રમાં આવે છે.

પાઠાન્તર એ લીધું છે કે '**તેમ કહેનાર સ્વરૂપ પામવાની ચાહ મટાડનાર બહિરાત્મા છે.**)' એને અંતરાત્મપણું પ્રગટ થયું નથી અને અંતરાત્મપણું એને પ્રગટ કરવું પણ નથી. તેથી એ સ્વરૂપની રુચિ મટાડનાર છે અથવા સ્વરૂપની અરુચિના જોરમાં એ વાત કરે છે. '**પરંતુ આજથી અધિક પરિગ્રહ, ચોથા કાલના મહાપુણ્યવંત નર ચક્રવર્તી આદિ તેમને હતો,...**' એ ફૂટનોટમાં ભરત ચક્રવર્તીનું દૃષ્ટાંત લીધું છે. છ ખંડ જેણે સાધ્યા હતા. છતાં પણ અંતરમાં વીતરાગતાનો અભ્યાસ ઘણો હતો, શુદ્ધોપયોગનો અભ્યાસ ઘણો હતો, પુરુષાર્થ પણ ઘણો હતો.

આખો દિવસ યુદ્ધમાં ગયો હોય. છ ખંડ સાધવા યુદ્ધમાં જાય ને ? બધા કાંઈ સીધા ન ચાલે. મોટા ભાગના રાજા તો સરેન્ડર થઈ જાય, એનું સ્વામીપણું સ્વીકારી લે. પણ કોઈ એવા બળીયા થોડુંક બળ હોય તો એને છોડવું ન ગમે. (એની સાથે) યુદ્ધ પણ કરવું પડે. યુદ્ધવિરામ હોય તો એ ધ્યાનમાં બેસી જાય. શુદ્ધોપયોગમાં આવે. યુદ્ધ કરતી વખતે પણ એને રસ નહોતો એમ બતાવે છે. યુદ્ધ કરે છે ત્યારે અશુભ ઉપયોગ છે. પણ યુદ્ધવિરામ થયો અને એને એમ થયું કે મારું સાધન તો આ છે. આ તો એક વૃત્તિ રોકાતી નથી એટલે ઉપયોગ ચાલે છે. ભિન્નતાની તો ત્યાં પણ એને અંતર પરિણતિ તો બરાબર કામ કરે જ છે. અશુભઉપયોગના કાળે પણ અંતર પરિણતિ તો સાવધાન છે. સ્વરૂપને વિષે અંતરંગમાં સાવધાન છે. એ જ્યાં ધ્યાનમાં બેસે છે ત્યારે અંદરથી ચૈતન્યનો ગોળો છૂટો પડી જાય એવો અનુભવ કરે. રોજ

અનુભવ કરે.

મુમુક્ષુ :- સૂર્યાસ્ત પછી ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. યુદ્ધવિરામ. રાત્રે યુદ્ધ ન કરે. સાંજ પડે એટલે જેમ પ્રવૃત્તિ બંધ કરે, કોઈ દુકાન બંધ કરે, કોઈ ... બંધ કરે એમ સાંજ પડે એટલે (યુદ્ધવિરામ થાય).

મુમુક્ષુ :- નિયમ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. નિયમ. પછી કોઈ દગા-ફટકાથી કોઈ ઉપર આક્રમણ કરે નહિ. યુદ્ધ પણ નીતિના હતા. અત્યારે તો એમ કહે કે યુદ્ધમાં કાંઈ નીતિ હોય જ નહિ. એનું નામ યુદ્ધ. નહિ અત્યારે કહેવત એવી છે. એમાં કોઈ અનફેર નથી. બધું ફેર છે. જે કરો એ ફેર છે. અત્યારે તો કાળ ઘણો ઉતરતો છે. યુદ્ધ કરે એની સાથે તો અનીતિ કરે પણ મિત્રો હોય તો એની સાથે અનીતિ કરે. મિત્ર એટલે ભાગીદારી કરતા હોય. આ વેપાર-ધંધામાં ભાગીદારી હોય તો અનીતિથી ભાગીદારની કેમ ગડબડ કરવી..

મુમુક્ષુ :- એ તો પછી, બાપ-દીકરા હોય તોય...

પૂજ્ય ભાઈશ્રી :- એ ભાગીદાર જ છે ને પછી તો. બાપ-દીકરા પણ ભાગીદાર જ છે. મૂડી તો વહેંચવાની જ છે ને બે વચ્ચે. અત્યારે તો ઘણો હીણો કાળ છે.

જેને પોતાનું કરવું છે એને માટે કાળ સારો છે કે આ વસ્તુ પ્રસિદ્ધ છે. આ વસ્તુ પ્રસિદ્ધ છે. એ કાળ સારો છે. એવું છે કે વાસ્તવિકતાની આપણને ખબર નથી. જે અન્ય મતમાં પડ્યા છે પણ ઊંડે ઊંડે એમ થતું હોય કે આપણે આત્માનું કલ્યાણ કરવું છે એને શું હાથમાં આવે કહો જોઈ ? ગોતવા જાય તો એને હાથમાં શું આવે ? એના ધર્મના સ્થાનમાં જાય, એના સાધુ સંતમાં જાય, બીજે જાય, ત્રીજે જાય, ફાંફા મારે શું એના હાથમાં આવે ? કહો. સત્ય કાને પડવું મુશ્કેલ છે. આ જગતના મોટા ભાગની સ્થિતિ આ છે. અબજો જીવોમાંથી કેટલાક હજારને બાદ કરતા બધાની આ સ્થિતિ છે. અબજોમાંથી. અત્યારે છ અબજની વસ્તી છે. એમાં કેટલાક હજારને બાદ કરતા અથવા કેટલાક સેંકડાને બાદ કરતા આ સ્થિતિ છે. સત્ય સાંભળવાનું મુશ્કેલ છે. એને આંકવાની કિંમત જુદી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નિશ્ચય તો પોતાની પરિણતિ છે અને અશુભ છે એ એનો વ્યવહાર નથી. પણ એને પૂરું અશુભ નથી હોતું. પૂરું અશુભ નથી હોતું. ત્યાં એને અધ્યાત્મનો વ્યવહાર છે. અધ્યાત્મનો વ્યવહાર છે. આગમના વ્યવહારનો ઉપયોગ નથી હોતો બધી વખતે. મોક્ષમાર્ગી જીવને આગમના વ્યવહારનો બધી વખતે ઉપયોગ હોય એવું ન બને. પણ વ્યવહાર તો એની પરિણતિ છે. જે એની ચાલ છે, નિશ્ચય પરિણતિની ચાલ એ એનો વ્યવહાર છે. શુદ્ધ વ્યવહાર છે. એ મિથ્યાદૃષ્ટિ જીવો નથી સમજતા. એ એમ કહે છે કે બહારમાં એનો વ્યવહાર અમે ભાળીએ તો વ્યવહાર કબુલ કરીએ, નહિતર અમે એનો વ્યવહાર કબુલ ન કરીએ, ન સ્વીકારીએ. એનો વ્યવહાર એની પરિણતિ છે.

મુમુક્ષુ :- અધ્યાત્મનો વ્યવહાર ...

પૂજ્ય ભાઈશ્રી :- અધ્યાત્મનો વ્યવહાર નિશ્ચય પરિણતિ છે અને એ જ સાચો વ્યવહાર છે. પછી આ વ્યવહાર ઉપર તો ઉપચાર જાય છે. નિશ્ચય એનો ત્રિકાળી શુદ્ધ આત્મા છે. પોતે. નિશ્ચય પોતે. વ્યવહાર એની પરિણતિ છે. નિશ્ચય વ્યવહાર બેય છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં 'ગુરુદેવે' એ બધો વિષય ખોલ્યો છે. આવે છે.

'બનારસીદાસે' આગમ અધ્યાત્મનો વિષય લીધો છે ત્યાં એ વાત લીધી છે. ત્યાં એ આગમ-અધ્યાત્મની વાત લીધી છે. આગમનો વ્યવહાર નિરંતર નથી હોતો. ચોથે-પાંચમે ગુણસ્થાને. છઠ્ઠે ગુણસ્થાને નિરંતર છે. કેમકે ત્યાં સાવદ્યયોગ નથી એટલે. અશુભ ઉપયોગ નથી ત્યાં. ચોથે પાંચમે ગુણસ્થાને નિરંતર ન હોય. અશુભ ને શુભ, શુભ ને અશુભ બેય ઉપયોગ થાય. આગમનો વ્યવહાર એને નિરંતર ન હોય. જઘન્ય દશા છે ને. સંભવિત નથી.

**'પરંતુ આજથી અધિક પરિગ્રહ, ચોથા કાલના મહાપુણ્યવંત નર ચક્રવર્તી આદિ તેમને હતો, તો આને તો થોડો છે.'** અત્યારે તો એટલો કોઈને હોતો નથી. હવે એટલા સંયોગોના ઘેરાવામાં પણ અંદરથી જુદાં એ પડી શકે એવું આત્માનું સામર્થ્ય છે, શક્તિ છે એવી. તો પછી થોડા પરિગ્રહવાળાને જુદાં પડવામાં શું તકલીફ છે ? એમ કહે છે. શું કરીએ અમારે કામ ઘણા, અમારે પ્રવૃત્તિ ઘણી. તારો રસ ઘણો છે. કામ ઘણા

એ તારો રસ બતાવે છે. પ્રવૃત્તિ ઘણી એ તારો રસ બતાવે છે. તારો રસ મર્યાદિત કરી નાખ તો કામ કરનારા કામ કરવાના છે. બધા કામ તું કરે છે એવું થોડું છે. કરનારા કરે છે. તારો રસ મર્યાદિત કરવો એ તારા હાથની વાત છે. તું ઉલઝીને પડ તો કોઈ રોકે નહિ અને તું એમાંથી પાછો હઠ તોપણ કોઈ તને પરાણે ખેંચીને લાવી શકે, સંયોગો તને ખેંચીને લાવે એવું તો કાંઈ નથી, એવું બનતું નથી.

એ તો કહ્યું **'તે પરિગ્રહ જોરાવરીથી (બળજોરીથી) એના પરિણામોમાં આવતો નથી. એ પોતે જ દોડી દોડી પરિગ્રહમાં ખૂંચે છે.'** ઘૂંચે છે. જેમ ભૂંડ દોડીને ઉકરડામાં જાય એમ આ દોડીને જાય છે. એને કોઈ ઉકરડો પકડતો નથી. પોતે જાય છે તો એનો તો કોઈ ઉપાય નથી.

મુમુક્ષુ :- ધોંસરાને...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બળદ છે એ તરત જ માથું નીચું કરે. ધોંસરું ઊંચું કરે એ ભેગું માથું નીચું કરે. ટેવાઈ ગયો છે ઈ. જ્યાં નિમિત્ત જોવે ત્યાં એના પરિણામ બદલવા માંડે. નિમિત્તાધીન વૃત્તિ છે. નિમિત્ત જોવે ત્યાં પરિણામ બદલવા માંડે.

**'જ્યારે નવરો હોય ત્યારે વિકથા કરે.'** નવરો હોય ત્યારે દુનિયભારની માંડે. 'અમેરિકા'એ આમ કર્યું ને ફલાણાએ આમ કર્યું, ઢીંકણાએ આમ કર્યું. દુનિયા આખીની નવરો હોય ત્યારે ચિંતા કરે. **'ત્યારે સ્વરૂપના પરિણામ કરે તો કોણ રોકે છે ?'** એટલે એને રુચિ હશે એ કરશે એમ કહેવું છે. કાળ એની પાસે છે, સમય છે, એમાં રુચિ અનુસાર એ પરિણામ કરે જાય છે. એને જો આત્માની રુચિ હોય, સ્વરૂપપ્રાપ્તિની રુચિ હોય તો સ્વરૂપના પરિણામ કરે, કોણ રોકે એને ? પરિણામ કરતા તો કોઈ રોકી શકતું નથી. પ્રવૃત્તિમાં હજી કોઈ પ્રતિબંધ લગાવે કે, ભાઈ, તમારે આ કામ કરવું જ પડશે. પરિણામને તો કોઈ રોકી શકતા નથી. ગમે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ હોય પોતાના સ્વરૂપ પરિણામ કરવા માટે આત્મા તદ્દન સ્વતંત્ર છે અને સ્વતંત્રપણે પોતાનું કાર્ય કરી શકે છે, નિજ પરિણામને કરી શકે છે. કરવા ચાહે તો, કરવા ધારે તો. ન કરવા હોય તો એને અમથી અમથી કોઈની એ ચિંતા અને પરિણામ એ લક્ષે કર્યા જ કરશે. એને લેવા દેવા નહિ હોય તોપણ એ કર્યા જ કરશે. એ રીતે રુચિ ઉપર થોડી વાત લીધી. વિશેષ લઈશું....

**નોંધ :– પ્રવચન નં. ૧૦૧ ઉપલબ્ધ નહિ હોવાથી લેવામાં આવેલ નથી.**

## તા. ૨૦–૧–૧૯૮૭, પાના નં. ૪૯, પ્રવચન નં. ૧૦૨

પાનું-૪૯. પહેલા પેરેગ્રાફની છેલ્લી ચાર લીટી છે. ફરીને વિષય લે છે, જે ઉપર લીધો છે એ. '**(વળી) ભવભ્રમણ ઘટાડે,...**' ફરીને લે છે. સ્વાનુભવથી ભવભ્રમણનો અભાવ કરે અથવા ભવભ્રમણ છે એનો નાશ થાય એવા જે પરિણામ છે તે માત્ર આત્માશ્રયી પરિણામ છે, સ્વરૂપાશ્રયી પરિણામ છે. '**પોતે અલખને ઓળખે.**' અલખ એટલે લક્ષમાં ન આવી શકે એવો. લક્ષમાં એટલે વિચારમાં. વિચારમાં એટલે ઈન્દ્રિયજ્ઞાનમાં. આત્મા ઈન્દ્રિયજ્ઞાનમાં વિષય નહિ થતો હોવાથી તેને અલખ કહે છે. એ અલખને ઓળખે. ઉપર કહ્યું, '**જ્ઞાનલક્ષણથી પીછાણે,...**' એ અહીંયાં કહે છે કે જ્ઞાનલક્ષણથી ઓળખે. અંશમાત્ર સ્વભાવભાવથી, અંશમાત્ર જ્ઞાનથી પરિપૂર્ણ જ્ઞાનના અને સુખના સામર્થ્યને ઓળખે.

ઓળખાણની એક વિશિષ્ટતા છે કે પ્રગટ તો અંશમાત્ર જ્ઞાનનું લક્ષણ છે, જ્ઞાનનો પર્યાય છે અને તેમાંથી આખા સ્વભાવને સમજવામાં આવે છે, આખા સ્વભાવનો ભાવ ભાસે છે. અનંત જ્ઞાનની ખાણ અને અનંત સુખની ખાણ સામર્થ્ય સ્વરૂપે જે પરિપૂર્ણ ચિદાનંદ તત્ત્વ છે તેને ઓળખે અને ચિદાનંદને દર્શાવે. દર્શાવે એટલે એની શ્રદ્ધા કરે. ઓળખીને શ્રદ્ધા કરે. ઓળખ્યા વિના શ્રદ્ધા થાય એવું નથી. સમ્યક્ શ્રદ્ધાન એ અંધશ્રદ્ધાન નથી પણ એ સ્વરૂપના જ્ઞાનપૂર્વકનું, સ્વરૂપની ઓળખાણપૂર્વકનું એ શ્રદ્ધાન છે. એ સિવાયના શ્રદ્ધાનના પરિણામને અંધશ્રદ્ધાન કહેવામાં આવે છે. અંધશ્રદ્ધાન એટલે જેમાં વિવેક નથી અથવા જે શ્રદ્ધવા યોગ્ય નથી એનું શ્રદ્ધાન તે અંધશ્રદ્ધાન

છે. અથવા જેને શ્રદ્ધતા સુખ નથી, જેને શ્રદ્ધતા જ્ઞાન નથી એવું શ્રદ્ધાન તે અંધશ્રદ્ધાન છે.

પોતાના મૂળ સ્વરૂપને જાણીને શ્રદ્ધે તે જાગૃતિપૂર્વકનું, વિવેકપૂર્વકનું સમ્યક્ શ્રદ્ધાન છે. અને એ સિવાયનું શ્રદ્ધાનનું પરિણમન પોતાના જ સ્વરૂપને છોડીને અન્ય દ્રવ્યને, અન્ય ભાવને, અન્યને શ્રદ્ધતું શ્રદ્ધાન, આત્માને અહિતરૂપ થતું શ્રદ્ધાન તે અંધશ્રદ્ધાન છે. એ આત્માને અહિતકારી શ્રદ્ધાન છે. એનાથી આત્માનું હિત નથી. સ્વરૂપને છોડીને શ્રદ્ધાન અન્યનું થાય એટલે એમાં મલિન ભાવોની પરંપરા એ આત્માને ઉત્પન્ન થયા વિના રહી શકે નહિ. કેમકે એ પરને એટલો એકત્વ કરે છે, પછી તો સમસ્ત ગુણ દ્વારા (એકત્વ થાય છે) કે એમાં અત્યંત મલિનતા ઊપજે છે, અનંત મલિનતા ઊપજે છે અને આત્મા તેના ફળમાં દુર્ગતિને પામે છે.

**'પોતે અલખને ઓળખે, ચિદાનંદને દર્શાવે, અવિનાશી રસ પામે,...'** અવિનાશી રસ કહો, અવિનાશી સ્વરૂપ કહો એવા સ્વરૂપનો અનુભવ કરે. રસને શક્તિ કહે છે, શક્તિને રસ કહેવામાં આવે છે. આત્મા જ્ઞાનરસનો પિંડ છે. આત્મા આનંદરસનો પિંડ છે એમ કહેવામાં આવે છે. તબીબી વિજ્ઞાનમાં પણ રસ ઉપરથી રસાયણ શબ્દ આવ્યો છે. વિજ્ઞાનમાં રસાયણ શબ્દ રસ ઉપરથી આવ્યો છે. અને તબીબી વિજ્ઞાનમાં રસઔષધ કહે છે, રસવૈદ્ય કહે છે. જે શક્તિવાળા ઔષધો છે એના પ્રયોગો જાણે છે એને રસવૈદ્ય કહે છે. અને એની જે ઉપચાર પદ્ધતિ છે એને રસઔષધિ અથવા રસની ટ્રીટમેન્ટ કહેવામાં આવે છે. રસ એ શક્તિનું સ્વરૂપ છે. રસ એટલે શક્તિ.

આ બાજુથી લઈએ તો જીવને જે પરિણામમાં રાગરસ છે, કષાયરસ છે એ કષાયશક્તિ છે અને એ બંધતત્ત્વ છે. 'સમયસાર'ના 'બંધ અધિકાર'માં પ્રારંભમાં માંગલિકમાં આ વાત લખી છે, અધિકારનો ઉપોદ્ઘાત કરતા. 'रागोद्गारमहारसेन'. રાગરૂપી મહારસથી આ ચૈતન્ય છે એ બંધાણો છે. રસ છે એ બંધનનું કારણ છે. રસ છે એ ચીકણાઈ છે. અને બાકીના બધા સંયોગીક સહકારી જે બંધનના કારણો છે એનો ત્યાં નિષેધ કરી નાખ્યો છે. તાત્વિક દૃષ્ટિએ બંધ ઓળખાવવો છે એટલે બીજા બધા સહકારી કારણો છે એનો નિષેધ કર્યો. મલનો દૃષ્ટાંત

આપીને. મલને કુશ્તી કરતા રજ ચોંટે છે એનું કારણ એ કુશ્તી કરે છે એ નહિ. એનું કારણ એ અખાડામાં ગયો છે એ નહિ. એનું કારણ એણે જે ચિકાશ, તેલમર્દન કર્યું છે એ જ એને રજ ચોંટવાનું કારણ છે. એવો દૃષ્ટાંત આપ્યો છે ત્યાં.

એમ આત્માને બંધ થાય છે એનું કારણ શું ? કે આત્માને બંધ થાય છે એમાં પૂર્વ કર્મનો ઉદય કોઈ કારણ નથી. અને બીજા પણ કેટલાક જે કાંઈ મન-વચન-કાયાના યોગો છે એ પણ કોઈ બંધનું કારણ નથી. એમ કરીને બધા બંધના સહકારી કારણોનો નિષેધ કરીને તાત્વિક દૃષ્ટિએ એક રસ છે એ બંધનું કારણ છે. એ કષાયરસ કહો, રાગરસ કહો કે એની શક્તિ કહો. બંધની શક્તિ કહો. બંધશક્તિ છે એ. એ કષાયશક્તિ છે. કષાયને જીવ ઓળખે છે પણ કષાયની શક્તિને ઓળખવી એ વિભાવ જાતિને ઓળખવાની વાત છે.

જ્ઞાનને લોકો સમજે છે કે આ જાણે છે તે જ્ઞાન છે. પણ જ્ઞાનશક્તિને ઓળખવી એ બીજી વાત છે. સ્વભાવ છે એને ઓળખવા માટે જરા જ્ઞાનને સૂક્ષ્મ કરવું પડે છે. સૂક્ષ્મ જ્ઞાનનો એ વિષય છે. કેમકે સ્વભાવ એ પોતે સ્વરૂપે કરીને સૂક્ષ્મ છે. એટલે જેનું સ્વરૂપ સૂક્ષ્મ છે એને સમજવા માટે સૂક્ષ્મ જ્ઞાન થાય તો એ સમજાય અને નહિતર એ સમજાતું નથી. એ તો એકની એક વાતમાં ભિન્ન ભિન્ન શબ્દો એટલા માટે લે છે, વિષયને ખોલવો છે એટલે.

‘**અવિનાશી રસ પામે,...**’ પોતાનું જે અવિનાશી સ્વરૂપ, સ્વભાવસ્વરૂપ, ત્રિકાળી સ્વરૂપ શાશ્વત પદ છે એને પામે. પામે એટલે એની હયાતીનો સ્વસંવેદનમાં અનુભવ કરે. ‘**જેનો જશ ભવ્ય જીવો ગાય છે,...**’ જેની કીર્તિ, જેની મહિમા, જેની ભક્તિ ભવ્ય જીવો કરે છે. ભક્તિમાં ગાય છે. સર્વજ્ઞ તીર્થંકર પરમાત્માએ પણ એ પરમપદનો મહિમા અવિનાશી રસનો મહિમા ગાયો. સર્વોત્કૃષ્ટ પદ હોવાથી, જગતમાં એનાથી કોઈ ઉત્કૃષ્ટ નહિ હોવાથી એનો મહિમા કરવામાં આવ્યો.

જેનો જશ એટલે જેનો મહિમા ભવ્ય જીવો ગાય છે. ‘**જેનો અપાર મહિમા છે.**’ મહિમા પણ કેટલો ! કે એ મહિમાનો પણ અંત નથી એટલો મહિમા છે. કેટલી મોટાઈ ! કેટલી મહત્તા એની ! જેને તું

ગૌણ કરે છે એની મોટાઈ કેટલી છે એની ખબર નથી, એમ કહે છે. જો એની મોટાઈની ખબર પડે તો એની ગૌણતા થઈ શકે નહિ. જેવું સ્વરૂપ સ્વરૂપે કરીને મહાન છે એટલી જ એની મહત્તા ભાસે એનું નામ ઓળખાણ છે. ઓળખાણ થાય અને એની મુખ્યતા રહે અને બાકી બધું ગૌણ થાય. લક્ષણ ઉપરથી લક્ષ સ્વરૂપ આત્મા ઓળખાય તો એ ઓળખાતાની સાથે જ લક્ષણ ગૌણ થાય અને લક્ષ મુખ્ય થાય. લક્ષણ તો પર્યાયમાં છે. આ એનું ચિહ્ન છે. લક્ષણથી લક્ષ ઓળખાયાની આ સાબિતી છે કે એમાં લક્ષની મુખ્યતા થાય અને લક્ષણ ગૌણ થઈ જાય.

**'જેનો અપાર મહિમા છે.'** 'પૂજ્ય બહેનશ્રી' એક બોલમાં લખે છે કે, સ્વભાવ સાંભળતા સોંસરવટ કાળજામાં ઘા પડી જાય. અહીંયાં વેદના કે અશાતા થાય એમ નથી લેવું. જેમ કોઈ કાળજામાં ઘા મારે. બોલવાથી મારે છે ને ? તો એની અસર છે એ એવી થાય છે. એમ સ્વભાવને સાંભળતા એવી અસર રુચિથી થવી જોઈએ, એમ કહેવું છે. રુચિ છે એ એનું કાળજું છે. સ્વભાવની રુચિ છે એ એનું કાળજું છે. 'ગુરુદેવ' એવો માર્મિક શબ્દ વાપરતા હતા કે, જ્ઞાનીના કાળજા ઓળખવા કઠણ છે. એમ કહેતા. એવો શબ્દ વાપરતા. જ્ઞાનીને અંતરંગથી ઓળખવા પડે છે એટલે એનું કાળજું ઓળખવું પડે છે. એના કાળજામાં શું છે એ ઓળખ.

એવો સ્વભાવ **'અપાર મહિમાવંત છે. (જેને) જાણતાં ભવભાર મટે છે.'** ભવરહિત સ્વભાવ હોવાથી ત્રણે કાળને વિષે જેમાં ભવ અને ભવના કારણનો સદંતર અભાવ છે. એવું જે ભવ રહિત આત્મતત્ત્વ છે એને જાણતાં ભવનો બોજો છે એ મટી જાય છે. એને એમ લાગે છે કે મારે હવે ભવ નથી. અજ્ઞાનીને શંકા પડે છે કે અરેરે.. ! કોને ખબર મારે કેટલા ભવ હશે ? હજી મને કાંઈ સમજાતું નથી કેટલા ભવ હશે. આને સમજાય જાય છે કે હવે મારે ભવ નથી. એક, બે, ચાર, પાંચ હોય એ નથી બરાબર છે. કેમકે અનંત ભવ છે એની પાસે કોઈ બે-ચાર-પાંચનો હિસાબ નથી. રાઈનો મોટો મેરુ જેવો પર્વત હોય. રાયના સરસવના દાણાનો. એમાંથી કોઈ બે-ચાર-પાંચ દાણા ક્યાંય ઊડીને આડાઅવળા જાય તો એનો હિસાબ કેટલો કરવો ? એક લાખ યોજન ઊંચો પહોળો. એટલી રાય હોય એમાંથી ચાર-પાંચ દાણા ક્યાંક આઘાપાછા થાય તો

શું ખબર પડે ? એમ અનંત ભવ જે મિથ્યાત્વના ગર્ભમાં પડેલા છે એનો અભાવ થતાં, એ મિથ્યાત્વને તૂટવાની તૈયારી થતાં, અભાવ તો હજી હવે થશે (પણ તૂટવાની તૈયારી થતાં તેનો કોઈ હિસાબ નથી).

'ગુરુદેવ' તો બહુ કહેતા. શરૂઆતના 'આત્મધર્મ'ના જો વ્યાખ્યાનો વાંચો, 'સોનગઢ'ના બહુ પ્રારંભના. એમાં એ વાત બહુ આવતી કે મુમુક્ષુને તો આવો આત્મા છે એમ સાંભળતા, એમ રુચતા અંદરથી ભવથી અભાવના ભણકારા આવી જાય. ભવનો અભાવ કરવાના પરિણામ તો સાક્ષાત્ સ્વસંવેદન નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાં સમ્યગ્દર્શન થાય ત્યારે થાય છે. એ વાસ્તવિક તૂટે છે. પણ એ પહેલા એને મોક્ષના ભણકારા વાગે છે. ભવના અભાવના ભણકારા આવે છે. એવી મુમુક્ષુતાનું પણ બહુ વર્ણન કરતા. શરૂઆતના પ્રવચનો કેટલાક વર્ષોના એવા જ આવ્યા છે. મુમુક્ષુતાનું બહુ એટલું બધું જોરદાર વર્ણન આવતું હતું કે ઘણા લક્ષણો એ બાબતના એમણે એ વિષયમાં લીધા છે. એ તો 'આત્મધર્મ' બહુ જૂના મળેલા નથી નહિતર એમાંથી વધારે ખેંચાય એવું હતું. એ વિષય વધારે ખેંચાત.

મુમુક્ષુ :- એ વખતે 'ગુરુદેવ' આત્મસિદ્ધિ સભામાં વાંચતા અને 'શ્રીમદ્'નું વધારે વાંચતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પોતે શરૂઆતમાં 'શ્રીમદ્' આખું વાંચ્યું છે. એમનો જે 'શ્રીમદ્'નો મોટો ગ્રંથ છે એ એકવાર જોવા બેઠા હતા. કેટલી જગ્યાએ એમણે અંડરલાઈનો કરી છે. પત્રે-પત્રમાં. 'આત્મસિદ્ધિ' ઉપર, 'અપૂર્વ અવસર' ઉપર. બધા જે મોટા કાવ્યો છે એના ઉપર તો પ્રવચનો આપ્યા છે. અને બીજા કાવ્યોના પણ અર્થ કર્યા છે. 'બહુ પુણ્ય કર્યા પુંજથી...' એ બધાયના અર્થ વ્યાખ્યાનમાં કરેલા છે. પણ એ મુમુક્ષુતાનો વિષય એ દિવસોની અંદર શરૂઆતના વર્ષોમાં ખૂબ આવેલો છે.

**'જેનો અપાર મહિમા છે.'** આપણે તો શરૂઆતથી નથી.. પણ પ્રવેશ કર્યા પછી એ 'આત્મધર્મ' બધા વાંચી ગયો છું. આપણે આ ક્લાસમાં મોડા દાખલ થયા પણ હવે એ પહેલા શું શું કોર્સ કયો ચાલી ગયો છે આમાં ? પછી ચાલતામાં જોઈન્ટ થઈ જવું પડે ને ?

મુમુક્ષુ :- વહેલામોડા કોને કહેવું એ સમજવું પડે.

પૂજ્ય ભાઈશ્રી :- શરૂઆત પછી આવ્યા એ તો મોડા જ કહેવાય ને ? શરૂઆત થઈ ગઈ પછી જે આવે એ તો મોડા જ કહેવાય ને. એટલે લગભગ દોઢસો-પોણા બસ્સો જેટલા આત્મધર્મ તો નીકળી ગયા. આપણા (એક મુમુક્ષુનો) પરિચય હતો. એ જૂના (હતા). 'ગુરુદેવ' સ્થાનકવાસીમાં હતા ત્યારથી એમને એમના પ્રત્યે અનુરાગ. અને એમણે સંપ્રદાય છોડ્યા પછી તરત જ બધા એ બાજુ વળેલા. કોઈ બીજી મહેનત નહિ થયેલી. 'ગુરુદેવ' પ્રત્યેની ભક્તિ અને બહુમાનને લઈને. એ બધા એમની પાસે પડેલા ઘરમાં. આડાઅવળા હતા. (મેં કહ્યું), તમે આડાઅવળા ક્યાં રાખો ? નોટું આવી રીતે રાખો છો ? બે બારીમાં પડ્યા હોય, ચાર ઓલા કબાટમાં પડ્યા હોય, ત્રણ પાછા આની કોર પડ્યા હોય બીજા રૂમમાં.

મુમુક્ષુ :- 'સોગાનીજી'એ એ જ 'આત્મધર્મ'ને અર્ઘ ચડાવ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ વ્યાખ્યાનોમાં એ વિષય બહુ આવેલો છે. 'પરમાગમસાર'માં એ વિષય અહીંથી ખેંચેલો છે. આ એક વચન છે ને એ જૂનામાંથી લીધેલું છે. જૂનામાંથી એટલે ત્યારે એક નોટમાં લખી લીધેલું.

**'એક સમયમાં હું ચિદાનંદ પરિપૂર્ણ છું એવી પ્રતીતિ તે ભવના નાશનું કારણ છે. આવી પ્રતીતિ થયા પછી અલ્પ રાગ રહે તે પરના પડખે જાય છે.'** (પરમાગમસાર-૧૦૦૫). છેલ્લા જે છે ને એ બધા (એ પ્રકારના છે). **'વર્તમાન ઉદયમાં જીવ એટલો બધો રચ્યોપચ્યો રહે છે કે ભાવિના સાદિ અનંત કાળમાં મારું શું થશે ?'** હવે પછી જે શરૂ થયેલો કાળ તે અનંત કાળ છે એમાં મારું શું થશે ? **'તે વિચાર પર એનું વજન નથી આવતું.'** (પરમાગમસાર-૯૯૮). એટલા વિચાર ઉપર પણ જો વજન જાય તો ઉદયનો રસ ફિક્કો પડી જાય.

**'હજારો વર્ષના શાસ્ત્ર-ભણતર કરતા એક ક્ષણનો સ્વાનુભવ વધી જાય છે. જેને ભવસમુદ્રથી તરવું હોય તેણે સ્વાનુભવની વિદ્યા શીખવા જેવી છે.'** (પરમાગમસાર-૧૦૦૦). આ બધા બહુ જૂના આત્મધર્મમાંથી લખાઈ ગયેલા છે. આ એક તો બહુ ઊંચો બોલ આવ્યો છે. **'વિકલ્પ વિનાની જ્ઞાનની વેદના કેવી છે તેનું અંતર્લક્ષ કરવું તેનું**

**નામ ભાવશ્રુતનું લક્ષ છે. રાગની અપેક્ષા છોડીને સ્વનું લક્ષ કરતા ભાવશ્રુત ખીલે છે ને તે ભાવશ્રુતમાં આનંદના ફુવારા છે.'** (પરમાગમસાર-૧૦૦૨).

**'હું શુદ્ધ ચિદ્રૂપ છું' એવા નિર્ણયથી શુદ્ધ ચિદ્રૂપ પ્રાપ્ત થાય છે. તે શ્રુતસમુદ્રમાંથી નીકળેલું ઉત્તમ રત્ન છે. સર્વ તીર્થોમાં તે ઉત્કૃષ્ટ તીર્થ છે. સુખોનો તે ખજાનો છે, મોક્ષનગરીમાં જવા માટેનું તે ઝડપી વાહન છે અને ભવના વનને બાળી નાખવા માટે તે અગ્નિ છે.'** (પરમાગમસાર-૧૦૦૪). એ બધા બોલ છે. એ પહેલા તો આમાં લીધા હતા. 'અધ્યાત્મ પરાગ' કે એવું લીધું છે ને ? 'ગુરુદેવે' વાંચ્યા પછી એ બોલ વાંચ્યા પછી કહે, સારા બોલ આમાં આવ્યા છે. આ બધા એમાંથી ખેંચેલા છે. 'અધ્યાત્મ પરાગ'માં એ જૂના ઓલામાંથી ખેંચેલા છે.

૪૫ વર્ષમાં તો હજારો વાતો આવી છે. એ તો પોતે કહેતા ને કે આ તો મોતીઓ તણાય છે. એવી આ એક નદી વહે છે-જ્ઞાનની ગંગા, એમાં મોતીઓ તણાય છે. ભાગ્યવાન હોય એ એક હાથ આમ આડો રાખે ત્યાં મૂઠી ભરાય જાય એવું છે. એક બહુ ગામઠી ભાષાનો શબ્દ છે 'ભાગ્યવાન કર વાવરે.' વાવરે એટલે ખાલી આમ કરે ત્યાં મુઠી ભરાય જાય. એટલા બધા રત્નો તણાય છે કે ખાલી આમ કરીને આમ હાથ અંદર કરે ત્યાં મુઠ્ઠી ભરાય એટલા રત્ન હાથમાં આવે. એ પોતે ને પોતે કેટલી વાતો તો એવી રીતે મૂકેલી છે કે આવું ચાલ્યું જાય છે. ધ્યાન દેવા જેવો વિષય છે. ખાસ કરીને કોઈ વ્યાખ્યાનમાં જોકું ખાય તો 'ગુરુદેવ' ધ્યાન ખેંચતા કે આ બહુ કિંમતી વસ્તુ જાય છે. આ એનું એ આવે છે અને એનું એ છે અને આ રોજ સાંભળીએ છીએ, એમ જો કિંમત-મહિમા ઊડી ગઈ પછી લક્ષ નહિ રહે. પણ ટાંપીને જેમ કોઈ બેઠો હોય, શું નીકળે છે ? ઝીલવા માટે. એ પકડે, ગ્રહણ કરે. એક વ્યાખ્યાન સાંભળવા માટે વીસ માઈલ ચાલીને જવું પડે ત્યારે કિંમત થાય એવું છે. ત્યાં સુધી કિંમત થવી મુશ્કેલ છે. 'ભાવનગર'થી 'સોનગઢ' સુધી ચાલીને જાવું પડે, બીજું કોઈ સાધન ન હોય, પછી એક કલાક મળે તો એ કલાકની કિંમત બરાબર આવે.

**'જેનો અપાર મહિમા છે. (જેને) જાણતાં ભવભાર મટે છે. એવા**

**મહા અવિકાર સમયસારને જાણી લેજો.**' 'સમયસાર' શબ્દ અહીંયાં વાપર્યો છે. એવો મહાન પરિપૂર્ણ અવિકારી, વિકારનો અભાવ નહિ, છે જ નહિ જેમાં મૂળથી, એવો જે સમયસાર નામ શુદ્ધાત્મા, નિજ શુદ્ધ સ્વરૂપ એને જાણી લેજો. એનો ઓળખી લેજો, એને અનુભવી લેજો. એના ઉપર 'દીપચંદજી'એ પોતાનું જ એક પદ લીધું છે. ૫૯ નંબર આપ્યો છે એટલે 'જ્ઞાનદર્પણ' હશે એમ લાગે છે. 'જ્ઞાનદર્પણ' પદમાં રચેલું છે.

મુમુક્ષુ :- ૩૦માં જ્ઞાનદર્પણ લખ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આ પણ જ્ઞાનદર્પણ હશે. પાછળ ફૂટનોટમાં છે. એ ૩૦મું પદ છે. અને આ ૫૯મું છે. ત્યાં 'જ્ઞાનદર્પણ' લખેલું છે.

**આતમદરવ જાકૌં કારણ સદૈવ મહા,**
**એસો નિજ ચેતનમાં ભાવ અવિકારી હૈ;**

અવિકારી મહા સમયસાર લીધો ને ? એટલે એના ઉપથી આ વાત લીધી કે કેવો આત્મસ્વભાવ છે ? નિજ ચૈતન્યમાં કેવો આત્મસ્વભાવ અવિકારી છે ? કે મહાન અવિકારી ભાવ છે. '**આતમદરવ જાકૌં કારણ સદૈવ મહા,...**' એ આત્મદ્રવ્ય એને કારણરૂપ છે. પોતે જ કારણ અને પોતે જ કાર્ય. '**તાહીકી ધરણહારી જીવકી સકતિ એસી,...**' એને ધારણ કરનારી '**તાસૌં જીવ જીવૈં તિહું કાલ ગુણધારી હૈ;...**' એવી શક્તિને-સ્વભાવને ધારણ કરનારો અનંતગુણધારી, અનંતગુણને ધારણ કરનાર, ત્રણે કાળે ધારણ કરનાર એવો જીવ જીવે છે. સદાય જીવંત છે. '**દ્રવ્યગુણપર્યાય યે તો જીવદશા સબ, ઈનહીમૈં વસ્તુ જીવ જીવનતા સારી હૈ;...**' એમ દ્રવ્યગુણપર્યાય છે એ તો ફક્ત એની ભિન્ન-ભિન્ન અવસ્થા બતાવી છે. દ્રવ્યથી, ગુણથી, પર્યાયથી. પણ એમાં જીવવસ્તુ જે સામાન્ય જીવતત્ત્વ છે. એ '**જીવનતા સારી હૈ;...**' એ જીવતત્ત્વ છે. સામાન્ય તત્ત્વ તે જીવ છે. ભેદ નિરપેક્ષ. દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદથી નિરપેક્ષ એવું જીવનું જીવન છે.

'**સબકૌ આધાર સાર મહિમા અપાર જાકી, જીવનસકતિ દીપ જીવ સુખકારી હૈ.**' દીપ છે એ 'દીપચંદજી'ની પોતાની રચના છે એટલે દીપ શબ્દ લીધો છે. પોતાને ને પોતાને સંબોધીને કહે ને. '**સબકૌ**

**આધાર સાર મહિમા અપાર જાકી,...**' એ બધાયનો સારભૂત છે. અવલંબનના આધારભૂત છે અને જેની મહિમાનો કોઈ પાર નથી. એવો અપાર મહિમાધારી એ જીવનશક્તિ (છે). હે 'દીપચંદજી'! પોતે પોતાને કહે છે કે, સુખકારી જીવ તો આ છે. સુખસમુદ્ર તો આ જીવ છે.

એમ આત્મસ્વરૂપની મહિમાનું એ પદ છે અને એ સર્વજ્ઞ ભગવાન કહે છે કે વાણીમાં આનો મહિમા પૂરો પડે એવો નથી. વાણીની શક્તિ મર્યાદિત છે. સ્વભાવનો મહિમા અમર્યાદિત છે. અપાર મહિમા છે એટલે વાણીમાં તો પૂરો પડે એવું નથી. એમાં પણ છદ્મસ્થની વાણીમાં તો સંકેતમાત્ર આવે છે. છદ્મસ્થની વાણીમાં સંકેતમાત્ર આવતો હોવા છતાં શ્રુતજ્ઞાનમાં એવી શક્તિ છે કે આખેઆખો માપે છે એને. આખેઆખો જ્ઞાનમાં લઈ લે છે.

**'સદાય જીવો એમ કરો કે જેથી તે (આત્મા) (આત્માનો) દ્રોહી ન થાય,...**' આહા..! કેવી વાતો કરી છે ! હે જીવો ! સદાય તમે એવું કરો કે તમારો આત્મા, તમારો આત્માનો દ્રોહ ન કરે. તમારા આત્માનો વિરોધ ન કરે. સ્વભાવની વિરાધના ન થાય એવું, હે જીવો ! તમે સદાય કરો. તમારા સ્વભાવની વિરાધના ન થાય, આરાધના થાય એવું કરો એમ કહે છે. વિરાધના થાય એવું ન કરો.

**'જિનાગમમાં એવી વાત કહી છે કે પોતાને અવલોક્યે શુદ્ધ ઉપયોગ થાય.**' જુઓ ! આ શુદ્ધોપયોગનો વિષય લીધો છે. **'જિનાગમમાં એવી વાત કહી છે...**' જિનાગમના નામે વાત મૂકે છે કે પોતાના અવલોકનથી ઉપયોગની શુદ્ધિ થાય. જો શુદ્ધોપયોગ કરવો હોય તો નિજ અવલોકન કરો. નિજમાં નિજનું અવલોકન કર્યે ઉપયોગની શુદ્ધિ થાય છે-શુદ્ધોપયોગ પ્રગટે છે. એ તો અનુભવવર્ણનમાં તો ઘણું આવશે પણ એ પહેલા કેટલું નાખ્યું છે. હવે એનું પ્રકરણ જ આવે છે-અનુભવવર્ણનમ્. સ્વાનુભવનું વર્ણન કરશે. ભવ-અનુભવની એવી સૂક્ષ્મ વાતો લખી છે. ઘણું લખ્યું છે.

મુમુક્ષુ :- આપણા ઉપર પત્ર લખતા હોય એના જેવું લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બહુ રસિક વર્ણન છે એમનું. અનુભવરસમાં ભીંજાયેલી કલમ છે એમની. કલમ ચાલી છે પણ બહુ શક્તિ હશે એમની. એ પોતે એટલા માટે તો આગળ કહી ગયા કે અમે

આ સ્તંભ રોપ્યો છે. અમે તો આ અનુભવનો સ્તંભ રોપ્યો છે. વિજયસ્તંભ રોપ્યો છે. હવે અમે પાછા પડીએ એવું નથી. શરૂઆતમાં એક જગ્યાએ આવે છે. અનુભવનો રણસ્તંભ રોપ્યો છે. હવે અમારી પરિણતિ પાછી નહિ પડે.

મુમુક્ષુ :- ૧૨મું પાનું.

પૂજ્ય ભાઈશ્રી :- ૧૨મું છે ? બરાબર છે. ચોથી લીટી.

'**ભગવાનની ભાવનાથી સંતો મહંત થયા.**' હું ભગવાન છું. એવી ભગવાનની ભાવનાથી, ભગવાનઆત્માની ભાવનાથી સંતો મહંત થયા. '**મેં પણ આ જ ભાવાનાનો અવગાઢ થંભ રોપ્યો છે. સમ્યગ્દૃષ્ટિને એવો નિરંતર અભ્યાસ રહે છે.**' અવગાઢ સ્તંભ રોપ્યો છે. અમારી પરિણતિ ગાઢ છે. હવે આ થાંભલો જે નાખ્યો (છે) એ અહીંથી હવે પાછો ફરવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- પોતાને અનુભવ થયો છે એવો સંકેત છે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્પષ્ટ વાત છે.

'**મેં પણ આ જ ભાવનાનો અવગાઢ થંભ રોપ્યો છે.**' ભગવાન આત્માની નિર્વિકલ્પ ભાવના અમને વર્તે છે, એકાગ્રતા વર્તે છે. ત્યાંથી અમારી પરિણતિ પાછી ફરે એવું નથી. એ તો જો કે ન લખ્યું હોય તોપણ એ સાબિત થાય છે કે અનુભવ વગર આ વાત કેવી રીતે લખી ? આટલી બધી ઢગલાબંધ અનુભવની વાત. એક વાત કરવી હોય ને. જે વિષયમાં પ્રવેશ ન હોય એવો જે અધ્યાત્મનો નિર્વિકલ્પ વેદનનો જે વિષય, કે જ્યાં પ્રવેશ ન હોય એની વાત કરવી હોય એટલે એ તો વાત કરે તો એને ખબર પડે કે આમાં આબરૂ જાય એવો વિષય છે આ તો. કિંમત ઊડી જાય. એમાં એક જરાક ભૂલ પડે એટલે આખી કિંમત જાય એ તો. કે આ ગપ્પુ મારે છે. ઢગલાબંધ વાતો કરી છે. થોકબંધ વાતો કરી છે. એકલી અનુભવની જ કથા માંડી છે. બીજી કથા જ નથી. એટલે એ તો પૂછવું પડે એવું નથી કે અનુભવી હતા કે નહિ ?

મુમુક્ષુ :- સ્પષ્ટ સંકેત છે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્પષ્ટ છે. પૂછવું પડે એવું નથી. એમના જીવન વિષે તો બહુ હકીકતો મળતી નથી. એ વિષયનો આમાં કાંઈ ઉલ્લેખ નથી. ખાલી 'આમેર'ના રહીશ હતા અને 'જયપુરી' કહેવાયા છે. એટલું

જ છે. એ બાજુના છે. 'જયપુર'ની આજુબાજુના.

**'જિનાગમમાં એવી વાત કહી છે કે પોતાને અવલોક્યે શુદ્ધ ઉપયોગ થાય.'** વિચાર કરવાની વાત તો જેને વિચાર નથી આવતો એને કહે છે કે કર વિચાર તો પામ. પણ જે તત્ત્વનો વિચાર કરે છે એને એમ કહે છે કે અવલોકન કર તો ઉપયોગ શુદ્ધ થાય. શુદ્ધ ઉપયોગમાં પામવાની વાત છે ને ? પામવું એટલે અનુભવવું. અવલોકન કર તો પામ. વિચાર છે એ તર્કણાપ્રધાન પરિણામ છે, તર્કણાપ્રધાન પરિણામ છે.

અવલોકન છે એ અનુભવપ્રધાન પરિણામ છે. અવલોકનમાં અનુભવમાં આવતા ભાવના અનુભવને અવલોકવો છે. અનુભવને તપાસવો છે કે આમાં અનુભવ શું થાય છે ? જેમકે જ્ઞાન છે. ચાલતા પરિણામમાં જ્ઞાન છે. તો જ્ઞાનનો અનુભવ શું છે ? અનુભવ જ્ઞાનને થાય છે. જ્ઞાનને જ્ઞાનનો શું અનુભવ થાય છે ? અવલોકન કરે તો ઉપયોગ શુદ્ધ થાય એવું છે, સ્વસંવેદન થાય એવું છે. આવો વિષય છે. જવું જોઈએ એની અંતર અવલોકનની દિશામાં. એવો વિષય છે.

મુમુક્ષુ :- બીજા ગુણને .. ન કરો તો જ્ઞાનમાં જ્ઞાનનું વેદન શું ?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન પોતે જ વેદન સ્વભાવી છે.

મુમુક્ષુ :- વેદનની મુખ્યતા છે. જ્ઞાનમાં જ્ઞાનનું વેદન શું છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો અભેદ વાત છે. કથનમાં ભેદ છે, કથનમાં ભેદ છે. જ્ઞાન પોતાને વેદતું જ ઊપજે છે. જ્ઞાનના જે પર્યાયનું ઉત્થાન છે એ પોતાને વેદતું જ ઊપજે છે, પોતાને અનુભવતું જ ઊપજે છે. એ સ્વયંના અનુભવશીલ સ્વભાવી છે. અનુભવ સ્વભાવી છે. સ્વયંના અનુભવશીલપણું છે એનામાં. પોતાને વેદતું જ ઊપજે છે. પણ અવલોકન કરે એને આવિર્ભાવ થાય એટલે સ્વસંવેદન થાય. અવલોકન કરે તો. બહુ સૂક્ષ્મ વિધિ લીધી છે.

શુદ્ધોપયોગ કરવાની વિધિ શું ? એનો આ સીધો ઉત્તર છે કે, પોતાને અવલોક્યે ઉપયોગ શુદ્ધ થાય. એ અવલોકન કરનાર પણ ઉપયોગ છે. ઉપયોગ ઉપયોગને અવલોકે છે એટલે પોતાના અનુભવને જોવે છે તો અનુભવની તારતમ્યતા વધીને વેદનનો આવિર્ભાવ થઈ જાય છે. જે વેદન તિરોભૂત થયેલું વર્તી રહ્યું છે તે આવિર્ભૂત થઈને વર્તવા લાગે.

મુમુક્ષુ :- 'દીપચંદજી'નું એક 'આત્મઅવલોકન' છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, આવો જ ગ્રંથ છે એ. 'અનુભવપ્રકાશ'ની લગભગ ઘણી વાતો એ આત્મ અવલોકનમાં છે. કેમકે ત્યાં આત્મ અવલોકન એ અવલોકન શબ્દ જ અનુભવના અર્થમાં લીધો છે. કેમકે અવલોકનમાં શું ? અવલોકનમાં તો બહારમાં આપણે દૃષ્ટાંત લઈ શકીએ કે ભાઈ, તમને ત્યાં અવલોકન માટે મૂક્યા છે. જે થાય એ તમારે જોયા કરવાનું છે. એટલે તપાસ રાખવાની છે. ઓબ્જર્વેશન જેને કહીએ. પણ એ તો પરપદાર્થની વાત છે. અહીં તો જેને અવલોકવાનું છે એ અવલોકનાર પોતે જ પોતાને અવલોકે છે. અવલોક્ય અને અવલોકક બેય એક જ છે, જુદા જુદા નથી. એટલે એ વિષયમાં ભેદ ખલાસ થાય છે. એમાં પછી ભેદ નથી રહેતો. કેમકે પોતે અવલોકન કરનાર છે અને પોતે જ પોતાને અવલોકે છે. જે અવલોકન કરનાર છે એ જ પોતાને અવલોકે છે. ત્યાં પછી ભેદ રહેતો નથી. એમ ત્યાં ભેદ નિરસ્ત થઈ જાય છે.

એમ '**જિનાગમમાં એવી વાત કહી છે કે...**' જુઓ ! જિનાગમથી વાત લીધી. '**પોતાને અવલોક્યે શુદ્ધ ઉપયોગ થાય. પરનો વિયોગ ભાવ્યે,...**' એટલે એમાં પરનો અભાવ છે. વિયોગ નામ એમાં પરનો અભાવ છે. એવો પોતાનું ભાવે. રુચે. એકલું જાણે નહિ. ભાવે, રુચે એવી વાત લીધી છે. સહજ ઓળખાય. સહજ જ એની ઓળખાણ થાય કે પોતે કેવો છે ? '**ઓળખાય. ત્રણ લોકનો નાથ વિખ્યાત છે.**' પ્રસિદ્ધ છે. આ આત્મા ત્રણ લોકનો નાથ પ્રસિદ્ધપણે છે. આમાં કાંઈ કોઈને પૂછવા જવું પડે એવું નથી કે પોતે ત્રણ લોકનો નાથ છે કે નહિ. એવો ઓળખાય.

'**ત્રણ લોકનો નાથ વિખ્યાત છે. નિજ અનુરાગપૂર્વક વીતરાગભાવને ધારણ કરો;...**' નિજ અનુરાગપૂર્વક કહો, નિજ સ્વરૂપની ભાવનાપૂર્વક કહો. '**વીતરાગભાવને ધારણ કરો,...**' વીતરાગભાવમાં આવો, વીતરાગભાવમાં રહો. '**આ દાવ પામ્યા છો, ફરી (આવો) ઉપાય મળવાનો નથી,...**' આ તક જે મળી છે. આ વિષયને સ્પર્શવાની, આ વિષયને સમજવાની, આ વિષય સુધી પહોંચવાની જે તક મળી છે એ ફરી ફરીને મળવાની નથી. ઉપેક્ષા કરી કે

ગયો ક્યાંયનો ક્યાંય. કરોડો, અબજો, અસંખ્યાત અનંત કાળ સુધી ઉપેક્ષા કરનાર જીવનો પત્તો લાગતો નથી. આ જે કહે છે ને વિરાધના કરે છે એ નિગોદમાં જાય છે. એમાં શું છે ? સ્વભાવની ઉપેક્ષા છે. દેવની ઉપેક્ષા, ગુરુની ઉપેક્ષા, જ્ઞાનીની ઉપેક્ષા, આગમની ઉપેક્ષા. એ ચારેય જે સ્વભાવને દર્શાવનારા નિમિત્તો છે, સ્વભાવની પ્રાપ્તિના જે માત્ર ચાર નિમિત્તો છે (એમની) ઉપેક્ષા કરી એટલે એ નિગોદમાં શું કરવા એને કહી દીધું ? એ એક એવું સ્થાન છે કે અનંત કાળે ત્યાંથી જીવ નીકળી શકતો નથી. ત્યાં ને ત્યાં એક શ્વાચ્છોશ્વાસમાં અઢાર વખત જન્મ-મરણ (કરે). ત્યાં ને ત્યાં જન્મ. હોથા નીકળી જાય. કેટલા કાળ સુધી ? કે જેનું માપ કાઢવું મુશ્કેલ પડે એટલા કાળ સુધી. એનું આ કારણ છે.

ફરી ફરીને **'આ દાવ પામ્યા છો, ફરી (આવો) ઉપાય મળવાનો નથી,...'** આવી તક નહિ મળે. માટે સાવધાનીથી, જાગૃતિથી વીતરાગભાવને નિજ અનુરાગથી, નિજ સ્વરૂપની ભાવનાથી ધારણ કરો. બધું ગૌણ કરીને, તમામ (ઉદયને) ગૌણ કરીને, આખા જગતને ગૌણ કરીને, ગૌણ કરીને શું આખા જગતને એકવાર તો લાત મારીને. 'જગત ઈષ્ટ નહિ આત્મથી, મધ્યપાત્ર મહાભાગ્ય' લખ્યું છે કે નહિ ? **'માટે જેનાથી ભવફંદ મટે એવો ભાવ ધારણ કરો.'** જેનાથી ભવભ્રમણના ચક્કર મટે એવો ભવના અભાવ કરવાનો ભાવ ધારણ કરો.

**'તેથી માનસ્થંભને મટાડી, માયાજાલને જલાવી,...'** ચારેય કષાય લીધા છે. પણ માન પહેલો લીધો છે. **'તેથી માનસ્થંભને મટાડી,...'** માનરૂપી મજબૂત થાંભલો છે એને મટાડી. માયાની જાળ છે, જેમાં ઘૂંચાઈ જાય છે. **'માયાજાલને જલાવી, ક્રોધાગ્નિને બુઝાવી,...'** બધાને જુદી જુદી ઉપમા આપી છે. માનને સ્થંભની ઉપમા આપી છે, માયાને જાળની ઉપમા આપી છે, ક્રોધને અગ્નિની ઉપમા આપી છે. **'ક્રોધાગ્નિને બુઝાવી, લોભલહરીઓને મટાડી,...'** લોભને આ જેમ પાણીના તરંગ આવે એક પછી, એમ લોભની લાળ ચાલે છે.

**'લોભલહરીઓને મટાડી, વિષયભાવનાને ન ભાવી....'**

પરપદાર્થની ઇષ્ટતા એ વિષયભાવના છે. સુખબુદ્ધિ છે. પરપદાર્થમાં સુખની બુદ્ધિ છે એ વિષયભાવના છે. તેને નિભાવી. **'ચિદાનંદરાયપદને દેખો, દેખો,...'** ચિદાનંદ રાજાને, ત્રણલોકના નાથને ઉત્કૃષ્ટ પદને દેખો. દેખો કોઈ દેખો રે દેખો. બહુ ભાવનાથી વિષય લીધો છે. બહુ રસ આવ્યો છે એમનો. લખનારને તો એટલો બધો રસ છે.

**'પોતે પોતાને ગવેષો.'** દેખો અને અંદરમાં ઊંડા ઊતરીને પોતે પોતાને ગવેષો. અંતર ગવેષણા કરીને અંતઃતત્ત્વ સ્વરૂપ જે નિજાત્મપદ છે, પરમપદ છે એને તમે ઓળખી લ્યો. ગવેષીને જાણી લ્યો એને. ગવેષો શબ્દ લીધો છે. વિચારવું એક વાત છે. અંતર ગવેષણા કરવી એ વિચારણાનું, ઊંડા અંતર વિચારનું સ્થાન છે. વિચાર વિચારમાં પણ ફેર છે. એક સ્વલક્ષી વિચારધારા ચાલે તો એમાંથી એનો વિષય નિર્વિકલ્પ તત્ત્વ હોવાથી વિકલ્પનો નાશ થાય. મુખ્ય વિષય. અને એમ ને એમ વિચારધારા ચાલે (એમાં) વિકલ્પ વૃદ્ધિનું કારણ થાય. બેય વિચાર કહેવાય. આ શેનો વિચાર કરે છે ? તત્ત્વનો વિચાર કરે છે. તત્ત્વનો વિચાર કઈ પદ્ધતિથી કરે છે ? એની પદ્ધતિ શું છે ? એ જોવું જોઈએ.

**'પોતે પોતાને ગવેષો. પરવેદનાનું ઉચ્છેદન કરી, સહજભાવ ધરી, અન્તર્વેદી થઈ, આનંદધારાને નિહાળી નિશ્ચયરૂપ પરમાત્માને દેખો.'** એ તો એમની પદ્ધતિ જ એવી છે. રસ આવે છે એટલે ફેરવી ફેરવીને જુદા જુદા શબ્દોથી સ્વાનુભવની વાત પાછા કરતા જાય છે. **'પરવેદનાનું ઉચ્છેદન કરી,...'** પરવેદનાનું ઉચ્છેદન કરી (એટલે) આ જે અધ્યાસ છે એ પરવેદનરૂપ છે. આ વેદનનો વિષય છે એ એક વખત સરખી રીતે એને સમજાય તો ઘણું સમજાય એવું છે અને એ અવલોકનથી સમજાય એવું છે. વેદનનો વિષય તર્કણાથી સમજાય એવો નથી.

જેમ સ્વાદનો વિષય ચાખ્યા વિના સમજાય એવો નથી. બરાબર છે ? એક રસ છે. સ્વાદનો રસ પારખવો છે એ તો ચાખ્યા વિના એનો સ્વાદ કે રસ સમજાય નહિ. એમ વેદનનો વિષય વેદનને અવલોક્યા વિના, વેદનનું અવલોકન કર્યા વિના સમજાય એવો નથી. પરવેદન શું છે ? એ પરવેદન જે ચાલી રહ્યું છે એને તો સમજે. ચાલો. કોઈ એમ કહે કે

સ્વવેદન નથી પકડાતું પણ પરવેદનમાં તો છો કે નહિ ? શાતા-અશાતા અનેક પ્રકારના ઈષ્ટ-અનિષ્ટને, સુખને-દુઃખને વેદે છે કે નહિ ? વેદવું શું છે એટલું તો સમજે.

જેમ કોઈ પરમાં પ્રવેશ થઈ જાય છે એવો એની અંદર ભાવ છે. પરપ્રવેશભાવ એ પરવેદનનો ભાવ છે. જેમકે સાકર જીભ ઉપર આવી, દ્રાક્ષ જીભ ઉપર આવી તો જાણે કે એનો રસ જ્ઞાનમાં આવી ગયો. સ્વાદ લેતા આ ખાટી-મીઠી દ્રાક્ષ સારી છે, એમાં દ્રાક્ષનો રસ જાણે જ્ઞાનમાં પ્રવેશ કરતો હોય એવી રીતે વેદે છે, એનો અનુભવ કરે છે. દ્રાક્ષના રસનો રસાસ્વાદ લેતા પોતામયપણે એનો અનુભવ કરે છે. આ જાણે દ્રાક્ષનો રસ જીભ મારફત જ્ઞાનમાં ઉતરે છે. દ્રાક્ષનો રસ જ્ઞાનમાં ઉતરતો હશે કે નહિ ઉતરતો હોય ? વેદે છે એમાં આવો પ્રકાર છે. જાણે કે પરનો પ્રવેશ થઈ ગયો. પરનો નિજમાં પ્રવેશ થઈ ગયો અને પરમાં પોતાનો પ્રવેશ થઈ ગયો. એવી રીતે જે પરવેદન કરે છે એને ઉચ્છેદન કરીને. જેમ કુહાડો મારીને ઝાડનો મૂળમાંથી ઉચ્છેદ કરે, એનું ઉચ્છેદન કરીને. ભિન્ન ભાવના વેદન વિના એની ભિન્નતા સમજ્યા, જાણ્યા અને અભ્યાસ્યા વિના, ભિન્નતાનો ભિન્નપણે અભ્યાસ કર્યા વિના એનું ઉચ્છેદન કેવી રીતે થાય ?

મુમુક્ષુ :- એમાં તો ઘણું બળ જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- બળ તો છે અંદર પણ હવે એનો ઉપયોગ નથી કરતો. બળ જોવે તો કાંઈ નથી એવું થોડું છે ? કોઈ એમ કહે કે, ભાઈ ! આ માલ ખરીદવામાં પૈસા ઘણા જોવે. પણ અંદર પેટીમાં પડ્યા છે એને શું કરવાના છે ? જો કિંમતી ચીજ છે, ઉપયોગી ચીજ છે તો અંદર મૂડી તો પડી છે. ઘણું બળ જોવે તો અનંત વીર્યનો ભંડાર આત્મા છે, વીર્યનો પિંડ છે. બળ ક્યાંયથી લાવવું પડે એવું નથી. અંદર છે બળ. બળ તો ઊપજે એવું છે.

શાંત બેઠો છે. કોઈ માણસ એમ કહે કે, ભાઈ ! અત્યારે કાંઈ કોઈ પરિણમનનું બળવાનપણું નથી દેખાતું. જરાક જોરથી આવેશમાં આવે તો જોર દેખાય છે કે નથી દેખાતું ? ક્યાંથી આવ્યું ? બહારથી આવ્યું ક્યાંયથી ? જોર તો અંદર પડ્યું જ છે.

**'પરવેદનાનું ઉચ્છેદન કરી, સહજભાવ ધરી,...'** પોતાની

સ્વરૂપની સહજતાનો ભાવ ધરીને. એમ. સાથે સાથે કેટલું કહેતા જાય છે. આમ કરો.. આમ કરો... આમ કરો... ગવેષો, ફલાણું કરો... ફલાણું કરો... પણ કોઈ કૃત્રિમતા નથી લેવી. ક્યાંય કૃત્રિમતા નથી લેવી. સહજભાવ ધરી. એટલી વાત સાથે લઈ લ્યે છે. આમ કરો.. આમ કરો.. માયાજાળને જલાવો, માનસ્થંભને મટાડો, ક્રોધાગ્નિને બુઝાવો, ચિદાનંદને દેખો. પણ બધું સહજભાવ ધરીને. સહજતા લીધી છે.

'**પરવેદનાનું ઉચ્છેદન કરી, સહજભાવ ધરી,...**' એટલે સહજપણે જ્ઞાતા-દૃષ્ટા રહીને અંતર્વેદી થઈને પોતાના અનંત ગુણસ્વરૂપ અખંડ આત્મતત્ત્વનું વેદન કરીને. એમાં વ્યાપ્ય-વ્યાપકભાવ થઈ શકે છે. પરપદાર્થમાં વ્યાપ્ય-વ્યાપકભાવનો અભાવ છે. થઈ ન શકે. દ્રાક્ષમાં, લાડવામાં જ્ઞાન વ્યાપી ન શકે. જ્ઞાનમાં એનો રસ, ગળ્યો રસ, ખાટો રસ વ્યાપી ન શકે. પણ પોતાના સ્વરૂપમાં તો પોતે વ્યાપ્ય-વ્યાપક ભાવે જ છે. એમાં એને વ્યાપવા માટે કાંઈ બીજું કરવું પડે એવું નથી. સ્વરૂપથી જ પોતે વ્યાપ્ય-વ્યાપકપણે છે.

સૂતરનું એક દૃષ્ટાંત આવે છે. સૂતર છે એ જેટલું લાબું છે એટલું છે અને જેટલું વજનમાં છે એટલું છે. ઘૂંચવાયેલું હોય તો એનો ઉપયોગ ન થાય અને ન ઘૂંચવાયેલું હોય તો એનો બરાબર જે ઉપયોગ કરવો હોય તે થાય. હવે ઘૂંચવણ છે અને વગર ઘૂંચવણ છે એ અવસ્થાભેદ છે ખાલી. સૂતરમાં શું ફેર પડે છે ? ન તો એનું વજન વધઘટ થાય છે કે ન તો એની લંબાઈ ઓછીવત્તી થાય છે. આ એવું આત્માનું છે.

વ્યાપ્યવ્યાપકભાવે પોતાના સ્વરૂપે પોતે સદાય શાશ્વત હોવા છતાં પરવેદનમાં ઘૂંચવાણો છે. એ મારું ગયું... એ મને આવ્યું... એ મારું ગયું. મારું આમ ને મારું આમ, મારું આમ ને મારું આમ. એના વેદનમાંથી એ બહાર નીકળી શકતો નથી. કલ્પનામાત્ર છે. કેમકે એમાં વ્યાપી તો શકતો નથી. વેદતો હોવાનું માનતો હોવા છતાં. લાડવો ખાતો હોવાનું માનતો હોવા છતાં ખાઈ શકતો નથી, વેદી શકતો નથી. પણ કલ્પનાએ એવું ઘર કરી ગયેલી કલ્પના છે કે ચોરાશી લાખના અવતારમાં પરિભ્રમણ એ કલ્પનાને વશ થાય છે. દુઃખી.. દુઃખી.. દુઃખી.

મુમુક્ષુ :- તે વખતે સ્વરૂપ તો જેવું ને તેવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપ તો જેવું ને તેવું. પણ નક્કોરે નક્કોર એવું ને એવું છે. એનામાં કોઈ ફેરફાર થાય એ વસ્તુસ્થિતિ નથી.

'**સહજભાવ ધરી, અન્તર્વેદી થઈ, આનંદધારાને નિહાળી...**' આનંદધારાનો અનુભવ કરી. નિહાળીનો અર્થ અનુભવ કરીને. આનંદધારાનો અનુભવ કરીને, આનંદધારાએ પરિણમીને '**નિશ્ચયરૂપ પરમાત્માને દેખો.**' ઘણાને તો નિશ્ચય શબ્દથી જ પ્રેજ્યુડાઈઝ થઈ જાય છે કે આ નિશ્ચય... નિશ્ચય.. નિશ્ચય (કહ્યા કરે છે). પણ આ નિશ્ચયરૂપ તો પરમાત્મા છે. નિશ્ચયરૂપ તો પરમાત્મા છે. એને આનંદથી નિહાળો. આનંદમય પરમાત્મા છે. અનંત આનંદની મૂર્તિ છે તેને આનંદમાં રહીને, આનંદમાં પરિણમીને એને નિહાળો.

મુમુક્ષુ :- નિશ્ચય એટલે દ્રવ્યાર્થિકનયના વિષયભૂત નિશ્ચય ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય છે. નિશ્ચયનય પરમાત્મા છે. નિશ્ચયનય જ પરમાત્મા છે એમ પછી કહેવામાં આવે છે. આગળ એક બોલ આવી ગયો, નિશ્ચયનય પરમાત્મા છે. કેમકે એમાં પરમાત્માનો અનુભવ છે.

મુમુક્ષુ :- એનો અર્થ તો એમ થાય ને કે નિશ્ચય તે ધર્મ અને વ્યવહાર અધર્મ.

પૂજ્ય ભાઈશ્રી :- વ્યવહાર તો રાગ છે તો અધર્મ જ છે ને. પણ વ્યવહારમાં શું છે કે જે શુદ્ધ પરિણામ છે એ શુદ્ધ વ્યવહાર છે. ત્યાં પાછો ખ્યાલ રાખવો પડે.

૪૩ પાને. ૪૩માં પાને છે. ઉપરથી આઠમી લીટી. '**પરમાત્માનું શ્રદ્ધાન-જ્ઞાન, નિશ્ચયથી કેટલીક જ્ઞાનાદિ શુદ્ધશક્તિથી, થયું તેવી જ રીતે આચરણ થયું, નિશ્ચયનય પરમાત્મા છે. પરિણતિ તેવી જ નિશ્ચયરૂપ પરિણમી છે....**' જેવો પરમાત્મા છે. એટલે નિશ્ચયનય પોતે જ પરમાત્મા છે. પરમાત્મસ્વરૂપના સ્વાકારભાવે પરિણતિ તે નિશ્ચયનય છે. અધ્યાત્મનો નિશ્ચયનય. તે નિશ્ચયનય પોતે જ પરમાત્મા છે. દ્રવ્યગુણપર્યાયથી અભેદ. અભેદ અનુભવ લીધો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નિશ્ચયનય પરમાત્મા છે. બેય અર્થ થાય એના.

એક તો જાણે પરિણતિ તેવી જ નિશ્ચયરૂપ પરિણમી છે. પરમાત્મ આકારે, પરમાત્મભાવે હું પરમાત્મા છું એવી પરમાત્મા ભાવે જે પરિણતિ પરિણમી એ પોતે પરમાત્મા છે. નિશ્ચયનય પોતે જ પરમાત્મા છે. નિશ્ચયનયધારી પોતે જ પરમાત્મા છે. આવે છે ને ? બધેથી આ વાત તો નીકળે છે. અને નિશ્ચયનયનો વિષય પણ પરમાત્મા જ છે. '**નિશ્ચયનય પરમાત્મા છે.**' તો નિશ્ચયનયનો ધારણ કરનાર પરમાત્મા નથી એમ કહેવાય ? કેમ બેસે ? આવું છે.

એ રીતે આનંદધારા અને આનંદમય થઈને, આનંદધારાને પ્રગટ કરીને નિશ્ચયરૂપ જે પોતાનું પરમાત્મસ્વરૂપ છે એને સ્વસ્વરૂપે અનુભવો, નિજ સ્વરૂપે અનુભવો એને દેખો એમ કહેવામાં આવે છે. (અહીં સુધી રાખીએ...)

જ્ઞાન સામાન્યની મુખ્યતામાં જ્ઞાન સામાન્યનો આવિર્ભાવ થતા સ્વસન્મુખતા આવે છે. સ્વરૂપ લક્ષે આ પ્રકારે આવેલ સ્વસન્મુખતામાં સ્વ-વેદન સહજપણે ઉત્પન્ન હોય છે. જે તારતમ્યતાએ વૃદ્ધિગત થઈ, સ્વસંવેદન / નિર્વિકલ્પતાએ પહોંચે છે. અહીં વિકલ્પ શાંત થવાનું કારણ વેદનમાં વસ્તુ 'પ્રત્યક્ષ' છે. જ્યાં જ્ઞાનનો વિષય પરોક્ષ હોય, ત્યાં જ વિકલ્પ થઈ, જ્ઞાન પ્રવર્તે, પરંતુ જ્યાં પોતે પોતાથી પ્રત્યક્ષ હોય, ત્યાં વિકલ્પની આવશ્યકતા કે અવકાશ નથી. તેમાં પણ નિર્વિકલ્પ નિર્ભેદ અને સ્વયં પ્રત્યક્ષ હોય, ત્યાં સહજ એકાકારતા થતાં, વિકલ્પ ઉત્પન્ન જ ન થાય, તે તદ્દન સ્વાભાવિક છે. અહો ! માર્ગની ગંભીરતા અને ગહનતા ! અહો ! અહો !

(અનુભવસંજીવની - ૮૨૭)

**તા. ૨૧-૧-૧૯૮૯, પાના નં. ૫૦, પ્રવચન નં. ૧૦૩**

**'આ પરિણતિરૂપ નારીથી લલચાઈ કુમતિ સખીના સંગે...'** આગળ પાછળ શબ્દ આવી ગયા છે. **'ગતિમાં પડી નિજ પરિણતિરાણીના વિયોગથી ઘણો દુઃખી થયો.'** શું કહે છે ? કે પરપરિણતિથી લલચાઈને પરપદાર્થ પ્રત્યે જે કોઈ પરિણામ અને પરિણતિ વર્તે છે, એમાં રુચિ અને એની જે મીઠાશ છે એનું ફળ ચાર ગતિનું ભવભ્રમણ છે. અધ્યાત્મવેત્તાઓએ દોષના સંબંધમાં પણ એક બહુ સૂક્ષ્મ વાત કહી છે. સ્થૂળ વિચારથી એવું લાગે કે જીવને પાંચ ઇન્દ્રિયના વિષયો છે એ ઇષ્ટ લાગે છે, એને ગમે છે. પણ ખરેખર એને તે બાજુના પરિણામ રુચે છે. પદાર્થ રુચે છે એ કરતા એ પરિણામ રુચે છે એને. કેમકે અનુભવ પરિણામનો છે, પદાર્થનો નથી. વાસ્તવિકપણે તો અનુભવ પરિણામનો છે. અને એ સૂક્ષ્મ વિચારથી વિચારવાન આત્માઓએ પ્રસિદ્ધ કરેલી વાત છે. એટલે અહીંયાં પરવિષય લેતા નથી.

**'કુમતિ સંગે ગતિ ગતિમાં પડી નિજ પરિણતિરાણીના વિયોગથી...'** નિજપરિણતિ તો શાંત પરિણતિ છે, સુખદાયક પરિણતિ છે, સુખસ્વરૂપ પરિણતિ છે. એના અભાવમાં પરપરિણતિ રુચવાથી, પરપરિણતિ ગમવાથી ચાર ગતિના ભવભ્રમણમાં પડ્યો અને ઘણો દુઃખી થયો. આ પરિભ્રમણ કરતા જીવના ભૂતકાળનો ઇતિહાસ છે. જેટલા કોઈ જીવો ચાર ગતિમાં પરિભ્રમણમાં પરિભ્રમણ કરી રહ્યા છે એનો ઇતિહાસ આ છે કે એને પરપરિણતિ રુચિ છે અને સ્વપરિણતિનો એને અભાવ વર્તે છે. અને એના ફળમાં એ અનાદિથી દુઃખી, દુઃખીને દુઃખી જ છે.

**'હવે નિજ પરિણતિની સાથે અતીન્દ્રિય ભોગ ભોગવો, જ્યાં સહજ અવિનાશી રસ વરસે છે.'** નિજ પરિણતિના અભેદ વેદનમાં આત્માના આનંદ, શાંતિ અને સુખનો ભોગવટો છે અને પોતાના

શાશ્વત સ્વભાવનો રસ વરસે છે, રસ ઉત્પન્ન થાય છે. એ રસની મીઠાશ કોઈ ઓર છે એમ કહેવું છે. આનંદનો-અતીન્દ્રિય આનંદનો ભોગવટો છે. એના માટે તો જગતના કોઈ પદાર્થના આનંદની કોઈ પદાર્થની સરખામણી, કોઈ પદાર્થ પ્રત્યેના લાગણીની સરખામણી થઈ શકતી નથી. એટલે દુઃખનો રસ્તો છોડીને નિજ આત્મિક પરિણતિ ઉત્પન્ન કરો. નિજસુખની પરિણતિ ઉત્પન્ન કરો. અતીન્દ્રિય શાંતિ અને અતીન્દ્રિય સુખને ભોગવો. કે જ્યાં જે આનંદના ભોગવટામાં સહજ અવિનાશી તત્ત્વ એવું જે આત્મા, એ આત્માનો રસ વરસે છે. આત્મિક રસનો અંદર વરસાદ થાય છે. જેમ વરસાદ થાય ત્યારે માણસ તરબોળ થઈ જાય છે, ભીંજાય જાય છે એમ આત્મિકરસમાં આત્માને તરબોળ કરો.

'**(પાનની) પિચકારીમાં પદ્મરાગમણિ કલ્પી જૂઠો જ આનંદ માનો છો,...**' એ ઉપમા લીધી છે કે '**કફનો રોગી પાન ખાઈને થૂંક્યો હોય તેને દેખી ચંદ્રના પ્રકાશમાં કોઈને એમ ભ્રમ થાય કે આ લાલમણિ છે.**' પાન ખાય, કફનો રોગી હોય, મોઢામાં ચીકાશ થાય. એ ચીકાશવાળો ગળફો બહાર કાઢે ત્યારે લાલ પાન ખાધું હોય એ કાથાનો પણ ભાગ એની અંદર લાલ રંગ પણ આવે. રાત્રે ચંદ્રના પ્રકાશમાં એ ચીકાશને ચમક સમજીને કોઈ એમ સમજે કે આ તો કોઈ લાલ મણિ છે, માણેક છે. તો એથી કાંઈ એ મેલ છે એની કિંમત માણેક બરાબર થતી નથી. કફની કિંમત કાંઈ માણેક બરાબર થતી નથી.

મુમુક્ષુ :- અજ્ઞાનને ક્યાં સુધી મેળવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- જેટલી નીચામાં નીચી ઉપમા દેવાય એ બધી એને લાગુ પડે છે અને આત્માને જેટલી ઊંચામાં ઊંચી ઉપમા દેવાય તોપણ એમ કહે છે કે આ ઉપમાથી પણ હજી મપાતો નથી. હજી પણ આ મપાતો નથી એમ કહે છે. હજારો નામથી એના હજારો ગુણને ગાવા છતાં. એટલા અનંત ગુણ છે અને એક એક ગુણનું સામર્થ્ય એટલું અવાચ્ય છે, વચન અગોચર છે. ગુણનું સામર્થ્ય પૂરું વચનગોચર નથી. એનો અનુભવ વચનગોચર નથી. આંશિક અનુભવ પણ વચનગોચર નથી. તો કહે છે કે આ ચીજ મપાતી નથી. આનું માપ આવતું નથી.

મુમુક્ષુ :- પરિપરિણતિ રુચે છે...

પૂજ્ય ભાઈશ્રી :- પણ એ રુચે છે એને. એને પરભાવ રુચે છે. પછી કોઈવાર અશુભભાવ હોય છે અને કોઈવાર શુભભાવ પણ હોય છે. પણ એ બધા પરપરિણતિ છે. શુભ અને અશુભ કોઈપણ પ્રકારનો રાગ એ પરપરિણતિ છે અને એ રાગ એને રુચે છે. પરવિષય રુચે છે એ તો ઉપચારથી કહેવાય છે અથવા સ્થૂળ કથનથી એમ કહેવાય છે. સ્થુળ વિચારથી એમ જોવાય છે. મૂળમાં તો જે રાગનો અનુભવ થાય છે એ જીવને રુચે છે એટલે એ રાગને છોડી શકતો નથી. જો રુચિ ફરે તો રાગનો નિષેધ આવે. આ એનો નિયમ છે. ભેદજ્ઞાન ત્યારે થાય કે એ ભેદજ્ઞાનમાં રાગની અરુચિ ઉત્પન્ન થાય તો.

નપરમાગમસાર'ના ૩૦૭માં બોલમાં એ વાત લીધી છે કે ભેદજ્ઞાનનું આ લક્ષણ છે, એમ કરીને વાત લીધી છે. એક એવો બોલ છે 'ગુરુદેવ'નો. '**જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું એ લક્ષણ છે કે જ્ઞાનમાં રાગ પ્રત્યે તીવ્ર અનાદર ભાવ જાગે છે, તે જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું લક્ષણ છે. રાગના જેટલા વિકલ્પો ઊઠે છે તેમાં બળું છું, તેમાં દુઃખ દુઃખ ને દુઃખ છે-**' ત્રણ વખત લખ્યું છે. એ '**ઝેર છે તેમ પહેલા જ્ઞાનમાં નિર્ણય કરે...**' પહેલા નિર્ણય કરે. પહેલા નિર્ણય કરે એટલે એમ એને લાગે. નિર્ણય કરવાનો અર્થ જ લાગવું છે, ભાસવું છે. '**તો ભેદજ્ઞાન પ્રગટે છે.**' અને જો ભેદજ્ઞાન પ્રગટે તો એના ફળમાં અનુભવ થાય. એટલે પહેલા આમ થવું જોઈએ એમ લીધું છે. પહેલા આમ થાય તો ભેદજ્ઞાન પ્રગટે.

મૂળમાં જીવને રાગ રુચે છે ત્યાં સુધી એને કોઈ ઉપાય નથી, છૂટવાનો ઉપાય નથી. રાગરસ એ તો બંધન છે, બંધતત્ત્વ જ એ કહ્યું છે. રાગરસને જ બંધન કીધું છે. તો રાગ રુચે છે ત્યાં સુધી તો એને છૂટવાનો કોઈ અવસર નથી. રાગનો અનાદર ભાવ જાગે અને રાગની અરુચિ થાય તો ત્યાંથી છૂટે. બંધાણો તો રાગમાં બંધાણો છે ને ? ખરેખર તો જીવને મૂળમાં રાગબંધન છે.

'**(પાનની) પિચકારીમાં પદ્મરાગમણિ કલ્પી જૂઠો જ આનંદ માનો છો, એ પ્રમાણે પરમાં નિજભાવ કલ્પો છો તે જૂઠી જ હોંશ પૂરી કરવા જાઓ છો, પણ તે પૂરી નહિ થાય.**' હોંશ આવે છે, જીવને હરખ

થાય છે પણ એથી કદિ એની હોંશ પૂરી થવાની નથી. એના ઉપર 'જ્ઞાનદર્પણ'માંથી એક પદ લીધું છે.

**જ્ઞાન ઉપયોગયોગ જાકૌ ન વિયોગ હુવો,**
**નિહમૈ નિહારૈ એક તિહૂં લોક ભૂપ હૈ;**
**ચેતન અનન્તરૂપ સાસતૌ વિરાજમાન,**
**ગતિ ગતિ ભ્રમ્યો તોઊ અમલ અનૂપ હૈ.**

પહેલા સ્વરૂપદષ્ટિએ સ્વરૂપની વાત કરી છે કે જ્ઞાનનો ઉપયોગ છે એ ઉપયોગ સાથેનો સંબંધ, યોગ એટલે સંબંધ, જ્ઞાનનો ઉપયોગયોગ છે એનો વિયોગ કદિ થયો નથી. ઉપયોગ વગરનો ક્યારેય જીવ નથી. ઉપયોગ લક્ષણં દ્રવ્યં. ઉપયોગ વગરનો ક્યારેય જીવ નથી. એવો જ્ઞાનની સાથે અભેદ છે. જો પોતામાં પોતાને અવલોકે. નિહાળે એટલે અવલોકે.

મુમુક્ષુ :- નિહમૈ છે એટલે નિશ્ચય નિહારે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. નિહમૈ નિહારે છે. એટલે નિશ્ચયથી પોતામાં નિહાળે એટલે અવલોકે તો પોતે એક ત્રણલોકનો રાજા છે. ભૂપ છે એટલે રાજા છે. નિશ્ચય નિહારૈ એમ લેવું જોઈએને.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નિશ્ચય નિહારૈ-નિશ્ચયથી જોવે તો પોતે ત્રણલોકનો નાથ છે.

'**ચેતન અનન્તરૂપ સાસતૌ વિરાજમાન,...**' શાશ્વત અનાદિઅનંત પોતાના અનંત સામર્થ્યથી ચેતન આત્મા બિરાજમાન છે. ચાર ગતિમાં અનાદિકાળથી ભ્રમણ કરી રહ્યો છે. '**ગતિ ગતિ ભમ્યો તોઊ અમલ અનૂપ હૈ.**' તોપણ તેમાં મળ અંદર સ્વભાવમાં, સ્વરૂપમાં મળ ગયો નથી. મેલો થયો નથી. અનૂપમ, અમળ, મેલ વિનાનો અનુપમ સ્વરૂપે શાશ્વતપણે અનાદિથી બિરાજમાન છે. અનાદિઅનંત બિરાજમાન છે. અવસ્થામાં મલિનતા હોવા છતાં મારું સ્વરૂપ શુદ્ધ છે એ કોઈ અલૌકિક દૃષ્ટિનો વિષય છે-લોકોત્તર દૃષ્ટિનો એ વિષય છે, સ્વભાવ દૃષ્ટિનો એ વિષય છે આખો.

'**જૈસેં મણિ માંહિ કોઊં કાચ ખંડ માને તોઉ,...**' સાચું રત્ન હોય અને કાચનો ટુકડો માને તો '**મહિમા ન જાય વામૈં વાહીકૌ સરૂપ હૈ;...**' તોપણ એની કિંમત ઓછી થતી નથી. એનામાં એનું સ્વરૂપ છે. રત્નમાં

રત્ન પોતે રત્નસ્વરૂપ છે. એને કોઈ કાચનો ટુકડો માનીને ફેંકે તેથી કાંઈ તેની કિંમત ઘટતી નથી. ચાંદીના ટુકડા ઉપર મહોર ન મારે તેથી કાંઈ એની કિંમત ઘટે નહિ. પહેલા તો ચાંદીના રૂપિયા હતા ને ? રાજાની મહોર ન મારે તેથી કાંઈ ચાંદીની કિંમત ઘટે નહિ. અને ખોટી ધાતુ ઉપર રાજાની મહોર મારે એથી કાંઈ એની કિંમત થઈ જાય નહિ. કલાઈ અત્યારે તો બને છે, જસતની કલાઈ. પણ તે દિ' તો એ કહેવાતું, કલાઈ ઉપર કોઈ મહોર મારે તેથી કાંઈ રૂપિયા સાચો થાય નહિ. અને ચાંદી ઉપર મહોર ન મારે તેથી કાંઈ ચાંદીની કિંમત જાય નહિ. એમ લોકો એમ કહે કે આ જ્ઞાની છે, આ ધર્મી છે તો કાંઈ અધર્મી ધર્મી થાય નહિ અને ધર્મીને કોઈ ઓળખે નહિ, જાણે નહિ તો તેથી કાંઈ ધર્મી અધર્મી થાય નહિ. એની તો જે કિંમત છે એ છે.

**જૈસેં મણિ માંહિ કોંઊ કાચ ખંડ માને તોઉ,**
**મહિમા ન જાય વૈમૈં વાહીકૌ સરૂપ હૈ;**
**ઐસૈં હી સંભારીકૈ સરૂવકો વિચારોય મૈં,**

એ રીતે મેં મારા સ્વરૂપને સંભાળીને અંદરમાં સાવધાન થઈને સ્વરૂપને વિચાર્યું છે કે જે **'અનાદિ અખંડ મેરો ચિદાનંદ રૂપ હૈ.'** જે અનાદિઅનંત મારું અખંડ ચૈતન્ય આનંદસ્વરૂપ છે. એવું મેં મારા સ્વરૂપને સંભાળ્યું છે, અનુભવ્યું છે.

મુમુક્ષુ :- કોનું બનાવેલું છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એમનું જ છે. 'દીપચંદજી'ની જ રચના છે. 'જ્ઞાનદર્પણ' પણ એમની જ રચના છે. છે, આપણે આમાં લીધા છે, કેટલા કેટલા ગ્રંથ એમણે રચ્યા છે એ ઉપોદ્‌ઘાતમાં પ્રકાશકીય નિવેદન છે ને એમાં (લીધું છે). **'આ ગ્રંથ ઉપરાંત અનુભવવિલાસ છંદ, આત્મ-અવલોકન છંદ, ચિદ્‌વિલાસ વચનિકા, પરમાત્મપુરાણ છંદ, સ્વરૂપાનંદ બૃહત્ તથા લઘુ, જ્ઞાનદર્પણ,...'** બૃહત્ તથા લઘુ જ્ઞાનદર્પણ. જ્ઞાનદર્પણ બે છે. એક બૃહત્ અને એક લઘુ. એ 'જ્ઞાનદર્પણ'માંથી આ છે. **'ગુણસ્થાન ભેદ, ઉપદેશરત્ન છંદ, અધ્યાત્મપચીસી છંદ વગેરે રચેલાં છે.'** એ 'દીપચંદજી'ની પોતાની રચના છે. 'દીપચંદજી'નો 'કાસલીવાલ' પરિવાર છે.

**'એ પ્રમાણે પરમાં નિજભાવ કલ્પો છો...'** પરમાં પોતાને કલ્પો

છો તમે. પોતાના સ્વરૂપને કલ્પો છો. '**તે જૂઠી જ હોંશ પૂરી કરવા જાઓ છો,...**' હોંશમાં ને હોશમાં આ શરીર મારું, આ કુટુંબ મારું, આ સંપત્તિ મારી, આ બધું મારું... મારું.. મારું... એ પરમાં નિજભાવની-નિજની કલ્પના છે. હોંશ થાય છે કે આટલું આટલું મારે છે. મારે મકાન છે, મારે આટલું છે, આ સાધન છે, મારી પાસે આમ છે, મને આમ છે, હવે મને વાંધો નથી. એ હોંશ કદિ પૂરી થાશે નહિ. એમાં આકુળતા ને આકુળતા થયા જ કરશે.

'**આકાશમાં એક દેવ છે. તેના હાથમાં ચિંતામણિ છે. તેના પ્રતિબિંબને પોતાના વાસણના જળમાં જોઈ (પોતે) મનમાં વિચારે કે 'મારી પાસે ચિંતામણિ છે.'**' કામમાં આવે વાપરવા માટે ? ચિંતામણિ કોઈની પાસે છે. એનું પ્રતિબિંબ અહીંયાં એના વાસણમાં તો કહે, મારી પાસે આવો ચિંતામણિ છે. પણ બાપુ ! એ ચિંતામણિ વાપરવાના કામમાં નહિ આવે. એમ મારી પાસે આ છે... મારી પાસે આ છે... મને આ છે.. મને આ છે... પણ તને કોઈ સુખનું કારણ નહિ થાય.

મુમુક્ષુ :- સંયોગનું માત્ર પ્રતિબિંબ પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રતિબિંબ પડે છે અને એ સમજે છે કે આ તો મારામાં આવ્યું બધું. આ મને મળ્યું, આ મને મળ્યું, મને પૈસા મળ્યા, મને આબરુ મળી, મને મોટાઈ મળી, મને સત્તા મળી, મને કુટુંબ-પરિવાર મળ્યા, ઘણું-ઘણું-ઘણું મને મળ્યું. કાંઈ છે એનામાં ? કાંઈ આવ્યું છે ? ત્યાં છેતરાઈ ગયો. એ ભ્રમણા થઈ છે એને. ચિંતામણિના પ્રતિબિંબની જેવી ભ્રમણા છે.

'**તેના પ્રતિબિંબને પોતાના વાસણના જળમાં જોઈ (પોતે) મનમાં વિચારે કે 'મારી પાસે ચિંતામણિ છે.' તેના ભરોસે પારકાનું લાખોનું દેવું કર્યું તેથી શું સિદ્ધિ છે ?**' તેના ભરોસે લાખોનું દેવું કર્યું. કર્મ બાંધ્યા, બોજો વધારો, માથે કરજ વધાર્યું. એ બધા સંયોગોના લક્ષે દુઃખી થવાનો રસ્તો પકડ્યો. '**તેથી શું સિદ્ધિ છે ?**' શું એનાથી મળ્યું ? '**જૂઠી કલ્પના તમને જ દુઃખદાયક છે.**' એ કલ્પના છે એ બધી દુઃખદાયક છે. એનાથી દુઃખ સિવાય સુખની ગંધ પણ એમાંથી મળે એવું નથી.

**'સાચો ચિંતામણિ પોતાના ઘરમાં, તેને તો દીઠો નહિ...'** આત્મા જે ચૈતન્ય ચિંતામણિ છે, જેની મહિમા થઈ શકે નહિ એવો પદાર્થ છે. તેને તો જોયો નહિ, તેની સામું પણ જોયું નહિ, તેની કિંમત કરી નહિ. **'ને (આ તરફ) પ્રતિબિંબમાંથી કંઈ (ચિંતામણિ) હાથ નહિ આવે. ઘણો ખેદ કરો છો તેથી શું બડાઈ ?'** અને તેથી ઘણા દુઃખી થાવ એટલે શું પણ ? એથી કાંઈ એની કોઈ મહત્તા નથી. એ તો દુઃખી થવાના. દુઃખી થવાના ઉપાયમાં દુઃખી જ થવાનું છે. બીજું કાંઈ એનાથી મોટી મહત્તા નથી.

**'હવે પોતાનું સાચું અખંડ પદ દેખો.'** એ બધી ભ્રમણામાંથી છૂટીને પોતાનું સત્યસ્વરૂપ, અખંડ ચૈતન્યપદને દેખો, અખંડ ચૈતન્યપદનો અંતર અનુભવ કરો. **'બ્રહ્મસરોવર આનંદસુધારસથી પૂર્ણ છે.'** રસ આવે છે ને પોતાને ! રસ જાય છે, ઉપયોગ જાય છે, સ્વરૂપને સંભારે છે કે, અહો..! આ આત્મા તો એક બ્રહ્મસરોવર છે. જેમ સરોવરની અંદર ગમે એવો ઉનાળો હોય તો શીતળ જળ હોય છે. માણસ એની અંદર સ્નાન કરે તો એને ઠંડક મળે છે. એમ આત્મા બ્રહ્મસરોવર છે. શાંતિનું સરોવર આત્મા છે. **'આનંદ સુધારસથી પૂર્ણ છે.'** આનંદનો અમૃતરસ અંદર ભર્યો છે. સુધા એટલે અમૃત.

**'આનંદસુધારસથી પૂર્ણ છે. જેનો સુધારસ પીતાં અમર થવાય તે રસ પીઓ.'** ગજબનો વિષય લીધો છે ! કહે છે કે જન્મ-મરણથી છૂટવું હોય, સમય સમયના ભાવમરણથી છૂટવું હોય, બહારમાં દ્રવ્યમરણથી પણ છૂટવું હોય તો અંદરમાં જે સુધારસ છે. જેને પીતા, અનુભવતા અમર થઈ જવાય છે. જન્મ-મરણ જેના છૂટી જાય છે. શંકા રહેતી નથી કે હવે જન્મ-મરણ હશે કે નહિ હોય એ શંકા રહેતી નથી. શંકા ન રહે.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' નૂર ને પુર ને કેટલાય નામ બોલતા.

પૂજ્ય ભાઈશ્રી :- રસ આવે છે ને ! રસ આવે છે. બહુ રસ આવતો. ગમે તે અધિકાર ચાલતો હોય. આત્માનો વિષય આવે એટલે રુચિનો વિષય આવે છે. એ પોતાના હૃદયમાં બિરાજમાન જે પરમાત્મા છે એનો રસ વધે છે. એના લક્ષે એનો રસ વધે છે. સાથે વિકલ્પ છે તો

રાગનો રસ નથી વધતો. બોલે છે ત્યારે તો સાથે વિકલ્પ છે, લખે છે ત્યારે સાથે વિકલ્પ છે. પણ અંદરમાં ચૈતન્યરસ ઘૂંટાય છે, રાગરસ નથી ઘૂંટાતો.

એટલે 'અમૃતચંદ્રાચાર્યે' લખ્યું કે આ 'સમયસાર'ની ટીકા કરતા અમારી પરિણતિ વિશુદ્ધ થાવ. ઊંધી વાત કોઈ ઉપાડે તો એમ કહે કે 'સમયસાર'ની ટીકા કરવામાં તો વિકલ્પ ચાલશે. વિકલ્પથી કેવી રીતે શુદ્ધિ થશે ? ભાઈ ! વિકલ્પ એકલો તને દેખાય છે. અંદરની જે આત્મપરિણતિ છે, શુદ્ધ પરિણતિ છે, ચૈતન્યરસવાળી પરિણતિ છે એ તને દેખાતી નથી. અને એ પરિણતિ તો દઢ થાય છે. પરિણતિ બળવાન થાય છે ત્યાં. અને જેમ પરિણતિ બળવાન થાય છે એમ ઉપયોગ પણ વિશેષ ઉગ્ર થાય છે. ઉપયોગને તો પરિણતિ ખેંચે છે. પરિણતિ તો એનો દોર છે. પરિણતિના દોરે ઉપયોગ છે. એટલે એ જ ઉપાય છે, એનો બીજો કોઈ ઉપાય નથી.

જ્ઞાનીઓ શાસ્ત્રો વાંચે છે તો એની અંદર માત્ર શાસ્ત્ર વાંચનનો હેતુ નથી, પણ પોતાના સ્વરૂપના રસને વધારે કેળવવાનો હેતુ છે. કણિક રોટલી બનાવે છે ત્યારે કેળવે છે કે નહિ ? ટૂંપે છે કે નહિ ? એમાં કાંઈ બીજી ચીજ નાખી દેતા નથી. એ તો જે લોટ ને પાણી ભેળવ્યા એ ભેળવ્યા. ત્રીજી ચીજ અંદર આવતી નથી. પણ જેમ એની કેળવણી એમ એ રોટલી સારી થાય છે. એ અવસ્થાનો ફેરફાર છે. પદાર્થ તો તેનો તે જ છે. તેટલો ને તેટલો જ છે. અવસ્થાની કેળવણી છે. એમ એ બહાનું છે. શાસ્ત્ર વાંચન એ તો પરિણતિને કેળવવાનું બહાનું છે સાધક માટે તો.

મુમુક્ષુ :- બ્રહ્મસરોવર પંડિતજીએ એટલા માટે લીધું હશે કે સરોવરમાં હજારો કમળ ખીલે.

પૂજ્ય ભાઈશ્રી :- હજારો કમળ ખીલે છે. સરોવર છે એટલે શાંત છે એમ લેવું છે. સમુદ્રમાં તો હજી તોફાન થાય. આ તો શાંત સરોવર છે. આત્મા શાંત સરોવર છે, આનંદ સરોવર છે. આનંદની વાત લેવી છે ને એટલે. જેમાં આનંદની લહેર ઊઠે છે. આનંદની જે લહેર છે. સરોવરમાં જેમ લહેર આવે એમ આનંદની લહેર આવે છે. અને સરોવરનું પાણી પીવાય. સમુદ્રનું પાણી તો.. અહીંયાંના સુમદ્ર છે એ

પાણી તો પી શકાય એવું હોતું નથી. અહીંયાં તો લવણ સમુદ્ર છે ને. અહીંથી એક બીજો અધિકાર હવે જુદો પાડે છે.

**'અથ અનુભવવર્ણનમ્'** હવે અનુભવનું વર્ણન કરવું છે. આટલું કહ્યું એમાં અનુભવનું વર્ણન આવ્યું છે. છતાં એ વિષય ઉપર ફરીને આવે છે પોતે.

મુમુક્ષુ :- અત્યાર સુધી આ પ્રોસેસ આવી, હવે આ ફળ.

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવનું સાક્ષાત્ વર્ણન. એમાં ખાસ કરીને સવિકલ્પ દશા અને નિર્વિકલ્પ દશા ને એ બધી વાત લીધી છે. સ્વાનુભવ દશા છે. પણ સાથે સાથે અનુભવનો મહિમા પણ કર્યો છે. અનુભવનો મહિમા પણ કર્યો છે. એમાં પણ ફૂટનોટમાં 'જ્ઞાનદર્પણ'ના બીજા પદ લીધા છે.

**'પૌદ્‌ગલિક કર્મથી જ પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠા મનરૂપ સંજ્ઞી દેહ બન્યો છે.'** આ જે મનુષ્ય અથવા સંજ્ઞી તિર્યંચ છે એ પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠા મનરૂપી જે ઈન્દ્રિયોની રચના છે તેનાથી સંજ્ઞી દેહ બન્યો છે. મન ન હોય તો તે અસંજ્ઞી દેહ છે. સંજ્ઞી એટલે અહીંયાં વિચાર કરવાની જેનામાં શક્તિ હોય. સંજ્ઞા હોય એટલે શક્તિ હોય. વિચારી શકે એવી જેનામાં શક્તિ હોય એને સંજ્ઞા કહે છે. વિચારસંજ્ઞા. વિચાર શબ્દ અહીંયાં અધ્યાહાર છે. વિચારસંજ્ઞા. જે પ્રાણીમાં વિચારસંજ્ઞા છે તે સંજ્ઞી પ્રાણી કહેવામાં આવે છે. વિચાર કરી શકે.

**'તે દેહમાં તેના પ્રમાણમાં રહેલું...'** દેહપ્રમાણ, દેહાકાર **'જીવદ્રવ્ય પણ ઈન્દ્રિય અને મનસંજ્ઞાનું નામ પામે છે.'** એ શરીર અને જીવનો મેળ જોઈને એ જીવ પણ સંજ્ઞી જીવ છે, આ એકેન્દ્રિય જીવ છે, આ બે ઈન્દ્રિય જીવ છે, આ પંચેન્દ્રિય જીવ છે, આ સંજ્ઞી પંચેન્દ્રિય જીવ છે એમ કહેવામાં આવે છે. પણ એ ઈન્દ્રિયોનો સંયોગ જોઈને, મનનો સંયોગ જોઈને, એના ઉઘાડ વિશેષની સ્થિતિને સાથે સાથે જોઈને એને પણ એ જ નામ આપવામાં આવે છે. એ જ નામ એ પામે છે. એટલે દ્રવ્યઈન્દ્રિય અને ભાવઈન્દ્રિય એવા બે ભેદ કર્યા. શરીરના અવયવોને દ્રવ્યઈન્દ્રિય કહે છે અને એ શરીરના ઈન્દ્રિયોના નિમિત્તે પ્રવર્તો જે જ્ઞાનાદિ ક્ષયોપશમભાવ, એને ભાવઈન્દ્રિય કહેવામાં આવે છે. એ ભાવઈન્દ્રિયમાં પરસન્મુખ જ્ઞાન પણ છે અને રાગ પણ

છે. બંને છે. એ બાજુનો પુરુષાર્થ, પરપદાર્થ પ્રત્યેનો પુરુષાર્થ પણ છે.

**'ભાવ ઇન્દ્રિય, ભાવમન એવા છ પ્રકારે ઉપયોગ પરિણામના પણ ભેદ પડ્યા છે.'** ઉપયોગના એ રીતે ભેદ પડ્યા છે કે આંખ દ્વારા જોવે છે ત્યારે એને ચક્ષુદર્શનઉપયોગ એમ કહેવામાં આવે છે. બાકીના ઇન્દ્રિયના ઉપયોગને અચક્ષુદર્શનઉપયોગ કહેવામાં આવે છે. ચક્ષુ સિવાયનો. એ **'ભાવઇન્દ્રિય અને ભાવમન એવા છ પ્રકારે ઉપયોગ પરિણામના પણ ભેદ પડ્યા છે.'** (પંચેન્દ્રિયના વિષયને એકસાથે) જાણે-દેખે એવું છદ્મસ્થના ઉપયોગના પરિણામની સ્થિતિ હોતી નથી. વાંચે ત્યારે સાંભળે નહિ અને સાંભળે ત્યારે વાંચે નહિ એમ કહેવું છે. જમણવારમાં બેસાડે છે ને ? સંગીત પણ મૂકે. કાને સંભળાય એના માટે સંગીત વગાડે. આહારમાં તો અનેક પ્રકારના રસેન્દ્રિયના, રસના ઇન્દ્રિયના વિષયો આહાર છે. પછી પેલી અગરબત્તી મૂકે છે. શાકભાજીનું બટકું મૂકીને એમાં અગરબત્તી ખોડે એટલે એ વખતે સુગંધ આવે. આંખ દ્વારા અનેક પ્રકારના દશ્યમાન પદાર્થોને જોવે છે. તો એકસાથે ચાર ઇન્દ્રિયના વિષયો જીવ વિષય કરે છે કે નહિ ? એથી કાંઈ એને એકસાથે બધા ઇન્દ્રિયનો વિષય વિષયરૂપ પણ થઈ શકતો નથી. જ્યારે એ ઉપયોગ સ્વાદ લેવામાં જાય ત્યારે બધેથી ગેરહાજર થઈ જાય, એબસન્ટ થઈ જાય છે. ત્યારે એને સાંભળવાનું બનતું નથી, દેખવાનું બનતું નથી, આંખ ખુલ્લી હોય તો, કાન ખુલ્લા હોય તોપણ. નાક ખુલ્લું છે પણ ત્યારે સુગંધ પણ એ લેતો નથી. પણ એટલી ચંચળતા છે, ઉપયોગની ચંચળતાની ગતિ એટલી ઝડપી છે, તીવ્ર ઝડપી છે કે એને એવો ભ્રમ થાય છે કે હું એકસાથે અનેક વિષયનો ભોગવટો કરી રહ્યો છું. એ એની ભ્રમણા છે. એ ઉપયોગની ચંચળતામાં ઝડપ જરૂર છે અને એ ચંચળતા એને દુઃખદાયક જરૂર છે, પણ એમાં જેમ પાનની પિચકારીમાં પદ્મરાગમણિ માને છે એમ એને સુખ માને છે. મને સંગીત પણ સંભળાય છે અને મને સુગંધ પણ મળે છે અને મને આહાર પણ મળે છે. મને સ્વાદ પણ મળે છે. એકસાથે મને ઘણું સુખ મળે છે. ખરેખર ઘણું દુઃખ મળે છે એને. માને છે કે મને સુખ મળે છે. આવો ઊલટો-સુલટો ફેર છે.

મુમુક્ષુ :- બીજી અપેક્ષાએ લઈએ તો આ ચૈતન્યનો ચમત્કાર છે કે

જ્ઞાન એકસાથે બધા વિષયને...

પૂજ્ય ભાઈશ્રી :- એકસાથે ક્યાં વિષય જ કરી શકે છે ? વારાફરતી વિષય કરે છે. પણ વારાફરતી પરસન્મુખ જવું એ જ્ઞાનની શક્તિ નથી. પરસન્મુખ થવું, પરવિષયમાં જવું, પરવિષયને પોતાના રૂપે જાણવો, દેખવો એ જ્ઞાનની શક્તિ નથી. એ ખરેખર જ્ઞાનની શક્તિ નથી. એવા પરિણામથી જ્ઞાનની અશક્તિ ઊભી થાય છે.

જેમ કોઈ એમ કહે કે, અમે તો એકલું ઘી ને માખણ ને દૂધ ને માલમલિદા સિવાય કાંઈ ખાતા નથી. અને તેથી અમને ઘણી શક્તિ આવે. ખોટી વાત છે. તું માંદો પડીશ અને તને અશક્તિ આવશે. પચશે નહિ. ઘી છે એ એકલું છેલ્લી અવસ્થા છે ગોરસની. દૂધમાંથી માખણ કર્યું, માખણમાંથી છેલ્લે ઘી કર્યું. પછી કાંઈ બનાવવાનું રહેતું નથી. બધું જેટલું તત્ત્વ છાશ ને કચરોને જૂદું પાડવું હતું એ બધું કાઢીને એકલું ઘી તત્ત્વ રાખ્યું. હવે એકલું પીએ જોઈ. રોજ અડધો શેર, શેર ભૂખ લાગે ત્યારે પી જાય. એકલા જાડા થઈ જાય, બીજું કાંઈ થાય નહિ એનાથી. એ કાંઈ પચે નહિ, પેટમાં રહે નહિ. એટલે એવું નથી કે એ ઘણા વિષયોને જાણે છે, જાણવા જાય છે, જાણવા દોડે છે, ઝડપ કરે છે માટે એ એની શક્તિ છે. એ એની અશક્તિનો પ્રયોગ છે.

મુમુક્ષુ :- આત્માની પ્રસિદ્ધિ તો ખરીને ? એ આત્માને પ્રસિદ્ધ કરે છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો આત્માના દષ્ટિકોણથી, પ્રસિદ્ધિના દષ્ટિકોણથી એના સ્વભાવને જોવે તો પ્રસિદ્ધ કરે. એટલે જ્યાં લક્ષણથી લક્ષ્યની પ્રસિદ્ધિ છે એવો જ્યાં વિષય ચાલ્યો છે ત્યાં 'સમયસાર' પરિશિષ્ટમાં ઓળખાય છે. લક્ષણથી લક્ષની પ્રસિદ્ધિ છે. ત્યાં સ્વસંવેદનથી આત્માની પ્રસિદ્ધિ છે એમ લીધું. જ્ઞાન જ્ઞેયને જાણે છે માટે એને જ્ઞાનસ્વભાવની પ્રસિદ્ધિ છે એવી વાત ન કરી. જ્ઞાનલક્ષણથી આત્માને ઓળખવાનું પ્રકરણ હાથમાં લીધું પણ ત્યાં ક્યાંય એકવાર પણ એમ ન કહ્યું કે જ્ઞેયને જાણે છે માટે આ જ્ઞાન પ્રસિદ્ધ થાય છે, એનો જ્ઞાનસ્વભાવ પ્રસિદ્ધ થાય છે જ્ઞેયને જાણવાથી. એવી વાત જ નથી લીધી. બહુ મુદ્દાનો વિષય એ છે. નહિતર જ્ઞાન પોતે જ્ઞેય સાપેક્ષ છે. જ્ઞાતુ જ્ઞેયં જ્ઞાનમ્. એવું સૂત્ર છે. શા માટે એ પર્યાયનું નામ જ્ઞાન

પાડ્યું ? કે જ્ઞેયને જાણે છે માટે એનું નામ જ્ઞાન કહો. તો જ્ઞાન તો જ્ઞેય સાપેક્ષ જ નામ છે. છતાં જ્યાં ઓળખાણનો વિષય લેવો છે ત્યાં જ્ઞેયને સંભારતા નથી. જ્ઞેયને જાણે છે માટે આને જ્ઞાન કહો. ત્યાં તો વેદનથી, સ્વસંવેદનથી જ્ઞાનની પ્રસિદ્ધિ છે એવી વાત કરી છે.

જ્ઞાનના પ્રકાશની વાત ૪૭ શક્તિમાં જ્યાં આવી, પછી ૪૭ શક્તિનો વિષય (લીધો), એમાં જ્ઞાનના પ્રકાશ શક્તિની વાત લીધી કે આ પ્રકાશ છે, આત્મા ચૈતન્યપ્રકાશ છે. તો કહે પ્રકાશ (સ્વરૂપ છે). તો કહે છે, સ્વસંવેદનમયી પ્રકાશશક્તિ. ત્યાં પણ એ વાત લીધી. વેદનનો વિષય એ રીતે (લીધો છે), જે બહુ ગૂઢ વિષય છે. એ ક્યાં ક્યાં આવે છે એને લક્ષમાં રાખીને થોડુંક એના ઉપર મંથન કરીને અંદર અવલોકનમાં જાવું જોઈએ. કેમકે જે ભાવ કહેવા માગે છે એવો ભાવ આત્માને અનુભવમાં આવી રહ્યો છે.

આત્મા જ્ઞાનસ્વભાવી છે તો એ ભાવ એને અનુભવમાં આવી રહ્યો છે. જે ભાવ અનુભવમાં આવી રહ્યો છે એના અનુભવનો પરિચય કરીને અવલોકનથી એની ઓળખાણ કરવી જોઈએ. આ એને ઓળખાણ કરવાની પદ્ધતિ છે. એમ ને એમ શાસ્ત્ર વાંચીને કલ્પના કર્યા કરે કે આવો આત્મા.. આવો આત્મા... આવો આત્મા... આવો આત્મા... આવો આત્મા... તો એ કલ્પનાનો વિષય નથી આત્મા.

મુમુક્ષુ :- ૪૯ ગાથામાં ચેતના વડે ચેતવું, ચેતનાથી ચેતવું...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, ચેતવું એટલે અનુભવવું.

મુમુક્ષુ :- એ અહીંયાં ક્યાં આમાં લાગુ પડે ?

પૂજ્ય ભાઈશ્રી :- ચેતવું એટલે અનુભવવું એમ કહેવું છે. ચેતવું એટલે અનુભવવું.

મુમુક્ષુ :- એમાં તો છ કારક લીધા ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે એ પોતામાં ને પોતામાં પોતે પોતાને ચેતે છે, પોતે પોતામાં ચેતે છે, પોતે પોતાથી ચેતે છે, પોતા દ્વારા ચેતે છે, પોતામાંથી ચેતે છે. એ બધી વાત ભેદ પાડીને લીધી છે. અભેદમાં કારકના ભેદ પાડીને (લીધી છે). વસ્તુનું સ્વરૂપ તો છ કારકની ક્રિયાથી પાર છે. અનુભૂતિસ્વરૂપ એવું જે આત્મતત્ત્વ... એ ૭૩ ગાથામાં વાત લીધી છે. કેવા આત્માનો નિર્ણય કરવો ? ત્યાં

નિર્ણય કરવાનો વિષય ચાલ્યો છે. સર્વ કારકોની પ્રક્રિયાથી પાર એવું જે અનુભૂતિસ્વરૂપ છે એનો નિર્ણય કરવો. એમ લીધું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ એનો વિભાવ છે. ખંડ ખંડપણે ઉપયોગ એ જ્ઞાનનો વિભાવ છે. અને એ ખંડ ખંડ ક્યારે થાય છે ? કે પરસન્મુખ થાય છે ત્યારે ખંડખંડ થાય છે. ઇન્દ્રિય સન્મુખ થાય છે ત્યારે સન્મુખ થાય છે. એક ઇન્દ્રિયમાં ખંડપણુ પામીને બીજી ઇન્દ્રિય દ્વારા જાણવા જાય છે. પછી ખંડપણું પામીને ત્રીજી ઇન્દ્રિય દ્વારા જાણવા જાય છે. એમ પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મનમાં ઉપયોગ ભમે છે એ એનું ખંડ ખંડ જ્ઞાન છે. જેવું ખંડ ખંડ જ્ઞાન છે એવું એનું સ્વરૂપ નથી. સ્વભાવિક એનું સ્વરૂપ છે, વિભાવિકપણું એનું સ્વરૂપ નથી. એમ લેવું છે.

એટલે ૩૨૦ ગાથામાં પણ એ લીધું છે કે, પોતે એક અખંડ ચૈતન્ય પ્રતિભાસમય હોવાથી હું ખંડ જ્ઞાનરૂપ છું એમ જ્ઞાની ભાવતા નથી. આવે છે કે નહિ ? એને ખંડ જ્ઞાન છે ખરું પણ હું એ રૂપ છું એમ ભાવતા નથી. જેમ હું રાગરૂપ છું એમ ભાવતા નથી. રાગ તો કષાય છે. ખંડ જ્ઞાન કષાય નથી. બે વિભાવમાં ફેર છે. છતાં કષાયસ્વરૂપ તો હું નથી, પણ ખંડ જ્ઞાનસ્વરૂપ પણ હું નથી. એમ લેવું છે. વિભાવસ્વરૂપ હું નથી.

જેમ જ્ઞાનીને શાસ્ત્ર છે એ પોતાના સ્વભાવરસને કેળવવાનું નિમિત્ત થાય છે. મુમુક્ષુજીવને શાસ્ત્ર છે એ સ્વરૂપનો નિર્ણય કરવાનું નિમિત્ત થવું જોઈએ. કે સ્વભાવ જાતિએ હું કેવો અને વિભાવજાતિ પરિણામમાં જે ઊભી થાય છે એ સ્વભાવથી વિરુદ્ધ છે એ કેવી ? જો સ્વભાવજાતિથી સ્વને અને વિભાવજાતિથી પરને ન ઓળખવામાં આવે તો કોઈને કોઈ પ્રકારના વિભાવમાં સ્વપણાનો અધ્યાસ થયા વિના રહે નહિ. કાં તો રાગને સ્વપણે માને ને કાં તો ખંડખંડ જ્ઞાન જે શાસ્ત્રમાં પ્રવર્તે છે ઉપયોગ એને સ્વપણે માને કે મારા જેવું જ્ઞાન બીજા કોઈને નથી. એ ખંડજ્ઞાનમાં એણે વિભાવમાં પોતાનું સ્વરૂપ માન્યું છે.

જે ક્ષયોપશમથી બીજા લોકોને આશ્ચર્ય થાય કે, વાહ ! આની પાસે કાંઈ જ્ઞાન છે ! એ જ ખંડ જ્ઞાનમાં એ પોતાને પોતાનું સ્વરૂપ માન્યું છે એને અહીંયાં કહે છે કે એ વિભાવમાં સ્વભાવ માની લીધો છે

એણે. એણે વિભાવમાં સ્વરૂપ પકડ્યું છે. એ પૂરેપૂરો ભૂલો પડી ગયેલો છે. થોડો ભૂલો નથી પડ્યો પણ પૂરો ભૂલો પડ્યો છે.

અશુભ ઉપયોગમાં ન છેતરાય એટલે શુભોપયોગમાં છેતરાય. અશુભ ઉપોયગમાં ન છેતરાય એટલો એ શુભ ઉપયોગમાં છેતરાય જાય. અરે..! શુભ ઉપયોગમાં ન છેતરાય એટલો એ શાસ્ત્રના ખંડ ખંડ જ્ઞાનમાં છેતરાય. એથી વધારે ફસામણ ત્યાં છે. કેમકે એને તો ત્યાં એમ લાગે, આ તો શાસ્ત્ર અનુસાર મારું બધું જ્ઞાન છે. બીજા પણ એમ કહે છે કે તમારું જ્ઞાન શાસ્ત્ર અનુસાર બરાબર છે. જેવું શાસ્ત્રમાં કહે છે એવું જ તમે કહો છો. અહીંયાં એમ કહે છે કે એ ખંડખંડ જ્ઞાન છે. એ આત્માનું સ્વરૂપ જ નથી. એવો આત્મા જ નથી. ખંડખંડ જ્ઞાન છે એવો આત્મા બિલકુલ નથી.

શું કહે છે ? **'એક-એક ઉપયોગપરિણામ એકને જ દેખે,...'** એટલે એક જ વિષયને. એના જે ઇન્દ્રિયનો જે વિષય હોય છે એને **'એકને જ દેખે, જાણે.'** પાછી એથી વધારે એનામાં શક્તિ નથી. એ કાન દ્વારા સૂંઘી ન શકે અને નાક દ્વારા સાંભળી ન શકે અને રસના ઇન્દ્રિય સિવાય બીજી કોઈ જગ્યાએથી એ સ્વાદને ન સમજી શકે કે આ ગળ્યું છે, ખાટું છે, ખારું છે. એટલી ત્યાં જ્ઞાનની મર્યાદિત સ્થિતિ છે. **'મનનો ઉપયોગપરિણામ ચિંતા-વિકલ્પને દેખે, જાણે.'** લ્યો ઠીક ! જરા મનની સૂક્ષ્મ વાત લીધી છે. મનમાં જે ઉપયોગ થાય છે એમાંથી એમ સમજી શકે છે કે મને આવો વિકલ્પ થયો. ન તો મન રૂપને દેખવાનું કામ કરે છે, ન તો મન ચાખવાનું કામ કરે છે. ન તો મન સાંભળવાનું કામ કરે છે, એમ કહે છે. તો મન શું કામ કરે છે ? કે જે કાંઈ એને ચિંતા-વિકલ્પ થાય છે એને એ મનમાં થતાં વિકલ્પને એ જાણવાનું કામ કરે છે. મનમાં થતો ઉપયોગ, હોં !

જેમ ચક્ષુ ઇન્દ્રિય દ્વારમાં જતો ઉપયોગ રંગને, વર્ણને જાણે છે કે આ કાળો રંગ છે અને આ સફેદ રંગ છે. ઉપયોગ. જ્ઞાન એટલે ઉપયોગ. તો મનમાં જે જ્ઞાન ઉત્પન્ન થાય છે, મનઇન્દ્રિયના સ્થાને જે જ્ઞાન ઉત્પન્ન થાય છે એ ઉપયોગ શું કરે છે ત્યાં ? કોને વિષય કરે છે ? કે ત્યાં થતો જે વિકલ્પ એને જાણે છે. ત્યાં મનમાં એક વિકલ્પ ઊપજે છે એને એ જાણે છે. એટલું કામ છે. **'મનનો**

**ઉપયોગપરિણામ ચિંતા-વિકલ્પને દેખે, જાણે.**' એનું એ કામ છે.

'**પરિણામવિચાર વિકલ્પ-ચિંતારૂપ માનવું હોય છે.**' જે પરિણામ વિચાર છે તે વિકલ્પ, ચિંતારૂપ એવું માનવું હોય છે. પરિણામ વિચાર, વિકલ્પ અથવા ચિંતારૂપ માનવું હોય છે. '**તેમ થતાં તે પરિણામભેદને 'મન' નામ કહ્યું.**' ત્યાં માનવું થાય છે. સ્વીકાર કરે છે. વિચારીને પરિણામ વિચારમાં સ્વીકૃતિ મન દ્વારા એ સ્વીકાર કરે છે. આ ઠીક છે, આ અઠીક છે, આ બરાબર છે, આ બરાબર નથી એવું ત્યાં સાથે સાથે વિકલ્પમાં થયા કરે છે.

મુમુક્ષુ :- ત્યાં અવલંબન લે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. અહીંયાં મન મનન કરે છે એમ કહેવું છે. એનું નામ મન શું કરવા પડ્યું ? અહીંયાં શું વાત ચાલે છે ? કે મન એવું નામ કેમ પડ્યું ? કે મનન કરે છે માટે એનું નામ મન. તો એ મનન કરે છે એટલે શું ? કે વિચારરૂપ મનન કરે છે. જે પરિણામમાં વિકલ્પ થાય છે એનું એ માનવું ત્યાં થાય છે. મન દ્વારા માનવું થાય છે માટે એને મન કહીએ. આમ માણસ નથી કહેતા કે, આનું મન માન્યું કે નહિ ? એનું મન માને એમ કરો. એ મનનું કાર્ય છે. અહીંયાં એક એક ઇન્દ્રિયના કાર્યને ઓળખાવે છે. એ વિષય ચાલે છે.

'**તેમ થતાં તે પરિણામભેદને...**' તે પ્રકારના પરિણામને અથવા તે પરિણામભેદને ''**મન' નામ કહ્યું. દેખો સંત !**' લ્યો ! સાંભળનારને પણ એમ કહે છે કે દેખો સંત ! શાંત થવા આવ્યા છે ને ? ભગવાન આત્મા. '**દેખો સંત ! બીજું હવે આને એક જ્ઞાનનું નામ લઈ કથન કરું છું.**' બહુ સારી શૈલી એમણે લીધી છે કે હવે આ જે ઉપયોગ ગયો એમાં ભાવેન્દ્રિયથી, ચક્ષુ ઇન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય એ બધા ભાવેન્દ્રિયના નામ આપ્યા. મનના ઉપયોગરૂપ પરિણામને મનનું નામ આપ્યું. હવે એક બીજી વાત મારે કરવી છે એને જ્ઞાન નામ આપીને. એમ કહે છે.

'**દેખો સંત ! બીજું હવે આને એક જ્ઞાનનું નામ લઈ કથન કરું છું. તે જ્ઞાનના કથનથી દર્શનાદિ સર્વ ગુણ આવી ગયા.**' જ્ઞાન એટલે આત્મા આખો આવી ગયો, એમ કહેવું છે. હવે એક બીજી મારે વાત કરવી છે. જ્ઞાનથી મારે આત્માની વાત કરવી છે. અનુભવના વિષય

ઉપર આવવું છે ને ? અનુભવ વર્ણન છે આ તો. એટલે એક જ્ઞાનનું નામ લઈને, એક જ્ઞાન શબ્દ દ્વારા હવે હું એમાં સર્વ ગુણ આવી ગયા એમ સમજીને તમે જ્ઞાન જ્યાં હું કહું ત્યાં એને જ્ઞાન તે આત્મા, આખો સર્વગુણસંપન્ન આત્મા સમજીને મારે જે કથન કરવું છે એમાં તમે (એમ) સમજજો.

**'આ મન-ઇન્દ્રિયભેદોના જ્ઞાનના પર્યાયનું નામ મતિસંજ્ઞા છે.'** જે મન અને પાંચ ઇન્દ્રિયો દ્વારા જ્ઞાનનો પર્યાય ઊપજે તેને પ્રથમ મતિજ્ઞાન એમ કહેવામાં આવે છે. પહેલું જે સીધું ઇન્દ્રિયાશ્રિત જ્ઞાનની ઉત્પત્તિ થઈ એ મતિજ્ઞાન એવું નામ પામે છે. **'મન ભેદજ્ઞાનથી...'** ભેદજ્ઞાન એટલે અહીંયાં **'(વિશેષજ્ઞાનથી) અર્થથી અર્થાન્તર વિશેષને જાણે છે, આ જાણવાને 'શ્રુત' જ્ઞાન કહીએ,...'** મન ભેદજ્ઞાનથી એટલે જુદું જુદું પાડીને, વિશેષજ્ઞાનથી જુદું પાડે કે આ કાળું છે, આ ધોળું છે, આ અવાજ તીણો છે, આ અવાજ જાડો છે એમ જે જુદું પાડે, ભેદ પાડે, જુદું પાડે. આ આમ છે, આ આમ નથી એમ જે મનથી બધું જુદું પાડવામાં આવે. અર્થથી અર્થાન્તર. એક ભાવથી બીજા ભાવને જુદો સમજવો. એવું જે વિશેષજ્ઞાન છે **'આ જાણવાને શ્રુતસંજ્ઞા કહીએ,...'** એને શ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. એમ કરીને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની વાત કરી.

સીધું જે ઇન્દ્રિય દ્વારા ઊપજે એ મતિજ્ઞાન અને એ જે મતિજ્ઞાનથી જે વિષય જાણવામાં આવે એનો વિશેષ વિચાર, એનું વિશેષ જ્ઞાન તેને શ્રુતજ્ઞાન એમ કહેવામાં આવે છે. **'એ બંને જ્ઞાનપર્યાય (બે પ્રકારે) કુરૂપ (વિપરીતરૂપ) (અને) સમ્યક્‌રૂપ છે.'** વિપરીતરૂપ પણ છે અને સમ્યક્‌રૂપ પણ છે. એના બે ભેદ છે. મતિજ્ઞાન અસમ્યક્ મિથ્યાજ્ઞાન છે, કુરૂપ પણ છે. શ્રુતજ્ઞાન અસમ્યક્ મિથ્યા અને કુરૂપ પણ છે. અને એ મતિ અને શ્રુત સમ્યક્ પણ થાય છે. એમ બે અવસ્થા એની થાય છે.

**'મિથ્યાત્વીનું મતિશ્રુતરૂપ જાણવું છે,...'** જે મિથ્યાદૃષ્ટિ જીવ છે, જેની દૃષ્ટિ પોતાના મૂળ સ્વરૂપ ઉપર નથી, પોતાના સત્ય સ્વરૂપ ઉપર નથી અને જેની દૃષ્ટિ પોતાનું સ્વરૂપ છોડીને અન્ય ભાવને અને અન્ય

દ્રવ્યમાં સ્વપણું કલ્પવામાં જેની દૃષ્ટિ છે, એને ઉપાદેય માને છે, એને સ્વસ્વરૂપે સ્વીકારે છે, તેનું જ્ઞાન મતિ અને શ્રુતજ્ઞાન છે તે કુમતિ અને કુશ્રુતજ્ઞાન છે. મિથ્યાત્વનું મતિશ્રુતરૂપ જાણવું છે. '**તે જાણવામાં સ્વ-પર વ્યાપક-અવ્યાપકની જાતિ નથી. તે જ્ઞેયને પોતારૂપ જાણે અથવા જાણે પણ નહીં.**' તે જ્ઞેયને પોતારૂપ જાણે અથવા તે જ્ઞેયને જાણે પણ નહિ. એમ '**મિથ્યાત્વીના જાણવામાં કુરૂપતા વિપરીતતા છે.**' કુરૂપ એટલે અહીંયાં વિપરીતપણું લેવું છે. શું કહે છે ?

મિથ્યાત્વનું જે જાણવું, મતિશ્રુતરૂપ જાણવું છે તેમાં કેવી રીતે વિપરીતતા છે ? કે સ્વપર વ્યાપક-અવ્યાપકની જાતિ નથી. એટલે સ્વપરમાં પોતે વ્યાપક-અવ્યાપનો એને કોઈ પ્રકાર ઠેકાણાવાળો છે નહિ. એનું વિપરીત જ છે આખું. પરમાં નહિ વ્યાપતો હોવા છતાં, એ પરમાં વ્યાપતો હોવાનું માને છે. પર પોતામાં નહિ વ્યાપતું હોવા છતાં એ પર પોતામાં વ્યાપે છે એમ માને છે. એક દવા કડવી લાગી. તો એ કડવાશનો કડવો રસ જેમ આત્મામાં ઉતરી જતો હોય, વ્યાપી જતો હોય, જીભ દ્વારા અંદર જ્ઞાનમાં વ્યાપી જતો હોય એવી રીતે એનો એ સ્વાદ લે છે. એ ખરેખર એમ છે નહિ.

જ્ઞાન તો સ્વભાવથી નિર્ભેળ છે. ભળી શકે કોઈની સાથે, મળી શકે એ જ્ઞાનના સ્વરૂપમાં નથી. છતાં એવું (ભળેલું) માનવું, જાણવું, સ્વીકારવું એને વિપરીતતા કહેવામાં આવે છે. બહુ સારી વાત લીધી છે. મુદ્દાનો વિષય એમણે પાયામાં એ લીધો છે. નાનો ગ્રંથ છે ને ? એટલે બહુ વિસ્તાર નથી કરતા પણ એક મુદ્દાની વાત એમાં આવી જાય છે. નાના ગ્રંથમાં એ વાત છે. મોટા ગ્રંથમાંથી મુદ્દાની વાત શોધવી પડે કે આ જગ્યાએ મુદ્દાની વાત આવે છે. અહીં તો સીધી મુદ્દાની જ વાત કરે છે કે તું તારા વ્યાપ્ય-વ્યાપકપણાને તપાસ. કેટલામાં તું વ્યાપે છો અને ક્યાં ક્યાં તું વ્યાપે છો ? અને તે પણ તારા જ્ઞાનથી જો કે તારું જ્ઞાન શેમાં શેમાં વ્યાપે છે ? તારું જ્ઞાન પરપદાર્થમાં વ્યાપે છે ? તારું જ્ઞાન શરીરમાં વ્યાપે છે ? તારું જ્ઞાન રાગમાં વ્યાપે છે ? શેમાં શેમાં તારું જ્ઞાન વ્યાપે છે ? જો તું. જ્ઞાન જ્ઞાન સિવાય ક્યાંય વ્યાપી શકે, એનો વ્યાપ્ય-વ્યાપકભાવ જ્ઞાનનો જ્ઞાનમાં જ છે. બીજે ક્યાંય જ્ઞાન વ્યાપી શકે એવું નથી.

જો એ વ્યાપકતા પોતાની જોવા જાય તો પોતાના જ્ઞાનવેદનમાં જ્ઞાન વ્યાપે છે એમ એને સમજાય. અને એ જ્ઞાનવેદનમાં જ્ઞાન વ્યાપે છે એમ ન સમજાય તો જ્ઞાન ઇન્દ્રિયમાં વ્યાપે છે, શરીરમાં વ્યાપે છે, જ્ઞાન પરપદાર્થમાં વ્યાપે છે, જ્ઞાન રાગમાં વ્યાપે છે, જ્ઞાન વેદનામાં-શરીરની શાત-અશાતાની વેદનામાં વ્યાપે છે, એવું એનું વિપરીત પરિણમન થાય. બે રીતે જ્ઞાન થાય છે : વિપરીત અને અવિપરીત. તો એ વ્યાપ્ય-વ્યાપકનો મુદ્દો પકડ્યો છે.

મુમુક્ષુ :- પોતાનું અસ્તિત્વ...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનનું વ્યાપવું છે એ પકડવું જોઈએ. જ્ઞાન શેમાં વ્યાપે છે. એમાં એકલા જ્ઞાનને જોયા વિના, જુદા જ્ઞાનને પકડ્યા વિના જ્ઞાન ભળી ગયેલું એને સમજાય છે. જાણે આમાં ભળી ગયું, વેદનામાં ભળી ગયું, જાણે પરપદાર્થના સ્વાદમાં ભળી ગયું. એવો એને અધ્યાસ થાય છે. કેમકે એને અનાદિથી એ ખબર નથી કે મારું જ્ઞાન એમાં ક્યાંય વ્યાપતું જ નથી અને ભળતું જ નથી. એ એને ખબર નથી. આવો અધ્યાસ અનાદિથી છે. તો એકલા જ્ઞાનને પકડ્યા વિના, એકલા જ્ઞાનને જોયા વિના, એકલા જ્ઞાનને જોવાનો પ્રયત્ન કર્યા વિના એ જોશે કેવી રીતે એકલા જ્ઞાનને ? અને ત્યાં સુધી એને જ્ઞાનની વ્યાપ્ય-વ્યાપકતા નહિ સમજાય. જો જ્ઞાનની વ્યાપ્ય-વ્યાપકતા નહિ સમજાય તો હું પરનું અને રાગનું કાર્ય કરું છું એ વાત આવ્યા વિના નહિ રહે. કેમકે કર્તાકર્મ સંબંધ વ્યાપ્ય-વ્યાપકતા સાથે જોડાયેલો છે. જ્યાં વ્યાપ્ય-વ્યાપકપણું થાય છે ત્યાં જ કર્તા-કર્મપણું ઊભું થાય છે. વ્યાપ્ય-વ્યાપકપણું ન થાય ત્યાં કર્તા-કર્મપણું થઈ શકે નહિ. આ એનો નિયમ છે.

મુમુક્ષુ :- દવા કડવી છે, એવું જાણવું એ જ્ઞાનની વિપરીતતા છે ?

પૂજ્ય ભાઈશ્રી :- દવા કડવી છે એમ જાણવું વિપરીતતા નથી પણ મને કડવી લાગે છે એ વિપરીતતા છે. આ ઠંડી પડે છે. તો ઠંડી તો વાતાવરણમાં છે. ક્યાં છે ઠંડી ? વાતાવરણમાં ઠંડી છે એમ જ્ઞાનમાં જણાય તો જ્ઞાનનો દોષ નથી. પણ ઠંડી મને લાગે છે, એ જ્ઞાનનો દોષ છે. કેમકે ઠંડી કાંઈ જ્ઞાનમાં વ્યાપતી નથી અને જ્ઞાન ઠંડુ કદિ થતું નથી. જ્યારે દવા કડવી લાગે છે ત્યારે પણ જ્ઞાન તો કડવું થતું નથી. જ્ઞાન તો

જ્ઞાન જાણવારૂપ જ રહી જાય છે. પણ એવી રીતે એ જ્ઞાનને જોતો નથી. એવી રીતે એ જ્ઞાનનો જ્ઞાનાનુભવ કરતો નથી. એ તો દવાનો અનુભવ કરી લ્યે છે. ખોટો છે-મિથ્યા અનુભવ છે.

મુમુક્ષુ :- ... એકત્વબુદ્ધિથી વિના એ જાણે તો એ ગુણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જાણવું એનો સ્વભાવ જ છે. ગુણ કહો કે સ્વભાવ કહો. જાણવું એનો સ્વભાવ છે. જો જાણવું એનો સ્વભાવ ન હોય તો જાણવું એનો દોષ હોય. ગુણ નહિ ને દોષ હોય. તો સૌથી વધારે દોષ કેવળજ્ઞાનીને આવે. સર્વજ્ઞ પરમાત્મા સર્વથી વધારે દોષિત ઠરે. પણ એવું તો કાંઈ નથી. એ તો સર્વથી નિર્દોષ છે. ત્યારે સર્વને જાણે છે.

મુમુક્ષુ :- ઠંડી તો શરીરને લાગે છે, એમાં જ્ઞાન સાચું ?

પૂજ્ય ભાઈશ્રી :- શરીરને લાગવા નહિ લાગવાનો, જડને લાગવું નહિ લાગવું શું હોય ? જડને લાગવું ન લાગવું શું હોય ? શરીરને તો કાંઈ લાગવું, ન લાગવું છે નહિ. શરીરને તો કાપીને છેદી નાખે છે. એને ક્યાં કાંઈ છે ?

મુમુક્ષુ :- ઠંડી શરીરને લાગે છે એમ બોલીએ તો જ્ઞાન સાચું નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- નથી. જ્ઞાન સાચું નથી.

મુમુક્ષુ :- એ તો બરાબર પણ ...

પૂજ્ય ભાઈશ્રી :- બેસાડવું. વિચારીને મંથન કરીને બેસાડવા જેવો વિષય છે. અહીં સુધી રાખીએ...

આત્મા વસ્તુપણે સાક્ષાત્ પ્રત્યક્ષરૂપે હયાતી ધરાવે છે, તેથી તે વિષયમાં માત્ર કલ્પના કરવી, માત્ર અનુમાનને લંબાવવું, તેનો સત્પુરુષોએ નિષેધ કર્યો છે. જે વસ્તુ પરોક્ષ હોય તેનો વિચાર / અનુમાન થવા યોગ્ય છે. પરંતુ પ્રત્યક્ષ વસ્તુ માટે તેમ થવું આવશ્યક નથી. તેથી 'માત્ર વિચાર કરનાર' ઘણો ગમે તેટલો વિચાર કરે, તોપણ સ્વરૂપ-ગ્રહણ થતું નથી. પરંતુ પ્રત્યક્ષ અંશ દ્વારા તે રૂપ થઈને / તન્મય થઈને વ્યાપ્ય-વ્યાપક ભાવે, પ્રસરવાથી અનુભવ સંપ્રાપ્ત થાય છે. (અનુભવસંજીવની - ૮૪૦)

## તા. ૨૨–૧–૧૯૮૯, પાના નં. ૫૧, પ્રવચન નં. ૧૦૪

બીજા પેરેગ્રાફથી શરૂ કરીએ. પહેલો પેરેગ્રાફ પૂરો થયો છે. મતિ અને શ્રુત. જ્ઞાનના બે ભેદ લીધા-મતિ અને શ્રુતજ્ઞાન. અને તે બંને મિથ્યા અને સમ્યક્, કુરુપ અને સમ્યક્ એ બે પ્રકારે હોય છે. એમાં **'મિથ્યાત્વીનું મતિશ્રુતરૂપ જાણવું છે, તે જાણવામાં સ્વપર વ્યાપક-અવ્યાપકની જાતિ નથી.'** શું કહેવું છે ? કે મિથ્યાદષ્ટિ જીવ પણ મતિ-શ્રુત જ્ઞાન દ્વારા જાણે છે. એવું જે જાણવું થાય છે તે જાણવામાં પોતે જ્ઞાનથી ક્યાં વ્યાપ્યો છે અને ક્યાં નથી વાપ્યો ? એને પોતાની જાતની અને પરની જાતની એને ખબર નથી. વ્યાપ્ય-વ્યાપકપણાના દષ્ટિકોણથી તેનું જાણવું બરાબર નથી, એમ કહેવું છે. જ્યાં પોતે વ્યાપતો નથી ત્યાં વ્યાપે છે એવું જાણે છે. જ્યાં જ્યાં પોતે વ્યાપેલો છે ત્યાં એ કેટલા ક્ષેત્રમાં ? કેટલા દ્રવ્યમાં ? ભાવની કેટલી મર્યાદામાં પોતે વ્યાપેલો છે એની એને ખબર નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- મતિ-શ્રુત જ્ઞાન તો ક્ષયોપશમ કા ભેદ હૈ. જૈસે આંખ મેં ચશ્મા કા નંબર હૈ. કિસીકો એક નંબર, કોઈને બે નંબર, કોઈને ત્રણ નંબર. તો એ આંખના જોવાનો પ્રકાર સૂચવે છે. ચશ્માનો નંબર એ આંખના જોવામાં કેટલો ક્ષયોપશમ છે ? કેટલું ઓછું જાણે કે કેટલું વધારે જાણે ? ક્યા પ્રકારે જાણે એ સૂચવે છે.

એમ મતિજ્ઞાન પણ એક જાણવાનો ભેદ છે. એ જ્ઞાનનો જ ભેદ છે. શ્રુતજ્ઞાન એ પણ એક જાણવાનો ભેદ છે. એમ જ્ઞાન મતિ અને શ્રુત એ બે ભેદે છદ્મસ્થનું જ્ઞાન જાણી રહ્યું છે. ચાહે તે મિથ્યાદષ્ટિ હો કે ચાહે તે સમ્યગ્દષ્ટિ હો. એનું મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનું જાણવું એમાં બે પ્રકાર પડે છે. એટલું કહેવું છે. એમાં પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠા મનથી જે જ્ઞાન નિમિત્ત થઈને ઊપજ્યું. એટલે એનું માધ્યમ વચમાં આવે છે. પરપદાર્થને જાણે છે, સ્વપદાર્થને અનાદિથી મિથ્યાદષ્ટિનું જ્ઞાન જાણતું નથી. જે પરપદાર્થ એને જ્ઞાનમાં પ્રતીબિંબિત થાય છે એમાં ઈન્દ્રિયોનું

નિમિત્ત છે, ઇન્દ્રિયોનું માધ્યમ છે. પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠું મન.

મુમુક્ષુ :- દ્રવ્ય ઇન્દ્રિય ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. દ્રવ્યઇન્દ્રિય. શરીરના અવયવ એ એને નિમિત્તભૂત છે. તો એટલું થવામાં પ્રથમ જ પદાર્થને જાણવામાં જે પ્રકાર પડ્યો એમાં પહેલો ભેદ મતિજ્ઞાનનો છે અને જે પદાર્થને જાણે છે તે પદાર્થમાં તે વિશેષ એના ભાવોને જાણે. જાણનાર પદાર્થ આ છે એ જાણ્યા પછી એના વિશેષ ભાવોને જાણે.

જેમ એક સુગંધ છે તો નાક દ્વારા સુગંધનો કે દુર્ગંધનો ખ્યાલ આવ્યો. એમાં પહેલા મતિજ્ઞાન ઊપજ્યું કે આ કોઈ ગંધ છે. તો ગંધ છે એમાં કાંઈ કાન દ્વારા જ્ઞાન ન થયું, આંખ દ્વારા જ્ઞાન ન થયું. પણ નાસિકાથી ખ્યાલ આવ્યો કે કોઈ ગંધ આવે છે. પછી એ સુગંધ છે કે દુર્ગંધ છે એ શ્રુતજ્ઞાન વિચારે છે. સુગંધ હોય તો એ ગુલાબની સુગંધ છે કે બીજી કોઈ જાતની સુગંધ છે, બીજા કોઈ પ્રકારની સુગંધ છે. ક્યા પ્રકારની આ સુગંધ છે ? એ બધો શ્રુતજ્ઞાનનો વિષય થઈ જાય છે. એને અર્થથી અર્થાંતર અહીંયાં નામ આપ્યું.

એવું જે જાણવું તેને અર્થથી અર્થાંતર એટલે પદાર્થ તે અર્થ છે અને શ્રુતજ્ઞાનમાં એનું સ્વરૂપ ચોક્કસ કરવું કે આ દુર્ગંધ છે અથવા આ સુગંધ છે અથવા આ પ્રકારની સુગંધ છે. એમ જેટલી કોઈ વિશેષતાથી એનું સ્વરૂપ નક્કી કરવું, વિશેષતા સહિત એને જાણવું એ શ્રુતજ્ઞાનનો પ્રકાર છે. એટલે પદાર્થને સીધું ઇન્દ્રિયજ્ઞાનમાં વિષય કરી લે છે ત્યારે મતિજ્ઞાનનો પ્રકાર છે. એવો મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી જાણવાનો જ્ઞાનનો પ્રકાર, બે પ્રકારે જ્ઞાનનું ઊપજવું બારમા ગુણસ્થાન સુધીના તમામ સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ જીવોને થાય છે. એટલે આ મતિ-શ્રુત જ્ઞાનની સ્થિતિ છે.

હવે એ વિષયમાં સ્પષ્ટીકરણ કરે છે કે મિથ્યાદૃષ્ટિનું મતિ-શ્રુતરૂપ જાણવું થાય છે. '**તે જાણવામાં સ્વ પર વ્યાપક-અવ્યાપકની જાતિ નથી.**' એ સ્વમાં વ્યાપક કે અવ્યાપક છે એની જાતિની એને ખબર નથી. પરમાં વ્યાપક છે કે અવ્યાપક છે એની જાતિની એને ખબર નથી. એટલે વ્યાપ્ય-વ્યાપકપણાના દૃષ્ટિકોણથી એનું જાણવું થતું નથી. સાચું જાણવું થતું નથી. એ પરમાં નહિ વ્યાપતો હોવા છતાં વ્યાપતો હોવાનું

જાણે છે. પર પોતામાં નહિ વ્યાપતું હોવા છતાં પોતામાં પર વ્યાપે છે એવું એને જાણવું થાય છે. એટલે વ્યાપ્ય-અવ્યાપકની સ્વ-પરના સંબંધમાં એની જાતિ છે એ શુદ્ધ નથી. જ્ઞાન જાણતું હોવા છતાં શુદ્ધપણે જાણતું નથી એમ કહેવું છે. સ્વમાં વ્યાપવું અને પરમાં વ્યાપવું, સ્વ-પરની વ્યાપક-અવ્યાપકપણાની જે પરિસ્થિતિ છે એ આ મિથ્યાદૃષ્ટિનું મતિ-શ્રુત જ્ઞાન યથાર્થ જાણતું નથી, શુદ્ધપણે જાણતું નથી એટલું લેવું છે.

મુમુક્ષુ :- પહેલાં કહ્યું કે પરમાં જે સ્વપણે જાણે છે એ વાનગી છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં જાણવું એ વાનગી છે. જે જ્ઞાન પરને જાણી રહ્યું છે તે જ્ઞાન પણ તારી જ વાનગી છે. તો ત્યાં વાનગીમાં જાણવું એટલું લેવું છે. પરને જાણવું તે તારી વાનગી છે એમ લેવું નથી. પર જણાય છે, પર જ્ઞાનમાં જણાય છે. આપોઆપ. એને બંધ કરી શકાતું નથી. આ જીવ ભૂલ શું કરે છે ? કે હું પરને જાણું છું તો મને પર જણાય છે. આ જ્ઞાનમાં ને જ્ઞાનમાં સૂક્ષ્મ વિચાર છે. ખરેખર તો જ્ઞાન છે એ દર્પણવત્ છે. જેમ દર્પણમાં સામે જે કોઈ બિંબ હોય એનું પ્રતિબિંબ પડે. એમ જ્ઞેય જાણવાયોગ્ય જે કોઈ પદાર્થ હોય એનું જ્ઞાનમાં આપો આપ જ પ્રતિબિંબ પડે છે. તો એવી જે જાણનક્રિયા થાય છે એ જાણનપણું છે એ એની વાનગી છે. જાણન એનો સ્વભાવ છે. હવે એમાં ભૂલ શું કરે છે ? કે હું એને જાણું છું. હું એને જાણું છું અને એ ન જાણવાનું ઇચ્છું તો ન જાણું અને જાણવાનું ઇચ્છું તો હું જાણું. જો હું જાણવા ઇચ્છું તો જાણું અને ન જાણવા ઇચ્છું તો ન જાણું. એવું કાંઈક એને અંદરમાં ખોટું, જે સહજ જાણવું છે, જાણવાનો જે સહજ સ્વભાવ છે એની સહજતા એને નથી. કૃત્રિમતાથી એ જાણતો હોય એવી રીતે જાણે છે. જાણવા જાણવામાં ફેર છે. એ તો સૂક્ષ્મ ભાવ છે. એટલો હજી પકડાય કે ન પકડાય. પણ જ્યારે મિથ્યાદૃષ્ટિ જીવને પરપદાર્થનું જ્ઞાનમાં પ્રતિબિંબ પડે છે ત્યારે એને આ ભાવ હોવાથી, અભિપ્રાય આવો હોવાથી કે હું એને ઇચ્છું તો જાણું, હું એને ન ઇચ્છું તો ન જાણું. તો એ અભિપ્રાયને વશ એ શું કરે છે ? કે એ પદાર્થની એ સન્મુખ થાય છે. જ્ઞાનને પરસન્મુખ કરે છે.

મુમુક્ષુ :- સન્મુખ એટલે રાગ.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. સન્મુખ એટલે રાગ એમ નહિ. પછી તો એના નિમિત્તે રાગ ઊપજી જાય છે. રાગ તો ચારિત્રગુણનો પર્યાય છે. અહીંયાં જ્ઞાનનો જ વિષય ચાલે છે. તો એ પરસન્મુખ થાય છે ત્યારે રાગ આપોઆપ ઊપજી જાય છે. ચારિત્રગુણને નિમિત્ત પડે છે. રાગ થવામાં આવું જ્ઞાન પરસન્મુખ થયેલું છદ્મસ્થનું જ્ઞાન રાગ થવામાં નિમિત્તભૂત થાય છે. પરસન્મુખ થાય છે એ પરસન્મુખ થઈને જાણવું એવું જ્ઞાનનું સ્વાભાવિક સ્વરૂપ નથી. જો એ પરસન્મુખ ન થાય અને પરિપૂર્ણ રીતે અંતર્મુખ રહે તોપણ તમામ લોકાલોક એના જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય એવું એનું સામર્થ્ય છે. એટલે પરસન્મુખ થાઉં તો જ હું જાણું, એવા અભિપ્રાયથી એ પરને જાણવાનો પ્રયત્ન કરે છે. ન પ્રયત્ન કરે તો જાણવું તો બંધ થવાનું જ નથી. કેમ કે એ સહજ સ્વભાવ છે. પણ આ જીવ એવા અભિપ્રાયથી પરસન્મુખ થાય છે એટલે એને અનેક વિષયમાં કુતૂહલવૃત્તિ વર્તે છે કે હું આને જાણું, હું આ જાણું, હું આ જાણું... હું આ જાણું.. આ જાણું.. આ જાણું... ઘણું જાણું. એમ એ પરસન્મુખ થવાના અભિપ્રાય સહિત જાણે છે. એ પરસન્મુખ થવું એ જ્ઞાનનો સ્વભાવ નથી પણ જ્ઞાનનો વિભાવ છે. એક વાત.

બીજું, હવે થોડો જ્ઞાનનો વિષય સ્પષ્ટ કરી લઈએ. હવે જ્યારે પ્રકરણ એજન્ડા ઉપર આવ્યું છે ત્યારે. મિથ્યાદષ્ટિ જીવ માત્ર પરસન્મુખ થાય છે એમ નથી. પણ મિથ્યાદષ્ટિ જીવને વ્યાપ્ય-અવ્યાપકની જાતિ જાણવામાં ચોખ્ખી નહિ હોવાથી, શુદ્ધ નહિ હોવાથી, યથાર્થ નહિ હોવાથી તન્મય થઈને જાણે છે. જાણતા એ તન્મયપણું કરે છે. તો એ તન્મયપણું કરવું એવું તો બની શકતું નથી. જ્ઞાન કોઈ જ્ઞેય સાથે તન્મય થાય, ભળી જાય, મળી જાય એ તો અસંભવિત અને અશક્ય છે. એક દ્રવ્યથી અન્ય દ્રવ્ય મળતું નથી. તો એ પોતે નહિ તન્મય થઈ શકતો હોવા છતાં તન્મયપણાનો એને આભાસ થાય છે કે મને ગળ્યું લાગ્યું, મને ઠંડું લાગ્યું. આ જ્ઞેય જણાયું તેથી મને આવી અસર થઈ, મને સુખ થયું, મને દુઃખ થયું. વેદના જણાણી માટે મને દુઃખ થયું, શાતા જણાણી માટે મને સુખ થયું.

મુમુક્ષુ :- એને તો શ્રદ્ધાભ્રષ્ટ કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. શ્રદ્ધા તો મિથ્યાત્વ શ્રદ્ધા છે પણ જ્ઞાનનો દોષ જ નથી એમ જો તમે લ્યો તો એ અજ્ઞાન નામ નહિ પામે, મિથ્યાજ્ઞાન નામ નહિ પામે. જ્ઞાનમાં પણ ભ્રાંતિ છે. શ્રદ્ધાનમાં મિથ્યાશ્રદ્ધાન છે પણ જ્ઞાનમાં પણ ભ્રાંતિ છે. જ્ઞાન યથાર્થ વિવેક કરતું નથી. પરને સ્વપણે જાણી લ્યે છે. પર પોતામાં નહિ વ્યાપતું હોવા છતાં પર પોતામાં વ્યાપે છે એવો ખોટો અનુભવ કરે છે. આ કડવું મને લાગ્યું. એવો અનુભવ કરે છે એ જ્ઞાન કરે છે. એ જ્ઞાનનો દોષ છે. એમાં પરતન્મયપણું, પરવેદકપણું અને પરઅવલંબનપણું ઊભું થાય છે. આ ત્રણે પડખેથી એનો-જ્ઞાનનો દોષ છે.

સમ્યગ્દૃષ્ટિ જીવને પરસન્મુખપણાનો દોષ લાગે છે. ચંચળતા ને અસ્થિરતાનો ઉપયોગનો. ઉપયોગની અસ્થિરતા છે એ ઉપયોગનો દોષ છે. પણ તન્મય નથી થતો. કેમકે એની પાસે વ્યાપક-અવ્યાપકની જાતિ છે. અનુભવની જાતિ એ છે. ભલે પરપદાર્થ જણાય છે, પરપદાર્થની સન્મુખ થાય છે, અસ્થિરતા પૂરતું અવલંબન આવે છે, એટલું સ્વાવલંબન રહેતું નથી, પરસત્તા અવલંબનશીલ જ્ઞાન થાય છે, પણ એ મોક્ષમાર્ગ નથી. એ આત્માને સાધતું નથી, એ બંધને સાધે છે. એમ એ સમ્યગ્દૃષ્ટિ જાણે છે.

એટલે ચિઠ્ઠીમાં એમ લીધું કે સમ્યગ્દૃષ્ટિ જીવ પણ પરસત્તા અવલંબનશીલ જ્ઞાનને મોક્ષમાર્ગ કહેતા નથી. તો સમ્યગ્દૃષ્ટિનું એ પરસત્તા અવલંબનશીલ જ્ઞાન તો સર્વજ્ઞદેવને પણ જાણે છે. શાસ્ત્રનું અધ્યયન કરે છે ત્યારે શાસ્ત્રના શબ્દો આદિને પણ જાણે છે. પણ જેટલું એનું પરસત્તાનું અવલંબન છે, પરસન્મુખપણું છે, જેટલી ચંચળતા છે એટલો એ જ્ઞાનનો દોષ છે. અને તે દોષ હોવાથી તેને મોક્ષમાર્ગ કહેતા નથી.

મુમુક્ષુ :- પોતે સ્વતંત્ર જ્ઞાનનો દોષ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ સ્વતંત્ર જ્ઞાનનો દોષ છે.

મુમુક્ષુ :- ચારિત્રનો...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ ચારિત્રનો, શ્રદ્ધાનો દોષ સાથે સહકારી તરીકે ઉપચાર તરીકે જોડી શકાય. પણ નિશ્ચયથી વિચારો તો ગુણ સ્વતંત્ર પરિણમે છે. કોઈ ગુણને કારણે બીજો ગુણ પરિણમે છે એવું

નથી. હા, અવિનાભાવીપણું છે, નિમિત્ત નૈમિત્તિકપણું છે કે શ્રદ્ધાન મિથ્યા હોય ત્યારે જ્ઞાન મિથ્યા જ રહે. જ્ઞાન મિથ્યા હોય ત્યારે શ્રદ્ધાન મિથ્યા જ રહે. એવું અવિનાભાવીપણું છે. એને નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી કારણ-કાર્ય કહેવાય છે. પણ નિશ્ચયથી વિચારો તો એમ નથી. પ્રત્યેક ગુણનું પરિણમન પોતાની યોગ્યતા અનુસાર એનો પર્યાય થાય છે. બીજા ગુણની યોગ્યતાને કારણે આની ગુણની યોગ્યતા પરિણમનમાં નહિ લેવી જોઈએ. એ એનો નિશ્ચય છે.

મુમુક્ષુ :- પરથી જ્ઞાન થાય છે એમાં શ્રદ્ધાનો દોષ...?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં તો શ્રદ્ધાનો તો મુળ દોષ શું છે ? નિશ્ચય શ્રદ્ધાનો દોષ તો એટલો જ છે કે એને શ્રદ્ધા દ્વારા સ્વસ્વરૂપને શ્રદ્ધવું જોઈએ. એ સ્વસ્વરૂપને શ્રદ્ધતો નથી. આ શ્રદ્ધાનો દોષ છે. ત્રિકાળી નિજ શુદ્ધાત્મસ્વરૂપ, એનું શ્રદ્ધાન એને હોવું જોઈએ. એ નથી. એ જ શ્રદ્ધાનો દોષ છે. પછી જેટલા દોષોની પરંપરા છે જ્ઞાનમાં, ચારિત્રમાં અને શ્રદ્ધાનમાં, એ આના અભાવને કારણે છે. સ્વરૂપ શ્રદ્ધાનના અભાવને કારણે છે. બીજું કાંઈ કારણ નથી. પણ એ બધું તો જ્ઞાન, ચારિત્રમાં એનું નિમિત્ત લાગુ પડે છે અને શ્રદ્ધાનમાં પછી કુદેવને શ્રદ્ધે અથવા સુદેવનો નિષેધ કરે અથવા કાંઈ પણ બીજું શ્રદ્ધે કે મને આનાથી સુખ છે, મને સુગંધથી સુખ છે, મને ફલાણાથી સુખ છે, મને ઠંડકથી સુખ છે, મને ગરમીથી સુખ છે, મને ખાવાથી સુખ છે, મને સુવાથી સુખ છે. એ બધું પછી જ્યાં જ્યાં એ શ્રદ્ધા કરે છે એ મૂળ આ ભાવ છે એટલે.

અનંત સુખસ્વરૂપ આત્મા એનું શ્રદ્ધાન નહિ હોવાથી પછી શ્રદ્ધા પણ ગમે ત્યાં ભટકે છે. એનું સામાન્ય સ્વરૂપ લઈએ તો એટલું જ છે ત્યાં કે પરનું સ્વપણે શ્રદ્ધવું. જ્યાં એણે પરવિષયમાં સુખ માન્યું ત્યાં પણ એણે પરને સ્વપણે શ્રદ્ધયું છે. જ્યાં એણે કોઈ કુદેવાદિમાં પોતાનું ઈષ્ટપણું માન્યું કે આ મને લાભ કરશે, આ મારા સુખના દાતાર છે તો એણે ત્યાં પરમાં સ્વપણું માન્યું. એવું જ એણે સુદેવમાં માન્યું કે આ મને સુખ કરશે. તો એણે પરમાં સ્વપણું માન્યું. એટલે એનું સામાન્ય સ્વરૂપ શું ? કે એક ત્રિકાળી શુદ્ધાત્મ સ્વરૂપને છોડીને અન્ય દ્રવ્ય કે અન્ય ભાવમાં, પરમાં સ્વપણું શ્રદ્ધવું તે શ્રદ્ધાનો વિપર્યાસ છે.

જ્ઞાન છે એ સ્વને સ્વ જાણે. એ આગળ સ્પષ્ટ કરશે કે મિથ્યાદૃષ્ટિનું અને સમ્યગ્દૃષ્ટિનું જ્ઞેય પ્રયોજન જ્ઞાન એકસરખું છે. એટલે જ્ઞેયમાં જોડાવાનું જ્ઞાન એકસરખું છે. કેમકે સમ્યગ્દૃષ્ટિ પણ અસ્થિરતાવશ પરમાં જોડાય છે. એટલે જ્ઞેયપ્રયોજન, પ્રયોજન એટલે અહીંયાં જોડાવું, વિશેષે કરીને જોડાવું, જ્ઞેયપ્રયોજન મતિ-શ્રુત જ્ઞાન તો બંનેનું સરખું છે. ભેદ એટલો છે કે મિથ્યાદૃષ્ટિ તન્મયપણે એને ભ્રાંતિથી સ્વપણે જાણે છે અને સમ્યગ્દૃષ્ટિ ભિન્ન રહે છે. પરને જાણતા પરને પર જાણે છે, સ્વને સ્વ જાણવાનું એનું ચાલુ રહે છે. એટલે પેલો અયથાર્થ જાણે છે, આ યથાર્થ જાણે છે. આ ફેર છે. એ હજી જ્ઞાનના વિષયમાં સ્પષ્ટીકરણ આવશે.

મુમુક્ષુ :- મિથ્યાદૃષ્ટિનો ઉપયોગ પરમાં જાય છે. જે સમયે ઉપયોગ પરમાં જાય છે એ જ સમયે એને રાગ ઉત્પન્ન થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ જ સમયે થઈ જાય છે.

મુમુક્ષુ :- એનું કારણ પરપરિણતિ કે બીજું ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એનું કારણ શું છે કે એનું ચારિત્ર પણ એવું જ છે. એનું ચારિત્ર પણ નબળું જ છે, જ્ઞાન પણ નબળું જ છે, શ્રદ્ધાન પણ નબળું જ છે. એના બધા ગુણ છે એ એવી જ યોગ્યતાથી પરિણમે છે. પછી એકમાં બીજાનો ઉપચાર કહો. સમજીને એકમાં બીજાનો ઉપચાર કરવામાં વાંધો નથી. પણ એક ગુણ બીજા ગુણરૂપ કાર્ય કરી જાય એમ કેવી રીતે બની શકે ?

મુમુક્ષુ :- પરિણતિરૂપ દોષ લાગુ પડે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો સતત જ છે. પ્રત્યેક સમયે એનો ઉપયોગ અને પરિણતિ પરનો આશ્રય કરે છે. પ્રત્યેક સમયે એનો ચારિત્રગુણ પણ રાગાદિ વિભાવભાવે પરિણમે છે. પ્રત્યેક સમયે એનું શ્રદ્ધાન પરને સ્વપણે શ્રદ્ધતું પરિણમે છે.

મુમુક્ષુ :- એનું મુખ્ય કારણ શું ?

પૂજ્ય ભાઈશ્રી :- મુખ્ય કારણ એટલે મૂળ કારણ લઈએ, મુખ્ય કારણ લઈએ તો એમાં શ્રદ્ધાનો દોષ મુખ્ય છે. મિથ્યાદૃષ્ટિને શ્રદ્ધાનો દોષ મુખ્ય છે.

મુમુક્ષુ :- જ્ઞાન મિથ્યા છે કે શ્રદ્ધા મિથ્યા છે .. ?

પૂજ્ય ભાઈશ્રી :- બેય કહી શકાય, બેય કહી શકાય. કહેવામાં દોષ નથી પણ સમજવું જોઈએ. કેમકે અનુસાર કહેવું છે ત્યાં પણ ઉપચાર જ કરવો છે.

મુમુક્ષુ :- મારો પ્રશ્ન ઈ છે કે આમાં ભૂલનો ઉદ્ભવ ક્યાંથી શરૂ થઈ જાય છે આ બધામાં ?

પૂજ્ય ભાઈશ્રી :- ભૂલમાં તો શ્રદ્ધા-જ્ઞાન તો સાથે જ કામ કરે છે. કોઈ વારાફરતી કામ કરે છે એવું નથી કે પહેલા શ્રદ્ધા કામ કરે છે અને પછી જ્ઞાન. બેય ગુણ છે અને બેય પ્રતિસમયે પરિણમે છે અને બેયમાં એકસાથે જ એ ભૂલ કરે છે.

મુમુક્ષુ :- એ તો બરાબર છે, પણ રાગ ઉત્પન્ન થતા જ થાય છે, રાગસહિત જ જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે. તો ક્યાં ભૂલે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ભૂલે છે તો એ જ્ઞાનમાં અને શ્રદ્ધાનમાં બેયમાં એકસાથે ભૂલે છે. એકસાથે જ ભૂલે છે. પછી ઉપચારથી આને અનુસરીને આ થાય છે, આને અનુસરીને આ થાય છે એમ કહેવામાં દોષ નથી. બેયમાં ભૂલ પોતપોતાની છે.

મુમુક્ષુ :- પદાર્થનો વિભ્રમ એ દોષ છે.

પૂજ્ય ભાઈશ્રી :- વિભ્રમ જ્ઞાનમાં થાય છે અને મિથ્યાત્વ શ્રદ્ધાનમાં થાય છે. વિભ્રમ જ્ઞાનમાં થાય છે. અને બેય એકસાથે કામ કરે છે. વારાફરતી કામ કરતા હોય તો એમ કહીએ કે પહેલા આણે આ કામ કર્યું એટલે પાછળથી આમ થયું.

મુમુક્ષુ :- પહેલી ભૂલ ઉદ્ભવ ક્યાંથી થઈ ?

પૂજ્ય ભાઈશ્રી :- બસ, શ્રદ્ધા-જ્ઞાનનો ઉદ્ભવ પહેલી ભૂલનો ચાલુ જ છે અનાદિથી.

મુમુક્ષુ :- બેયની ભૂલ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, બેયની ભૂલ છે. બરાબર બેયની ભૂલ છે. બેયની ભૂલ છે.

એક વખત આ વિષ્ય મિથ્યાત્વથી, અજ્ઞાનથી આપણે ચર્ચીએ છીએ. આ જ વિષય સમ્યક્ત્વથી 'પૂજ્ય બહેનશ્રી'ની સાથે પ્રત્યક્ષ ચર્ચામાં ચર્ચાયો. શ્રદ્ધાને કારણે જ્ઞાન થાય છે કે જ્ઞાનને કારણે શ્રદ્ધા થાય છે ? તો શાસ્ત્રમાં બંને વચન આવે છે. સમ્યક્ શ્રદ્ધા. સમ્યક્

શ્રદ્ધાનપૂર્વક ઊપજેલું જ્ઞાન તે સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાન છે અને એવું પણ આવે છે કે જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન થાય છે. ૧૭-૧૮ ગાથામાં. જાણ્યા વિનાનું શ્રદ્ધાન ગધેડાના શીંગડા જેવું છે, સસલાના શીંગડા જાવું છે.

મુમુક્ષુ :- આકાશના ફૂલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આકાશના ફૂલ જેવું છે. જાણ્યા વિના કોને શ્રદ્ધયું ? અને નિશ્ચયથી પણ જ્યારે નિર્વિકલ્પ અનુભવ આવે છે, નિર્વિકલ્પ સ્વરૂપનો અનુભવ જ્યારે આવે છે ત્યારે પણ જેવો આત્મા અનુભવાય છે ત્યારે તે જ સમયે તેવી પ્રતીતિ થાય છે કે જેવો અનુભવાય છે તેવો જ હું. એવી જે નિર્વિકલ્પ પ્રતીતિ, એને શ્રદ્ધાન કહેવામાં આવે છે. એટલે ત્યાં ૧૭-૧૮ ગાથામાં એ પદ્ધતિ લીધી છે કે ભેદજ્ઞાન અનુભવમાં આવતા અનેક પ્રકારના ભાવો, ભેદભાવો એટલે અનેક પ્રકારના જુદા જુદા ભાવો, તેમાં આ જ્ઞાન તે હું એવા જ્ઞાનપૂર્વક ઊપજતું જે સમ્યક્શ્રદ્ધાન, એવા જ્ઞાનપૂર્વક ઊપજતું જે સમ્યક્ શ્રદ્ધાન એને સમ્યક્ શ્રદ્ધાન-સમકિત કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- તો ત્યાં જ્ઞાન મુખ્ય કર્યું.

પૂજ્ય ભાઈશ્રી :- તો ત્યાં જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન થાય છે.

મુમુક્ષુ :- જ્ઞાન મુખ્ય થયું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞાન મુખ્ય થયું. પણ એમાં એક તર્ક ક્યાં ઊભો થાય છે ? કે જો તમે જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન કહો તો અનેક એવા જીવો તમને મળશે કે જે શાસ્ત્ર અનુસાર જાણપણું કરે છે.

મુમુક્ષુ :- એ તો જ્ઞાન કેટલાયને છે. એની તો વાત જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- તો એનું જ્ઞાન સમ્યક્ કેમ નથી ? જેવું શાસ્ત્ર કહે છે એવું એ તમને કહી બતાવે છે.

મુમુક્ષુ :- એને અનુભવ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે, અનુભવ નથી.

મુમુક્ષુ :- માતાને માતા કહે છતાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો બરાબર છે. એટલે શું છે કે ત્યાં એમ સમજાવવું પડે છે કે એને અનુભવ નથી એ વાત તો સાચું પણ એને શ્રદ્ધા પણ નથી. જે કહે છે એમાં એને શ્રદ્ધા નથી. ત્યાં વધારે સ્પષ્ટ કરવા માટે શું કહેવું પડે છે ? કે એ જે વાત બતાવે છે, જે વાતમાં

પોતાનું દઢપણું બતાવે છે કે મને આમાં વિશ્વાસ છે, હું આ જ કહું છું, આમ જ કહેવા માંગુ છું. ખરેખર એમાં એને શ્રદ્ધા નથી. એ એમ કહે છે કે આત્મા સ્વપદાર્થ છે પણ એની શ્રદ્ધા નથી એમાં. એટલે એને એમ કહેવાય છે કે, એનું જ્ઞાન મિથ્યા શા માટે ? શાસ્ત્ર અનુસાર છે છતાં મિથ્યા શા માટે ? કે એનું શ્રદ્ધાન મિથ્યારૂપ છે માટે.

જો કે જગતમાં એ વાત બહુ જ ગુપ્ત છે. 'ગુરુદેવે' આ વિષય ખોલ્યો. જગતમાં તો કોઈ શાસ્ત્ર અનુસાર બોલે એટલે એ જ્ઞાની થઈ ગયો. દરેક સંપ્રદાયમાં શું છે ? શા માટે તે તે સંપ્રદાયના સાધુને કે વિદ્વાનોને કે પંડિતોને વિશિષ્ટ ગણવામાં આવે છે ? કે તેના શાસ્ત્રો અનુસાર જાણવું છે. એની એ મોટાઈ છે. પણ તત્ત્વદૃષ્ટિ જીવ એવી રીતે કોઈનો સ્વીકાર કરતો નથી. તત્ત્વદૃષ્ટિજીવ તો એનું શ્રદ્ધાન તપાસે છે. જો શ્રદ્ધાન ન તપાસે તો જ્ઞાનમાં ભૂલો પડી જાય. કેમકે એને એમ જ લાગે કે જેવું શાસ્ત્ર કહે છે એવું આ કહે છે. પછી એને અનુભવ છે કે નહિ એ તમે કેવી રીતે જાણવાના છો ? સાંભળનાર કેવી રીતે જાણવાના છે ?

મુમુક્ષુ :- સાંભળનાર જ્ઞાની હોય તો ખબર પડી જાય. બધા સરખા ભેગા થયા હોય તો...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એ બંનેથી બોલાય છે. જ્ઞાન અનુસાર શ્રદ્ધાન, શ્રદ્ધાન અનુસાર જ્ઞાન એમ કહેવાય છે. કહેવામાં દોષ નથી

મુમુક્ષુ :- .. ખબર પડે કે આ ચોર છે તો એને પકડી શકાય. ... શ્રદ્ધામાં ફેર છે, જ્ઞાનમાં ફેર છે.

પૂજ્ય ભાઈશ્રી :- બેયમાં ભૂલ છે પછી ક્યાં સવાલ છે ? બરાબર બેયમાં ભૂલ છે. પછી ક્યાં પ્રશ્ન છે. બેયમાં ભૂલ છે. બેમાંથી એકેય સાચું નથી.

મુમુક્ષુ :- મૂળ તો દૃષ્ટિની ભૂલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- દૃષ્ટિની મૂળ ભૂલ એટલા માટે કહેવામાં આવે છે કે એની દૃષ્ટિ-શ્રદ્ધાનો પરિણમવાનો જે સ્વભાવ છે, એટલે દૃષ્ટિ પોતે એક સ્વભાવ શક્તિ છે, શ્રદ્ધાન પોતે એક શક્તિ છે-એક ગુણ છે, શક્તિ છે એ આત્માનો એક ગુણ છે અને ગુણનો જે ગુણ છે એ પ્રકાર જોઈને એને મૂળનું સ્થાન આપ્યું છે. આમ તો આત્માના અનંતેય ગુણ

સરખા (છે). કોઈ નાનો અને કોઈ મોટો છે એવું નથી. પણ દરેક ગુણની કાર્ય કરવાની જે પદ્ધતિ છે, પરિણમવાનો જે પ્રકાર છે, સ્વભાવ છે એ જોઈને એને જુદી જુદી ઉપમા આપે છે. એમાં શ્રદ્ધાના પરિણમનને જોઈને એમ કહ્યું કે આ તો જેમ કોઈ મૂળ કામ કરે. આખા ઝાડને પકડી રાખવાનું કામ કોણ કરે ? મૂળ કરે. ગમે તેવું વાવાઝોડું હોય. મોટું ઝાડ ઉથલી પડતું દેખાય અને નાનુ ઝાડ ન ઉથલી પડતું દેખાય એનું કારણ શું ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એ ઝાડની મૂળની મજબૂતાઈ છે. મૂળની મજબૂતાઈ છે. એમ શ્રદ્ધાનો જે સ્વભાવ છે, પરિણવાનો જે ગુણ છે, ગુણનો ગુણ જેને કહીએ, એને મૂળની ઉપમા આપવી પડે છે. દંસણ મુલો ધમ્મો. એ સૂત્ર નાખ્યું આચાર્યદેવે. બહુ ગંભીર વિષય છે. એને સમજવા માટે એના ઊંડાણમાં જવું જોઈએ. શ્રદ્ધાના અનુભવને તપાસવો જોઈએ. શ્રદ્ધાનનું પરિણમન બહુ સૂક્ષ્મ છે. જ્ઞાનને સૂક્ષ્મ કરીને શ્રદ્ધાના અનુભવને તપાસવો જોઈએ કે પ્રતીતિ ચીજ શું છે ? ત્યારે એ શ્રદ્ધા સમજાય એવું છે. અને જો શ્રદ્ધા સમજાય તો પછી અવળી નહિ ચાલે એ. પછી સવળી જ ચાલશે. જે મિથ્યાત્વને જાણે તેને મિથ્યાત્વ ન રહે. આ નિયમ છે. કેમકે એ તો ભૂલ છે. એટલે એને મિથ્યાત્વ રહેતું નથી.

મુમુક્ષુ :- દંસણ મુલો ધમ્મો જે કીધું એમાં જ્ઞાનની મુખ્યતા કરી ?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનની તો મુખ્યતા એટલા માટે છે કે જ્ઞાન પોતાને પણ જાણે છે અને પરને પણ જાણે છે. શ્રદ્ધાને પણ જ્ઞાન જાણે છે. જ્યારે શ્રદ્ધા છે એ પોતાને નથી જાણતી અને જ્ઞાનને પણ નથી જાણતી. એનું તો શ્રદ્ધવું એટલું કાર્ય છે. કાં તો પરને સ્વપણે પકડે, કાં તો સ્વને સ્વપણે પકડે. સ્વને સ્વપણે પકડે તો એ સમ્યક્ છે. સ્વને છોડી દે તો એ શ્રદ્ધા તો કાર્ય તો કરશે જ. ગુણ છે એટલે પરિણમશે. પરને સ્વપણે પકડવું, સ્વપણે પકડવું, પ્રતીતિથી સર્વસ્વપણે પકડવું (એ શ્રદ્ધાનું કાર્ય છે).

.. જ્ઞાન વિચારી શકે છે. એટલે જ્ઞાનની ઘણી મુખ્યતા લીધી. બીજું, આખા અનંત ગુણના અભેદ આત્મસ્વરૂપને ઓળખવા માટે

એક જ્ઞાન જ લક્ષણથી ઓળખી શકાય છે.

મુમુક્ષુ :- જ્ઞાનને મુખ્ય કરે એટલે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પકડો-પકડો. જ્ઞાનને પકડો શ્રદ્ધા સવળી થઈ જશે. જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન થાય છે એ પણ એટલા માટે જ કહેવામાં આવે છે. જ્યારે જ્ઞાનમાં મિથ્યાશ્રદ્ધાનના કાળમાં પણ જ્યારે જ્ઞાનમાં જ્ઞાનલક્ષણથી સ્વભાવ અંશના આધારે સ્વભાવનો નિર્ણય થાય, જ્ઞાનસ્વભાવનો નિર્ણય જ્ઞાન લક્ષણથી જ્ઞાનનો પર્યાય કરે ત્યારે એને અનંત મહિમા ઊપજે છે. અનંત મહિમાવંત સ્વરૂપનો અનંત મહિમા ઊપજે છે. શ્રદ્ધા પૂરેપૂરી પોતાની પૂરી શક્તિથી ઊંધી પડી હોવા છતાં એને ઉથલાવી નાખનાર આ નિર્ણય છે. એ શ્રદ્ધાને આખેઆખી ઉથલાવાનું કામ આ જ્ઞાનનો નિર્ણય કરે છે. એટલે જ્ઞાનની મુખ્યતા લેવામાં આવે છે.

આ અનુભવ વર્ણનમાં જ્ઞાનનો વિષય એમણે બહુ ચર્ચ્યો છે અને આગળ પણ હજી લેશે. ભાવશ્રુતનો વિષય આવશે ત્યારે બહુ ચર્ચા કરશે. એ તો ગજબ કરી છે ! ગ્રંથ નાનો છે પણ લખનારને પોતાને તો બહુ સ્પષ્ટ વિષય છે.

એટલે '**તે જ્ઞેયને પોતારૂપ જાણે અથવા જાણે પણ નહીં.**' એનું વ્યાપક-અવ્યાપકની જાતિનું ઠેકાણું નહિ હોવાથી તે જ્ઞેયને વ્યાપ્ય-વ્યાપકભાવે પોતારૂપ જાણે અથવા કેટલાક જ્ઞેયોને તો એ જાણે પણ નહિ એટલી એની મર્યાદા છે. મતિ-શ્રુતની તો મર્યાદા છે કે કેટલાક જ્ઞેયોને જાણે, કેટલાક જ્ઞેયોને ન જાણી શકે. એવી પણ એની મર્યાદા છે.

'**મિથ્યાત્વીના જાણવામાં કુરૂપતા-વિપરીતતા છે.**' મિથ્યાત્વી છે એ જાણવાની અંદર વિપર્યાસપણે જાણે છે, વિપરીતપણે જાણે છે. જેવું પદાર્થનું સ્વરૂપ છે એવું જાણતો નથી. વિપરીતતા સાધે છે. જાણતાવેંત વિપિરીતતા સાધે છે. આ રંગ દેખાણો તો આ સારો છે અને કાં સારો નથી એવું નક્કી કરે છે. ભાણામાં તાવડી ઉપરથી ઉતરેલી રોટલી આવી તો કાં ઠીક છે અને કાં ઠીક નથી. એમ કરી લે છે, જાણી લે છે. જાણતા જ તે માત્ર જાણવું રહેવા દઈને સાથે સાથે એને એની જે વિશેષણ એને લાગુ ન કરી શકાય એવા વિશેષણપૂર્વક જાણે છે.

એનામાં ઠીક-અઠીકપણું નથી. છતાં પણ એ એવી રીતે જાણે છે. એ વિપર્યાસ છે.

'**સમ્યગ્દૃષ્ટિ પરને પર જાણે છે, સ્વને સ્વ જાણે છે.**' આ સમ્યગ્દૃષ્ટિ પરને પણ જાણે છે અને સ્વને પણ જાણે છે. એમાં પરને જાણવાના કાળમાં પરને પરપણે જાણે છે અને સ્વને જાણવાના કાળમાં સ્વને સ્વપણે જાણે છે. સ્વ-પરને બંનેને જાણતો સમ્યગ્દૃષ્ટિ સ્વને સ્વપણે જાણે છે અને પરને પરપણે જાણે છે. '**મિથ્યાત્વી, ચારિત્રમાં પરને નિજરૂપ અવલંબે છે,...**' અવલંબનનો જે ભાવ છે એ ચારિત્રમાં જાય છે. જાણવાની સાથે સાથે અવલંબન લે છે, એનો આધાર લે છે. એ આધાર લે છે એ એનો ચારિત્રનો દોષ છે.

એટલે '**મિથ્યાદૃષ્ટિ, મિથ્યાત્વી ચારિત્રમાં પરને નિજરૂપ અવલંબે છે, (ત્યારે) સમ્યગ્દૃષ્ટિ નિજને નિજરૂપ અવલંબે છે.**' સમ્યગ્દૃષ્ટિ છે એ પોતાનો આધાર ક્યારેય છોડતો નથી. અને એનું કારણ ઉપયોગ પરમાં જવા કાળે પણ નિજાવલંબનને છોડતો નથી. આ એની વિશિષ્ટતા છે. સમ્યગ્દૃષ્ટિની વિશિષ્ટતા આ છે કે સમ્યગ્દૃષ્ટિનો ઉપયોગ પરમાં જાય છે ખરો, ત્યારે પણ એ નિજને નિજરૂપ અવલંબે છે. પોતાના અવલંબનને છોડ્યા વિના એ પરમાં જાય છે. એટલે એને માત્ર અસ્થિરતાનો દોષ ગણાવ્યો છે. અવલંબનનો દોષ એને લાગુ પડતો નથી.

'**સમ્યક્તા...**' એટલે સમ્યક્પણું. '**સવિકલ્પ-નિર્વિકલ્પરૂપથી બે પ્રકારે છે.**' એટલે સવિકલ્પ દશામાં પણ સમ્યક્પણું હોય છે અને નિર્વિકલ્પ દશામાં પણ સમ્યક્પણું હોય છે એમ કહેવું છે. સમ્યક્પણું બંને અવસ્થામાં હોય છે. એટલે સમ્યક્તાના બે પ્રકાર છે એમ લીધું. પણ એમાં કહેવા એમ માગે છે કે સમ્યગ્દૃષ્ટિ જીવને સવિકલ્પ દશામાં પણ સમ્યક્પણું હોય શકે છે અને નિર્વિકલ્પ દશામાં પણ સમ્યક્પણું હોઈ શકે છે.

'**જઘન્યજ્ઞાની...**' એટલે નીચેના ચોથા, પાંચમાં, છઠ્ઠા ગુણસ્થાનવાળો જ્ઞાની. એ જઘન્યજ્ઞાની લેવો. સાતમાથી નહિ. સાતમાથી જઘન્યજ્ઞાની નથી. સાતમે મધ્યમજ્ઞાની છે અને બારમે, તેરમે ઉત્કૃષ્ટ જ્ઞાની છે. એટલે વચ્ચેના ગુણસ્થાન મધ્યમ (ગણાય). જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ લઈએ તો. જ્યાં સુધી બુદ્ધિપૂર્વકની સવિકલ્પ

દશા વર્તે છે એટલી અસ્થિારતા છે ત્યાં સુધી તે જઘન્ય જ્ઞાની છે. સાતમે, આઠમે, નવમે, દસમે જે કાંઈ નિર્વિકલ્પ સ્થિતિ રહી છતાં પણ અંદરમાં પરિણતિ, સૂક્ષ્મ પરિણતિ જે અર્થથી અર્થાંતર, ગુણથી ગુણાંતર, પર્યાયથી પર્યાયાંતર એવો જે અસ્થિરતાનું અબુદ્ધિપૂર્વકનું જે રાગ સહિતનું પરિણમન છે એને 'પ્રવચનસાર'માં જ્ઞપ્તિ પરિવર્તન ક્રિયા લીધી છે. ત્યાં અબુદ્ધિપૂર્વકનો રાગ છે. ઉપયોગ સ્વરૂપમાં સ્થિર છે. છતાં એની જ્ઞાનની પરિણતિનો એક અંશ જ્ઞેયથી જ્ઞેયાંતરમાં જાય છે તેને જ્ઞપ્તિ પરિવર્તન કીધું છે. એટલી અસ્થિરતા છે ત્યાં. બારમામાં જે છે એ પૂર્ણ સ્થિરતા નથી. તો એ મધ્યમ જ્ઞાની છે. જ્ઞાની કહો કે સાધક કહો અહીંયાં. જઘન્ય સાધક, મધ્યમ સાધક અને ઉત્કૃષ્ટ સાધક.

મુમુક્ષુ :- નવમા સુધી મધ્યમ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. નવમા, દસમામાં બધામાં મધ્યમ છે. મધ્યમ સાધક.

**'જઘન્યજ્ઞાની તે પરજ્ઞેયને અવ્યાપક પરરૂપપણે જાણી પોતાને જાણનરૂપે વ્યાપક જાણે તે તો સવિકલ્પ સમ્યક્તા.'** હવે સવિકલ્પ દશામાં સાધકજીવ જઘન્ય સાધક કેવી રીતે પરિણમે છે ? કે એ પરજ્ઞેયને અવ્યાપક પરરૂપપણે જાણે છે. ઉપયોગ એનો પરપદાર્થમાં જાય છે. ત્યારે તે પરને પરરૂપે જાણે છે. અને એમાં મારું જ્ઞાન વ્યાપતું નથી એવો પણ અનુભવ કરે છે. અનુભવવું અને જાણવું બેય એનું ચાલું છે. તેમાં પરપદાર્થ (પર ઉપયોગ) જાતા, ઉપયોગ પરપદાર્થમાં જાતા, ઉપયોગ પરપદાર્થમાં જાય છે ત્યારે તેને હું અનુભવતો નથી. એમાં હું વ્યાપતો નથી, એ મારામાં વ્યાપતું નથી એમ જાણે છે. અને તે પરપદાર્થ છે એમ જાણે છે.

જેમ એક માણસ, અહીં આપણે તખ્તેશ્વરની ટેકરી છે અથવા ઊંચી જગ્યા ઉપર ક્યાંય ઊભો રહીને રસ્તા ઉપરના ટ્રાફિકને જાણે તો એમાં જાણવામાં કાંઈ મારું છે એમ બધું જાણી લ્યે છે ? પણ એમાં એને એનું ઘર દેખાય. ત્યારે એમ જોવે છે કે આ સેંકડો ઘર દેખાય છે એમાં આ મારું ઘર છે એમ જોવે છે. સ્કૂલના મેદાનની અંદર પચાસ-સો છોકરા રમતા હોય તો એ પોતાના છોકરાને જાણે ત્યારે આ મારો છે એમ જાણે છે. બાકીનાને જાણે છે એમાં આ મારા નથી એમ જાણે

છે. એવો વિકલ્પ કર્યા વિના પણ. એવો વિકલ્પ નથી કરવો પડતો. એમ જ જાણે છે. એવી રીતે વિકલ્પ કર્યા વિના જઘન્ય જ્ઞાની પરજ્ઞેયને પરરૂપે જાણે છે. અને પોતે એમાં વ્યાપતો નથી એવો અનુભવ કરે છે. અવ્યાપકપણાનો એમાં અનુભવ કરે છે.

મિથ્યાદષ્ટિ જીવ પરમાં વ્યાપ્ય-વ્યાપકભાવે જાણવું કરે છે. એને એમ થાય છે કે આ ઠંડી મને લાગે છે. મારામાં ઠંડીનો પ્રવેશ થાય છે એવો એને અનુભવ થાય છે. એ વ્યાપક થઈને જાણે છે. એમાં પરને સ્વપણે જાણે છે. પરમાં પરપણું એને રહેતું નથી.

બહુ સારી સ્પષ્ટતા કરી છે કે, **'જઘન્યજ્ઞાની તે પરજ્ઞેયને અવ્યાપક પરરૂપપણે જાણી પોતાને જાણનરૂપે વ્યાપક જાણે...'** જાણનરૂપે અને પોતામાં વ્યાપકપણે જાણે. આવું પોતાનું પોતામાં વ્યાપ્ય-વ્યાપકપણું, પરમાં અવ્યાપકપણું, એમ એકસાથે. પરનું પરપણું અને સ્વનું સ્વપણું એવું જે જણાય **'તે તો સવિકલ્પ સમ્યક્તા.'** છે. હવે જ્યારે આ પ્રકારે જેનું જે સમ્યગ્જ્ઞાન જાણવાનું કાર્ય કરે તે સમ્યગ્જ્ઞાનમાં પર પરપણે જણાતા જ મુખ્યતા આવતી નથી.

જેમ પોતાનો છોકરો કાળો-કૂબડો છે. બીજાનો છોકરો બાજુમાં ઊભેલો રૂપાળો છે. તો એને જે પોતાના દીકરામાં રસ છે એટલો એથી વધારે સારો દેખાતા કોઈના દીકરામાં રસ આવે છે ? એનો અર્થ શું થાય છે ? કે એની મુખ્યતા જ્યાં સ્વપણું થાય છે ત્યાં છે. સારું છે એ જો મુખ્ય થતું હોય તો આવું ન બને. બે લડશે તો પક્ષ કોનો કરશે ? બે છોકરા લડશે તો પક્ષ કરશે પોતાના દીકરાનો. લડે અને મારામારી (ઉપર) આવે તો પોતાના દીકરાને વાગી ન જવું જોઈએ એવો એને ભાવ આવશે.

જ્યારે એ સ્વ-પર જ્ઞેયને જાણતા સ્વને સ્વપણે જાણે અને પરને પરપણે જાણે ત્યારે આપોઆપ છદ્મસ્થ સમ્યગ્દષ્ટિના જ્ઞાનમાં પરની ગૌણતા અને સ્વની મુખ્યતા રહ્યા કરે છે. એ આપોઆપ છે. કોઈપણ છદ્મસ્થ જીવનું જ્ઞાન એવું ન હોય કે કોઈ એકને મુખ્ય કરે અને બાકીના બધાને ગૌણ કરે એવું તો કોઈ સમ્યગ્દષ્ટિ જીવનું જ્ઞાનનું પરિણમન જ નથી. છદ્મસ્થના જ્ઞાન પરિણામનો આવો એક સ્વભાવ છે કે મુખ્ય ગૌણ પણ કરવું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- બધે. બધે. છદ્મસ્થ એટલે બારમા ગુણસ્થાનથી નીચે. બધા. એના જ્ઞાન પરિણામમાં કોઈ એકને મુખ્ય કરે છે અને બાકી બધાને ગૌણ કરે છે. કોને જીવ મુખ્ય કરે છે ? ક્યા જ્ઞેયને મુખ્ય કરે છે ? કે જેમાં સ્વપણું એને થાય એ મુખ્ય કરે છે.

અહીંયાં એ કહ્યું કે સવિકલ્પ સમ્યક્તામાં પણ સમ્યગ્દષ્ટિ જીવ પરજ્ઞેયને જાણતા પરને પરપણે જાણે છે અને સ્વને સ્વપણે જાણે છે. તો કહેવાની જરૂર નથી કે સ્વની એને મુખ્યતા રહે છે અને પરની એને ગૌણતા થઈ જાય છે. કેમકે સ્વ જ મુખ્ય થાય. પર કોઈ દિવસ મુખ્ય થઈ શકે નહિ.

**'બીજું જે પોતે પોતાને જ જાણનરૂપે...'** બીજું એટલે નિર્વિકલ્પ વાત લેવી છે. પહેલી વાત લીધી સવિકલ્પતાની. હવે નિર્વિકલ્પતાની વાત લે છે. **'બીજું જે પોતે પોતાને જ જાણનરૂપે પોતાને જ વ્યાપ્યવ્યાપક જાણ્યા કરે તે નિર્વિકલ્પરૂપ સમ્યક્તા છે.'** જે ઉપયોગ પરપદાર્થમાં જતો હતો તે નહિ જતાં વ્યાપ્ય-વ્યાપકભાવે પોતાના સ્વરૂપને અવલંબીને, ચારિત્રમાં પણ પોતાના સ્વરૂપને અવલંબીને પોતાને જ જાણવારૂપ પરિણમે. આત્માને જ અનુભવવામાં લાગી જાય અને પોતાના પૂરા પ્રદેશમાં વ્યાપ્ય-વ્યાપકભાવે પોતાનો અનુભવ કરે ત્યારે તેને નિર્વિકલ્પરૂપ સમ્યક્તા કહેવામાં આવે છે. અથવા એ સમ્યક્‌ની નિર્વિકલ્પ દશા છે. સવિકલ્પ દશા બંધ થઈને નિર્વિકલ્પ દશા થઈ તે નિર્વિકલ્પ રૂપ સમ્યક્તા છે.

આમ જઘન્ય જ્ઞાનીની છઠ્ઠા ગુણસ્થાન સુધી બે પ્રકારે દશા થાય છે. બે પ્રકારે દશા છે. નિર્વિકલ્પ સમ્યક્તા અને સવિકલ્પ સમ્યક્તા. છઠ્ઠું ગુણસ્થાન તો એકલું સવિકલ્પ સમ્યક્તાનું જ છે. ચોથામાં સવિકલ્પ અને નિર્વિકલ્પ બેય સ્થિતિ ચોથા ગુણસ્થાનની હોય. પાંચમા ગુણસ્થાનમાં સવિકલ્પ પણ દશા હોય અને નિર્વિકલ્પ દશા પણ હોય. જ્યારે છઠ્ઠા ગુણસ્થાનમાં એકલી ઉપયોગની સવિકલ્પ દશા જ હોય છે. નિર્વિકલ્પ દશા થાય ત્યારે એ સાતમા ગુણસ્થાનમાં આવે છે. સાતમા ગુણસ્થાન અને એથી ઉપરના ગુણસ્થાનમાં ક્યારે પણ સવિકલ્પ દશા ઉત્પન્ન થતી નથી. છઠ્ઠું એકલું સવિકલ્પનું ગુણસ્થાન છે અને તે

ગુણસ્થાનમાં સાધુને, મુનિને, પોતાના ગુણસ્થાન અનુસાર પરિણમનમાં બાહ્ય પ્રવૃત્તિના વિકલ્પ હોય છે. પ્રવૃત્તિ તો જે મન-વચન-કાયાની-પુદ્‌ગલની થવાની હોય તે થાય છે અને તે ગુણસ્થાનની મર્યાદા છોડીને તો થતી નથી. પણ કોઈ વખત અસ્વસ્થ હોય તો જે વિકલ્પ હોય એ પ્રકારે એની પૂરેપૂરી પ્રવૃત્તિ શરીરની કે કાયાની ન થઈ શકે એટલી. બોલવું હોય તો બોલવાની ન થઈ શકે. કેમકે પુદ્‌ગલના પરિણામ તો એને આધીન નથી. પણ એથી બહાર એની મર્યાદા બહાર કોઈ પ્રવૃત્તિ હોતી નથી. વિકલ્પ છે એ મર્યાદિત થઈ જાય છે. મુનિને મુનિ દશાને તોડે એવા કોઈ વિકલ્પ હોઈ શકે નહિ. અને હોય તો એને મુનિ દશા હોય એમ બની શકે નહિ.

એ રીતે '**નિર્વિકલ્પ સમ્યક્‌તા છે.**' કે જે પોતે પોતાને, પોતાને જ. એટલે એ સિવાય કોઈ એના જ્ઞાનમાં બીજું જ્ઞેય નથી. એમ લેવું છે ત્યાં. પોતાને જ એમ કહીને એ સિવાય જ્ઞાનમાં ઉપયોગમાં કોઈ બીજું જ્ઞેય નથી. બીજું જ્ઞેય નથી એટલે શું ? કે નિર્વિકલ્પ દશાના કાળમાં કોઈ શરીરને સ્પર્શ કરે, અરે..! કોઈ શરીરને છેદે-ભેદે તોપણ એના જ્ઞાનમાં તે ઉપયોગથી જાણી શકતો નથી. કેમકે પહેલા લીધું ને ? એક કાળે એકને જાણે. આવી ગયું ઉપર ? એક કાળે એકને જાણે. પાંચમી લીટી.

'**એક-એક ઉપયોગપરિણામ એકને જ દેખે, જાણે.**' એક કાળે બેને ઉપયોગથી ન જાણી શકે. જ્યારે નિર્વિકલ્પ ઉપયોગ સ્વરૂપમાં લાગ્યો ત્યારે એ બાજુમાં રહેલા શરીરથી માંડીને કોઈ જ્ઞેયને ન જાણી શકે. એને કોઈ મારે તો એને ખબર ન પડે. એક ક્ષણ એની ખબર ન પડે.

મુમુક્ષુ :- પાછો બહાર આવે ત્યારે ખ્યાલ આવે.

પૂજ્ય ભાઈશ્રી :- તો એને ખબર પડે. પણ એ ક્ષણે એને ખબર ન પડે.

મુમુક્ષુ :- ... પરનું જાણવું બંધ થઈ જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પરનું જાણવું ત્યાં બંધ થઈ જાય છે.

મુમુક્ષુ :- ત્યાં પરપ્રકાશકપણું ...?

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં આનંદ પર છે. તર્ક તો થાય એવું છે કે જીવનો જ્ઞાનગુણ છે એ તો સ્વપરપ્રકાશક છે. હવે વ્યાપ્ય-વ્યાપકભાવે

જ્યારે એણે પરને જાણ્યું, એમ તો લબ્ધમાં પણ ઘણું પરનું એક્વાયર નોલેજ છે જ ને ? લબ્ધમાં પરનું જ્ઞાન નથી ? સાતમા, આઠમા, નવમા, દસમા ગુણસ્થાને ક્યાં ઉપયોગ પરમાં જાય છે ? પણ એ તો પકડી શકાય એવું નથી. એટલે અહીંયાં આચાર્યદેવે પકડી શકાય એવું લીધું. કે જુઓ ! જ્ઞાન જ્ઞાનને પણ જાણે છે અને જ્ઞાન આનંદને પણ જાણે છે. એ સમજી શકાય એવો વિષય લીધો. પણ જ્ઞેયથી જ્ઞેયાંતર જ્ઞપ્તિપરિવર્તન ક્યાંથી કાઢ્યું. ઉપયોગ તો છે નહિ પરનો. ઉપયોગ તો સ્વરૂપમાં સ્થિર છે. તો અબુદ્ધિપૂર્વકનો જે પરિણામ લીધો એ ત્યાં જ્ઞપ્તિ પરિવર્તનમાં લીધો. એમાં અસ્થિરતા લીધી.

'**વળી જે એક વાર એ જ સમયમાં સ્વને સર્વસ્વપણે જાણે તથા સર્વ પરને પરપણે જાણે ત્યાં ચારિત્ર પરમ શુદ્ધ છે,...**' પરિપૂર્ણ જ્યાં યથાખ્યાત્ ચારિત્ર થયું અને અરિહંત દશામાં કેવળજ્ઞાન થયું, ત્યાં એક જ વારે, એક જ સમયમાં સ્વને સર્વસ્વપણે જાણે એટલે પોતાનું સ્વરૂપ પરિપૂર્ણ સ્વપણે, નિરવશેષપણે જાણે. '**તથા સર્વ પરને...**' જગતના તમામ સમસ્ત પદાર્થોને પરપણે જાણે. એક જ સમયમાં. સ્વને પણ પૂરેપૂરા જાણે, સર્વ પરને પણ પૂરેપૂરા જાણે. ત્યાં ચારિત્ર પરમશુદ્ધ છે. ત્યાં પરમ શુદ્ધ ચારિત્ર છે. ત્યાં કોઈ ચારિત્રનો દોષ પણ રહે એવું બનતું નથી. એમ કહીને એમ કહ્યું કે, પર જ્ઞાનમાં જણાય છે માટે દોષ છે એ વાત નથી. ચારિત્ર પરમશુદ્ધ છે. પરને જાણતા જો દોષ જ થતો હોય તો એ વાત જાણવાના કારણે નથી, એ ચારિત્રને કારણે છે.

મુમુક્ષુ :- એકાંતે નિયમ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એકાંતે નિયમ નથી. જાણવાને કારણે દોષ થાય તો અહીંયાં ચારિત્ર પરમશુદ્ધ છે. પૂરેપૂરું પરને જાણે ત્યારે ચારિત્ર પરમશુદ્ધ છે એમ લે છે.

'**તે સમ્યક્તાને પરમ-સર્વથા-સમ્યક્તતા કહીએ.**' ત્યાં તો તેને પરમ સર્વથા સમ્યકતા કહીએ. '**તે કેવલદર્શન-જ્ઞાનપર્યાય...**' એટલે કેવળજ્ઞાનપર્યાય '**વિષે હોય છે.**' તે કેવલ્ય દશામાં એ વાત છે કે જ્યાં સ્વને સર્વસ્વપણે જાણે છે, સર્વ પરને પરપણે જાણે છે અને ત્યાં ચારિત્ર શુદ્ધ હોય છે. પણ ત્યાં પરને જાણતા પરનું અવલંબન હોતું નથી. પરિપૂર્ણ નિજાવલંબનમાં રહીને, પૂર્ણ નિજાવલંબનમાં રહીને

પરનું જાણવું થઈ જાય છે. આમ તો જ્ઞાનમાં પરનું જાણવું થઈ જાય છે. પણ આ એમ કહે છે કે ના, હું કરું છું તો થાય છે. આ એનો મિથ્યા અભિપ્રાય છે. જે સહજ છે એને કરવું શું ? સહજ થતું હોય એને કરવું શું ? અને જે થઈ શકતું ન હોય એને કરવું શું ? પ્રશ્ન રહેતો નથી. કર્તૃત્વનો અભિપ્રાય જ મિથ્યા છે, ભૂલવાળો છે. વસ્તુના સ્વરૂપની એને ખબર નથી એટલે એને એમ થાય છે કે આમ કરું અને આમ કરું. એ સ્વમાં પણ કરવાપણાનું જોર છે અને પરમાં એને કરવાપણાનું જોર પછી આવી જાય છે. પણ ખરેખર સ્વ પરનું જાણવું પણ સહજ છે.

એ સ્વપરપ્રકાશકનું પૂછ્યું ને ? કે ત્યાં પરપ્રકાશક શું ? કે વિકલ્પ વિના ત્યાં એમ જાણ્યું કે વ્યાપ્ય-વ્યાપકભાવે હું મારો અનુભવ કરું છું. ત્યાં અનાદિનો મારામાં જે પરનો અનુભવ હતો, પણ આમાં તો કોઈ પર છે જ નહિ, હું એકલો જ છું. એટલે પોતાનું સ્વરૂપ પરના અભાવસ્વરૂપે છે, પોતાનો સ્વભાવ પરના અભાવસ્વભાવે છે એનું જ્ઞાન થાય છે. એ પરનું જ્ઞાન થયું કે ન થયું ? થયું કે ન થયું ? સ્વમાં પરનું જ્ઞાન આવી જ જાય. આ સ્વ છે એમ જાણ્યું. સ્વને સ્વપણે જાણ્યું. તો એમાં પર નથી. સ્વ તે પર નથી એમ એનું જ્ઞાન આવી જાય છે. સ્વ પર પોતે સાપેક્ષ છે. સ્વનું સ્વપણે જાણવું, અનુભવવું એમાં પરનો અનુભવ નથી એમ પરનું જ્ઞાન આવી જ ગયું એની અંદર. પરનું જ્ઞાન કેમ ન આવ્યું ?

આ તો એક પ્રશ્નની અંદર સ્થૂળ વિચાર શું આવે છે ? કે ત્યાં કોઈ પર સામે જ્ઞેયરૂપ થાય તો એને પરનું સ્વપરપ્રકાશકપણું જાણવું. એ સ્વપરપ્રકાશકપણાનો સ્થૂળ વિચાર છે. સ્વપરપ્રકાશકપણાનો સૂક્ષ્મ ભાવ આ છે કે સ્વ સ્વપણે છે અને એમાં કોઈ પર નથી એવું જે સ્વના જ્ઞાનમાં પરનું જ્ઞાન નિહિત છે, સમાવેશ થયેલું જ્ઞાન છે એનું. હું શુદ્ધ એકલો જ છું. પોતાના એકત્વનું જ્ઞાન થયું ત્યાં પરના અનેકત્વનું જ્ઞાન એની અંદર સાથે જ છે. એ એકાંત જ્ઞાન અનેકાંતજ્ઞાન સહિત છે. અસ્તિધર્મનો અનુભવ થયો તો એને નાસ્તિનું જ્ઞાન થયું કે આમાં બધાની નાસ્તિ છે. મારા સિવાય બધાની નાસ્તિ છે. આવું અસ્તિ-નાસ્તિને અનેકાંત અમૃત કહેવામાં આવ્યું છે. એને ત્યાં અમૃત કીધું છે.

અનેકાંતના જ્ઞાનને ત્યાં અમૃત કીધું છે. કેમકે ત્યાં આનંદ અમૃતને પીએ છે. એવા સ્વરૂપ અસ્તિત્વના અનુભવના કાળે, અનુભવજ્ઞાનના કાળે આનંદનો અનુભવ કરે છે. તો એ અનેકાંતજ્ઞાનને અમૃત કહેવામાં આવ્યું છે. ખરેખરે ત્યાંથી અમૃત કાઢ્યું છે. એમ છે. અહીં સુધી રાખીએ...

સ્વભાવ અને વિભાવની ઓળખાણ વિના ભેદજ્ઞાન થઈ શકે નહિ. તેમ જ ભેદજ્ઞાન વિના સ્વરૂપાનંદની પ્રાપ્તિ થઈ શકે નહિ. માત્ર સ્વરૂપ ચિંતન (ભેદજ્ઞાન વગરનું) થી માનસિક શાંતિ કે આનંદને, આત્માનંદ કે આત્મશાંતિ થયાનું ભ્રમથી માનવામાં આવે, તો ગૃહિત મિથ્યાત્વ થાય. તેથી સ્વસન્મુખતાના પ્રયત્ન વડે, ઉત્પન્ન શુદ્ધોપયોગમાં, સર્વ પ્રદેશેથી અંતર્મુખ અતિન્દ્રિય આનંદ ઉત્પન્ન થાય, સમકાળે મિથ્યાત્વનો અભાવ થાય; તેની પહેલાં અને પછી સવિકલ્પ દશામાં, રાગનો કે જે માનસિક શાંતિ - શાતાના ઉદયરૂપ હોય છે, તથા બહિર્મુખ ભાવે હોય છે, તેનો નિષેધ વર્તતો હોય છે, તેવું લક્ષણ ભ્રામક દશામાં હોતું નથી. અર્થાત્ ભ્રમ હોય ત્યાં આત્મભાવ અને અનાત્મભાવ જુદા પાડવાની પ્રક્રિયા / પ્રયોગ હોતો નથી. છતાં બુદ્ધિપૂર્વકની ભૂલ / ભ્રમ થાય, ત્યાં જ્ઞાન સ્થૂળ થઈ જાય છે. અંતરમાં વિવેક થતો નથી. સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી.

(અનુભવસંજીવની - ૮૨૯)

**તા. ૨૪–૧–૧૯૮૯, પાના નં. ૫૨, પ્રવચન નં. ૧૦૫**

પાનું-૫૨. પેરેગ્રાફથી. **'બીજું જે જ્ઞેયપ્રતિ ઉપયોગ લગાડે, તેને જ જાણે, અન્યને ન જાણે.'** છદ્મસ્થ જીવ ઉપયોગ દ્વારા એકવાર એક જ સમયમાં એક જ જ્ઞેય પદાર્થને વિષય કરે છે. એટલે સામાન્ય રીતે અન્ય અન્ય જ્ઞેયમાં જીવનો ઉપયોગ લાગે છે ત્યારે જે જ્ઞેય પ્રતિ ઉપયોગ લાગે છે ત્યારે તે જ જ્ઞેયને જાણવાનું થાય છે અને તે જ્ઞેય સિવાયના અન્ય જ્ઞેયોને જાણવાનું થઈ શકતું નથી. સમસ્ત છદ્મસ્થ જીવની ક્ષયોપશમ જ્ઞાનની, મતિ-શ્રુતના ક્ષયોપશમ જ્ઞાનની આ સ્થિતિ છે. પછી તે મિથ્યાદષ્ટિ હોય એટલે પહેલા ગુણસ્થાનવર્તી હોય કે બારમા ગુણસ્થાનવર્તી હોય. સમસ્ત છદ્મસ્થ જીવનું મતિ-શ્રુતના ક્ષયોપશમવાળું જ્ઞાન એવું છે કે જે જ્ઞેય પ્રતિ ઉપયોગ લાગે અથવા જે જ્ઞેય પ્રતિ ઉપયોગને લગાડે તેને જ જાણે અને અન્યને ન જાણે. એ સિવાયના જ્ઞેયને તે જાણે નહિ.

**'મિથ્યાત્વીનું કે સમ્યક્દષ્ટિનું જ્ઞેયપ્રયુંજન જ્ઞાન તો એક સરખું છે,...'** આ મતિ-શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ છે એ મિથ્યાદષ્ટિનો હો કે સમ્યગ્દષ્ટિનો હો, જ્ઞેયની સાથે જોડાવાવાળો જે ઉપયોગ તેને જ્ઞેયપ્રયોજન જ્ઞાન અહીંયાં કહ્યું છે. જે જ્ઞેયને જાણવાનું ઉપયોગને-જ્ઞાનને પ્રયોજન છે એ જ્ઞેયપ્રયોજન જ્ઞાન (કહેવાય છે). તે સમ્યગ્દષ્ટિનું હો કે મિથ્યાદષ્ટિનું હો, એકસરખું છે. એમાં બંનેની શક્તિ સરખી છે. એટલે કે જે જ્ઞેયમાં ઉપયોગ જોડાય છે તેને જ જાણે છે અને બીજાને તે કાળે તે જાણી શકતો નથી.

**'પરંતુ ભેદ એટલો જ છે...'** તફાવત એટલો જ છે **'કે મિથ્યાત્વી જેટલું જાણે તેટલું અયથાર્થરૂપ સાધે.'** સર્વ. જેટલું કાંઈ જાણે છે તે સર્વમાં તે અયથાર્થતા સાધે છે, યથાર્થતા સાધતો નથી. અથવા મિથ્યાદષ્ટિ જીવ સ્વને જાણતો નથી, પરને જાણે છે અને પરને જાણે છે ત્યારે પરને પરરૂપે જાણતો નથી. આમ અયથાર્થતા સાધે છે. જેમ કે

શાસ્ત્ર વાંચે છે, પુસ્તક વાંચે છે અથવા સાંભળે છે તો એને એવો આભાસ થાય છે, ભ્રમ થાય છે કે આ સાંભળું છું, વાંચું છું તેનાથી મને જ્ઞાન થાય છે. પુસ્તકના વાંચવાથી જ્ઞાન થાય છે, શબ્દોના સાંભળવાથી જ્ઞાન થાય છે એવું એનું પુસ્તકને, શબ્દોને જ્યારે જાણે ત્યારે એનું અયથાર્થ જાણવું બને છે.

વસ્તુતાએ જ્ઞાન જ્ઞાનથી ઊપજે છે. જ્ઞાન શબ્દોથી ઉત્પન્ન થાય છે, શબ્દો દ્વારા ઉત્પન્ન થાય છે, શબ્દોને કારણે ઉત્પન્ન થાય છે, આત્મા એવો શબ્દ કહ્યો માટે આત્મા એવા શબ્દનું જ્ઞાન થયું, પદાર્થનું નહિ, આત્મા એવા શબ્દનું જ્ઞાન, આત્મા એવો શબ્દ વાંચ્યો અથવા સાંભળ્યો તેથી થયું, એમ નથી. પદાર્થનું જ્ઞાન તો એક બાજુ રાખીએ. પણ એ શબ્દનું જે જ્ઞાન થયું કે અહીંયાં આત્મા શબ્દ બોલાયો અને આત્મા શબ્દ સંભળાયો, સંભળાયો એટલે એનું જ્ઞાન થયું, તો એ બોલ્યા માટે અહીંયાં જ્ઞાન થયું એવું ખરેખર કાર્ય-કારણપણું નથી. પણ સંયોગિક પરિસ્થિતિ એવી છે કે અસત્યનો આગ્રહ કરાવે કે બોલ્યા માટે જ્ઞાન થયું. શબ્દ સંભળાયો માટે શબ્દનું જ્ઞાન થયું. એવી સંયોગિક પરિસ્થિતિ છે. વાસ્તવિક પરિસ્થિતિ એવી નથી.

એટલે મિથ્યાદષ્ટિનું કે સમ્યગ્દષ્ટિનું જ્ઞાન ભલે સરખું જાણે છે તોપણ '**મિથ્યાત્વી જેટલું કાંઈ જાણે તેટલું અયથાર્થરૂપ સાધે.**' બીજું, કે અન્ય જ્ઞેયોને જાણતા જાણતા સર્વ જ્ઞેયોમાં તે ઇષ્ટ-અનિષ્ટપણું કરે છે. કોઈ જ્ઞેયને તે ઇષ્ટ જાણે છે, કોઈ જ્ઞેયને તે અનિષ્ટ જાણે છે. કોઈ પદાર્થ જાણનાર એવા જ્ઞાનને ઇષ્ટ પણ નથી અને કોઈ પદાર્થ જાણનાર એવા-માત્ર જાણનાર એવા જ્ઞાનને અનિષ્ટ પણ નથી. પદાર્થ કોઈ ઇષ્ટ કે અનિષ્ટ નથી. તેમ છતાં મિથ્યાદષ્ટિનું જ્ઞાન જે-તે જ્ઞેયમાં જોડાય છે ત્યારે તે તે જ્ઞેયને જ્યારે જ્યારે જે તે જ્ઞેયમાં જોડાય છે ત્યારે ત્યારે તે તે જ્ઞેયને તે કાં ઠીક છે, કાં અઠીક છે એમ એને સાથે સાથે જ રાગનો અને દ્વેષનો વિષય બનાવીને તે સાથે એ પૂર્વક જ જાણે છે. તેથી પણ તેનું જાણવું યથાર્થ નથી. કેમકે પદાર્થ સામે (એવો) નથી. યથા-અર્થ એટલે જેવો સામે પદાર્થ છે માત્ર તેવો જ જાણવો તેને યથાર્થ જાણવું એમ કહે છે. એ યથાર્થ જાણવું મિથ્યાદષ્ટિને બનતું નથી. એ અયથાર્થરૂપ સાધે છે. એ તપાસીને નક્કી કરવા જેવું છે કે આવું બને છે કે નહિ ?

પોતાના અનુભવને અવલોકીને અવલોકનથી સમજી લેવું જોઈએ કે આમ થાય છે કે નહિ ? કે આમ જ થાય છે. એ ખ્યાલમાં આવે. પોતે પોતાની તપાસ કરે, અંતરશોધ કરે તો આ સમજાય એવો વિષય છે કે જે શાસ્ત્રકાર કહેવા માગે છે એવું જ પરિણમન થાય છે.

'**અને સમ્યગ્દષ્ટિ તે જ ભાવને જાણે તેટલા બધાને યથાર્થરૂપ સાધે.**' સમ્યગ્દષ્ટિ તે જ ભાવને, હવે ભાવથી અહીં તો વાત લીધી કે મિથ્યાદષ્ટિને રાગ થાય તો કોઈ રાગ એને સુહાય છે, સારો લાગે છે. કોઈ રાગ એને સારો લાગતો નથી. ભાવમાં કોઈ ભાવ એને ઠીક લાગે છે, કોઈ ભાવ એને ઠીક લાગતો નથી. સમ્યગ્દષ્ટિ તે જ ભાવને જાણે, તેટલા બધાને યથાર્થરૂપ સાધે. તેવા જ ભાવ સમ્યગ્દષ્ટિને થાય.

(જેમકે) એક ભક્તિનો ભાવ થયો. તો મિથ્યાદષ્ટિને તે ભક્તિનો ભાવ ઉપાદેય છે, ઠીક છે, કરવા યોગ્ય છે, મારું કર્તવ્ય છે એમ સમજીને તે કરે છે. સમ્યગ્દષ્ટિને ભક્તિનો ભાવ થયો તો એ જાણે છે કે આ મારું સ્વરૂપ નથી. આ વિભાવભાવ છે, કર્તવ્ય નથી, ઉપાદેય નથી પણ થઈ આવે છે. તેનો હું જ્ઞાતા છું. મારાથી ભિન્ન સ્વરૂપવાળો ભાવ છે તેનો હું જાણનાર છું. પણ તે કરવાલાયક છે એવું એ જાણતા નથી. એટલે જે ભાવને મિથ્યાદષ્ટિ ઈષ્ટ કે અનિષ્ટ જાણે છે તે જ ભાવને તે જ ભાવને સમ્યગ્દષ્ટિ જ્ઞાતા રહીને જ્ઞેયમાત્ર જાણે છે. ઈષ્ટ-અનિષ્ટપણું એમાં જાણતા નથી.

એટલે '**સમ્યગ્દષ્ટિ તે જ ભાવને જાણે તેટલા બધાને...**' તે જ ભાવને એટલે સર્વ ભાવોને, સર્વ દ્રવ્યોને એમ લઈ લેવું. બધાને. સર્વ ભાવોને અને સર્વ દ્રવ્યોને '**યથાર્થરૂપ સાધે.**' એ યથાર્થરૂપ સાધે છે. એના જ્ઞાનમાં બીજી ભૂલ પડતી નથી. ભિન્નને ભિન્ન જ જાણે છે. ભિન્નને અભિન્ન જાણતા નથી. જ્યારે એ શ્રીગુરુનો ઉપદેશ સાંભળે છે, સમ્યગ્દષ્ટિ જ્યારે શ્રીગુરુનો ઉપદેશ સાંભળે છે અથવા સમવસરણમાં ભગવાનની દેશના સાંભળે છે ત્યારે પણ તે શબ્દોથી મને જ્ઞાન થાય છે એવું જાણતા નથી. તે એવો અનુભવ કરે છે કે જ્ઞાન તો સ્વયં મને મારા આત્મામાંથી થઈ રહ્યું છે. જે જ્ઞાન મારા આત્મામાંથી સ્વયં ઉત્પન્ન થાય છે એમાં આ શબ્દો છે તે નિમિત્તમાત્ર છે. પણ તેનાથી જ્ઞાન થાય છે, તે સંભળાયા માટે તેનું જ્ઞાન થયું એમ તે જાણતા નથી.

જ્ઞાનનું જે પરિણમવું છે એમાં વ્યાપ્ય-વ્યાપકપણું પોતાનું છે અને એ સિવાય અન્ય જ્ઞેયોમાં પોતાનું વ્યાપ્ય-વ્યાપકપણું નથી એવો અનુભવ સમ્યગ્દષ્ટિને સદાય વર્તે છે. એવું ભાન સમ્યગ્દષ્ટિને સદાય વર્તે છે. જેમ મારું ઘર અને મારા કુટુંબ-પરિવાર સિવાય બીજી કોઈ ગામની વસ્તી મારી નથી, એના માટે વિકલ્પ કરવા પડતા નથી. કે દૃઢ કરીને ગોખી રાખીએ તો મારામાંથી મારાપણું ન છૂટે અને પારકામાં પોતાપણું ન થઈ જાય. એની રોજ કાંઈ માળા કરવી પડતી નથી કે આ ભૂલી ન જઈએ. રોજ થોડુંક તો સવારમાં ઊઠીને એની માળા કરી લઈએ કે આટલું મારું અને એ સિવાયનું મારું નહિ. કાંઈ જરૂર પડતી નથી. જેટલો નિશ્ચય થઈ ગયો કે આટલું મારું. એ નિશ્ચય અનુસાર જ્ઞાન અને ભાન સદાય વર્તે જ છે કે આટલું મારું અને આ સિવાય મારું નહિ.

હવે ત્યાં તો જે પદાર્થોને મારા કર્યા તે ભિન્ન છે અને વેદનગોચર નથી. અહીંયાં તો જ્ઞાનસ્વભાવ અને જ્ઞાનમય આત્મા અને જ્ઞાન પરિણામ વેદનગોચર છે. સ્વપણે વેદાય રહ્યું છે એવું આત્માનું જ્ઞાન છે. તેથી એમાં ક્યાંયને જ્ઞેયમાં પોતાપણું થાય એવું બનતું નથી. જ્ઞેયની સાથે એકત્વ થવા દેતું નથી. જ્ઞાનથી જ્ઞાનનું થયેલું જે એકત્વ તે પરમાં એકત્વ થવા દેતું નથી. ભ્રાંતિથી રાગાદિ પરમાં થયેલું એકત્વ તે સ્વરૂપમાં એકત્વ થવા દેતું નથી. આમ સમ્યક્ પરિણમનમાં અને મિથ્યા પરિણમનમાં સામે સામે પરિસ્થિતિ ઊભી છે.

મુમુક્ષુ :- સમ્યગ્દષ્ટિ દોરીને સર્પ માને તો એ અયથાર્થ થયું, ઈ અને આ વાત ચાલી એ જુદો વિષય ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, બેય જુદો વિષય છે. દોરડીને સર્પ જાણે છે ત્યાં ક્ષયોપશમની ભૂલ છે, જે આભાસ છે એની ભૂલ છે. પણ ત્યાં એ સર્પ હોય કે દોરડી હોય બંને જ્ઞેયમાત્ર છે અને હું જ્ઞાનમાત્ર છું, એ પરિણામ તો એનું ત્યાં એ જ પ્રમાણે ઊભું રહે છે. એમાં ફેર પડતો નથી. એમ તો લૌકિક વિદ્યાઓમાં અથવા લૌકિક વિષયોના જ્ઞાનમાં અનેક મિથ્યાદષ્ટિનું જ્ઞાન એવું હોય કે સમ્યગ્દષ્ટિને એનું જ્ઞાન જ ન હોય. મિથ્યાદષ્ટિ કુંભારને ઘડો બનાવતા આવડે અને દરજીને કપડા સીવતા આવડે. અને સમ્યગ્દષ્ટિ હોય એને કાંઈ ન આવડે. ન એને ઘડો બનાવતા આવડે કે ન એને કપડા સીવતા આવડે. તો પેલાનું જ્ઞાન વધારે

છે ? અને આનું જ્ઞાન ઓછું છે ? કે એમ નથી.

મુમુક્ષુ :- વિષય જુદો છે.

પૂજ્ય ભાઈશ્રી :- વિષય જુદો છે. એમ એ વિષય જુદો છે. પેલો દોરડીને દોરડી જાણે એવો એનો ક્ષયોપશમ છે અને આ દોરડીને સાપ જાણે એવો ક્ષયોપશમ છે, તે કાળ પૂરતો, તે સમય પૂરતો. તો એ ક્ષયોપશમમાં જાણવું, નહિ જાણવું થયું. પણ યથાર્થ, અયથાર્થતા સાથે, પ્રયોજનની યથાર્થતા અને પ્રયોજનની અયથાર્થતા સાથે એને એ રીતે ભૂલ થતી નથી કે આ દોરડીમાં સાપ જાણ્યો માટે એનું પ્રયોજન આખું બદલાઈ ગયું. એવું બનતું નથી.

મુમુક્ષુ :- એ વિષયમાં અજ્ઞાન છે.

પૂજ્ય ભાઈશ્રી :- મિથ્યાદષ્ટિ આત્માના વિષયમાં અજ્ઞાન ધરાવે છે. અને સમ્યગ્દષ્ટિ પોતાના ક્ષયોપશમ સિવાયના જાણવાનો એને ભાવ નથી. એને જ્ઞાનભાવ નથી, એ જાતનો ક્ષયોપશમ નથી. એટલે અજ્ઞાન બે રીતે કહેવાય છે. એક જ્ઞાન ઓછું હોય એને અજ્ઞાન કહીએ અને એક વિપરીત જ્ઞાન હોય એને અજ્ઞાન કહીએ. સમ્યગ્દષ્ટિનું જ્ઞાન વિપરીત નથી. ઓછું જરૂર છે. બારમા ગુણસ્થાનવાળાને પણ અજ્ઞાન કહ્યું છે. એને અજ્ઞાન વર્તે છે. ત્યાં ઓછું જ્ઞાન વર્તે છે એમ કહેવું છે. કેવળજ્ઞાનની અપેક્ષાએ. તો એ અજ્ઞાન છે ત્યાં વિપરીતતા સૂચક અજ્ઞાન કહેવું નથી. એમ બે વચ્ચે ફરક છે.

મુમુક્ષુ :- ભાવશ્રુત તો બરાબર છે, પ્રયોજન બરાબર નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સમ્યગ્દષ્ટિ તે જ ભાવને યથાર્થરૂપ સાધે. જે એને ભાવ થાય એમાં યથાર્થતા સાધે છે.

મુમુક્ષુ :- મિથ્યાદષ્ટિ હોય, અગિયાર અંગ અને નવ પૂર્વનું જ્ઞાન હોય...

પૂજ્ય ભાઈશ્રી :- તોપણ અયથાર્થ છે. અયથાર્થ જ્ઞાન છે.

મુમુક્ષુ :- સમ્યગ્દષ્ટિને કાંઈ યાદ ન રહે.

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યગ્દષ્ટિને નવ તત્ત્વના નામ યાદ ન રહેતા હોય તો તેનું જ્ઞાન યથાર્થ છે. એની જ્ઞાનશક્તિ વધારે છે. સ્વદ્રવ્યને ગ્રહણ કરવાની જ્ઞાનશક્તિ તેની પાસે વધારે છે. મિથ્યાદષ્ટિને અગિયાર અંગ અને નવ પૂર્વનું જ્ઞાન હોવા છતાં સ્વદ્રવ્યને ગ્રહણ કરવાની

જ્ઞાનશક્તિ તેની પાસે છે જ નહિ. નથી.

મુમુક્ષુ :-બેયની જ્ઞાનની જાત જુદી છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનની જાત જુદી છે.

એ ઘણા વિદ્વાનો નથી સમજી શકતા. મતિ શ્રુતજ્ઞાન તો ક્ષયોપશમરૂપ છે. સમ્યગ્દષ્ટિનું હોય કે મિથ્યાદષ્ટિનું હોય. શું એમાં ફરક છે ? સમ્યગ્દષ્ટિને ક્ષયોપશમજ્ઞાન અને અમને પણ ક્ષયોપશમજ્ઞાન છે. તમે સમ્યગ્દષ્ટિની વિશિષ્ટતા કરો છો પણ સમ્યગ્દષ્ટિ કરતાં અમારી પંડિતાઈ અને અમારી વિદ્વતા તો ઘણી વધારે છે. અમે તો કરણાનુયોગના ગ્રંથો વાંચેલા છે. કરણાનુયોગનો પાવર વધારે રહે છે થોડોક. કેમકે એમાં ક્ષયોપશમ બહુ જોઈએ. ગણિતનો વિષય છે ને એટલે એનો ક્ષયોપશમ ઘણું જોઈએ. સામાન્યપણે આત્મજ્ઞાન ન થાય અને કરણાનુયોગનું વાંચન કર્યું હોય અને એની ધારણા જો રહેતી હોય તો એને એમ થાય કે મારું જ્ઞાન એવું છે કે જે બીજાને એવું નથી. સામે સમ્યગ્દષ્ટિ હોય તોપણ એને એમ લાગે છે કે મારા જેવું તો આને જ્ઞાન નથી. એવું લાગી જાય છે.

મુમુક્ષુ :- સમ્યગ્દષ્ટિ ભગવાનની દેશના સાંભળવા જાય ત્યાં એનું પ્રયોજન શું હોય ?

પૂજ્ય ભાઈશ્રી :- એનું પ્રયોજન પોતાના સ્વરૂપના પરિણમનને વૃદ્ધિગત કરવાનું, શુદ્ધતા વધારવાનું પ્રયોજન છે. ભગવાનની દેશનામાં પણ એ વાત આવે છે. આત્મશુદ્ધિ થાય એવા નિમિત્તભૂત વિષયનો ઉપદેશ ચાલે છે. અને એ ઉપદેશ અને અહીંયાં પરિણમનની શુદ્ધિ બંનેને નિમિત્ત નૈમિત્તિક સંબંધ પડે છે. એ તો ભગવાનની દેશના સાંભળે છે એમાં શું પ્રયોજન છે એમ કહો કે જે સત્શ્રુત છે, જે આગમ પરમાગમો છે એનું સમ્યગ્દષ્ટિ અધ્યયન કરે છે, એમાં શું પ્રયોજન છે ? શા માટે સમ્યગ્દષ્ટિ જીવ સત્ શાસ્ત્રનું અધ્યયન કરે છે ? એને તો આત્મા મળી ગયો છે. આત્મા મળ્યો હોવા છતાં પરિપૂર્ણ શુદ્ધિ થવી બાકી છે. અને પરિપૂર્ણ શુદ્ધિ થવી બાકી છે તો રાગ વર્તે છે, અશુદ્ધિ વર્તે છે એ એના જ્ઞાનમાં છે. અને તે અશુદ્ધિ, અશુદ્ધિરૂપ કાર્ય તો કર્યા વિના રહેશે નહિ. તેથી તે અશુદ્ધિરૂપ રાગ દેવ-ગુરુ-શાસ્ત્રના વિષયમાં નિમિત્તભૂત થાય એવો તે વિવેક કરે છે. એની સાથે માત્ર રાગનો જ

વિવેક નથી, પણ પોતાનું જ્ઞાન પણ પરિણમે છે. તો તે દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે રાગ જતાં જ્ઞાન પણ તેની વીતરાગતાને વિષય કરે છે. જ્ઞાન વીતરાગતાને વિષય કરે છે. અને જ્ઞાન વીતરાગતાને વિષય કરે છે એમાં વીતરાગરસ પોષાય છે, વીતરાગતાની રુચિ પોષાય છે અને એ રીતે એ પોતાની પરિણતિને દૃઢ કરે છે અથવા શુદ્ધ કરે છે.

મુમુક્ષુ :- દેશનાથી સમ્યગ્દૃષ્ટિને વિશેષ પ્રમોદ થાય ને ?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રમોદ થાય છે એનું કારણ કે અંદર વીતરાગતા કેમ વધે ? વીતરાગતા કેમ થાય ? અને વીતરાગતાની પ્રશંસા, વીતરાગતાની સ્તુતિ, વીતરાગસ્વરૂપ આત્માનો મહિમા એ બધું અંદર આવે છે. એટલે એને એ ઉપદેશ છે એ રુચે છે. બહાર પણ બીજાના વૈભવના વખાણ કરે છે કે નહિ ? જેને બહારના જગતના વૈભવની રુચિ છે એ બીજાના વૈભવના વખાણ કરે છે કે નહિ ? આમ છે ને તેમ છે. એને કાંઈ લેવા કે દેવા હોય. પણ એની હોંશથી અને ઉત્સાહથી વાત કરે છે એ શું છે કે એને રુચિ પડી છે એટલે એના વખાણ એ કરે છે.

શું કહે છે ? '**સમ્યક્દૃષ્ટિ તે જ ભાવને જાણે તેટલા બધાને યથાર્થરૂપ સાધે. તેથી તે સમ્યગ્દૃષ્ટિના ચારિત્રના અશુદ્ધ પરિણામથી બંધ થઈ શકતો નથી.**' જોયું ! સમ્યગ્દૃષ્ટિને ચારિત્રમોહનો રાગ છે અને અશુદ્ધ પરિણામ છે છતાં તેને બંધ થતો નથી. કેમકે તેનું જ્ઞાન યથાર્થતા સાધે છે માટે. પુણ્યભાવ થાય છે ત્યારે તેને પુણ્યભાવનો બંધ નથી એમ કહ્યું. એટલે એને પુણ્યભાવ સાથે સંબંધ નથી એમ કહ્યું. બંધ નથી એટલે સંબંધ નથી. કેમ સંબંધ નથી ? કે એ જાણે છે કે આ મારાથી ભિન્ન છે. પારકો જાણ્યો એટલે સંબંધ ન રાખ્યો.

માણસ નથી કહેતા કે તમે કેમ હવે અમારી સાથે સંબંધ રાખતા નથી ? કેમ સંબંધ રાખતા નથી ? તો કહે, અમે મળીએ છીએ ત્યારે તમે બોલતા નથી. તમે અમારા ઘરે આવતા નથી. અમારી સાથે તમે બોલતા નથી. માટે અમે સંબંધ રાખતા નથી. એ સૌ પોતપોતામાં છે પણ છતાં અરસપરસના જોડાણને સંબંધ કહેવામાં આવે છે. તો પુણ્યભાવ થતાં સમ્યગ્દૃષ્ટિ તેની સાથે એકત્વપણે જોડાતો નથી. માટે એની સાથે એ સંબંધ રાખતો નથી. સંબંધ રાખતો નથી એટલે એનો એને બંધ નથી. સંબંધ નથી એટલે બંધ નથી. અલ્પ બંધને અહીંયાં

બંધ પછી ગણવામાં આવતો નથી.

**'તેથી તે સમ્યગ્દષ્ટિના ચારિત્રના અશુદ્ધ પરિણામથી બંધ થઈ શકતો નથી.'** બંધ થઈ શકતો નથી. ચારિત્રના અશુદ્ધ પરિણામ છે અને તેનાથી સમ્યગ્દષ્ટિને બંધ થઈ શકતો નથી. આર્તધ્યાન, રૌદ્રધ્યાન થાય તોપણ તેની ગતિ નરક અને તિર્યંચની ઉત્પન્ન થાય નહિ. આર્તધ્યાન, રૌદ્રધ્યાનનો ચોથા અને પાંચમા ગુણસ્થાન પર્યંત સદ્‌ભાવ છે. પણ કોઈ સમ્યગ્દષ્ટિને તેના નિમિત્તે પડતી જે અશુભ ગતિ, અશુભ આયુ એને બંધ ન પડે. કેમકે એ ભિન્નતામાં વર્તે છે. એટલે એ પ્રકારના પરિણામમાં બંધ ન થાય. કુદરત શું કામ કરે છે, જુઓ !

જેનો રસ શુભાશુભભાવમાં ઊડી ગયો, વિભાવનો રસ જેનો ઊડી ગયો, વિભાવથી જે ભિન્ન પડી ગયો, તેને કેટલાક વિભાવો જે થાય છે એ એટલા અરસ પરિણામે થાય છે કે જેથી ત્યાં અમુક ગતિના જે નિદ્ધત નિકાચિત બંધ પડે એ બંધ એને પડે જ નહિ. એવા બંધ એને ન પડે. આ કુદરતી વ્યવસ્થા છે. અહીંયાં ભાવમાં આ વ્યવસ્થા છે તો સામે દ્રવ્યમાં પણ એવી જ વ્યવસ્થા છે. એમાં જરાય આઘુંપાછું કે ફેરફારવાળું થતું નથી.

મુમુક્ષુ :- ...કોઈ રસપૂર્વકનો સંબંધ હોય...

પૂજ્ય ભાઈશ્રી :- કેટલો ફેર પડે છે ? સમજી લે કે નહિ ? કે આ તો લટકતી સલામ છે. શું કહે છે આપણે ત્યાં ? કે આ તો લટકતી સલામ છે. કેમ છો કેમ નહિ કહેવાનું. બાકી અમારે જે સંબંધ હતો એવો સંબંધ હવે છે નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- બોલાવે પણ ખરા. કેમ છો ? મજામાં છો ? તબિયત સારી છે ? ભાવ દેખાયા વગર જાણી લે ? ભાવ દેખાય છે કાંઈ ? જ્ઞાન કામ કરે છે. ભાવ તો કોઈનો કોઈ દેખાતો નથી. ભાષા તો એકદમ મીઠી વાપરે. કેવો આત્મા સૂક્ષ્મ કામ કરે છે જ્ઞાન કરવામાં ! ઘણી મીઠી ભાષા વાપરે તોપણ સમજી જાય કે આ મીઠાશમાં કાંઈ માલ નથી.

માતા એના છોકરાને ઉપાડીને લપડાક મારી દે તોપણ એનો પ્રેમ છે, માતાનો પ્રેમ છે એવો કોઈનો પ્રેમ નથી એના બાળક માટે. એ વાત

જગતમાં સાબિત કરવા જવું પડતું નથી. આ તો રોજિંદા અનુભવમાં, રોજિંદા જીવનમાં આ વિષય આપણે અવળો-સવળો ખતવતા નથી. તો સમ્યગ્દૃષ્ટિના સ્વરૂપ જાણવામાં ક્યાં તકલીફ પડે એવું છે. એ પણ સમજી શકાય એવું છે.

જેણે અત્યંત સ્વરૂપરસથી આત્મામાં આત્મપણું કર્યું એવા સમ્યગ્દૃષ્ટિને પરમાંથી રસ ઊડી ગયો, છતાં પરની પ્રવૃત્તિ રહી ગઈ તો એ એને લટકતી સલામ છે. એમાં કાંઈ એને ખરેખર એની સાથે સંબંધ નથી. અને એના પુરાવા છે કે 'ભરત' જેવા ચક્રવર્તી નાકમાંથી મેલ કાઢે એવી રીતે, કફ કાઢે એવી રીતે, શેડા કાઢે એવી રીતે છ ખંડને છોડી દે છે. ક્યાંથી એમ બન્યું ? કે એ પહેલેથી રસ નહોતો. જ્યારે એ છ ખંડના ઘેરાવામાં ઊભા દેખાતા હતા ત્યારે પણ અંદરથી જુદા પડી ગયા હતા. સંબંધ વિનાના થઈ ગયા હતા. એટલે બહારમાં સંબંધ છૂટવામાં એને કાંઈ કોઈપણ પ્રકારની માનસિક તકલીફ ઊભી થતી નથી કે માનસિક તણાવ આવતો નથી. જ્યારે ઊભા છે ત્યારે જ જુદા પડ્યા છે. એને એ પોતાના અભાવરૂપે આખો છ ખંડનો પથારો દેખાય છે કે આમાં હું ક્યાં વ્યાપું છું. હું મારા આત્મામાં વ્યાપ્ય-વ્યાપકરૂપે છું અને એ સિવાય આ છ ખંડમાં હું શૂન્યપણે છું. પોતાની શૂન્યતા ભાસે છે. તેથી એમાં એને ક્યાંય રસ આવતો નથી. વહીવટ કરવા ખાતર બધો વહીવટ કરે, આજ્ઞા બધી કરે. પણ બધી લટકતી સલામ છે. એને ક્યાંય પ્રેમ છે નહિ.

એટલે '**સમ્યગ્દૃષ્ટિના ચારિત્રના અશુદ્ધ પરિણામથી બંધ થઈ શકતો નથી.**' ચારિત્રના અશુદ્ધ પરિણામ થાય છે પણ એની સાથે એને ભાવથી સંબંધ નથી એટલે એને બંધ થતો નથી. '**તે ઉપયોગ પરિણામોએ બંધ-આસ્રવરૂપ અશુદ્ધ પરિણામની શક્તિને રોકી રાખી છે.**' તે ઉપયોગ પરિણામોએ એટલે જ્ઞાનના પરિણામે આસ્રવ અને બંધની અશુદ્ધ પરિણામની જે શક્તિ છે, કષાયશક્તિ છે એને રોકી દીધી છે. કષાય છે પણ કષાય શક્તિવિહિન, કષાયશક્તિ રહિત કષાય છે. શક્તિ નથી એનામાં. માણસ કહે છે કે બેઠા છીએ પણ શક્તિ નથી. માણસ એકદમ અશક્ત થઈ જાય કે બેઠા છીએ, ચાલીએ છીએ પણ શક્તિ નથી. કોઈ કામ કરવાનું કહે તો અમારી શક્તિ ખલાસ થઈ ગઈ

છે. એમ કષાયની શક્તિ સમ્યગ્દૃષ્ટિની ખતમ થઈ ગઈ છે.

મુમુક્ષુ :- યોગ પરિણામો...

પૂજ્ય ભાઈશ્રી :- યોગ પરિણામો-સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્રના જે પરિણામ છે એ ઉપયોગ પરિણામ કહો કે આત્મિક પરિણામ કહો અથવા પરિણામની શુદ્ધ શક્તિ કહો. એ શુદ્ધ શક્તિએ અશુદ્ધ પરિણામની અશુદ્ધ શક્તિને રોકી દીધી છે. એ અશુદ્ધતાથી થતો જે બંધ મિથ્યાત્વ અજ્ઞાનપૂર્વકની અશુદ્ધતાથી થતો બંધ એ સમ્યગ્દૃષ્ટિને થતો નથી.

મુમુક્ષુ :- પરિણતિ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- પરિણતિ પણ છે અને ઉપયોગ પણ થાય છે. બેય થાય છે. ઉપયોગ અને પરિણતિ બન્ને છે. ક્યારેક ઉપયોગ થાય છે. ઉપયોગ તો ક્યારેક થાય છે. પરિણતિ તો સતત છે.

..તોપણ ત્યાં જ્ઞાન છે એ એકત્વપણાને પામતું નથી. તો ઉપયોગમાં પણ જે જ્ઞાન જુદું રહે છે એવા જે ઉપયોગના પરિણામ છે એણે અશુદ્ધ શક્તિને રોકી લીધી છે. જેમ માણસ એમ કહે ને કે આ વિદ્યા નથી કરતા ? વિદ્યા. એની શક્તિ હવે મેં અત્યારે રોકી લીધી છે. એવી વિદ્યાઓ આવે છે. શું (વિદ્યા) ? એ તમારી સાથે લડાઈ કરશે પણ એ તમને કાંઈ કરી શકશે નહિ. મેં એની શક્તિ બાંધી લીધી છે, એમ નથી કહેતા ? એની શક્તિ રોકી લે છે કે નહિ ?

એમ આ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રનો મંત્ર છે. એ બધી મંત્ર-તંત્રની વિદ્યાઓ છે. આ એક આધ્યાત્મિક મંત્ર છે કે જેણે પરિણામમાં શુભાશુભ ઉપયોગ, શુભાશુભ રાગ થવા છતાં એની શક્તિને, બંધ શક્તિને રોકી લીધી છે. આવું કામ કર્યું છે એણે.

**'ઉપયોગપરિણામોએ બંધ-આસ્રવરૂપ અશુદ્ધ પરિણામની શક્તિ રોકી રાખી છે.'** પરિણતિ તો છે પણ ઉપયોગમાં પણ ભિન્નપણું છે. ઉપયોગ જોડાય છે તો એકત્વ કરે છે એમ છે નહિ. એ ઉપયોગ પરિણામ છે એના. એમાં પણ ફેર છે. જેવી રીતે સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ એકસરખા પરિણમતા દેખાય પણ બંનેના ઉપયોગ પરિણમમાં પણ ફેર છે. એકસરખા ઉપયોગ પરિમામ નથી. સમ્યગ્દૃષ્ટિ તો પોતાના જ્ઞાનમાં વ્યાપ્ય-વ્યાપકપણું અનુભવે છે. મિથ્યાદૃષ્ટિ તો

જ્ઞેયમાં વ્યાપ્ય-વ્યાપકપણું અનુભવે છે. જ્ઞાનને ભૂલીને જ્ઞેયમાં વ્યાપ્ય-વ્યાપકપણું અનુભવ કરે છે તો એના ઉપયોગ પરિણામોમાં ફેર છે. ઘણો ફેર છે એમ કહેવું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. જુદું રહે છે જ્ઞાન, જ્ઞાન જુદું રહે છે, ભિન્ન રહે છે જ્ઞાન. આ બહુ મોટી વાત છે. જ્ઞેય પ્રત્યે જવા છતાં અને જ્ઞેયમાં જોડાયેલું દેખાવા છતાં એ ભિન્ન રહે છે. આ બહુ મોટી વાત છે. એ એનું અબંધપણુ છે. જે ભિન્ન રહે છે એ એનું અબંધપણું છે. ઉપયોગમાં તો અબંધપણું છે. જ્ઞાન ક્યાંય હવે બંધાતું નથી. આ બહુ મોટી વાત છે. એટલે 'સમયસાર'ની અંદર કેટલીક ગાથાઓ એવી લીધી છે કે જ્ઞાનીના સર્વ પરિણામ જ્ઞાનમય છે. જેમ સોનાના સર્વ દાગીનાઓ સોનામય છે. ગમે તે ઘાટે ઘડાયેલા હોય, સર્વ દાગીનાઓ સોનામય જ છે.

તેમ જ્ઞાની સ્વદ્રવ્યને જાણે કે જ્ઞાની પરદ્રવ્યને જાણે તેનું પરિણામ જ્ઞાનમય છે. જ્ઞાનમાં તન્મયપણું છે, જ્ઞેયમાં તન્મયપણું નથી. એટલે એના સર્વ પરિણામ, કોઈપણ જ્ઞેયને જાણવાના પરિણામ જ્ઞાનમય છે. આ એક પરિણામની વિશિષ્ટતા છે. અને એવા પરિણમનને લીધે એને રાગાદિની, કર્મની બંધ શક્તિને, અશુદ્ધ શક્તિને રોકી લીધી છે. રાગાદિની અશુદ્ધ શક્તિને તોડી છે અને દ્રવ્યકર્મમાં કર્મબંધની શક્તિને એણે રોકી લીધી છે. તેથી તેને બંધ થઈ શકતો નથી.

'**તેથી તે નિરાસ્રવ નિર્બંધ છે;...**' તેથી સમ્યગ્દૃષ્ટિ જીવ નિરાસ્રવ છે અને નિર્બંધ છે. અલ્પ બંધને તો અહીંયાં ગણ્યો જ નથી. મુખ્યપણે જે એને બંધ થતો નથી એ વાતની મુખ્યતામાં આવીને એને છે જ નહિ એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- અજ્ઞાનીના બધા ધાર્મિક પ્રોગ્રામ હોય...

પૂજ્ય ભાઈશ્રી :- ધાર્મિક એટલે શું ? ધાર્મિક એટલે એનો રાગ. ધર્માનુરાગ જેને કહીએ. દેવ પ્રત્યે, ગુરુ પ્રત્યે, શાસ્ત્ર પ્રત્યે, સત્પુરુષ પ્રત્યે ધર્માનુરાગના પરિણામ હોય. પણ એ તો રાગ છે. અને એની સાથે એનું એકત્વપણું છે. એ એનો સંબંધ છે, એ એનો બંધ છે. સમ્યગ્દૃષ્ટિને એવા પરિણામ થતા નથી.

મુમુક્ષુ :- અજ્ઞાનીને બધા અજ્ઞાનમય જ પરિણામ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- બધા અજ્ઞાનમય જ થાય છે. પોતાને ભૂલીને એ રાગમાં અને રાગના વિષયમાં વ્યાપ્ય-વ્યાપકતા અનુભવે છે, જે મિથ્યા છે, થઈ શકતી નથી. એવું એકત્વ થઈ શકતું નથી.

**'તેથી તે નિરાસ્રવ નિર્બંધ છે; અને સર્વ એક પોતાને જ પોતે ચિત્તવસ્તુ વ્યાપકવ્યાપ્યતાથી સ્વયમેવ પ્રત્યક્ષ દેખવા-જાણવા લાગે અને તે ચારિત્રપરિણામ નિજ ઉપયોગમય ચિત્તવસ્તુમાં સ્થિરીભૂત શુદ્ધ વીતરાગમગ્નરૂપે પ્રવર્તે; તેને જ ચારિત્રપરિણામજન્ય નિજાર્થ (નિજાનંદ) થાય છે.'** ત્યાં આનંદનો ઊભરો આવે છે. આ નિર્વિકલ્પ અનુભવનો વિષય લીધો. મૂળ ગ્રંથનું નામ છે ને 'અનુભવપ્રકાશ'. આ 'અનુભવપ્રકાશ'ની વ્યાખ્યા કરી. સ્વરૂપનો અનુભવ ક્યારે પ્રકાશ પામે છે ? ક્યારે પ્રગટ થાય છે ? કે '**स्वानुभूत्या चकासते**' આવે છે ? '**नमः समयसाराय स्वानुभूत्या चकासते**' શુદ્ધ સ્વરૂપ એવા શુદ્ધાત્માને નમસ્કાર કરું છું, એમાં નમું છું કે જે સમયસાર સ્વાનુભૂતિમાં પ્રકાશમાન થાય છે. સમયસાર ક્યાં પ્રકાશે છે ? કે સ્વાનુભૂતિમાં પ્રકાશે છે. એ સ્વાનુભૂતિની અહીંયાં વાત લે છે.

'**સર્વ એક પોતાને જ પોતે...**' અનુભવનું બહુ સરસ વર્ણન કર્યું છે ! હજી તો અનેક જગ્યાએ કરશે, હોં ! આને અનુભવ કહેવો... આને અનુભવ કહેવો... આને અનુભવ કહેવો. અનિર્વચનીય અનુભવને યત્‌કિંચિત્ વચનગોચર કરે છે અહીંયાં. કિંચિત્ તો વચનગોચર છે ને ? કિંચિત્ કથંચિત્ વચનગોચર છે એટલું અનુભવને વચનગોચર કરે છે. નહિતર અનુભવ તો વચનમાં ન આવી શકે એવો વિષય છે. છતાં કથંચિત્ જે વચનગોચર છે તો એ વિષયને અહીંયાં (વ્યક્ત કર્યો છે).

'**સર્વ એક પોતાને જ...**' એટલે આખેઆખો અખંડપણે પોતાને. સર્વ એટલે અખંડપણે પોતાને જ '**જે પોતે ચિત્તવસ્તુ...**' પોતે જે ચૈતન્યસ્વરૂપ આત્મવસ્તુ છે તેને '**વ્યાપકવ્યાપ્યકતાથી...**' વ્યાપનાર પોતે અને વ્યપાવા યોગ્ય પણ પોતે. પોતાનું વ્યાપ્ય પણ પોતે. જેમાં વ્યાપવા યોગ્ય છે તે વ્યાપ્ય કહીએ. જે વ્યાપવાનું કાર્ય કરે તેને વ્યાપક કહીએ. તો વ્યાપક પણ પોતે. ચિત્તવસ્તુ વ્યાપક પણ પોતે અને પોતે

પોતામાં જ પોતાના અનુભવભાવથી પોતાપણે વ્યાપે છે. સ્વપણું કરીને વ્યાપે છે. તેવા વ્યાપક વ્યાપ્યતાથી '**સ્વયમેવ પ્રત્યક્ષ દેખવા-જાણવા લાગે...**' સ્વયમેવ પ્રત્યક્ષ દેખવા-જાણવા લાગે. પોતાની મેળે જ પોતાને પ્રત્યક્ષપણે દેખવા-જાણવા લાગે, પ્રત્યક્ષ અનુભવ કરવા લાગે '**અને તે ચારિત્ર પરિણામ નિજ ઉપયોગમય ચિત્તવસ્તુમાં સ્થિરીભૂત...**' થાય. તે ચારિત્ર પરિણામ. આત્માના ચારિત્રગુણના પરિણામ પણ ઉપયોગમય, જ્ઞાનમય એવો જે આત્મા, અનંત જ્ઞાનમય એવો જે આત્મા ચિત્તવસ્તુ, એમાં એકદમ સ્થિર થઈ જાય, ખોડાય જાય, સ્થિરીભૂત થઈ જાય.

'**શુદ્ધ વીતરાગમગ્નરૂપે પ્રવર્તે;...**' ત્યારે તે શુદ્ધ પરિણામે વીતરાગભાવે સ્વરૂપમાં એકાગ્ર-મગ્ન થઈને પ્રવર્તે. '**તેને જ ચારિત્રપરિણામજન્ય નિજાર્થ (નિજાનંદ)...**' કહેવામાં આવે છે. એ ચારિત્રથી ઉત્પન્ન થતો, સ્વરૂપસ્થિરતાથી ઉત્પન્ન થતો આનંદભાવ છે. ત્યાં એને આનંદ ઊપજ્યા વિના રહે નહિ. જગતની અંદર તો કોઈ એક વિષયમાં પરિણામ મગ્ન થાય અને એ પરિણામ મગ્ન થતાં તે વિષયનો ઘણો રસ ઊપજીને મગ્ન થાય, એકાગ્ર થાય, ત્યારે કોઈપણ અન્ય વિષયનો વિચાર, વિકલ્પ સુધા ન રહે, ત્યારે લોકો એમ કહે છે કે અમને બહુ આનંદ આવે છે, અમને બહુ આનંદ છે. આ ચીજ ખાતા અમને બહુ આનંદ થયો, આ દશ્ય જોતા અમને બહુ આનંદ આવ્યો. ત્યાં ચારિત્રપરિણામજન્ય કાર્ય શું છે ? કે એકાગ્ર છે. કોઈ એક વિષયમાં એટલી મુખ્યતા રસથી કરી છે અને એટલા પરિણામને મગ્ન કર્યા છે. એ મગ્નતા છે એ ચારિત્રનો વિષય છે. તો ત્યાં પણ લોકો આનંદની કલ્પના કરે છે. કેમકે ત્યાં બીજા પરિણામની દખલ નથી. બીજા વિષયના પરિણામની દખલ એમાં નથી. તો એને આનંદ કહેવામાં આવે છે.

આ તો આત્મા જે અનંત આનંદમય, એમાં કોઈપણ અન્ય ભાવ થયા વિના ઉપયોગ દ્વારા એમાં મગ્ન થાય છે, ત્યારે ત્યાં ચારિત્રપરિણામ જન્ય આનંદની ઉત્પત્તિ થાય છે. એને આત્માનંદ કહેવામાં આવે છે અથવા એને આત્માનુભવ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ઓલો આનંદનો ભાસ થયો અને આ સાક્ષાત્ આનંદ.

પૂજ્ય ભાઈશ્રી :- ઓલામાં તો આકુળતા છે ખરેખર તો.

મુમુક્ષુ :- આનંદાભાસ. આનંદનો આભાસ છે, આનંદ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- આનંદ નથી પણ એને આનંદનો આભાસ છે. પણ એકાગ્રતા થાય અને રસ આવે ત્યાં એવું થાય. એટલે આનંદની ત્યાં કલ્પના છે. ખરેખર આનંદ ત્યાં નથી. આ સાક્ષાત્ આનંદ છે. આનંદગુણ પોતે આનંદરૂપે પ્રવાહિત થઈને પરિણમી રહ્યો છે. જેમ બરફ ઓગળીને શીતળ ઠંડુ પાણી થાય, એમ આનંદના પર્વતમાંથી આનંદની ગંગા નીકળી. એમ છે. જ્ઞાનના પર્વતમાંથી જ્ઞાનની ગંગા નીકળી. એવો વિષય છે. એક બીજો વિષય યાદ આવ્યો.

૪૭ શક્તિના વ્યાખ્યાનમાં 'ગુરુદેવશ્રી'ની એક પદ્ધતિ બહુ માર્મિક પદ્ધતિ આવી હતી. ઉછાળ તારા પરિણામને, તારા શક્તિ અને સામર્થ્યના પર્વત ઉપર ! ઉછાળ તારા પરિણામને ! અંદર શક્તિનો, સામર્થ્યનો પર્વત પડ્યો છે ત્યાં તારા પરિણામને ઉછાળીને લઈ જા. તો તારી જે શક્તિઓ છે એ બધી શુદ્ધપણે પરિણામમાં પરિણમવા લાગશે. ઘણી એવી એવી પદ્ધતિથી વાતો આવી છે કે એની અંદર એ પોતે શું કહેવા માગે છે ?

અંદર જે શક્તિ અને સામર્થ્યનો પિંડ આત્મા છે એ પોતે જ ઓગળીને પરિણામમાં આવે છે. જ્ઞાન પોતે જ્ઞાનમય ભાવે, આનંદ પોતે આનંદમય પરિણામે આત્મામાં પરિણમે છે. એને જ અનુભવ કહેવામાં આવે છે. અહીંયાં દેખવા-જાણવા લાગે એટલે પ્રત્યક્ષ દેખવા અને પ્રત્યક્ષ પોતાના સ્વરૂપને જાણે છે. દર્શનઉપયોગથી પોતાને પ્રત્યક્ષ દેખે છે અને જ્ઞાનોપયોગથી પોતાને પ્રત્યક્ષ જાણે છે. જેવો છે તેવો. 'ગુરુદેવ' એમ કહેતા કે જેવો કેવળજ્ઞાનમાં આત્મા જણાય છે, તેવો ચોથા ગુણસ્થાને અનુભવગોચર થાય છે. સર્વજ્ઞના જ્ઞાનમાં જેવો આત્મા સર્વજ્ઞે જાણ્યો તેવો આત્મા એને ચોથા ગુણસ્થાનવર્તી તિર્યંચજીવને અનુભવગોચર થાય છે. એવો જ બિલકુલ. થોડો ઓછો પણ નહિ અને વધારે પણ નહિ. ત્યાં થોડો વધારે થાય છે અને અહીંયાં થોડો ઓછો થાય છે એવું છે નહિ.

એટલે પહેલો શબ્દ એમણે એ વાપર્યો છે કે '**સર્વ એક પોતાને જ પોતે...**' સર્વ શબ્દ વાપર્યો છે. આખેઆખો અખંડ સર્વ આત્મા. ઓછું નહિ. પૂરેપૂરો. અનંત ગુણના નામ આવડતા નથી. અને નામ તો

સંખ્યાત ગુણોના આવડે છે પણ અનંત ગુણને જાણે છે. અભેદપણે અનંતેઅનંત ગુણને એણે જાણ્યા. આમ છે. અને આગમના રચનારાઓએ એમ કહ્યું કે જેણે આવો એક આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું. 'એગં જાણઈ સો સવ્વં જાણઈ' એમ કહી દીધું. એ સૂત્ર તો શ્વેતાંબરમાં પણ લીધેલું છે. આચારાંગનું સૂત્ર છે શ્વેતાંબરમાં. કેટલીક વાતો તો તેની તે જ છે ને. કેટલીક વાતો તો તેની તે જ આવે. કેમકે ધારણામાં તો રહી ગયું હોય ને. 'એગં જાણઈ સો સવ્વં જાણઈ'. એક આત્માને જેણે જાણ્યો, તેણે સર્વ જાણી લીધું. અને તેણે જ સર્વ જાણ્યું. 'સવ્વં જાણઈ સો એગં જાણઈ'. જેણે આત્માને જાણ્યો એણે સર્વ જાણ્યું. જો આત્માને નથી જાણ્યો તો એણે જે સર્વ જાણ્યું છે તેણે કાંઈ જાણ્યું નથી. નિષ્ફળ છે. સર્વ જાણવું નિષ્ફળ છે. અથવા અન્ય સર્વનું જાણવું સંસાર અર્થે છે. આમ લીધું છે. એમાં ક્યાંય એને સુખ થવાનો પ્રશ્ન નથી.

કેવી વ્યાખ્યા કરી છે, જોયું! અનુભવની આ વ્યાખ્યા લીધી અહીંયાં. વાત કરતા કરતા સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિની વાત કરતા કરતા અનુભવની વાત લઈ લીધી છે. એ પદ્ધતિ છે એમની આ પ્રકરણની અંદર. '**સર્વ એક પોતાને જ...**' એટલે પરિપૂર્ણ એક એવા પોતાને જ '**પોતે ચિત્તવસ્તુ વ્યાપકવ્યાપ્યકતાથી સ્વયમેવ પ્રત્યક્ષ દેખવા-જાણવા લાગે...**' ચિત્સ્વભાવ દ્વારા ચિત્વસ્તુ છે. ચિત્સ્વભાવ દ્વારા ચૈતન્યવસ્તુને પ્રત્યક્ષપણે, અતીન્દ્રિય પ્રત્યક્ષપણે (જાણવા લાગે). જે જ્ઞાન ઇન્દ્રિય દ્વારા પ્રવર્તતું હતું અને જે ચારિત્રના પરિણામ-રાગાદિ ભાવ પણ ઇન્દ્રિય દ્વારા પ્રર્તતા હતા, તે જ્ઞાન, આચરણ વગેરે પરિણામ અંતર્મુખ થઈને અતીન્દ્રિય ભાવે પરિણમવા લાગ્યા. ઇન્દ્રિયભાવે પરિણમતું જ્ઞાન પરોક્ષપણાને પામે છે. પરોક્ષ એવું નામ પામે છે. પર-અક્ષ. અક્ષ એટલે ઇન્દ્રિય, પર એટલે બીજી. બીજી ઇન્દ્રિયોનું વચ્ચે માધ્યમ છે એવા જ્ઞાનના ઉપયોગને પરોક્ષ જ્ઞાન કહે છે. એનું જ્યાં એણે માધ્યમ છોડ્યું, ત્યાં એને પ્રત્યક્ષ જ્ઞાન કહેવામાં આવે છે. જ્યાં ઇન્દ્રિયથી ઉપયોગનો વ્યાપાર પાછો વળી ગયો અને ઉપયોગ અંતર્મુખ થઈને આત્મામાં સમાઈ ગયો ત્યારે તે અતીન્દ્રિય પ્રત્યક્ષજ્ઞાન કહેવાયોગ્ય છે.

અહીંયાં કેટલાક આગમના અભ્યાસી તર્ક કરે છે કે હજી મતિ-શ્રુત જ્ઞાન છે. હજી અહીંયાં સ્વાનુભવ થયો. છદ્મસ્થ ચતુર્થ ગુણસ્થાનવર્તી જીવને તો મતિ-શ્રુતજ્ઞાન છે. અને મતિ-શ્રુતજ્ઞાન તો શાસ્ત્રની અંદર પરોક્ષ કહેવામાં આવ્યું છે. આદ્યે પરોક્ષં. તત્ત્વાર્થસૂત્રમાં (સૂત્ર છે). પ્રત્યક્ષં અન્યાત. પાંચ જ્ઞાનના ભેદ કહ્યા. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ એવા જ્ઞાનના પાંચ ભેદ છે. તો કહ્યું, એ પાંચ ભેદમાં આદ્યે પરોક્ષં. પ્રત્યક્ષં અન્યાત. પાંચના ભેદ પાડી દીધા. આદ્યે. આદ્યે એટલે દ્વિવચન. સંસ્કૃત ભાષામાં એકવચન, દ્વિવચન અને બહુવચન એમ ત્રણ પ્રકારે વ્યાકરણની અંદર વચનની સંખ્યાભેદ પાડી છે. એક વચનને કહેનારની સંખ્યા જુદી, દ્વિવચનને કહેનારો શબ્દ જુદો અને બહુવચનને કહેનારો શબ્દ જુદો. જેમકે હું તો એકવચન છે એની અંદર. અને આપણે તો એમાં બહુવચન છે. પણ આપણે બે માટે કોઈ શબ્દ ગુજરાતીમાં નથી. જ્યારે સંસ્કૃતમાં એના માટે જુદો શબ્દ છે. ત્યાં એ ભાષાની અંદર વ્યાકરણની પદ્ધતિ એટલી વધારે વિશાળ છે. અહીંયાં બે શબ્દ વાપરવો ન પડે. દ્વિવચન વાપરે એનો અર્થ જ કે ત્યાં બેની વાત લેવી છે.

એ આદ્યે શબ્દ છે એ દ્વિવચન સૂચક છે. એટલે આદ્યે પરોક્ષં. પહેલા બે જ્ઞાન પરોક્ષ છે. આગમની સાથે વિરોધ આવે છે, એમ કહે છે. ભાઈ ! અહીંયાં આગમનો વિષય ચાલતો નથી. અહીંયાં અધ્યાત્મનો વિષય ચાલે છે. આગમ અધ્યાત્મનો ભેદ ઘણા પાડતા નથી. અને એ તકલીફ પડે છે. આ મતિ-શ્રુતજ્ઞાન એ આગમનો ભેદ છે અને આગમના ભેદથી વિચારીએ તો તે જ્ઞાનને પરોક્ષ કહેવામાં આવે. 'ટોડરમલજી'એ આની બહુ ચર્ચા કરી છે. પ્રત્યક્ષ-પરોક્ષની ચર્ચા બહુ કરી છે. પોતાની 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં ઘણી ચર્ચા લંબાવી છે. પણ અહીંયાં અતીન્દ્રિય જ્ઞાન હોવાથી એને પ્રત્યક્ષ કહેવામાં આવે છે. પરોક્ષપણું ઇન્દ્રિયજ્ઞાનને લાગુ પડે છે. અતીન્દ્રિય જ્ઞાનને પરોક્ષપણું અધ્યાત્મના પ્રકરણમાં લાગુ પડતું નથી.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- એટલે પ્રત્યક્ષ થઈ ગયું. જે જ્ઞાન થવામાં વચ્ચે પરપદાર્થનું માધ્યમ હોય, નિમિત્ત હોય, ઇન્દ્રિયનું નિમિત્ત હોય ત્યાં

જ્ઞાન પરોક્ષ ગણવું. પણ જે જ્ઞાન સ્વયં પોતે પોતાને જ પોતાથી અભેદપણે અનુભવવા લાગે એમાં વચ્ચે કોઈ નિમિત્ત નથી. તો એ જ્ઞાન પ્રત્યક્ષ છે. પોતે પોતાને પોતાથી અનુભવી રહ્યું છે. વળી સ્વભાવ પણ સહજ પ્રત્યક્ષ છે.

અહીંયાં એક બીજી બહુ સજ્જડ દલીલ છે કે સ્વભાવ પોતે સહજ પ્રત્યક્ષ છે, ત્રિકાળ પ્રત્યક્ષ સ્વભાવ છે. જ્ઞાનસ્વભાવ તો ત્રિકાળ સહજ પ્રત્યક્ષ છે. જેવો સ્વભાવ છે એવું જ જ્ઞાનનું જે સ્વભાવિક પરિણમન થયું તેમાં પ્રત્યક્ષતા આવી કે પરોક્ષતા આવી ? કે એમાં પ્રત્યક્ષતા આવી. પરોક્ષપણું એ જ્ઞાનનો સ્વભાવ નથી, પણ પરોક્ષપણું એ જ્ઞાનનો વિભાવ છે. ઠીક ! આ જ્ઞાનના વિભાવને આપણે હમણાં હમણાં વિચારીએ છીએ ને ? કે પરસન્મુખ થવું ઉપયોગનું તે જ્ઞાનનો વિભાવ છે, પરમાં તન્મયતા કરવી, એકત્વ કરવું તે જ્ઞાનનો વિભાવ છે અને અસ્થિરતાથી જ્ઞેયથી જ્ઞેયાંતર થવું તે પણ જ્ઞાનનો વિભાવ છે. એમ પરોક્ષપણે પરિણમવું, ઇન્દ્રિયના નિમિત્તે જ્ઞાનનું પરિણમવું તે જ્ઞાનનો વિભાવ છે.

મુમુક્ષુ :- વિભાવને આભાસ જ કહી દઈએ તો ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, વિભાવ તે વિભાવ છે.

મુમુક્ષુ :- આભાસ નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. વિભાવ તો અમુક ગુણસ્થાન સુધી રહે છે. જેમ જ્ઞાનનો અસ્થિરતાનો વિભાવ છે એ નવમા સુધી રહે છે, દસમા સુધી રહે છે. સૂક્ષ્મસાંપ્રાય સુધી રહે છે. પછી અગિયારમા અને બારમામાં સ્થિર થઈ જાય છે. બારમે તો યથાખ્યાત ચારિત્ર પ્રગટી જાય છે. પણ અગિયારમાં ઉપશમભાવે સ્થિર થાય છે, બારમામાં ક્ષાયિકભાવે સ્થિર થાય છે.

શું કહે છે અહીંયાં ? '**સ્વયમેવ પ્રત્યક્ષ દેખવા-જાણવા લાગે...**' જ્ઞાન પ્રત્યક્ષ થઈને પરિપૂર્ણ પ્રત્યક્ષ અત્યંત પ્રત્યક્ષ એવા પોતાના નિજ સ્વરૂપને પ્રત્યક્ષપણે દેખવા-જાણવા લાગે. એનો વિષય પણ પ્રત્યક્ષ અને એનો વિષયી પણ પ્રત્યક્ષ. બંને પ્રત્યક્ષ થઈ ગયા ત્યાં. '**અને તે ચારિત્રપરિણામ...**' તે જ વખતે જે ચારિત્રગુણના પરિણામ છે તે '**નિજ ઉપયોગમય ચિત્તવસ્તુમાં સ્થિરીભૂત...**' થાય. આત્મામાં

કહેવાને બદલે આટલો શબ્દ લંબાવ્યો. નિજ એટલે પોતાનો ઉપયોગમય આત્મા છે, જ્ઞાનમય આત્મા છે, ચિત્તવસ્તુસ્વરૂપ, ચિદ્‌ઘન સ્વરૂપ આત્મા છે, એમાં ચારિત્ર પરિણામ પણ સ્થિરીભૂત થાય, શુદ્ધ થાય, રાગરહિત થાય, વીતરાગભાવે થાય, મગ્નતારૂપે પરિણમે. એમ સ્થિરીભૂત અને મગ્નતા બેય લીધી છે. તે રૂપે પ્રવર્તે '**તેને જ ચારિત્ર-પરિણામજન્ય નિજાર્થ (નિજાનંદ) થાય છે.**' તેને ચારિત્રપરિણામથી ઉત્પન્ન થતો આનંદ છે અથવા અર્થ નામ પ્રયોજન છે. નિજાર્થ. નિજ પ્રયોજનની અહીંયાં સિદ્ધિ થાય છે.

મુમુક્ષુ :- શુદ્ધ નિશ્ચયનય...

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર તો શુદ્ધનિશ્ચયનય જ અહીંયાં પ્રગટ્યો એમ કહેવાય છે.

જે જ્ઞાન પોતાના શુદ્ધ સ્વરૂપને જાણવાનું જ પ્રયોજન રાખે તેને નિશ્ચય અથવા શુદ્ધનય નિશ્ચયનય કહેવામાં આવે છે. નિશ્ચય સ્વરૂપને જાણવાનું, શુદ્ધ સ્વરૂપને જાણવાનું જેને પ્રયોજન છે તે જ્ઞાન શુદ્ધનયરૂપ છે અને તે જ્ઞાન નિશ્ચયનયરૂપ છે. એટલે એમ કહ્યું કે, 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' જે મુનિઓ આવા શુદ્ધોપયોગમાં લીન થઈ જાય છે એને નિર્વાણ પ્રગટ થઈ જાય છે. પંચમકાળ આડો આવે કે ન આવે ? પંચમકાળને અહીંયાં કોઈ સંભારતું નથી.

પંચમકાળને ત્યાં સંભારવામાં આવે છે, ત્યાં યાદ કરવામાં આવે છે કે જ્યાં પંચમકાળને યોગ્ય પરિણામ જીવોના જોવામાં આવે ત્યાં. એટલે માઠા પરિણામ જોઈને એમ કહેવાય છે કે અરે..રે..! આ તો પંચમકાળ છે. જુઓ ! જીવોને કેવા પરિણામ થાય છે. એમ કહી દે. પણ જ્યાં નિર્વાણને યોગ્ય પરિણામ થાય, ત્યાં પંચમકાળ-ફંચમકાળ ક્યાંય છે નહિ. ત્યાં પંચમકાળને યાદ કરવામાં આવતો નથી.

લગ્નની શરણાઈઓ વાગતી હોય અને લગ્નના ગીત ગવાતા હોય ત્યાં કોઈ મરશિયું ગાય ? ન ગાય. એમ અહીંયાં જ્યાં મુક્તિના પરિણામ થવા લાગ્યા, નિર્વાણને યોગ્ય પરિણામ થવા લાગ્યા, ત્યાં પંચમકાળની વાત કેવી ? એમ કહે છે. પંચમકાળમાં વર્તતા જ્ઞાનીઓ પોકારી પોકારીને મુક્તિની વાત કરી છે. હાલતા ને ચાલતા. જ્યાં

સાધકની વાત આવે ત્યાં સિદ્ધની વાત લઈ લે સાથે સાથે. એવું તો કેટલી જગ્યાએ છે. ઠામ ઠામ એ વસ્તુ જોવા મળશે. આમ કરે તો પૂર્ણ. અરે..! સમ્યગ્દર્શન થાય તો પૂર્ણતા થઈ જાય એમ કહી દે. એક સમ્યગ્દર્શન થાય ને ત્યાં પૂર્ણતા થઈ જાય. હજી તો શરૂઆત થઈ છે. શું કરવા એવું આવે છે ? કે એનું ધ્યેય પૂર્ણતાનું છે, એનું લક્ષ પૂર્ણતાનું છે. એ પૂર્ણતામય એના શ્રદ્ધા-જ્ઞાન-આચરણના પરિણામ, સર્વ એક આત્માને એમ લીધું ને ? સર્વ એક પોતાને. પૂર્ણ એવા પોતાને. ક્યાંય એને અપૂર્ણતાનું લક્ષ નથી અને અપૂર્ણતા રહે એવો જે પંચમકાળ એનું પણ લક્ષ રહેતું નથી. ત્યાં કાળની બાદબાકી થઈ જાય છે. પંચમકાળ વર્તતો હોવા છતાં એની બાદબાકી થઈ જાય છે. એનો અભાવ થઈ જાય છે. ભાવમાં તો એનો અભાવ થઈ જાય છે. અહીંયાં કોઈ પંચમકાળ-ફંચમકાળ અંદરમાં છે નહિ. અથવા મૂળ વસ્તુ જે ત્રિકાળી આત્મસ્વરૂપ છે એ કાળની અપેક્ષા રહિત છે. કાળથી નિરપેક્ષ છે. એનો સ્વપણે અનુભવ થયો. વાત પૂરી થઈ ગઈ. કાળ કેવો પછી ? એમાં પછી કાળ લાગુ કરાતો નથી. (અહીં સુધી રાખીએ...)

તત્ત્વરસિક જીવને જ્ઞાનના ઉઘાડમાં રસ આવતો નથી, અને જેને બાહ્ય જ્ઞાનમાં રસ આવે છે, તેને ઊંડા અંતર તત્ત્વમાં રસ આવતો નથી. ઉઘાડવાળાની વાણી શુષ્ક હોય છે. જ્યારે તત્ત્વરસની રસિકતા કોઈ જુદી જ છે. તેથી આત્મરસથી આવતી વાણી જુદી જ પડી જાય છે. તત્ત્વ રસિક શ્રોતાને પોતાના રસ સાથે તેનું અનુસંધાન થતાં રસ વૃદ્ધિનું નિમિત્ત થાય છે. (અનુભવસંજીવની - ૮૯૦)

**તા. ૨૫–૧–૧૯૮૯, પાના નં. ૫૨, પ્રવચન નં. ૧૦૯**

પાનું-૫૨. સ્વાનુભવનું પ્રકરણ છે. નિર્વિકલ્પ સ્વાનુભવની દશા કેવી હોય, અનુભવ કેવો હોય એનું વર્ણન ચાલે છે. વચ્ચેનો પેરેગ્રાફ છે. છેલ્લી લીટી છે. '**એ રીતે સમ્યગ્દષ્ટિનાં દર્શનજ્ઞાનચારિત્રસહિત પરિણામ નિજ ચિત્તવસ્તુને જ વ્યાપ્યવ્યાપકરૂપ દેખતાં, જાણતાં, આચરતાં નિજસ્વાદ લે છે.**' શું કહે છે ? સ્વાનુભવમાં પોતાના સ્વરૂપનો આસ્વાદ છે, પોતાના સ્વરૂપના આસ્વાદરૂપ પરિણામ છે- અનુભવરૂપ પરિણામ છે. એમાં શ્રદ્ધાન છે, જ્ઞાન છે, ચારિત્ર છે. ત્રણેય છે. ઉપરના બોલમાં સ્પષ્ટ એટલી વાત નહોતી લીધી. અહીંયાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર સહિત એમ લીધું છે.

કેટલાક શાસ્ત્રમાંથી એવો અર્થ વિચારે છે કે સમ્યગ્દષ્ટિને શ્રદ્ધાન અને જ્ઞાન છે પણ ચારિત્ર નથી. ચોથું ગુણસ્થાન માત્ર શ્રદ્ધાન પૂરતું છે અને ત્યાં શ્રદ્ધાન થયું છે. જ્ઞાન તો મતિ-શ્રુત ક્ષયોપશમરૂપ છે એટલે એ જ્ઞાનનું તો કોઈ ખાસ શાસ્ત્રનું જાણપણું હોય, ન હોય એવું કોઈ મહત્ત્વ નથી. અને ચારિત્ર ત્યાં છે નહિ, શ્રદ્ધાનું ગુણસ્થાન છે.

અહીંયાં એ સ્પષ્ટ કરે છે કે, '**એ રીતે સમ્યગ્દષ્ટિના દર્શન-જ્ઞાનચારિત્રસહિત પરિણામ...**' છે. મોક્ષમાર્ગ શરૂ થયો છે અને મોક્ષમાર્ગની વ્યાખ્યા જ એ છે કે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગઃ. એ મોક્ષમાર્ગમાં ત્રણે સાથે હોય છે, મોક્ષમાર્ગમાં ત્રણે અભેદ હોય છે અને અવિરુદ્ધ હોય છે. શ્રદ્ધાના વિષયનો જ્ઞાન વિરોધ કરે, જે જ્ઞાનના વિષયનો ચારિત્રથી વિરોધ થાય એવો પ્રકાર ત્યાં હોતો નથી. ત્યાં શ્રદ્ધા દ્વારા પણ આત્મસ્વરૂપને શ્રદ્ધાય છે, જ્ઞાન દ્વારા ત્યાં આત્મસ્વરૂપનું વેદન થાય છે અને ચારિત્ર દ્વારા આત્મસ્વરૂપમાં સ્થિર થવાનું આચરણ થાય છે. એમ દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત પરિણામ છે.

પોતાની '**નિજ ચિત્તવસ્તુને જ વ્યાપ્યવ્યાપકરૂપ દેખતાં, જાણતાં, આચરતાં નિજસ્વાદ લે છે.**' દેખવું, જાણવું, આચરવું થાય

છે ત્યાં વ્યાપ્ય-વ્યાપકભાવે દેખવું, જાણવું આચરવું થાય છે. વ્યાપ્ય-વ્યાપકભાવે એટલે પોતે જ પોતાના પરિણામમાં જેવો સ્વભાવ છે તેવા સ્વભાવથી જ વ્યાપી જાય છે. અનંત ગુણનું વેદન, અભેદ સ્વરૂપનું વેદન, પોતાના અખંડ પરિણામથી આસ્વાદરૂપ આવે છે. એ નિજ સ્વાદ દશાનું નામ, એવી જે પોતાના સ્વાદની દશા છે તેનું સ્વાનુભવ કહીએ છીએ. આટલી સ્પષ્ટતા એટલા માટે કરી છે કે સ્વાનુભવના વિષયમાં પણ અનેક મતમતાંતરો ચાલે છે. અન્યમતમાં પણ સ્વાનુભૂતિનો વિષય પોતપોતાની રીતે સૌ કહે છે. વેદાંતમાં એ સ્વાનુભૂતિનો વિષય આવે છે.

સત્શાસ્ત્રોમાં સ્વાનુભૂતિની મહિમા ઘણી આવી. ભગવાનની વાણીમાં પણ સ્વાનુભૂતિનો મહિમા ઘણો આવ્યો. અને એ વિષય ભલે એનાથી જીવ અજાણ્યો હોય તોપણ સમજી શકે કે આ કોઈ અભૂતપૂર્વ દશા છે, અલૌકિક દશા છે અને આ દશા બીજી સર્વ દશાઓ કરતા ઉચ્ચ કોટીની દશા છે. અનુભવ થયા પહેલા પણ એટલી સમજણ આવી શકે છે. તેથી ઊંચી વાત પકડવાના અભિપ્રાયથી પણ પોતાની કલ્પના પ્રમાણે એ સ્વાનુભૂતિની વાત લઈ જાય તોપણ તેથી કાંઈ સ્વાનુભૂતિનો ખરો મહિમા થાય છે એવું બનતું નથી

મુમુક્ષુ :- અહીંયાં વ્યાપ્યવ્યાપકરૂપ દેખતા, જાણતા, આચરતા નિજસ્વાદ લ્યે છે. દેખતા, જાણતા લખ્યું, એ વખતે તો નિર્વિકલ્પ દશા હોય છે. દેખતા, જાણતા વિકલ્પરૂપ થઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- દેખવું, જાણવું એ વિકલ્પ છે એવું નથી. દેખવું એટલે અહીંયાં શ્રદ્ધવું છે. શ્રદ્ધા પોતે નિર્વિકલ્પ છે. અને અહીંયાં જ્ઞાન પણ પોતાના સ્વરૂપને જાણતા નિર્વિકલ્પ ભાવે જાણે છે. જાણવું એટલે સવિકલ્પપણે જ જાણવું એવું નથી કાંઈ. નિર્વિકલ્પપણે જાણે છે. નિર્વિકલ્પ સ્વરૂપને તન્મય થઈને જાણે છે. જ્ઞાનનો એવો સ્વભાવ છે કે જ્ઞેયાકારે પરિણમે. સ્વજ્ઞેય નિર્વિકલ્પ છે તો ત્યાં જ્ઞાનનું પરિણમન પણ તેવું જ, જેવું સ્વજ્ઞેય છે એવું સ્વાકારભાવે ત્યાં જ્ઞાન પરિણમે છે. તેથી જ્ઞાન પણ ત્યાં નિર્વિકલ્પ હોય છે.

**'એ નિજસ્વાદદશાનું નામ સ્વાનુભવ કહીએ છીએ.'** એવો જે પોતાના સ્વરૂપનો આસ્વાદ આવે એને સ્વાનુભવ કહીએ છીએ. આટલો

પ્રકાર હોય તો સ્વાનુભવ સમજવો. નિર્વિકલ્પ દશા ન થઈ હોય તો એને સ્વાનુભવ થયો છે એમ ન કહેવાય. કોઈ એમ કહે કે આત્મા તો અમને કેવો છે એ ખબર છે. માટે અમને આત્માનું જ્ઞાન છે. એવું અહીંયાં આત્મજ્ઞાન નથી. આત્મજ્ઞાન તો આત્મા નિર્વિકલ્પ છે એવી ખબર છે એવા વિકલ્પવાળું નથી. પણ આત્મજ્ઞાન જેવો આત્મા નિર્વિકલ્પ છે તેવું જ તેની સાથે અભેદ પરિણતિરૂપ, અભેદભાવ રૂપ જે નિર્વિકલ્પ જ્ઞાન છે તે આત્મજ્ઞાન છે. અને જે આત્મજ્ઞાન છે તે ભવભ્રમણના નાશનું કારણ છે. જન્મ-મરણના નાશનું કારણ એકમાત્ર આત્મજ્ઞાન છે અને એ સિવાય કોઈ જન્મ-મરણના નાશનું કારણ ત્રણકાળ ત્રણલોકમાં નથી.

હવે આગળ નીચેના પેરેગ્રાફથી એના નામ આપ્યા છે. એ સ્વાનુભવ દશાને અનેક નામથી શાસ્ત્રની અંદર કહી છે. એમાં કેટલા કેટલા એના નામ છે. આમ તો હજારો નામ એને લાગુ પડે છે. કેમકે એક સ્વાનુભવમાં અનંત ગુણ શુદ્ધ થઈને પરિણમ્યા. તો એક એક ગુણથી એનું નામ લ્યો તોપણ કેટલા નામ થાય ? કેટલાક ગુણને તો ગુણને જ નામ નથી. પણ જેટલા ગુણને નામ છે એટલા ગુણથી એ દશાને બતાવો, કેમકે તે તે ગુણ તે દશામાં પ્રગટ થયેલા છે માટે તે દશા ગુણવાન છે-તેવા ગુણવાળી છે, એ રીતે લ્યો તો એના અનેક હજારો નામ થઈ શકે છે. એમાંથી કેટલાક અહીં આપ્યા છે. વીસેક નામ છે એના.

'**સ્વાનુભવ થતાં નિર્વિકલ્પ સમ્યક્ત્વ ઊપજે છે.**' પ્રથમ તો જ્યારે પહેલા સ્વાનુભવની દશા આવે છે, જે પૂર્વે નથી આવી એવી અપૂર્વ દશા સ્વાનુભવની પ્રગટ થાય છે, ત્યારે પ્રથમ સ્વાનુભવમાં નિર્વિકલ્પ સમ્યક્ત્વ ઊપજે છે. એ નિશ્ચય સમ્યક્ત્વ છે. એ વાસ્તવિક સમ્યક્ત્વ છે, શુદ્ધ સમ્યક્ત્વ છે. એ પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ સ્વાનુભવની દશામાં પ્રગટ થાય છે. '**(તેને) સ્વાનુભવ કહો, યા કોઈ નિર્વિકલ્પ દશા કહો,...**' એ સ્વાનુભવના નામથી કહો કે એને નિર્વિકલ્પ દશા એવું નામ આપો. કેમકે ત્યાં વિકલ્પનો અભાવ થયો. જે વિકલ્પની પરંપરા અનાદિથી સતત ચાલુ હતી અને ચાલુ જ રહેતી હતી, એ પ્રથમ વિકલ્પની પરંપરા તૂટી અને નિર્વિકલ્પ સ્વાનુભવની

દશા પ્રગટ થઈ. એને નિર્વિકલ્પ દશા કહો કે સ્વાનુભવ દશા કહો, બંને એક છે.

બીજું. '**વા આત્મસન્મુખ ઉપયોગ કહો,...**' નિર્વિકલ્પ દશા કહો અથવા આત્માની સન્મુખ થયેલો ઉપયોગ કહો. જે ઉપયોગ પોતાના સ્વરૂપની સન્મુખ થયો એ પણ સ્વાનુભવ દશામાં જ બને છે. બીજી રીતે બનતું નથી. જો ઉપયોગ સ્વરૂપ સન્મુખ થાય, આત્મસન્મુખ થાય તો એ ઉપયોગમાં પોતાનો અનુભવ આવે. ઉપયોગ પર તરફ હોય તો ઉપયોગમાં પરનો અનુભવ આવે. પરનો અનુભવ થઈ શકતો નથી પણ મિથ્યાત્વની દશામાં એવો એને અધ્યાસ થાય છે. પણ અનાદિનો જે પરસન્મુખ થયો હતો, એક ક્ષણ પણ જે સ્વસન્મુખ નહોતો થયો એ પ્રથમમાં પ્રથમ સ્વસન્મુખ થાય છે.

અન્યમતમાં વૈષ્ણવમાં, હિન્દુધર્મમાં એવું આવે છે કે ગાયના શીંગડા ઉપર, શીંગડાના ટોચે રાયનો દાણો સ્થિર થાય એટલી વાર પણ જો પરમાત્મામાં મન સ્થિર થાય તો મુક્તિ થઈ જાય. શું કહે ? પણ ક્યા પરમાત્મા એ સવાલ છે. એ બીજા પરમાત્માને કલ્પનામાં લે છે. એની માન્યતા પ્રમાણે ચાલે છે. પણ ત્યાં મનને એકાગ્ર કરવાની વાત છે.

અહીંયાં તો એમ કહે છે કે જ્યાં સુધી મન સાથે ઉપયોગ જોડાયેલો રહે ત્યાં સુધી એને રાગ ઉત્પન્ન થયા કરે, એને સવિકલ્પ દશા કહેવામાં આવે છે. જ્યારે મનના અભાવ રહિત અતીન્દ્રિય સ્વરૂપ જે આત્મા છે એમાં અતીન્દ્રિય ભાવે ઉપયોગ લીન થાય, એકાગ્ર થાય ત્યારે એમાં વિકલ્પનો નાશ થાય છે અથવા મનનો અભાવ થાય છે. મનનું અવલંબન ઉપયોગ છોડી દે પછી નિર્વિકલ્પ દશા થાય છે. મનનું પણ અવલંબન રહે એટલે મન ઇન્દ્રિય છે, એક ઇન્દ્રિય છે એનું પણ અવલંબન રહે અને અતીન્દ્રિય સ્વરૂપનું અવલંબન રહે, (એમ) બે વાત બનતી નથી.

મુમુક્ષુ :- 'સમયસાર નાટક'ની બે લીટી લીધી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ એમાંથી લીધી છે. સ્વાનુભવદશા લીધી ને ત્યાંથી લીધી. 'બનારસીદાસજી'નું એક પદ લીધું. '**વસ્તુ વિચારત ધ્યાવતૈ મન પાવૈ વિશ્રામ;...**' એ મન છૂટી જાય છે. વિશ્રામ પામે

એટલે મન છે એ વિરામ પામી જાય છે, અટકી જાય છે. મન પોતાની પ્રવૃત્તિ કરતું અટકી ગયું. વસ્તુ એટલે ચૈતન્યવસ્તુ, ચિદ્‌વસ્તુ આત્મા પોતે. એનો વિચાર એટલે એને જ્ઞાનમાં લઈને એમાં એકાગ્ર થાય છે. વિચાર એટલે અહીંયાં વિકલ્પ નહિ. એને સીધું જ્ઞાનમાં લઈને એમાં સ્થિર એકાગ્ર ઉપયોગ, સ્થિર ઉપયોગ થાય છે ત્યારે મન પણ વિરામ પામે છે. ત્યારે અનંત ગુણસ્વરૂપ આત્માના રસનો આસ્વાદ ઊપજે છે. તે આસ્વાદમાં મુખ્ય સુખ છે, મુખ્ય આનંદ છે. અનંત ગુણના જુદાં જુદાં સ્વાદ કાંઈ અનુભવગોચર થતાં નથી.

જેમ એક મીઠાઈમાં અનેક મેવા-મસાલા નાખ્યા હોય તો બધાયનો સ્વાદ જુદો જુદો નથી આવતો. પણ કોઈ જલદ સ્વાદિષ્ટ ચીજ હોય એનો ખ્યાલ આવે કે, આમાં એલચી નાખી લાગે છે. એનો સ્વાદ એવો છે કે જુદો જણાય આવે. એમ અનેક હજારો, સેંકડો વસ્તુ એની અંદર નાખી હોય તો અભેદપણે બધાયનો ભેગો સ્વાદ લેવામાં આવે છે. એનું નામ ફલાણી ચીજનો આસ્વાદ એમ કહેવામાં આવે છે. આ ફલાણી ચીજ ખાધી, બદામપાક ખાધો, ફલાણો પાક ખાધો એમ કહે છે. અંદર ચીજ તો ઘણી છે.

મુમુક્ષુ :- આમાં કાંઈ એવું ખરું અનંત ગુણમાં ?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં અનંત ગુણમાં સુખની વિશિષ્ટતા છે, આનંદની વિશિષ્ટતા છે. એ આનંદ અને સુખ તો અનાદિથી એને જોઈએ છે. એ એને ત્યાં પ્રાપ્ત થાય છે. એટલે એ બાજુ ફરી ફરીને જવાની ભાવના રહે છે. જ્યાંથી સુખ મળતું હોય ત્યાં ફરી ફરીને પરિણામ જાય એવો પરિણામનો સ્વભાવ છે. સહેજે જાય એવો પરિણામનો સ્વભાવ જ છે. એટલે સ્વાનુભવથી, નિર્વિકલ્પ સ્વાનુભવથી બહાર આવ્યા પછી પણ સમ્યગ્દૃષ્ટિ સાધકને એવી ભાવના રહે છે કે મારી અનંત કાળાવલી હવે આવા સ્વાનુભવ દશામાં જ વહો, પસાર થાવ. 'નિયમસાર'માં આ વાત છે. આત્મભાવનાનો ગ્રંથ છે ને, સ્વરૂપની ભાવનાનો ગ્રંથ છે. અને એ ચાકળો આપણે સ્વાધ્યાય મંદિરની લોબીમાં બહાર છે. દાખલ થઈએ છીએ ત્યાં. 'હવે પછીની અનંત કાળાવલી આત્મતત્ત્વના, નિજાત્મ તત્ત્વના ભોગવટામાં વહો.' આવી ભાવના છે. એ 'નિયમસાર'નું વચન છે. 'પદ્મપ્રભમલધારીદેવે'

ટીકામાં એ વાત લીધી છે, પોતાની ભાવના ભાવતા ભાવતા. એ આત્મભાવના છે એ કેવળજ્ઞાનને પ્રગટ કરનારી ચીજ છે. એ જાણીને 'શ્રીમદ્જી'એ (લખ્યું), 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે.' એ તો ખરેખર એક મંત્રરૂપે એમણે મુમુક્ષુને આપેલું છે. ભાવનાનો વિષય મંત્રરૂપે આપેલો છે કે આ એક મંત્ર છે કે જેનાથી જીવને કેવળજ્ઞાન પ્રસિદ્ધ થાય છે, પ્રગટ થાય છે. પછી એનો મર્મ અને એનો માર્ગ પકડવાને બદલે એનો જાપ શરૂ કરી દીધો. એ તો શબ્દો છો. શબ્દોનો જાપ કરવો તે કોઈ ભાવના નથી. પણ આત્મભાવનારૂપ પરિણમન થવું તે ખરેખર મંત્ર છે કે જે ચાર ગતિની દશાના મટાડીને સિદ્ધ દશા પ્રાપ્ત કરાવે છે, કેવલ્ય દશા પ્રાપ્ત કરાવે છે.

એને '**આત્મસન્મુખ ઉપયોગ કહો, વા ભાવમતિ**...'જ્ઞાન કહો અથવા '**ભાવશ્રુત કહો...**' ભાવમતિ કહો અથવા ભાવશ્રુત કહો. જે મતિ પોતાના આત્મભાવને, સ્વરૂપભાવને અનુભવમાં લ્યે તે ભાવમતિ છે. અને જે શ્રુતજ્ઞાન પોતાના સ્વરૂપને ભાવે તે ભાવશ્રુતજ્ઞાન છે. મતિજ્ઞાન દ્વારા પણ સ્વરૂપને ભાવે છે, આસ્વાદે છે અને શ્રુતજ્ઞાન દ્વારા પણ સ્વરૂપને ભાવે છે અથવા આસ્વાદે છે. તેથી તેને ભાવમતિજ્ઞાન કહો અથવા ભાવશ્રુતજ્ઞાન કહો.

હવે અહીંયાં આત્માના વિકલ્પવાળું જ્ઞાન છે તે દ્રવ્યશ્રુતજ્ઞાન છે. આમ તો પુસ્તક છે, શાસ્ત્ર છે તે દ્રવ્યશ્રુત કહેવામાં આવે છે. પણ તેથી આગળ ચાલીએ તો એ શાસ્ત્ર અનુસાર જે સવિકલ્પ જ્ઞાન તે દ્રવ્યશ્રુત છે. અને એ દ્રવ્યશ્રુતનો મર્મ જે નિર્વિકલ્પ શુદ્ધાત્મા છે એનું નિર્વિકલ્પ જ્ઞાન તે ભાવશ્રુતજ્ઞાન છે. એને ભાવશ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. જે શ્રુતજ્ઞાનમાં આત્મા ભાવ્યો, જે મતિજ્ઞાનમાં આત્મા ભાવ્યો અને જે આત્માને તદાકાર થઈને ભાવ્યો તેને ભાવમતિજ્ઞાન અને ભાવશ્રુતજ્ઞાન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...સ્વાદમાં લીધો.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વાદમાં લીધો. સ્વાદમાં લીધો પણ સ્વાદમાં તો ન ભાવે એવી ચીજ સ્વાદમાં આવે તો અણગમો થાય. અહીં ભાવતી ચીજ સ્વાદમાં આવી છે. એમ છે. આસ્વાદ લીધો પણ ભાવીને આસ્વાદ લીધો છે.

મુમુક્ષુ :- અગિયાર અંગ અને નવ પૂર્વનું જ્ઞાનને ભાવશ્રુત જ્ઞાન ન કહ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- આત્મા જાણ્યો જ નથી પછી શું થાય ? જો શુદ્ધાત્માને સ્વસન્મુખની દશામાં જાણવામાં આવે તો અનુભવ સુધી પહોંચે. પણ પરસન્મુખ જ્ઞાનમાં રહ્યો રહ્યો આત્માની કલ્પના કર્યા કરે તેથી કાંઈ આત્મા અનુભવમાં આવતો નથી અથવા તો તેમાં આત્મરસ ઊપજતો નથી. જેવો આત્મા છે એવો આત્મા જ્ઞાનમાં આવે, વિકલ્પની આડ વિના, (ત્યારે આત્મરસ ઊપજે છે). વિકલ્પની આડમાં ઊભો રહી રહીને આત્માનો વિચાર કરે તો એને વિકલ્પનો રસ આવે છે, એમાં આત્મરસ આવતો નથી. અહીંથી બે લાઈન જુદી પડે છે. રાગ ઉપર વજન છે, રાગની મુખ્યતા છે, રાગની રુચિ છે ત્યાં સુધી એ રાગની મુખ્યતામાં ઊભો ઊભો આત્માના વિચાર કરે છે અને રાગની પક્કડ છોડવાની ત્યાં એની તૈયારી નથી. કેમકે રાગની રુચિ છે. તો એના તે આત્માના વિષયભૂત થતાં વિચારો, આત્માને લક્ષમાં લેવા માટેના વિચારો, આત્મસ્વરૂપ અંગેના વિચારો, સ્વભાવ અંગેના વિચારો એ એના નિષ્ફળ જાય છે. એ પરિણામ સફળ થતાં નથી. કેમકે એમાં રાગરસ વધે છે. એને એમ થાય છે કે હું આત્માનો મહિમા કરું છું પણ રાગરસ વધે છે, આત્મરસ કે જ્ઞાનરસ એમાં વધતો નથી.

જ્યારે સ્વરૂપ સન્મુખ થાય છે, સમ્યક્ સન્મુખ થાય છે ત્યારે આત્મરસ વધે છે એને ખરો આત્મમહિમા કહેવામાં આવે છે અને ત્યાં રાગ વધવાને બદલે રાગ તૂટવાની પરિસ્થિતિ ઊભી થાય છે. ત્યાં રાગનો નિષેધ આવે છે અને રાગની અરુચિ થાય છે. જ્યારે રાગની અરુચિ થાય ત્યારે ભેદજ્ઞાન થયું. એ ભેદજ્ઞાનનું લક્ષણ બતાવવામાં આવ્યું છે. (પરમાગમસાર-૩૦૭).

'ગુરુદેવે' લીધું કે ભેદજ્ઞાન થવાનું એ લક્ષણ છે કે જેમાં રાગ પ્રત્યે અનાદરભાવ જાગે. પણ ઓળખાણમાં જ ભૂલ કરે છે. જ્યાં સુધી વિભાવને વિભાવજાતિથી અને સ્વભાવને સ્વભાવજાતિથી જુદા જુદા ન ઓળખવામાં આવે ત્યાં સુધી કોઈને કોઈ વિભાવઅંશમાં એને સ્વભાવની કલ્પના થઈ જાય છે. એને આત્માની કલ્પના થાય છે. એટલે રાગમાં જ એણે આત્મા માન્યો છે. એની એ સ્થિતિ એની દઢ

થાય છે. એટલે ઓળખાણની વાત મુખ્ય છે આની અંદર. ત્યાંથી જુદો પડે.

મુમુક્ષુ :- ભાવશ્રુત સમસ્ત જિનશાસન કીધું.

પૂજ્ય ભાઈશ્રી :- એ ભાવશ્રુત છે એને સમસ્ત જિનશાસન ૧૫મી ગાથામાં કહ્યું. આ ભાવશ્રુતને કહ્યું છે. જે શુદ્ધોપયોગ થયો, આત્મસન્મુખ નિર્વિકલ્પ દશાનો ઉપયોગ થયો તેને ભાવશ્રુતજ્ઞાન કહ્યું અને તે ભાવશ્રુતજ્ઞાન તે સમસ્ત જિનશાસન છે. તેને સમસ્ત જિનશાસન કહેવામાં આવે છે. એટલે એ આખા જિનશાસનનો સાર એમાં આવી ગયો. અને જેટલો જિનશાસનના કથનનો વિસ્તાર છે એ કથનનો સરવાળો અહીંયાં આવે છે, એમ કહેવું છે. ૧૦૦ એમ સરવાળો માર્યો એટલે ૯૯ સુધીની બધી રકમ એમાં આવી ગઈ કે નહિ ? ભલે કહેવાય છે ૧૦૦. પણ બધી વખતે ૧૦૦ સુધીની મોપાટ લેવી પડતી નથી. ૧૦૦ કહેતા ૯૯ ઉપરાંત ૧ એ વાત એની અંદર આવી ગઈ. એમ નિર્વિકલ્પ દશામાં જીવ આવ્યો તો કહે છે કે અહીંયાં સમસ્ત જિનશાસન છે. સમસ્ત જિનશાસનનો એને અનુભવ છે. એ સમસ્ત જિનશાસનનો અનુભવ છે એમ કહો કે એ દેશજિન છે એમ કહો, બધી એક વાત છે. દેશે જિન થયો. બધી એક જ વાત છે.

મુમુક્ષુ :- ચાર અનુયોગ તો જુદી જુદી રીતે કીધા. કથાનુયોગ ને ચરણાનુયોગ ને...

પૂજ્ય ભાઈશ્રી :- એ બધું એની અંદર આવી ગયું. ચારેય અનુયોગ આવી ગયા. અનંત નયનું જ્ઞાન એમાં આવી ગયું. ઉપયોગ થવાની જરૂર નથી. ચાર અનુયોગનો ઉપયોગ થવાની જરૂર નથી. અનંત નયનો ઉપયોગ થવાની આવશ્યકતા નથી. એટલે 'રાજમલજી'એ એ વાત લીધી કે આવી સ્વાનુભૂતિ થઈ તેને શાસ્ત્ર ભણવાની અટક નથી. અટક નથી એટલે એને બંધન નથી કે એને શાસ્ત્ર વાંચવું પડે અને શાસ્ત્ર વાંચે તો એનું જ્ઞાન સાચું અને શાસ્ત્ર ન વાંચે તો એનું જ્ઞાન સાચું નહિ. એનું એને બંધન લાગુ પડતું નથી. એવી વાત લીધી છે.

એને '**ભાવશ્રુત કહો વા સ્વસંવેદનભાવ**' કહો. જે જ્ઞાન પોતે સ્વપણે વેદાય છે, જ્ઞાનભાવ, જ્ઞાનમાં રહેલો વેદનભાવ સ્વસન્મુખપણામાં સ્વપણે વેદાય છે, પોતા સ્વરૂપે વેદાય છે તેને

સ્વસંવેદનભાવ કહો કે એને સ્વાનુભવ કહો, બંને એક છે. એને સ્વસંવેદનની મુખ્યતાથી સ્વસંવેદનપણું કહેવામાં આવે છે. એ વેદનથી વાત લીધી. સ્વસંવેદન. પોતાને જ પોતાનું સમ્યક્ પ્રકારે, સારી રીતે, અભેદભાવે વેદન થાય તેને સ્વસંવેદન કહેવામાં આવે છે. વિચિત્રતા કેટલી છે કે વેદન જ્ઞાન કરે છે, જ્ઞાન પોતાનું વેદન કરે છે, છતાં લક્ષ બીજા ઉપર છે તો એને એમ થાય છે કે મને બીજું વેદાય છે. ખરેખર ત્યાં બીજું છે નહિ.

જેમ અરીસામાં બીજું પ્રતિબિંબ પડે પણ ત્યાં કોઈ જ્ઞેય, કોઈ દૃશ્યમાન પદાર્થ અરીસામાં આવતો નથી. એ અરીસાની જ અવસ્થા છે. અરીસો જ છે. અરીસાની અવસ્થા કહો કે અરીસો પોતે છે. ત્યાં કોઈ બીજું નથી. દ્રવ્યપણે તો કોઈ બીજું નથી કે ભાવપણે પણ બીજું ત્યાં નથી. પણ પરનું એકત્વ છૂટવું, સ્વસંવેદન તો ત્યારે આવે કે જો પરનું એકત્વ છૂટે તો. પણ પરનું એકત્વ એટલું બની રહ્યું છે, થઈ રહ્યું છે કે એમાંથી એને સ્વસંવેદન છે એ પ્રગટ થતું નથી.

મુમુક્ષુ :- લાડવાના સ્વાદ વખતે પણ લાડવાનો સ્વાદ આવતો જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- લાડવાનો સ્વાદ જીવ લઈ શકતો નથી. કેવી રીતે લઈ શકે ? એ પુદ્‌ગલની પર્યાય છે એને જીવ કેવી રીતે લઈ શકે ? જડની પર્યાયને જીવ કેવી રીતે લઈ શકે ?

મુમુક્ષુ :- ત્યાં શું થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એ ભ્રમ થાય છે એને કે આ મેં ખાધું. મને આનો સ્વાદ આવ્યો. એવો એને ભ્રમ થાય છે. એ કેવળ ભ્રમ જ છે. જીવની ભ્રમણા છે, બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :- ખરેખર ત્યાં શું થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં એને ખરેખર તો પોતાને રાગ થાય છે. રાગ થાય છે. મુખ્યપણે રાગ થાય છે અને એ રાગની મુખ્યતામાં જ્ઞાન તણાય જાય છે.

મુમુક્ષુ :- જ્ઞાન થાય છે પણ...

પૂજ્ય ભાઈશ્રી :- તણાય જાય છે ત્યાં. એટલે જ્ઞાન તિરોભૂત થઈ જાય છે. જ્ઞાનનું વેદન છે ત્યાં તિરોભૂત થઈ જાય છે. આ ઠીક છે, આ

સ્વાદ ઠીક છે, એવી રાગની તીવ્રતામાં, રાગની તન્મયતામાં એને જ્ઞાનને ચૂકવાનું બને છે, જ્ઞાનને ભૂલવાનું બને છે.

મુમુક્ષુ :- અરીસામાં ચિતરામણ તો દેખાય છે. સર્વથા સાવ બ્લેન્ક છે એમ પણ નથી. ચિતરામણ તો છે ને ? જો ચિતરામણ નથી એમ કહેવામાં આવે તો તો અરીસાની સ્વચ્છતા ખોટી પડે. એમ અહીંયાં જો જ્ઞેય સર્વથા જણાતું જ નથી તો તો જ્ઞાન ખોટું પડે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન ખોટું પડે. એટલે જ્ઞેય સર્વથા જ્ઞાનમાં ન જણાય એવું બને નહિ. હવે છદ્મસ્થ જીવને શું છે કે એક કાળે એક જ્ઞેયને જાણે. એટલે જો એ ઉપયોગમાં જ્યારે પરજ્ઞેયનું ચિતરામણ છે ત્યારે સ્વજ્ઞેયનું ચિતરામણ નથી. અને જો ઉપયોગમાં સ્વજ્ઞેયનું ચિતરામણ છે ત્યારે પરજ્ઞેયનું ચિતરામણ રહેતું નથી.

મુમુક્ષુ :- છદ્મસ્થને ?

પૂજ્ય ભાઈશ્રી :- છદ્મસ્થને. એકસાથે બે પ્રતિબિંબ ન રહે. એકનું પ્રતિબિંબ પડે. એકનું પડે. અરીસામાં તમારો અને મારો બેયનો ફોટો એક જગ્યાએ ક્યાંથી પડે ? બાજુ બાજુમાં પડે. પણ ફોટા ઉપર ફોટો કેવી રીતે પડે ? આડો આવી જાય. તમારો જે ફોટો પડે છે ત્યાં મારો ફોટો લેવો હોય તો કાં મારે તમારી આગળ રહેવું પડે તો તમારી આડો હું આવું કાં મારા આડા તમે આવો. એકસાથે બે ફોટા તો ત્યાં ન પડે. એક જ પડે. બીજો તો પડે જ નહિ. એ તો વસ્તુસ્થિતિએ તો થતું જ નથી ને ? બનતું જ નથી. ઉપયોગમાં એક કાળે એક જ્ઞેય જણાય. એક કાળે બે જ્ઞેય જણાય એવું ઉપયોગમાં નથી બની શકતું.

મુમુક્ષુ :- એવું છે કે સ્વ-પર બેય સ્વાદ લેવા જાય તો બેય બગડે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો એ પરનો સ્વાદ લે છે. સ્વ છૂટી જાય છે. કાં સ્વનો સ્વાદ લે અને કાં પરનો આસ્વાદ લે. એકસાથે બેનો આસ્વાદ લે એવું બની શકતું નથી. પરનો આસ્વાદ આવવાનો નથી. એટલે અતૃપ્તિ છે એ તીવ્ર થયા કરે છે.

મુમુક્ષુ :- પ્રતિબિંબ થાય છે એટલે જાણે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે જાણે છે. એનું નામ જાણવું લીધું.

મુમુક્ષુ :- જાણે છે અને જણાય છે એમાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એક તો પોતાને જાણવાનો ઉપયોગ મૂકવાનો ભાવ ન હોય છતાં કોઈ જ્ઞેય જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય. એમ બને. એક (વાત). અને એક, પોતાને જાણવાના અભિપ્રાયથી ઉપયોગને મૂકે તો એને જાણવા ગયો એમ કહેવામાં આવે છે. એમ બે પ્રકારે જ્ઞાન પ્રવર્તે છે.

મુમુક્ષુ :- જણાય જાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. જણાય જાય છે ત્યાં એને જાણવાનો અભિપ્રાય ન હોય ત્યારે જણાય જાય છે એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- એમાં ફેર છે ?

પૂજ્ય ભાઈશ્રી : ફેર છે. બે ભાવમાં તો ફેર છે. પણ કોઈ વખત એકાર્થમાં એવી ભાષા વપરાય છે અને જુદાં જુદાં અર્થમાં પણ એ ભાષા વપરાય છે. તો ત્યાં કહેનારનું શું કહેવું છે એ આશયથી એનો અર્થ કરવો જોઈએ. કોઈ વખત તો બંને વાત એક અર્થમાં પણ વપરાય છે. જાણે છે અને જણાય જાય છે, બેય એક જ ગણીને બોલવામાં આવે છે, કોઈ વખતે જુદા જુદા ભાવમાં બોલવામાં આવે છે.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિ લ્યો તો જાણે છે. ...

પૂજ્ય ભાઈશ્રી :- જાણવાનો કર્તા થઈને જાણે છે. જાણવાનો અભિપ્રાય રાખીને જાણે છે. એવો પણ એક ભાવ બને છે કે હું આને જાણું... હું આને જાણું.. કુતૂહલથી.

મુમુક્ષુ :- એ રસ થઈ ગયો જાણવાનો.

પૂજ્ય ભાઈશ્રી :- પણ એક એવો જાણવાનો અભિપ્રાય હોય છે અને ઉપયોગ જાણવા જાય છે. અને એક જાણવાનો અભિપ્રાય નથી અને જણાય જાય છે. કેમકે એ તો એની સ્વચ્છતા છે. એટલે સામે જ્ઞેય છે એ જ્ઞાનમાં પ્રતિબિંબિત થઈ જાય છે.

મુમુક્ષુ :- ત્યાં ક્ષયોપશમનો...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં અનેક પ્રકાર છે. અધ્યાત્મનો એક પ્રકાર ત્યાં થોડો વિચારવા જેવો છે.

સાધકજીવને ચાલતા પરિણમનમાં રાગ જણાય જાય છે. રાગ જાણવાનો એનો અભિપ્રાય કે વજન કે હેતુ કે આશય નથી. એનો મુખ્ય હેતુ, મુખ્ય અભિપ્રાય તો સ્વરૂપને જાણવાનો છે. અને સ્વરૂપ

એના જ્ઞાનમાં સાધકને જણાય છે. એ સ્વરૂપને જાણતા તે તે કાળે ઉત્પન્ન થતો રાગ એને જણાય જાય છે. જણાય જાય છે. એમ છે.

મુમુક્ષુ :- ત્યાં રસ નથી એમ થયું ને ?

પૂજ્ય ભાઈશ્રી :- એને જાણવાનો રસ નથી. પણ તે કાળે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એવી જે વાત લીધી તો ત્યાં પ્રયોજન છે એટલું જ પ્રયોજન છે કે ત્યાં એ જણાય જાય છે. અને જણાય જાય છે ત્યારે મારા જ્ઞાનસ્વરૂપથી આ ભિન્ન છે એમ જણાય જાય છે. ભિન્ન હોવા છતાં એ કેટલી માત્રામાં છે ? કેટલા રસમાં છે ? કેટલી મર્યાદામાં છે ? એનો પણ એનો વિવેક પણ સાથે સાથે થઈ જાય છે. એનું નામ જણાય જાય છે. એમ એમાંથી ઘણાં પડખા આવે છે.

'**સ્વસંવેદનભાવ...**' કહો. એ શુદ્ધોપયોગને સ્વસંવેદનભાવ કહો અથવા '**વસ્તુમગ્નભાવ,...**' કહો. વસ્તુ એટલે ચૈતન્ય નિજ વસ્તુમાં મગ્નપણું, એકાગ્રપણું એવો ભાવ કહો. લીનતા ત્યાં વર્તે છે એમ કહેવું છે. નિજ સ્વરૂપમાં મગ્નતા અથવા લીનતા, નિમગ્ન પરિણામ થાય છે. ઉપયોગ ત્યાં સ્વરૂપમાં ડૂબી જાય છે તો એને વસ્તુમગ્નભાવ પણ કહેવામાં આવે છે. અથવા એને '**સ્વઆચરણ કહો**' પોતાના સ્વરૂપમાં સ્થિર થવાનું આચરણ કર્યું. જેવું સ્વરૂપ હતું એવું જ આચરણ પ્રગટ કર્યું એને સ્વઆચરણ પરિણામ પણ કહેવાય છે. સ્વઆચરણ કહો અથવા '**સ્થિરતા કહો**' સ્વરૂપની સ્થિરતા કહો, આચરણ કહો, સ્થિરતા કહો, મગ્નપણું કહો એ બધા ચારિત્રપ્રધાન શબ્દો છે. ચારિત્રને બતાવનારા શબ્દો છે. ચારિત્રગુણ એમાં શુદ્ધ થઈને પરિણમે છે એટલે એની મુખ્યતાથી પણ એને નામ દેવામાં આવે છે.

'**વિશ્રામ કહો**' ત્યાં અનાદિથી સંસાર પરિણામથી દુઃખી થયેલા જીવને, થાકી ગયેલા જીવને પહેલોવહેલો આરામ મળે છે. વિશ્રામ કહે છે ને ? બહુ ભટક્યો... બહુ ભટક્યો... બહુ ભટક્યો... હવે નિરાંતે બેઠો છે, એમ કહે છે. એમ ભાવથી ઉપયોગ ઘણો અનંત જ્ઞેયોમાં ભટક્યો, અનંત જ્ઞેયોમાં ફર્યો. હવે એ ઉપયોગ પોતાના સ્વરૂપમાં સમાઈ ગયો. એટલે ત્યાં એને વિશ્રામ મળે છે. આકુળતાનો થાક ત્યાં ઊતરી જાય છે. નિરાકુળભાવે પોતે પોતાના સ્વરૂપમાં સમાય જાય છે. એને વિશ્રામ કહો, આરામ કહો. એ વિશ્રામનું સ્થાન છે. પોતાનો આત્મા છે

એ એક જ વિશ્રામનું સ્થાન છે.

માણસ કહે છે ને કે દુનિયાનો છેડો ઘર. શું કહે છે ? પૃથ્વીનો છેડો ઘર. ઘરે આવે ત્યારે માણસને એમ થાય કે હાશ, હવે અહીંયાં આરામથી રહેશું. અહીંયાં આરામ છે એમ એને લાગે છે. એમ આ નિજઘર છે. આત્મા છે એ નિજઘર છે. જ્યારે ઉપયોગ એમાં વળીને જાય છે ત્યારે ખરેખર આત્માને વિશ્રામ મળે છે. ત્યાં સુધી એને દુઃખ, દુઃખ ને દુઃખ... બધી જગ્યાએ એને દુઃખ જ થાય છે. ક્યાંય એને સુખ થતું નથી.

એ '**વિશ્રામ કહો, સ્વસુખ કહો**' પોતાનું નિજ સુખ કહો. વિશ્રામ કહો અથવા સુખગુણથી લઈએ તો ત્યાં આત્માને નિરાકુળ સુખનું વેદન થાય છે. તેથી તેને સ્વસુખની દશા કહેવામાં આવે છે. શુદ્ધોપયોગ છે, નિર્વિકલ્પ દશા છે, સ્વાનુભવ છે એમાં આત્મિક સુખની ઉત્પત્તિ થાય છે. આત્માનું સુખ આત્મામાંથી ત્યાં મળે છે. એ સિવાય આત્માનું સુખ અનુભવ કરવાનો કોઈ પ્રકાર બીજો નથી.

સુખ આત્મામાં છે અને અનંત સુખ આત્મામાં છે. સુખ છે એટલું નહિ, અનંત સુખ આત્મામાં છે પણ એ માત્ર સ્વાનુભવ દશામાં જ અનુભવ થાય છે. એ સુખનો અનુભવ, સુખાનુભવ, સ્વાનુભવ દશા સિવાય ક્યાંય અનુભવમાં આવતો નથી. એટલે એને સ્વસુખ કહો અથવા '**ઇન્દ્રિયમનાતીત ભાવ**' કહો. ઇન્દ્રિયાતીત. અતીન્દ્રિય ભાવ કહો, મનાતીત ભાવ કહો, વિકલ્પાતીત ભાવ કહો, બધું એક જ છે. ઇન્દ્રિય અને મનથી પાર થયેલો ભાવ કહો. અતીત એટલે પાર થઈ ગયેલો. ઇન્દ્રિય અને મનના સંબંધે જે ભાવ થાય છે એ બધા નીચી કોટીના પરિણામ છે. ગમે તે પ્રકારનો શુભભાવ હોય તોપણ તે શુદ્ધ પરિણામ પાસે નીચી કોટીનું પરિણામ છે. અતીત-એથી પાર છે. શુદ્ધ પરિણામ છે એ તો એનાથી પાર છે. એટલે બેને એકબીજામાં મેળવી શકાય એવું નથી.

જે શુભભાવને ધર્મ માને છે તે શુદ્ધભાવને જાણતા નથી. અથવા જે શુભભાવનો અભિપ્રાય રાખીને શુદ્ધની મુખ્યતા કરવા માગે છે, તેણે શુભભાવ રહિત શુદ્ધાત્માને જાણ્યો નથી, ઓળખ્યો નથી. કેમકે બંનેની કોટીમાં એટલો મોટો ફેર છે કે એક મલિન છે અને એક શુદ્ધ છે, પવિત્ર

છે. મલિનતા અને પવિત્રતાની સરખામણી ન થાય. પવિત્રતા અને પવિત્રતાની સરખામણી થાય કે આ ઓછું પવિત્ર છે, આ પૂર્ણ પવિત્ર છે. પણ મલિનતા અને પવિત્રતાની સરખામણી ન થઈ શકે.

એ '**ઇન્દ્રિયમનાતીત ભાવ**' કહો. ઇન્દ્રિય અને મનથી પાર એવો ભાવ કહો. બંનેના રસ્તા જુદા છે. ઇન્દ્રિય મન સાથે જોડાયેલો આત્મપરિણામ, આત્માના પરિણામ એની દિશા ઊલટી છે, બહિર્મુખ છે અને આ જે સ્વાનુભવની દશા છે તે અંતર્મુખ દશા છે. એની દિશા અંતર્મુખની છે. આમ બે વચ્ચેની દિશામાં ઊલટો-સૂલટો જ ફેર છે. થોડોઘણો ફેર નથી. કોઈ એમ કહે કે આત્માનો વિચાર કરીએ અને આત્માનો અનુભવ કરીએ એમાં ખાસ ફેર નથી. બેયનો વિષય તો એક જ છે ને ? આ ભલે શુભભાવ તમે કહો, આને ભલે તમે શુદ્ધભાવ કહો. પણ બેયમાં વાત તો આત્માની જ છે ને ? બેયની વિષયવસ્તુ તો એક જ છે ને ? નહિ. બેયની વિષયવસ્તુ જુદી જુદી છે. એમ કહેવું છે. એકની દિશા અંતર્મુખ છે, એકની દિશા બહિર્મુખ છે. બે જુદી જુદી દિશામાં જાય છે. એક દિશામાં બે પરિણામ ચાલતા નથી.

'**ઇન્દ્રિયમનાતીતભાવ શુદ્ધપયોગસ્વરૂપમગ્ન...**' છે. ઓલામાં એકલું વસ્તુમગ્ન લીધું હતું. અહીંયાં શુદ્ધ ઉપયોગસ્વરૂપે મગ્ન છે. ઉપયોગસહિતની વાત છે આ. એકલી પરિણતિની વાત અહીંયાં નથી. નિર્વિકલ્પદશા સમ્યક્ત્વ ઊપજે છે એમ લીધું ને ? સ્વાનુભવ થતાં નિર્વિકલ્પ સમ્યક્ત્વ ઊપજે છે. પ્રથમ સ્વાનુભવમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ ત્યારે સાથે સાથે શુદ્ધ ઉપયોગ, સ્વરૂપમગ્ન પરિણામ થયા. આત્મામાં શુદ્ધોપયોગ પૂર્વકના મગ્ન પરિણામ થયા. શુદ્ધ ઉપયોગથી પોતે પોતામાં મગ્ન થયો. તેથી એને શુદ્ધ ઉપયોગસ્વરૂપ મગ્ન કહો.

'**વા નિશ્ચયભાવ...**' અથવા એને નિશ્ચયભાવ કહો. નિશ્ચયભાવ એટલે નિશ્ચયસ્વરૂપ છે તેવો જ ભાવ તેને નિશ્ચયભાવ કહેવામાં આવે છે. શુભ પરિણામને વ્યવહારભાવ કહેવામાં આવે છે અને આને નિશ્ચયભાવ કહેવામાં આવે છે. અહીંયાં નિશ્ચય સમ્યક્ત્વ પ્રગટ થયું, નિશ્ચય જ્ઞાન પ્રગટ થયું, નિશ્ચય ચારિત્ર પ્રગટ થયું. તેથી તેને નિશ્ચયભાવ કહેવામાં આવે છે. નિશ્ચયસ્વરૂપના આશ્રયે દર્શન-જ્ઞાન-ચારિત્રના તેવા જ પરિણામ થયા તેથી તેને નિશ્ચયભાવ કહેવામાં આવે છે.

**'નિશ્ચયભાવ સ્વરસસામ્યભાવ,...'** સ્વરસ જેમાં આત્મરસ છે. અને જે આત્મરસમાં કાંઈ વિષમતા નથી, વિષમપણું નથી. સામ્યપણું છે. આ ઠીક છે અને આ અઠીક છે એવી ઈષ્ટ-અનિષ્ટની રાગ-દ્વેષની દ્વૈતવાળી લાગણી જેમાં નથી. એકદમ સામ્ય પરિણામ છે. આ સામ્યવાદ લોકો લાવ્યા છે ને ? સરખું, સરખું. આ ખરો સામ્યવાદ છે. જ્યાં કોઈ ઠીક છે અને અઠીક છે એવો ભાવ જેમાં નથી તે સામ્યભાવ છે. સામ્યભાવ એટલે રાગ-દ્વેષ રહિત ભાવ, એવો ભાવ.

**'સ્વરસસામ્યભાવ,...'** પણ એમાં સ્વરસ છે, પાછો શૂન્ય નથી. સ્વરસ પોતાના આત્મરસ અનંત ગુણના રસ સહિત સામ્યપણું છે. સામ્યપણું છે એટલે કાંઈ નથી એમ નથી. શૂન્ય થઈ ગયો. આ શૂન્યમનસ્ક થાય છે ને ? ભાઈ ! કાંઈ વિચાર નથી આવતા. કાંઈ લાગણી ઉત્પન્ન થતી નથી. એવું શૂન્યમનસ્કપણું અહીંયાં નથી લેવું. પોતાના અનંત ગુણના રસનો ઊભરો જેમાં આવ્યો છે. ઉફાન-ઉફાન ઉભરો કહે છે ને. અનંત ગુણના રસનો ઉભરો આવ્યો છે જેમાં. એવા અનંત રસને ઉત્પન્ન કરનારો સામ્યભાવ છે. છતાં જેમાં ક્યાંય ઠીક-અઠીકપણાનો ભાવ નથી. એકદમ વીતરાગભાવ છે.

(સમયસાર) ૧૪૩માં પહેલા વાત લીધી. ૧૪૩ ગાથામાં આ વાત લે છે ત્યારે આ ભાવશ્રુતજ્ઞાનને 'અમૃતચંદ્રાચાર્ય મહારાજે' ટીકામાં કેવળજ્ઞાનના દૃષ્ટાંતે સમજાવ્યું છે. દૃષ્ટાંત આપ્યો કેવળજ્ઞાનનો અને સિદ્ધાંત સમજાવ્યો શ્રુતજ્ઞાનનો. ઠીક ! જેવું કેવળજ્ઞાન છે એવું આ શ્રુતજ્ઞાન છે. બોલ, હવે તારે શું કહેવું છે ?

મુમુક્ષુ :- થોડું સ્પષ્ટ કરો.

પૂજ્ય ભાઈશ્રી :- જેમ કેવળજ્ઞાની છે એ અનંત નયોને જાણે છે છતાં તે નયરૂપે પરિણમતા નથી. કોઈ નયપક્ષે પરિણમતા નથી. એમ આ વિકલ્પાતીત નિર્વિકલ્પ થયેલું ભાવશ્રુતજ્ઞાન (છે) એ પણ બધા નયોને જાણે છે છતાં કોઈ નયપક્ષને ગ્રહણ કરતું નથી. તેથી નિર્વિકલ્પ દશામાં જેવું કેવળજ્ઞાન નિર્વિકલ્પ છે એવું અહીંયાં ભાવશ્રુતજ્ઞાન પણ નિર્વિકલ્પ છે. એની જ જાતિનું છે, એના જ અંશ રૂપે છે. એમ ૧૪૩ ગાથામાં લઈ લીધું છે. 'મલાડ'માં આ વખતે ૧૪૩ ગાથા લીધી. ૧૪૨, ૧૪૩, ૧૪૪. જુઓ તો ખરા, બધું, આચાર્ય મહારાજ આ

નિર્વિકલ્પ શુદ્ધોપયોગી વીતરાગી દશાને વર્ણવવા માટે, સમજાવવા માટે કેવળજ્ઞાનનો તો દાખલો આપે છે. કેવળજ્ઞાનના દૃષ્ટાંતથી અહીંયાં એને સમજાવે છે. આટલી મહિમા કરી છે. અને ત્યાં એમ કહ્યું છે કે આ પરમાત્મા છે. ૧૪૩માં પરમાત્મા શબ્દ વાપર્યો છે.

મુમુક્ષુ :- બેયની જાતિ મનુષ્ય છે, ખાલી ગરીબ-શ્રીમંતનો જ ફેર છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઓછાવત્તાપણાનો ફેર છે. પણ બંને એક જ જાતિના છે. એક જ જાતિના છે.

**'જેવી રીતે કેવળી ભગવાન, વિશ્વના સાક્ષીપણાને લીધે, શ્રુતજ્ઞાનના અવયવભૂત એવા જે વ્યવહાર નિશ્ચયનયપક્ષો તેમના સ્વરૂપને કેવળ જાણે છે પરંતુ, નિરંતર પ્રકાશમાન, સહજ, વિમળ, સકળ કેવળજ્ઞાન વડે સદા પોતે જ વિજ્ઞાનઘન થયા હોઈને, શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાંતપણા વડે (અર્થાત્ શ્રુતજ્ઞાનની ભૂમિકાને ઓળંગી ગયા હોવાને લીધે) સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી, કોઈપણ નયપક્ષને ગ્રહતા નથી,...'** આ કેવળજ્ઞાનનો દાખલો આપ્યો. '**તેવી રીતે...**' હવે શ્રુતજ્ઞાનનો સિદ્ધાંત સમજાવે છે. '**તેવી રીતે જે (શ્રુતજ્ઞાની આત્મા), ક્ષયોપશમથી જેનું ઊપજવું થાય છે એવા જે શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો ઉત્પન્ન થતા હોવા છતાં...**' હજી એની દશામાં તો ઉત્પન્ન થાય છે. '**છતાં પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે,...**' તેમાં નિરસ પરિણામ થયા હોવાને લીધે. '**શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહાર-નિશ્ચયનયપક્ષના સ્વરૂપને જ કેવળ જાણે છે.**' જેમ કેવળજ્ઞાન જાણે છે એમ આ પણ કેવળ જાણે છે '**પરંતુ અતિ તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી ગ્રહવામાં આવેલા...**' હવે પોતાના આત્માને કેવી રીતે ગ્રહ્યો છે ? અતી તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી.

**'અતિ તીક્ષ્ણ જ્ઞાનષ્ટિથી ગ્રહવામાં આવેલા નિર્મળ, નિત્ય ઉદિત; ચિન્મય સમયથી પ્રતિબદ્ધપણા વડે...'** તેમાં ઉપયોગથી પ્રતિબદ્ધ થઈ ગયા છે. '**તે વખતે...**' ચૈતન્યમય આત્માના સ્વાનુભવ વખતે '**પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને,...**' ત્યાં શ્રુતજ્ઞાની પણ પોતે

જ વિજ્ઞાનઘન થયો હોઈને. '**શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્મજલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના અતિક્રાંતપણા વડે...**' ત્યાં શ્રુતજ્ઞાનની ભૂમિકાનું અતિક્રાંતપણું લીધું છે. અહીંયાં વિકલ્પની ભૂમિકાના '**અતિક્રાંતપણા વડે સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી, કોઈપણ નયપક્ષને તે ગ્રહતા નથી. તે (આત્મા) ખરેખર સમસ્ત વિકલ્પોથી અતિ પર,...**' છે. અતીત થઈ ગયા છે, પર થઈ ગયા છે.

'**સમસ્ત વિકલ્પોથી અતિ પર, પરમાત્મા, જ્ઞાનાત્મા, પ્રત્યગ્જ્યોતિ, આત્મખ્યાતિરૂપ, અનુભૂતિમાત્ર સમયસાર છે.**' આટલા શબ્દ લીધા છે. જેમ આમને પણ બીજા બીજા શબ્દો કહેવાનો ભાવ આવ્યો છે, એમ અહીંયાં આચાર્ય મહારાજને સ્વાનુભવની દશા થઈ ત્યારે આટલા વિશેષણ એમણે વાપર્યા કે તે પરમાત્મા છે. ઠીક ! હવે પરમાત્માને શું શું ન કરવું ?

મુમુક્ષુ :- આ તો 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- 'અમૃતચંદ્રાચાર્ય'નો ટીકામાં શબ્દ છે. '**स खलु निखिलविकल्पेभयः परतरः**' '**निखिल**' એટલે સમસ્ત. બધા વિકલ્પથી '**परतरः परमात्मा ज्ञानात्मा प्रत्यग्जयोतिरात्मख्यातिरूपोऽनुभूतिमात्र समयसारः**' આટલા શબ્દો લીધા છે. સંસ્કૃતમાં પરમાત્મા શબ્દ વાપર્યો છે.

મુમુક્ષુ :- આચાર્ય તો દિગંબર ધર્મના થાંભલા છે.

પૂજ્ય ભાઈશ્રી :- થાંભલા છે. આ આચાર્યોએ તો ધર્મ ટકાવી રાખ્યો છે. નહિતર પંચમકાળમાં આ ધર્મ હોત કે કેમ એ સવાલ છે. આવા સમર્થ આચાર્યો ન થયા હોત તો. ચોથું ગુણસ્થાન થયું તો એને પરમાત્માનું નામ આપ્યું.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી'એ કીધું છે ને...

પૂજ્ય ભાઈશ્રી :- પોતે જ છઠ્ઠા ગુણસ્થાને બેઠા છે. છઠ્ઠા ગુણસ્થાને આ લખે છે કે આ પરમાત્મા છે. ઠીક ! ગજબ વાત કરી છે !

મુમુક્ષુ :- ચોથા ગુણસ્થાનથી પરમાત્મા લીધા ને !

પૂજ્ય ભાઈશ્રી :- હા. અમારે એક વખત એવી ચર્ચા થઈ હતી. એક મુમુક્ષુભાઈ કહે કે તમે વ્યક્તિરાગ અને વ્યક્તિનો મહિમા કરો છો.

(એને કીધું), વ્યક્તિ છે કે પરમાત્મા છે ? આટલો સવાલ છે. જ્ઞાનીને વ્યક્તિ કહો, એ તો જગતમાં અનેક વ્યક્તિઓ છે એની સાથે બરાબર મૂક્યા તમે. જ્ઞાની તો પરમાત્મા છે. પછી પરમાત્મા ભક્તિને લાયક છે કે અલાયક છે એનો વિચાર કરવો રહ્યો.

મુમુક્ષુ :- શક્તિ અપેક્ષાએ તો બધાયને પરમાત્મા કીધા છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બધા પરમાત્મા છે. પણ કાંઈ નિગોદના જીવને કોઈ વંદન કરવા જાતું નથી. જ્યાં પવિત્રતા અને પરમાત્મપણું પ્રગટ થયું હોય, જ્યાં વ્યવહાર કરવાનો છે ત્યાં તો સમુચિત વ્યવહાર હોય છે. દશાને યોગ્ય વ્યવહાર હોય છે. દશા ન હોય અને વ્યવહાર થાય એવું તો બનતું નથી.

મુમુક્ષુ :- અજ્ઞાની પણ પોતાને પરમાત્મા નહિ માને ત્યાં સુધી...

પૂજ્ય ભાઈશ્રી :- એ પોતે ક્યાં પોતાને પરમાત્મસ્વરૂપ જ સ્વીકારે છે. એ પોતે જ ના પાડે છે કે હું પરમાત્મા નહિ. એમ કહે છે. આ મોટી ગડબડ છે.

મુમુક્ષુ :- પર્યાય પ્રગટ થઈ હોય અને પરમાત્મા માને એ તો એક...

પૂજ્ય ભાઈશ્રી :- સીધી સાદિ વાત છે.

૧૪૪માં પણ એ શબ્દ વાપર્યો છે ત્યાં એમણે. જ્યારે નિર્વિકલ્પ અનુભવ થયો ત્યારે **'અત્યંત વિકલ્પરહિત થઈને. તત્કાળ નિજરસથી જ પ્રગટ થતાં, આદિ-મધ્ય-અંત રહિત, અનાકુળ, કેવળ એક, આખા વિશ્વ ઉપર જાણે કે તરતો હોય તેમ અખંડ પ્રતિભાસમય, અનંત, વિજ્ઞાનઘન, પરમાત્મારૂપ 'સમયસાર'ને જ્યારે આત્મા અનુભવે છે તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે (અર્થાત્ શ્રદ્ધાય છે)...'** ત્યાં પણ પરમાત્મસ્વરૂપ અનુભવ છે. પોતાનો નિજ પરમાત્મસ્વરૂપે અનુભવ થયો એમ લેવું છે.

મુમુક્ષુ :- એ પોતાને પામર ન માને, પરમાત્મા માને.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ વાત છે. પણ અનુભવીને. અનુભવીને માને.

૧૪૩માં તો વિષય બહુ સ્પષ્ટ છે. ભાવાર્થમાં છેલ્લે 'જયચંદ્રજી' લખે છે. **'જ્યારે નયપક્ષને છોડીને વસ્તુસ્વરૂપને કેવળ જાણે જ ત્યારે**

**તે વખતે શ્રુતજ્ઞાની પણ કેવળીની માફક વીતરાગ જેવો જ હોય છે એમ જાણવું.**' ઠીક ! કેવળીની માફક વીતરાગ જેવો હોય છે. કેમકે ત્યારે એને રાગ-દ્વેષ કોઈ પ્રવર્તતા નથી.

મુમુક્ષુ :- શુદ્ધોપયોગ કાળે પરમાત્મા છે. જે વખતે બહાર નીકળે એ વખતે પરમાત્મા નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- પછી એ ઉપયોગ એનું સ્વરૂપ નથી. ૧૭૨ ગાથામાં એમ કહ્યું કે જે આ ઉપયોગ બહાર જાય છે એ અમારું સ્વરૂપ નહિ. રાગ તો અમારું સ્વરૂપ નહિ પણ ઉપયોગ બહાર જાય છે એ અમારું સ્વરૂપ નહિ, એમ કહે છે.

મુમુક્ષુ :- જ્ઞાનધારા ચાલે છે એટલું જ મારું સ્વરૂપ.

પૂજ્ય ભાઈશ્રી :- જેટલું સ્વરૂપનું વેદન છે એટલો જ હું. એથી બહાર જેટલું છે એ હું નહિ.

એક વખત રવિવારે 'ગુરુદેવશ્રી'ની સાથે 'પાલિતાણા' બપોરે જવાનું થયું હતું. પછી તળેટીમાં જઈને બેસે છે એમ તળેટીમાં જઈને બેઠા. દસ-પંદર મિનિટ બેસીને ઊભા થઈ જાય. ઊભા થતાં બોલ્યા. ઘોલન તો એ જ ચાલતું હોય. ૧૭૨મી ગાથાનો ૯મો બોલ છે કે આત્માના ઉપયોગને કોઈ હણી જઈ શકતું નથી. પણ આ ઉપયોગ તો બહાર જાય છે ને, પ્રભુ! પોતે ને પોતે કહે છે. તો કહે, એ ઉપયોગ બહાર જાય છે એ હું નહિ. પોતે ને પોતે (કહે છે). કોઈ પ્રશ્ન કર્યા વગર જ પોતે ચર્ચા શરૂ કરી હતી. એ ઉપયોગ બહાર જાય છે ને, પ્રભુ ! તો કહે, એ ઉપયોગ બહાર જાય છે એ હું નહિ. જાઓ. એ મારું સ્વરૂપ નહિ. ઉપયોગ બહાર જાય એવું આત્માનું સ્વરૂપ નથી, એમ કહે છે. એટલે એને જ્ઞાનના વિભાવમાં નાખી દીધું. ઉપયોગને કોણ હણી શકે ? હું તો ઉપયોગસ્વરૂપ આત્મા જ છું અને મારા વેદનથી સંપન્ન છું. બસ, એમાં તો કોઈનો હસ્તક્ષેપ થઈ શકે એ પરિસ્થિતિ નથી. આ જે ઉપરછલ્લો ઉપયોગ બહાર જાય છે એ આત્મા નહિ, એ અનાત્મા છે. એમ કહી દીધું. એ તો અનાત્મા છે, અનાત્મા, એને આત્મા કોણ કહે ?

મુમુક્ષુ :- લૌકિકમાં પણ ખાનદાન માણસ હેલફેલ બોલે તો તરત એનો મિત્ર કહે આ તું બોલે છો ? એ ન્યાય અહીંયાં લાગુ પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આ તું બોલે છે ? તું નથી બોલતો આ

કો'ક બીજો બોલે છે. ખરી વાત છે.

એને નિશ્ચયભાવ કહો. '**સ્વરસસામ્યભાવ,...**' કહો. પોતાના અનંત ગુણના ચૈતન્યરસથી સામ્યરૂપ, એકદમ વીતરાગભાવ રૂપ ભાવ છે તેને સામ્યભાવ કહેવામાં આવે છે. વિષમતા રહિત. વિષમતાના અભાવસ્વભાવે. એ સામ્યભાવ છે. અને એને જ '**સમાધિભાવ,...**' કહેવામાં આવે છે. જેમાં કોઈ આધિ, વ્યાધિ, ઉપાધિ નથી. પણ જે સમાધિસ્વરૂપ છે, રાગ-દ્વેષ રહિત સમાધાનસ્વરૂપ છે તે સમાધિભાવ છે, તે જ '**વીતરાગભાવ,...**' છે. રાગનો અભાવ થઈ ગયેલો ભાવ છે.

તે '**અદ્વૈતાવલંબીભાવ,...**' છે. જે સ્વરૂપમાં દ્વૈત નથી, બેપણું નથી, ભેદ નથી. પણ અનંત ગુણ છે ને ? તો કહે છે, એ અનંત ગુણ છે એ વાત અહીંયાં નથી. ઠીક ! આત્મામાં અનંત ગુણ ખરા કે નહિ ? એ અપેક્ષા અહીંયાં લેવી નહિ. સાતમી ગાથા એ જ લીધી છે ને ? 'સમયસાર'ની સાતમી ગાથા. આત્માને દર્શન-જ્ઞાન-ચારિત્ર વિદ્યમાન નથી. ઠીક ! આત્માને દર્શન-જ્ઞાન-ચારિત્ર વિદ્યમાન નથી. ગુણના ભેદનું શું ? કે ગુણનો ભેદ ઓળખવા માટે છે. અનુભવવા માટે એ કામની ચીજ નથી. વસ્તુતાએ વસ્તુ અભેદ છે એ અવલંબનનો વિષય છે. એટલે અદ્વૈતઅવલંબન શબ્દ અહીંયાં લીધો છે. એ વિશેષ લઈશું, હજી અહીં થોડા (બોલ બાકી છે)..

જ્ઞાનમાં સ્પષ્ટતા થાય, તે વિકલ્પનું કે સંતોષનું કારણ ન થવું જોઈએ, પરંતુ તે સ્પષ્ટતા સ્વરૂપની મહિમા અને મુખ્યતા થવામાં કારણભૂત થવી જોઈએ. નહિ તો સ્પષ્ટતાના બહાને પણ નુકસાન થશે.
(અનુભવસંજીવની - ૮૬૩)

**તા. ૨૭-૧-૧૯૮૭, પાના નં. ૫૩, પ્રવચન નં. ૧૦૭**

'અનુભવપ્રકાશ' પાનું-૫૩. ઉપરથી ચોથી લીટી. સ્વાનુભવ નિર્વિકલ્પ દશાના બીજા અનેક પ્રકારે (નામ આપી વર્ણન કર્યું છે). પ્રવૃત્તિનું સ્વયં બંધ થઈ જવું એને '**ચિત્તનિરોધ...**' કહે છે. ચિત્તમાં થતાં અનેક પ્રકારના સંકલ્પ-વિકલ્પ, તેનો સ્વયં અભાવ થવો એ '**ચિત્તનિરોધભાવ,...**' છે. નિર્વિકલ્પ દશા છે એમાં સંકલ્પ-વિકલ્પ હોતા નથી, મનની ચિત્તની પ્રવૃત્તિ હોતી નથી તેથી તેને ચિત્તનિરોધભાવ પણ કહે છે. '**નિજધર્મભાવ,...**' આ નિજધર્મભાવ કહો કે જિનધર્મભાવ કહો, બંને એક જ છે. ખરેખર જેને જૈનધર્મ કહેવામાં આવે છે એ સ્વાનુભૂતિની દશા છે. જિનશાસન એને કહ્યું ને ? સમસ્ત જિનશાસન કહ્યું. એ નિજ નામ આત્મા. આત્માના સ્વભાવધર્મનો પ્રગટ ભાવ, તેને નિજધર્મભાવ કહેવામાં આવે છે. અહીંયાં આત્મા પોતાના નિજધર્મમાં છે. સ્વાનુભવને છોડીને બીજા જે અન્ય પ્રકારના પરિણામ છે તે પરધર્મભાવ છે. અને નિજ સ્વરૂપના અવલંબનવાળો ભાવ, નિજ સ્વરૂપ જેવું છે તેવો જ સદૃશ્યભાવ તેને નિજધર્મભાવ કહે છે.

'**યથાસ્વાદરૂપભાવ,...**' જેવો સ્વભાવ છે તેવો જ જ્ઞાન, આનંદ, સુખ આદિ ગુણોનો અનુભવ થવો તેને તે ગુણોનો રસાસ્વાદ કહેવામાં આવે છે. આત્માને આનંદ થાય, શાંતિ થાય, સુખ થાય અંદરથી એવો આત્મા છે. સુખ, આનંદ, શાંતિસ્વરૂપ આત્મા છે. તેવો જ તેનો અનુભવ થવો તેને યથાસ્વાદરૂપભાવ કહેવામાં આવે છે. '**એ પ્રમાણે સ્વાનુભવના ઘણાં નામ છે,...**' આટલા નામ લીધા પણ ઘણા નામ છે. દ્રવ્યસંગ્રહમાં તો એના લગભગ ૬૦ આસપાસ નામ છે.

'**તોપણ એક 'સ્વસ્વાદરૂપ અનુભવદશા' એવું મુખ્ય નામ જાણવું.**' સ્વસ્વાદરૂપ પોતાના સ્વતત્ત્વના અનુભવરૂપ, સ્વાદરૂપ, આસ્વાદરૂપ અનુભવની દશા એ મુખ્ય નામ જાણવું. અથવા એ નામથી

એ દશામાં કેવો ભાવ હોય છે તે સ્પષ્ટ સમજાય છે. '**જે સમ્યગ્દષ્ટિ ચોથા (ગુણસ્થાન)નો છે...**' એટલે ચોથા ગુણસ્થાનવાળો છે. '**તેમને તો સ્વાનુભવનો કાળ લઘુ અન્તર્મુહૂર્ત સુધી રહે છે.**' એટલે અંતર્મુહૂર્તનો કોઈપણ ભાગ છે, કોઈપણ અંશ છે તેને અંતર્મુહૂર્ત કહેવામાં આવે છે. એમાં નાનામાં નાનો, મધ્યમ કક્ષાનો અને ઉત્કૃષ્ટ કક્ષાનો. તેવા જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ એવા ત્રણ પ્રકાર પાડવામાં આવે તો ચોથા ગુણસ્થાને સમ્યગ્દષ્ટિને નિર્વિકલ્પ સ્વાનુભવદશાનો કાળ લઘુ અંતર્મુહૂર્ત સુધીનો રહે છે. એટલે સેકન્ડથી પણ ઓછો છે. એટલે ક્ષણમાત્ર એમ કહેવામાં આવે છે.

જ્યારે શ્રેણી માંડે છે, સાતમા ગુણસ્થાનથી ઉપરના ગુણસ્થાને જાય છે અને કેવળજ્ઞાન મુક્તદશા પ્રગટ કરે છે ત્યારે છદ્મસ્થ દશામાં ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી એ સ્થિર રહે છે. તો ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી સ્વરૂપ અનુભવમાં જે સ્થિર રહે તેને કેવળજ્ઞાન પ્રગટ થાય. એને ચાર ઘાતિકર્મનો નાશ થાય. એના જ્ઞાનાવરણીનો નાશ થાય, દર્શનાવરણીનો નાશ થાય. ભાવે અને દ્રવ્યે બંને. અંતરાયનો નાશ થાય અને એને અનંતપુરુષાર્થ પ્રગટે. મોહનીનો પણ નાશ થાય. દર્શનમોહ તો ચોથે ગયો છે. ચારિત્રમોહનો પણ નાશ થાય.

અહીંયાં '**લઘુ અન્તર્મુહૂર્ત સુધી રહે છે. (ફરી) (તેને) તે (સ્વાનુભવ) ઘણા કાળ પછી થાય છે.**' પછી ચોથા ગુણસ્થાને ફરીને નિર્વિકલ્પ સ્વાનુભવ દશામાં આવવાનો કાળ ઘણો છે. લાંબો કાળ છે. અને એ કેટલો લાંબો એનો કોઈ નિયમ નથી. ઉપલબ્ધ શાસ્ત્રમાં એની મર્યાદાનો કોઈ નિયમ જોવામાં આવતો નથી. બીજા કોઈ શાસ્ત્રમાં હોય, જે અત્યારે ઉપલબ્ધ નથી તો એનો કોઈ ખ્યાલ આવે એવું નથી. પણ ચોથા ગુણસ્થાનવાળા જીવોને પણ સરખો અંતરાળ હોય એટલે સરખા લાંબા કાળે અનુભવ આવે એવું પણ નથી.

જેની પરિણતિ વધારે મજબુત છે, ઉગ્ર છે તેને સ્વાનુભવ વારંવાર થવાનો, ઉપયોગ શુદ્ધ થવાનો, ઉપયોગ અંતર્મુખ થવાનો, નિર્વિકલ્પ ઉપયોગ થવાનો કાળ ઓછો હોય છે. જેને વિશેષ વિકલ્પો છે અને જેની પરિણતિ મંદ છે તેને સ્વાનુભવ ઘણા લાંબા કાળે આવે છે. તેનો કોઈ નિયમ પ્રસિદ્ધપણે જાણી શકાય એવું સાધન નથી. '**તે**

**(સ્વાનુભવ) ઘણા કાળ પછી થાય છે. તેનાથી...**' એટલે ચોથા ગુણસ્થાનથી. ચોથા ગુણસ્થાનની સરખામણીમાં '**(અવિરત સમ્યગ્દષ્ટિના કાળથી) દેશવ્રતીનો સ્વાનુભવ રહેવાનો કાળ વધુ છે, અને તે સ્વાનુભવ થોડા જ કાળ પછી થાય છે.**' પાંચમા ગુણસ્થાને. દેશવ્રતી એટલે પાંચમું ગુણસ્થાન. પાંચમા ગુણસ્થાને શુદ્ધોપયોગ થાય એનો સમય પણ વધારે હોય છે. ચોથા ગુણસ્થાનવાળાનો સમય હોય તેના કરતા સમય વધારે હોય છે. ઉપયોગને સ્થિર રહેવાનો કાળ પણ વધારે અને ફરીને સ્વાનુભવ થવાનો કાળ ચોથા કરતા પાંચમાવાળાને એટલો લાંબો નથી. જેટલો ચોથાવાળાને હોય છે એટલો લાંબો પાંચમાવાળાને હોતો નથી. તે પણ કેટલો હોય છે એનું પ્રમાણ પણ ક્યાંય મળતું નથી.

'**અને તે સ્વાનુભવ થોડા જ કાળ પછી થાય છે.**' કોના કરતા ? અવિરત સમ્યગ્દષ્ટિ કરતા દેશવ્રતીને સ્વાનુભવ રહેવાનો કાળ પણ વધુ અને સ્વાનુભવ થોડા જ કાળ પછી થાય છે, ચોથા ગુણસ્થાનવાળા કરતા. '**સર્વવિરતિનો...**' એટલે મુનિદશાનો. '**સ્વાનુભવ દીર્ઘ અન્તર્મુહૂર્ત સુધી રહે છે.**' તેનો સ્વાનુભવ વિશેષ કાળ રહે છે. કોઈનો ઓછો રહે એ જુદી વાત છે પણ કોઈનો વિશેષ પણ રહે છે. ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત રહે બે ઘડી પર્યંત તો કેવળજ્ઞાનને પ્રાપ્ત થાય, અરિહંત દશામાં આવે.

'**સર્વવિરતિનો સ્વાનુભવ દીર્ઘ અન્તર્મુહૂર્ત સુધી રહે છે. ધ્યાનથી પણ થાય છે તથા ઘણા થોડા થોડા કાળ પછી સ્વાનુભવ સાતમા ગુણસ્થાનમાં વારંવાર થયા જ કરે છે.**' શું કહે છે ? સાતમા ગુણસ્થાનની અંદર વારંવાર સ્વાનુભવ થાય છે. ધ્યાનમાં બેસે તોપણ થાય છે, ધ્યાનમાં ન બેસે તોપણ થાય છે. વારંવાર થયા જ કરે છે. આપો આપ થયા કરે છે.

મુમુક્ષુ :- સાતમું તો ધ્યાનનું છે ને.

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો એ જ લીધું ને. સર્વવિરતિમાં લીધું ને. એ સાતમું ધ્યાનનું છે. જ્યારે નિર્વિકલ્પ દશામાં આવે છે ત્યારે એનું સાતમું ગુણસ્થાન છે. સવિકલ્પ દશામાં આવે છે ત્યારે છઠ્ઠું ગુણસ્થાન

છે. પણ બંને ગુણસ્થાનોમાં સર્વવિરતિપણું છે. એટલે સર્વવિરતીને.. એમ કરીને લીધું. '**સર્વવિરતિનો સ્વાનુભવ દીર્ઘ અન્તર્મુહૂર્ત સુધી રહે છે.**' ઘણો કાળ સુધી રહે છે.

સામાન્ય રીતે ધ્યાનમાં હોય ત્યારે એ કાળ વધારે લંબાય છે. અન્ય પ્રવૃત્તિના કાળમાં એટલો લાંબો હોતો નથી. ત્યાં દીર્ઘ અંતર્મુહૂર્ત નથી હોતો. ત્યાં જઘન્ય અંતર્મુહૂર્ત હોય છે. જેમ કે પ્રવચન આપે, આહાર કરે, ચાલે, ગમન કરે એવી અન્ય પ્રવૃત્તિમાં હોય ત્યારે પણ એમનો ઉપયોગ વારંવાર સ્વરૂપમાં લીન થાય છે. ત્યારે દીર્ઘ અંતર્મુહૂર્ત સુધી નથી રહેતો. પણ ધ્યાનસ્થ અવસ્થામાં રહે. કલાકો સુધી, દિવસો સુધી ધ્યાનસ્થ અવસ્થામાં રહે ત્યારે દીર્ઘ અંતર્મુહૂર્ત સુધી પણ એમને સ્વરૂપસ્થિરતા રહે છે, રહી શકે છે એટલી વાત છે.

મુમુક્ષુ :- દેશવિરતી કોને કહેવાય ?

પૂજ્ય ભાઈશ્રી :- દેશવિરતી એટલે પંચમ ગુણસ્થાન. પંચમ ગુણસ્થાનમાં અગિયાર પ્રતિમા છે. એટલે અગિયાર પ્રકારે સ્વરૂપસ્થિરતાના પગથિયા છે, અધ્યાત્મથી લઈએ તો અને આગમથી લઈએ તો એને અગિયાર પ્રકારે વિકલ્પો બંધ થાય છે. નિમિત્તથી લઈએ તો અગિયાર પ્રકારે એને બહારમાં અગિયાર પ્રકારના ત્યાગનો પ્રકાર વર્તે છે. બાહ્ય ત્યાગનો પ્રકાર વર્તે છે. ત્યાગી થાય છે. એવા એના પાંચમા ગુણસ્થાનના અગિયાર ભેદ છે. પણ બધા દેશવિરતી જ કહેવાય. પહેલી પડિમા હોય એ દેશવિરતી કહેવાય, પાંચ-છ પડિમાધારી એટલે જઘન્ય પંચમ ગુણસ્થાનવર્તી પણ દેશવિરતી કહેવાય. મધ્યમ કક્ષાનો દેશવિરતી પણ દેશવિરતી કહેવાય અને ઉત્કૃષ્ટ અગિયારમી, દશમી-અગિયારમી પડિમા હોય. ક્ષુલ્લક અને ઈલ્લક થાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી : હા. વિરતીનો અર્થ જ વ્રત. વિરતીનો અર્થ જ વ્રત. એટલે કહ્યું ને કે વિકલ્પમાં વ્રત છે. અધ્યાત્મમાં સ્વરૂપસ્થિરતા છે અને બહારમાં નિમિત્તમાં વ્રત અનુસાર ત્યાગ છે. ત્રણ પ્રકારે ગુણસ્થાન સમજવું. એકલો કોઈ વ્રત લે માટે એને પાંચમું ગુણસ્થાન છે એમ નથી. ક્ષુલ્લક થઈ જાય, ઈલ્લક થઈ જાય માટે એને દશમી, અગિયારમી પ્રતિમા આવી એવું કાંઈ નથી. અંદરમાં તદ્અનુસાર સ્વરૂપસ્થિરતા હોય, એટલો

વિકલ્પ સહજ ઉત્પન્ન થવાનો બંધ થાય અને બહારમાં જે વિકલ્પો નથી એ પદાર્થોનું ગ્રહણ પણ ન હોય એને. કારણ કે ગ્રહણ તો વિકલ્પ હોય એને થાય છે. ન હોય એને ગ્રહણ થતું નથી.

મુમુક્ષુ :- વ્રત, પચ્ચખાણ માત્રથી કાંઈ પાંચમું ગુણસ્થાન આવતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. વ્રત-પચ્ચખાણમાત્રથી પાંચમું નથી અને દીક્ષા લેવાથી છઠ્ઠું નથી કે સાતમું નથી. એમ છે.

મુમુક્ષુ :- સ્વરૂપસ્થિરતા થાય તો.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- સ્વરૂપસ્થિરતા મૂળ સ્થિતિ છૂટી ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપસ્થિરતા છૂટી ગઈ અને એ વિષયનું જ્ઞાન, સમજણ, બધું છૂટી ગયું. એ બધું છૂટી ગયું. સાપ ગયા અને લિસોટા રહ્યા. એના જેવું થઈ ગયું. એટલે શું કે દીક્ષા લે તો મુનિ. આ ક્ષુલ્લક-ઉલ્લક થાય એટલે દેશવિરતી થઈ ગયા. એ કાંઈ ખરેખર વસ્તુ નથી.

'ગુરુદેવ' દૃષ્ટાંત આપતા હતા કે જંગલમાં પહેલા તો પગપાળા મુસાફરી કરતા ને ? તો ઠંડીના દિવસોમાં, શિયાળામાં કેટલાક માણસો મુસાફરીએ નીકળ્યા. ઠંડી વધારે હતી. બહાર જંગલમાં તો ઠંડી વધારે લાગે. તો એમ થયું કે આમ ને એમ ચાલતા રહેશું તો ઠંડી બહુ લાગશે. એટલે તાપણું કરીને થોડીવાર તાપીએ. એટલે થોડા લાકડા ભેગા કર્યા, દીવાસળી મૂકીને તાપણું સરખું કરીને તાપવા બેઠા. ઝાડ ઉપર એક વાંદરો હતો. એણે જોયું કે આ લોકોએ તાપણું કર્યું અને ગરમી થઈ. આને ઠંડી વાતી નથી. આપણે આવું કાંઈક કરીએ. એટલે એણે લાકડા ભેગા કર્યા. હવે એ દિવાસળી ક્યાંથી કાઢે ? તો ઓલા આગિયા જે જીવડા આગિયા હોય છે ને ? એ ઉડતા હતા એને પકડી પકડીને લાકડામાં નાખે. અગ્નિ પેટાવાની મહેનત કરે. એનાથી અગ્નિ પેટા નહિ ને એની ટાઢ ઊડે નહિ. એમ એણે નકલ કરી. લાકડા ભેગા કર્યા અને આગિયા ભેગા કર્યા.

એમ કોઈ ત્યાગ કરી નાખે, વ્રત લઈ લે અને ત્યાગ કરી નાખે એટલે આત્માની શાંતિ મળે એવું બનતું નથી. આત્માની શાંતિ અંદર

અધ્યાત્મ પરિણામમાં આવવાથી ઉત્પન્ન થાય છે, સ્વરૂપસ્થિરતામાં ઉત્પન્ન થાય છે. એ શાંતિ વધતા અનેક પ્રકારના બાહ્ય વિકલ્પો સહેજે ઉત્પન્ન થતા બંધ થઈ જાય છે ત્યારે તેને બુદ્ધિપૂર્વક તેનું ગ્રહણ હતું એ બુદ્ધિપૂર્વક એને છોડવાનો વિકલ્પ આવે છે. અને એ છોડવાનો વિકલ્પ આવ્યા પછી બુદ્ધિપૂર્વક ફરીને એનો વિકલ્પ એને આવતો નથી. જેને એ પ્રકારે બાહ્ય ત્યાગ નથી તે બાહ્ય પદાર્થને છોડે છે. પણ બાહ્ય પદાર્થનો રસ એને છૂટ્યો નહિ હોવાથી ચૈતન્યરસ ઉત્પન્ન થયો નથી અને જડ પદાર્થનો રસ મટ્યો નથી એટલે એને વિકલ્પ રહ્યા કરે છે. પણ એ દમન કરે છે પછી એ વિકલ્પને દબાવે છે. એ માર્ગ નથી. દમન કરવું તે માર્ગ નથી. સમ્યક્ પ્રકારે ઉપશમન કરવું તે માર્ગ છે. આ તો સમજી શકાય એવો વિષય છે.

મોડર્ન ફિલોસોફીમાં ઘણા એ વાત લઈ જાય છે કે આ બધા ધર્મના ક્ષેત્રોમાં બધું દમન છે, એ પાંચ ઇન્દ્રિયોના વિષયોનું દમન નહિ થવું જોઈએ. એ બરાબર વાત નથી. કેમકે બુદ્ધિથી, ન્યાયથી સમજાય એવો વિષય છે કે કોઈ વાત પરાણે કરવાથી એ કાર્યની સિદ્ધિ કેમ થાય ? કોઈ પરાણે કરવાનો આ વિષય નથી. ભાવનાથી કરવાનો જો વિષય હોય તો એને એટલી શુદ્ધિ હોવી જોઈએ. અને અશુદ્ધિ મટે અને શુદ્ધિ થાય તો એને તે તે પ્રકારના બાહ્ય પદાર્થોનો ત્યાગ યથાર્થપણે થયો એમ કહી શકાય. નહિતર રસ રહી જાય અને બાહ્ય ત્યાગ કરીને બેસે એટલે અંદરની હાલત બગડે એની. એણે પરિણામને દબાવવા પડે, હઠ કરવી પડે. એ હઠ કરવાનો આ વિષય નથી. હઠ કરવાનો આ માર્ગ નથી. ઘણા એવા હઠીલી પ્રકૃતિવાળા હોય છે. હઠથી કરી શકતા હોય, જુઓ અમે આ કરી દેખાડ્યું. પણ કરી દેખાડવાનો પ્રશ્ન નથી આ. પરિણામને શાંત રાખવાનો વિષય છે. હઠ છે એ પરિણામની અશાંતિનો પ્રકાર છે. હઠ છે એ પરિણામની શાંતિનો પ્રકાર નથી. એમ છે ખરેખર તો.

મુમુક્ષુ :- મુનિ નિર્વિકલ્પ ધ્યાનમાંથી બહાર આવે પછી શુભઉપયોગનો કાળ ડબલ હોય, જે વખતે ધ્યાનમાં નથી આહાર આદિમાં છે તો શુદ્ધઉપયોગનો કાળ પણ...

પૂજ્ય ભાઈશ્રી :- સામાન્ય રીતે શુભ ઉપયોગનો કાળ ડબલ હોય છે, બમણો હોય છે. શુદ્ધઉપયોગ કરતા મુનિદશામાં શુભઉપયોગનો

કાળ બમણો હોય છે. તો ધ્યાનસ્થ અવસ્થાની અંદર એકલું સાતમું ગુણસ્થાન નથી રહેતું. છઠ્ઠામાં પણ આવે છે અને સાતમામાં પણ આવે છે. છઠ્ઠામાં આવે છે, સાતમામાં આવે છે. ત્યાં પણ ઝુલતી જ દશા છે. પણ કોઈવાર વિશેષ સ્થિરતા પણ આવી જાય. ધ્યાનની અંદર થોડું દીર્ઘ અંતર્મુહૂર્ત સુધી પણ લંબાઈ શકે છે, સ્વરૂપસ્થિરતા રહી શકે છે. એટલી દશા ત્યાં કેળવાયેલી છે. એટલી વાત છે. પણ એના કોઈ પરિમાણ મળતા નથી.

એક 'ધવલ' શાસ્ત્રની અંદર આટલું પરિમાણ મળે છે કે છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનનો પરિમાણ કાળ એવો છે કે એક તૃત્યાંશ કાળ, એનો સરવાળો કરીએ તો, કોઈ એક-બે તબક્કા નહિ પકડી સરવાળો કરીએ તો છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં એક જીવ ત્રણ વર્ષ રહ્યો. એક મુનિ છે. ત્રણ વર્ષ સુધી મુનિદશામાં રહ્યા. તો એના છઠ્ઠા ગુણસ્થાન અને સાતમા ગુણસ્થાનના સમયના સરવાળા કરવામાં આવે તો એનો એક તૃત્યાંશ કાળ એનો, એક વરસ એનો નિર્વિકલ્પ દશામાં ગયો અને બે વર્ષ એના સવિકલ્પ દશામાં ગયા. આટલું પરિમાણ મળે છે. પણ કોઈ ઘણો કાળ સુધી સવિકલ્પમાં રહે, પછી ક્યારેક નિર્વિકલ્પમાં આવે. એવું બને તો આ સરવાળો ભેગો થાય એવો નથી. એટલે વારંવાર આવે છે એમ કહેવાય. વારંવાર એ સવિકલ્પ દશામાં, નિર્વિકલ્પ દશામાં આવે છે. એટલી વાત છે.

મુમુક્ષુ :- અસમ્યક્ પ્રકારે ત્યાગ થવાથી અનેક જાતની સૂક્ષ્મ અને સ્થૂળ વિકૃતિ પેદા થઈ જવાનું બને.

પૂજ્ય ભાઈશ્રી :- સંભવ ખરો. કોઈ મંદ કષાયી હોય તો ન થાય. કોઈ જીવો સહેજે જ કષાયની મંદતાના પ્રકૃતિવાળા હોય છે. જેમ કોઈ વ્યવહારની અંદર પણ ઉગ્ર પ્રકૃતિવાળા હોય અને કોઈ શાંત પ્રકૃતિવાળા હોય એવું બને કે ન બને ? એમ કોઈ જીવો એટલા શાંત પ્રકૃતિવાળા હોય છે કે એને બહારમાં વિકૃતિ તો ક્યારે તીવ્રપણે વધી જાય છે? કે કષાય તીવ્ર થાય તો. પણ સહેજે કષાયની મંદતા રહેતી હોય તો નવમી ગ્રૈવેયક સુધી એના ફળમાં જાય. તીવ્ર કષાય ન થાય તો મંદ કષાયના ફળમાં ઉત્કૃષ્ટ પુણ્યબંધ કરીને નવમી ગ્રૈવેયક સુધી જાય. એટલે તે ભવમાં વિકૃતિ બહાર આવી જ જાય એવું નથી. એવો સિદ્ધાંત ન

લેવાય. પ્રાયઃ એવું થવાની સંભાવના છે. ઘણા જીવોને એવું થઈ જાય. કેમકે કષાય મંદવાળા પરિણામ બહુ કો'ક જીવ જવલ્લે જ જોવામાં આવે છે. તીવ્ર કષાયવાળા જીવો વિશેષ હોય છે. એટલે એ વિકૃતિમાં આવી જાય છે, સ્થૂળ વિકૃતિમાં આવી જાય. અનેક પ્રકારના બીજા દોષમાં એ આવી જાય.

મુમુક્ષુ :- એટલે ખોટો રસ્તો પકડવાથી ભૂલ કેમ પ્રગટ થાય એમ કહેવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- ખોટો રસ્તો પકડવાથી જરાય લાભ થતો નથી. કદાચ કષાય મંદ રહે અને નવમી ગ્રૈવેયક સુધી જાય તોપણ અનંત સંસારમાં ભમે એવા પરિણામ એના થાય. ત્યાં દેવલોકમાં રસ વધી જાય.

જેના પરિણામ કષાયના અભાવસ્વભાવ, દોષના અભાવસ્વભાવ, નિર્દોષ સ્વભાવમાં લાગતા નથી ત્યાં એનું શ્રદ્ધાન નથી, ત્યાં એનો અભિપ્રાય અને જ્ઞાન નથી, એ જીવને પૂર્વ કર્મ અનુસાર સંયોગો મળતા, સંયોગી દૃષ્ટિ હોવાને કારણે, સંયોગી દૃષ્ટિ હોવાને લીધે સંયોગ અનુસાર એને રસ ચડી જ જાય છે. અનુકૂળતામાં અનુકૂળતાનો અને પ્રતિકુળતામાં પ્રતિકુળતાનો. સામાન્ય તો આમ જ બને છે. અને તેથી તે નવા કર્મને બાંધે છે.

એટલે કોઈ એમ વિચારે કે અમે એકલું પુણ્ય જ બાંધ્યા કરીએ અને પુણ્યના ફળને જ ભોગવ્યા કરીએ તો એ વાત અસંભવિત છે. પુણ્ય બાંધે પણ જ્યારે ભોગવે ત્યારે પાપની ઉત્પત્તિ થાય. એટલે દિવસ પછી રાત અને રાત પછી દિવસ આવે, એમ પુણ્ય પછી પાપ અને પાપ પછી પુણ્યના પરિણામ આવ્યા વિના રહે નહિ. કષાયનો સ્વભાવ એવો છે, તાવ જેવો. બધી વખતે એ જુદી જુદી ડિગ્રીમાં જ જોવા મળે છે. એક ડિગ્રીમાં કોઈના પરિણામ રહે એ વસ્તુના સ્વરૂપમાં નથી, વસ્તુસ્થિતિ નથી. આ તો વિજ્ઞાન છે ને ? વસ્તુવિજ્ઞાન છે આ તો. એ કોઈ દિવસ બનતું નથી. નિગોદના જીવને પણ બનતું નથી. કોઈપણ સંસારી જીવને એ બની શકતું નથી કે એકસરખા પરિણામ રહે. એની વધઘટ-વધઘટ કષાયની થયા જ કરે છે. પોતાના અનુભવથી કોઈપણ સમજી શકે એવો આ વિષય છે. પોતાના પરિણામની તપાસ

કરે તો એ સમજી શકે એવો વિષય છે.

મુમુક્ષુ :- વ્યવહારાભાસ કરતાં નિશ્ચયાભાસમાં નિશ્ચય પકડવાનો ચાન્સ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- આભાસમાંથી પકડવાનો ચાન્સ ક્યાંથી મળે ? આભાસ છે એ સ્વયં વિકૃતિ છે. એ વિકૃતિના ભેદ બે છે. પણ વિકૃતિ એ વિકૃતિ છે. એ સ્વભાવથી વિરુદ્ધ છે એનું નામ વિકૃતિ છે. પછી પ્રકાર ગમે તે હો. એથી આ પ્રકાર સારો છે, વિકૃતિનો આ પ્રકાર સારો છે, એ વાત વિકૃતિને નહિ છોડવામાં જશે. એ અભિપ્રાય જ વિકૃતિની પક્કડમાં રહેવાનો છે. એ કદિ આવી ન શકે. આ વિકૃતિ નિશ્ચયાભાસની વિકૃતિ સારી છે એને નિશ્ચયાભાસ કદિ ન છૂટે. અભિપ્રાયની ભૂલ ઊભી થાય છે.

એ તો લોકો એમ કહે છે કે પણ પાપ કરતા તો પુણ્ય સારું કે નહિ ? નિશ્ચયાભાસમાં શું થાય છે કે તીવ્ર કષાય થાય તો ખબર ન પડે એને. કેમકે પર્યાયને ખોટી રીતે ગૌણ કરે છે. તો એને તીવ્ર કષાય થાય તો ખબર ન પડે. એ અધોગતિમાં જાય. નિશ્ચયાભાસી જીવ અધોગતિમાં જલ્દી જાય. વ્યવહારાભાસી જલ્દી ન જાય. કેમકે એને તો વ્યવહારની પક્કડ ઘણી છે, એને કષાયની મંદતાની ઘણી પક્કડ છે. એટલે તીવ્ર કષાયમાં એ જવા ઇચ્છતો જ નથી. મંદ કષાયમાં રહેવા માગે છે. તેની દુર્ગતિ એટલી જલ્દી ન થાય.

મુમુક્ષુ :- વ્યહારભાસીની ?

પૂજ્ય ભાઈશ્રી : હા.વ્યવહારભાસીની. પણ તત્ત્વદૃષ્ટિએ તો પુણ્ય અને પાપમાં શા માટે વિશેષતા ન લીધી ? નહિતર તો એમ તો કહે ને કે, પાપ કરતા તો પુણ્ય સારું ને. આ તો કોમન સેન્સનો વિષય છે. આ કોમન સેન્સથી થોડી આગળની વાત છે. જ્યારે પુણ્ય અને પાપને એક સ્તરમાં મૂકે છે ત્યારે બંનેને વિકૃતિ સમજીને મૂકે છે. એમાં જો પુણ્ય સારું એમ લેવા જાય તો એ કદિ સ્વભાવમાં ન આવી શકે. કેમકે એ વિકૃતિ છે. એ કોઈ દિવસ સ્વભાવ જ ન પકડી શકે. તો એ ચિર કાળ સંસારમાં ભમે. એમ લીધું છે. 'પંચાસ્તિકાય'ની ૧૭૨ ગાથા. પંચાચારને પાળે છે કર્મચેતનાપ્રધાનપણે. જ્ઞાનચેતનાનો ત્યાં અભાવ છે અને દેવલોકમાં જઈને ઘણા લાંબા કાળ સુધી સંસાર પરિભ્રમણ કરશે

અને દુઃખ ભોગવશે. દેવલોકમાં પણ બળબળતા અંગારા જેવું દુઃખ ભોગવશે. ત્યાં તો સુખ છે મજાનું, લહેર છે. અહીં કરતા તો ઘણી અનુકૂળતા અને સગવડતાઓ છે. અહીં તો અત્યારે કોઈને એકસરખું ઠેકાણું હોય જ નહિ.

જેને આત્મા ઉપર દૃષ્ટિ ગઈ એને પુણ્ય અને પાપ, અનુકૂળતા અને પ્રતિકૂળતા એ બધા ઉપરની દૃષ્ટિ ગઈ. આત્મા ઉપર દૃષ્ટિવાળો જીવ પ્રતિકૂળતાથી ડરતો નથી. એ સમજે છે કે તીર્થંકરને પણ ઉદય છે. જેણે અનંતવીર્ય પ્રગટ કર્યું એને પણ હજી ચાર અઘાતિનો ભોગવટો ઊભો છે. એમને સિદ્ધાલયમાં મોડું જાવું છે ? સિદ્ધ મોડું થાવું છે ? 'સીમંધર' ભગવાનને એક કરોડ પૂર્વ જેટલા વર્ષો છે એ અરિહંતદશામાં જાશે. એમને મોડું સિદ્ધાલયમાં એટલું જાવું છે અને અહીંયાં કાંઈ વધારે ઠીક પડે છે ? પણ એ ભોગવ્યે છૂટકો છે. તો બીજા સામાન્ય સંસારીજીવોને તો ઉદય ભોગવવામાંથી એ ન ઇચ્છે તો શું કામમાં આવે ? એની ઇચ્છા શું કામમાં આવે ? પણ એના ઉપરની દૃષ્ટિ મૂંઝવે છે. ઉદય ગમે તે હોય એની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. પણ એના ઉપરની દૃષ્ટિ મૂંઝવે છે કે આ મને છે. એ એની મુંઝવણનો વિષય છે. એમ છે ખરેખર.

મુમુક્ષુ :- અનુકૂળતામાં શાંતિ અને સુખ જોવે છે, મૂળ તો આકુળતા છે...

પૂજ્ય ભાઈશ્રી :- અનાકુળતા તો સ્વભાવના આશ્રયે છે. સ્વભાવ અનાકુળ છે. એની શાંતિ પણ સ્વભાવના આશ્રયે અનાકુળ છે. આકુળતામાં તો આકુળતા જ છે. પછી થોડી હો કે વધારે હો. રોગ નાનો હો કે રોગ મોટો હો, રોગ તો રોગ છે.

**'તે જ પરિણામ કે જે પૂર્વે સ્વાનુભવરૂપ થયા હતા તે તો સ્વાનુભવરૂપ રહ્યા...'** તે જ પરિણામ કે જે પૂર્વે સ્વાનુભવરૂપ થયા હતા તે તો સ્વાનુભવરૂપ રહ્યા **'પણ ત્યાંથી (તે પરિણામ) મુખ્યરૂપે કર્મધારાથી નીળી નીકળી, સ્વરસસ્વાદ-રૂપ-અનુભવરૂપ થઈ થઈને વધતા ચાલે છે.'** શું કહે છે ? કે **'તે જ પરિણામ કે જે પૂર્વે સ્વાનુભવરૂપ થયા હતા તે તો સ્વાનુભવરૂપ રહ્યા...'** હવે શું છે કે મોક્ષમાર્ગમાં પણ સ્વાનુભવરૂપ જે દશા છે એ તો સ્વાનુભવની દશા છે.

બે જાતની દશા છે. પણ મુખ્યરૂપે કર્મધારાથી નીકળી.. ... બાહ્ય પરિણામ જેટલા છે એ સમસ્ત પ્રકાર કર્મધારામાં જાય છે. તેમાંથી નીકળી નીકળીને વધતા વધતા અનુભવરૂપ થાય છે. અનુભવની દશા વધતી જાય છે અને શુભાશુભ પરિણામની સ્થિતિ ઘટતી જાય છે.

'શ્રીમદ્જી'એ અપૂર્વ અવસરમાં લીધું છે ને ? કે જિન આજ્ઞા અનુસાર મન-વચન-કાયાની પ્રવૃત્તિ છે. મુનિદશામાં જિન આજ્ઞા અનુસાર (પ્રવૃત્તિ છે). એટલે વ્યવહાર તોડવાની ક્યાંય વાત નથી પાછી. જુઓ ! આ દેશકાળ આવો છે માટે આ પ્રમાણે પ્રવૃત્તિ રાખીએ, આવો સિદ્ધાંત ગોઠવીએ, આ ચલાવીએ. એવું નથી. જિન આજ્ઞા અનુસાર મન-વચન-કાયાની પ્રવૃત્તિ હોય તોપણ મુનિદશામાં તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતિ સ્થિતિમાં. પ્રત્યેક ક્ષણે સાધના, આરાધના એની અંદરમાં ચાલુ હોવાથી એને આત્મભાવ, અનુભવભાવ, સ્વરસાસ્વાદભાવ વધતો જાય છે અને આ પ્રવૃત્તિ અને આ પરિણામ એના ઘટતા જાય છે. 'અંતે થાય નિજ સ્વરૂપમાં લીન.' પરિપૂર્ણ રીતે સ્વરૂપલીનતા થાય ત્યારે બહારમાં કોઈપણ પ્રવૃત્તિ રહેતી નથી.

અરિહંત ભગવાનને પંચ મહાવ્રતની પ્રવૃત્તિ હોતી નથી. અરિહંત ભગવાનને અઠ્યાવીશ મૂળગુણની કોઈ પ્રવૃત્તિ હોતી નથી. અઠ્યાવીશ મૂળગુણની પ્રવૃત્તિ નથી માટે આહાર લેવા, ન લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એક વખત ઊભા ઊભા આહાર લેવો. વધુમાં વધુ એની મર્યાદા. ઉણોદરી પ્રમાણે, પૂરું પેટ ભરીને નહિ. એ અઠ્યાવીશ મૂળગુણની પ્રવૃત્તિમાં જાય છે. એ અઠ્યાવીશ મૂળગુણમાં આવે છે આ. પેટ ભરીને ખાય તો મૂળગુણ તૂટે. ઊભા ઊભા આહાર લે એને તો અમસ્તું પેટ ભરાય નહિ. આ એનો નિયમ છે. ટ્રાય કરી જોજો. ઊભા ઊભા આહાર લે અને તે જ આહાર બેઠા બેઠા લે અને તે જ આહાર ઊભા ઊભા લ્યે એમાં પ્રમાણમાં ફેર પડ્યા વિના રહે નહિ. એ અઠ્યાવીશ મૂળગુણમાં (આવે છે). બેય વાત અઠ્યાવીશ મૂળગુણમાં છે. એક વખત આહાર તે પણ મૂળગુણમાં છે અને ઊભા ઊભા આહાર કરવો તે પણ મૂળગુણમાં છે. આહાર-પાણી બેય એક જ વખત.

મુમુક્ષુ :- અરિહંતને હોય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- અરિહંતને તો અઠ્યાવીશ મૂળગુણ નથી પછી

પ્રવૃત્તિનો પ્રશ્ન ક્યાં રહ્યો ? આહાર ન લેવા-દેવાનો પ્રશ્ન નથી. મૂળગુણ ન તૂટે. મૂળગુણ તૂટે તો મુનિદશા તૂટે. ઉત્તરગુણ તૂટે. જે અતિચાર છે એ ઉત્તરગુણમાં છે. એ મુનિદશાના ચોરાશી લાખ ઉત્તરગુણ છે. કેટલા ? ચોરાશી લાખ ઉત્તરગુણ છે એના. મૂળગુણ અઠ્યાવીશ છે, ઉત્તરગુણ ચોરાશી લાખ છે. એમાં ગમે તે થાય. પણ ઈ દોષ એ દોષ છે. એમાં કાંઈ ગુણ નથી. એમાં કાંઈ જેટલો થાય એટલો દોષ જ છે.

મુમુક્ષુ :- ઉત્તરગુણ એટલે શું ?

પૂજ્ય ભાઈશ્રી :- ઉત્તરગુણ એટલે પેટાપ્રવૃત્તિ. પેટા ભૂલ જેને કહેવામાં આવે છે. મૂળની ભૂલ નથી, પેટાની ભૂલ છે. દોષ છે એ મૂળ દોષ નથી. પેટાનો દોષ છે.

મુમુક્ષુ :- પેટામાંથી મૂળમાં વયો જાય કે નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :- ના. જાય તો ખલાસ. મુનિદશા વઈ જાય, મુનિદશા તૂટી જાય. એના અનુભવમાં ફેર પડી જાય. ચોથે ગુણસ્થાને આવી જાય. ચોથે ગુણસ્થાને આવી જાય. પોતે જો સ્વભાવિક દશામાં ન રહે તો અસ્વભાવિક દશામાં આવી જાય. ચોથે ગુણસ્થાને રહી જાય.

જેમકે મુનિને અંતર્મુહૂર્તથી ઓછી નિંદ્રા છે. એ મૂળગુણમાં છે. પછી દિવસે નિંદ્રા ન હોય એ મૂળગુણમાં છે. મુનિ દિવસે નિંદ્રા ન કરે. આ જેમ અત્યારે ખાઈને બપોરે આરામ કરી લે છે એ મુનિદશામાં ન હોય. અત્યારે તો આ સાધુ લોકો પણ.. કહેવાય છે જે સાધુ એ બપોરે આરામ કરી લે છે. એ મુનિદશામાં ન હોય. રાત્રે પણ મધ્યરાત્રીમાં. પાછું એમ આઠ વાગ્યામાં, નવ વાગ્યામાં નહિ. મધ્યરાત્રીમાં અંતર્મુહૂર્તથી ઓછી નિંદ્રા હોય છે.

મુમુક્ષુ :- એ અઠ્યાવીશ મૂળગુણમાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા. અઠ્યાવીશ મુળગુણમાં છે. એટલી અંદરમાં આત્મજાગૃતિ છે. એટલી સ્વરૂપની સાધના, આરાધના સતત ચાલે છે. જગતની પ્રવૃત્તિ નથી તોપણ રાત્રે.. આખો દિવસ તો પ્રવૃત્તિ નથી પણ રાત્રે નિંદ્રાની પ્રવૃત્તિ નથી. એટલી સતત આરાધના કેવળજ્ઞાન લેવા માટે હોય છે. ત્યારે એ ભગવાન થાય છે. અરિહંત ભગવાન એમ ને એમ થતા નથી. એમ લેવું.

મુમુક્ષુ :- ખોરાક ઓછો...

પૂજ્ય ભાઈશ્રી :- હા, ખોરાક તો ઓછો થઈ જ જાય. જેને ખોરાકમાં રસ નથી એને ખોરાક કેવી રીતે વધારે હોય ? વધારે કોણ ખોરાક હોય છે ? જીભ ઉપર જેને કંટ્રોલ નથી.

મુમુક્ષુ :- આકરું લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- આકરું તો.. બહુ રસ લઈ લીધો છે ને એટલે આકરું લાગે છે. નહિતર એવું કાંઈ આકરું નથી. એવું કાંઈ આકરું છે નહિ. પણ પોતે પહેલા તીવ્ર રસ લીધો હોય તો એને જરા કઠણ પડે. છતાં જ્ઞાન એવી ચીજ છે. જ્ઞાન એક એવું બળવાન પરિણામ છે, જ્ઞાનમાં એટલી શક્તિ છે કે ગમે તેવા વિભાવ પરિણામમાં જીવ ચાલ્યો ગયો હોય તો ત્યાંથી પાછો વળી શકે છે. એ વિભાવ પરિણામને તોડવાની શક્તિ આત્મામાં છે-જ્ઞાનમાં છે. એટલે કાંઈ એવું નથી કે ન જ તૂટે. લોકો એમ કહે કે પ્રાણ ને પ્રકૃતિ સાથે જાય. ખોટી વાત છે. પ્રાણ પહેલા પ્રકૃતિ જઈ શકે છે. એ જ્ઞાનથી જાય છે, સમજણથી જાય છે. સાચો ઉપાય કરે તો બરાબર તૂટી શકે છે.

**'એ પ્રમાણે ત્યાંથી અનુભવદશાના પરિણામ વધી વધીને પલટતા જાય છે.'** પરિણામ તો પરિણામ છે પણ પરિણામ પલટતા જાય છે. અનુભવ છે એ વધતો ચાલે છે અને શુભાશુભ કર્મના પરિણામ છે એ ઘટતા ચાલે છે. મુનિદશામાં તો પછી અશુભ કર્મ તો છે નહિ, શુભ પરિણામ નથી. શુભ પરિણામ પણ ઘટતું જાય છે. એનો શુભ બંધ પણ ઘટતો જાય છે અને સરવાળે અબંધ મોક્ષદશાને એ પ્રાપ્ત થાય છે. **'એ પ્રમાણે ત્યાંથી અનુભવદશાના પરિણામ વધી વધીને પલટતા જાય છે. તે ક્ષીણ મોહ ગુણસ્થાનના અંત સુધી જાણવું.'** બારમું ગુણસ્થાન. ક્ષીણમોહ બારમું ગુણસ્થાન છે. જ્યાં મોહ ક્ષય પામે છે, નાશ થઈ જાય છે. મૂળમાંથી સદંતર નાશ પામે છે એવું જે ક્ષીણમોહ નામનું બારમું ગુણસ્થાને છે તેના અંતે સર્વ પ્રકારના કર્મ પરિણામ ખલાસ થઈ ગયા. એકલું અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતસુખ, અનંતવીર્ય તેરમું ગુણસ્થાન પ્રગટ થઈ ગયું. બારમા ગુણસ્થાનનો અંત અને તેરમા ગુણસ્થાનની શરૂઆત-ઉત્પાદ એક સમયમાં છે. જે સમયે બારમા ગુણસ્થાનનો વ્યય થાય તે જ સમયે તેરમું ગુણસ્થાન શરૂ થાય.

મુમુક્ષુ :- મોક્ષ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. મોક્ષ ... એમ જાણવું.

'**હે ભવ્ય !**' જુઓ ! કેવું સંબોધન કર્યું છે ! આત્માની વાત સાંભળવા આવ્યો છે ને ! તો એને એ કહે છે કે તું આત્માને પામવા લાયક છો. તને આ વાત સાંભળવી ગમે છે. '**હે ભવ્ય ! તું એક વાત સાંભળ. અમે એકવાર વળી ફરી કહીએ છીએ.**' આ વાત પાછી ફરીને કહીએ છીએ, તું સાંભળ. '**આ જે સ્વાનુભવદશા છે એ સ્વસમયરૂપ સુખ છે, શાંતિ-વિશ્રામ છે,...**' આ જગતમાં પરિભ્રમણ કરતો જીવ, જન્મ-મરણ કરતો જીવ એને અહીંયાં જ વિશ્રામ છે, શાંતિ છે. આ સિવાય એને ક્યાંય શાંતિ ને વિશ્રામ થાય કે તૃપ્તિ થાય એવું બની શકતું નથી. ચાહે ગમે તેટલી બહારમાં પુણ્યોદયની અનુકુળતા અને સગવડતા હોય, ઊલટાનો એમાં રસ લેતા અશાંતિ વધે છે, શાંતિ ગુમાવે છે. શાંતિ કોઈ રીતે બહારમાંથી આવી શકે એવું નથી. એટલે ફરીને તને એકવાર કહીએ છીએ કે આ જે આત્માનુભવની દશા છે, સ્વાનુભવ એટલે આત્માનુભવની દશા છે એ સ્વસમયરૂપ છે અથવા સ્વરસમયરૂપ છે. બેય પાઠાન્તર મળે છે. સ્વસમય એટલે નિજ આત્મારૂપ છે અથવા નિજઆત્મરસરૂપ છે. એ આત્માના રસ-શક્તિરૂપ છે, સ્વભાવરૂપ છે. એમાં શાંતિ છે, એમાં વિશ્રામ છે.

એ '**સ્થિરરૂપ છે,...**' અચંચળ દશા છે. સ્થિર શાંત દશા છે અંદરની. એમાં '**નિજકલ્યાણ છે,...**' એમાં આત્માનું ભલું છે. દુઃખદાવાનળમાંથી છૂટે છે. જગતના દુઃખના દાવાનળમાંથી છૂટે છે. શરીરની પરાધીનતામાંથી છૂટે છે અને બીજા સંયોગોની પરાધીનતામાંથી પણ છૂટે છે અને વિભાવની પરાધીનતામાંથી પણ એ છૂટે છે. એવા '**નિજકલ્યાણ છે, ચેન છે,...**' જીવને ચેન પડે છે એમાં. બાકી ક્યાંય જીવને ચેન પડે એવી સ્થિતિ નથી. એમાંય અત્યારની જે રહેણીકરણી અને દેશકાળ છે એમાં તો માનસિક અશાંતિ વિશેષ રહે અને વિશેષ થાય એ જ બધો પ્રકાર ચાલે છે. કોઈને માનસિક શાંતિવાળો એક જીવ ગોતવો હોય તો, એક માણસ ગોતવો હોય તો મુશ્કેલ પડે એવું છે. એક માણસ ગોતવો હોય તો. ભલે લાખો, કરોડો, અબજોની વસ્તી રહી. ઓલી કોર તો ક્યાંય છે જ નહિ.

મુમુક્ષુ :- એમાં વળી આ કરવું.

પૂજ્ય ભાઈશ્રી :- શાંતિ જોઈતી હોય તો કરવું. ચેનથી જીવવું હોય, શાંતિથી જીવવું હોય તો કરવું. કોઈના માટે તો કરવું નથી. પોતાના માટે કરવું છે કે કોઈના માટે કરવું છે ? પાશ્ચાત્ય દેશોની સ્થિતિ તો ખુલ્લી થઈ ગઈ છે. જોકે અહીંના આપણા કરતા એ બધા ધનાઢ્ય દેશો કહેવાય છે, તોપણ ત્યાંની માનસિક અશાંતિની પરિસ્થિતિ આજે બહુ સ્પષ્ટ છે અને ખુલ્લી છે. એ તો કોઈ સાબિત કરવાનો જવાનો પણ વિષય નથી. એથી એ સાબિત થયું કે બહારની સંયોગોની અનુકૂળતા અને ધનાઢ્યપણું એ સુખનું કારણ નથી પણ એનો રસ દુઃખનું કારણ છે. એ દુઃખનું કારણ નથી એનો-જીવનો રસ દુઃખનું કારણ છે એ વાત સાબિત થઈ ચુકેલી વાત છે.

મુમુક્ષુ :- 'સોગાનીજી'એ કીધું ને 'કલકત્તા'માં હું એક જ સુખી છું.

પૂજ્ય ભાઈશ્રી :- હું એક જ સુખી છું. હું એટલે હું એક જ સુખી છું એમ કહ્યું.

મુમુક્ષુ :- આટલી વસ્તી છે.

પૂજ્ય ભાઈશ્રી :- સીત્તેર લાખની આબાદીમાં હું એક જ સુખી છું એમ કહ્યું. એ વખતે સીત્તેર લાખની હતી, અત્યારે તો એકાદ કરોડ જેટલી 'કલકત્તા'ની વસ્તી છે. પણ એ અંદરની શાંતિનો વિષય છે. એમણે જોયું, દુનિયા સામું જોયું તો આ બધા ઘોડાગાડીમાં, મોટરમાં, એરોપ્લેનમાં જે દોડાદોડી કરે છે એ બધા પ્રગટ દુઃખી જોવામાં આવે છે. કોઈને ક્યાંય શાંતિ અને ચેન નથી. ઉપાધિ... ઉપાધિ... ઉપાધિ... ઉપાધિ... ઉપાધિ... ઉપાધિના ઘેરાવામાં ઘેરાઈને ડૂબી ગયો અને દટાઈ ગયો છે. આ જીવોની પરિસ્થિતિ જોઈને એમ કહ્યું કે મને જ સુખ છે. જે અંદરથી આવે છે. બહારમાં તો ત્યારે ધંધાનું ઠેકાણું નહોતું. જ્યારે એ ગયા ત્યારે તો આર્થિક પરિસ્થિત ઘણી સાંકડી હતી અને એ 'કલકતા' આર્થિક પ્રયોજન અર્થે ગયા હતા. પણ અંદરમાં સુખી હતા.

મુમુક્ષુ :- બહારનો અંદરનો ફરક શું ?

પૂજ્ય ભાઈશ્રી :- બહારમાં હજી રહેવાની રૂમ લેવાની પરિસ્થિતિ નહોતી. સેનિટોરિયમમાં રહેતા હતા. ધર્મશાળામાં રહેતા હતા. એવી રીતે એમણે ઘણો સમય વ્યતીત કર્યો છે. પણ સુખી હતા. સમજાવું

મુશ્કેલ પડે એવી વાત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. અંદરમાં અનુભવ પ્રગટ થયો હતો એટલે સુખી હતા. અંદરથી શાંતિ પ્રગટ કરી હતી. સુખ પ્રગટ કર્યું હતું એનું સુખ હતું. વાસ્તવિક સુખી હતા. અંદરથી અનંત સુખનો પિંડ આત્મા છે એના ઉપર પરિણામની, શ્રદ્ધા-જ્ઞાનના પરિણામની પક્કડ હતી. પહેલા જ પત્રમાં એ વાત આવી છે. ૧૯૪૬ની સાલનો પત્ર છે. 'જબ પરિણતિ અનંત સુખ કે પિંડ કે સાથ રહતી હૈ ફિર ચિંતા કાહેકી ?' પછી ચિંતા શેની ? એ આત્મા નિશ્ચિંત થઈ જાય છે. એને કોઈ ચિંતા નથી. એને કોઈ ચિંતાનો વિષય આ જગતને વિષે રહેતો નથી. બહુ મોટી વાત છે.

કોઈ ડોક્ટર મળે અને એમ કહે કે આ ગોળી ખાવ અને તમારી બધી ચિંતા મટી જાય તો એ ગોળીના કેટલા પૈસા આપે ? કેટલા આપે ? માગો એટલા. જો કાયમી ચિંતા મટતી હોય તો તમે કહો એટલા. અત્યારે તો આ કેન્સર-બેન્સર થાય છે તો ઘણા ધુતી જાય છે. એક પડીકીના પાંચ હજાર લાગશે. આની અંદર હીરાની ભસ્મ છે. પાંચ હજારની એક પડીકી. તો દઈ દે છે લોકો. દસ-દસ હજાર દે છે, પચ્ચીસ-પચ્ચીસ હજાર દે છે. વીસ-વીસ, પચ્ચીસ-પચ્ચીસ હજાર એક પડીકીના આપે છે. કાંઈ મટતું-ફટતું નથી. પણ એક ડૂબતો જેમ તણખલાને પકડે એમ એ પકડે છે કે આ પચ્ચીસ હજાર લે છે ત્યારે કાંઈક હશે ત્યારે લે છે ને. અને ઘડીક એને ઠીક પણ લાગે જરાક. ગરમ ગરમ લાગ્યા કરે. દવા એવી જલદ હોય તો, ઔષધિ જલદ હોય તો જરાક ગરમી લાગે. એને એમ થાય કે ના, કાંઈક ચમત્કાર થાય છે પણ એનાથી કાંઈ રોગ મટે નહિ.

**'આ સ્વાનુભવદશા સ્વસમયરૂપ સુખ છે, શાંતિ-વિશ્રામ છે, સ્થિરરૂપ છે, નિજકલ્યાણ છે, ચેન છે, તૃપ્તિરૂપ છે.'** એ સિવાય જીવને ક્યાંય તૃપ્તિ નથી. લાખ ખાવા-પીવાના ઠેકાણા હોય, સાધન હોય પણ ક્યાંય એને તૃપ્તિ થાય એવું નથી. કેમકે પરપદાર્થ આવીને આત્માને વિષે મળતો નથી અને આત્મા પરપદાર્થને સ્પર્શી શકતો નથી, જઈ શકતો નથી. છતાં એ માને કે મેં આ ખાધું-પીધું કે મને આ મળ્યું. તો મળતું

નથી એટલે અતૃપ્તિ (ઊભી રહે છે). વાસ્તવિકપણે કાંઈ મળતું નથી એટલે અતૃપ્તિની સ્થિતિ ઊભી રહે છે. અને પેલી ભ્રમણા થાય છે એમાંથી જ અતૃપ્તિ ઊભી થાય છે.

સ્વાનુભવદશા તો તૃપ્તિરૂપ છે. '**સમભાવ છે,...**' એમાં કોઈ વિષમભાવ નથી, કોઈ દુઃખભાવ નથી. એકલો સામ્યભાવ છે. જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ છે. '**મુખ્ય મોક્ષરાહ છે,...**' મુખ્ય મોક્ષનો પંથ આ છે. સ્વાનુભવદશા એ એક જ મોક્ષનો માર્ગ છે. બીજો કોઈ મોક્ષનો માર્ગ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. સંપ્રદાય અપેક્ષાએ જૈનધર્મ જેને કહે છે એ આ સ્વાનુભવદશા છે મૂળ તો. પણ એ જૈનોને આજે ખબર નથી. કે આ સ્વાનુભવદશા શું વળી ? એને તો ગ્રીક-લેટિન જેવું લાગે. સ્વાનુભવદશા વળી શું કહેવાતું હશે ? અમે તો કાંઈ સાંભળ્યું નથી. કેમકે સંપ્રદાયમાં જે ત્યાગી થયા, વિદ્વાનો થયા, સાધુઓ થયા એ આ વિષયથી દૂર રહી ગયા. એને જાણપણું ન રહ્યું. અનુભવ તો ન રહ્યો પણ જાણપણું પણ ન રહ્યું. એવી કંગાળ પરિસ્થિતિ શાસનની ઊભી થઈ ગઈ. એમાં વળી 'ગુરુદેવ'નો ઉદય થયો. આ વિષય એકદમ હાથમાં લીધો એમણે. આ એક જ વિષય હાથમાં લીધો.

'**મુખ્ય મોક્ષરાહ છે, એવી છે,...**' એવી એ સ્વાનુભવ દશા છે. '**વળી આ સમ્યક્ સવિકલ્પ દશા, જો કે અહીં ઉપયોગ નિર્મલ છે તો પણ અહીં ચારિત્રપરિણામ પરાલંબી, અશુદ્ધ, ચંચળ હોવાથી સવિકલ્પદશા દુઃખ છે, તૃષ્ણાએ કરી ચંચળ છે, પુણ્યપાપરૂપ કલાપ (સમૂહ) છે, ઉદ્વેગતા છે, અસંતોષરૂપ છે, એવા એવા વિલાપરૂપ છે.**' શું કહેવું છે ? કે સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાન, પાંચમા ગુણસ્થાન, છઠ્ઠા ગુણસ્થાનમાં સવિકલ્પ સમ્યક્ દશા છે. મોક્ષમાર્ગ છે પણ સાથે સવિકલ્પપણું છે. કેમકે નિર્વિકલ્પ તો ક્યારેક ક્યારેક આવે છે એ કહી દીધું ગુણસ્થાન અનુસાર. તે સવિકલ્પ સમ્યક્ દશામાં જોકે અહીંયાં જ્ઞાન નિર્મળ છે, ઉપયોગ નિર્મળ છે. એનું શ્રદ્ધા જ્ઞાન તો નિર્મળ થઈ ગયા છે પણ ત્યાં ચારિત્રની નિર્મળતા નથી.

એટલે '**ઉપયોગ અહીં નિર્મળ છે તોપણ અહીં ચારિત્રપરિણામ પરાવલંબી,...**' છે. મલિન છે, રાગ થાય છે. ચોથા-પાંચમા ગુણસ્થાને અશુભરાગ પણ થાય છે અને છઠ્ઠા ગુણસ્થાને શુભરાગ થાય છે.

ચોથા-પાંચમામાં અશુભ ઓછો છે, શુભ ઘણો છે. પણ શુભાશુભ બંનેનું અસ્તિત્વ છે. તો તે ચારિત્ર પરિણામ પરાવલંબી છે. પરપદાર્થને અવલંબે છે. તે ચારિત્ર પરિણામમાં અશુદ્ધિ છે, રાગ છે. પછી પાપ હોય કે પુણ્ય હોય, બંને અશુદ્ધ છે. ચંચળ છે. એમાં એક નિમિત્તથી બીજા નિમિત્ત ઉપર પરિણામ જાય છે, એક પદાર્થ ઉપરથી બીજા પદાર્થ ઉપર પરિણામ ભમે છે. એવી ચંચળતા છે. તેથી એ સવિકલ્પ દશા પોતે દુઃખ છે.

શું કહ્યું અહીંયાં ? કે આટલું દુઃખ તો અહીંયાં મોક્ષમાર્ગમાં ધર્મીજીવને-ધર્માત્માને પણ જેટલો રાગ છે એટલું દુઃખ થાય છે. એટલી આકુળતા એને પણ છે એમ લેવું છે. એ તો આખું પ્રકરણ લેશે. એ વિષય ઉપર એક જુદું જ પ્રકરણ એમણે લખ્યું છે. બંને દશા કેવી હોય એ વિષય ઉપર એમણે 'મિશ્ર ધર્મ અધિકાર' એમ કરીને લખ્યું છે.

મુમુક્ષુ :- પાનું-૭૨.

પૂજ્ય ભાઈશ્રી :- ૭૨ પાને છે. '**હવે મિશ્રધર્મ અધિકાર કહેવામાં આવે છે.**' એ આગળ આખું પ્રકરણ છે. પણ અહીંયાં એ વિષયનો એટલો ઉલ્લેખ છે કે ચારિત્ર પરિણામમાં દુઃખ છે. ધર્મી જીવને શાંતિ પ્રગટ થઈ છે, સુખ પ્રગટ થયું છે. પણ અનંત સુખ જે અરિહંત દશામાં પ્રગટ થાય એવું પ્રગટ થયું નથી. એટલે અંશે સુખ છે અને અંશે દુઃખ છે. જે સમ્યગ્દૃષ્ટિ નથી થયા તે એકાંત દુઃખી છે. એને સુખનું નામનિશાન નથી. કોઈ સુખી નથી એ તો કહ્યું ને ? જગતમાં માનસિક સુખ કોઈને ગોતવું મુશ્કેલ પડે. આત્મિક સુખ તો મિથ્યાદૃષ્ટિને છે જ નહિ. પણ માનસિક સુખવાળા પણ ઓછા મળે. અને સમ્યગ્દૃષ્ટિને થોડું સુખ પ્રગટ્યું, થોડું દુઃખ રહ્યું. એમ મિશ્ર પરિણામ રહ્યા. અને અરિહંતદશામાં એકાંતે સુખ છે. ત્યાં દુઃખનું નામનિશાન નથી. પરિપૂર્ણ સુખ વર્તે છે. અનંત સુખ ત્યાં ઉત્પન્ન થયું છે એ અરિહંતદશામાં.

નીચે ચોથા ગુણસ્થાનથી પાંચમા ગુણસ્થાને સુખ-શાંતિ વધે છે, દુઃખ ઘટે છે. એથી છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં સુખ-શાંતિ વધે છે અને દુઃખ ઘટે છે. લોકો એમ કહે છે કે મુનિ થાય એને તો બહુ સહન કરવું પડે. એને તો દુઃખ વધી જતું હશે કે નહિ ? વધે છે દુઃખ મુનિદશામાં ? કેમ ? બધી સગવડતા આપણને મળે એવી ઊની ઊની રોટલી કાંઈ

તાવડી ઉપરથી ઉતરીને સીધી ભાણામાં-ઉટકેલ થાળીમાં આવે એવી કાંઈ મળે ત્યાં ? કે ભલે એ ગમે તે પરિસ્થિતિમાં છે, અંદરની શાંતિ વધારે છે. જે સ્થિતિમાં છે એ સ્થિતિમાં અંદરની શાંતિ ઘણી વધી જાય છે. ત્યારે એને બાહ્ય પદાર્થોની અપેક્ષા છૂટી છે. અપેક્ષા છૂટી છે એટલી આકુળતા છૂટી છે. એ એની બાહ્યત્યાગ દશા છે, એની શાંતિને બતાવનારી દશા છે. ખરેખર તો એની શાંતિને વ્યક્ત કરનારી એ દશા છે. લોકો પોતાની દૃષ્ટિથી માપે તો એને એમ કહે કે આને સગવડતા નથી એટલે એ દુઃખી છે. અને દુઃખી છે એને આપણે મદદ કરવી જોઈએ. આહાર-પાણી દેવા જોઈએ. દયા ખાય છે. સાચી વાત હશે ?

શું કર્યું કે આ લોકો સામે ચાલીને આહાર એવી રીતે લે તો યાચના જેવું લાગે. મુનિ એવી રીતે આહાર લે નહિ. નવધા ભક્તિપૂર્વક એને આમંત્રણ આપે તો એ આહાર લે. નહિતર મુનિ આહાર લે નહિ. પરિસ્થિતિ આખી જુદી છે. કેમકે મુનિરાજ (છે). વંદે ચક્રી. જેને ચક્રવર્તી નમન કરે, વંદન કરે, ગણધર જેને વંદન કરે છે. મુનિને તો ણમો લોએ સવ્વ સાહુણં. પંચ પરમેષ્ઠીનો મહામંત્ર બોલે છે. ગણધર પણ નમસ્કાર મંત્રનો ઉચ્ચાર કરે છે કે નહિ ? તો એક સમયનો દીક્ષાધારી સાધુ હોય, પહેલો હજી સાતમા ગુણસ્થાને ધ્યાનમાં પ્રવેશ કર્યો હોય, તો ગણધરને એના નમસ્કાર પહોંચે છે. એનું નામ સાધું. એવા સાધુ હોય છે.

એવા જેને ચક્રવર્તીઓ નમે, જેને ઇન્દ્રો નમે એ યાચના કેમ કરે ? એનો હાથ ઉપર હોય કે એનો હાથ નીચે હોય ? મુનિરાજ છે એ તો. મુનિરાજ કહેવાય છે એનો અર્થ શું ? કે એ કોઈ માંગણ નથી કાંઈ. કોઈ દયાનું પાત્ર થાય એવી વ્યક્તિ નથી. કે અરે...! એને અનુકૂળતા નથી, દીક્ષા લઈ લીધી છે. ચાલો એને આપણે આ આપીએ, તે આપીએ. એ પરિસ્થિતિ મુનિની હોઈ શકે નહિ. ટાઈમ થઈ ગયો...

**તા. ૨૭-૧-૧૯૮૯, પાના નં. ૫૪, પ્રવચન નં. ૧૦૮**

પાનું-૫૪. સવિકલ્પ સમ્યક્ દશાનું વર્ણન કરે છે. આ સમ્યક્ સવિકલ્પ દશામાં ઉપયોગ નિર્મળ છે એટલે જ્ઞાન નિર્મળ છે. સમ્યગ્જ્ઞાનરૂપ જ્ઞાનનું પરિણામ છે. પણ ચારિત્રમાં આંશિક મલિનતા છે. ચારિત્રમાં ઉપયોગ પરપદાર્થને અવલંબે છે ત્યારે અશુદ્ધતા ઉત્પન્ન થાય છે, ચંચળતા ઉત્પન્ન થાય છે અને દુઃખની ઉત્પત્તિ થાય છે- આકુળતાની ઉત્પત્તિ થાય છે. તૃષ્ણાએ કરી ચંચળ છે. પરપદાર્થની અપેક્ષાવાળા એ પરિણામ છે. સાધકદશામાં પણ જ્યાં આત્માની પરિપૂર્ણ સિદ્ધિ થઈ નથી ત્યાં એવા વિભાવ અંશવાળા પરિણામ ઉત્પન્ન થાય છે ત્યારે એને પરપદાર્થની અપેક્ષા અથવા તૃષ્ણાભાવ કહેવામાં આવે છે. અથવા પરપદાર્થ પ્રત્યેની આસક્તિનો ભાવ કહેવામાં આવે છે. છે ચારિત્રમોહ પૂરતા. દર્શનમોહ એમાં નથી. એટલે જ્ઞાની અને અજ્ઞાની બંનેના સરખા પરિણામ છે એમ ન લેવું.

'**પુણ્યપાપરૂપ કલાપ (સમૂહ) છે,...**' કલાપ એટલે પુણ્ય-પાપના અનેકવિધ પ્રકારનો સમૂહ એમાં છે. અનેક જાતના પરિણામ છે. એકસરખા પરિણામ હોય એવું હોતું નથી. તેમાં '**ઉદ્વેગતા છે,...**' જ્યાં દુઃખ છે ત્યાં ઉદ્વેગ છે, ઉદ્વેગ છે ત્યાં દુઃખ છે. ઉદ્વેગ છે. આકુળતાનો ઉદ્વેગ છે. '**અસંતોષરૂપ છે,...**' અને એમાં સંતોષ ક્યાંય હોતો નથી. અસંતોષ ભાવે એ પરિણામ થયું છે. પરપદાર્થમાં તો સંતોષ થવાનો પ્રશ્ન પણ નથી. અને '**એવા એવા વિલાપરૂપ છે.**' એટલે એવી એવી પ્રકારની આકુળતારૂપ છે. ત્યાં પણ વિલાપ કીધો છે. જેમ કોઈ દુઃખથી વિલાપ કરે એવો અહીંયાં પણ વિલાપ કહ્યો છે.

આ પરિણામનું આટલું વર્ણન કરીને એવું નથી બતાવવું કે સામાન્ય મિથ્યાદષ્ટિ સંસારી જીવ કરતા વધારે ખરાબ જાતિના પરિણામ છે. એવું અહીંયાં કહેવા માગતા નથી. જેમ મુનિદશાના કષાયને સંજ્વલનનો કષાય કહ્યો. તો સંજ્વલન એટલે સારી રીતે જલાવે-બાળે. તો બહુ તીવ્ર કષાય હશે ને ? ભાવલિંગી મુનિને ત્રણ કષાયનો અભાવ

થઈ ગયો છે એવા મુનિરાજને કયો કષાય વર્તે છે ? કે સંજ્વલન કષાય વર્તે છે. તો નામ એવા આવે છે કે જાણે એ નામ કોઈ તીવ્ર કષાયના સૂચક હોય. પણ એવો અહીંયાં અર્થ લેવો જોઈએ નહિ. તો પછી આવું નામ શા માટે આપ્યું ? આ તર્ક છે અહીંયાં. અહીંયાં આવા આવા શબ્દો વાપર્યા કે એમાં અશુદ્ધતા છે, ચંચળતા છે, દુઃખ છે, તૃષ્ણા છે, ઉદ્વેગતા છે, અસંતોષ છે અને આવા બધા વિલાપ છે એની અંદર. આટલા બધા નામ આપ્યા. એમાં શું કહેવા માગે છે ? એટલું વિચારવું રહ્યું.

જ્ઞાનીને પોતાને પરિપૂર્ણ શાંત અકષાયસ્વરૂપ સર્વોત્કૃષ્ટ શાંત, પરમોત્કૃષ્ટ શાંતસ્વરૂપ છે એની પાસે થોડો કષાય, થોડો ઉદ્વેગ, થોડી આકુળતા બીજાની અપેક્ષાએ, સામાન્ય સંસારીજીવની અપેક્ષાએ, અલ્પ હોવા છતાં એને એ અલ્પ ગણીને ચાલતા નથી. એને તો એનો બોજો ઘણો લાગે છે. કેમકે જેની કષાયશક્તિ જીવે છે-જીવંત છે એને એટલો કષાયનો બોજો અનુભવરૂપ નથી થતો. એને છે તો ખરો, પણ ટેવાઈ ગયેલો છે એટલે એને એનો અનુભવ નથી. જેમ પાંચ મણની ગુણીનો ભાર તો પાંચ મણ જેટલો જ છે પણ જે કાયમ ઉપાડે છે એને એટલો નથી લાગતો. અને કોઈ દિવસ જિંદગીમાં એક વખત ઉપાડવાનો વારો આવે છે એને ઘણો બોજો લાગે છે. છે તો જેટલો છે એટલો છે. ઓછો વધારે નથી.

એમ જે શાંત પરિણમનમાં આવ્યા એને કષાયનો બોજો, એને વિભાવનો બોજો, વિકલ્પનો બોજો, ઉપાધિનો બોજો ઘણો લાગે છે, એમ કહેવું છે. તો મુનિરાજને પંચ મહાવ્રતના પરિણામનો મંદ કષાય થયો. પંચ મહાવ્રતના પરિણામનો, સંયમનો રાગ વિકલ્પ આવ્યો એ એને ઘણો બોજો લાગે છે. અશુભ તો ત્યાં છે નહિ. પણ શુભનો ઘણો બોજો. કેટલો ? કે સંજ્વલન છે. સારી રીતે એ રાગ એને પોતાને બાળતો અનુભવાય છે. આમ અપેક્ષા છે.

**'બંનેયથી (સવિકલ્પ, નિર્વિકલ્પદશા બંનેયથી) ચારિત્ર પરિણામની અવસ્થા પોતામાં દીઠી છે.'** પોતાના શુદ્ધોપયોગથી જે સ્વરૂપ રમણતા થઈ, સ્વરૂપસ્થિરતા થઈ, સ્વરૂપાચરણ થયું એ દશાનો પણ એને પોતામાં અનુભવ કર્યો અને સવિકલ્પ દશાનો પણ એણે

અનુભવ કર્યો. ત્યારે એ શાંતિ પાસે આ અશાંતિ એને ઘણી અસહ્ય લાગે છે. અને તેથી તે અશાંતિમાં રહેવા ચાહતા નથી. એનો નિષેધ એટલે આવે છે કે એને દુઃખ જાણે છે. એને કદાપિ ઉપાદેય જાણતા નથી.

બંનેય અવસ્થા પોતામાં દીઠી છે. તેથી તેને બંને અવસ્થા વચ્ચેની સરખામણી શું છે ? જેને એનું સરખામણીનું જ્ઞાન કહીએ-કમ્પેરેટિવ નોલેજ-એ બંને અવસ્થા એને બરાબર અનુભવગોચર છે. અને '**તેથી ભલું આ છે કે...**' તે બંને વચ્ચે શું પસંદ કરવા જેવું છે. '**તેથી ભલું આ છે કે તું સ્વાનુભવરૂપ રહેવાનો ઉદ્યમ રાખ્યા કર.**' તેથી સ્વાનુભવમાં, શુદ્ધોપયોગમાં રહેવાનો પ્રયત્ન, પુરુષાર્થ, અભ્યાસ સહજપણે સાધક દશામાં એ પુરુષાર્થમાં વર્તે છે. કેટલા સફળ થાય ? એ બીજો વિષય છે. બધાને એકસરખી સફળતા મોક્ષમાર્ગમાં પણ મળતી નથી. કોઈ ઓછા સફળ થાય છે અથવા મંદ પુરુષાર્થમાં આવે છે, કોઈ તીવ્ર ગતિના પુરુષાર્થમાં આવે છે. પણ એનો ઉદ્યમ તો બંને અવસ્થા પોતામાં અનુભવગોચર કરી હોવાથી એ શુદ્ધોપયોગમાં રહેવા ચાહે છે. એની ભાવના એ છે કે હવે પછીની અનંત કાળાવલી આત્મતત્ત્વના ભોગવટામાં શુદ્ધોપયોગમાં જ રહો.

મુનિદશા વખતે તો એ મુનિદીક્ષા અંગીકાર કરતી વખતે દઢપણે પ્રતિજ્ઞા ધારણ કરે છે કે હવે તો હું શુદ્ધોપયોગમાં જ રહીશ. એવી પ્રતિજ્ઞા લે છે. એવો મારો સિદ્ધાંત છે. વીતરાગપણે વીતરાગભાવે રહેવાનો મારો સિદ્ધાંત છે અને હું હવે શુદ્ધોપયોગમાં જ રહીશ. એવી જે એને દઢતા આવે છે એટલે પહેલા જ ધ્યાનમાં એ નિર્વિકલ્પ શુદ્ધોપયોગ સાતમા ગુણસ્થાને આવે છે. એનું કારણ પણ એ જ છે કે ઉપાડ એનો બહુ જોરદાર છે. પછી જે છઠ્ઠા ગુણસ્થાનમાં આવે છે ત્યારે એને ભગવાન એમ કહે છે કે એ મુનિ ત્યાં અપવાદ માર્ગમાં છે. અને જે શુદ્ધોપયોગમાં છે એ ઉત્સર્ગ માર્ગમાં છે. ઉત્સર્ગ અને અપવાદ એવી બે વાત કરી છે. એ વિષય લીધો છે, વચનામૃતમાં પણ 'બહેનશ્રી'એ એક-બે બોલમાં લીધો છે અને 'પ્રવચનસાર'ના ત્રીજા અધિકારમાં ચારિત્રનો જે ચરણાનુયોગસૂચક ચૂલિકાનો અધિકાર છે, એમાં પણ એ વિષય લીધો છે.

મુમુક્ષુ :- ઈ બોલ લ્યોને.

પૂજ્ય ભાઈશ્રી :- વચનામૃતનો નંબર નહિ યાદ હોય મને. આવું આવું આવે છે એટલો ખ્યાલ હોય. ક્યાં છે પાછો એ ગોતવામાં સમય નીકળી જાયને અત્યારે એટલે. કોઈને મળી જાય એમ હોય તો જોઈ શકે છે. ઉત્સર્ગ અને અપવાદ. પાછળ ૩૦૦-૪૦૦ આસપાસના બોલમાં હશે. ગ્રંથનો પરિચય વધારે હોય એટલે જલ્દી મળે. ઉત્સર્ગ અને અપવાદ. ઘરે તો પુસ્તક છે એમાં તો બધા વિષયવાર જુદું જુદું છાંટ્યું છે.

મુમુક્ષુ :- પ્રતિજ્ઞાની જે વાત કરી કે હું પ્રતિજ્ઞા લઉં છું, તો પર્યાય ફેરવવા તરફ લક્ષ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. દઢતા છે. દઢતા છે. જ્યારે જ્યારે કોઈ મોક્ષમાર્ગી જીવ પ્રતિજ્ઞા લે છે, પંચમ ગુણસ્થાનવર્તી દેશવ્રતી શ્રાવક, ત્યારે પણ એની દઢતા સૂચવે છે અને મુનિદશામાં પણ એની દઢતા સૂચવે છે.

૧૧મો બોલ છે. '**મુમુક્ષુઓને તથા જ્ઞાનીઓને અપવાદમાર્ગનો કે ઉત્સર્ગમાર્ગનો આગ્રહ ન હોય,...**' દઢતા હોય. દઢતાને આગ્રહ અથવા દુરાગ્રહમાં ન ખતવાય. અને દુરાગ્રહને દઢતામાં ન ખતવાય. સામાન્ય માણસો આમાં ભૂલ કરે છે. જો કે વિદ્વાનો પણ ભૂલ કરે છે પણ એ બધા સામાન્યમાં જાય છે. દઢતા છે એ બીજો વિષય છે. એ જ્ઞાન અને આચરણની મજબૂતાઈ-બળ સૂચવે છે. અને આગ્રહ છે એ કષાય પ્રેરિત એક દુરાગ્રહ છે. જેમાં બળ કષાય, કષાય શક્તિના બળ સિવાય બીજું આત્મબળ એમાં હોતું નથી.

મુમુક્ષુ :- હઠાગ્રહ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હઠાગ્રહ છે. એ જુદી જુદી વસ્તુ છે. એટલે કોઈવાર જ્ઞાનીની દઢતાને કોઈ આગ્રહમાં લઈ જાય છે.

મુમુક્ષુ :- છે ગુણ, લઈ જાય દોષમાં.

પૂજ્ય ભાઈશ્રી :- ગુણને દોષમાં ખતવે છે. અને કોઈ પોતાના દોષને ગુણમાં ખતવે છે કે આ અમારો સંયમ છે. અમારી દઢતા છે. દઢતા નથી હોતી ત્યાં દુરાગ્રહ હોય છે, હઠ હોય છે. એવું બને છે. બહારના દેખાવથી કાંઈ ખબર પડે નહિ. એ તો પોતાના પરિણામ પોતે

જ જાણે, સમજે. જ્ઞાની જાણે-સમજે. બસ.

**'મુમુક્ષુઓને તથા જ્ઞાનીઓને અપવાદમાર્ગનો કે ઉત્સર્ગમાર્ગનો આગ્રહ ન હોય,...'** અહીંયાં શુ લેવું છે ? **'પણ જેનાથી પોતાના પરિણામમાં આગળ વધાય તે માર્ગને ગ્રહણ કરે.'** એટલે જ્યારે જ્ઞાની અપવાદ માર્ગમાં આવે છે ત્યારે પણ આગળ વધવા માટે આવે છે. ઉત્સર્ગ માર્ગમાં આવે છે ત્યારે પણ આગળ વધવા માટે જ આવે છે. બેય રીતે આગળ વધવામાં જ એનો પુરુષાર્થ કામ કરે છે. એમાં બીજો કોઈ એની અંદર આશય કે હેતુ હોતો નથી.

મુમુક્ષુ :- અપવાદ બાબતમાં શું કહેવું છે ?

પૂજ્ય ભાઈશ્રી :- અપવાદમાં એટલે રાગદશામાં આવી જાય છે.

મુમુક્ષુ :- અપવાદ એટલે રાગ ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. રાગભાવમાં આવે છે, અશુદ્ધ ઉપયોગમાં આવે છે, શુભોપયોગમાં આવે છે, વ્યવહાર ઉપયોગમાં આવે છે. તો પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, વ્યવહાર સંયમ પાળે છે એ અપવાદ માર્ગ છે અને વીતરાગ શુદ્ધોપયોગમાં રહે છે તે ઉત્સર્ગ માર્ગ છે. તો એનો આગ્રહ ન હોય. આગ્રહ ન હોય એટલે હઠથી આવવાનો પ્રકાર એમાં ન હોય. સહજ જ હોય છે. એમ ભાવના એની પૂર્ણ શુદ્ધિની છે.

અહીંયાં એ કહ્યું કે **'તેથી ભલું આ છે કે તું સ્વાનુભવરૂપ રહેવાનો ઉદ્યમ રાખ્યા કર,..'** અહીંયા અલ્પવિરામ છે. **'આ અમારું વચન વ્યવહારથી ઉપદેશકથન છે.'** આ તો એક વચન વ્યવહાર છે. જે ભાવના છે એ વ્યક્ત કરવામાં આવે છે. તેથી એવા ઉપદેશથી કોઈ શુદ્ધોપયોગમાં રહી જાય એવી કોઈ વસ્તુસ્થિતિ નથી. એ એક વચનવ્યવહાર છે. કહેવા માટેનો આદેશ છે, ઉપદેશ છે. પોતાના સહજ પુરુષાર્થ અનુસાર જ દશા પ્રગટ થાય છે. બીજી રીતે દશા પ્રગટ થતી નથી. એમ લેવું છે.

**'પણ જો એકાંત ઉત્સર્ગ કે એકાંત અપવાદની હઠ કરે...'** બેમાંથી એકેયની હઠ કરે **'તો તેને વસ્તુના યથાર્થ સ્વરૂપની જ ખબર નથી.'** તો એને વસ્તુસ્વરૂપ કેમ છે એની ખબર નથી. પરિણામના વિજ્ઞાનને એ જાણતો નથી, એમ કહેવું છે. 'પ્રવચનસાર'માં પણ એ વિષય લીધો છે. પણ વ્યવહારમાં એવું બને છે. કેવી રીતે બને છે ? એક માણસને અનેક

ચીજનો વ્યાપાર છે અને એને એ બધી ચીજ વેચીને દુકાન બંધ કરવી છે. હવે એમાં બે વેપારી લઈએ. એક વેપારી એવો છે કે એ બધી ચીજનો વેપાર એકસાથે બંધ કરી દે. જે ભાવે ખપે એ ભાવે લિલામ કરી નાખે. વન, ટુ, થ્રી. પછી ભલે રૂપિયાનો એક પૈસો ઊપજે. અથવા મફત ચીજ દઈ દેવી પડે. ખરાબ થઈ હોય કે એવી હોય. પણ મારે કાલે દુકાન ખોલવી નથી. આજ સાંજ પહેલા મારે આ વાત ખતમ કરવી છે. અને એકની આર્થિક શક્તિ એવી નથી કે એ લીલામ કરીને માલ વેચે તોપણ પાછળ એની પરિસ્થિતિ સંગીન રહે. તો એ શું કરે છે ? કે હળવે હળવે વેચે છે. હળવે હળવે વેચે છે તો એને દુકાન મોડી બંધ કરવી છે એમ કહેવાય ? પણ એ પરિસ્થિતિ જોઈને વિવેક કરે છે. વળી ચાર ચીજ રહી ગઈ અને એ ખપતી નથી તો બીજી ચાર એની સાથે ખપે એવી લઈ આવે. ત્યારે આ ચીજનો વેપાર કરતો દેખાય ત્યારે કોઈ એમ કહે કે તો પછી આને બંધ કરવાનો ક્યાં ઈરાદો છે ? એણે તો વેપાર વધાર્યો. એ વધાર્યો નથી, વધાર્યો છે એ ઘટાડવા માટે વધાર્યો છે. એવી પણ પરિસ્થિતિ બને છે. ત્યાં એનો આશય બદલાઈ ગયો છે એ નજરે એને જોવાય નહિ. એમ છે.

એમ કોઈ કાળમાં પુરુષાર્થ તીવ્ર વર્તે છે સહજપણે મોક્ષમાર્ગી જીવને, કોઈ કાળમાં મંદ વર્તે છે. એવી પુરુષાર્થની તીવ્રતાના અને મંદતાના પરિણામની ચડ-ઉતર સાધક દશામાં પણ આવે છે. તેથી સાધકનો બીજી નજરે જોઈ શકાય નહિ કે આમ કેમ કરે છે ? એ બરાબર વિવેક કરે છે. એના હાથમાં પરિપૂર્ણ તત્ત્વ આવ્યું છે, એની દૃષ્ટિના કબજામાં આવ્યું છે. એના જ્ઞાનમાં વિવેક વર્તે છે, મહાવિવેક વર્તે છે. એક રાગના કણને પણ એ જ્ઞાન પોતાનું સ્વીકારતું નથી. તેથી એ કરે છે એ બરાબર પરિસ્થિતિ જોઈને જે કાંઈ કરે છે એ કરે છે. અને દુનિયામાં પણ ડાહ્યા માણસ પ્રત્યે એટલો વિશ્વાસ મૂકવો પડે છે કે બહુ વિચિક્ષણ હોય, જેનો આપણને ઘણો અનુભવ હોય એના માટે એમ કહેવું પડે છે, ભાઈ ! એ જે કાંઈ કરતા હશે એ સમજીને કરતા હશે. એની પાસેથી ખુલાસો મેળવ્યા વગર એમ ને એમ કોઈ આંક બાંધવો ન જોઈએ. એટલી તો મર્યાદા રાખવી પડે છે કે નહિ ? તો જેને લોકોત્તર વિવેક પ્રગટ્યો એને બીજી નજરે ન જોવાય. એમ વાત છે.

મુમુક્ષુ :- અપવાદ માર્ગ એટલે કે જ્ઞાનીને અસ્થિરતાવત્ દોષ કોઈ ઉપજતા હોય તો એ પોતાની શક્તિને જોઈને એનો ત્યાગ કરે છે. એ શક્તિ બહાર નથી ત્યાગ કરતા. એમ જ થયું ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હઠથી ત્યાગ કરતા નથી અને દોષના પરિણામમાં આવે છે તો એને કાંઈ ગુણ માનતા નથી, એને બચાવ કરતા નથી. મારી ભૂમિકાનો છે એટલે વાંધો નહિ એમ લેતા નથી. એવું કાંઈ ન આવે. પણ એ પ્રતિજ્ઞા લે, એ ત્યાગ કરે તો પોતાની શક્તિ અનુસાર કરે. પોતાની શક્તિનું માપ કાઢ્યા વગર એમ ને એમ ઊભરો આવી જાય અને પછી પાછા પડવું પડે, એ પરિણામમાં એ આગળ ન વધી શકે અને પાછા પડવું પડે એવી રીતે એ હઠાગ્રહથી આગળ જતાં નથી.

'**તેથી ભલું આ છે કે તું સ્વાનુભવરૂપ રહેવાનો ઉદ્યમ રાખ્યા કર. આ અમારું વચન વ્યવહારથી ઉપદેશકથન છે.**' એ કહેવામાત્ર છે. પણ એની અંદર આશય એટલો છે કે એ કર્તવ્ય છે એટલું કહેવું છે. થાશે બધાને સહજ પોતાના પુરુષાર્થ અનુસાર. '**ગુણસ્થાન પ્રમાણે જેટલી જેટલી વિશુદ્ધતા, સ્થિરતા વધી તેટલું તેટલું સુખ વધ્યું.**' ગુણસ્થાન પ્રમાણે જેટલી જેટલી વિશુદ્ધતા અને સ્થિરતા વધી, સ્વરૂપમાં જેટલી સ્થિર પરિણતિ થઈ જે-તે ગુણસ્થાનમાં, એટલી વીતરાગતા વધી, એટલી સ્થિરતા વધી, એટલું સુખ પણ સાથે સાથે વધે છે. દુઃખ ઘટતું જાય છે, અશુદ્ધિ-મલિનતા ઘટતી જાય છે, રાગ ઘટતો જાય છે, શુદ્ધતા અને સુખ વધતું જાય છે. વિપરીતતા ત્યાં નથી. રાગ છે પણ વિપર્યાસ નથી.

જે આસ્રવના ત્રણ ભેદ છે. 'અશુચિપણું વિપરીતતા એ આસ્રવોના જાણીને, વળી જાણીને દુઃખકારણો...' ત્રણ બોલ છે એમાં. મલિનતા, વિપરીતપણું અને દુઃખ. એમાં વિપરીતપણું ગયું. જ્ઞાન થવાથી વિપર્યાસ ગયો. જેટલો રાગ છે એટલી અશુચિ છે, એટલી અશુદ્ધતા છે અને એટલું દુઃખ છે. બસ. પણ સાથે સુખ છે. એકાંતે એકલી અશુદ્ધતા છે કે એકાંતે એટલું દુઃખ છે એમ નથી. સુખ પણ છે અને શુદ્ધિ પણ છે.

મુમુક્ષુ :- વિશુદ્ધતા એટલે શુદ્ધિ વધતી જાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. શુદ્ધિ વધતી જાય છે. અહીંયાં વિશુદ્ધતા એટલે શુદ્ધિ. વિશેષ અશુદ્ધતા. અહીંયાં વિશુદ્ધતા એટલે શુભ નહિ. વિશુદ્ધતા બે અર્થમાં વપરાય છે. શુભભાવને વિશુદ્ધભાવ કહે છે અને અશુભભાવને પણ વિશુદ્ધભાવ કહે છે. પણ અહીંયાં શુદ્ધતાની વાત છે. એ જેમ જેમ ગુણસ્થાનમાં ઉપર જાય તેમ તેમ વીતરાગતા અને સુખ વધે છે.

'**બારમા ગુણસ્થાન સુધી કષાય ઘટવાથી સ્થિરતા વધી (અને) મતિજ્ઞાનાવરણ અને શ્રુતજ્ઞાનાવરણના ક્ષયોપશમથી...**' હજી અહીંયાં ક્ષયોપશમ છે. '**સ્વસંવેદન રસ વધ્યો.**' જુઓ ! અહીંયાં એમ ન લીધું કે મતિજ્ઞાનાવરણ અને શ્રુતજ્ઞાનાવરણનો ક્ષયોપશમ વધવાથી જ્ઞાનનો વિકાસ વધી ગયો. એમ ન લીધું. જ્ઞાનના ક્ષયોપશમમાં બે પ્રકાર છે. એક જે બાહ્ય જ્ઞાનનો ક્ષયોપશમ છે એ બાહ્ય વિષયોને વિશાળતાથી જાણનારું જ્ઞાન છે. અને એ મિથ્યાદૃષ્ટિને અગિયાર અંગ અને નવ પૂર્વ સુધીની એની ઉત્કૃષ્ટ મર્યાદા છે. દુનિયાદારીના જ્ઞાનમાં પણ જેને જેટલો ક્ષયોપશમ હોય છે એટલું વિશેષ જાણવું એને હોય છે. શાસ્ત્રજ્ઞાનમાં અને જગતના વિષયોના જ્ઞાનમાં. પછી મોટા મોટા વિજ્ઞાનીઓ હોય તો એ ક્ષયોપશમનો વિષય છે. આ અત્યારે રોકેટ અને મિસાઈલ ને એ બધું બનાવે છે એ પણ એક ક્ષયોપશમનું નિમિત્ત છે એમાં. એરોપ્લેન બનાવે છે એ ક્ષયોપશમ છે. એ બધો બાહ્ય જ્ઞાનનો ક્ષયોપશમ છે.

આત્મજ્ઞાનના અભાવમાં શાસ્ત્રજ્ઞાન કહો કે આવા બધા કોઈ વિજ્ઞાનના, ભૌતિક વિજ્ઞાનના વિષયના જ્ઞાન કહો, એ બધા જ્ઞાન છે એ બાહ્ય ક્ષયોપશમવાળા જ્ઞાન છે. એ ક્ષયોપશમ જ્ઞાન આત્માને જરાપણ લાભ કરતું નથી. ચાહે તે શાસ્ત્રનું હોય કે ચાહે તે ભૌતિક વિજ્ઞાનનું હોય. બાહ્ય જ્ઞાન છે અને એ આત્માને લાભકારી થતું નથી. તેનાથી આત્માને ત્યાં લાભ નથી. લાભ નથી એટલે શાંતિ નથી. ખરેખર તો લાભ તો સુખ-દુઃખને કહેવાય છે. તો એને ત્યાં સુખ કે શાંતિ એનાથી થતી નથી. એટલે 'રાજમલજી'એ પહેલા કળશમાં એ વાત લીધી કે છ દ્રવ્યને જાણનાર જ્ઞાનને જ્ઞાન પણ કહેતા નથી અને એને સુખ પણ નથી. છ દ્રવ્ય લઈ લીધા છે. જ્ઞાન પણ નથી અને સુખ પણ નથી. એ એટલા માટે કહ્યું કે એ બાહ્ય જ્ઞાન છે.

જેને આત્મા આશ્રિત અંતર ક્ષયોપશમજ્ઞાન વર્તે છે, અંતર્લક્ષી જ્ઞાન વર્તે છે, સ્વરૂપલક્ષી જ્ઞાન વર્તે છે. એનો ક્ષયોપશમ થોડો હો અથવા ઘણો હો, એની સાથે (સંબંધ) નથી પણ ગુણસ્થાન અનુસાર એને સ્વસંવેદન રસ તો વધે જ છે. પોતાના આત્મસ્વરૂપને અનુભવ કરવાનો જ્ઞાનરસ, જ્ઞાનશક્તિ ત્યાં વધી ગયેલી છે. એ તો ગુણસ્થાન અનુસાર લીધું એટલે ચોથા ગુણસ્થાનવાળો બાર અંગધારી કોઈ હોય. કેવો ? અગિયાર અંગ અને નવ પૂર્વ નહિ, બારેય બાર અંગનું જ્ઞાન લબ્ધિથી ઉત્પન્ન થયું હોય અને ચોથું ગુણસ્થાન હોય. અને મુનિને નવ તત્ત્વના નામ ન આવડતા હોય તોપણ જ્ઞાનશક્તિ સ્વસંવેદનરસ મુનિરાજમાં વધારે છે. એવો ચોથા ગુણસ્થાનવર્તી જીવ શુદ્ધોપયોગમાં સ્વસંવેદન કરતો હોય અને મુનિ આહાર કરતા હોય, એનો ઉપયોગ બહાર હોય તોપણ એના કરતા એનો સ્વસંવેદન રસ વધારે હોય છે. જ્ઞાનશક્તિ વધારે કામ કરે છે.

મુમુક્ષુ :- શુદ્ધિની વૃદ્ધિ ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. શ્રદ્ધા એકસરખી. ગુણસ્થાન અનુસાર જ્ઞાન અને ગુણસ્થાન અનુસાર ચારિત્ર, ગુણસ્થાન અનુસાર પુરુષાર્થ અને ગુણસ્થાન અનુસાર સુખ. આ મુખ્ય ગુણોમાં આટલું છે. આ પરિસ્થિતિ છે મુખ્ય ગુણોના પરિણામની.

મુમુક્ષુ :- શ્રદ્ધા જેમની તેમ.

પૂજ્ય ભાઈશ્રી :- શ્રદ્ધા તો ચોથા ગુણસ્થાનની અને સિદ્ધ ભગવાનની, ચૌદમાની નહિ, ચૌદથી ઉપર હવે, પંદરમું સ્થાન સિદ્ધ ભગવાનું, (શ્રદ્ધા) એકસરખી, એમાં કાંઈ ફેર નહિ. આમ છે.

શું કહે છે ? કે '**બારમા ગુણસ્થાન સુધી કષાય ઘટવાથી સ્થિરતા વધી (અને) મતિજ્ઞાનાવરણ અને શ્રુતજ્ઞાનાવરણના ક્ષયોપશમથી સ્વસંવેદનરસ વધ્યો.**' બહારનું જ્ઞાન કદાચ ન વધે. શાસ્ત્રજ્ઞાન ન વધે, બાહ્યજ્ઞાન ન વધે, બહારનો ઉઘાડ ન વધે પણ આત્મજ્ઞાનની જે આત્માને અનુભવ કરવાની જ્ઞાનશક્તિ છે એ ગુણસ્થાન અનુસાર ઘણી વધે છે. તે મુનિરાજના જ્ઞાનમાં, બાહ્ય જ્ઞાન ઓછું હોવા છતાં અંતરમાં જે ઉપયોગ જાય, જે ઉપયોગ એના સ્વરૂપને ગ્રહે, સ્વભાવને ગ્રહે એ એટલો પરિસ્પષ્ટપણે ગ્રહણ કરે છે. એટલો ચોથા ગુણસ્થાનની અંદર

એ જ્ઞાન નથી કામ કરતું. જેટલું મુનિદશામાં કામ કરે છે. બહુ મોટો આંતરો છે ત્યાં.

ચોથા અને છઠ્ઠા-સાતમાનો બહુ મોટો આંતરો છે. એટલે ચોથા ગુણસ્થાનવાળા હંમેશા મુનિદશાની ભાવના કરે છે કે આહા..! આવી મુનિદશા ! અલૌકિક દશા આવી ! એ એને થયા વગર રહે નહિ. કેમકે એને એ એટલો ઊંચો વર્ગ દેખાય છે કે પોતે સાધક હોવા છતાં એને એમ લાગે છે કે આમાં શું છે ? આ તો કાંઈ નથી. આ મુનિ તો જુઓ ! એમ જોવે છે. બહારમાં લોકો એમ જ કહે છે ને ? મારી પાસે શું પૈસા છે ? આની પાસે કરોડ છે, આની પાસે અબજ છે. આ ફલાણા છે, ફલાણા છે. એમ જ જોવે છે કે બીજું કાંઈ ? આપણી પાસે કાંઈ નથી. આ જમાનામાં બે-પાંચ લાખ, દસ લાખ કાંઈ કહેવાય નહિ. શું કહે ? કહે છે કે નહિ ?

**'સ્વસંવેદનસ્થિરતાથી ઊપજેલો રસાસ્વાદરૂપ સ્વાનુભવ તે અનંતસુખનું મૂળ છે.'** પ્રથમ ચોથા ગુણસ્થાને સ્વસંવેદનની સ્થિરતાથી ઊપજેલો જે આત્માના અનુભવરૂપ, રસાસ્વાદરૂપ, આત્મરસથી અનુભવ થયો, આત્મરસનો આસ્વાદ જે સ્વાનુભવમાં આવ્યો ત્યાં અનંતસુખનું મૂળ સાજું થઈ ગયું. અનંતસુખનું મૂળ સાજું થયું. જે અનંતસુખ તેરમા ગુણસ્થાને પ્રગટશે, બારમેથી પ્રગટી જાય છે, તેરમા ગુણસ્થાને મુખ્યપણે લઈએ, ચૌદમે લઈએ, સિદ્ધ દશામાં લઈએ. એ અનંતસુખ, એનું મૂળ અહીંયાં આવી ગયું. સાજું થઈ ગયું. મૂળ સાજું થઈ ગયું. એ અનંતસુખનું મૂળ છે.

**'તે અનુભવ ધારાધર...'** તે અનુભવ ધારાધર... નથી. ત્યારે દુઃખદાવાનલ નથી. સવિકલ્પ દશામાં આવે એટલું દુઃખ થયું. એ તો ઉપર લઈ લીધું. પણ શુદ્ધોપયોગમાં આવે છે. કેમકે મુખ્ય તો અનુભવવર્ણનનું આ પ્રકરણ છે ને ? એટલે અનુભવ છે એને ધારાધર કીધો. જેમ કોઈ મુશળધાર વરસાદ એકસાથે તૂટી પડે. પા-અડધી કલાકમાં તો જળબંબાકાર કરી નાખ્યું બધું. પાણી... પાણી.. પાણી કરી નાખ્યું. એમ જે પ્રથમ અનુભવ આવે છે તે મુશળધાર વરસાદની જેમ આવે છે. એવો શુદ્ધોપયોગનો જોશથી, અંદરમાં પુરુષાર્થના પરાક્રમથી વિકલ્પનું તૂટવું અને નિર્વિકલ્પનું થવું બને છે.

આમ તો સમ્યક્ સન્મુખ જીવ છે એનો વિચાર કરીએ તો એને પુરુષાર્થ અને ભેદજ્ઞાન વર્તે છે. આત્મરસ અને આત્મમહિમા પ્રગટ થયો છે. અને એ આગળ વધતો જાય છે. પણ વિકલ્પ જ્યાં સુધી છે ત્યાં સુધી એટલો પુરુષાર્થ નથી. થોડો પણ વિકલ્પ છે ત્યાં સુધી એટલો પુરુષાર્થ નથી. એટલો પુરુષાર્થ નથી એટલે એની શ્રદ્ધા પૂરેપૂરી અવળી છે. ભલે મંદ છે પણ પૂરી શ્રદ્ધા તો અવળી છે ને ? શ્રદ્ધામાં બે ભાગ-અંશ પડતા નથી. તીવ્ર-મંદતા જુદી વાત છે. ભાગ પડવા જુદી વાત છે. અને અનંતાનુબંધીનો કષાય પણ ત્યાં ઊભો છે, પ્રગટ છે. મિથ્યાશ્રદ્ધાન પ્રગટ છે, અનંતાનુબંધીનો કષાય પણ પ્રગટ છે.

ધ્યાનમાં બેઠો છે. હજી શુદ્ધોપયોગ પ્રગટ્યા પહેલાની મિનિટો ચાલે છે, ત્યારે એને શુદ્ધાત્માનો વિકલ્પ આવે છે કે હું શુદ્ધ છું, પૂર્ણાનંદ છું, પરિપૂર્ણ જ્ઞાનસ્વરૂપ છું. એ વિકલ્પ છે એ અનંતાનુબંધી કષાયનો છે. એટલે ૧૪૨ ગાથામાં એ લીધું કે તેથી શું ? હજી તો શુદ્ધનયનો નિશ્ચયનયનો પક્ષ કરે છે તેથી શું ? '**નયપક્ષથી અતિક્રાન્ત ભાખ્યો તે સમયનો સાર છે.**' એમ લીધું છે. જે નયપક્ષને ઓળંગી નાખે એ જ 'સમયસાર' છે. આ 'સમયસાર' નથી. આ હજી અહીંયાં શુદ્ધાત્માનો વિકલ્પ છે એ કોઈ 'સમયસાર' નથી.

મુમુક્ષુ :- ત્યાં હજી દુઃખના દાવાનળમાં ઊભો છે.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં સુધી દુઃખદાવાનળ છે. અને આ દુઃખદાવાનળ શુદ્ધોપયોગ જાગતા, ધરાધર જાગતા, '**દુઃખદાવાનલ રંચ પણ રહેતો નથી.**'

અહીંયાં એમ લેવું છે, વાત તો એ મુદ્દા ઉપરની છે કે ભલે એણે પુરુષાર્થ શરૂ કર્યો છે. આગળ વધતો વધતો એ અનુભવમાં આવે છે, પણ અનુભવ પહેલા ચાલતો પુરુષાર્થ અને અનુભવ થયો તે કાળનો પુરુષાર્થ એ એકદમ તબક્કો જુદો છે કે જે વિકલ્પને તોડી નાખે છે. અનાદિનો નહિ તૂટેલો, નહિ તૂટતો એવો જે વિકલ્પ એ અનંતાનુબંધી અને મિથ્યાત્વના પરિણામ સહિતમાં એની ચીકાશ છે એક જાતની. કોઈ એક જાતની એવી ચીકાશ છે કે એની લાળ છૂટતી નથી. એક એવો જોરથી પુરુષાર્થ આવે છે, એને અહીંયાં એમ કહે છે કે મુશળધાર વરસાદ આવ્યો. શું કહ્યું ? એ પુરુષાર્થસૂચક છે. મુશળધાર વરસાદ

આવ્યો એમ કહી દીધું છે. ત્યાં એની એ મિથ્યાત્વની ચીકાશને તોડી નાખી, અનંતાનુબંધીની ચીકાશને પણ તોડી નાખી.

જેમ ચોથા ગુણસ્થાનનો પુરુષાર્થ અને મુનિદશાના પુરુષાર્થના તબક્કામાં ઘણો ફેર છે, એમ અહીંના તબક્કામાં ઘણો ફેર છે. એટલે તેથી શું ? એમ કરીને એ વાતને (કહી છે). અનુકૂળ છે, પૂર્વપર્યાય અનુકૂળ છે. સમ્યક્ સન્મુખની દશા છે. નયપક્ષવાળી દશા સમ્યક્ સન્મુખની દશા છે ત્યાં, તોપણ એમ કહી દીધું કે તેથી શું ? એવો શબ્દ વાપર્યો છે. 'અમૃતચંદ્રાચાર્યે' સંસ્કૃતમાં એવો શબ્દ વાપર્યો છે. તેથી શું થઈ ગયું ?

'ગુરુદેવે' બધું ખોલી ખોલીને બતાવેલું છે, હોં ! આ બધા વ્યાખ્યાનો બહુ સારા ચાલેલા છે. જ્યારે બધા વ્યાખ્યાનો થયેલા છે ૧૪૨, ૧૪૩, ૧૪૪. આ બધી ગાથાઓ ચાલતી ત્યારે ચાલુ દિવસમાં અમે સાંભળવા જતાં. અમસ્તા રવિવારે જતાં પણ આ ગાથાઓ આવવાની હોય તો ચાલુ દિવસે જઈએ. 'ગુરુદેવ' કહે કે કેમ ? કે ગાથા સારી હતી ને એટલે. ક્યાંથી ખબર પડી ? કે એવી થોડીક વ્યવસ્થા રાખીએ કે આવી ગાથા આવે તો કોઈક સમાચાર આપી દે.

૧૪૨નું એ મથાળું છે. '**ततः किम्**' નિશ્ચયનયથી, શુદ્ધનયથી આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે અને વ્યવહારનયથી આત્મા બદ્ધસ્પૃષ્ટ છે, એમ બંને નયનું તને વિચારજ્ઞાન વર્તે છે પણ તેથી શું ? એમ કહે છે. ગડબડ ગોટા હોય એનો તો કાંઈ પ્રશ્ન જ નથી. એનો કોઈ અહીંયાં ચર્ચાનો વિષય નથી. પણ તારા વ્યવહારનયનું જાણપણું, નિશ્ચયનય અનુસાર જાણપણું, તને સજણ આવી કે આ વ્યવહારનયથી આમ. પણ તેથી શું કહે છે ? '**ततः किम्**' આ 'અમૃતચંદ્રાચાર્યે' આટલું લખ્યું છે. '**ततः किम्**' એથી શું ? એથી કાંઈ નહિ. 'પક્ષથી અતિક્રાન્ત ભાખ્યો તે સમયનો સાર છે.' પક્ષાન્તિક્રાન્તમાં તું આવ. હજી પક્ષમાં ઊભો છો એ વાત અમને પસંદ પડતી નથી. આમ લીધું છે.

મુમુક્ષુ :- 'ન્યાલભાઈ' તો આગળ કહે, સમ્યગ્દર્શન હો ગયા તો ક્યા હો ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- ક્યા હો ગયા ? બધાને એમ જ છે પણ. બધા સમ્યગ્દષ્ટિને, સમ્યગ્દર્શનનું મહાત્મ્ય છે એના જ્ઞાનમાં છે, પણ પોતાની

વાતમાં એ વાત નથી. ન્યાયને તોળવાના કાટલા જુદાં જુદાં છે.

ન્યાયનો વિષય એટલે થોડો અટપટો છે. તમે મારા ઉપકાર કરો તો હું ઘણો ઉપકાર માનું. થોડો કરો તોપણ હું ઘણો માનું. અને હું તમારા ઉપર ઉપકાર કરું તો કાંઈ ન માનું. આનું નામ ન્યાય છે. આનું નામ ન્યાય છે. ન્યાય આખો જુદો વિષય છે.

એમ જ્ઞાનીને સમ્યગ્દર્શનનું મહાત્મ્ય છે. સમ્યગ્દર્શનની પ્રશંસા મુનિઓએ પણ ગ્રંથ ગ્રંથમાં કરી છે. અને સમ્યગ્દષ્ટિઓને એમ કહ્યું છે કે વાહ..! આ તો જિનેશ્વરનો લઘુનંદન છે. અમારી જાતમાં, અમારી નાતમાં ભળેલો છે અને આ અલ્પ કાળમાં સિદ્ધ થઈ જશે. એટલે એને ૧૪૪ ગાથામાં પરમાત્મા નામ આપી દીધું. પક્ષથી અતિક્રાન્ત થયો તો કહે પરમાત્મા (છે). 'અમૃતચંદ્રાચાર્યે' એને પરમાત્મા કહ્યો.

મુમુક્ષુ :- ચોથા ગુણસ્થાને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ચોથા ગુણસ્થાને. પરમાત્મા શબ્દ કહ્યો.

મુમુક્ષુ :- હજી પંચ પરમેષ્ઠીમાં નથી આવ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- ના, નથી આવ્યો તોપણ પરમાત્મા કહ્યો. સમયસાર, પરમાત્મા, પ્રત્યગ્જ્યોતિ, પરઆત્મા, જ્ઞાનાત્મા, પરમાત્મા એકસાથે આટલા બધા વિશેષણ વાપર્યા. બહુ ભાવ આવી ગયો તો અતિક્રાન્ત થયો ત્યાં પોતે એકસાથે ઢગલાબંધ વિશેષણ વાપર્યા. ૧૪૪ માં એ વિષય ચાલ્યો.

મુમુક્ષુ :- છે પણ એમ જ.

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ છે. પણ જ્યાં પોતાની વાત આવે છે તો એમ કહે છે કે સમ્યગ્દર્શન હો ગયા તો ક્યા હો ગયા ? સમ્યગ્દર્શન થઈ ગયું એટલે શું થઈ ગયું ? હજી મારે ઘણું બાકી છે.

'ગુરુદેવ'નો દાખલો આપું, એકવાર સાંજે 'સોગાનીજી'ની સાથે સાથે આહાર પછી આંટા મારતા હતા. (એક મુમુક્ષુએ) પૂછ્યું. 'ગુરુદેવે' વાત વાતમાં એમ કીધું કે બપોરે વાંચન શાસ્ત્રનું ખાનગીમાં આ કરીએ છીએ. આ શાસ્ત્ર અત્યારે ચાલે છે. પોતાની રૂમમાં સ્વાધ્યાય શું કરે છે એની કાંઈક વાત કરી. તો (એ મુમુક્ષુને) આશ્ચર્ય થયું. કે સાહેબ ! હજી આપ શાસ્ત્ર વાંચો છો ? આપને તો કેટલું અગાધ જ્ઞાન છે અને હજી પણ આપ શાસ્ત્ર વાંચવાનું કહો છો ! એટલે 'ગુરુદેવ' કહે, હજી તો

અનંતમા ભાગે જ્ઞાન છે. શું કીધું ? આ જ્ઞાન તો અનંતમા ભાગે છે. એમણે ભોળાભાવે પૂછ્યું. કે 'ગુરુદેવ'ને આટલું બધું જ્ઞાન છે અને હજી અંદર પુસ્તક અને શાસ્ત્ર વાંચતા હશે. રોજ રોજ શાસ્ત્ર વાંચે ! ભાઈ ! આ તો હજી અનંતમા ભાગે છે. જ્ઞાન કેટલું હોય ? એ તો સમ્યગ્દૃષ્ટિને ખબર છે કે અનંતજ્ઞાન શું ચીજ છે. આ તો અનંતમા ભાગે છે. આ શબ્દ વાપર્યો હતો પોતાને માટે. એમ જ છે પાછું, વસ્તુસ્થિતિ એમ જ છે.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી મુનિને ભાળે ત્યાં પગમાં પડી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલો મહિમા આવે. પગના તળિયા ચાટીએ એમ કહે છે. થોડી ભક્તિ છે કાંઈ ? ઘણો મહિમા આવે. પણ બારમા ગુણસ્થાનના છદ્મસ્થ જીવનું જ્ઞાન, ગણધરદેવનું જ્ઞાન કેવળજ્ઞાનથી અનંતમા ભાગે છે. અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના કરે એવો ક્ષયોપશમ લબ્ધિધારી છે પોતે, અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના કરે છે, (એ) કહે છે કે ક્યાં આપનું કેવળજ્ઞાન અને ક્યાં અમારું આ ક્ષયોપશમજ્ઞાન ? એ બોલ લીધો છે 'બહેનશ્રી'એ તો. મુનિરાજનો બોલ લીધો છે.

મુમુક્ષુ :- મુનિરાજ કહે છે, પાતળી ધારા અમને પોસાતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પોસાતું નથી. સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનવાળા એમ જોવે છે કે મુનિને તો સુખનો ધોધ પડે છે. આનંદના ફુવારામાં મુનિરાજ ન્હાય છે એટલે ટાઢ-તડકો એને સાંભરતા નથી. દેહનું ભાન ભૂલી જાય છે. પાંચ ઇન્દ્રિય અને મનમાં જાણે શરીરનો ઉપયોગ ખલાસ થઈ ગયો છે. એવી એની દશા જોવે છે. તો એ મુનિરાજ એમ કહે છે કે તું ભલે એમ કહે કે અમને મુશળધાર અંદર વરસાદ આવે છે અને આનંદના ફુવારા છૂટે છે. કેમકે ક્ષણે ક્ષણે ઉપયોગ થાય છે. પણ આ ધીમી ધારા અમને પોસાતી નથી. આ બધી વાતો આજે તો સાહિત્યમાં પ્રસિદ્ધ થઈ ગઈ છે. એમ ન્યાયનો વિષય જુદો છે. પોતાને માટે બીજી વાત છે, બીજાને માટે બીજી વાત છે.

મુમુક્ષુ :- પર્યાયની વાત આવી તો ....

પૂજ્ય ભાઈશ્રી :- એ બધી મર્યાદા પોતે જાણે છે. દ્રવ્યમાં તો વેદન લેવું હોય તો વેદનને ગૌણ કરે તો એને ઊભો રાખી દે.

નિશ્ચયાભાસીને સમજાવવા માટે 'ટોડરમલજી'એ જ્યારે વિષય

લીધો કે તું પર્યાયને ગૌણ નથી કરતો. તું પર્યાયને પર્યાયસ્વરૂપે માનવા તૈયાર નથી એવું લાગે છે. તારો આભાસ જોતાં. તો અમે તને એમ કહેવા માગીએ છીએ કે દ્રવ્ય છે એ બીજું કાંઈ નથી, અનાદિઅનંત પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે. બોલ તારે શું કહેવું છે ? શું કીધું એને ? એને દ્રવ્યને એકલી પર્યાયસ્વરૂપે બતાવ્યું. આખા દ્રવ્યને એકલી પર્યાયના સ્વરૂપે જ બતાવ્યું. એક એવા નયથી વાત કરી એણે. પર્યાયનયથી વાત કરી કે અનાદિઅનંત પર્યાયોનો પિંડ તે દ્રવ્ય છે. આ તને સમજાય છે ને ? પછી દ્રવ્યની વાત કર.

મુમુક્ષુ :- સિદ્ધની પર્યાય ... બધી પર્યાયો આવી ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- બધી આવી ગઈ. દ્રવ્ય તો એ રૂપે પરિણમ્યું જ છે ને ? દ્રવ્ય જ પરિણમ્યું છે ને બીજું કોણ પરિણમ્યું છે ? એ કોઈ બીજી ચીજ છે ? દ્રવ્યનું જ પરિણમન છે. નિગોદનું હો કે સિદ્ધનું હો. એ બધી પર્યાયો અનાદિઅનંત. કોઈ પર્યાય બાકી નહિ. બાકી અમુક અનાદિની બાકી, અમુક અનંતની બાકી એમ નહિ. બસ, આ દ્રવ્ય છે. એ બહુ ગજબ વાતો કરી છે જ્ઞાનીઓએ ! કેમકે એને કયો ડોઝ દેવો એ એ સમજે છે. કયા રોગીને કયો ડોઝ આપવો એ એ સમજે છે.

મુમુક્ષુ :- પરિણામનો પિંડ દ્રવ્ય છે ?

પૂજ્ય ભાઈશ્રી : હા. અનાદિઅનંત પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે. એમ જ છે. પર્યાયનયે એમ જ છે. કેમકે બીજું શું છે ? એ સિવાય શું છે ? દ્રવ્ય પરિણમે છે તો અનાદિઅનંત પર્યાયરૂપે પરિણમે છે તો અંદર હોય છે એ બહાર આવે છે, કાંઈ અદ્ધરથી બહારથી કોઈ પર્યાય આવે છે ? પર્યાયનયે આમ છે. પર્યાયનયે આવું દ્રવ્ય છે.

મુમુક્ષુ :- નિશ્ચયાભાસીને ડોઝ આપ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્યનયે બીજી વાત છે પણ પર્યાયનયે આમ વાત છે. એ ગુણોની વાત દ્રવ્યનયે છે. ગુણનય ક્યાંય છે નહિ. ક્યાંય ગુણનો નય નથી. પર્યાયનય છે અને દ્રવ્યનય છે. બે નય છે. બહુ ગજબ પદ્ધતિ છે. જૈનદર્શનની પદ્ધતિ છે ને એ કેવળજ્ઞાન અનુસાર બધો વિષય ચાલે છે. કોઈ બીજી આડીઅવળી વાત ચાલે એવું નથી.

મુમુક્ષુ :- આખા જગતની રમત પર્યાય ઉપર છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બીજું શું જોવે છે ? પર્યાય ઉપર જગતની

નજર છે અને એટલે જ બધા તોફાન થાય છે, ગડબડ થાય છે. કેમકે એકલી પર્યાયને જોવે છે. પર્યાયને જોતા વ્યામોહ થયા વિના રહે નહિ. બધીને જોવે તો ન થાય પાછો. કારણ કે બધીમાં દ્રવ્ય આવે.

જેમ એક જ રજકણ જે વિષ્ટાના છે, એ જ ગાયનો ખોરાક થાય છે, એ જ રજકણો દૂધરૂપે પરિણમે છે, એ જ રજકણો મલાઈરૂપે, માવારૂપે થાય છે, એ જ મીઠાઈરૂપે થાય છે અને એ જ રજકણો પાછા વિષ્ટારૂપે થાય છે. આખી સર્કિટ પૂરી થાય છે. જો બધી પર્યાયોને જોવે તો એને દ્રવ્ય દેખાય. તો એને ક્યાંય વ્યામોહ ન થાય. અને નહિતર વિષ્ટા જોઈને દુર્ગંછા આવ્યા વિના ન રહે અને મીઠાઈ જોઈને એને રાગ થયા વિના ન રહે. રાગ અને દ્વેષ બંને માત્ર પર્યાયને જોવે તો થાય. 'વસ્તુગતે વસ્તુ વિચારે તે વિરલા જગ જોવે રે.' એને વસ્તુની દૃષ્ટિથી જુઓ એમ કહે છે. માત્ર પર્યાયની દૃષ્ટિએ ન જુઓ.

મુમુક્ષુ :- દ્રવ્યમાંથી પર્યાય દ્રવી એ પણ ગુણ જ છે ને આમ તો ?

પૂજ્ય ભાઈશ્રી :- એ એનો સ્વભાવ છે. પર્યાયરૂપે પરિણમવું એ વસ્તુનો સ્વભાવ છે. પરિણામ સ્વભાવ લીધો છે. ઉત્પાદ્ય-વ્યય ધ્રૌવ્યાત્મક પરિણામ સ્વભાવ છે. ધ્રુવ રહીને પરિણમે છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ્યાત્મક પરિણામ સ્વભાવ છે. પરિણામ સ્વભવની એવી વાત ચાલી છે. એક એક વાતમાં બહુ ઊંડાણ છે. એ તો પૂરી નવરાશ લઈને, પૂરો પાછળ પડીને આ બધા વિષયમાં જાવું જોઈએ. તો એનો છૂટકારો થાય. નહિતર ક્યાંય એને જે અસમાધાન છે એ મટે એવું નથી. એટલું અસમાધાન એની પાસે છે કે એને કોઈ સમાધાન થાય એવું નથી.

મુમુક્ષુ :- પર્યાય અને દ્રવ્ય તો ધર્મ છે. એમ ગુણને પણ ધર્મ કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અનંત.

મુમુક્ષુ :- પણ પર્યાયને ગુણ ન કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાયને ગુણ ન કહેવાય. ગુણને અનંત ધર્મ, પર્યાયને અનંત ધર્મ, દ્રવ્યને અનંત ધર્મ. બધાયને ધર્મ જુદાં. એના કેરેક્ટર છે. એ એના કેરેક્ટર્સ કહેવાય છે કે એને પોતપોતાના ધર્મ છે. પર્યાયને પર્યાયધર્મ છે, ગુણને ગુણધર્મ છે, દ્રવ્યને દ્રવ્યધર્મ છે. એટલે બંને વચ્ચે આપસ-આપસમાં, અન્યોઅન્યમાં અન્યત્વ છે. અથવા

અન્યત્વ ન કહો તો અતદ્‌ભાવરૂપ છે. ગુણભાવ એ પર્યાયભાવ નથી, પર્યાયભાવ એ ગુણભાવ નથી. દ્રવ્યભાવ એ ગુણભાવ નથી, દ્રવ્યભાવ એ પર્યાયભાવ નથી, પર્યાય ગુણભાવે કે દ્રવ્યભાવે નથી. એમ આપસમાં પરસ્પર એકબીજાના ભાવ જુદા છે. કેમકે બધાના ધર્મ જુદા છે. એમ છે.

મુમુક્ષુ :- .. ભાવ બતાવવાનું સ્વરૂપ શું ?

પૂજ્ય ભાઈશ્રી :- ના. એનું સ્વરૂપ તો સમજવું જોઈએ ને ? આગમ અનુસાર પદાર્થની વ્યવસ્થા શું છે એ તો સમજવું જોઈએ.

મુમુક્ષુ :- લાભ..

પૂજ્ય ભાઈશ્રી :- અસમાધાન ન થાય. એ વિષયનું અસમાધાન ન થાય. બુદ્ધિપૂર્વક એ પ્રકારનું અસમાધાન વર્તતું હોય તો એની આંટ પડી હોય એ છૂટી જાય. બુદ્ધિમાં આંટી પડે છે. બુદ્ધિમાં જુદી જુદી જાતની આંટી ઊભી થાય છે, ગાંઠો ઊભી થાય છે. બુદ્ધિ સૂતર જેવી છે. તો એ જાતની ગાંઠ પડી હોય એ છૂટી જાય. બાકી એથી વધારે કોઈ પ્રયોજન નથી એનું. તિર્યંચોને ક્યાં ખબર છે એ બધી ? ત્યાં બુદ્ધિની આંટી નથી હોતી તો વાંધો નથી આવતો. આંટી હોય તો એને પણ તકલીફ પડે.

એટલે પૂર્વે એણે શાસ્ત્ર સમજતા કેવી આંટી નાખી છે એ બહુ જવાબદારીવાળો વિષય છે. શાસ્ત્ર સમજવું એ કાંઈ જવાબદારી વિનાનો વિષય નથી. બહુ જવાબદારીવાળો વિષય છે. શાસ્ત્રની અંદરથી જો એ પોતાની કલ્પનાએ ચડીને બુદ્ધિને આંટી મારી દે અને કલ્પના કરી લ્યે (તો) ઉકેલવું બહુ મુશ્કેલ છે. પછી ગાંઠ ખોલવી મુશ્કેલ છે. અને એટલા માટે ખાસ કરીને દ્રવ્યાનુયોગના આગમો જ્ઞાનીની સમીપે, જ્ઞાનીને આશ્રયે અધ્યયન કરવાનો ઉપદેશ છે, મુમુક્ષુને ભલામણ છે.

'શ્રીમદ્‌જી'એ આ વિષય બહુ ચોખ્ખો કર્યો છે કે દ્રવ્યાનુયોગનું જ્ઞાન તું એમ ને એમ તારી મતિકલ્પનાએ કરીશ તો તું ક્યાંનો ક્યાં ચડી જઈશ તને ખબર નહિ પડે. આ વિષય સાધારણ નથી. જેમ ભારે ઔષધ છે એ વૈદ્યની સમીપતામાં જ લેવાય છે. વૈદની ગેરહાજરીમાં એવા અમુક ઔષધો નથી લેવાતા. કેમકે એ આખી ખતરનાક

પરિસ્થિતિ ઊભી કરે.

એવી સ્થિત આ છે કે તારી સ્થિતિ હજી અનુભવ વિનાની પાંગળી છે અને તું જલદ ઔષધ લે તો તારો પત્તો નહિ ખાય, ક્યાં વયો જઈશ એ. બહુ ભલામણ કરી છે. આ દ્રવ્યાનુયોગનું જ્ઞાન યથાતથ્ય કરતા ઉપયોગ સ્થિર થાય નહિ, ઉપયોગ શુક્લધ્યાન સુધી જાય એવું આ દ્રવ્યાનુયોગનું આગમ છે. શુક્લધ્યાન સુધી જાય. દ્રવ્યથી દ્રવ્યાંતર, ગુણથી ગુણાંતર ઉપયોગ અંદરમાં ન થાય. એ દ્રવ્યાનુયોગને તો શુક્લધ્યાનનું કારણ લીધું છે. ધર્મધ્યાન તો થાય જ. એમાં શું નવાઈ છે ? શુક્લધ્યાન થાય અને જેના અનંતર પરિણામે કેવળજ્ઞાન ઊપજે. એવો વિષય છે આ.

અમુક પત્રો એવા છે. ૫૭૫, ૫૭૨ પત્રો જ એવા છે. એમાં 'શ્રીમદ્જી'એ આવી બહુ ભલામણો લખી છે. અને એ બધી વાતો પોતે અનુભવથી લખી છે. કેમકે જાતિસ્મરણ હતું ને. એટલે એમણે ગોથા ખાધા છે, નથી ખાધા એમ નહિ. એમણે પણ ગોથા ખાધા છે. પછી આ બધી વાતો લખી છે. એટલે એકદમ અનુભવનો નિચોડ છે એ બધો, સામાન્ય વાત નથી. કોઈ ફેંકાફેંકી કરી છે એવી વાત નથી.

મુમુક્ષુ :- ક્ષયોપશમ ઘણો.

પૂજ્ય ભાઈશ્રી :- ઘણી શક્તિ, બહુ નિર્મળતા. એકભવતારી એટલે પંચમકાળમાં તો એમણે પૂરું કામ કર્યું. ચરમશરીરી જેવું કામ કર્યું ! પંચમકાળમાં આવ્યા એટલે એટલા પૂર્વ સંસ્કાર જોરદાર લઈને ન આવ્યા કે અહીંયાં પૂર્ણ પુરુષાર્થ કરે. મુનિદશાની ભાવનામાં તો આવ્યા છે. પૂર્ણતાની ભાવનામાં કેવા આવ્યા છે ! પણ પુરુષાર્થ એટલો ન થાય એવી સ્થિતિ લઈને આવ્યા. પણ એક જ ભવ જો એને બાકી રહ્યો એમ કહ્યું, તો એણે તો આ કાળમાં તો પૂરું કામ કરી લીધું. આ કાળ પૂરતું પૂરું કામ કરી લીધું કહેવાય. ચરમશરીરી જેવું કામ કર્યું કહેવાય. એમની તો ઘણી શક્તિ હતી.

આજે 'શ્રીમદ્જી'ના પત્રોનો પ્રચાર તો આપણા સૌરાષ્ટ્ર, ગુજરાતમાં જ વધારે છે. મુંબઈ સુધી. અને સૌરાષ્ટ્ર, ગુજરાતમાં છે. ઓલી કોર તો છે નહિ. દિગંબર સમાજ જ્યાં મોટો છે તમારે મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, ત્યાં 'શ્રીમદ્જી'નો એટલો પ્રચાર

નથી. એટલે એ વિષયથી લોકો બહુ વંચિત છે. એ સમાજ જ્ઞાની આજ્ઞા શું ? જ્ઞાનીની નિષ્ઠા શું ? એનો આશ્રય શું ? એની સમીપતા શું ? એની ભક્તિ શું ? એનું મહત્ત્વ શું ? મુમુક્ષુને મોક્ષમાર્ગમાં દાખલ થવા માટે એનું મહત્ત્વ શું એ વિષયથી લોકો બહુ અજાણ્યા છે, ઘણા અજાણ્યા છે.

મુમુક્ષુ :- આપણે જે રીતે 'શ્રીમદ્'ને ઓળખી શકીએ છીએ એટલો ત્યાં ... સમજી શકે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે તો મેં આ વખતે 'આગ્રા'ની અંદર એ વિષય લીધો હતો. ત્યાં તો 'આગ્રા'ની શિબિરમાં તો 'શ્રીમદ્ રાજચંદ્ર'નો ગ્રંથ કોની પાસેથી મગાવવો ? એ વિચાર થયો. મુમુક્ષુઓના ઘરમાં કોઈની પાસે ગ્રંથ નહિ. પછી (આપણા એક મુમુક્ષુ) સાંભળવા આવતા હતા. મેં કીધું, તમારી પાસે હશે. તો કહે, હા છે મારી પાસે. અહીં ઘણું રહેલા ને. એમના ઘરેથી મગાવ્યો હતો. મારે આધાર જોવા જોઈશે ક્યાંક-ક્યાંક. અને એ વિષય ચાલશે. એ વિષયમાં એમને 'શ્રીમદ્ રાજચંદ્રજી'નું વ્યક્તિત્વ શું હતું એ વિષયમાં પણ પછી ઘણી વાતો ત્યાં શિબિરમાં ચાલી હતી. પણ એને ઓળખવાનો વિષય છે. એ બધી વાતથી જ્ઞાનીના સ્વરૂપને ઓળખવાનો વિષય છે. વ્યક્તિ તો બહાનું છે એક. પણ કોઈપણ જ્ઞાનીના સ્વરૂપને ઓળખવાનો વિષય છે.

શું કહે છે ? તે અનુભવ ધરાધર જાગતા '**દુઃખદાવાનળ રંચ પણ રહેતો નથી.**' ત્યાં તો એને જરાય દુઃખ નથી. '**મુનિજનો સ્વાનુભવને ભવવાસ ઘટાનો નાશ કરવા માટે પરમ પ્રચંડ પવન કહે છે.**' પ્રચંડ પવન કહે છે. વંટોળિયો જેમ જંગલના જંગલ સાફ કરી નાખે એવો પ્રચંડ પવન ઊભો થાય કે મોટું જંગલ હોય એ સાફ મેદાન કરી નાખે. મૂળથી ઝાડને તો ઉખેડી નાખે પણ ઉખેડેલા ઝાડને ફેંકી દે ક્યાંયને ક્યાંય. મેદાન કરી નાખે. એવું જે અનાદિથી ચોરાશી લાખ યોનિમાં ભવવાસનું ગાઢ જંગલ હતું એને અનુભવ સાફ કરે છે. અનુભવ આવું કામ કરે છે. સ્વાનુભવ આવું કામ કરે છે.

બીજા શાસ્ત્રોમાં તો સ્વાનુભવની એવી સરખામણી આપી છે કે મિથ્યાદૃષ્ટિને અજ્ઞાની જીવ હજારો વર્ષની તપ ને સંયમની તપશ્ચર્યાની સ્થિતિ હોય, કોટિ જન્મો સુધી, કરોડો જન્મો સુધીની એક ધારી

તપશ્ચર્યા કરે એ સમ્યગ્દૃષ્ટિ સ્વાનુભવ (કરે) તો ક્ષણમાત્રમાં (કરે). એટલી નિર્જરા તો એને ક્ષણમાત્રમાં થાય છે. જેટલી નિર્જરા એને એની તપશ્ચર્યાથી થાય, સ્વાનુભવમાં એક ક્ષણમાં થાય.

મુમુક્ષુ : એનાથી ઘણી નજીક થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- કોટિ જન્મ તપ તપૈ ...

પૂજ્ય ભાઈશ્રી :- સહજ ટળે છે.

મુમુક્ષુ :- આવી મોટી ભૂલ કેમ થાતી હશે ?

પૂજ્ય ભાઈશ્રી : હા, થાય છે. એને માર્ગદર્શન નથી મળ્યું કે આ ચીજ પહેલા લેવાય કે આ ચીજ પહેલા લેવાય ? અજ્ઞાનીઓના રવાડે ચડી જાય. એને જે બતાવનારા મળે એ પ્રમાણે એ ચાલ્યો જાય. દુનિયામાં તો અનેક માણસો આ ઉપદેશની વાત લઈને બેઠા છે. કોનો ઉપદેશ સાંભળવો એ વિવેક કરવા જેવો વિષય છે. એમાં પણ જવાબદારી છે. એટલે એવું બધું થાય છે.

મુમુક્ષુ :- એક ક્ષણનો સ્વાનુભવ અનંત જન્મ-મરણનો નાશ કરનાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઓહો...! અનંત જન્મ-મરણનો. ભવવાસ ઘટાનો નાશ કરવાનો એ પરમ પ્રચંડ પવન છે. એમને શબ્દો ઓછા પડે છે. પ્રચંડ પવન ન કીધું. પરમ છેલ્લી કક્ષાનો જે પરમ પ્રચંડ પવન છે. ખલાસ કરે. એક ક્ષણનો સ્વાનુભવ ભવના ભુક્કા બોલાવી દે છે. એ કોઈ અતિશયોક્તિ નથી. એક્ઝેટ બરાબર આ પરિસ્થિતિ છે. કાંઈ એક જરાપણ એમાં અતિશયોક્તિ નથી, એક ટકાની અતિશયોક્તિ નથી એની અંદર. વસ્તુસ્થિતિ આ છે.

મુમુક્ષુ :- આવા સ્વાનુભવીને પરમાત્મા જ કહેવાય ને !

પૂજ્ય ભાઈશ્રી :- બીજું શું છે ? હજી કહેશે, અહીંયાં પણ કહેશે.

જુઓ. અહીં ૫૫ પાને. '**(અનુભવ વિના) તર્ક, પુરાણ, વ્યાકરણ ખેદ છે, ગામમાં ગાય, શ્વાનની જેમ અને વનમાં હરણાદિની જેમ અજ્ઞાન તપસી છે, પુરુષ ગમે ત્યાં રહે,...**' કોણ ? અનુભવીપુરુષ. '**ગમે ત્યાં રહે, અનુભવપ્રસાદથી તે (સદા) પૂજ્ય છે,...**' લખ્યું છે ? ૨૦૦-૨૫૦ વર્ષ પહેલા આ લખ્યું છે. વર્તમાન

પરિસ્થિતિ ઉપર લખ્યું છે એવું નથી. સદા પૂજ્ય છે એમ લખ્યું છે.

**'અનુભવસુધાનું પાન કરી...'** અનુભવ અમૃતનું પાન કરીને **'અનેક ભવ્ય જીવ અમર થયા.'** અમર થયા એટલે જન્મ-મરણ રહિત થયા. એના જન્મ-મરણ મટી ગયા. તારે હવે મરણને ટાળવું હોય તો અમૃતનો કૂવો અંદરમાં જ છે. ક્યાંય બહાર લેવા જવું પડે એવું નથી એમ કહે છે. વિશેષ લઈશું...

ધર્મ પ્રાપ્તિનું ફળ મહાન છે, શાશ્વત કલ્યાણનો માર્ગ છે. તોપણ તે માર્ગ પરમ ગંભીર છે. યદ્યપિ જ્ઞાનમાર્ગ દુરારાધ્ય છે, તોપણ તે વિના નિસ્તાર નથી. જો કે જ્ઞાનદાતા એવા સત્પુરુષની કાળે આ પરમ દુર્લભતા છે. છતાં પુણ્યયોગે, શ્રીગુરુએ માર્ગ પ્રકાશ્યો છે, અને માર્ગના રહસ્યો ખુલ્લાં મૂક્યા છે. જેનું ગ્રહણ થવા અર્થે તથારૂપ પાત્રતા અપેક્ષિત છે, કારણ કે અમૂલ્ય એવા સિદ્ધાંત જ્ઞાનનો આ વેપાર છે. જેમાં પ્રયોજન સંધાય જાય તો જીવ તરી જાય તેવું છે. નહિ તો પ્રયોજનભૂત વિષયમાં, મતિદોષને લીધે, યથાયોગ્ય પાત્રતા નહિ હોવાથી, વિપર્યાસ થતાં, ગૃહિત મિથ્યાત્વમાં જીવ આવી જાય છે. તેથી પરમ તત્ત્વ નિજપદના વિષયમાં અને સ્વરૂપ પ્રાપ્તિના સાધનના વિષયમાં, ક્યાંય પણ કલ્પના નહિ કરતાં, જિજ્ઞાસુ રહેવું તે વધુ સારું છે. જ્ઞાનીની આજ્ઞાએ, સ્વચ્છંદ નિરોધપણે, મોક્ષાભિલાષીએ, પૂરી સાવધાની, સરળતા અને ધીરજથી આગળ વધવા જેવું છે. અગંભીરતા, અધીરજ, અસરળતા, નુકસાનકારક છે.

(અનુભવસંજીવની - ૮૫૦)

## તા. ૨૯-૧-૧૯૮૯, પાના નં. ૫૪, પ્રવચન નં. ૧૦૯

પાનું-૫૪. પેરેગ્રાફથી નીચે. અનુભવનો, સ્વાનુભવનો અહીંયાં મહિમા કર્યો છે. સ્વાનુભવ છે તે પ્રગટ થતાં. ધારાધર જાગતાં, પ્રગટ થવાનો અર્થ લીધો છે. એકદમ પુરુષાર્થની પ્રચંડતાથી અનુભવની શરૂઆત થતાં અવસ્થામાં-દશામાં દુઃખનો અંશ પણ રહેતો નથી. એકદમ અસંખ્ય પ્રદેશે આનંદ ઉભરાય જાય છે. એમ લેવું. નિરાકુળ આનંદનો સ્વાદ સ્વાનુભવના કાળમાં સર્વ પ્રદેશેથી સ્વરૂપમાંથી-આત્મદ્રવ્યમાંથી ઉત્પન્ન થાય છે અને ત્યાં જરાપણ દુઃખનો અનુભવ રહેતો નથી, એમ કહેવું છે. રંચ પણ રહેતો નથી-થોડો પણ દુઃખનો અનુભવ ત્યાં રહેતો નથી.

કોઈને તો ગુણસ્થાનનું જ્ઞાન ન હોય. ગુણસ્થાનનું જ્ઞાન-જાણપણું ન હોય. ગુણસ્થાનનું જાણપણું ન હોય તો એને એમ લાગે કે કેવળજ્ઞાન જેમ આત્માનો અનુભવ કરે છે, એમ હું જ્ઞાનથી કેવળ આત્માનો અનુભવ કરું છું. અથવા મારું જ્ઞાન માત્ર કેવળ-કેવળ મારું જ્ઞાન મારા આત્માનો જ અનુભવ કરે છે. 'શ્રીમદ્જી'એ એવો અર્થ લીધો છે. 'કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન.' અખંડ ભાવે માત્ર આત્માનું જેને જ્ઞાન વર્તે છે એને કેવળજ્ઞાન કહીએ. કેવળજ્ઞાન એટલે સર્વને જાણે એ તો સર્વજ્ઞનું જ્ઞાન. આ કેવળજ્ઞાન છે. કેવળ જ્ઞાન છે. પછી એનો રૂઢિ અર્થ સર્વજ્ઞજ્ઞાન કરી નાખ્યો છે. સર્વને જાણે એવું. સર્વજ્ઞપણું કેવળજ્ઞાનના કાળમાં હોય છે એટલે એ રૂઢિઅર્થ થઈ ગયો છે. વસ્તુતાએ તો શુદ્ધોપયોગ થઈને જ્ઞાન કેવળ આત્માને જ જાણે અને બીજા અન્ય કોઈ જ્ઞેયને ન જાણે, ત્યારે એને ખરેખર કેવળજ્ઞાન કહેવામાં આવે છે. આમ કેવળજ્ઞાનનો અર્થ છે. ભાવ અનુસાર તો એવો કેવળજ્ઞાનનો અર્થ છે. એટલે ૧૪૩ ગાથામાં કેવળીની સાથે સરખામણી કરી છે.

મુમુક્ષુ :- કેવળજ્ઞાનમાં પરપ્રકાશ આવી જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પર નથી એમાં એવું પરપ્રકાશકપણું આવી ગયું. એવો વિકલ્પ નથી. પણ પરના અભાવનું જ્ઞાન એ પણ પરનું જ

જ્ઞાન છે. સ્વાનુભવ થયો એમાં એટલી તો ખબર પડી ને કે અહીંયાં રાગ પણ નથી અને અહીંયાં પરદ્રવ્ય પણ નથી. જ્યારે પોતાના સ્વરૂપનો, માત્ર સ્વરૂપનો અનુભવ થયો ત્યારે એ સ્વરૂપમાં માત્ર સ્વરૂપ જ છે અને કોઈ અન્ય દ્રવ્ય નથી, અન્ય ભાવ નથી એવું જ્ઞાન થઈ ગયું. ખાંડ જેણે ખાધી એને ખબર પડી કે આ ખાંડ જ છે. એટલે એમાં ખાંડ સિવાય મીઠું નથી અને બીજું કોઈ નથી એમ એમાં આવી ગયું. બીજું જ્ઞાન થઈ ગયું કે ન થઈ ગયું એ ?

મુમુક્ષુ :- કેવળજ્ઞાનીના કેવળજ્ઞાનમાં, આ કેવળજ્ઞાનમાં શું ફેર ?

પૂજ્ય ભાઈશ્રી :- એક ન્યાયે ફેર નથી. સ્વાનુભવની દૃષ્ટિએ તારતમ્યતા ભેદ બાદ કરો તો વિષયનો ફેર નથી. વિષય સરખો છે. પરિપૂર્ણ આત્મા એ ઉપયોગનો વિષય છે, અનુભવનો વિષય છે અને એનું આસ્વાદન, સ્વસંવેદન પણ છે. સ્વસંવેદનમાં તારતમ્ય ભેદ છે. બાકી બધું સરખું છે.

એના ઉપર એક પદ લીધું છે, એક લીટી લખી છે એમાં, **'મુનિજનો સ્વાનુભવને ભવવાસ ઘટાનો નાશ કરવા માટે પરમ પ્રચંડ પવન કહે છે.'** એક ને બેય લઈ લીધું છે. ભવવાસ ઘટા એટલે વાદળ. અને પરમ પ્રચંડ પવન કહે છે. એના ઉપર 'જ્ઞાનદર્પણ'નું ૧૨૭ મું પદ ઉદ્ધરણ કર્યું છે. એમ કહીને એમ કહેવું છે કે પરમાગમોમાં મુનિજનોએ પણ સ્વાનુભવની પ્રશંસા કરી છે, સ્વાનુભવની મહિમા કરી છે, એમ લેવું છે.

**અનુભૌ અખંડ રસ ધારા પર જગ્યૌ જહાં,**
**તહાં દુઃખ દાવાનલ રંચ ન રહતું હૈ;**

જ્યાં અખંડ રસધારાએ સ્વાનુભવ પ્રગટ થયો ત્યાં દુઃખદાવાનળ જરા પણ રહેતો નથી. દુઃખનો અંશ પણ ત્યાં રહેતો નથી. થોડું પણ દુઃખ અનુભવગોચર ત્યાં થતું નથી, જરાય દુઃખનો અનુભવ થતો નથી. એકદમ આનંદ... આનંદ... આનંદ... આનંદથી પરિણામ એટલું છલકાય છે કે જાણે આનંદ પરિણામમાં માતો નથી. એ બતાવવું છે.

**કરમ નિવાસ ભવવાસ ઘટા ભાનવેકૌં,**
**પરમ પ્રચંડ પૌનિ મુનિજન કહતુ હૈં.**

ખરેખર તો અહીંયાં એ પદનો અર્થ કર્યો છે. પોતે જે

'જ્ઞાનદર્પણ'માં પદ લખ્યું છે એનો જ ઉપર અર્થ કર્યો છે કે ભવરૂપી વાદળનો નાશ કરવા માટે. કર્મનો જ્યાં નિવાસ છે, કર્મનું જે સ્થાન છે એવો જે ભવનો વાસ છે. ઘટા એટલે વાદળની જેમ એકદમ ઘટ્ટ છે. એને તોડવા માટે, એનો નાશ કરવા માટે **'પરમ પ્રચંડ પૌનિ...'** પરમ પ્રચંડ પવન છે એમ મુનિજન કહે છે. જેમ પવનનું મોટું તોફાન હોય, ગમે એટલા ઘટાટોપ વાદળા થયા હોય તોપણ ઘડીકમાં ક્યાંયના ક્યાંય ચાલ્યા જાય. પવનથી વાદળા ખસી જાય છે. નાશ થઈ જાય છે. એની ઉપમા મુનિજનોએ શાસ્ત્રમાં આપી છે. એટલે જેને અનુભવ થાય છે એને અનંત ભવનું બીજ નાશ થતાં અનંત ભવનો નાશ થઈ ગયો એમ કહેવામાં આવે છે.

**'યાકૌ રસ પિયૈં ફિર કાહુકી ન ઇચ્છા હોય,'** જેનો આનંદરસ પીવાથી પછી કોઈની ઇચ્છા રહેતી નથી. જીવને જે અનેક પ્રકારની ઇચ્છા થાય છે કે આ જોઈએ... આ જોઈએ... આ જોઈએ... આ જોઈએ, એ ઇચ્છાની કદિ તૃપ્તિ થતી નથી. એવી ઇચ્છાઓ થયા જ કરે છે. એનો ઉપાય શું ? કે એનો ઉપાય આત્માના આનંદનો અનુભવ થાય, આનંદનો રસાસ્વાદ આવે ત્યારે એને એ ઇચ્છા નાશ પામે. એ પહેલા એને ઇચ્છા નાશ પામવાનો કોઈ પ્રકાર નથી. ઇચ્છા આકુળતા સ્વરૂપ છે અને સમયે સમયે જીવની આકુળતા (વધતી જાય છે). ઇચ્છા તો એમ દેખાય છે કે આટલી જ ઇચ્છા છે કે હજી મારી ખાવાનું બાકી છે તો હું જમી લઉં. અથવા આટલું જ જોઈએ મને. આથી વધારે જરૂર નથી. એવું કાંઈપણ છે એમ ખરેખર નથી. અભિપ્રાયમાં તો આખું જગત જોઈએ છે. એ ઇચ્છાને જગત પણ ઇચ્છાને નાનું પડે છે. ભગવાને એક જીવની ઇચ્છા એવડી મોટી જોઈ છે કે જેમાં આખું જગત એક પરમાણુ જેવડું થઈ જાય છે. એટલી એની ઇચ્છા મોટી છે. તો આકુળતા કેટલી એની પાછળ ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એટલું બધું મેળવવામાં અભિપ્રાયની અંદર આકુળતા કેટલી હોય ? ભલે ઉપયોગ તો ખાલી એક ઇચ્છાનો છે, પણ અભિપ્રાયની દૃષ્ટિએ કેટલી આકુળતા થાય ? એટલે ભલે ઇચ્છા એક એક પદાર્થની થાય છે તોપણ એ ઇચ્છા છે એ સતત

ચાલ્યા કરે છે એનું કારણ એ છે કે એની ઈચ્છા આખા જગતને ગ્રહણ કરી લેવાની છે. જગત પણ એને ઓછું પડે છે એટલી મોટી એની ઈચ્છા છે. એ ઈચ્છાનો ભડકો અગ્નિ જેવો છે. જીવની શાંતિને એ દઝાડે છે. અને એ ઈચ્છાનો ભડકો શાંત કરવા માટે આત્માની શાંતિ સિવાય આત્માના આનંદ અને શાંતિના શાંત જળ સિવાય એ અગ્નિ બુઝાય એવું નથી, એ અગ્નિ શાંત પડે એવું નથી અને જીવનું દુઃખ કોઈ રીતે મટે એવું નથી.

**યાકૌ રસ પિયૈં ફિર કાહુકી ન ઈચ્છા હોય,**
**યહ સુખદાની સબ જગમેં મહતુ હૈ;**

આવી જે સુખદાની છે, સ્વાનુભૂતિ છે એ સુખદાની છે. જેમ ફુલદાનીમાં ફુલ રહે છે, સાબુદાનીમાં સાબુ રહે છે એમ સ્વાનુભૂતિમાં સુખ રહે છે. એ એની સુખદાની છે. ત્યાં સુખનો નિવાસ છે. આખા જગતમાં એની મહત્તા છે. બીજા કોઈ પદાર્થની એની પાસે મહત્તા નથી. જેનો રસ પીવાથી કોઈ પદાર્થની ઈચ્છા ન થાય અને જગતમાં આ જ સર્વથી મહાસુખદાની છે.

'**આનંદકૌ ધામ અભિરામ યહ સન્તકૌ,**' એ આનંદનું ધામ છે. અને સંતોને આરામનું સ્થાન છે એ. સંતો ત્યાં સ્વાનુભવમાં આરામ કરે છે, વિશ્રામ કરે છે. એનું વિશ્રામસ્થાન બીજે ક્યાંય નથી. લોકોને ઘર છે એ વિશ્રામસ્થાન છે, રાજાને રાજમહેલ એ એનું વિશ્રામ સ્થાન છે. સંતોને એનો સ્વાનુભવ છે એ એનું વિશ્રામસ્થાન છે. આમ લીધું છે.

**આનંદકૌ ધામ અભિરામ યહ સન્તકૌ,**
**યાહીકે ધરૈયા પદ સાસતૌ લહતુ હૈ.**

જેને ધારણ કરનાર શાશ્વત પદને પ્રાપ્ત કરે છે. લહે છે એટલે પ્રાપ્ત કરે છે. જે આનંદધામનો અનુભવ કરતા, એ શાશ્વત પદમાં આરામ કરતા, પછી સાદિ અનંત કાળ પર્યંત એને કદિ દુઃખ ભોગવવું પડતું નથી. કોઈપણ પ્રકારનું દુઃખ ભોગવવું પડતું નથી. અને આનંદનો જ અનુભવ એમાં રહે છે. શાશ્વતપણે ! એવા શાશ્વત સ્વરૂપને પ્રાપ્ત કરે છે. અનુભવથી શાશ્વત સ્વરૂપને પ્રાપ્ત કરે છે. અજરઅમર પદને પ્રાપ્ત કરે છે એ હવે લે છે. હવે એ જ વાત કરે છે.

'**અનુભવસુધાનું પાન કરી અનેક ભવ્ય જીવ અમર થયા.**' અનેક

ભવ્ય જીવોને જન્મ-મરણનો નાશ થયો. વળી કોઈ એમ કહે કે આવું તો કો'કને ક્યારેક કદિક બનતું હશે. એટલે આ તો બધી અપવાદરૂપ વાત છે. જગતમાં આવું બની શકે નહિ. એને એમ કહે છે કે સંખ્યાએ આવું બન્યું એના દાખલા અનંત છે. અસંખ્યાત નહિ પણ અનંત છે. એ અનેકમાં અનંત લઈ લેવા.

**'અનંત ભવ્ય જીવ અમર થયા. અનુભવ જ પરમ પૂજ્ય પદને કરે છે.'** આ સ્વાનુભવ છે એ પરમ પૂજ્ય પદને પ્રાપ્ત કરે છે. અનુભવથી જ પ્રાપ્ત થાય છે. બીજી કોઈ રીતે પરમપૂજ્ય પદ પ્રાપ્ત થતું નથી. આપણે એમ કહીએ છીએ ને કે અરિહંત ભગવાન સર્વજ્ઞ પરમાત્મા પરમ પૂજ્ય છે. એ પરમ પૂજ્યપદને કોણ પ્રાપ્ત કરે છે ? કે અનુભવ પ્રાપ્ત કરે છે. બીજો કોઈ ઉપાય નથી. અનુભવ છે એ આત્મજ્ઞાન છે.

ભવભ્રમણનો નાશ કરવાનું સાધન આત્મજ્ઞાન છે. એ આત્મજ્ઞાન થતાં ત્યાગ, વૈરાગ્ય, વ્રત, સંયમ હોય છે પણ એ સાધન નથી. સાધન તો આત્મજ્ઞાન છે. પેલા તો પછી આપોઆપ આવે છે. ઉત્પન્ન થાય છે. કેમકે અસંયમ આદિ હતા એ ચાલ્યા જાય છે. પણ જે સ્વાનુભવ છે, આત્મજ્ઞાન છે એ જ ભવભ્રમણના નાશનો ઉપાય છે. કોઈ ચીજનો ત્યાગ કરે અથવા સર્વનો ત્યાગ કરીને મુનિદીક્ષા કોઈએ લીધી, આત્મજ્ઞાન ન કર્યું, તો તેથી તેના ભવભ્રમણનો નાશ ન થાય. એવી દીક્ષા અનંત વાર લીધી. ત્યાગ કરો, સંયમ પાળો તો ભવભ્રમણનો નાશ થાય કે નહિ ? એ સાધન નથી. સાધન આત્મજ્ઞાન છે. એમ લેવું છે.

**'અનુભવ જ પરમ પૂજ્ય પદને કરે છે. એના વિના સર્વ વેદપુરાણ નિરર્થક છે,...'** હવે અહીંથી બધા બોલ લેશે. એ સ્વાનુભવ વિનાના જે વેદપુરાણ એટલે શાસ્ત્રોનું જાણવું છે, શાસ્ત્રોનું ભણતર છે, શાસ્ત્ર સંબંધીની ધારણાવાળું જ્ઞાન છે, શાસ્ત્રની ધારણા જેને કહેવામાં આવે છે એવું જ્ઞાન છે, એ બધું નિરર્થક છે. એનું કોઈ સાર્થકપણું નથી રહેતું. એ કોઈ ભવવાસ જન્મ મરણ મટાડવાનું એ જ્ઞાન પણ કારણ થતું નથી. એ જ્ઞાન અહીંયાં નથી લેવું. આત્મજ્ઞાન તે કારણ છે. શાસ્ત્રની ધારણાનું જ્ઞાન એ કોઈ જન્મ-મરણ મટાડવાનું કારણ નથી.

**'એના વિના સર્વવેદપુરાણ નિરર્થક છે, સ્મૃતિ વિસ્મૃતિ છે,...'** કોઈને બહુ યાદ રહેતું હોય કે આ જગ્યાએ આમ લખ્યું છે, આ શાસ્ત્રમાં 'સમયસાર'માં અહીંયાં આ ગાથામાં આમ છે, 'પ્રવચનસાર'ની આ ગાથામાં આમ છે, 'નયચક્ર'ની આ ગાથામાં આમ છે, 'ધવલ'ના આટલામાં પુસ્તકમાં ફલાણું આમ છે. ૩૧ પુસ્તક છે. એવી સ્મૃતિની શું કિંમત છે ? કે જેટલી વિસ્મૃતિની કિંમત છે એટલી સ્મૃતિની કિંમત છે. સ્મૃતિ તો ખરેખર મતિજ્ઞાનનો ભેદ છે. અને જે મતિજ્ઞાન સમ્યક્ મતિજ્ઞાનપણે પરિણમ્યું એ ખરેખર સ્મૃતિ છે. એમાં આત્મા ભૂલાતો નહિ હોવાથી, આત્માનું ભાન તેમાંથી ચાલ્યું નહિ જતું હોવાથી, સભાનપણે એમાં આત્મા રહેતો હોવાથી એ મતિજ્ઞાન સાચું, એ સ્મૃતિ સાચી. અને જે આત્માને ભૂલ્યો એ ? એ એની વિસ્મૃતિ થઈ ગઈ. પોતાના જ સ્વરૂપને ભૂલ્યો છે એટલે એને એ વિસ્મૃતિ છે. શાસ્ત્રની સ્મૃતિ ? તો કહે છે, વિસ્મૃતિ છે.

એમાં એક બીજો પણ ન્યાય છે. કોઈ એમ કહે કે પણ અત્યારે એને બરાબર સ્મૃતિ છે એને વિસ્મૃતિ કેમ કહો છો ? આટલી બધી સ્મૃતિ-યાદદાસ્ત છે એને વિસ્મૃતિ કેમ કહો છો ? કે એ ક્ષયોપશમજ્ઞાન એટલું બધું પાંગળું છે કે ક્યારે એ ભૂલી જશે, એને પણ એ ક્યારે ભૂલી જશે એનો પત્તો નહિ લાગે. એક ક્ષણમાં ખલાસ થશે. સામાન્ય રીતે જેની સ્મૃતિ બહુ તેજ હોય અને ક્ષયોપશમ જળવાઈ રહેવાનો હોય, પૂર્વ કર્મ એવું હોય. તો તદ્ ભવ પૂરતું હોય છે. પછી તો વિસ્મૃત થઈ જાય છે. અહીંયાં કોઈ ડૉક્ટરનું ભણે છે, વકીલનું ભણે છે. જો પ્રેક્ટિસ ન કરે તો ભૂલી જાય. ગણિતનું જ્ઞાન એવું છે પ્રેક્ટિસ ન હોય તો ભૂલી જાય. આપણે નિશાળની અંદર, કોલેજની અંદર ભણેલું છે એ પછી ભૂલી જવાય છે. યાદ રહે છે બધું ? બહુ થોડું યાદ રહે. પણ ભવાંતર થતાં તો લગભગ બધું જ ભૂલી જવાય છે. ખબર નથી હોતી કે પૂર્વભવમાં આ જીવે શું કર્યું હતું. એ બધું ભૂલી જવાય છે.

**'સ્મૃતિ વિસ્મૃતિ છે, શાસ્ત્રાર્થ વ્યર્થ છે,...'** કોઈ શાસ્ત્રાર્થની અંદર પારંગત હોય, એવા ક્ષયોપશમવાળા હોય. આવી જાવ મારી સામે એમ કહે. ખબર પડે તમે શાસ્ત્રનું શું જાણો છો ? શાસ્ત્રનો કેટલો તમારો અભ્યાસ છે શાસ્ત્રની સમજણનો. તો કહે છે કે એ વ્યર્થની વાત

છે. એની કોઈ કિંમત નથી. એનું સાર્થકપણું નથી. આત્માર્થે એનું કોઈ સાર્થકપણું નથી. ભલભલાને વાદવિવાદની અંદર હરાવનાર, અનુભવ વિનાનો, એ પ્રકારની ક્ષયોપશની શક્તિ એ શક્તિની કોઈ કિંમત નથી.

આ શું કરવા માટે આ બધા બોલ લીધા છે ? કે અજ્ઞાનપણે જીવોને એની મહિમા આવે છે કે ભાઈ, આને તો ઘણું શાસ્ત્રજ્ઞાન છે. મોટા મોટા વિદ્વાન કહેવાય છે. જબરજસ્ત ખ્યાતિપ્રાપ્ત વિદ્વાન છે, પ્રખ્યાત વિદ્વાન છે આ તો. લોકોને બહુ મોટી છાપ હોય. તો અહીંયાં એમ કહે છે કે એને સ્વાનુભવ છે કે નહિ એ તું તપાસજે. સ્વાનુભવની વાતને તું તપાસજે. એને સ્વાનુભવના વિષયમાં પૂછજે. સ્વાનુભવનું જ્ઞાન એને છે કે નહિ એની તું જાણકારી કરજે. પછી એને મહિમા આપજે. એની વિદ્વતાને એકલી મહિમા આપી દઈશ તો તું ભૂલો પડી જઈશ. એટલા માટે આ બોલ લેવા પાછળ કારણ છે. એવા કોઈ યાદદાસ્તવાળા હોય કે શાસ્ત્રની હજારો વાતોને કંઠસ્થ રાખનારા હોય, હજારો શાસ્ત્રોને કંઠસ્થ રાખનારા હોય. કરોડો, લાખો, શ્લોકને કંઠસ્થ રાખનારા હોય. તો કહે છે, એ સ્મૃતિ તો વિસ્મૃતિ છે અહીંયાં અનુભવ પાસે, એનું કાંઈ અહીંયાં મૂલ્ય છે નહિ. અને કોઈ શાસ્ત્રાર્થ કરી જાણનારા હોય, ભલભલા વિદ્વાનોને પરાસ્ત કરનારા હોય, હરાવનારા હોય તો એની અહીંયાં કિંમત નથી એમ કહે છે.

'**પૂજા, ભજન મોહ છે,...**' એ અનુભવ વિના પૂજા કરવા બેસે. ભગવાનની પૂજાની મહત્તા કરે છે ને ? ભજન કરે, ભક્તિ કરે, પૂજા કરે. તો કહે છે કે એક જાતનો એ મોહ છે. બીજું કાંઈ છે નહિ. એને પૂજા કરવાનો મોહ છે, ભક્તિ કરવાનો મોહ છે, ભજન કરવાનો મોહ છે. જેમ સંસારના અનેક પદાર્થોનો મોહ હોય છે એમ એને આનો મોહ છે. આથી વધારે એમાં કાંઈ નથી. એને તો ગુણમાં પણ ન લીધું. મોહ તો અવગુણ છે ને ?

મુમુક્ષુ :- અનુભવમાં નથી આવ્યો ત્યાં સુધી ભક્તિ, પૂજાનો ભાવ છે ...

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવમાં નથી આવ્યો ત્યાં સુધી અનુભવ કરવાનો પ્રયાસ મુખ્ય કરે. એ કરતા કરતા સાથે સમય શક્તિ રહે તો એ પણ કરે, પૂજા-ભક્તિ પણ કરે. પણ અનુભવના વિષયને ગૌણ કરે,

અનુભવના અભ્યાસને ગૌણ કરે, અનુભવના સ્વાધ્યાયના ગૌણ કરે અને પૂજા-ભક્તિમાં લાગી જાય તો ? આપણે શાસ્ત્ર સ્વાધ્યાય નથી કરવો, આપણે પૂજા-ભક્તિ કરો. આપણી પાસે સમય થોડો છે તો પૂજા ભક્તિ કરો. શાસ્ત્ર સ્વાધ્યાય કરવાનો આપણી પાસે વખત નથી. એને કહે છે, જેટલો વખત હોય એમાં પહેલા તો તું અનુભવ થાય એવું કોઈ શાસ્ત્ર (વાંચજે). શાસ્ત્ર એટલે અનુભવની વાણી છે જેમાં. એમાંથી અનુભવ પ્રાપ્ત કરવાનો પ્રયાસ કર, પ્રયત્ન કર, પુરુષાર્થ એ કર. પછી તારો સમય બચે તો એ પણ તને ના નથી પાડતા કે તું કરીશ જ નહિ. પણ અનુભવના પુરુષાર્થને છોડી દઈને જે કોઈ પૂજા, ભજન, ભક્તિની અંદર વિશેષપણે મુખ્યતા આપીને એને જ ધર્મ માનીને, ધર્મનું કારણ માનીને, સર્વસ્વ માનીને કંઈ પણ પ્રકારે કલ્યાણનું કારણ માનીને, લાભનું કારણ માનીને, કોઈપણ હેતુ કે બહાનુ પકડીને (કરવા લાગે છે) ત્યારે એને એમ કહે છે કે એને આ વાતનો મોહ થયો છે, બીજું કાંઈ એનામાં નથી. એને ગુણમાં ન ખતવાયું, એને અવગુણમાં લઈ લીધા અહીંયાં. મોહ તો અવગુણ છે. આવી વાત શું કરવા કરે છે ? મોહ અવગુણ છે અને આને ગુણ પણ કહેવો નથી ? ભગવાનની ભક્તિ કરીએ છીએ, ભગવાનની પૂજા કરીએ છીએ.

દૃષ્ટાંત લઈએ છીએ. જેને એની મહત્તા હોય એને બહુ આકરું લાગી જાય છે. દેવાદિ પ્રત્યે, દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ઉપયોગ જાય તો ભઠ્ઠી જેવું દુઃખ લાગવું જોઈએ. કઠણ પડે છે. અરે..! આ તો ભગવાનની ભક્તિમાં તો ભગવાનના ગુણાનુવાદ છે. વળી એવો પણ ન્યાય લગાડવામાં આવે કે એક ન્યાયે તે આત્માનો ગુણાનુવાદ છે. જે ભગવાના ગુણાનુવાદ છે તે એક ન્યાયે તો આત્માનો ગુણાનુવાદ છે. કેમકે એ તો આત્માના ગુણ પ્રગટ્યા છે એ ભગવાન થયા છે. એમ છે કે નહિ ? પણ જે આત્માનો ગુણાનુવાદ છે એ તો આત્માનો અનુભવ કરવાનો પુરુષાર્થી છે, એમ કહે છે. જેને એ પુરુષાર્થ કરવો નથી એને ક્યાં આત્માના ગુણાનુવાદ છે ? એને તો એક મોહ થયો છે કે આ મારા ભગવાન. આની હું પૂજા કરું. કુળધર્મથી કોઈ માને છે. આ તમારે દિગંબરમાં જન્મ્યો હોય તો. અને નહિતર બીજા એમ કહે કે ના ના, આપણે પહેલા એ માનતા હતા એ બરાબર નહોતું એના કરતા આ

સુપીરિયર છે. એક દિગંબર પ્રતિમા સિવાય જગતની અંદર એની બરાબરીમાં કોઈએ ભગવાને સ્થાપ્યા પણ નથી. સનાતન જૈનધર્મનો જે વ્યવહાર છે એ વ્યવહાર અનુસાર તો જગતના કોઈ સંપ્રદાયમાં પણ વ્યવહાર નથી. અત્યારે તો એમાં વિકૃતિ આવી છે એટલે એને સનાતન જૈનધર્મનો વ્યવહાર કહેવો જોઈએ. દિગંબર જૈનધર્મનો વ્યવહાર કહો તો અત્યારે તો દિગંબરોએ ઘણી ગડબડ કરી નાખી છે. શ્વેતાંબરોએ તો કરી પણ દિગંબરોએ પણ ઘણી કરી. પણ જે સનાતન જૈન ધર્મનો જે વ્યવહાર છે, એ વ્યવહાર અનુસાર જગતમાં કોઈ વ્યવહાર નથી. એમણે પ્રતિમાને જેવી નિર્દોષ ધ્યાનસ્થ સ્થાપી છે, એવી પ્રતિમાનો કોઈ દેખાવ, એવી સ્થાપના કોઈ અન્યમાં નથી. બાકી બધું અન્ય થઈ ગયું. પછી દિગંબર નામ આપે તો એ અન્ય થઈ ગયું. અને ન નામે આપે તો એ અન્ય જ મત થઈ ગયો. એવું ક્યાંય નથી.

કોઈ એવી રીતે લે કે બીજા બધા કરતા આ સુપિરીયર છે. માટે અમે એની પૂજા કરીએ છીએ. આમાં વિકૃતિ નથી માટે પૂજા કરીએ છીએ અને આ અમને ન્યાયથી બરાબર લાગે છે. પણ તું સ્વાનુભવને ગૌણ કરીને પૂજા કરે છો ? એ તો તને સ્વાનુભવ પ્રદર્શિત કરે છે. ભગવાનની પ્રતિમા તો પોતે જ સ્વાનુભવને વગર કહ્યે પ્રસિદ્ધ કરે છે. તો તું સ્વાનુભવને કાં ગૌણ કરે છો ? એ બહાને પણ તું સ્વાનુભવની મુખ્યતા કર. વીતરાગ સર્વજ્ઞ જે પરમાત્મા છે, એમની પ્રતિમા છે એમના બહાને તો વીતરાગતાને દઢ કરવાની છે, વીતરાગરસ દઢ કરવાનો છે, વીતરાગરસ વધારવાનો છે, અનુભવરસ વધારવાનો છે. એને છોડીને જો તું પૂજા કરે છો તો એ તારી પૂજા નથી, એક ક્રિયા છે કે જે ક્રિયાનો તને મોહ છે, કે અષ્ટ દ્રવ્ય લઈને પૂજા કરી નાખીએ. એમાં તને અનુભવની સ્વાનુભૂતિનો રસ કેળવવો, રસ વધારવો એ લક્ષ કરવું, પૂજા વખતે પણ જ્ઞાનમાં એ વિષય લેવો, એ વાત તને નહિ હોવાથી બાકીની જે બધી વાત છે એ તારી એક મોહની વાત છે. એ જાતની ક્રિયાનો તને મોહ થઈ પડ્યો છે. વાતમાં બીજો કાંઈ માલ નથી. એ પૂજા, ભક્તિ બધું.

ભક્તિમાં તો મોટા ભાગે જેનો અવાજ ઠીક હોય, સારો હોય અને જે રાગ રાગીણી ગાઈ શકતા હોય, ઢાળ બધી આવડતી હોય તો એ

વિષય ઉપર એનું વજન ચાલ્યું જાય છે અને એ પણ એક મોહનું જ કારણ છે. બીજું કાંઈ છે નહિ. એમાં પણ મોહ સિવાય બીજું કાંઈ પ્રવર્તતું નથી.

આ વખતે 'મલાડ'માં 'શ્રીમદ્ રાજચંદ્રજી'નું એક સ્વાધ્યાયસ્થળ છે. 'મલાડ'માં થયું છે. એક ભાઈનું પોતાનું મકાન છે એણે અગાશીના ભાગમાં થોડી એવી રીતે વ્યવસ્થા કરી દીધી છે. અઠવાડિયામાં એક વાર, બે વાર, ત્રણ વાર. રોજ નહિ પણ બે-ત્રણ વાર સ્વાધ્યાય ત્યાં ગોઠવાય છે. બહારથી આ 'ઘાટકોપર'ના જ્ઞાનમંદિરથી એક ભાઈ તે દિવસે બરાબર ગુરુવાર હતો અને વાંચનમાં આવવાના હતા. આપણને 'દેવલાલી'માં મળ્યા હતા ને. એ કહે, જોવા જઈએ. આપણે જોઈ આવીએ. પણ તે દિવસે એનો સ્વાધ્યાય હતો. પછી બેઠા હતા. પછી જાહેરાત કરી. 'ઈન્દુબહેન ધાનક'ના ભજન છે. પછી ફલાણાની ભક્તિ છે, આમ છે, તેમ છે. 'દેવલાલી'વાળા એક ભાઈ આવવાના હતા. એની પણ તારીખ નક્કી થઈ હતી. ભાઈની ભક્તિ રાખી છે અને આ તારીખ.. આ તારીખે. પછી એમાંથી ચર્ચા ચાલી. અમને થોડીવાર પરિચય માટે ઊભા રાખ્યા હતા. આપસમાં જ વાતાચીતા ચાલતી હતી. બહુ સરસ ભક્તિ કરાવે છે.

ભક્તિ તો ભાવનો વિષય છે. પાછું એમાં કાંઈ કર્ણેન્દ્રિયની પ્રિયતાનો વિષય નથી ઊભો થતો એટલી સાવધાની રહે તો સારું. અવાજ કાનને મીઠો લાગે કે બહેન બહુ સારું ગાય છે, ઘણો મીઠો, તીણો અવાજ છે. પણ આમાં ભાવની મુખ્યતા છે. આમાં કર્ણેન્દ્રિયનો વિષય પોષવાનો આ પ્રકાર નથી. એ જરાક ધ્યાનમાં રહી જાય તો દોષ ન આવે અને નહિતર બીજી ગડબડ પાછી ઊભી થયા વિના રહે નહિ. ભાઈનું ગળું સારું છે. આ ગળાનો વિષય નથી, આ રાગ રાગીણી ખેંચી શકે એનો વિષય નથી. આ તો દૃષ્ટાંત છે, ટીકા કરવાનો પ્રશ્ન નથી. પણ એ કેવી કેવી રીતે ભક્તિને બહાને, પૂજાને બહાને આ જીવને મોહ થાય છે અને મોહ પોષાય છે એ પોતાને ખબર નથી રહેતી. સમજવાનો વિષય આટલો છે. આ તો બોલ સામે છે એટલે એનું સ્પષ્ટીકરણ છે.

**'પૂજા, ભજન મોહ છે, અનુભવ વિના...'** હોં ! **'અનુભવ વિના નિર્વિઘ્ન કાર્ય વિઘ્ન છે,...'** અનેક જગ્યાએ પૂર્વ કર્મના

પુણ્યોદયને લઈને અનેક કાર્યોમાં સફળતા મળતી હોય અને નિર્વિઘ્નપણે બધા કાર્યો થતાં હોય તો કહે છે, મોટું વિઘ્ન તો તને અનુભવ નથી એ છે હવે. એનું તો ધ્યાન તને નથી. અને પુણ્યનો યોગ થઈને સફળતા મળે છે ત્યારે તને એનો રસ ચડી જાય છે કે વાહ..! ફાવ્યા. આપણે ફાવી ગયા, આપણે ફાવ્યા. નિર્વિઘ્ને આપણે બધા કામ પાર પડે છે. આપણે તો જિંદગીમાં આગળ જ વધતા ગયા છીએ. બધું નિર્વિઘ્ને પાર પડી જાય છે. પણ હવે એ તો કોઈ પૂર્વકર્મનો યોગ છે. અનુભવ વિના તો બધું વિઘ્ન જ છે. મૂળમાં જ વિઘ્ન છે એમ કહે છે.

'**અનુભવ વિના નિર્વિઘ્ન કાર્ય વિઘ્ન છે,...**' કેમકે નિર્વિઘ્ને જે પૂરું થયું એ નિર્વિઘ્ને પૂરું થયું એનો રસ તને ચડશે. જ્યાં વિઘ્ન આવે ત્યાં એ રસને ધક્કો પહોંચે છે. વિઘ્ન પડે ત્યારે એનો જે સંયોગ પ્રત્યેનો, કાર્ય પ્રત્યેનો રસ છે એમાં ધક્કો લાગે છે એટલે એને દુઃખ થાય છે. પણ કહે છે કે એ નિર્વિઘ્ને પાર પડ્યું ત્યારે તને એનો રસ ચડ્યો એ જ તારા આત્મા માટે વિઘ્ન છે. એ જ વિઘ્ન છે તારા આત્મા માટે. એનુ શું ? અનુભવ વિના તો નિર્વિઘ્ન કાર્ય પણ વિઘ્ન છે.

અરે..! '**પરમેશ્વરકથા તે પણ જૂઠી છે.**' લ્યો ઠીક ! કેટલી બધી વાત લીધી ! પરમાત્માની તું વાર્તા કરતો હોય, કથા કરતો હોય, કથની કરતો હોય. પરમાત્મા આવા હોય... પરમાત્મા આવા હોય... પરમાત્મા આવા હોય. અનુભવ લાવ. ગમે તેમ કરીને અનુભવ લાવ, એમ કહે છે. બાકી બધી વાતો ફીફા ખાંડવાની છે. એમાં કાંઈ વાતમાં દમ નથી, માલ નથી. માલ વગરની વાતો છે. એમ કહે ને ? એ આત્માની વાતો કરે છે. એવી સરસ આત્માની વાતો કરે છે, તમે સાંભળો તો ખરા. દંગ થઈ જાવ એવી આત્માની વાતો કરે છે. અમારે અનુભવ જોઈએ. અનુભવ શું છે આમાં ? પરિસ્થિતિ અનુભવની શું ? નહિતર એ બધી કથા જૂઠી છે. ક્યાંય મોહ પામવા જેવું નથી. આમ લેવું છે.

'**પરમેશ્વરકથા તે પણ જૂઠી છે. તપ પણ જૂઠું છે,...**' લ્યો, આ મોટી મોટી તપશ્ચર્યા આદરે એ બધું જૂઠું છે. એની કાંઈ કિંમત નથી એમ કહે છે. જગતમાં તો એની રથયાત્રાઓ કાઢે, એનું નામ પાડે કે મોટા તપસી છે એવું નામ પાડે. શ્રાવક હોય તો શ્રાવકને તપસી કહે, દીક્ષા લીધી હોય તો એને તપસી કહે છે કે નહિ ? કે આ મારા મુનિ છે

એ તપસી છે. મહારાજ તપસી છે. બહુ તપસ્યા કરે છે. એની કાંઈ કિંમત નથી.

મુમુક્ષુ :- તપમાંથી તપગચ્છ પડ્યું ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા તમારે તપગચ્છ છે ને. બહુ તપ કરવા માંડ્યા. એ જ રવાડે ચડી ગયા તો નામ પાડ્યું કે તપગચ્છ, તપાસંઘ, તપગચ્છ એવા બધા નામ પાડે છે ને ? અહીંયાં એની કોઈ કિંમત નથી, એમ કહે છે. સાવ મીંડું જ મૂકે છે. એકાદો માર્ક નથી આપતા પાછા. મોટું મીંડું મૂકી દે છે કે આની કાંઈ કિંમત નથી. પણ અરે..રે...! બિચારાએ કાંઈ ખાધુ નહિ ને તમે આમ કહો. ઠામુકુ ખાધું નહિ. મહિના-મહિનાઓ સુધી ખાધું નહિ. મોટુ મીંડુ છે. આમ કહે.

એટલે તો બધા સંપ્રદાયના સાધુઓ 'ગુરુદેવ' ઉપર બહુ ગુસ્સે થયા કે અમે આ લોકોને આટલી આટલી તપશ્ચર્યા આખા સમાજમાં કરાવીએ અને એ તપશ્ચર્યાને આરાધના નામ આપીએ અને આટલું આટલું કરાવીએ. આ તો એના ઉપર ચોકડી જ મૂકે છે. સહન ન થાય ને, એનાથી સહન ન થાય. જેની જ્યાં શ્રદ્ધા છે કે આનાથી ધર્મ થાય એને તમે એમ કહો કે ધર્મ ન થાય પણ અધર્મ થાય. તો એ શ્રદ્ધાનું સ્થાન છે આળા ગુમડા જેવું છે. આળુ ગુમડું હોય એને સ્પર્શ કરો તો એને દુઃખે. દુઃખે ને ? દુઃખે. એનું કારણ છે. ત્યાં સ્પર્શેન્દ્રિય છે.

અહીંયાં સ્પર્શેન્દ્રિય છે ત્યાં તો એટલું કવર છે કે અડતા નથી દુઃખતું. પણ ત્યાં વાગ્યું હોય તો સ્પર્શેન્દ્રિયના પ્રદેશો જે છે એ અહીંયાં નીચે છે એ ખુલ્લા થાય છે એટલે તરત દુઃખે. પછી એથી નીચે જાવ તો પાછો એટલો દુઃખાવો નથી. કેમકે સ્પર્શેન્દ્રિય નથી. ઇંજેક્શનની સોય ઉપર જ્યાં સ્પર્શેન્દ્રિયને અડે ત્યાં દુઃખે છે. પછી એક ઇંચ અંદર જાય તો ન દુઃખે. આ અંદર વાઢ-કાપ કરે એનો દુઃખાવો નથી થતો. એ બહુ ધ્યાનથી જેણે જોયું હોય એને ખ્યાલ આવે છે. બાકી તો, એ.. મને વાગ્યું એમાં જ ઉપડી જાય છે. ઘેરાય જાય છે. કહેવાનો મતલબ શું છે ? કે એ શ્રદ્ધાનું સ્થાન છે. પછી માતાજીને માનતો હોય તો એને પણ ન કહેવાય કે આ તું માતાને માને છે એ તારું ખોટું છે. એમ ન કહેવાય એને. એ અજ્ઞાનીને માનતો હોય એને એમ કહેવાય કે આ તું માને છે અજ્ઞાની છે, એને ન મનાય. તો એ એને દુઃખ થઈ જાય. એમ આ બધું

(છે). સત્‌ને સ્થાપવા જાવ એટલે અસત્ તો સામે ઉથાપવાનું આવશે જ. કોઈ એમ કહે કે તમે બીજાની નિંદા કરો છો. આમાં આરોપ શું કરે ? કે તમે બીજાની નિંદા કરો છો. એ વાત નથી.

અહીંયાં વસ્તુનું સ્વરૂપ આ રીતે સત્ય છે અને બાકી અસત્ય છે એટલું કહેવું છે. નિંદા-પ્રશંસાનો સવાલ નથી. પણ સત્‌ને સ્થાપો એટલે અસત્‌ને ઉથાપવાનો પ્રસંગ આવ્યા વિના રહે નહિ. એક અનિવાર્ય પરિસ્થિતિ છે. નિંદા તો ક્યારે કહેવાય ? કે વ્યક્તિવિશેષના અવગુણની પ્રસિદ્ધિ કરવામાં આવે તો એ નિંદા કહેવાય. કોઈ વ્યક્તિની વાત નથી. પણ સામાન્યપણે ગમે ત્યાં આવું થતું હોય તો એ ખોટું છે, જૂઠું છે, ભૂલ છે, એ કહેવું તે નિંદા નથી. પણ એ તો સત્ સત્ વચ્ચેના તફાવતનું જ્ઞાન કરવાનો વિષય છે. એમાં નિંદા-પ્રશંસાનો વિષય રહેતો નથી.

**'તપ પણ જૂઠું છે, તીર્થસેવન જૂઠું છે.'** તીર્થમાં જઈને રહે, અનેકવાર યાત્રા કરે. અહીં તો પદ્ધતિ છે. શેત્રુંજયમાં તો ૯૯ની પદ્ધતિ છે. એ જૂઠું તીર્થ છે. કેમકે અનુભવ વિના એ તીર્થસેવન પણ સાચું નથી. હવે એટલી વાત તો અન્યમતિઓએ લીધી છે કે તીર્થ ક્યાં ? કે સંતના ચરણમાં સકળ તીર્થ છે. એકેય બાકી ન રાખ્યું. 'સકળ તીરથ સંતોના ચરણે.' આવે છે. એક પદ છે. આવે છે કે નહિ ? આવે છે. પદ છે. 'સકળ તીરથ સંતોના ચરણે.' સંતના ચરણમાં બધા તીર્થ આવી જાય છે. કેમકે એ આત્મા પામવાનું ઉત્કૃષ્ટ નિમિત્ત જોઈને એના ચરણ સેવતા અહીંયાં આત્મપ્રાપ્તિ થાય છે એવી પાત્રતા પ્રગટે છે. પાત્રતા છે એ પ્રાપ્તિનો અંશ છે એમ ગણીને એને તીર્થમાં લઈ લીધું.

મુમુક્ષુ :- આ બધા બોલ સમ્યગ્જ્ઞાની હોય એ આમ તો તપ કરતો હોય...

પૂજ્ય ભાઈશ્રી :- હા. કરતો હોય તો એનું બધું સાર્થક છે. બાકી અનુભવ વિના કરતો હોય એનું બધું નિરર્થક છે. એમ લેવું છે. મૂળ અનુભવની કિંમત છે. આની કિંમત છે એમ નથી. પછી સાથે સાથે એની કિંમત અંકાય છે. મૂળ કિંમત અનુભવની છે.

મુમુક્ષુ :- આ અનુભવમાં આવ્યા કેવી રીતે ?

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવમાં સાથે સાથે અનુભવમાં, સ્વરૂપમાં,

વધારે સ્વાનુભવથી સ્થિરતા તે. અનુભવ નામ ઉપયોગની સ્થિરતા પ્રગટે ત્યારે બીજા ભાવનો અભાવ થાય છે એમાં આ બધું ઊભું થાય છે. વ્રત, સંયમ, તપ એ બધું એમાંથી ઊભુ થાય છે. અને સ્વરૂપનો મહિમા સવિકલ્પ દશામાં આવે એટલે દેવ-ગુરુ-શાસ્ત્રની પૂજા, ભક્તિ, ભજનનો ભાવ આવે છે. એમ વાત લેવી છે. પણ મૂળ સ્વરૂપનો મહિમા છે. અને એ પૂજા, ભક્તિ, ભજન કરતા પણ સ્વરૂપનો મહિમા એ બહાને એ વધારે છે. મૂળ વસ્તુ અંદરની જે સાચી વસ્તુ છે એને લોકો ભૂલી ગયા એટલે ચોખા છૂટી ગયા અને ફોતરા ખાંડવા મંડ્યા. આ ચાવલ છે ને તાંદુલ ? ડાંગરને ખાંડે એમ કોઈ જોઈ જાય કે આ ડાંગરને ખાંડીને અંદરથી ચોખા કાઢ્યા અને ભાત રાંધ્યા. હવે અંદર ચોખા છે એ ખબર ન પડે અને કો'ક ડાંગરના ફોતરા પકડીને ખાંડવા માંડે. ખાંડો ભાઈ એને ખુબ ખાંડો, ખુબ ખાંડો.

મુમુક્ષુ :- એવી ભૂલ થઈ જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- કરે જ છે. એવી ભૂલ થઈ જાય નહિ એવી જ ભૂલ કરે છે. ફોતરા જ ખાંડવાનું જગતમાં ચાલી રહ્યું છે. અને એને કોઈ એમ કહે છે કે આ તું ફોતરા ખાંડે છે. અંદર ડાંગર નથી, જો તો ખરો. જીંદગીમાં કરી કરીને મરી જઈશ તોપણ કાંઈ હાથમાં નહિ આવે. ખાંડી ખાંડીને મરી જઈશ તોપણ. તો એને દુઃખ થાય છે. મારું ખોટું કહો છો તમે ? મારા કામને ફોતરા કહો છો તમે ? પણ ફોતરા જ છે. ફોતરાને ફોતરા ન કહે તો શું કહે ? આ તકલીફનો વિષય છે. કેમકે એની શ્રદ્ધા છે ત્યાં. શ્રદ્ધાને અડો એટલે એને દુઃખ થાય છે. પણ મધ્યસ્થ જીવ હોય અથવા જેને ખરેખર પોતાનું કલ્યાણ કરવું હોય, એ વિચાર કરે કે આ મારું ખોટું કહે છે તો ખોટું છે કે સાચું છે તપાસી તો લઉં એકવાર. ઘર તો તપાસી લઉં હું. એમ કહે છે તો હું તપાસી તો લઉં. પછી તપાસવાને અંતે મને એમ લાગે કે ના કહેનારની વાત બરાબર નથી તો બીજી વાત છે. પણ સામાન્ય રીતે એ મિથ્યાઆગ્રહપણું એવી ચીજ છે કે એ સાચી વાતનો જોરથી એનું મિથ્યાત્વનું બળ છે, ઊંધો પુરુષાર્થ છે એ સત્ય વાતને પણ નિષેધે છે. જોરથી એનો પ્રતિકાર કરે છે એનો વિરોધ કરવા લાગે છે.

મુમુક્ષુ :- તપાસવાના તબક્કામાં પણ ન આવે.

પૂજ્ય ભાઈશ્રી :- તપાસવાના તબક્કામાં પણ ન આવે. એટલું બધું જોર થઈ જાય.

'સોગાનીજી' સ્વાનુભવી થયા અને વળી ચાલતી વાતથી આત્માને કોઈ બીજા નામથી કહેવા માંડ્યા કે આત્મા અપરિણામી છે. કૂટસ્થ છે અને અપરિણામી છે.

મુમુક્ષુ :- ધુંઆફુંઆ થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- એમ ન થવું જોઈએ. તપાસ કરવી જોઈએ. કહે છે એ સાચું છે કે ખોટું છે ? અને તેમાં પણ પોતાને અનુભવ ન હોય તો અનુભવી બિરાજમાન હોય એ તો બહુ મોટી સગવડવાળી વ્યવસ્થા છે. શું કહે છે ? કાંઈ ગડબડ છે ? મેં આવું સાંભળ્યું નથી, આવું સમજ્યા નથી, સાચું શું છે ? પછી ઈ કહે અને ન સમજાય તોપણ એ કહે છે એ બરાબર છે એમ આવવું જોઈએ. અને એ બરાબર છે છતાં સમજાતું નથી માટે કહે છે એ બરાબર છે એમ વાત પૂરી કરવાની નહિ, એ સમજવા માટે એને જિજ્ઞાસા એકદમ ઉત્પન્ન થઈ જવી જોઈએ. પણ મને કેમ નથી સમજાતું ?

જો જ્ઞાની એમ કહે છે કે બરાબર છે આ. મને કેમ ન સમજાણું ? મને કેમ સમજાતું નથી ? એ વાત મને ન સમજાય ત્યાં સુધી એને ઝંપ વળે નહિ. એવો અજંપો આવે. જિજ્ઞાસા છે એની તૃપ્તિ ન થાય ત્યાં સુધી અજંપો આવવો જોઈએ. મૂંઝવણ થવી જોઈએ. નહિતર એનો રસ્તો ન નીકળે. કોઈ મોઢું બંધ કરી દે તો એ ખોલવા માટે અજંપો આવે છે કે નહિ ? અને અજંપો ન આવે તો કેવી રીતે ખોલાવે ? એમ અહીંયાં એને એનો અજંપો આવવો જોઈએ.

હજી આગળ લે છે, હોં ! પેરેગ્રાફ પાડ્યો છે પણ વિષય એ જ ચાલુ છે. '**(અનુભવ વિના) તર્ક, પુરાણ, વ્યાકરણ ખેદ છે,...**' કોઈ તર્કમાં હોંશિયાર હોય. શાસ્ત્રની અંદર તર્કબાજી બહુ લડાવી શકતો હોય, કોઈને વ્યાકરણ ઘણું આવડતું હોય, સંસ્કૃત, માગધી ભણી ગયા હોય અને પુરાણોના પુરાણો, શાસ્ત્રોના શાસ્ત્રો, જૂનામાં જૂના શાસ્ત્રોનું અધ્યયન કરી લીધું હોય, એ બધો પરિશ્રમ એણે કર્યો એ બધી એની મહેનત ખેદ (છે). જેમ મજુરી કરતા બળ પડે છે એમ એને ખોટું બળ બધું વાપર્યું છે. ખેદ કર્યો છે, ખેદ થયો છે. દુઃખી થયો છે. બીજું કાંઈ

નથી કર્યું. ખેદ નામ દુઃખ. એ બધું એનું દુઃખ છે. એમાં એ દુઃખ સિવાય ક્યાંય સુખનું નામનિશાન નથી. દુઃખી, દુઃખી ને દુઃખી છે.

**'તર્ક, પુરાણ, વ્યાકરણ ખેદ છે, ગામમાં ગાય, શ્વાનની જેમ...'** કૂતરા ગામમાં રહે. **'અને વનમાં હરણાદિ...'** હરણ, સસલા બધા વનમાં રહે તેની **'જેમ અજ્ઞાન તપસી છે,...'** કોઈ તપસી ગામમાં રહીને તપ કરતા હોય તો ગાય, કૂતરા જેવા છે. એમ કહે છે. કોઈ વનમાં રહીને તપ કરતા હોય તો હરણિયા, સસલા જેવા છે. ઠીક ! અનુભવ વગર તો આટલી કિંમત છે. તિર્યંચની ઊપમા આપી દીધી છે. જેમ તિર્યંચને વિવેક નથી, એમ આ અજ્ઞાન તપસીને વિવેક નથી. એમ લેવું છે. કઠણ પડે કે ન પડે ? તપ તો એની શ્રદ્ધાનો વિષય છે.

મુમુક્ષુ :- બીજા કરતા તો સારા.

પૂજ્ય ભાઈશ્રી : એના કરતા સારા કહીને કહેવું છે શું તમારે ? એ કેટલા ઊંધા રસ્તે પુરુષાર્થમાં ગયા છે એનો વિચાર એને નથી. એને આકરું પડશે. પાછુ ફરવું એને આકરું પડશે. આ શ્રાવકો પાછા ફરી શકશે. ઓલાપણે ચડી ગયા એ પાછા નહિ ફરી શકે. એનો રસ ચડી ગયો એ પાછા નહિ ફરી શકે, એનો રસ નહિ લીધો હોય તો પાછો ફરી શકશે. હવે કયો સારો ? કહો. પાછો ફરી શકે એ સારો કે પાછો ન ફરી શકે એ સારો ? સત્‌ના માર્ગે પાછો ફરી શકે એ સ્થિતિ એની સારી હતી ? કે સત્‌ના માર્ગે આવવામાં ઘણા પ્રતિબંધ પોતે ઊભા કર્યા એવી સ્થિતિ સ્વીકારી લીધી એ સારો થયો ? કોને સારો ગણશો તમે ? એને તો મોટી તકલીફ છે. એ અજ્ઞાન તપસીનું સ્થાન ગામમાં ગાય, શ્વાન જેવું છે અને વનમાં હરણાદિની જેવું છે એમ લીધું છે.

મુમુક્ષુ :- બહુ કડક લખ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- કડક લાગે. પણ કેટલીકવાર એવું હોય છે કે પાત્રતાવાળા જીવને કડક વચન છે એ એને પાછો વાળી દે છે. જેમ કોઈ રીઢો થઈ ગયેલો હોય એ ઓછા મારથી એને વાગે નહિ. એને બહુ મારે ત્યારે વાગે. એમ આ જરા મોટો પ્રહાર છે. તમ્મર ચડી જાય એવો. અરે..! કાંઈક બીજું કહે છે, કાંઈક બીજું કહે છે. આ વિચારવા જેવો વિષય છે.

'ધર્મદાસજી ક્ષુલ્લક'ને એવું થયું હતું. જ્યારે એમને આત્મજ્ઞાન

નહોતું થયું (ત્યારે) બહુ ક્રિયાકાંડમાં ચડેલા. ક્ષુલ્લકની પદવી શ્રાવકની દસમી પડિમા ધારણ (કરેલી). પંચમ ગુણસ્થાનની દસમી પડિમા. ઘણા ઉપવાસ કરે. હજારો ઉપવાસ કર્યા હતા. એણે એમ કીધું કે મેં હજારો તો ઉપવાસ કર્યા હતા. અને કેટલીવાર સેંકડોવાર સમ્મેદશિખરની યાત્રા કરી હતી. એમના ગુરુ હતા 'દેવકીર્તિ' કરીને. એને કહ્યું, સિદ્ધ ભગવાનના દર્શન કર્યા કે નહિ ? તું સમ્મેદશિખર ગયો તો સિદ્ધ ભગવાનના દર્શન કર્યા ? ના ના. અંધા હૈ. એમ કીધું એને. આંધળો કહી દીધો. તે દર્શન ન કર્યા ? આંખ છે ને. આંધળો છો આંધળો. એમ કહી દીધું.

પહેલા તો એને દુઃખ થયું. ફરીને જાઉં સમ્મેદશિખર. તો ક્યાંય સિદ્ધ ભગવાન દેખાતા નથી. વળી આવ્યા. અંધા હૈ. દેખનેવાલે કો નહિ દેખતા હૈ. ત્યાં એના પડળ ખસી ગયા. ફરીવાર આંધળો કીધું ને ત્યા એને એમ થયું કે કાંઈક મહારાજ બીજું કહે છે. ત્યારે આત્મજ્ઞાન થયું. 'સમ્યગ્જ્ઞાનદીપિકા' જેમણે લખી છે. એમની પણ અનેક રચના છે. 'સ્વાત્માનુભવમનન', 'સમ્યગ્જ્ઞાનદીપિકા' (એવી) એમની ત્રણ-ચાર નાની નાની રચનાઓ છે.

મુમુક્ષુ :- સમ્યક્જ્ઞાન દીપિકા તો ખાસ વાંચવા જેવું છે.

પૂજ્ય ભાઈશ્રી : હા. એમાં દૃષ્ટાંતો ખુબ છે. વાત બધી ગંભીર અને ગહન વાતો કરી છે.

**'પુરુષ ગમે ત્યાં રહે,...'** પુરુષ નામ આત્મા. અનુભવી આત્મા ગમે ત્યાં હો. ત્રણ લોકમાં. ભલે એ સાતમી નારકીમાં હો, ભલે એ તિર્યંચ યોનિમાં હો, ભલે એ ઢેઢ, ભંગી, ચમાર હો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યગ્જ્ઞાની એ તો આત્મા છે. એ ક્યાં નારકી છે ? આ તો એનું સ્થાન ગમે ત્યાં હોય. ત્રણ લોકમાં ચાર ગતિમાં ગમે તે સ્થાન હોય. એને નારકી ન કહેવાય એને દેવ કહેવાય. એ નરકમાં છે છતાં એને દેવ કહેવાય. દેવગતિમાં ભલે ન હોય પણ એને દેવ કહેવાય. કેમકે આત્માના દિવ્ય ગુણોને એણે પ્રગટ કર્યા તે દેવ. જે દિવ્યતાને પ્રગટ કરે તેનું નામ દેવ. પછી ખોળિયું ગમે તે રહી ગયું હોય. તિર્યંચનું હોય, નરકગતિનું હોય, ચાંડાળનું હોય ગમે તે હોય પણ એ દેવ છે. એ

'રત્નકરંડ શ્રાવકાચાર'માં એ વાત લીધી છે કે સમ્યગ્દૃષ્ટિ ભલે ચાંડાળ હોય તોપણ એ દેવ છે એમ દેવ કહે છે, એમ ગણધરદેવ કહે છે. દેવ એટલે ગણધરદેવ કહે છે. એવી વાત સ્પષ્ટ લીધી છે.

**'પુરુષ ગમે ત્યાં રહે, અનુભવપ્રસાદથી તે (સદા) પૂજ્ય છે,...'** ક્યારેક પૂજ્ય છે એમ ન લીધું. ત્રણે કાળે સદાય તે અનુભવધારી, અનુભવધારક જે પુરુષ છે, આત્મા છે, જે સ્વાનુભવસંપન્ન છે એ પૂજ્ય છે, પૂજનીય છે, નમસ્કાર કરવા યોગ્ય છે, વંદન કરવા યોગ્ય છે, સ્તુતિ કરવા યોગ્ય છે, પૂજા કરવા યોગ્ય છે. બધું એને લાગુ પડે છે. એને તો પરમાત્મા કહ્યા. 'અમૃતચંદ્રાચાર્યે' એને ૧૪૩ ગાથાની ટીકામાં પરમાત્મા કહ્યા.

મુમુક્ષુ :- ... બેઠું નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- પણ શું વાંધો આવે છે નથી બેસતું તો ? પૂજ્યતા છે એની. ગુણો પ્રગટ કર્યા છે. પવિત્રતા પ્રગટ કરી છે. ખરેખર તો શું છે કે ચોથા ગુણસ્થાને પણ પવિત્રતા પ્રગટ કરી છે કે નહિ ? તો પવિત્રતા તમારે પૂજ્ય નથી ? શું છે ? વાંધો શું આવે છે ? પવિત્રતાને પૂજ્ય લેવામાં બીજો શું વાંધો આવે છે ? જેણે આત્માની પવિત્રતા પ્રગટ કરી, ગ્રંથિભેદ કર્યો, મિથ્યાત્વનો ગ્રંથિભેદ કરીને શુદ્ધતા અને પવિત્રતા જેણે પ્રગટ કરી એ પવિત્રતા જેને પૂજ્ય નથી, એને આત્મા જ પૂજ્ય નથી. કેમકે પવિત્રતા તો આત્માનું સ્વરૂપ છે. એ તો આત્માનો સ્વભાવ છે. એને પરમાત્મા કહેવાનું કારણ એ છે કે જે પરમાત્મામાં પવિત્રતા છે એ જ પવિત્રતા એણે પરમાત્મસ્વરૂપમાંથી પ્રગટ કરી છે. પછી શું વાંધો છે ?

એટલે '**અનુભવપ્રસાદથી...**' ભલે થોડો અનુભવ છે. પ્રસાદ એટલે થોડો અનુભવ છે અહીંયાં. ચોથે ગુણસ્થાને તો થોડો છે ને ? પ્રસાદી જેમ થોડી હોય છે. પણ '**તે (સદા) પૂજ્ય છે, અનુભવઆનંદ, અનુભવ-ધર્મ, અનુભવ-પરમપદ,...**' લ્યો, ઠીક ! અપરમપદ લીધું ? **'અનુભવ-પરમપદ, અનુભવ અનંતગુણ-રસ-સાગર અનુભવથી સિદ્ધ થાય છે,...'** અનુભવથી આનંદની પ્રાપ્તિ થાય છે, અનુભવ પોતે જ ધર્મસ્વરૂપ છે એને ધર્મપ્રાપ્તિ છે. અનુભવ પોતે જ પરમપદની પ્રાપ્તિસ્વરૂપ છે, પરમપદની પ્રાપ્તિનું કારણ છે, અનુભવ અનંત

ગુણરસના સાગરને અનુભવથી સિદ્ધ થાય છે. સિદ્ધ થાય છે એટલે પ્રાપ્તિ થાય છે. સિદ્ધ થાય છે એટલે અનુભવાય છે. આપણે એમ નથી કહેતા કે, ભાઈ ! આ દવા તો અમારી અનુભવસિદ્ધ છે. આનાથી આ મટી જ જાય. ન મટે એવું બને નહિ. ત્યારે અનુભવસિદ્ધ દવા કહેવામાં આવે છે. તો અહીંયાં એ કહે છે કે એ તો હજી ક્યારેક ફેઈલ જાશે. આ તો રામબાણ છે. અનુભવથી અનંતગુણ રસસાગર અનુભવગોચર થાય છે એ જ એની સિદ્ધિ છે.

'શ્રીમદ્જી' પાસે કોઈ એક મુમુક્ષુએ એવું માગેલું કે રિદ્ધિ સિદ્ધિ આ માર્ગે મળે કે ન મળે ? અને આપની પાસે કોઈ ચમત્કાર કે રિદ્ધિ સિદ્ધિ છે કે નહિ ? એવો કોઈ પ્રશ્ન કરેલો. ત્યારે એમણે એમ કહ્યું કે આ જે આત્માનુભવ છે, સ્વાનુભવ છે એમાં સર્વ રિદ્ધિ સિદ્ધિ સમાય છે. જગતમાં જે રિદ્ધિ સિદ્ધિની વિદ્યાઓ છે તે બધી વિદ્યાઓ અનુભવની વિદ્યા પાસે કાંઈ નથી. શું કીધું ? અને એ અનુભવ છે એમાં બધી રિદ્ધિ સિદ્ધિ આવી જાય છે. પણ હવે તમને હું એક પ્રશ્ન કરું છું કે તમને આવો પ્રશ્ન કેમ ઊગ્યો ? મુમુક્ષુને, આત્માર્થીને આવો પ્રશ્ન થવા યોગ્ય નથી અને આવો પ્રશ્ન થાય તો મુમુક્ષુતામાં એ બાધક થાય એવી સૂચના કરી. માર્ગદર્શન આપ્યું છે ત્યાં. એવી વાતો લખી છે.

આ સિદ્ધ થાય છે એમ લીધું ને ? કે અનંતગુણરસસાગર સિદ્ધ થાય છે. પછી આથી તારે શું સિદ્ધિ જોઈએ બીજી ? તારે જગતના પદાર્થોની રિદ્ધિ સિદ્ધિ જોઈએ છે ? અનંતગુણરસસાગર આત્મા, પરમાત્મા પોતે સિદ્ધ થયો, પ્રગટ થયો, કબજામાં આવ્યો, અનુભવમાં આવ્યો, પછી તારે જોઈએ શું બીજું ? બીજું કાંઈ હવે સિદ્ધ કરવાનું બાકી રહેતું નથી.

૬૦૧ એવો પત્ર છે. 'સોભાગભાઈ'ને જ લખેલો છે. '**ઘણા મોટા પુરુષોના સિદ્ધિયોગ સંબંધી શાસ્ત્રમાં વાત આવે છે, તથા લોકકથામાં તેવી વાતો સંભળાય છે.**' રિદ્ધિ સિદ્ધિની. '**તે માટે આપને સંશય રહે છે, તેનો સંક્ષેપમાં આ પ્રમાણે ઉત્તર છે :**' '**અષ્ટ મહા સિદ્ધિ આદિ જે જે સિદ્ધિઓ કહી છે, 'ૐ' આદિ મંત્રયોગ કહ્યાં છે, તે સર્વ સાચા છે.**' હોય છે જગતમાં. પુણ્ય અને પુણ્યના ફળ હોય છે. '**આત્મઐશ્વર્ય પાસે એ સર્વ અલ્પ છે.**' આત્માના ઐશ્વર્ય પાસે એ

બધું અલ્પ છે. **'જ્યાં આત્મસ્થિરતા છે ત્યાં સર્વ પ્રકારના સિદ્ધિયોગ વસે છે.'** ત્યાં તો બધા સિદ્ધિયોગ વસે જ છે, તને ન દેખાય તોપણ વસે છે.

**'આ કાળમાં તેવા પુરુષો દેખાતા નથી, તેથી તેની અપ્રતીતિ આવવાનું કારણ છે, પણ વર્તમાનમાં કોઈક જીવમાં તેવી સ્થિરતા જોવામાં આવે છે. ઘણા જીવોમાં સત્વનું ન્યૂનપણું વર્તે છે, અને તે કારણે તેવા ચમત્કારાદિનું દેખાવાપણું નથી, પણ તેનું અસ્તિત્વ નથી એમ નથી. તમને અંદેશો રહે છે એ આશ્ચર્ય લાગે છે. જેને આત્મપ્રતીતિ ઉત્પન્ન થાય તેને સહેજે એ વાતનું નિઃશંકપણું થાય, કેમકે આત્મામાં જે સમર્થપણું છે, તે સમર્થપણા પાસે એ સિદ્ધિલબ્ધિનું કાંઈ પણ વિશેષપણું નથી.' 'એવા પ્રશ્નો કોઈ કોઈ વાર લખો છો તેનું શું કારણ છે, તે જણાવશો. એ પ્રકારનાં પ્રશ્નો વિચારવાનને કેમ હોય ?'** ઠીક ! પ્રશ્ન કરીને ઠપકો આપ્યો છે. આવા પ્રશ્નો વિચારવાન મુમુક્ષુને હોય જ નહિ, એમ કહે છે. કેમ હોય આવા પ્રશ્નો ? તમને આવો રિદ્ધિ સિદ્ધિનો પ્રશ્ન કેમ ઊઠ્યો ? ઠપકો આપી દીધો છે.

મુમુક્ષુ :- જવાબ સંતોષકારક આપીને પછી ઠપકો આપ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- પછી ઠપકો આપ્યો છે. (અહીં સુધી રાખીએ).

પર જ્ઞેયોને જ્ઞાન પ્રત્યક્ષ જાણે છે તે જૂઠ નથી, પણ સ્વનું કથન પરથી કરાય છે, તેથી ઉપચાર સંજ્ઞા થઈ. વસ્તુ-શક્તિ ઉપચાર નથી. તેવું નિશ્ચય સ્વરૂપ છે. (અનુભવસંજીવની - ૮૭૦)

# વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

## ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

| | ગ્રંથનું નામ તેમજ વિવરણ | મૂલ્ય |
|---|---|---|
| ૦૧ | અધ્યાત્મિકપત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો) | ૦૨-૦૦ |
| ૦૨ | અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૦૩ | આત્મયોગ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૫૯૬, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૦૪ | અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વચનામૃત્તોનું સંકલન) | ૧૫૦-૦૦ |
| ૦૫ | અધ્યાત્મ સુધા (ભાગ-૧) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૬ | અધ્યાત્મ સુધા (ભાગ-૨) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૭ | અધ્યાત્મ સુધા (ભાગ-૩) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૮ | અધ્યાત્મ પરાગ | - |
| ૦૯ | બીજું કાંઈ શોધમા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૦ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૧ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) ( દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૨ | ભગવાન આત્મા (દ્રષ્ટિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૩ | દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત | ૦૨-૦૦ |
| ૧૪ | દ્રવ્યષ્ટિ પ્રકાશ (ભાગ-૩) (પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાની તત્ત્વચર્ચા) | ૦૪-૦૦ |
| ૧૫ | દસ લક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો) | ૦૬-૦૦ |
| ૧૬ | ધન્ય આરાધના (શ્રીમદ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન) | ૧૦-૦૦ |
| ૧૭ | દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૧૬૬,૪૪૯,અને ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પ્રવચનો) | ૧૦-૦૦ |
| ૧૮ | ગુરુ ગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ) | ૦૫-૦૦ |
| ૧૯ | ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સૌગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૦ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૧ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૨) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૨ | જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૮-૦૦ |
| ૨૩ | કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૪ | કહાન રત્ન સરિતા (ભાગ-૧) (પરમાગમસારમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૨૫-૦૦ |

| | | |
|---|---|---|
| ૨૫ | કહાન રત્ન સરિતા (ભાગ-૨) (પરમાગમસારમાંથી ક્રમબદ્ધ પર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૨૬ | કાર્તિકિયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) કાર્તિકિયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૭ | કાર્તિકિયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) કાર્તિકિયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૮ | ક્રમબદ્ધપર્યાય - | |
| ૨૯ | મુમુક્ષતા આરોહણ ક્રમ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૧૫-૦૦ |
| ૩૦ | નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૧૦-૦૦ |
| ૩૧ | પરમાત્માપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત) | ૧૫-૦૦ |
| ૩૨ | પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત્ત) | ૧૧-૨૫ |
| ૩૩ | પ્રવચન નવનીત (ભાગ-૧) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૩૪ | પ્રવચન નવનીત (ભાગ-૨) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૩૫ | પ્રવચન નવનીત (ભાગ-૩) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૩૬ | પ્રવચન નવનીત (ભાગ-૪) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો) | ૭૫-૦૦ |
| ૩૭ | પ્રવચન પ્રસાદ (ભાગ-૧) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | ૬૫-૦૦ |
| ૩૮ | પ્રવચન પ્રસાદ (ભાગ-૨) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | - |
| ૩૯ | પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્યભાઈશ્રી શશીભાઈ) | ૦૩-૦૦ |
| ૪૦ | પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૪૧ | પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૪૨ | પ્રવચન સુધા (ભાગ-૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૩ | પ્રવચન સુધા (ભાગ-૨) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૮૫-૦૦ |
| ૪૪ | પ્રવચન સુધા (ભાગ-૩) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૫ | પ્રવચન સુધા (ભાગ-૪) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૬ | પ્રવચન સુધા (ભાગ-૫) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૭ | પ્રવચન સુધા (ભાગ-૬) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૮ | પ્રવચન સુધા (ભાગ-૭) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૪૯ | પ્રવચન સુધા (ભાગ-૮) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૦ | પ્રવચન સુધા (ભાગ-૯) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૧ | પ્રવચન સુધા (ભાગ-૧૦) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૨ | પ્રવચન સુધા (ભાગ-૧૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૩ | પ્રવચનસાર | અનુપલબ્ધ |
| ૫૪ | પ્રચારિસ્તકાય સંગ્રહ | અનુપલબ્ધ |
| ૫૫ | પદ્મનંદીપંચવિશતી | - |
| ૫૬ | પુરુષાર્થ સિદ્ધિ ઉપાય | અનુપલબ્ધ |
| ૫૭ | રાજ હૃદય (ભાગ-૧) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૫૮ | રાજ હૃદય (ભાગ-૨) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૯ | રાજ હૃદય (ભાગ-૩) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૦ | રાજહૃદય (ભાગ૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૬૧ | સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક) | ૧૫-૦૦ |
| ૬૨ | જ્ઞાનામૃત્ત (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃત્તો) | ૦૬-૦૦ |
| ૬૩ | સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૪ | સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૫ | સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના નાઈરોબીમાં સમયસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૬૬ | સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં પ્રવચન) | ૨૫-૦૦ |
| ૬૭ | સ્વરૂપભાવના (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૮ | સમક્તિનું બીજ (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રાંક ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૬૯ | તત્ત્વાનુશીલન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ) | - |
| ૭૦ | વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૭૧ | વચનામૃત્ત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં બહેનશ્રીના વચનામૃત્ત પર થયેલાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૭૨ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૧) | - |
| ૭૩ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૨) | - |
| ૭૪ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૩) | - |
| ૭૫ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૪) | - |
| ૭૬ | યોગસાર | અનુપલબ્ધ |
| ૭૭ | ધન્ય આરાધક | - |
| ૭૮ | અધ્યાત્મ સુધા (ભાગ-૪) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૭૯ | અધ્યાત્મ સુધા (ભાગ-૫) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૮૦ | છ ઢાળા પ્રવચન (ભાગ-૧) | ૨૦-૦૦ |
| ૮૧ | છ ઢાળા પ્રવચન (ભાગ-૨) | ૨૦-૦૦ |
| ૮૨ | છ ઢાળા પ્રવચન (ભાગ-૩) | ૨૦-૦૦ |
| ૮૩ | મુક્તિનો માર્ગ (સત્તા સ્વરૂપ ગ્રંથ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન) | ૨૦.૦૦ |
| ૮૪ | રાજહૃદય (ભાગ-૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૫ | રાજહૃદય (ભાગ-૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |

| | | |
|---|---|---|
| ૮૬ | રાજહૃદય (ભાગ-૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૭ | રાજહૃદય (ભાગ-૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૮ | રાજહૃદય (ભાગ-૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૦) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૧) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૨) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૦ | રાજહૃદય (ભાગ-૧૩) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૧ | રાજહૃદય (ભાગ-૧૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૨ | અધ્યાત્મ સુધા (ભાગ-૬) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૯૨ | અધ્યાત્મ સુધા (ભાગ-૭) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૯૩ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૧) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૩ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૨) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૪ | રાજહૃદય (ભાગ-૧૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૫ | રાજહૃદય (ભાગ-૧૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૬ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૩) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૭ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૪) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |

## श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट
## उपलब्ध प्रकाशन (हिन्दी)

| | ग्रंथ का नाम एवं विवरण | मुल्य |
|---|---|---|
| ०१ | अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल) | - |
| ०२ | आत्मयोग (श्रीमद् राजचंद पत्रांक-४६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| ०३ | अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृत्तोंका संकलन) | १५०-०० |
| ०४ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा) | ५०-०० |
| ०५ | आत्मअवलोकन | - |
| ०६ | बृहद द्रव्यसंग्रह | अनुपलब्ध |
| ०७ | द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग-पूज्य श्री निहालचंदजी सोगानीजीके पत्र एवं तत्वचर्चा) | ३०-०० |
| ०८ | दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन) | ०६-०० |
| ०९ | दंसणमूलो धम्मा (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार) | ०६-०० |
| १० | धन्य आराधना (श्रीमद राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन) | - |
| ११ | दिशा बोध (श्रीमद राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १२ | धन्य पुरुषार्थी | - |
| १३ | धन्य अवतार | - |
| १४ | गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहिन द्वारा गुरु भक्ति) | १५-०० |
| १५ | गुरु गिरा गौरव | - |
| १६ | जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन) | ०८-०० |
| १७ | कुटुम्ब प्रतिबंध (श्रीमद् राजचंद्र पत्रांक-१०३,३३२,५१०, ५२८,५३७ एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १८ | कहान रत्न सरिता (परमागमसारके विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ३०-०० |
| १९ | मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन) | ०८-०० |
| २० | मुमुक्षुता आरोहण क्रम (श्रीमद राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | - |
| २१ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर पूज्य गुरुदेवश्रीके प्रवचन) | १०-०० |
| २२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई) | १०-०० |
| २३ | परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत्त) | - |
| २४ | प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई) | ०४-०० |
| २५ | परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| २६ | प्रवचन नवनीत (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २७ | प्रवचन नवनीत (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २८ | प्रवचन नवनीत (भाग-३) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ नय के खास प्रवचन) | २०-०० |

| | | |
|---|---|---|
| २९ | प्रवचन नवनीत (भाग-४) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ शक्ति के खास प्रवचन) | २०-०० |
| ३० | प्रवचन सुधा (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३१ | प्रवचन सुधा (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३२ | पथ प्रकाश | २०.०० |
| ३३ | प्रवचनसार | अनुपलब्ध |
| ३४ | प्रंचास्तिकाय संग्रह | अनुपलब्ध |
| ३५ | सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक) | १५-०० |
| ३६ | ज्ञानामृत्त (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत्त) | - |
| ३७ | सम्यग्दर्शनके सर्वोत्तकृष्ट निवासभूत छ पदोंका अमृत पत्र (श्रीमद रादचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | १८-०० |
| ३८ | सिद्धिपका सर्वश्रेष्ठ उपाय (श्रीमद् राजचंद्र ग्रंथमें से पत्रांक-१४७,१९४, २००,५११,५६० एवं ८१९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| ३९ | सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ४०-०० |
| ४० | समयसार नाटक | अनुपलब्ध |
| ४१ | समयसार कलश टीका | अनुपलब्ध |
| ४२ | समयसार | अनुपलब्ध |
| ४३ | स्मरण संचिका | २०.०० |
| ४४ | स्वरूप भावना (श्रीमद् राजचंद्र पत्रांक-९१३, ७१० एवं ८३३ पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन) | २०-०० |
| ४५ | तत्त्वानुशीलन (भाग-१,२,३) (ले. पूज्य भाईश्री शशीभाई) | २०-०० |
| ४६ | तत्थ्य | अनुपलब्ध |
| ४७ | विधि विज्ञान (विधि विषयक वचनामृत्तोंका संकलन) | १०-०० |
| ४८ | वचनामृत्त रहस्य (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नाईरौबीमें हुए प्रवचन | २०-०० |
| ४९ | भगवान आत्मा | २०.०० |
| ५० | जिन प्रतिमा जिन सारखी | २०.०० |
| ५१. | छः ढाला प्रवचन (भाग-१) | २०.०० |
| ५२. | छः ढाला प्रवचन (भाग-२) | २०.०० |
| ५३. | छः ढाला प्रवचन (भाग-३) | २०.०० |
| ५४. | प्रवचनसुधा (भाग-६) | ३०.०० |

# वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

| | | |
|---|---|---|
| ०१ | प्रवचनसार (गुजराती) | १५०० |
| ०२ | प्रवचनसार (हिन्दी) | ४२०० |
| ०३ | पंचास्तिकायसंग्रह (ग्जराती) | १००० |
| ०४ | पंचास्तिकाय संग्रह (हिन्दी) | २५०० |
| ०५ | समयसार नाटक (हिन्दी) | ३००० |
| ०६ | अष्टपाहुड (हिन्दी) | २००० |
| ०७ | अनुभव प्रकाश | २१०० |
| ०८ | परमात्मप्रकाश | ४१०० |
| ०९ | समयसार कलश टीका (हिन्दी) | २००० |
| १० | आत्मअवलोकन | २००० |
| ११ | समाधितंत्र (गुजराती) | २००० |
| १२ | बृहद द्रव्यसंग्रह (हिन्दी) | ३००० |
| १३ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर प्रवचन) (गुजराती) | १००० |
| १४ | योगसार | २००० |
| १५ | अध्यात्मसंदेश | २००० |
| १६ | पद्मनंदीपंचविंशती | ३००० |
| १७ | समयसार | ३१०० |
| १८ | समयसार (हिन्दी) | २५०० |
| १९ | अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित) | ३००० |
| २० | द्रव्यदृष्टि प्रकाश (गुजराती) | १०,००० |
| २१ | द्रव्यदृष्टि प्रकाश (हिन्दी) | ७६०० |
| २२ | पुरुषार्थसिद्दिउपाय (गुजराती) | ६१०० |
| २३ | क्रमबद्धपर्याय (गुजराती) | ८००० |
| २४ | अध्यात्मपराग (गुजराती) | ३००० |
| २५ | धन्य अवतार (गुजराती) | ३७०० |
| २६ | धन्य अवतार (हिन्दी) | ८००० |
| २७ | परमामगसार (गुजराती) | ५००० |
| २८ | परमागमसरा (हिन्दी) | ४४०० |
| २९ | वचनामृत प्रवचन भाग-१-२-३-४ | ५००० |
| ३० | अनुभव प्रकाश (हिन्दी) | २००० |
| ३१ | निर्भ्रांत दर्शननी केडीए (गुजराती) | ५००० |
| ३२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी) | ७५०० |
| ३३ | गुरुगुण संभारणा (गुजराती) | ३००० |
| ३४ | गुरुगुण संभारणा (हिन्दी) | ७५०० |
| ३५ | जिण सासणं सव्वं (गुजराती) | २००० |
| ३६ | जिण सासणं सव्वं (हिन्दी) | २००० |

| | | |
|---|---|---|
| ३७ | द्वादश अनुप्रेक्षा (गुजराती) | २००० |
| ३८ | दस लक्षण धर्म (गुजराती) | २००० |
| ३९ | धन्य आराधना (गुजराती) | १००० |
| ४० | धन्य आराधना (हिन्दी) | १५०० |
| ४१ | प्रवचन नवनीत भाग-१-४ (गुजराती) | ५८५० |
| ४२ | प्रवचन प्रसाद भाग-१-२ | २३०० |
| ४३ | पथ प्रकाश (गुजराती) | २००० |
| ४४ | पथ प्रकाश (हिन्दी) | ५०० |
| ४५ | प्रयोजन सिद्धि (गुजराती) | ३५०० |
| ४६ | प्रयोजन सिद्धि (हिन्दी) | २५०० |
| ४७ | विधि विज्ञान (गुजराती) | २००० |
| ४८ | विधि विज्ञान (हिन्दी) | २००० |
| ४९ | भगवान आत्मा (गुजरात) | २००० |
| ५० | भगवान आत्मा (हिन्दी) | १५०० |
| ५१ | सम्यक्ज्ञानदीपिका (गुजराती) | १००० |
| ५२ | सम्यक्ज्ञानदीपिका (हिन्दी) | १५०० |
| ५३ | तत्त्वानुशीलन (गुजराती) | ४००० |
| ५४ | तत्त्वानुशीलन (हिन्दी) | २००० |
| ५५ | बीजुं कांई शोध मा (गुजराती) | ४००० |
| ५६ | दूसरा कुछ न खोज (हिन्दी) | २००० |
| ५७ | मुमुक्षुता आरोहण क्रम (गुजराती) | २५०० |
| ५८ | मुमुक्षुता आरोहण क्रम (हिन्दी) | ३५०० |
| ५९ | अमृत पत्र (गुजराती) | २००० |
| ६० | अमृत पत्र (हिन्दी) | २५०० |
| ६१ | परिभ्रमणना प्रत्याख्यान (गुजराती) | १५०० |
| ६२ | परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी) | ४००० |
| ६३ | आत्मयोग (गुजराती) | १५०० |
| ६४ | आत्मयोग (हिन्दी) | ३००० |
| ६५ | अनुभव संजीवनी (गुजराती) | १००० |
| ६६ | अनुभव संजीवनी (हिन्दी) | १००० |
| ६७ | ज्ञानामृत (गुजराती) | ३५०० |
| ६८ | ज्ञानामृत (हिन्दी) | १५०० |
| ६९ | वचनामृत रहस्य (गुजराती) | १००० |
| ७० | वचनामृत रहस्य (हिन्दी) | १००० |
| ७१ | दिशा बोध (हिन्दी-गुजराती) | ३५०० |
| ७२ | कहान रत्न सरिता (भाग-१) | १००० |
| ७३ | कहान रत्न सरिता (भाग-२) | १००० |
| ७४ | कुटुम्ब प्रतिबंध (गुजराती) | १५०० |
| ७५ | कुटुम्ब प्रतिबंध (हिन्दी) | २५०० |
| ७६ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (गुजराती) | १५०० |

| | | |
|---|---|---|
| ७७ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी) | २००० |
| ७८ | गुरु गिरा गौरव (हिन्दी-गुजराती) | ३५०० |
| ७९ | समयसार दोहन (गुजराती) | ७५० |
| ८० | समकितनुं बीज (गुजराती) | १००० |
| ८१ | स्वरूपभावना (गुजराती) | १००० |
| ८२ | स्वरूपभावना (हिन्दी) | १००० |
| ८३ | सुविधि दर्शन (गुजराती) | १००० |
| ८४ | सुविधिदर्शन (हिन्दी) | १९०० |
| ८५ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन | १२५० |
| ८६ | प्रवचन सुधा (भाग-१) (गुजराती) | १४०० |
| ८७ | प्रवचन सुधा (भाग-२) (गुजराती) | ७५० |
| ८८ | प्रवचन सुधा (भाग-३) (गुजराती) | १००० |
| ८९ | प्रवचन सुधा (भाग-४) (गुजराती) | १००० |
| ९० | प्रवचन सुधा (भाग-५) (गुजराती) | १००० |
| ९१ | प्रवचन सुधा (भाग-६) (गुजराती) | १००० |
| ९२ | प्रवचन सुधा (भाग-७) (गुजराती) | ७५० |
| ९३ | प्रवचन सुधा (भाग-८) (गुजराती) | ७५० |
| ९४ | प्रवचन सुधा (भाग-९) (गुजराती) | ७५० |
| ९५ | प्रवचन सुधा (भाग-१०) (गुजराती) | ७५० |
| ९६ | प्रवचन सुधा (भाग-११) (गुजराती) | ७५० |
| ९७ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ (गुजराती) | १००० |
| ९८ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ (गुजराती) | १००० |
| ९९ | द्रव्यसंग्रह प्रवचन (भाग-१) (गुजराती) | १००० |
| १०० | द्रव्यसंग्रह प्रवचन (भाग-२) (गुजराती) | १००० |
| १०१ | राज हृदय (भाग-१) (गुजराती) | १५०० |
| १०२ | राज हृदय (भाग-२) (गुजराती) | १५०० |
| १०३ | राज हृदय (भाग-३) (गुजराती) | ७५० |
| १०४ | अध्यात्मस्धा (भाग-१) (गुजराती) | १००० |
| १०५ | अध्यात्मसुधा (भाग-२) (गुजराती) | १००० |
| १०६ | अध्यात्म सुधा (भाग-३) (गुजराती) | १००० |
| १०७ | अध्यात्म सुधा (भाग-४) (गुजराती) | ७५० |
| १०८ | अध्यात्म सुधा (भाग-५) (गुजराती) | ७५० |
| १०९ | गुरु गिरा गौरव (भाग-१) (गुजराती) (धारावाही प्रवचन) | १००० |
| ११० | गुरु गिरा गौरव (भाग-२) (गुजराती) (धारावाही प्रवचन) | ७५० |
| १११ | मुक्तिनो मार्ग (गुजराती) | १००० |
| ११२ | प्रवचन नवनीत (भाग-१) (हिन्दी) | १००० |
| ११३ | प्रवचन नवनीत (भाग-२) (हिन्दी) | १००० |
| ११४ | प्रवचन नवनीत (भाग-३) (हिन्दी) | १००० |
| ११५ | प्रवचन नवनीत (भाग-४) (हिन्दी) | १००० |
| ११६ | धन्य आराधक (गुजराती) | ७५० |

| | |
|---|---|
| ११७ छः ढाला प्रवचन (गुजराती) (भाग-१) | १००० |
| ११८ छः ढाला प्रवचन (गुजराती) (भाग-२) | १००० |
| ११९ छः ढाला प्रवचन (गुजराती) (भाग-३) | १००० |
| १२० जिन प्रतिमा जीन सारखी | ५०० |
| १२१ स्मरण संचिका | १५०० |
| १२२ दंसण मूलो धम्मो | ३५०० |
| १२३ प्रवचन सुधा (भाग-१) (हिन्दी) | १००० |
| १२४ प्रवचन सुधा (भाग-२) (हिन्दी) | १००० |
| १२५ प्रवचन सुधा (भाग-३) (हिन्दी) | १००० |
| १२६ प्रवचन सुधा (भाग-४) (हिन्दी) | १००० |
| १२७ प्रवचन सुधा (भाग-५) (हिन्दी) | १००० |
| १२८ प्रवचन सुधा (भाग-६) (हिन्दी) | १००० |
| १२७ धन्य पुरुषार्थी (गुजराती) | १५०० |
| १२८ धन्य पुरुषार्थी (हिन्दी) | ६५०० |
| १२९ छः ढाला प्रवचन (हिन्दी) (भाग-१) | १००० |
| १३० राज हृदय (भाग-४) (गुजराती) | ५०० |
| १३१ राज हृदय (भाग-५) (गुजराती) | ५०० |
| १३२ राज हृदय (भाग-६) (गुजराती) | ५०० |
| १३३ राज हृदय (भाग-७) (गुजराती) | १५० |
| १३४ राज हृदय (भाग-८) (गुजराती) | १५० |
| १३५ राज हृदय (भाग-९) (गुजराती) | १५० |
| १३६ राज हृदय (भाग-१०) (गुजराती) | १५० |
| १३७ राज हृदय (भाग-११) (गुजराती) | १०० |
| १३८ राज हृदय (भाग-१२) (गुजराती) | १०० |
| १३९ राज हृदय (भाग-१३) (गुजराती) | १०० |
| १४० राज हृदय (भाग-१४) (गुजराती) | १०० |
| १४१ राज हृदय (भाग-१५) (गुजराती) | १०० |
| १४२ राज हृदय (भाग-१६) (गुजराती) | १०० |
| १४३ अध्यात्म सुधा (भाग-६) (गुजराती) | १५० |
| १४४ अध्यात्म सुधा (भाग-७) (गुजराती) | १५० |
| १४५ अनुभवप्रकाशना किरणों (भाग-२) (गुजराती) | १५० |
| १४६ अनुभवप्रकाशना किरणों (भाग-३) (गुजराती) | १५० |
| १४७ अनुभवप्रकाशना किरणों (भाग-४) (गुजराती) | १५० |

## પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે